जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

# JAINSITE E-BOOKS LITERATURE

## JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA
## JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY

And Many More Books in Gujarati, Hindi & English

જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.

Inspired by : MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171


॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥
જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી
શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય-અદ્‌ભૂત-અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું-તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર-વીર-ગંભીર-સરળ-ભક્તિ-ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક-શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી-વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ-દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ-બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪-૪-૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન-જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઇ છે.

નિસહાય-અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

પરમ પૂજ્ય આચાર્ય
શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત

# શતકનામા પંચમકર્મગ્રંથ

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

વિવેચક :

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

પ્રકાશક :

શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ - મુંબઇ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિ સદ્ગુરુભ્યો નમઃ

**પૂ. આચાર્યદેવશ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન**
**પૂજ્ય આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ વિરચિત**

## શતકનામા

# પંચમ કર્મગ્રંથ

મૂળગાથાઓ, સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ગાથાર્થ
તથા ઉપયોગી સંક્ષિપ્ત સરળ વિવેચન સાથે

: પ્રેરક આશિષ :

પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત
**શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

: વિવેચક :

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

: સંશોધક :

**પૂ. આચાર્ય શ્રી અભયશેખરસૂરીશ્વરજી મ. સા.**
તથા
**અધ્યાપક શ્રી રતિલાલ ચીમનલાલ દોશી**

: પ્રકાશક :

**શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ - મુંબઇ**

વીર સંવત ૨૫૨૯ વિક્રમ સંવત ૨૦૫૯

કિંમત રૂ. ૬૦

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'શતકનામા પંચમકર્મગ્રંથ 'પ્રકાશનમાં
# દ્રવ્ય સહાયક

## શ્રી શિંપોલી કસ્તુરપાર્ક
## શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસંઘ
## (જ્ઞાનનિધિ)
## બોરિવલિ, મુંબઈ.

: પ્રેરક :

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ

**શ્રીમદ્ વિજયહેમચંદ્રસૂરિ મ. ના શિષ્ય**

**ગણિવર્યશ્રી કલ્યાણબોધિવિજયજી મ.**

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**: પ્રાપ્તિસ્થાન :**

૧. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
શોપ નં.૫, બદ્રિકેશ્વર સોસાયટી, મરીનડ્રાઈવ "ઈ" રોડ.
મુંબઈ-૨. ફોન : ૨૮૧૮૩૯૦

૨. **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**
૬/બી અશોકા કોમ્પલેક્ષ, રેલ્વે ગરનાળા પાસે, પાટણ (ઉ. ગુ.)

: કંપોઝ-પ્રિન્ટીંગ-બાઈન્ડીંગ :
ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફરોડ, અમદાવાદ-૧.
ફોન : (૦૭૯) ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

આ વિશ્વમાં ''જડ અને ચેતન'' આમ મુખ્ય બે પદાર્થો દ્રષ્ટિ ગોચર થાય છે. જો કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અને કાળ એમ બીજાં પણ ચાર દ્રવ્યો છે. પરંતુ તે દ્રવ્યો અમૂર્ત હોવાથી કેવલજ્ઞાનીના જ પ્રત્યક્ષનો વિષય છે. છાદ્મસ્થિકજ્ઞાનવાળાઓ માટે તો તે ચાર દ્રવ્યો અનુમાનગ્રાહ્ય અને આગમગ્રાહ્ય જ રહે છે. જ્યારે જડ અને ચેતનદ્રવ્ય સર્વવ્યક્તિઓને ઈન્દ્રિયપ્રત્યક્ષથી પણ અનુભવગમ્ય છે. તેથી જડ (પુદ્ગલ) અને ચેતનદ્રવ્ય સ્વીકારવામાં કોઈનો પણ માન્યતાભેદ જણાતો નથી.

સર્વે પણ ચેતનદ્રવ્યો સત્તાગતરીતે સિદ્ધપરમાત્માની જેમ અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્ય આદિ અનંતગુણોથી યુક્ત, શુદ્ધ, બુદ્ધ, નિરંજન-નિરાકાર હોવા છતાં, તે ગુણો ઉપર અનાદિકાળથી લાગેલાં, અને પ્રતિસમયે નવાં નવાં બંધાતાં કર્મવાદળોના ઘેરાવાથી સર્વે સંસારી જીવોમાં સુખી-દુઃખી, રાજા-રંક, રોગી-નિરોગી, વગેરે અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર ઘટનાઓ દેખાય છે.

જૈન દર્શનકારો જેને કર્મ કહે છે. તેને જ અન્યદર્શનકારો અવિદ્યા, પ્રકૃતિ, પ્રારબ્ધ, ભાગ્ય, વગેરે શબ્દોથી ઘોષિત કરે છે. પરંતુ વાસ્તવિકપણે સર્વે દર્શનકારોને સંસારી જીવોની ચિત્ર-વિચિત્રતાના મૂળકારણભૂત આવા પ્રકારનું કોઈ તત્ત્વ માનવું જ પડે છે. આ જગત ''ઈશ્વરકર્તૃક'' છે આવું માનનારાઓની માન્યતા પણ દોષિત જ ઠરે છે કારણ કે તેઓ જો ઈશ્વરને રાગી-દ્વેષી માને તો સંસારી સામાન્ય જીવથી તે કોઈ વિશિષ્ટ વ્યક્તિ (ભિન્ન વ્યક્તિ) રહેતી નથી. અને જો ઈશ્વરને વીતરાગ માને તો વીતરાગને જગતના જીવો જન્મ-મરણ-રોગ-શોકાદિની પીડા પામે એવી રચના કરવાનું પ્રયોજન સંભવતું નથી. લીલામાત્રથી રચના કરી છે એમ માનીએ તો વીતરાગને લીલા કેમ હોય ? ઈત્યાદિ યુક્તિઓથી ઈશ્વરકર્તૃક જગતની માન્યતા ત્યજી દેવી પડે છે. અને અન્તે કર્મવાદ સ્વીકારવો જ પડે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

### કર્મની રચનાનું વર્ણન

કર્મ એ કાર્મણવર્ગણાના પુદ્ગલદ્રવ્યોનું બનેલું છે. અત્યન્ત સૂક્ષ્મ રજકણોથી પણ અતિશય સૂક્ષ્મ છે. અને તેથી જ દ્રષ્ટિથી અગોચર છે. ચૌદે રાજલોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને વ્યાપકપણે આ કાર્મણવર્ગણા ભરેલી છે. સંસારી જીવો પોતાની અવગાહનાવાળા ક્ષેત્રમાં રહેલી જ કાર્મણવર્ગણાને ગ્રહણ કરીને કર્મ રૂપે બનાવે છે. કર્મ રૂપે રૂપાન્તર થયા પછી આત્માની સાથે લોહ-અગ્નિની જેમ એકમેક થઈને ત્યાં સુધી રહી શકે છે કે જ્યાં સુધી પોતાનો નિયત ફળવિપાક ન આપે.

આ કર્મના વિષયને વિસ્તારથી સમજાવતા અનેક અનેક ગ્રંથો પૂર્વકાલીન મહાપુરુષોએ બનાવ્યા છે. દ્વાદશાંગીમાં બારમા અંગમાં આવેલા ચૌદ પૂર્વો પૈકીના **"અગ્રાયણી"** નામના બીજા પૂર્વમાં આ કર્મવિષયનો ઘણો વિસ્તાર છે. તેનો આધાર લઈને પૂ. આ.શ્રી શિવશર્મસૂરિજી મ.શ્રીએ કમ્મપયડિ, અને પૂ. ચંદ્રર્ષિમહત્તરાચાર્યે પંચસંગ્રહ આદિ અનેક ગ્રંથોની રચના કરેલી શ્વેતાંબરામ્નાયમાં દેખાય છે. તથા દિગંબરામ્નાયમાં પણ સિદ્ધાન્તચક્રવર્તી આચાર્યશ્રી નેમિચંદ્રજી કૃત ગોમ્મટસાર અને ભૂતબલીકૃત ષટ્ખંડાગમ આદિ મહાગ્રંથો દ્રષ્ટિગોચર થાય છે.

અભ્યાસ માટે કઠીન અને દુર્બોધ એવા આ ગ્રંથોમાં પ્રવેશ કરાવવા માટે પૂર્વાચાર્યોએ કર્મગ્રંથોની પણ રચના કરેલી છે. જેની **"પ્રાચીન કર્મગ્રંથ"** તરીકે આજે પ્રસિદ્ધિ છે. આ પ્રાચીન કર્મગ્રંથોનો તથા તેના ઉપર લખાયેલી ટીકાઓ તથા વિવેચનોનો આધાર લઈને પૂ. આ.મ.શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજીએ પણ ૧ થી ૫ કર્મગ્રંથો બનાવ્યા છે આ કર્મગ્રંથો **"નવીન કર્મગ્રંથો"** કહેવાય છે. પ્રાચીન કર્મગ્રંથોની ગાથાઓની રચના કંઈક કઠીન, ગૂઢાર્થવાળી, અને વિદ્વદ્ભોગ્ય છે. જ્યારે નવીન કર્મગ્રંથોની રચના સરળ, પ્રસિદ્ધાર્થવાળી અને વાંચતાં જ અર્ધા અર્ધા અર્થો સમજાઈ જાય તેવી બાલભોગ્ય ભાષાયુક્ત છે.

### નવીન કર્મગ્રંથોની વિશેષતા

નવીન કર્મગ્રંથોમાં પ્રાચીન કર્મગ્રંથોના લગભગ તમામ વિષયોને સરળભાષાથી સંકલિત કર્યા છે. તદુપરાંત કેટલાક અધિકવિષયોનો પણ સમાવેશ કર્યો છે. જેમ કે ચોથા કર્મગ્રંથમાં પાંચ ભાવોનું સ્વરૂપ, સંખ્યાતાદિનું સ્વરૂપ,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાંચમા કર્મગ્રંથમાં ત્રણ પ્રકારના પલ્યોપમ-સાગરોપમનું સ્વરૂપ, ચાર પ્રકારના પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું સ્વરૂપ વગેરે આવશ્યક એવા બીજા કેટલાક વિષયોનો પણ સંગ્રહ કર્યો છે.

વધારે વિષયોનો સંગ્રહ કરવા છતાં ગાથાઓની સંખ્યા પ્રાચીન કર્મગ્રંથો કરતાં ઓછી અથવા સમાન રાખી છે. પ્રાચીન કર્મગ્રંથોમાં અનુક્રમે ૧૬૮-૫૭-૫૪-૮૬-૧૦૨ગાથાઓ છે. જ્યારે નવીન કર્મગ્રંથોમાં ૬૧-૩૫-૨૫-૮૬-૧૦૦ ગાથાઓ છે.

### નવીન કર્મગ્રંથો ઉપર સ્વોપજ્ઞ ટીકા

નવીન કર્મગ્રંથો ઉપર ગ્રંથકર્તાએ પોતે જ તેના સરળ રીતે અર્થો સમજાવવા માટે સંસ્કૃતભાષામાં ગદ્યપદ્ધતિએ "સ્વોપજ્ઞ ટીકા" બનાવી છે. આ સ્વોપજ્ઞ ટીકામાં વિશેષાવશ્યકભાષ્ય, કમ્મપયડિ, પંચસંગ્રહ, તથા અનેક આગમપાઠોના અનેક સ્થળે સાક્ષી પાઠો આપ્યા છે. સરળ, સુબોધ અને સ્વોપજ્ઞટીકા યુક્ત હોવાથી આ નવીનકર્મગ્રંથો જૈન સમાજમાં વધારે પઠન-પાઠનનો વિષય બન્યા છે. અપૂર્વ સંગ્રહાત્મક રચના સ્વરૂપે ગ્રંથકર્તા મહર્ષિના આગમ-જ્ઞાનની પ્રતિભાનો તેમાં સાક્ષાત્કાર થાય છે. ત્રીજા કર્મગ્રંથની ટીકા અપ્રાપ્ય હોવાના કારણે કોઈ જ્ઞાની ગીતાર્થ પૂર્વાચાર્યે સ્થાનની અશૂન્યતા માટે તે ત્રીજા કર્મગ્રંથ ઉપર "અવચૂરિ રચી છે."

પાંચમા કર્મગ્રંથની ગાથા ૨૧મીના અવતરણમાં કહ્યું છે કે -

मार्गणास्थानान्याश्रित्य पुनः स्वोपज्ञबन्धस्वामित्वटीकायां विस्तरेण निरुपितस्तत अवधारणीय इति ।

તથા ત્રીજા કર્મગ્રંથની અવચૂરિના અંતે કહ્યું છે કે - एतद्ग्रन्थस्य टीकाऽ-भूत्, परं क्वापि न साऽऽप्यते । स्थानस्याशून्यताहेतोरतोऽलेख्यवचूरिका ।।

### ગુજરાતી સરળ ભાષાન્તર

પૂ. દેવેન્દ્રસૂરિજીના બનાવેલા પાંચ નવીન કર્મગ્રંથો પૈકી ૧ થી ૪ કર્મગ્રંથોનું સરળ ગુજરાતી વિવેચન તૈયાર કરીને પ્રકાશિત કરી ચતુર્વિધ શ્રી સંઘના કરકમળમાં સમર્પિત કરેલ છે. અને હવે આ પંચમ કર્મગ્રંથનું ભાષાન્તર તૈયાર કરીને શ્રી સંઘના કરકમલમાં સમર્પિત કરતાં ઘણો જ આનંદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભવું છું. ઠેકાણે ઠેકાણે શક્ય બને તેટલી વધારે સ્પષ્ટતા કરવા પ્રયત્ન કર્યો છે. અને તેથી જ ધાર્યા કરતાં પુસ્તકનું દળ કંઈક મોટું થઈ ગયું છે.

### શતકમાં આવતો વિષય

શતક નામના આ પાંચમા કર્મગ્રંથમાં ૧૨૦-૧૨૨-૧૪૮ પ્રકૃતિઓ ઉપર અનુક્રમે ધ્રુવબંધ, ધ્રુવોદય, ધ્રુવસત્તા વગેરે પ્રતિપક્ષ સહિત ૧૨ દ્વારો પ્રથમ સમજાવ્યાં છે. ત્યારબાદ જીવવિપાક, ક્ષેત્રવિપાક, ભવવિપાક અને પુદ્‌ગલવિપાક સમજાવી પ્રકૃતિબંધમાં ભૂયસ્કારબંધાદિ ચાર પ્રકારના બંધાદિ સમજાવ્યા છે. તથા મૂલ-ઉત્તર કર્મ પ્રકૃતિઓના જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને અબાધાકાળ સમજાવ્યો છે.

તથા પ્રસંગાનુસાર એકેન્દ્રિય-વિકલેન્દ્રિય-અસંજ્ઞીપંચેન્દ્રિય-અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જઘન્ય-ઉત્કૃષ્ટ કેટલો સ્થિતિબંધ કરે ? તે સમજાવી, સ્થિતિબંધના સ્વામી, સ્થિતિબંધના સાદ્યાદિ ભાંગા, તથા ૩૬ બોલનું અલ્પબહુત્વ કહેલ છે. ત્યારબાદ સ્થિતિબંધના પ્રસંગમાં યોગનું અલ્પબહુત્વ કહીને ઉત્તર પ્રકૃતિઓનો અબંધકાળ અને સતતબંધ સમજાવવામાં આવ્યો છે.

રસબંધમાં વર્ગણા-સ્પર્ધકો, જઘન્ય-ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી, પ્રદેશબંધમાં આઠ ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાઓ, મૂળ-ઉત્તર કર્મપ્રકૃતિઓમાં હીનાધિકપણે કર્મદલિકોની વહેંચણી, કર્મ ખપાવવા ૧૧ ગુણશ્રેણીઓ, ગુણસ્થાનકોનો જઘન્ય-ઉત્કૃષ્ટ વિરહકાળ, ત્રણ પ્રકારનાં પલ્યોપમ તથા સાગરોપમ, ચાર અને આઠ પ્રકારના પુદ્‌ગલ પરાવર્ત સમજાવીને જઘન્ય અને ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી, તથા સાદ્યાદિ ભાંગા સમજાવવામાં આવ્યા છે.

ત્યારબાદ ૭ બોલનું અલ્પબહુત્વ, ઘનીકૃત ચૌદ રાજલોક, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી ઈત્યાદિ દ્વારો સંક્ષેપમાં સમજાવ્યાં છે.

### કર્મગ્રંથો ઉપર લખાયેલ સાહિત્ય

બધા જ કર્મગ્રંથો ઉપર સ્વોપજ્ઞ ટીકા, તથા હિન્દી ગુજરાતી ભાષામાં અનેક વિવેચકોનાં વિવેચનો લખાયેલાં જોવા મળે છે. શતક નામના પાંચમા કર્મગ્રંથ ઉપર ૧ પંડિત સુખલાલજી, ૨ મહેસાણા પાઠશાલા, ૩ પૂ. આ.મ. શ્રી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિજયધર્મસૂરિજી મ. દ્વારા લખાયેલાં વિવેચનો વધારે પ્રસિદ્ધ છે. અત્યારે આ વિવેચનોના આધારે જ અધ્યયન-અધ્યાપન થાય છે.

અમારૂં લખાયેલું આ વિવેચન પ્રકાશિત થવાની તૈયારીમાં હતું તે દરમ્યાન (૧) પૂ. આ.શ્રી અભયશેખરસૂરિજી મ.સા. (૨) પૂ. સાધ્વીજી મ.શ્રી રમ્યરેણુશ્રીજી મ. સા. અને (૩) પંડિતરત્ન શ્રી રસિકલાલ શાન્તિલાલ મહેતા. આમ ત્રણ લેખકો દ્વારા લખાયેલાં જુદાં જુદાં ત્રણ વિવેચનો હમણાં જ (વિ.સં.૨૦૫૮ માં જ) પ્રકાશિત થયાં છે. તેથી **"શતક"** નામના પાંચમા કર્મગ્રંથ ઉપર અત્યારે જુદા જુદા વિવેચકો તરફથી લખાયેલ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે.

### આ વિવેચન લખંવામાં લીધેલો આધાર

આ વિવેચન લખવામાં મુખ્યત્વે **સ્વોપજ્ઞ ટીકાનો** જ અતિશય સહારો લીધેલ છે. તથા પંચસંગ્રહ-કમ્મપયડિ - છઠ્ઠો કર્મગ્રંથ, આ ત્રણ ગ્રંથોની ટીકાનો પણ ખાસ આધાર લીધેલ છે. કોઈક કોઈક સ્થાને મહેસાણા પાઠશાળા અને પૂ. ધર્મસૂરિજી મ.સા. દ્વારા લખાયેલ ગુજરાતી વિવેચનોનો પણ આધાર લીધેલ છે. આ બધા લેખકોનો આ સમયે અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ વિવેચનમાં મૂળગાથાઓ સ્વોપજ્ઞટીકાના આધારે લીધેલી છે. જેથી પ્રચલિત સ્વાધ્યાયના ગ્રંથોમાં કોઈક કોઈક સ્થળે પાઠભેદ જણાય છે. ક્યારેક પ્રસિદ્ધ પાઠનો પણ આધાર લીધેલ છે.

### ગ્રંથકર્તાનો પરિચય

આ ગ્રંથના કર્તા પૂજ્ય દેવેન્દ્રસૂરિજી મ.શ્રી પૂજ્ય શ્રી જગચ્ચંદ્ર-સૂરીશ્વરજીના શિષ્ય હતા. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજા પહેલાં વૃદ્ધગચ્છીય હતા. તેઓ આયંબિલનો બહુ તપ કરતા. તેથી તેઓના તપથી આકર્ષાયેલા ચિત્તોડના મહારાજા **જૈત્રસિંહે** તેઓને "તપા" એવું બિરૂદ આપ્યું હતું. ત્યારથી આ ગચ્છ વૃદ્ધગચ્છને બદલે **"તપાગચ્છ"** આવા નામથી પ્રસિદ્ધ થયો. તેઓશ્રી તપાગચ્છના આદ્યાચાર્ય બન્યા. ગ્રંથકર્તા તેરમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં જન્મ્યા અને ચૌદમી શતાબ્દીના પ્રારંભમાં સ્વર્ગવાસી થયા હોય એમ લાગે છે. કારણ કે "ગુર્વાવલી" નામના ગ્રંથમાં ૧૩૨૭માં તેઓના સ્વર્ગવાસનો ઉલ્લેખ મળે છે. જન્મ-દીક્ષા અને સૂરિપદના સમયનો ઉલ્લેખ મળતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂ. જગચ્ચંદ્રસૂરિજી. મ. ને ૧ દેવેન્દ્રસૂરિજી અને ૨. વિજયચંદ્રસૂરિજી એમ બે મુખ્ય શિષ્યો હતા. આ બન્ને મહાત્માઓએ ગુરુજીને ક્રિયોદ્ધાર કરવા-કરાવવામાં ઘણો સહયોગ આપેલ છે. વિજયચંદ્રસૂરિજી પાછળથી શિથિલાચારીઓના દબાણમાં તણાઈ પણ ગયા હતા. વસ્તુપાલ-તેજપાલ મંત્રીશ્વરોએ **"તપાગચ્છ"** એવા નામાભિધાન પ્રસંગે આ ગુરુઓની ઘણી સેવા-ભક્તિ અને બહુમાન કર્યાં હતાં. પૂ. દેવેન્દ્રસૂરિજી મ.સા.ના (૧) વિદ્યાનંદસૂરિજી અને (૨) ધર્મઘોષસૂરિજી એમ બે શિષ્યો હતા. કે જેઓનાં સંસારી નામો વીરધવલ અને ભીમસિંહ હતાં.

પૂ. જગચ્ચંદ્રસૂરિજી મ.શ્રીએ મેવાડની રાજધાની "આઘાટ" નામના શહેરમાં મહારાજા જૈત્રસિંહની સભામાં બત્રીસ દિગંબર વાદીઓ સાથે વાદ કરીને વિજય મેળવ્યો હતો. જેથી પ્રસન્ન થયેલા રાજાએ શ્રી જગચ્ચંદ્રસૂરિજીને **"હીરલા"** આવું બિરૂદ પણ આપ્યું હતું.

### ગ્રંથકર્તાની સાહિત્ય સેવા

ગ્રંથકર્તાશ્રી દેવેન્દ્રસૂરિજીએ નીચેના ગ્રંથોની રચના કર્યાનો ઉલ્લેખ મળે છે.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રાદ્ધદિનકૃત્યવૃત્તિ. | ૬ | સટીક ૧ થી ૫ નવા કર્મગ્રંથો. |
| ૨ | સિદ્ધપંચાશિકાવૃત્તિ. | ૭ | ધર્મરત્ન પ્રકરણ. બૃહદ્વૃત્તિ. |
| ૩ | સુદર્શના ચરિત્ર. | ૮ | ચૈત્યવંદન ભાષ્યાદિ ત્રણ ભાષ્ય. |
| ૪ | સિદ્ધદંડિકા. | ૯ | સિરિ ઉસહવદ્ધમાણ પ્રભુસ્તવન. |
| ૫ | વન્દારુવૃત્તિ. | ૧૦ | ચત્તારિ અટ્ઠદસદોય ગાથા વિવરણ. |

ગ્રંથકર્તાના બન્ને શિષ્યોએ પણ સારી એવી શાસ્ત્રરચના કરી છે. આ રીતે તે સમુદાય વિદ્યાવ્યસની, વિદ્વાન અને સાહિત્યપ્રેમી હતો.

### ઉપકારીઓના આભારની સ્મૃતિ.

આ વિવેચન પૂ.આ.મ.શ્રી જયઘોષસૂરીશ્વરજી મ.શ્રીના પ્રશિષ્ય પૂ. આ.શ્રી **અભયશેખરસૂરીશ્વરજી મહારાજશ્રી**એ હૃદયની અતિશય લાગણી પૂર્વક સાદ્યન્ત તપાસી આપેલ છે. તેઓશ્રીએ કેટલીક સૂચનાઓ પણ કરેલી. તે પ્રમાણે સુધારો પણ કરેલ છે. તથા **અધ્યાપક શ્રી રતિલાલ ચીમનલાલ દોશી**એ ઘણી ચીવટપૂર્વક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના અભ્યાસ અને બહોળા અનુભવને અનુસારે આ લખાણ જાણે પોતાનું જ હોય એમ માનીને ધ્યાનપૂર્વક સુધારેલ છે. કોઈ કોઈ સૂક્ષ્મ ચર્ચાઓમાં સમયનો સુંદર ભોગ આપીને ઉંડાણ લાવવા સહયોગ આપેલ છે. મહેસાણા પાઠશાળા કે જે સંસ્થાએ મારામાં અભ્યાસ તથા ધર્મસંસ્કારોનું પ્રથમથી સિંચન કરીને ધર્મનો પાયો રોપ્યો છે. તે સર્વેના ઉપકારોને આ સમયે સ્મૃતિગોચર કરીને આભાર માનું છું.

આ ગ્રંથનું વિવેચન તૈયાર કરી પ્રકાશિત કરવામાં પ્રથમથી જ સહયોગ આપી મને ઉત્સાહિત કરનાર **પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.** તથા **પંન્યાસજીશ્રી કલ્યાણબોધિવિજયજી ગણિવર** તથા તેઓની પ્રેરણા અને માર્ગદર્શનથી સમ્યગ આગમાદિ શાસ્ત્રોના ઉદ્ધારનું ભગીરથકાર્ય કરતા **શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ**નો આ સમયે હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આ વિવેચનમાં જાણતાં-અજાણતાં છદ્મસ્થતાના કારણે અનુપયોગદશાથી જે કંઇ જ્ઞાનીની વાણી વિરુદ્ધ લખાઇ ગયું હોય તેની ત્રિવિધે ત્રિવિધે ક્ષમા યાચું છું. એ જ.

તથા પુસ્તકનું સુંદર પ્રિન્ટીંગ-કંપોઝ-બાઈન્ડીંગ વગેરે કરવા બદલ, તથા ભૂલો સુધારી સુધારીને અનેકવાર પ્રુફ માગવા છતાં જેઓએ જરા પણ અપ્રસન્નતા દાખવી નથી એવા ભરત ગ્રાફીક્સના સંચાલક શ્રી ભરતભાઈ તથા મહેન્દ્રભાઈનો પણ આ સમયે આભાર માનું છું.

**ક્ષતિ બદલ ક્ષમા યાચના**

છદ્મસ્થતા તથા બીનઉપયોગદશાના કારણે આ વિવેચનમાં જે કંઈ જિનેશ્વર પરમાત્માની આજ્ઞા વિરુદ્ધ લખાણ થઈ ગયું હોય તે બદલ ત્રિવિધે ત્રિવિધે ક્ષમાયાચના કરવાપૂર્વક વાંચકવર્ગને વિનંતિ કરું છું કે મારી જે કોઈ ક્ષતિ આ વિવેચનમાં થઈ ગઈ હોય તે તુરત જણાવશો કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો થઈ શકે. સુધારો સૂચવવા બદલ આપશ્રીનો અંતઃકરણ પૂર્વક હું આભાર માનીશ

૭૦૨, રામશા ટાવર,
ગંગા-જમના એપાર્ટમેન્ટ પાસે,
અડાજણ પાટીયા, સુરત-૩૯૫૦૦૯
ફોન. (૦૨૬૧) ૨૬૮૮૯૪૩.

એજ.
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પંડિત શ્રી ધીરૂભાઇનાં લખાયેલ પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ |
|---|---|
| ૧. | યોગવિંશિકા |
| ૨. | યોગશતક |
| ૩. | શ્રી જૈનધર્મના મૌલિક સિદ્ધાન્ત |
| ૪. | શ્રી જૈન તત્ત્વ પ્રકાશ |
| ૫. | શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર |
| ૬. | જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ |
| ૭. | જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માળા |
| ૮. | કર્મવિપાક (પ્રથમ કર્મગ્રંથ) |
| ૯. | કર્મસ્તવ (દ્વિતીય કર્મગ્રંથ) |
| ૧૦. | બંધસ્વામિત્વ (તૃતીય કર્મગ્રંથ) |
| ૧૧. | ષડશીતિ (ચતુર્થ કર્મગ્રંથ) |
| ૧૨. | પૂજાસંગ્રહ સાર્થ |
| ૧૩. | સ્નાત્રપૂજા સાર્થ |
| ૧૪. | સમ્યક્ત્વની સજ્ઝાય |
| ૧૫. | નવસ્મરણ-ઈંગ્લીશ સાથે |
| ૧૬. | રત્નાકરાવતારિકા (ભાગ-૧) |
| ૧૭. | રત્નાકરાવતારિકા (ભાગ-૨) |
| ૧૮. | શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય |
| ૧૯. | આઠદૃષ્ટિની સજ્ઝાયના અર્થ |
| ૨૦. | બંધશતક (પંચમ કર્મગ્રંથ) |
| ૨૧. | તત્ત્વાર્થાધિગમ સૂત્ર (સંક્ષિપ્ત વિવેચન) |
| ૨૨. | વાસ્તુપૂજા સાર્થ (પૂ. બુદ્ધિસાગરસૂરિજી કૃત) |
| ૨૩. | શ્રાવકનાં બાર વ્રત |
| ૨૪. | સવાસો ગાથાનું સ્તવન |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ નમો નમઃ શ્રીગુરુપ્રેમસૂરયે ॥

–: દિવ્યકૃપા :–

સિદ્ધાંતમહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા**

–: દિવ્યાશિષ :–

વર્ધમાન તપોનિધિ ગચ્છાપતિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્

**વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

–: પુણ્યપ્રભાવ :–

પ. પૂ. સમતાસાગર સ્વ. પંન્યાસજી

**શ્રી પદ્મવિજયજી ગણિવર્યશ્રી**

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

–: શુભાશીષ :–

સિદ્ધાંતદિવાકર ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્

**વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**

: પ્રેરણા-માર્ગદર્શન :

પરમ પૂજ્ય વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્

**વિજયહેમચંદ્રસૂરિ મહારાજા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રુતસમુદ્ધારક

## શ્રુતસેવાના કાર્યમાં સદાના સાથીઓ

૧) ભાણબાઇ નાનજી ગડા, મુંબઇ. (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજયભુવનભાનુસૂરિ મ. સા.ના ઉપદેશથી)

૨) શેઠ આણંદજી કલ્યાણજી, અમદાવાદ.

૩) શ્રી શાંતિનગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
પ. પૂ. તપસમ્રાટ આચાર્યદેવ શ્રીમદ્વિજય હિમાંશુસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૪) શ્રી શ્રીપાળનગર જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઇ.
(પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરિ મ. સા.ની દિવ્યકૃપા તથા પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય મિત્રાનંદ સૂ. મ. સા.ની પ્રેરણાથી)

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

૫) શ્રી લાવણ્ય સોસાયટી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પ. પૂ. પંન્યાસજી શ્રી કુલચંદ્રવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૬) નયનબાળા બાબુભાઇ સી. જરીવાળા હા. ચંદ્રકુમાર, મનિષ, કલ્પનેશ
(પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૭) કેશરબેન રતનચંદ કોઠારી હાલ. લલિતભાઇ (પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણાથી)

૮) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છીય જૈન પૌષધશાળા ટ્રસ્ટ, દાદર, મુંબઇ.

૯) શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ મુંબઇ,
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરીશ્વર મ. સા.ની પ્રેરણાથી)

૧૦) શ્રી શાંતાક્રુઝ શ્વેતા. મૂર્તિ, તપાગચ્છ સંઘ, શાંતાક્રુઝ, મુંબઇ,
(આચાર્યદેવ શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧) શ્રીદેવકરણ મૂળજીભાઈ જૈનદેરાસર પેઢી, મલાડ (વેસ્ટ), મુંબઈ

૧૨) સંઘવી અંબાલાલ રતનચંદ જૈન ધાર્મિક ટ્રસ્ટ, ખંભાત.
(પૂજ્ય સાધ્વી શ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂજ્ય સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી દિવ્યયશાશ્રીજી મ.ની પ્રેરણાથી મૂળીબેનની આરાધનાની અનુમોદનાર્થે)

૧૩) બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર, મુંબઈ-૪૦૦ ૦૦૬.
(પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા. તથા પૂ. મુનિરાજશ્રી હિરણ્યબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૧૪) શ્રી શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ, મુંબઈ. (પૂ. મુનિશ્રી હેમદર્શન વિ.મ. તથા પૂ. મુનિશ્રી રમ્યઘોષ વિ.મ.ની પ્રેરણાથી)

૧૫) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મંગળ પારેખનો ખાંચો, શાહપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્યદેવ શ્રીરુચકચંદ્રસૂરિ મ.ની પ્રેરણાથી)

૧૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર, (વેસ્ટ) મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૧૭) શ્રી નવજીવન સોસાયટી જૈન સંઘ, બોમ્બે સેન્ટ્રલ, મુંબઈ. (પૂ. મુનિરાજશ્રી અક્ષયબોધિ વિ. મ.ની પ્રેરણાથી)

૧૮) શ્રી કલ્યાણજી સૌભાગચંદ જૈન પેઢી, પિંડવાડા.
(સિદ્ધાંતમહોદધિ સ્વ. આ. શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.ના સંયમની અનુમોદનાર્થે)

૧૯) શ્રી ઘાટકોપર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ. (વૈરાગ્યદેશનાદક્ષ પૂ. આ. શ્રીહેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૦) શ્રી આંબાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, અમદાવાદ.
(પૂજ્ય મુનિ શ્રી કલ્યાણબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૧) શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, વાસણા, અમદાવાદ. (પૂ. આચાર્યશ્રી નરરત્નસૂરિ મ.ના સંયમજીવનની અનુમોદનાર્થે પૂજ્ય તપસ્વીરત્ન આચાર્ય શ્રી હિમાંશુસૂરીશ્વરજી મ. સા.ની પ્રેરણાથી)

૨૨) શ્રી પ્રેમવર્ધક આરાધક સમિતિ, ધરણિધર દેરાસર, પાલડી, અમદાવાદ.
(પૂ. ગણિવર્ય શ્રીઅક્ષયબોધિવિજયજી મ.ની પ્રેરણાથી)

૨૩) શ્રી મહાવીર જૈન શ્વેતા. મૂર્તિપૂજક સંઘ, પાલડી, અમદાવાદ.
શેઠ કેશવલાલ મૂળચંદ જૈન ઉપાશ્રય. (પ. પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરિ મહારાજ સા.ની પ્રેરણાથી)

૨૪) શ્રી માટુંગા જૈન શ્વેતા. મૂર્તિપૂજક તપગચ્છ સંઘ એન્ડ ચેરિટીઝ, માટુંગા, મુંબઇ.

૨૫) શ્રી જીવીત મહાવીરસ્વામી જૈન સંઘ, નાંદિયા. (રાજસ્થાન)
(પૂ. ગણિવર્ય શ્રી અક્ષયબોધિવિજયજી મ. સા. તથા મુનિશ્રી મહાબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૨૬) શ્રી વિશા ઓશવાળ તપગચ્છ જૈન સંઘ, ખંભાત.
(વૈરાગ્યદેશનાદક્ષ પ. પૂ. આચાર્યદેવશ્રી હેમચંદ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૨૭) શ્રી વિમલ સોસાયટી આરાધક જૈન સંઘ, બાણગંગા, વાલકેશ્વર મુંબઇ-૪૦૦ ૦૦૬.

૨૮) શ્રી પાલિતાણા ચાતુર્માસ આરાધના સમિતિ. (પ. પૂ. વૈરાગ્યદેશનાદક્ષ આચાર્યદેવ શ્રીમદ્વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના સં-૨૦૫૩ના પાલિતાણા મધ્યે ચાતુર્માસ પ્રસંગે)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૯) શ્રીસીમંધર જિન આરાધક ટ્રસ્ટ, એમરલ્ડ એપાર્ટમેન્ટ, અંધેરી (ઈ), મુંબઈ (મુનિશ્રી નેત્રાનંદવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૦) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ. (પરમ પૂજ્ય મુનિરાજશ્રી સંયમબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૧) શ્રીકૃષ્ણનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, સૈજપુર, અમદાવાદ. (પ. પૂ. આચાર્ય વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મ. સા.ના કૃષ્ણનગર મધ્યે સંવત ૨૦૫૨ના ચાતુર્માસ નિમિત્તે પ. પૂ. મુનિરાજશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૨) શ્રી બાબુભાઈ સી. જરીવાળા ટ્રસ્ટ, નિઝામપુરા, વડોદરા-૨.

૩૩) શ્રી ગોડી પાર્શ્વનાથજી ટેમ્પલ ટ્રસ્ટ, પુના. (પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. મુનિરાજશ્રી મહાબોધિવિજયજી મ.સા.ની પ્રેરણાથી)

૩૪) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ, ભવાની પેઠ, પુના. (પૂ. મુનિરાજ શ્રી અનંતબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૫) શ્રી રાંદેર રોડ જૈન સંઘ, સુરત.
(પૂ. શ્રી અક્ષયબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૬) શ્રી શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ, આરાધના ભુવન, દાદર, મુંબઈ.
(મુનિશ્રી અપરાજિતવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૩૭) શ્રી જવાહરનગર જૈન શ્વેતા. મૂર્તિ. સંઘ, ગોરેગામ, મુંબઈ.
(પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિ મ. સા.ની પ્રેરણાથી)

૩૮) શ્રી કન્યાશાળા જૈન ઉપાશ્રય, ખંભાત, (પ.પૂ. સા. શ્રી રંજનશ્રીજી મ. સા. પૂ. પ્ર. સા. શ્રી ઇંદ્રશ્રીજી મ. સા.ના સંયમજીવનની અનુમોદનાર્થે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ. પૂ. સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મ. સા., પ. પૂ. સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ. સા. તથી સાધ્વીજી શ્રી સ્વંયપ્રભાશ્રીજી મ. સા.ની પ્રેરણાથી)

૩૯) શ્રી માટુંગા જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપાગચ્છક સંઘ એન્ડ ચેરીટીઝ, માટુંગા, મુંબઇ.

૪૦) શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ,

૬૦ ફુટ રોડ, ઘાટકોપર (ઇ.) (પૂ. પં. શ્રી વરબોધિવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૧) શ્રી આદિનાથ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, નવસારી. (પ. પૂ. આ. શ્રી ગુણરત્નસૂરિ મ.ના શિષ્ય પૂ. પંન્યાસજી શ્રી પુણ્યરત્નવિજયજી ગણિવર્યની તથા પૂ. પ. યશોરત્નવિજયજી ગણિવર્યની પ્રેરણાથી)

૪૨) શ્રીકોઇમ્બતુર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, કોઇમ્બતુર.

૪૩) શ્રી પંકજ સોસાયટી જૈન સંઘ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ. (પ. પૂ. આ. શ્રી ભુવનભાનુસૂરિ મ. સા.ની ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે થયેલ આચાર્ય-પંન્યાસ-ગણિ પદારોહણ, દીક્ષા વગેરે નિમિત્તે થયેલ જ્ઞાનનિધિમાંથી.)

૪૪) શ્રી મહાવીરસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર, પાવાપુરી, ખેતવાડી, મુંબઇ.

(પૂ.મુનિશ્રી રાજપાલવિજયજી મ. સા. તથા પૂજ્ય પં. શ્રી અક્ષયબોધિવિજયજી મ. સા.ની પ્રેરણાથી)

૪૫) શ્રી હીરસૂરીશ્વરજી જગદ્ગુરુ શ્વેતાંબરમૂર્તિપૂજક જૈન સંઘ ટ્રસ્ટ, મલાડ (પૂર્વ), મુંબઇ.

૪૬) શ્રી પાર્શ્વનાથ શ્વેતાં. મૂર્તિ પૂ. જૈન સંઘ, સંઘાણી એસ્ટેટ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ.

૪૭) શ્રી ધર્મનાથ પોપટલાલ હેમચંદ જૈન શ્વેતાં. મૂર્તિપૂજક સંઘ, જૈનનગર, અમદાવાદ (પૂજ્ય મુનિશ્રી સત્યસુંદર વિ.ની પ્રેરણાથી ચાતુર્માસમાં થયેલ જ્ઞાનનિધિમાંથી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૪૮) રતનબેન વેલજી ગાલા પરિવાર, મુલુંડ મુંબઈ.
(પ્રેરક : પૂ. મુનિશ્રી રત્નબોધિવિજયજી મ. સા.)

૪૯) શ્રી મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ મુંબઈ.

૫૦) શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ જૈન દેરાસર ઉપાશ્રય ટ્રસ્ટ, બાબુલનાથ, મુંબઈ (પ્રેરક-મુનિશ્રી સત્ત્વભૂષણવિજયજી મ.)

૫૧) શ્રી ગોવાલીયા ટેંક જૈન સંઘ મુંબઈ.
(પ્રેરક : ગણિવર્યશ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.)

૫૨) શ્રી વિમલનાથ જૈન દેરાસર ટ્રસ્ટ, બાણગંગા, મુંબઈ,
(પ્રેરકઃ પૂ. આ. શ્રી હેમચંદ્રસૂરિજી મ. સા.)

૫૩) શ્રી વાડિલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ, મુંબઈ (પ્રેરક : મુનિશ્રી રાજપાલવિજયજી તથા પંન્યાસજી શ્રીઅક્ષયબોધિવિજયજી ગણિવર.)

૫૪) શ્રી પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈનસંઘ.
(પ્રેરક : ગણિવર્ય શ્રી કલ્યાણબોધિવિજયજી મ. સા.)

૫૫) શ્રી ધર્મશાંતિ આરાધના જૈન ટ્રસ્ટ.
(પ્રેરક : પૂ. મુનિશ્રી રાજપાલ વિ. તથા પં. શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવર)

૫૬) પૂ. સા. શ્રી સૂર્યયશાશ્રીજી તથા પૂ. સા. શ્રી સુશીલયશાશ્રીજી મ.ના પાર્લા (ઈસ્ટ) કૃષ્ણકુંજમાં થયેલ ચાતુર્માસની જ્ઞાનનિધિની આવકમાંથી

૫૭) શ્રી પ્રેમવર્ધક દેવાસ શ્વેતામ્બર મૂર્તિ પૂ. જૈન સંઘ. દેવાસ-અમદાવાદ.

• • •

Jain Site .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ-મુંબઈ દ્વારા પ્રકાશિત થયેલા ગ્રંથોની સૂચિ

| | |
|---|---|
| ૧ | જીવવિચાર પ્રકરણ સટીક દંડક પ્રકરણ સટીક કાર્યસ્થિતિ સ્તોત્રાભિધાન સટીક. |
| ૨ | ન્યાયસંગ્રહ સટીક |
| ૩ | ધર્મસંગ્રહ સટીકભાગ-૧ |
| ૪ | ધર્મસંગ્રહ સટીક ભાગ-૧ |
| ૫ | ધર્મસંગ્રહ સટીક ભાગ-૨ |
| ૬ | જીવસમાસ ટીકાનુવાદ |
| ૭ | જંબુદ્વીપ સંગ્રહણી સટીક |
| ૮ | સ્યાદ્વાદમંજરી સાનુવાદ |
| ૯ | સંક્ષેપ સમરાદિત્ય કેવળી ચરિત્ર |
| ૧૦ | બૃહત્ક્ષેત્રસમાસ સટીક |
| ૧૧ | બૃહત્ સંગ્રહણી સટીક |
| ૧૨ | બૃહત્ સંગ્રહણી સટીક |
| ૧૩ | ચેઈયવંદણ મહાભાસ |
| ૧૪ | નયોપદેશ સટીક |
| ૧૫ | પુષ્પમાળા (મૂળ અનુવાદ) |
| ૧૬ | મહાવીરચરિયં |
| ૧૭ | મલ્લિનાથ ચરિત્ર |
| ૧૮ | વાસુપૂજ્ય ચરિત્ર |
| ૧૯ | શાંતસુધારસ સટીક |
| ૨૦ | શ્રાદ્ધગુણ વિવરણ |
| ૨૧ | તત્ત્વજ્ઞાન તરંગિણી |
| ૨૨ | ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૩/૪ |
| ૨૩ | ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ ૫/૬ |
| ૨૪ | અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ |
| ૨૫ | મુક્તિપ્રબોધ |
| ૨૬ | વિશેષણવતીવંદન પ્રતિક્રમણ અવચૂરી |
| ૨૭ | પ્રવ્રજ્યા વિધાન કુલક સટીક |
| ૨૮ | ચૈત્યવંદન ભાષ્ય (સંઘાચાર ભાષ્ય સટીક) |
| ૨૯ | વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૧ છાયા સાથે) |
| ૩૦ | વર્ધમાનદેશના પદ્ય (ભાગ-૨ છાયા સાથે) |
| ૩૧ | વ્યવહાર શુદ્ધિ પ્રકાશ |
| ૩૨ | અનેકાન્ત વ્યવસ્થા પ્રકરણ |
| ૩૩ | પ્રકરણ સંદોહ |
| ૩૪ | ઉત્પાદાદિસિદ્ધિ પ્રકરણ સટીક |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૫ અભિધાન વ્યુપત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૧ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)

૩૬ અભિધાન વ્યુત્પત્તિ પ્રક્રિયા કોશ ભાગ-૨ (ચિંતામણિ ટીકાનું અકારાદિ ક્રમે સંકલન)

૩૭ પ્રશ્નોત્તર રત્નાકર (સેનપ્રશ્ન)

૩૮ સંબોધસપ્તતિ સટીક

૩૯ પંચવસ્તુ સટીક

૪૦ શ્રી જંબુસ્વામી ચરિત્ર

૪૧ શ્રી સમ્યક્ત્વ સપ્તતિ સટીક

૪૨ ગુરુ ગુણ ષટ્ત્રિંશત્ષટ્ત્રિંશિકા સટીક

૪૩ સ્તોત્ર રત્નાકર

૪૪ ઉપદેશ સપ્તતિ

૪૫ ઉપદેશ રત્નાકર

૪૬ શ્રી વિમલનાથ ચરિત્ર

૪૭ સુબોધા સમાચારિ

૪૮ શાંતિનાથ ચરિત્ર ગ્રંથ

૪૯ નવપદ પ્રકરણ સટીક ભાગ-૧

૫૦ નવપદ પ્રકરણ સટીક ભાગ-૨

૫૧ નવપદ પ્રકરણ લઘુ વૃત્તિ

૫૨ શ્રાદ્ધ પ્રકરણ વૃત્તિ

૫૩ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

૫૪ વિજયપ્રશસ્તિ ભાષ્ય (વિજયસેનસૂરિ ચરિત્ર)

૫૫ કુમારપાળ મહાકાવ્ય સટીક (પ્રાકૃતદ્વયાશ્રય)

૫૬ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૧

૫૭ ધર્મરત્ન પ્રકરણ સટીક ભાગ-૨

૫૮ ઉપદેશ પદ ભાગ-૧

૫૯ ઉપદેશ પદ ભાગ-૨

૬૦ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૧

૬૧ શ્રાદ્ધદિનકૃત્ય ભાગ-૨

૬૨ પાર્શ્વનાથ ચરિત્ર

૬૩ વિચાર રત્નાકર

૬૪ ઉપદેશ સપ્તતિકા

૬૫ દેવેન્દ્ર નરકેન્દ્ર પ્રકરણ

૬૬ પુષ્પ પ્રકરણ માળા

૬૭ ગુર્વાવલી

૬૮ પુષ્પ પ્રકરણ

૬૯ નેમિનાથ મહાકાવ્ય

૭૦ પાંડવ ચરિત્ર ભાગ-૧

૭૧ પાંડવ ચરિત્ર ભાગ-૨

૭૨ પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય

૭૩ હીર પ્રશ્નોત્તરાણિ

૭૪ ધર્મવિધિ પ્રકરણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭૫ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૧
૭૬ દેવધર્મ પરીક્ષાદિ ગ્રંથો
૭૭ સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ-૨-૩
૭૮ પ્રકરણત્રયી
૭૯ સમતાશતક (સાનુવાદ)
૮૦ ઉપદેશમાળા-પુષ્પમાળા
૮૧ પૃથ્વીચંદ્ર ચરિત્ર
૮૨ ઉપદેશમાળા
૮૩ પાઇયલચ્છી નામમાલા
૮૪ દોઢસો સવાસો ગાથાના સ્તવનો
૮૫ દ્વિવર્ણ રત્નમાલા
૮૬ શાલિભદ્ર ચરિત્ર
૮૭ અનંતનાથ ચરિત્ર પૂજાષ્ટક
૮૮ કર્મગ્રંથ અવચૂરી
૮૯ ઉપમિતિભવપ્રપંચ કથા ભા.-૧
૯૦ ધર્મબિંદુ સટીક
૯૧ પ્રશમરતિ સટીક
૯૨ માર્ગણાદ્વાર વિવરણ
૯૩ કર્મસિદ્ધિ
૯૪ જંબુસ્વામી ચરિત્ર અનુવાદ
૯૫ ચૈત્યવંદન ભાષ્ય સાનુવાદ
૯૬ ગુણવર્મા ચરિત્ર સાનુવાદ
૯૭ સવાસો દોઢસો ગાથા સ્તવનો
૯૮ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા
૯૯ કથાકોષ
૧૦૦ જૈન તીર્થ દર્શન
૧૦૧ જૈન કથા સંગ્રહ ભાગ-૧
૧૦૨ જૈન કથા સંગ્રહ ભાગ-૨
૧૦૩ જૈન કથા સંગ્રહ ભાગ-૩
૧૦૪ રયણસેહર નિવકહા સટીક
૧૦૫ આરંભસિદ્ધિ
૧૦૬ નેમિનાથ ચરિત્ર ગદ્ય
૧૦૭ મોહોન્મુલનમ્ (વાદસ્થાનમ્)
૧૦૮ શ્રી ભુવનભાનુ કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૦૯ શ્રી ચંદ્રપ્રભવસ્વામી કેવળી ચરિત્ર (અનુવાદ)
૧૧૦ આપણા જ્ઞાનમંદિરો
૧૧૧ પ્રમાલક્ષણ
૧૧૨ આચાર પ્રદીપ
૧૧૩ વિવિધ પ્રશ્નોત્તર
૧૧૪ આચારોપદેશ અનુવાદ
૧૧૫ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૧
૧૧૬ પટ્ટાવલી સમુચ્ચય ભાગ-૨
૧૧૭ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૧

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૧૮ રત્નાકરાવતારિકા સાનુવાદ ભાગ-૨
૧૧૯ ચૈત્યવંદન ચોવીસી તથા પ્રશ્નોત્તર ચિંતામણી
૧૨૦ નિરયાવલિસૂત્ર
૧૨૧ કલ્યાણ મંદિર-લઘુશાંતિસટીક
૧૨૨ ઉપદેશ સપ્તતિકા (ટીકાનુવાદ) પુસ્તક
૧૨૩ પ્રતિક્રમણ હેતુ (પુસ્તક)
૧૨૪ જૈન કુમારસંભવ મહાકાવ્ય
૧૨૫ દેવચંદ્ર સ્તવનાવલિ
૧૨૬ આનંદકાવ્ય મહોદધિ ભાગ-૧
૧૨૭ શ્રી પર્યંત આરાધના સૂત્ર (અવચૂરી અનુવાદ સાથે)
૧૨૮ જિનવાણી (તુલનાત્મકદર્શન વિચાર)
૧૨૯ પ્રશ્નોત્તર પ્રદીપ ગ્રંથ
૧૩૦ પ્રાચીન કોણ શ્વેતાંબર કે દિગંબર (ગુજરાતી)
૧૩૧ જંબૂદ્વીપ સમાસ (અનુવાદ)
૧૩૨ સુમતિ ચરિત્ર (અનુવાદ)
૧૩૩ તત્ત્વામૃત (અનુવાદ)
૧૩૪ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૨
૧૩૫ ત્રિષષ્ઠિશલાકાપુરુષ ચરિત્ર પર્વ-૧
૧૩૬ જૈન કથા સંગ્રહ ભાગ-૪ (પ્રતાકાર સંસ્કૃત)
૧૩૭ જૈન કથા સંગ્રહ ભાગ-૫
૧૩૮ જૈન કથા સંગ્રહ ભાગ-૬
૧૩૯ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૧
૧૪૦ જૈન ધર્મ ભક્તિ કંચનમાળા (સાનુવાદ) ભાગ-૨
૧૪૧ શ્રીમોક્ષપદ સોપાન (ચૌદગુણ-સ્થાનકનું સ્વરૂપ)
૧૪૨ રત્નશેખર રત્નવતી કથા (પર્વતિથિ માહાત્મ્ય પર)
૧૪૩ ષષ્ઠિશતકમ્ (સાનુવાદ)
૧૪૪ નમસ્કાર-મહામંત્ર (નિબંધ)
૧૪૫ જૈન ગોત્ર સંગ્રહ (પ્રાચીન જૈન ઈતિહાસ સહિત)
૧૪૬ નયમાર્ગદર્શક યાને સાતનયનું સ્વરૂપ
૧૪૭ મહોપાધ્યાયશ્રી વીરવિજયજી મહારાજા ચરિત્ર
૧૪૮ મુક્તિ માર્ગદર્શન યાને ધર્મ-પ્રાપ્તિના હેતુઓ
૧૪૯ ચેતોદૂતમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૫૦ મૂર્તિમંડન પ્રશ્નોત્તર
૧૫૧ પિંડવિશુદ્ધિ અનુવાદ
૧૫૨ નંદિસૂત્ર (મૂળ)
૧૫૩ નંદિસૂત્ર સટીક બીજી આવૃત્તિ
૧૫૪ નંદિસૂત્ર ચૂર્ણિ સટીક
૧૫૫ અનુયોગ દ્વાર સટીક
૧૫૬ દશવૈકાલિક સટીક
૧૫૭ દશવૈકાલિક સટીક
૧૫૮ ઓઘનિર્યુક્તિ સટીક
૧૫૯ પિંડનિર્યુક્તિ સટીક
૧૬૦ આવશ્યક સૂત્રની ટીકા ભાગ૧
૧૬૧ આવશ્યક સૂત્રની ટીકા ભાગ૨
૧૬૨ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૩ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૪
૧૬૪ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૧
૧૬૫ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૨
૧૬૬ આવશ્યક સૂત્રની ટીકા ભાગ-૩
૧૬૭ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૧
૧૬૮ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૨
૧૬૯ આવશ્યક સૂત્રની દીપીકા ભા.૩
૧૭૦ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૧
૧૭૧ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૨
૧૭૨ ઉત્તરાધ્યયન સટીક ભાગ-૩
૧૭૩ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૧
૧૭૪ જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ ભાગ-૨
૧૭૫ જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૧
૧૭૬ જીવાજીવાભિગમ સૂત્ર ભા.-૨
૧૭૭ રાજપ્રશ્નીય
૧૭૮ આચારાંગ દીપિકા
૧૭૯ ભગવતી સૂત્ર ભાગ-૧
૧૮૦ ભગવતી સૂત્ર ભાગ-૨
૧૮૧ ભગવતી સૂત્ર ભાગ-૩
૧૮૨ પન્નવણા સૂત્ર ભાગ-૧
૧૮૩ પન્નવણા સૂત્ર ભાગ-૨
૧૮૪ ઋષિભાષિતસૂત્ર
૧૮૫ હારિભદ્રીય આવશ્યક ટીપ્પણક
૧૮૬ સૂર્યપ્રજ્ઞપ્તિ સટીક
૧૮૭ આચારાંગ દીપિકા ભાગ-૧
૧૮૮ સૂત્રકૃતાંગ દીપિકા
૧૮૯ ઠાણાંગ સટીક ભાગ-૧
૧૯૦ ઠાણાંગ સટીક ભાગ-૨
૧૯૧ અનુયોગદ્વાર મૂળ
૧૯૨ સમવાયાંગ સટીક
૧૯૩ આચારાંગ દીપિકા ભાગ-૧
૧૯૪ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૧
૧૯૫ સૂત્રકૃતાંગ સટીક ભાગ-૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૯૬ ભગવતી સૂત્ર
૧૯૭ કલ્પસૂત્ર પ્રદીપિકા
૧૯૮ કલ્પસૂત્ર કૌમુદિ
૧૯૯ આનંદ કાવ્ય મહોદધિ ભા.૩
૨૦૦ શ્રી શ્રુતજ્ઞાન અમીધારા
૨૦૧ ઉત્તરાધ્યયન સૂત્ર-મૂળ
૨૦૨ ઉપધાન વિધિ પ્રેરક વિધિ
૨૦૩ હીરસ્વાધ્યાય ભાગ-૧
૨૦૪ હીરસ્વાધ્યાય ભાગ-૨
૨૦૫ ચૈત્યવંદનાદિ ભાષ્યત્રયી (વિવેચન)
૨૦૬ ભોજપ્રબંધ
૨૦૭ શ્રી વસ્તુપાલ ચરિત્ર ભાષાન્તર
૨૦૮ શ્રી યોગબિંદુ સટીક
૨૦૯ ગુરુ ગુણરત્નાકર કાવ્યમ્
૨૧૦ જગદ્ગુરુ કાવ્યમ્
૨૧૧ યોગદષ્ટિસમુચ્ચય (અનુવાદ)
૨૧૨ જૈન જ્યોતિર્ગ્રંથ સંગ્રહ
૨૧૩ પ્રમાણ પરિભાષા
૨૧૪ પ્રમેય રત્નકોષ
૨૧૫ જૈન સ્તોત્ર સંગ્રહ ભાગ-૨
૨૧૬ શ્રી યોગ દષ્ટિસમુચ્ચય (ભાવાનુવાદ)
૨૧૭ નવસ્મરણ (ઇંગ્લીશ સાર્થ સાનુવાદ)
૨૧૮ આઠ દષ્ટિની સજ્ઝાય
૨૧૯ આગમસાર (દેવચંદ્રજી)
૨૨૦ નયચક્રસાર (દેવચંદ્રજી)
૨૨૧ ગુરુ ગુણષટ્ત્રિંશિકા દેવચંદ્રજી
૨૨૨ પંચમકર્મગ્રંથ (દેવચંદ્રજી)
૨૨૩ વિચારસાર (દેવચંદ્રજી)
૨૨૪ શ્રીપર્યુષણ પર્વાદિક પર્વોની કથાઓ
૨૨૫ વિમળ મંત્રીનો રાસ
૨૨૬ બૃહત્ સંગ્રહણી અંતર્ગત યંત્રોનો સંગ્રહ
૨૨૭ દમયંતી ચરિત્ર
૨૨૮ બૃહત્સંગ્રહણી યંત્ર
૨૨૯ જૈન સ્તોત્ર સંગ્રહ
૨૩૦ યશોધર ચરિત્ર
૨૩૧ ચંદ્રવીરશુભાદિ કથા ચતુષ્ટયમ્
૨૩૨ વિજયાનંદ અભ્યુદમ્ મહાકાવ્ય
૨૩૩ જૈનધર્મવરસ્તોત્ર-ગોધૂલિકાર્ય-સભાચમત્કારેતિ કૃતિત્રિતયમ્
૨૩૪ અનેકાર્થરત્નમંજૂષા
૨૩૫ સિરિપાસનાહચરિયં
૨૩૬ સમ્યક્ત્વ કૌમુદી (ભાષાંતર)

JAINSITE.com જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૩૭ વિમલનાથ ચરિત્ર (અનુવાદ)
૨૩૮ જૈન કથારત્નકોષ ભાગ-૧ (અનુવાદ)
૨૩૯ જૈન કથારત્નકોષ ભાગ-૨
૨૪૦ જૈન કથારત્નકોષ ભાગ-૩
૨૪૧ શત્રુંજય તીર્થોદ્ધાર (અનુવાદ)
૨૪૨ જૈન સ્તોત્ર તથા સ્તવન સંગ્રહ સાર્થ
૨૪૩ વસ્તુપાલ ચરિત્ર
૨૪૪ સિદ્ધપ્રાભૃત સટીક
૨૪૫ સૂક્તમુક્તાવલી
૨૪૬ નલાયનમ્ (કુબેરપુરાણમ્)
૨૪૭ બંધહેતુદયત્રિભંગી પ્રકરાદિ
૨૪૮ ધર્મપરીક્ષા
૨૪૯ આગમીય સૂક્તાવલ્યાદિ
૨૫૦ જૈન તત્ત્વસાર સટીક
૨૫૧ ન્યાયસિદ્ધાંતમુક્તાવલી
૨૫૨ હેમધાતુપાઠ
૨૫૩ નવીન પૂજા સંગ્રહ
૨૫૪ સિદ્ધચકારાધન વિધિ વિ. સંગ્રહ
૨૫૫ નાયાધમ્મકહાઓ (પુસ્તક)
૨૫૬ પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર (સાર્થ)
૨૫૭ તત્ત્વાર્થાધિગમસૂત્ર (ગુજરાતી)
૨૫૮ વિચારસપ્તતિકા સટીક + વિચારપંચાશિકા સટીક
૨૫૯ અધ્યાત્મસાર સટીક
૨૬૦ લીલાવતી ગણિત

• • • • •

જૈનમ્ જયતિ શાસનમ્

# मूळ गाथाओ

नमिय जिणं धुवबंधोदयसत्ताघाइपुन्नपरियत्ता ।
सेयर चउहविवागा, वुच्छं बंधविह सामी य ॥१॥
वन्नचउतेयकम्मा-गुरुलहुनिमिणोवघायभयकुच्छा ।
मिच्छकसायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥२॥
तणुवंगागिइसंघयण, जाइ गइ खगइ पुव्वि जिणसासं ।
उज्जोयायवपरघा, तसवीसागोयवेयणियं ॥३॥
हासाइजुयलदुगवेय, आउ तेवुत्तरी अधुवबंधा ।
भंगा अणाइ साइ, अणंतसंतुत्तरा चउरो ॥४॥
पढमबिया धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं ।
मिच्छम्मि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ॥५॥
निमिण थिरअथिर अगुरु य, सुहअसुह तेय कम्म चउवन्ना ।
नाणंतराय दंसण, मिच्छं धुवउदय सगवीसा ॥६॥
थिरसुभियर विणु, अधुवबंधी मिच्छ विणु मोहधुवबंधी ।
निद्दोवघाय मीसं, सम्मं पणनवइ अधुवुदया ॥७॥
तसवन्नवीस सगतेयकम्म धुवबंधि सेस वेयतिगं ।
आगिइतिग वेयणियं, दुजुयल सग उरल सास चउ ॥८॥
खगईतिरिदुग नीयं, धुवसंता सम्म मीस मणुयदुगं ।
विउव्विक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ॥९॥
पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइअट्ठगे भज्जं ।
सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥१०॥
सासणमीसेसु धुवं, मीसं मिच्छाइ नवसु भयणाए ।
आइदुगे अण नियमा, भइया मीसाइ नवगंमि ॥११॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आहारगसत्तगं वा सव्वगुणे बितिगुणे विणा तित्थं ।
नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥१२॥
केवलजुयलावरणा, पण निद्दा बारसाइमकसाया ।
मिच्छं ति सव्वघाई, चउनाण तिदंसणावरणा ॥१३॥
संजलण नोकसाया, विग्घं इय देसघाइ य अघाई ।
पत्तेयतणुट्ठाऊ, तसवीसा गोयदुग वन्ना ॥१४॥
सुरनरतिगुच्चसायं, तसदसतणुवंगवइरचउरंसं।
परघासग तिरियाऊ, वन्नचउपणिंदिसुभखगई॥ १५॥
बायाल पुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा।
तिरिदुग असाय, नीओवघाय इग विगल निरयतिगं॥१६॥
थावरदस वन्नचउक्क, घाई पणयाल सहिअ बासीई।
पावपयडित्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा॥१७॥
नामधुवबंधिनवगं, दंसण पणनाण विग्घ परघायं।
भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरियत्ता॥१८॥
तणु अट्ठ वेय दुजुयल, कसायउज्जोयगोयदुग निद्दा।
तसवीसाऊ परित्ता, खित्तविवागाणुपुव्वीओ॥१९॥
घणघाइ दुगोअ जिणा, तसिअरतिग सुभगदुभगचउ सासं।
जाइतिग जिअविवागा, आऊ चउरो भवविवागा॥२०॥
नामधुवोदयचउतणुवघाय साहारणिअरुज्जोअतिगं।
पुग्गलविवागी बंधो, पयइठिइरसपएसत्ति॥२१॥
मूलपयडीण अडसत्तछेगबंधेसु तिन्नि भूगारा।
अप्पतरा तिय चउरो, अवट्ठिया न हु अवत्तव्वो॥२२॥
एगादहिगे भूओ, एगाईऊणगम्मि अप्पतरो।
तम्मत्तो ऽ वट्ठियओ, पढमे समये अवत्तव्वो॥२३॥
नव छ च्चउ दंसे दु दु, ति दु मोहे दु इगवीस सत्तरस ।
तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥ २४ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तिपणछअट्ठनवहिया, वीसा तीसेगतीस इग नामे ।
छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ।। २५ ।।
वीसयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे ।
तीसयर चउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ।।२६।।
मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहन्न वेयणिए ।
अट्ठट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ।। २७ ।।
विग्घावरणअसाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।
पढमागिइ संघयणे, दस दुसुवरिमेसु दुगवुड्ढी ।। २८ ।।
चालीस कसाएसुं, मिउलहुनिद्धुण्ह सुरहिसिअमहुरे ।
दस दोसड्ढसमहिया, ते हालिद्दंबिलाईणं ।। २९ ।।
दस सुहविहगइउच्चे, सुरदुग थिरछक्क पुरिसरइहासे ।
मिच्छे सत्तरि मणुदुग, इत्थी साएसु पन्नरस ।। ३० ।।
भय कुच्छ अरइसोए, विउव्वितिरि उरलनिरयदुग नीए ।
तेयपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ।। ३१ ।।
नपु कुखगइ सासचउ, गुरुकक्खडरुक्खसीयदुग्गंधे ।
वीसं कोडाकोडी, एवइयाबाह वाससया ।। ३२ ।।
गुरुकोडिकोडि अंतो, तित्थाहाराण भिन्नमुहु बाहा ।
लहु ठिइ संखगुणूणा, नरतिरियाणाउ पल्लतिगं ।। ३३ ।।
इग विगल पुव्वकोडिं, पलियासंखंस आउचउ अमणा ।
निरुवक्कमाण छमासा, अबाह सेसाण भवतंसो ।।३४।।
लहुठिइबंधो संजलण लोह पणविग्घनाणदंसेसु ।
भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ।।३५।।
दो इग मासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि।
सेसाणुक्कोसाओ, मिच्छत्तठिईइ जं लद्धं ।।३६।।
अयमुक्कोसोगिंदिसु, पलियासंखंसहीण लहुबंधो।
कमसो पणवीसाए, पन्ना सय सहस्स संगुणिओ ।।३७।।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

विगल असन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो।
सुरनरयाउ समा दस सहस्स सेसाउ खुड्डुभवं ॥३८॥
सव्वाण वि लहुबंधे, भिन्नमुहू अबाह आउजिट्ठे वि।
केइ सुराउसमं जिणमंतमुहू बिंति आहारं ॥३९॥
सत्तरस समहिया किर, इगाणुपाणुंमि हुंति खुड्डुभवा।
सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तंमि।॥४०॥
पणसट्ठिसहस्स पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डुभवा।
आवलियाणं दोसय, छप्पन्ना एग खुड्डुभवे।॥४१॥
अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।
मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठठिइं सेस पयडीणं ॥ ४२ ॥
विगलसुहुमाउगतिगं, तिरिमणुया सुरविउव्विनिरयदुगं ।
एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ॥ ४३ ॥
तिरिउरलदुगुज्जोयं, छिवट्ठसुरनिरयसेसचउगइया ।
आहारजिणमपुव्वो, नियट्टिसंजलणपुरिसलहुं ॥ ४४॥
सायजसुच्चावरणा, विग्धं सुहुमो विउव्विछअसन्नी ।
सन्नी वि आऊ बायर, पज्जेगिंदि उ सेसाणं ॥४५॥
उक्कोसजहन्नेयर-भंगा साई अणाइ धुव अधुवा ।
चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥ ४६ ॥
चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।
सेसतिगि साइअधुवो, तह चउहा सेसपयडीणं ॥४७॥
साणाइअपुव्वंते अयरंतो कोडिकोडीओ न हिगो ।
बंधो न हु हीणो न य, मिच्छे भव्वियरसन्निंमि ॥ ४८ ॥
जइ लहुबंधो बायर पज्ज असंखगुण सुहुमपज्जहिगो ।
एसिं अपज्जाण लहू, सुहूमेअर अपज्जपज्जगुरू ॥ ४९ ॥
लहु बिय पज्जअपज्जे अपज्जेयर बिय गुरू हिगो एवं ।
ति चउ असन्निसु नवरं, संखगुणो बियअमणपज्जत्ते ॥ ५० ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तो जइजिट्ठो बन्धो संखगुणो देसविरय हस्सियरो ।
सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकम संखगुणा ॥ ५१ ॥
सव्वाण वि जिट्ठठिई, असुभा जं साइसंकिलेसेणं ।
इयरा विसोहिओ पुण, मुत्तुं नर अमरतिरियाउं ॥ ५२॥
सुहुमनिगोयाइखणऽप्पजोग बायर य विगलअमणमणा ।
अपज्ज लहु पढमदुगुरू, पज्ज हस्सियरो असंखगुणो ॥ ५३ ॥
असमत्ततसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठाणा ।
अपजेयर संखगुणा, परमपजबीए असंखगुणा ॥ ५४॥
पइखणमसंखगुणविरिय अपजपइठिइमसंखलोगसमा ।
अज्झवसाया अहिया, सत्तसु आउसु असंखगुणा ॥ ५५ ॥
तिरिनरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं।
थावरचउइगविगलायवेसु पणसीइसयमयरा॥ ५६॥
अपढमसंघयणागिइ खगइअणमिच्छदुहगथीणतिगं।
निय नपुइत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा॥ ५७॥
विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं।
पणसीइ सयय बंधो पल्लतिगं सुरविउव्विदुगे ॥ ५८॥
समयादसंखकालं तिरिदुगनीएसु आउ अंतमुहू।
उरलि असंखपरट्टा, सायठिई पुव्वकोडूणा ॥ ५९॥
जलहिसयं पणसीयं परघुस्सासे पणिंदितसचउगे।
बत्तीसं सुहविहगइ पुमसुभगतिगुच्चचउरंसे॥ ६०॥
असुहगइजाइआगिइ संघयणाहारनरयजोयदुगं।
थिरसुभजसथावरदसनपुइत्थीदुजुयलमसायं ॥ ६१॥
समयादंतमुहुत्तं मणुदुगजिणवइरउरलुवंगेसु।
तित्तीसयरा परमो अंतमुहू लहु वि आउजिणे ॥ ६२॥
तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ ।
मंदरसो गिरिमहिरयजलरेहासरिसकसाएहिं ॥६३॥

२

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

चउठाणाई असुहा, सुहन्नहा विग्घदेसघाइआवरणा ।
पुमसंजलणिगदुतिचउठाणरसा सेस दुगमाई ॥६४॥
निम्बुच्छुरसो सहजो, दुतिचउभागकड्ढि इक्क भागंतो ।
इगठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥
तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।
तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ॥६६॥
विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं ।
समचउपरघातसदस, पणिंदिसासुच्च खवगा उ॥ ६७॥
तमतमगा उज्जोयं, सम्मसुरा मणुयउरलदुगवइरं ।
अपमत्तो अमराउं, चउगइ मिच्छा उ सेसाणं ॥६८॥
थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्मुहो मिच्छो ।
बियतियकसाय अविरय देस पमत्तो अरइसोए॥ ६९॥
अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।
भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ॥७०॥
विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिगआऊ ।
वेउव्विछक्कममरा निरया उज्जोयउरलदुगं ॥ ७१॥
तिरिदुगनिअं तमतमा, जिणमविरयनिरयविणिगथावरयं ।
आसुहुमायव सम्मो व सायथिर सुभजसा सिअरा ॥७२॥
तसवन्नतेयचउमणुखगइदुगपणिंदिसासपरघुच्चं।
संघयणागिइनपुथीसुभगियरति मिच्छचउगइया॥ ७३॥
चउतेयवन्न वेयणीयनामणुक्कोसु सेसधुवबंधी।
घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा॥ ७४॥
सेसम्मि दुहा इगदुगणुगाइ जा अभवणंतगुणियाणू।
खंधा उरलोचिय वग्गणा उ तह अगहणंतरिया ॥ ७५॥
एमेव विउव्वाहारतेयभासाणुपाणमणकम्मे ।
सुहुमा कम्मावगाहो, ऊणूणंगुल असंखंसो ॥ ७६॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इक्किक्कहिया सिद्धाणंतंसा अंतरेसु अग्गहणा ।
सव्वत्थ जहन्नुचिया, नियणंतं साहिया जिट्ठा ॥ ७७ ॥
अंतिमचउफासदुगंधपंचवन्नरसकम्मखंधदलं ।
सव्वजियणंतगुणरसमणुजुत्तमणंतयपएसं ॥ ७८ ॥
एगपएसोगाढं नियसव्वपएसओ गहेइ जिओ।
थेवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९ ॥
विग्घावरणे मोहे, सव्वोवरि वेयणीय जेणप्पे।
तस्स फुडत्तं न हवइ, ठिइविसेसेण सेसाणं ॥ ८० ॥
नियजाइलद्धदलियाणंतंसो होइ सव्वघाईणं ।
बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥ ८१ ॥
सम्मदरसव्वविरई अणविसंजोयदंसखवगे य।
मोहसमसंतखवगे खीणसजोगियर गुणसेढी ॥ ८२ ॥
गुणसेढी दलरयणाणुसमयमुदयादसंखगुणणाए ।
एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥ ८३ ॥
पलियासंखंसमुहू सासणइयरगुण अंतरं हस्सं।
गुरु मिच्छि बे छसट्ठी, इयरगुणे पुग्गलद्धंतो ॥ ८४ ॥
उद्धारअद्धखित्तं, पलिय तिहा समयवाससयसमए।
केसवहारो दीवोदहि आउतसाइपरिमाणं ॥ ८५ ॥
दव्वे खित्ते काले भावे चउह दुह बायरो सुहुमो ।
होइ अणंतुस्सप्पिणि परिमाणो पुग्गलपरट्टो ॥ ८६ ॥
उरलाइसत्तगेणं, एगजिओ मुयइ फुसिय सव्वअणू।
जत्तियकालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥ ८७ ॥
लोगपएसोसप्पिणि समया अणुभाग बंधठाणा य।
जह तह कममरणेणं, पुट्ठा खित्ताइ थूलियरा ॥ ८८ ॥
अप्पयरपयडिबंधी, उक्कडजोगी य सन्निपज्जत्तो।
कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥ ८९ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मिच्छ अजयचउ आउ, बितिगुण विणु मोहि सत्तमिच्छाइ।
छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥ ९०॥
पण अनियट्टी सुखगइ, नराउसुरसुभगतिगविउव्विदुगं ।
समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥ ९१॥
निद्दापयलादुजुयलभयकुच्छातित्थसम्मगो सुजई।
आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥ ९२॥
सुमुणी दुन्नि असन्नी, निरयतिगसुराउसुरविउव्विदुगं ।
सम्मो जिणं जहन्नं, सुहुमनिगोयाइखणि सेसा ॥ ९३॥
दंसणछगभयकुच्छा बितितुरीयकसायविग्घनाणाणं।
मूलछगे णुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥ ९४ ॥
सेढिअसंखिज्जंसे जोग ट्ठाणाणि पयडिठिइभेया ।
ठिइबंधज्झवसायाणुभागठाणा असंखगुणा ॥ ९५॥
तत्तो कम्मपएसा अणंतगुणिया तओ रसच्छेया ।
जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायाओ ॥ ९६॥
चउदसरज्जू लोगो, बुद्धिकओ होइ सत्तरज्जुघणो।
तद्दीहेगपएसा, सेढी पयरो य तव्वग्गो ॥ ९७॥
अणदंसनपुसित्थी, वेयछक्कं च पुरिसवेयं च।
दो दो एगन्तरिए, सरिसे सरिसं उवसमेइ ॥ ९८॥
अणमिच्छामीससम्मं, तिआउइगविगलथीणतिगुज्जोयं।
तिरिनरयथावरदुगं, साहारायवअडनपुत्थी ॥ ९९॥
छगपुंसंजलणा दोनिद्दविग्घावरणक्खए नाणी ।
देविंदसूरिलिहियं सयगमिणं आयसरणट्ठा ॥ १००॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ नमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥

## પૂજ્યપાદ અનેકગુણગણાલંકૃત આચાર્યદેવ શ્રીદેવેન્દ્રસૂરીશ્વરજી વિરચિત "શતક" નામા

# પંચમ કર્મગ્રંથ

**"કર્મસાહિત્ય"** ઉપર પરમ પૂજ્ય દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે ઘણું સુંદર ચિંતનપૂર્વકનું લખાણ કર્યું છે. કર્મવિપાકાદિ પ્રથમના ચાર કર્મગ્રંથો જોતાં આ વાત નિશ્ચિત થાય છે કે કર્મસંબંધી આગમગમ્ય ભાવો પણ અહીં સંક્ષેપે કરીને બાલભોગ્ય ભાષામાં કંડારવામાં આવ્યા છે. કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ આદિ મહાગ્રંથોરૂપી સાગરમાં પ્રવેશવા માટે આ કર્મગ્રંથો અવશ્ય નૌકાનું કામ કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈન શ્રમણ ગુજરાતી વિશ્વધામ

પ્રથમના ચાર કર્મગ્રંથોનું સરળ ગુજરાતી વિવેચન સમાપ્ત કરીને હવે આપણે **"શતક"** નામવાળા આ પાંચમા કર્મગ્રંથનું વિવેચન લખીને પ્રકાશિત કરીએ છીએ. પૂરેપૂરી સો(૧૦૦) ગાથા હોવાથી આ કર્મગ્રંથનું નામ **"શતક"** રાખવામાં આવેલ છે. આ કર્મગ્રંથના કર્તા પણ આચાર્યશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. છે. નિર્વિઘ્ને ગ્રંથ સમાપ્તિ થાય એટલા માટે મંગળાચરણ સ્વરૂપે ઇષ્ટદેવતાની સ્તુતિ તથા વિદ્વાન પુરુષો આ ગ્રંથ યથાર્થ રીતે ભણે એટલા માટે વિષયાદિ કહે છે.

મંગલાચરણ અને વિષયાદિ આ પ્રમાણે છે :

**नमिय जिणं धुवबंधोदयसत्ताघाइपुन्नपरियत्ता ।**
**सेयर चउहविवागा, वुच्छं बंधविह सामी य ॥१॥**

(नत्वा जिनं ध्रुवबन्धोदयसत्ताघातिपुण्यपरिवृत्ताः ।
सेतराः चतुर्धा विपाकाः, वक्ष्ये बंधविधान् स्वामिनश्च) ॥१॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**नमिय**=નમસ્કાર કરીને, **जिणं**=જિનેશ્વર પરમાત્માને, **धुवबंध**=ધ્રુવબંધ, **उदय**=ધ્રુવોદય, **सत्ता**=ધ્રુવસત્તા, घाइ=ઘાતી, **पुन्न**=પુણ્ય, **परियत्ता**=પરાવર્તમાન, **सेयर**=પ્રતિપક્ષી સહિત, **चउह**=ચારપ્રકારના **विवागा**=વિપાક, **वुच्छं**=કહીશ, **बंधविह**=ચારપ્રકારનો બંધ, **सामी**=ચાર પ્રકારના બંધના સ્વામી, **य**=ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી.

**ગાથાર્થ–** જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કરીને ધ્રુવબંધ, ધ્રુવોદય, ધ્રુવસત્તા, ઘાતી, પુણ્ય, પરાવર્તમાન તથા તેના પ્રતિપક્ષી (૬) ભેદો, તથા ચાર પ્રકારના વિપાક, ચાર પ્રકારના બંધના ભેદો, ચાર પ્રકારના બંધના સ્વામી, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એમ ૨૬ દ્વારો આ ગ્રંથમાં અમે કહીશું. ॥૧॥

**વિવેચન–** કોઈપણ ગ્રંથ શરૂ કરતાં પ્રારંભમાં ગ્રંથકર્તાઓ (૧) મંગળાચરણ (૨) વિષય, (૩) સંબંધ અને (૪) પ્રયોજન આ ચાર અનુબંધ ચતુષ્ટય અવશ્ય જણાવે છે. તેથી આ ગ્રંથમાં પણ આ ચાર ભાવો સમજાવાય છે.

जैन साहित्य JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) नमिय जिणं=जिनं नत्वा=રાગ, દ્વેષ, મોહ આદિ દુર્વાર એવા વૈરિઓના સમૂહને જિતનારા એવા અને પરમ અરિહંતપણાની લક્ષ્મીથી અલંકૃત એવા વીતરાગ તીર્થંકર પરમાત્માને પ્રણામ કરીને આ ગ્રંથમાં હું ૨૬ દ્વારો કહીશ. જિનેશ્વર પરમાત્માને કરાતો આ નમસ્કાર એ **મંગળાચરણ** છે. મંગળાચરણ કરવાનાં ૪ કારણો હોય છે (૧) **વિઘ્નોનો વિનાશ થાય,** (૨) **ગ્રંથની સમાપ્તિ થાય,** (૩) **શિષ્ટપુરુષોના આચારનું પાલન થાય,** અને (૪) **શિષ્યોને પણ મંગળાચરણ કરવાની પ્રેરણા મળે.** એમ ચાર કારણોથી મંગળાચરણ કરાય છે.

(૨) **વિષય–** આ ગ્રંથમાં શું કહેવાનું છે? તે **વિષય, તેને અભિધેય** પણ કહેવાય છે. આ ગ્રંથમાં **ધ્રુવબંધ** આદિ કુલ-૨૬ દ્વારો કહેવાશે. જે મૂળગાથામાં કહેલાં જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **સંબંધ**—આ ગ્રંથમાં કહેવાતો વિષય કોના આધારે કહેવાશે? તે **સંબંધ.** મૂળ ગાથામાં આ સંબંધ સ્પષ્ટ કહ્યો નથી. પરંતુ અધ્યાહારથી વાચ્ય-વાચક, સાધ્ય-સાધન, ઉપાય-ઉપેય, અને ગુરુ પર્વક્રમ રૂપ ચાર પ્રકારનો સંબંધ સ્વયં સમજી લેવો. આ ગ્રંથ એ વાચક છે. અને એમાં નિરૂપણ કરાનારો વિષય એ વાચ્ય છે. માટે ગ્રંથ અને એના અભિધેય વચ્ચે વાચ્ય-વાચકભાવ સંબંધ છે. અભિધેયનું જ્ઞાન મેળવવા માટે ગ્રન્થ એ સાધન તથા ઉપાય છે. તેનાથી પ્રાપ્ત થતું જ્ઞાન એ સાધ્ય તથા ઉપેય છે. એમ ગ્રંથ અને તજ્જન્યજ્ઞાનનો પરસ્પર સંબંધ છે. તથા જિનેશ્વર પરમાત્માને નમસ્કાર કર્યો હોવાથી જિનેશ્વર પરમાત્માના શાસ્ત્રોને અનુસારે જ ધર્મગુરુઓની પરંપરાથી ચાલ્યો આવેલો જે અર્થ=**વિષય** છે. તે અહીં કહેવાશે. એમ ગુરુપર્વક્રમ સંબંધ પણ જાણવો.

(૪) **પ્રયોજન**— ગ્રંથકર્તા અને શ્રોતા એમ બન્નેનું અનંતર અને પરંપર એમ બે પ્રકારનું પ્રયોજન હોય છે. ગ્રંથકર્તાનું અનંતર પ્રયોજન કર્મના વિષયને જાણવાની જિજ્ઞાસાવાળા પ્રાણીઓ ઉપર અનુગ્રહ કરવો તે છે. અને શ્રોતાનું અનંતર પ્રયોજન આ પ્રકરણના અર્થનું પરિજ્ઞાન મેળવવું તે છે. પરંતુ કર્તા અને શ્રોતા એમ બન્નેનું પરંપર પ્રયોજન કર્મનું સ્વરૂપ જાણીને તેનો ક્ષય કરવા દ્વારા પરમપદની પ્રાપ્તિ કરવી તે છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**सम्यक्शास्त्रपरिज्ञानाद्विरक्ता भवतो जनाः ।**
**लब्ध्वा दर्शनसंशुद्धिं ते यान्ति परमां गतिम् ॥ १॥**

સમ્યક્શાસ્ત્રોનું પરિજ્ઞાન થવાથી સંસારથી વિરક્ત બનેલા આત્માઓ દર્શનની નિર્મળતા પામીને પરમગતિને પામે છે.

આ વિષય-સંબંધ અને પ્રયોજન આદિ ભાવોનું કથન પંડિત પુરુષોને ગ્રંથ ભણવા-સાંભળવાની ઇચ્છા થાય અને તેનો રસ લાગે એટલા માટે ગ્રંથના પ્રારંભમાં કહેવામાં આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન**—ધ્રુવબંધ, ધ્રુવોદય આદિ ૨૬ દ્વારો કયાં કયાં! અને તે દરેકના અર્થો શું?

**ઉત્તર–ધ્રુવબંધ, ધ્રુવોદય, ધ્રુવસત્તા, ઘાતી, પુણ્ય** અને **પરાવર્તમાન** આ છ દ્વારો છે. તથા **सेयर**= તેનાથી ઈતર=પ્રતિપક્ષી એવાં બીજાં છ દ્વારો અધ્રુવબંધ, અધ્રુવોદય, અધ્રુવસત્તા, અઘાતી, પાપ અને અપરાવર્તમાન, એમ કુલ-૧૨ દ્વારો કહેવાશે. તથા **चउह विवागा**= ચાર પ્રકારનો વિપાક=જીવવિપાક, ક્ષેત્રવિપાક, ભવવિપાક અને પુદ્‌ગલવિપાક. એમ ૧૬ દ્વારો થયાં. ચાર પ્રકારનો બંધ-પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ, તથા આ ચાર પ્રકારના બંધના સ્વામી. એમ ૨૪ દ્વારો, તથા ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એમ કુલ-૨૬ દ્વારો અહીં સમજાવાશે. આ છવ્વીસે દ્વારોના અર્થો આ પ્રમાણે છે—

૧. **ધ્રુવબંધ**= જે કર્મપ્રકૃતિઓ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર મૂળભૂત બંધહેતુઓ (અથવા તેના ઉત્તરભેદરૂપ ૫૭માંના બંધહેતુ) હોતે છતે અવશ્ય બંધાય છે તે **ધ્રુવબંધ** અથવા જે કર્મ-પ્રકૃતિઓનો બંધ જે ગુણસ્થાનક સુધી કહ્યો છે. તે ગુણસ્થાનક સુધી જે અવશ્ય બંધાય છે તે **ધ્રુવબંધ.** ध्रुवो बन्धः स्वबन्धव्यवच्छेदस्थान-पर्यन्तं यासां ता ध्रुवबन्धाः આવી ૪૭ પ્રકૃતિઓ છે. જે બીજી ગાથામાં કહેવાશે. આ ૪૭ પ્રકૃતિઓને **ધ્રુવબંધી** પ્રકૃતિ પણ કહેવાય છે.

૨ **અધ્રુવબંધ**= મિથ્યાત્વાદિ મૂળભૂત ૪ બંધહેતુ અથવા ૫૭ ઉત્તર-બંધહેતુમાંના પોતાના બંધહેતુ હોવા છતાં પણ જે પ્રકૃતિઓનો બંધ અનિયતપણે થાય છે. એટલે કે બંધ થાય અથવા ન પણ થાય તે **અધ્રુવબંધ.** અથવા જે પ્રકૃતિઓનો બંધ જે ગુણસ્થાનક સુધી કર્મસ્તવાદિમાં કહ્યો છે ત્યાં સુધી તે પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિઓનો બંધ થાય અથવા ન પણ થાય તે **અધ્રુવબંધ.** આવી ૭૩ પ્રકૃતિઓ છે જે ગાથા ૩-૪માં કહેવાશે. नास्ति ध्रुवो बन्धो यासां ता अध्रुवबन्धाः આ પ્રકૃતિઓને **અધ્રુવબંધી** પણ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **ધ્રુવોદય**=જે પ્રકૃતિઓનો કર્મસ્તવાદિમાં જે ગુણસ્થાનક સુધી ઉદય કહ્યો છે, ત્યાં સુધી જે કર્મ પ્રકૃતિઓનો, ધ્રુવ - સતત - નિરંતર ઉદય છે તે **ધ્રુવોદય.** તેવી ૨૭ પ્રકૃતિઓ છે. જે છટ્ઠી ગાથામાં કહેવાશે. ध्रुव उदयो यासां ता ध्रुवोदयाः । આ પ્રકૃતિઓને **ધ્રુવોદયી** પણ કહેવાય છે.

(૪) **અધ્રુવોદય**=જે પ્રકૃતિઓનો ઉદય કર્મસ્તવાદિમાં જે જે ગુણસ્થાનક સુધી કહ્યો છે. ત્યાં સુધી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ એમ પાંચ ઉદયહેતુ હોવા છતાં પણ જે પ્રકૃતિઓનો કદાચિત્ ઉદય હોય અને કદાચિત્ ઉદય ન હોય તે **અધ્રુવોદય.** આવી ૯૫ પ્રકૃતિઓ છે. જે ગાથા-૭માં કહેવાશે. नास्ति ध्रुव उदयः स्वोदय-गुणस्थानकपर्यन्तं यासां ता, अध्रुवोदयाः આ પ્રકૃતિઓને **અધ્રુવોદયી** પણ કહેવાય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

(૫) **ધ્રુવસત્તાક** =સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોને ન પામેલા એવા અનાદિ મિથ્યાત્વી જીવોને જે પ્રકૃતિઓની સત્તા સતતપણે અવશ્ય હોય જ છે તે **ધ્રુવસત્તાક**—ध्रुवा सत्ता अप्राप्त-सम्यक्त्वाद्युत्तर-गुणानां यासां ता ध्रुवसत्ताकाः આવી ૧૩૦ પ્રકૃતિઓ છે. જે ગાથા ૮/૯માં કહેવાશે.

(૬) **અધ્રુવસત્તાક**=સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોને ન પામેલા એવા અનાદિ મિથ્યાત્વી જીવોને જે કર્મપ્રકૃતિઓ ક્યારેક સત્તામાં હોય, અને ક્યારેક સત્તામાં ન હોય તે **અધ્રુવસત્તાક** આવી ૨૮ પ્રકૃતિઓ છે. જે ૯મી ગાથામાં કહેવાશે.

**પ્રશ્ન**—ધ્રુવબંધ અને અધ્રુવબંધ આદિની જેમ અહીં પોત-પોતાની સત્તાના વ્યવચ્છેદવાળા ગુણસ્થાનક સુધી ધ્રુવ છે સત્તા જેની તે ધ્રુવસત્તાક, અને કદાચિત્ છે સત્તા જેની તે અધ્રુવસત્તાક એવી વ્યાખ્યા ન કરતાં અપ્રાપ્તસમ્યક્ત્વાદિ ગુણવાળા અનાદિ મિથ્યાત્વીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવશ્ય હોય તે **ધ્રુવસત્તાક** અને કદાચિત્ હોય તે **અધ્રુવસત્તાક** આવી વ્યાખ્યા કેમ કરી?

**ઉત્તર**—જે પ્રકૃતિઓની જે ગુણસ્થાનક સુધી સત્તા કર્મસ્તવાદિમાં કહી છે ત્યાં સુધી નિયત સત્તાવાળી પ્રકૃતિઓને ધ્રુવસત્તા અને અનિયત સત્તાવાળી પ્રકૃતિઓને અધ્રુવસત્તા. એમ જો કહેવામાં આવે તો મિથ્યાત્વમોહનીય અને અનંતાનુબંધી ચારકષાયોની સત્તા ઉપશમશ્રેણીને આશ્રયી અગિયારમા ગુણસ્થાનક સુધી કર્મસ્તવાદિમાં કહી છે. ત્યાં મિથ્યાત્વમોહનીયની પહેલા-બીજા-ત્રીજા ગુણઠાણે નિયતસત્તા હોય છે. અને ઉપશમસમ્યક્ત્વવાળા જીવને આશ્રયી ૪ થી ૧૧ સુધી, ક્ષયોપશમ સમ્યક્ત્વવાળાને આશ્રયી ૪ થી ૭ સુધી સત્તા હોય છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વીને આશ્રયી ચોથાથી ચૌદમા સુધી સત્તા હોતી નથી. આ રીતે અનિયતસત્તાવાળી થવાથી મિથ્યાત્વમોહનીયની સત્તા પણ અધ્રુવસત્તા થઇ જાય. જ્યારે શાસ્ત્રોમાં મિથ્યાત્વમોહનીયની સત્તાને ધ્રુવસત્તા જ કહી છે. તેથી ઉપરોક્ત વ્યાખ્યા ન કરતાં અનાદિમિથ્યાત્વીને જે નિયતસત્તા હોય તે ધ્રુવસત્તા એવી વ્યાખ્યા કરી છે.

એ જ રીતે અનંતાનુબંધી ચારકષાયોની સત્તા પણ કર્મગ્રંથોમાં સાતમા અથવા અગિયારમા ગુણસ્થાનક સુધી કહી છે છતાં પહેલે, બીજે નિયતસત્તા હોય છે અને ત્રીજાથી અગિયારમા સુધી વિકલ્પે સત્તા હોય છે. તથા ચોથા ગુણસ્થાનકથી સાતમા સુધીમાં અનંતાનુબંધી ચારકષાયોની વિસંયોજના કરી નિઃસત્તાક થઇ મિથ્યાત્વના ઉદયથી પડીને પહેલા ગુણઠાણે આવતાં પુનઃ અનંતાનુબંધીની સત્તા આવે છે. આ રીતે અનંતાનુબંધી પણ અનિયત સત્તાવાળો થવાથી અધ્રુવસત્તાક થઇ જાય. અને શાસ્ત્રોમાં તે અનંતાનુબંધીને ધ્રુવસત્તાક કહેલો છે. તેથી પણ ઉપરોક્ત વ્યાખ્યા છોડીને અનાદિમિથ્યાત્વી જીવને જે નિયતસત્તા તે ધ્રુવસત્તા કહેવાય. એવી વ્યાખ્યા કરી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૭) **ઘાતી**=જે કર્મપ્રકૃતિઓ પોતાને આવરણ કરવા યોગ્ય એવા જીવના જ્ઞાનાદિ ગુણોને સર્વથા અથવા દેશથી આવરે છે. હણે છે. તે **ઘાતી** કહેવાય છે. સર્વઘાતી ૨૦ અને દેશઘાતી ૨૫ પ્રકૃતિઓ છે. જે ગાથા ૧૩/૧૪માં કહેવાશે.

(૮) **અઘાતી**=જે કર્મપ્રકૃતિઓ જીવના જ્ઞાનાદિ ગુણનો અલ્પાંશે કે સર્વાંશે ઘાત ન કરે તે અઘાતી. વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મની સર્વે પ્રકૃતિઓ અઘાતી છે. આ અઘાતી પ્રકૃતિઓ ગુણઘાતને આશ્રયી સ્વયં અઘાતી હોવા છતાં પણ જેમ સ્વયં અચોરવ્યક્તિ પણ ચોરલોકોની સાથે ભળ્યો છતો તેના જેવા દોષવાળો ગણાય છે. અથવા જે વ્યક્તિ પોતે દારુડીયો ન હોય છતાં પણ દારુડીયાની સાથે ભળ્યો છતો દારુડીયો કહેવાય છે. તેમ આ અઘાતીકર્મોની પ્રકૃતિઓ ઘાતીની સાથે ભળી છતી ઘાતીકર્મોના જેવું ફળ આપવાવાળી પણ કહેવાય છે. પ્રકૃતિઓનું ઘાતીપણું એક ચોક્કસ પ્રકારના રસના કારણે આવે છે. એમ જાણવું.

જૈન સાઈટ JAINSITE.com

(૯) **પુણ્યપ્રકૃતિ**=જે કર્મોનો ઉદય જીવોને આહ્લાદજનક હોય: અર્થાત્ જે કર્મોના ઉદયકાળે જીવો આનંદિત થાય, સુખી થાય, તે પુણ્યકર્મ કહેવાય છે. આવી ૪૨ કર્મપ્રકૃતિઓ છે. જે ગાથા ૧૫માં કહેવાશે.

(૧૦) **પાપપ્રકૃતિ**=જે કર્મોનો ઉદય જીવોને દુઃખ ઉત્પન્ન કરે. અર્થાત્ જે કર્મોના ઉદયકાળે જીવો દુઃખી થાય, શોકાતુર થાય, નારાજ થાય તે પાપપ્રકૃતિ કહેવાય છે. તેવી ૮૨ પાપપ્રકૃતિઓ છે જે ૧૬/૧૭ ગાથામાં કહેવાશે.

(૧૧) **પરાવર્તમાન**=જે કર્મપ્રકૃતિઓ પોતાની પ્રતિપક્ષી એવી બીજી કર્મપ્રકૃતિઓના બંધને અથવા ઉદયને અથવા બંધોદય એમ બન્નેને અટકાવીને પોતાના બંધને, ઉદયને અથવા બંધોદયને પ્રગટ કરે તે પરાવર્તમાન. આવી ૯૧ પ્રકૃતિઓ છે. જે ૧૯મી ગાથામાં કહેવાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૨) **અપરાવર્તમાન**= જે કર્મપ્રકૃતિઓ બીજી પ્રકૃતિઓના બંધને અથવા ઉદયને અથવા બંધોદય એમ બન્નેને અટકાવ્યા વિના જ પોતાના બંધને, ઉદયને અથવા બંધોદય (એમ બન્ને)ને દેખાડે, પ્રગટ કરે તે અપરાવર્તમાન. આવી ૨૯ પ્રકૃતિઓ છે જે ગાથા ૧૮માં કહેવાશે.

(૧૩ થી ૧૬) **ચાર પ્રકારના વિપાકો**= (૧) ભવવિપાક, (૨) ક્ષેત્રવિપાક, (૩) પુદ્ગલવિપાક, (૪) જીવવિપાક.

જીવને જે પ્રકૃતિઓનો ઉદય-મુખ્યત્વે ભવને આશ્રયીને, ક્ષેત્રને આશ્રયીને અથવા શરીરપણે પરિણામ પામેલા પુદ્ગલને આશ્રયીને થાય તે અનુક્રમે ભવવિપાક, ક્ષેત્રવિપાક અને પુદ્ગલ-વિપાક કહેવાય છે. भवक्षेत्रपुद्गलानाश्रितत्वेन विपाको यासां ताः એવો અર્થ કરવો. તે તે વિપાકવાળી પ્રકૃતિઓને ભવવિપાકી, ક્ષેત્રવિપાકી અને પુદ્ગલવિપાકી પણ કહેવાય છે. જે પ્રકૃતિઓનો ઉદય મુખ્યત્વે પોતપોતાના ભવને આશ્રયીને થાય છે. એવાં ૪ આયુષ્ય એ ભવવિપાકી કહેવાય છે. જે પ્રકૃતિઓનો ઉદય મુખ્યત્વે વિગ્રહગતિરૂપ ક્ષેત્રને આશ્રયીને જ થાય છે. તે ચાર આનુપૂર્વી ક્ષેત્રવિપાકી કહેવાય છે. એવી જ રીતે ઔદારિકાદિ-શરીર રૂપે પરિણામ પામેલા પુદ્ગલને આશ્રયીને મુખ્યત્વે વિપાક બતાવનારી શરીર નામકર્મ આદિ ૩૬ પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી છે. આ વિષય ગાથા ૧૯-૨૦-૨૧માં આવશે.

જે પ્રકૃતિઓ સીધેસીધું પોતાનું ફળ (વિપાક) જીવને બતાવે તે જીવવિપાકી કહેવાય છે. આવી ૭૮ પ્રકૃતિઓ છે જે ગાથા ૨૦મીમાં આવશે. અહીં જો કે સર્વે કર્મો પોતાનો વિપાક જીવને જ આપે છે. પરંતુ વિપાક આપવામાં ભવ-ક્ષેત્ર અને શારીરિક પુદ્ગલોની નિમિત્તરૂપે પ્રધાનતા ગણીને તે તે વિપાકી કહી છે.

(૧૭ થી ૨૦) **ચારપ્રકારના બંધ**= પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ, (૧) બંધાતા કર્મોમાં સ્વભાવનું નક્કી થવું તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રકૃતિબંધ.** (૨) બંધાતા કર્મોમાં આત્માની સાથે રહેવાના કાળનું માન નક્કી થવું તે **સ્થિતિબંધ.** (૩) બંધાતા કર્મોમાં ફળ આપવાની શક્તિની તીવ્ર-મંદતા નક્કી થવી તે **રસબંધ.** અને (૪) દલસંચયના પ્રમાણનું નક્કી થવું તે **પ્રદેશબંધ.** આ ચારે પ્રકારના બંધનું તથા તેના સ્વામિનું વર્ણન ગાથા ૨૨થી ૯૬માં સમજાવાશે.

(૨૧ થી ૨૪) **પ્રકૃતિબંધાદિ ચાર પ્રકારના બંધના સ્વામી**= बंधविह सामी य આ પદમાં લખેલ बंध શબ્દ ડમરુકમણિના ન્યાયથી सामी શબ્દની સાથે પણ જોડવો. ઓછામાં ઓછી અને વધારેમાં વધારે પ્રકૃતિઓ કયો જીવ બાંધે? તે પ્રકૃતિબંધના સ્વામી. એવી જ રીતે વધારેમાં વધારે અને ઓછામાં ઓછી સ્થિતિ કોણ બાંધે? તે સ્થિતિબંધના સ્વામી. આ રીતે તીવ્ર-મંદરસના સ્વામી કોણ? જઘન્ય-ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી કોણ ? ઇત્યાદિ ચાર પ્રકારના સ્વામી પણ તે ગાથાઓમાં સમજાવાશે.

च શબ્દથી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી એમ બે દ્વારો કહેવાશે.

(૨૫) **ઉપશમશ્રેણી**=મોહનીયકર્મની અઠ્ઠાવીસે કર્મપ્રકૃતિઓને ઉપશમાવવાની એટલે દબાવવાની (અર્થાત્ સત્તામાં રહેલી હોવા છતાં ઉદય-ઉદીરણાદિને અટકાવવા સ્વરૂપ ઉપશમાવવાની) જે પદ્ધતિ-નીતિ-રીતિ તે ઉપશમશ્રેણી. આ શ્રેણીનું વર્ણન ૯૮ મી ગાથામાં આવશે.

(૨૬) **ક્ષપકશ્રેણી**=મોહનીયકર્મનો અને ત્યારબાદ શેષઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરવાની (એટલે ઉદયમાંથી અને સત્તામાંથી સર્વથા નિર્મૂળ કરવાની) જે પદ્ધતિ-નીતિ-રીતિ તે ક્ષપકશ્રેણિ. આ શ્રેણીનું વર્ણન ૯૯-૧૦૦ ગાથામાં આવશે.

આ પ્રમાણે આ પાંચમા કર્મગ્રંથમાં કુલ-૨૬ દ્વારોનું વર્ણન કરવામાં આવશે તેને **અભિધેય** અર્થાત્ **વિષય** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ગ્રંથ ભણવાના અધિકારી કોણ? એવો પ્રશ્ન થાય. તેનો ઉત્તર એ છે કે જેની કંઈક તથાભવ્યતા પાકી છે એવા તથા મોક્ષમાર્ગાભિમુખ થઈને જે જીવ, આત્મા અને કર્મના સંબંધનું જ્ઞાન મેળવવા ઈચ્છે છે અને જ્ઞાન પ્રાપ્ત કરીને કર્મક્ષયની તીવ્ર ઝંખના રાખે છે, તેવા ભવ્ય જીવો આ ગ્રંથ ભણવાના અધિકારી છે. ॥૧॥

**જે પ્રમાણે ઉદ્દેશ (સામાન્યથી દ્વારોનો ઉલ્લેખ કર્યો હોય તે જ પ્રમાણે નિર્દેશ (વિસ્તારથી દ્વારોનું વર્ણન) કરવું જોઈએ. એવો ન્યાય હોવાથી પ્રથમ ધ્રુવબંધ દ્વારમાં કેટલી અને કઈ કઈ કર્મપ્રકૃતિઓ આવે? તે સમજાવે છે–**

**वन्नचउतेयकम्मा-गुरुलहुनिमिणोवघायभयकुच्छा ।**
**मिच्छकसायावरणा, विग्घं धुवबंधि सगचत्ता ॥२॥**

(वर्णचतुष्कतैजसकार्मणाऽगुरुलघुनिर्माणोपघातभयजुगुप्साः ।
मिथ्यात्वकषायावरणानि, विघ्नं ध्रुवबन्धिन्यः सप्तचत्वारिंशत्) ॥२॥

JAINSITE.com जैनम् जयति शासनम्

**वन्नचउ**= વર્ણ ચતુષ્ક, **तेयकम्म**= તૈજસ અને કાર્મણ, **अगुरु-लहु**= અગુરુલઘુ **निमिणोवघाय**= નિર્માણ અને ઉપઘાત, **भयकुच्छा**= ભય અને જુગુપ્સા, **मिच्छ**= મિથ્યાત્વ, **कसायावरणा**= સોળકષાય તથા પાંચ અને નવ આવરણ, **विग्घं**= અંતરાય પાંચ, **धुवबंधि**= ધ્રુવબંધી, **सगचत्ता**= સુડતાલીસ છે.

**ગાથાર્થ**– વર્ણચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, ઉપઘાત, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ, સોળ કષાય, ચૌદ આવરણ, અને પાંચ અંતરાય એમ કુલ-૪૭ કર્મપ્રકૃતિઓ ધ્રુવબંધી છે. ॥૨॥

**વિવેચન**–ચોથા કર્મગ્રંથમાં કહેલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર કર્મબંધના મૂળ બંધહેતુઓ છે. તે ચાર બંધહેતુઓમાંથી જે જે કર્મપ્રકૃતિઓના જે જે બંધહેતુઓ ગાથા ૫૩માં કહ્યા છે. તે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધહેતુઓ હોતે છતે જેનો અવશ્ય બંધ છે જ. તે ધ્રુવબંધવાળી અર્થાત્ ધ્રુવબંધી કર્મપ્રકૃતિ કહેવાય છે. निजबन्धहेतुसद्भावेऽवश्यं बन्धसद्भावः, यासां ताः ध्रुवबन्धाः આવું ધ્રુવબંધનું લક્ષણ છે.

મિથ્યાત્વ મોહનીયકર્મનો બંધહેતુ મિથ્યાત્વનો ઉદય છે. તે પહેલા ગુણઠાણે અવશ્ય હોય જ છે અને તે મિથ્યાત્વબંધહેતુ હોતે છતે મિથ્યાત્વ મોહનીયકર્મ અવશ્ય બંધાય જ છે. માટે ધ્રુવબંધી છે.

અનંતાનુબંધી આદિ ૧૬ કષાયોના બંધનો હેતુ તે તે કષાયોનો ઉદય છે. "जो वेयइ सो बंधइ" આવું શાસ્ત્રવચન હોવાથી. ત્યાં અનંતાનુબંધીનો ઉદય બે ગુણઠાણા સુધી, અપ્રત્યાખ્યાનીયનો ઉદય ચાર ગુણઠાણા સુધી, પ્રત્યાખ્યાનાવરણનો ઉદય પાંચ ગુણઠાણા સુધી અને બાદર સંજ્વલનનો ઉદય નવ ગુણઠાણા સુધી છે. તેથી જ તે તે કષાયોનો બંધ પણ તે તે ગુણઠાણા સુધી અવશ્ય થાય જ છે. માટે તે સોળે કષાયો ધ્રુવબંધી છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન**– તે તે કષાયના બંધમાં તે તે કષાયનો ઉદય જ કારણ છે- એમ જો કહો છો, તો જે જીવે અનંતાનુબંધીની વિસંયોજના કરેલી છે અને મિથ્યાત્વ મોહનીયકર્મનો સત્તામાંથી ક્ષય કર્યો નથી તેવો મોહનીયની ૨૪ની સત્તાવાળો જીવ પડીને જ્યારે મિથ્યાત્વે આવે છે ત્યારે અનંતાનુબંધીનો ઉદય પ્રથમ એક આવલિકામાં હોતો નથી. છતાં અનંતાનુબંધીનો બંધ અવશ્ય હોય જ છે. તેથી અનંતાનુબંધીના ઉદયરૂપ કારણ ન હોવા છતાં બંધરૂપ કાર્ય તો થાય છે. તો પછી તે તે કષાયનો ઉદય, એ તે તે કષાયના બંધનો હેતુ છે એમ કેમ કહેવાય? ઉદયાત્મક કારણ વિના પણ બંધાત્મક કાર્ય તો થાય છે. તેથી ઉદયને કારણ કેમ કહેવાય?

**ઉત્તર**–ત્યાં મિથ્યાત્વનો ઉદય એ અનંતાનુબંધીના બંધનો હેતુ જાણવો. અર્થાત્ પ્રથમના બે ગુણસ્થાનક સુધી જ અનંતાનુબંધી બંધાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અને બે સુધી જ અનંતાનુબંધીનો ઉદય હોય છે. એટલે સામાન્યથી ઉદય એ જ તે કષાયના બંધનું કારણ છે. છતાં મિથ્યાત્વે પ્રથમાવલિકામાં આવા જીવને અનંતાનુબંધીનો ઉદય ન હોવા છતાં બંધ થાય છે. તેથી મિથ્યાત્વનો ઉદય પણ અનંતાનુબંધીના બંધનું કારણ છે.

**પ્રશ્ન**– તો પછી મિથ્યાત્વનો ઉદય એ જ અનંતાનુબંધીના બંધનો હેતુ છે. એમ જ કહોને! અનંતાનુબંધીના ઉદયને બંધહેતુ કેમ કહો છો!

**ઉત્તર**–જો મિથ્યાત્વના ઉદયને જ અનંતાનુબંધીના બંધનો હેતુ કહેવામાં આવે તો સાસ્વાદન ગુણઠાણે મિથ્યાત્વનો ઉદય નથી. છતાં અનંતાનુબંધીનો બંધ છે, તે ઘટે નહીં. તેથી મુખ્યત્વે કષાયોદય જ બંધહેતુ છે. પરંતુ અપવાદે મિથ્યાત્વનો ઉદય પણ અનંતાનુબંધીનો બંધહેતુ થાય છે.

जैन साईट JAINSITE.com

**પ્રશ્ન**–દસમે ગુણઠાણે સંજ્વલન કષાયનો (સૂક્ષ્મલોભનો) ઉદય તો છે. છતાં બંધ નથી. તો તે તે કષાયના બંધમાં તે તે કષાયોદય બંધહેતુ છે એમ કેમ કહી શકાય!જૈનમ્ જયતિ શાસનમ્

**ઉત્તર–બાદર સંજ્વલન** કષાયોદય માત્ર જ સંજ્વલન કષાયના બંધનો હેતુ છે. સૂક્ષ્મકષાયોદય બંધહેતુ નથી. તે ઉદય અત્યન્ત હીન રસવાળો હોવાથી સંજ્વલનનો બંધહેતુ બનતો નથી. જો કે આ સૂક્ષ્મકષાયોદય જ્ઞાનાવરણીયાદિ ૧૬ પ્રકૃતિઓનો બંધહેતુ બને જ છે. પરંતુ સંજ્વલનકષાયનો બંધહેતુ બનતો નથી.

બાકીની ૩૦ ધ્રુવબંધી પ્રકૃતિઓનો પણ બંધહેતુ **કષાયોદય** જ છે. પરંતુ થિણદ્ધિત્રિકનો બંધહેતુ અનંતાનુબંધી કષાયોદય છે અને બાકીની ૧૪+૧૩=૨૭ નો બંધ હેતુ સં. કષાયોદય છે. તેથી તે પણ આઠમા અને દસમા ગુણસ્થાનક સુધી અવશ્ય બંધાય જ છે. માટે ધ્રુવબંધી છે.

**પ્રશ્ન**– જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪ અને અંતરાય ૫, એમ ૧૪ પ્રકૃતિઓનો બંધ દસમા સુધી હોવાથી તેઓનો બંધહેતુ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કષાયોદય કહ્યો તે બરાબર છે. પરંતુ નામકર્મની ધ્રુવબંધી ૯ અને ભય, જુગુપ્સા એમ ૧૧ પ્રકૃતિઓ બંધાય છે આઠમા સુધી અને બંધહેતુ જે કષાયોદય તમે કહો છો, તે દસમા સુધી છે. તો પછી આ ૧૧નો બંધહેતુ સંજ્વલનકષાયોદય કેમ કહેવાય? અને જો આ ૧૧ પ્રકૃતિઓનો બંધહેતુ સંજ્વલનનો ઉદય હોય તો દસમા સુધી આ ૧૧ પ્રકૃતિઓનો બંધ પણ હોવો જોઈએ?

**ઉત્તર**—આ અગિયાર પ્રકૃતિઓના બંધનો હેતુ સંજ્વલન કષાયોદય જ છે. પરંતુ તે ૧૧ પ્રકૃતિના બંધનો હેતુ બને તેવો કંઈક તીવ્ર સંજ્વલનકષાયોદય બંધહેતુ છે. એમ સમજવું. આ ૧૧ પ્રકૃતિઓનો બંધહેતુ બની શકે એવો તેવા પ્રકારનો કંઈક તીવ્ર સંજ્વલન કષાયોદય નવમે-દસમે ગુણઠાણે નથી. માટે તે તે પ્રકૃતિના **બંધને યોગ્ય એવો સંજ્વલન કષાયોદય** એ બંધહેતુ છે. એમ ૧૧ પ્રકૃતિમાં જાણવું. આ પ્રમાણે મિથ્યાત્વના બંધમાં મિથ્યાત્વોદય કારણ, સોળ કષાયના બંધમાં તે તે કષાયોદય કારણ, થિણદ્ધિત્રિકના બંધમાં અનંતાનુબંધીનો ઉદય કારણ, અને શેષ ૨૭ પ્રકૃતિના બંધમાં તત્તદ્બંધયોગ્ય સંજ્વલનકષાયોદય કારણ છે એમ જાણવું.

અથવા જે પ્રકૃતિઓનો બંધ કર્મસ્તવાદિમાં જે જે ગુણઠાણા સુધી કહ્યો છે ત્યાં સુધી અવશ્ય બંધ હોય જ તે ધ્રુવબંધી અને વિકલ્પે હોય તે અધ્રુવબંધી કહેવાય એમ પણ અર્થ ઉપરોક્ત અર્થને અનુસારે થાય છે. તેથી મિથ્યાત્વનો બંધ પહેલા ગુણઠાણા સુધી, થિણદ્ધિત્રિક તથા અનંતાનુબંધીનો બંધ બીજા ગુણઠાણા સુધી, અપ્રત્યાખ્યાનીયનો બંધ ચોથા સુધી, પ્રત્યાખ્યાનાવરણનો બંધ પાંચમા સુધી, નિદ્રાદ્વિકનો બંધ ૮/૧ ભાગ સુધી નામકર્મની ૯ પ્રકૃતિઓનો બંધ આઠમાના છઠ્ઠા ભાગ સુધી, ભય જુગુપ્સાનો બંધ આઠમાના સાતમા ભાગ સુધી, સંજ્વલનનો બંધ નવમા સુધી અને શેષ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો બંધ દસમા સુધી કર્મસ્તવાદિમાં કહ્યો છે અને ત્યાં સુધી અવશ્ય બંધાય જ છે. માટે પણ ધ્રુવબંધી છે. આ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે ૪૭ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે એમ સમજાવ્યું. તેમાં કર્મવાર આ પ્રમાણે છે. જ્ઞાના૦ ૫, દર્શના૦ ૯, દર્શનમોહ૦ ૧, ચારિત્ર મોહ૦૧૮, નામકર્મની ૯, અને અંતરાયની ૫ એમ ૪૭ પ્રકૃતિઓ જાણવી. ॥૨॥

**હવે અધ્રુવબંધી સમજાવે છે–**

**तणुवंगागिइसंघयण, जाइ गइ खगइ पुव्वि जिणु सासं ।**
**उज्जोयायवपरघा, तसवीसागोयवेयणियं ॥ ३ ॥**

**हासाइजुयलदुगवेय, आउ तेवुत्तरी अधुवबंधा ।**
**भंगा अणाइ साइ, अणंतसंतुत्तरा चउरो ॥४॥**

(तनूपांगाकृतिसंहनन-जातिगति-खगतिपूर्विजिनोच्छ्वासम् ।
उद्योतातपपराघातत्रसविंशतिगोत्रवेदनीयम् ॥३॥

हास्यादियुगलद्विकवेदायूंषि त्रिसप्तति: अध्रुवबन्धिन्य: ।
भङ्गा अनादिसाद्यनन्तसान्तोत्तराश्चत्वार: ॥४॥)

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**तणुवंगागिइ**= શરીર, ઉપાંગ, આકૃતિ (સંસ્થાન), **संघयण**= છ સંઘયણ, **जाइ**= પાંચ જાતિ, **गइ**= ચાર ગતિ, **खगइ**= બે વિહાયોગતિ, **पुव्वि**= ચાર આનુપૂર્વી, **जिण**= જિનનામકર્મ, **उसासं**= શ્વાસોચ્છ્વાસ-નામકર્મ, **उज्जोयायव**= ઉદ્યોત, આતપ, **परघा**= પરાઘાતનામકર્મ, **तसवीसा**= ત્રસની વીસ પ્રકૃતિઓ, **गोय**= ગોત્રની બે, **वेयणियं**= બે વેદનીય. ॥૩॥

**हासाइजुयलदुग**= હાસ્યાદિનાં બે યુગલ, **वेय**= ત્રણ વેદો, **आउ**= ચાર આયુષ્ય, **तेवुत्तरी**= તોતેર, **अधुवबंधा**= અધ્રુવબંધી છે. **भंगा**= ભાંગા, **अणाइ साइ**= અનાદિ અને સાદિ તથા **अणंतसंतुत्तरा**= અનંત અને સાન્ત છે પાછળ જેને એવા, **चउरो**= ચાર છે. ॥૪॥

**ગાથાર્થ**–૩ શરીર, ૩ અંગોપાંગ, ૬ સંસ્થાન, ૬ સંઘયણ, ૫ જાતિ, ૪ ગતિ, ૨ વિહાયોગતિ, ૪ આનુપૂર્વી, જિનનામ, ઉચ્છ્વાસ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામ, ઉદ્યોત, આતપ, પરાઘાત, ત્રસવિંશતિ, ૨ ગોત્ર, ૨ વેદનીય, હાસ્યાદિ બે યુગલ ૪, વેદ ૩, તથા ૪ આયુષ્ય એમ કુલ ૭૩ અધ્રુવબંધી છે. તેના અનંત અને સાન્તની સાથે અનાદિ અને સાદિ જોડતાં ચાર ભાંગા થાય છે. ॥ ૩-૪ ॥

**વિવેચન**—ધ્રુવબંધી ૪૭ સમજાવીને બાકીની ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે. તે હવે સમજાવે છે—

તણુ શબ્દથી શરીરનામકર્મની પાંચે પ્રકૃતિઓ જો કે લેવી જોઈએ, પરંતુ તૈજસ અને કાર્મણશરીર નામકર્મ ધ્રુવબંધી તરીકે પૂર્વે કહેલાં હોવાથી તે બે વિના બાકીનાં ઔદારિક, વૈક્રિય અને આહારક શરીર નામકર્મ એમ ત્રણ, અંગોપાંગ નામકર્મ પણ એ જ પ્રમાણે ત્રણ, સમચતુરસ્ર નામકર્માદિ- છ, વજ્રઋષભ નામકર્માદિ છ, એકેન્દ્રિય જાતિનામકર્માદિ પાંચ, નરકગતિ નામકર્માદિ ચાર, શુભ-અશુભ વિહાયોગતિ યુગલ, મૂળગાથામાં **"પૂર્વી"** શબ્દ હોવા છતાં પદના એકદેશમાં પદના સમુદાયનો ઉપચાર થતો હોવાથી અહીં **"આનુપૂર્વી"** અર્થ લેવો, તેથી દેવાનુપૂર્વી વગેરે ચાર આનુપૂર્વી નામકર્મ, તીર્થંકર નામકર્મ, ઉચ્છ્‌વાસનામ, ઉદ્યોતનામ, આતપ નામ, પરાઘાતનામ, ત્રસ વડે ઓળખાતી ૨૦ પ્રકૃતિઓ (ત્રસ દશક અને સ્થાવરદશક). બે ગોત્રકર્મ, બે વેદનીયકર્મ, હાસ્ય, રતિ, અરતિ અને શોક એમ હાસ્યાદિ બે યુગલ, પુરુષવેદાદિ ત્રણવેદ, અને નરકાયુષ્યાદિ ચાર આયુષ્ય એમ કુલ ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે.

અહીં **આહારકશરીર નામકર્મ** અને **આહારક અંગોપાંગ નામકર્મ** પ્રમાદ વિનાના ચારિત્રથી તથા **જિનનામકર્મ** સમ્યક્ત્વથી બંધાય એમ કર્મસ્તવાદિમાં કહ્યું છે. છતાં પ્રમાદ વિનાનું ચારિત્ર અને સમ્યક્ત્વ હોવા છતાં આ ત્રણે કર્મો ક્યારેક બંધાય છે. ક્યારેક બંધાતાં નથી. અર્થાત્ ચારિત્ર અને સમ્યક્ત્વ હોવા છતાં પણ સર્વેને બંધાતાં નથી. માટે આ ત્રણ કર્મપ્રકૃતિઓ અધ્રુવબંધી છે.

જૈન સાઈટ JAINSITE જૈનતત્ત્વ જ્ઞાનવિચાર અહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન**–પ્રમાદ વિનાનું ચારિત્ર અને સમ્યક્ત્વ આ તો આત્માના ઉત્તમ ગુણો છે. શું ગુણો કર્મબંધના હેતુ હોય? ગુણોથી તો કર્મોનો ક્ષય થાય. કર્મોનો બંધ તો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી થાય છે. તથા ચારિત્ર અને સમ્યક્ત્વથી જો આ કર્મો બંધાતાં હોય તો સાતમા-આઠમા ગુણઠાણા કરતાં ઉપરના નવમા ગુણઠાણાથી ચૌદમા ગુણઠાણામાં ચારિત્ર અને સમ્યક્ત્વ વધારે નિર્મળ નિર્મળ છે ત્યાં પણ આ ત્રણ કર્મો કેમ બંધાતાં નથી? વળી **"અપ્રમાદ ચારિત્ર"** સાતમે-આઠમે ગુણઠાણે તો નિયમા હોય જ છે, તેથી ત્યાં અપ્રમાદ ચારિત્રના કારણે જો આહારકદ્વિક બંધાતું હોય તો નિયમા કેમ બંધાતું નથી? અને જિનનામકર્મ સમ્યક્ત્વના કારણે જો બંધાતું હોય અને ત્રણ સમ્યક્ત્વમાંથી જો ઔપશમિક સમ્યક્ત્વથી બંધાતું હોય તો અગિયારમા ગુણઠાણા સુધી, ક્ષાયિકથી બંધાતું હોય તો ચૌદમા ગુણઠાણા સુધી અને ક્ષયોપશમથી બંધાતું હોય તો માત્ર સાતમા ગુણઠાણા સુધી જ જિનનામકર્મ બંધાવું જોઈએ. આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધી જ બંધાનારું જિનનામકર્મ ઉપરોક્ત ત્રણે પ્રકારના સમ્યક્ત્વમાંથી કોઈની પણ સાથે અન્વય-વ્યતિરેક સંબંધ ધરાવતું નથી. તથા ચોથા આદિ ગુણસ્થાનકોમાં ઉપરોક્ત ત્રણે પ્રકારનાં સમ્યક્ત્વોમાંથી કોઈને કોઈ એક પ્રકારનું સમ્યક્ત્વ તો જીવોમાં હોય જ છે છતાં તે ગુણઠાણા-વાળા સર્વે જીવોને જિનનામકર્મ બંધાતું નથી. તો સમ્યક્ત્વથી જિનનામકર્મ-બંધાય છે. એમ કેમ કહેવાય?

**ઉત્તર**–તમારો પ્રશ્ન બરાબર છે. પરમાર્થથી તો સંયમ અને સમ્યક્ત્વ એ આત્માના ગુણો હોવાથી કર્મબંધના હેતુ નથી જ. મિથ્યાત્વ આદિ ચાર બંધહેતુમાંથી **કષાય** નામના ત્રીજા બંધહેતુ વડે જ આ ત્રણ કર્મપ્રકૃતિઓ બંધાય છે. ત્યાં આત્માના સંયમાદિ ગુણો ઉપર અને ગુણોની પ્રાપ્તિ માટેના પ્રયત્ન ઉપરના અતિશય **રાગ-પ્રેમ** સ્વરૂપ પ્રશસ્ત કષાયથી આહારકદ્વિક બંધાય છે. પરંતુ આવો **પ્રશસ્તકષાય** જીવને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાતમે-આઠમે ગુણઠાણે વિશિષ્ટ ચારિત્રવાળાને જ આવે છે. અન્ય ગુણઠાણે આવતો નથી માટે પ્રશસ્તકષાયહેતુક એવુ આહારકદ્વિક સાતમે અને આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ બંધાય છે. અન્ય ગુણઠાણે બંધાતું નથી. આવા પ્રકારનો આ પ્રશસ્તકષાય સાતમે અને આઠમા ગુણઠાણાના છઠ્ઠા ભાગ સુધી સંભવતા **ચારિત્રકાળે** જ હોય છે. તેથી ઉપચાર કરીને ચારિત્રને બંધહેતુ કહ્યો છે. એવી જ રીતે **"સર્વે જીવોને ધર્મ પમાડું"** એવી ભાવદયાવાળી ભાવના યુક્ત પરોપકાર કરવા રૂપ સર્વજીવો પ્રત્યે અને પરમાત્માના ધર્મપ્રત્યે જે **અવિચલ રાગ** એ જ જિનનામના બંધનો હેતુ છે. પરંતુ સમ્યક્ત્વ એ જિનનામના બંધનો હેતુ નથી. આવા પ્રકારના અવિચલ રાગ સ્વરૂપ **પ્રશસ્ત કષાય** ચોથાથી આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ હોય છે. ઉપરની શ્રેણીમાં કષાયોનો ક્ષય અથવા ઉપશમ થતો જતો હોવાથી સમ્યક્ત્વ હોવા છતાં પ્રશસ્ત એવો પણ કષાય ન હોવાથી જિનનામ બંધાતું નથી. તથા ચોથાથી આઠમા સુધીમાં પણ ત્રણ સમ્યક્ત્વમાંથી ગમે તે એક સમ્યક્ત્વ નિયમા હોય જ છે છતાં પરોપકાર કરવાની ભાવના સ્વરૂપ પ્રશસ્ત રાગાત્મક કષાય સર્વે જીવોને હોતો નથી. તેથી ત્યાં સમ્યક્ત્વ હોવા છતાં જિનનામકર્મ નિયમા બંધાતું નથી. આ રીતે સમ્યક્ત્વ એ આત્માનો ગુણ છે. તેથી તે જિનનામના બંધનો હેતુ નથી. પરંતુ **પ્રશસ્તરાગાત્મક કષાય** જ જિનનામના બંધનો હેતુ છે. છતાં તેવો પ્રશસ્તરાગ જો આવે તો નિયમા ત્રણમાંના કોઇપણ એક સમ્યક્ત્વવાળાને જ આવે છે. સમ્યક્ત્વ વિના આવો પ્રશસ્તરાગ (ધર્મ ઉપરનો અને ધર્મ પમાડવા ઉપરનો રાગ) આવતો નથી. તેથી સમ્યક્ત્વમાં ઉપચાર કરીને જિનનામના બંધનો હેતુ સમ્યક્ત્વ કહ્યો છે.

**પરાઘાત** અને **ઉચ્છ્વાસ નામકર્મ** આ બન્ને પ્રકૃતિઓનો બંધહેતુ કષાય છે. તે **કષાય બંધહેતુ** જીવમાં હોવા છતાં પણ પરભવ પ્રાયોગ્ય બંધાતી પ્રકૃતિઓમાં જો **પર્યાપ્તા** પ્રાયોગ્ય બંધ થતો હોય તો જ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે પ્રકૃતિઓ બંધાય છે. અને જો અપર્યાપ્તા પ્રાયોગ્ય બંધ થતો હોય તો આ બે પ્રકૃતિઓ બંધાતી નથી. માટે પહેલા ગુણઠાણાથી આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગ સુધીમાં પણ અવશ્ય બંધવાળી નથી. તેથી તે બે પ્રકૃતિઓને અધ્રુવબંધી કહેલી છે.

**આતપ નામકર્મ** પહેલા ગુણઠાણે બંધાય છે. માટે તેનો બંધહેતુ મિથ્યાત્વમોહ છે. પરંતુ મિથ્યાત્વમોહ હોવા છતાં પણ સૂર્યના વિમાનમાં રહેલા બાદરપૃથ્વીકાય પ્રાયોગ્ય બંધ જીવ જ્યારે કરતો હોય છે ત્યારે જ આતપ નામકર્મ બંધાય છે. શેષકાલે મિથ્યાત્વમોહ હોવા છતાં પણ તે કર્મ બંધાતું નથી. માટે અધ્રુવબંધી છે.

**ઉદ્યોત નામકર્મ**નો બંધ પહેલા–બીજા એમ બે ગુણઠાણા સુધી જ છે. છતાં તે બે ગુણઠાણામાં વર્તતા જીવો પણ શીતળ પ્રકાશયુક્ત શરીરવાળા એવા તિર્યંચપ્રાયોગ્ય બંધ કરતા હોય ત્યારે જ બંધાય છે. અન્યથા બંધાતું નથી. માટે આ ઉદ્યોતનામકર્મ પણ અધ્રુવબંધી છે. આ પ્રમાણે આહારકદ્વિક, જિનનામકર્મ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ અને ઉદ્યોતનામકર્મ એમ સાત કર્મ પ્રકૃતિઓનું અધ્રુવબંધિત્વ સમજાવ્યું.

બાકીની ૬૬ કર્મપ્રકૃતિઓ પરસ્પર પ્રતિપક્ષી છે. એટલે જ્યારે કોઈપણ પ્રતિપક્ષી એવી એક પ્રકૃતિ બંધાતી હોય ત્યારે શેષ પ્રતિપક્ષી પ્રકૃતિઓ પોતાનો બંધહેતુ હોવા છતાં પણ બંધાતી નથી. જેમકે- દેવગતિ પ્રાયોગ્ય બંધ આ જીવ કરતો હોય ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનક હોય તો પણ નરકાદિ ત્રણ ગતિઓ, એકેન્દ્રિયાદિ ચાર જાતિઓ, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ નામકર્મ, ન્યગ્રોધાદિ પાંચ સંસ્થાન, વગેરે કર્મપ્રકૃતિઓ તે જીવ બાંધતો નથી. એવી જ રીતે નરકપ્રાયોગ્ય બંધ કરતો હોય ત્યારે દેવગતિ, તિર્યંચગતિ આદિ કેટલીક પ્રતિપક્ષી પ્રકૃતિઓ બંધાતી નથી. આ પ્રમાણે પરસ્પર પ્રતિપક્ષિતા (વિરોધિતા)ના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણે જ **"પોતાનો બંધહેતુ હોવા છતાં વૈકલ્પિક બંધવાળી"** છે. તેથી આ છાસઠે પ્રકૃતિઓ અધ્રુવબંધી જાણવી.

**પ્રશ્ન :–** "बन्धहेतुसत्त्वेऽपि अनियतबन्धवत्त्वम् अध्रुवबन्धिनां लक्षणम्" **બંધનો હેતુ હોવા છતાં પણ અનિયતબંધવાળાપણું** આ અધ્રુવબંધીનું લક્ષણ છે. ત્યાં એક પ્રશ્ન થાય છે કે (૧) મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ ચાર મૂળ બંધહેતુમાંનો કોઈપણ એકાદ બંધહેતુ હોવા છતાં જે અનિયતબંધવાળી હોય તે પ્રકૃતિ અધ્રુવબંધી કહેવાય કે (૨) **"પડિણીયત્તણ"** ઇત્યાદિ પ્રથમ કર્મગ્રંથ ગાથા-૫૪ આદિમાં તથા તત્ત્વાર્થાધિગમના છઠ્ઠા-અધ્યાયના સૂત્ર ૬/૧૧ આદિમાં કહેલા પોતપોતાના નિશ્ચિત બંધહેતુ હોતે છતે અનિયત બંધવાળી હોય તે અધ્રુવબંધી કહેવાય?

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

બન્ને પક્ષમાંથી કોઈપણ પક્ષ લેવામાં આવે તો દોષ જ દેખાય છે. તે આ પ્રમાણે–જો પ્રથમપક્ષ કહીએ એટલે કે "ચાર મૂળ બંધ હેતુમાંથી કોઈપણ એક બંધહેતુ હોતે છતે અનિયતબંધવાળાપણું" આ લક્ષણ જો અધ્રુવબંધીનું કરીએ તો આ લક્ષણ ૪૭ ધ્રુવબંધીમાં પણ જતું હોવાથી **"અતિવ્યાપ્તિ"** દોષ આવે છે. કારણ કે મિથ્યાત્વાદિ મૂળ ચાર બંધહેતુમાંના કેટલાક બંધહેતુઓ એકથી દસ ગુણસ્થાનકોમાં છે. ત્યાં ૪૭ પ્રકૃતિઓ બંધાય છે. પરંતુ અગિયારમે-બારમે-અને તેરમે ગુણઠાણે આ ચાર મૂળબંધહેતુમાંનો જ એક **યોગ** બંધહેતુ છે. છતાં સુડતાલીસમાંથી એક પણ પ્રકૃતિ બંધાતી નથી. આ પ્રમાણે દસ ગુણઠાણા સુધી યથાયોગ્ય બંધવાળી, અને અગિયાર આદિ ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં અબંધવાળી થવાથી સુડતાલીસે પ્રકૃતિઓ અનિયત-બંધવાળી થઈ. તેથી અધ્રુવબંધીનું લક્ષણ ધ્રુવબંધીમાં ગયું, જેથી અતિવ્યાપ્તિદોષ આવ્યો. અને જો બીજો પક્ષ કહીએ તો અધ્રુવબંધીનું લક્ષણ અધ્રુવબંધીમાં જ ઘટતું નથી. તેથી **અસંભવદોષ** આવે છે. કારણ કે પ્રથમકર્મગ્રંથની ૫૪મી ગાથા આદિમાં કહેલ ઉત્તરબંધહેતુ હોય અને તે તે પ્રકૃતિ ન બંધાય એવું બનવું શક્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ નથી. જેમ કે નરકગતિ આદિ ચારે અધ્રુવબંધી છે. છતાં જ્યારે બહુઆરંભ-સમારંભ, બહુપરિગ્રહ અને રૌદ્રધ્યાન વર્તતું હોય ત્યારે અવશ્ય નરકગતિ પ્રાયોગ્ય બંધ થાય જ છે. માયા-કપટ-શઠતા આદિ ભાવો હોય ત્યારે અવશ્ય તિર્યંચગતિપ્રાયોગ્ય બંધ થતો જ હોય છે. તેથી સર્વે અધ્રુવબંધી પ્રકૃતિઓ પણ પોતપોતાનો બંધહેતુ હોય ત્યારે નિયત બંધવાળી જ થાય છે. આ પ્રમાણે અધ્રુવબંધીનું લક્ષણ પ્રથમપક્ષ પ્રમાણે અતિવ્યાપ્તિદોષવાળું અને બીજા પક્ષ પ્રમાણે અસંભવદોષવાળું હોવાથી દોષિત છે. તો અધ્રુવબંધીનું સાચું લક્ષણ શું?

**ઉત્તર**—અહીં બીજો પક્ષ તો લેવાનો જ નથી તેથી અસંભવ દોષની ચર્ચા કરવાની રહેતી જ નથી. પરંતુ પહેલો પક્ષ લેવાનો છે. ત્યાં મિથ્યાત્વાદિ મૂલ ચાર બંધહેતુમાંનો કોઇ પણ એક બંધહેતુ હોતે છતે અનિયતબંધવાળી જે પ્રકૃતિઓ હોય તે અધ્રુવબંધી કહેવાય એવું લક્ષણ કરવાનું નથી. પરંતુ "निज" શબ્દ આગળ બંધમાં જોડવાનો છે. એટલે મિથ્યાત્વાદિ ચાર મૂલ બંધહેતુઓમાંથી જે જે પ્રકૃતિઓના બંધમાં "चउ मिच्छ मिच्छअविरइ" ચોથા કર્મગ્રંથની ગાથા ૫૩ પ્રમાણે જે જે બંધ હેતુઓ કહ્યા છે. જેમ કે- સાતાનો બંધ ચારના નિમિત્તવાળો, સોળપ્રકૃતિનો બંધ મિથ્યાત્વના નિમિત્તવાળો, પાંત્રીસ પ્રકૃતિનો બંધ મિથ્યાત્વ અને અવિરતિના નિમિત્તવાળો અને આહારકદ્વિક અને જિનનામ વિના બાકીની ૬૫નો બંધ મિથ્યાત્વ, અવિરતિ અને કષાય એમ ત્રણના નિમિત્તવાળો છે. આ પ્રમાણે મિથ્યાત્વાદિ સામાન્ય ચાર બંધહેતુમાંથી निज= **પોતપોતાનો બંધહેતુ** હોવા છતાં પણ અનિયત બંધવાળી જે પ્રકૃતિઓ છે. તે અધ્રુવબંધી છે. આ લક્ષણ ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિમાંની એકેયમાં જતું નથી. તેથી અતિવ્યાપ્તિદોષ આવતો નથી. જેમકે-મિથ્યાત્વમોહનીયનો બંધહેતુ ઉપરોક્ત મૂળ ચાર બંધહેતુમાંથી ફક્ત એક મિથ્યાત્વ જ છે. અને તે મિથ્યાત્વબંધહેતુ હોતે છતે તે મિથ્યાત્વમોહનીય અનિયત-બંધવાળી નથી. પરંતુ નિયતબંધવાળી જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવી રીતે અનંતાનુબંધી આદિ સોળે કષાયોનો બંધહેતુ તે તે કષાયોદય છે. અને તે તે કષાયોદય જ્યારે જ્યારે વર્તતો હોય છે ત્યારે તે તે કષાયો બંધાય જ છે તેથી સોળકષાયની પ્રકૃતિઓ નિયતબંધવાળી છે તેથી તે ધ્રુવબંધી જ છે. આ રીતે **"બંધહેતુ માત્ર હોતે છતે અનિયત બંધવાળી"** એમ વ્યાખ્યા ન કરતાં તેમાં આગળ निज=શબ્દ ઉમેરીને મિથ્યાત્વાદિ ચાર સામાન્ય બંધહેતુઓમાંથી **"પોતપોતાના બંધહેતુ હોવા છતાં પણ જે અનિયતબંધવાળી** પ્રકૃતિઓ છે તે અધ્રુવબંધી છે. એવું લક્ષણ જાણવું. જેથી અહીં કોઇ દોષ આવતો નથી. આ પ્રમાણે ધ્રુવબંધી ૪૭ અને અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓ છે. એ નક્કી થયું.

જે પ્રકૃતિઓનો બંધ અનાદિકાળથી જીવને ચાલતો હોય, બંધની આદિ જ ન હોય તે **અનાદિબંધ** કહેવાય છે. જે પ્રકૃતિઓનો બંધ અમુક કાળે જ શરૂ થયો હોય અર્થાત્ આદિવાળો બંધ હોય તે **સાદિબંધ** કહેવાય છે. જે બંધ સદા ચાલવાનો જ હોય, અંત આવવાનો જ ન હોય તે **અનંતબંધ** કહેવાય છે. અને જે બંધ સદા ચાલવાનો ન હોય પરંતુ અન્ત આવવાનો હોય તે **સાન્તબંધ** કહેવાય છે.

"अनादिसादिशब्दौ आदौ येषां ते अनादिसादयः"=અનાદિ અને સાદિ એવા બે શબ્દો છે આદિમાં જેને તે, આ સમાસમાં आदौ શબ્દવાળું आदि પદ ગાથા પ્રાકૃત હોવાથી લોપ થયેલું છે. તથા अनन्तसान्तशब्दौ उत्तरपदे येषां ते अनन्तसान्तोत्तराः=અનંત અને સાન્ત એવા શબ્દો છે ઉત્તરપદમાં જેને તે, આ સમાસમાં उत्तरपदे આ શબ્દમાં તે लुग्वा (સિદ્ધહેમવ્યાકરણ ૩-૨-૧૦૮)થી पद શબ્દનો લોપ થયેલો છે. (જુઓ સ્વોપજ્ઞ ટીકા). ૧. **અનાદિઅનંત,** ૨. **અનાદિસાન્ત,** ૩. **સાદિઅનંત,** અને ૪. **સાદિસાન્ત.** એમ ચાર પ્રકાર જાણવા. આ ચારે ભાંગા બંધ અને ઉદય આશ્રયી હવે પછીની ગાથામાં સમજાવાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે તે ચાર ભાંગામાંના કેટલા ભાંગા ધ્રુવોદયી, ધ્રુવબંધી આદિમાં સંભવે છે-તે જણાવે છે.

**पढमबिया धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं ।**
**मिच्छम्मि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ॥५॥**

(प्रथमद्वितीयौ ध्रुवोदयासु ध्रुवबंधिनीषु तृतीयं वर्जयित्वा भङ्गत्रिकम् ।
मिथ्यात्वे त्रयो भङ्गा द्विधाऽपि अध्रुवाश्चतुर्थभङ्गाः) ॥५॥

**पढम**=પહેલો, **बिया**=બીજો, **धुवउदइसु**=ધ્રુવોદયિપ્રકૃતિઓમા, **धुवबंधिसु**=ધ્રુવબંધી પ્રકૃતિઓમાં, **तइय**=ત્રીજા ભાંગાને, **वज्ज**=વર્જીને, **भंगतिगं**=ત્રણ ભાંગા હોય છે. **मिच्छम्मि**=મિથ્યાત્વમાં, **तिन्नि**=ત્રણ, **भंगा**=ભાંગા હોય છે. **दुहा वि**=બન્ને પ્રકારની પણ, **अधुवा**= અધ્રુવભાવવાળી પ્રકૃતિઓમાં, **तुरियभंगा**= ચોથો ભાંગો જાણવો. ॥૫॥

**ગાથાર્થ**– (૨૬) ધ્રુવોદયી પ્રકૃતિઓમાં પહેલો અને બીજો ભાંગો હોય છે. ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓમાં ત્રીજા ભાંગા વિના બાકીના ત્રણ ભાંગા હોય છે. મિથ્યાત્વમોહનીયમાં ઉદયને આશ્રયી ત્રણ ભાંગા હોય છે. અને બન્ને પ્રકારની અધ્રુવભાવવાળી પ્રકૃતિઓમાં ચોથો એક જ ભાંગો હોય છે. ॥ ૫॥

**વિવેચન**—અનાદિઅનન્ત, અનાદિસાન્ત, સાદિઅનંત અને સાદિસાન્ત એમ ચાર ભાંગા છે. ૪૭ ધ્રુવબંધી, ૭૩ અધ્રુવબંધી, અને હવે પછીની ગાથાઓમાં આવનારી ૨૭ ધ્રુવોદયી અને ૯૫ અધ્રુવોદયી પ્રકૃતિઓમાં આ ચાર ભાંગા સમજાવવાના છે, તેમાં છઠ્ઠી ગાથામાં ૨૭ ધ્રુવોદયી પ્રકૃતિઓ કહેલી છે. તેમાંથી એક મિથ્યાત્વમોહનીય વિના બાકીની ૨૬ ધ્રુવોદયી પ્રકૃતિઓમાં પહેલો અને બીજો એમ બે જ ભાંગા સંભવે છે. કારણ કે અભવ્યજીવોને સદાકાળ માટે પહેલું જ ગુણસ્થાનક હોવાથી છવ્વીસે પ્રકૃતિઓનો ઉદય સદાકાળ હોવાથી તે ઉદય અનાદિ કાળથી છે જ. અને અનંતકાળ સુધી રહેવાનો પણ છે જ. માટે અભવ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવને આશ્રયી ૨૬ પ્રકૃતિનો ઉદય **અનાદિ અનન્ત** છે. તથા ભવ્યજીવોને આશ્રયી આ ૨૬ પ્રકૃતિઓનો ઉદય **અનાદિસાન્ત** છે. કારણ કે આ છવ્વીસે પ્રકૃતિઓનો ઉદય ભવ્યજીવોને પણ અનાદિકાળથી તો છે જ. પરંતુ ભવ્યજીવો ભવ્ય હોવાથી ભવિષ્યમાં મોક્ષે જશે, ત્યારે ક્ષપકશ્રેણી શરૂ કરશે જ. અને ત્યારે બારમે ગુણઠાણે જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અને અંતરાય ૫, એમ ૧૪ પ્રકૃતિઓનો ઉદય અનાદિનો હોવા છતાં વિરામ પામશે. અને તેરમાના અન્તે ૧૨ નામકર્મની પ્રકૃતિઓનો ઉદય વિરામ પામશે. માટે આ ૨૬ ધ્રુવોદયી પ્રકૃતિઓનો ઉદય ભવ્યજીવોને આશ્રયી **અનાદિસાન્ત** છે. ધ્રુવોદયી પ્રકૃતિઓ કુલ ૨૭ છે. જે આગળની છઠ્ઠી ગાથામાં આવે જ છે. તેમાંથી ૨૬નો ઉદય અભવ્યને આશ્રયી-અનાદિ અનંત અને ભવ્યોને આશ્રયી અનાદિ સાન્ત એમ બે ભાંગાવાળો છે. પરંતુ એક મિથ્યાત્વમોહનીયમાં ત્રણ ભાંગા હોય છે. તે આ ગાથાના ત્રીજા પદમાં સમજાવીશું.

મિથ્યાત્વમોહનીય પણ ધ્રુવોદયી જ છે તેથી અભવ્યોને આશ્રયી અનાદિ અનંત, ભવ્યોને આશ્રયી અનાદિસાન્ત એ બે ભાંગા તો પૂર્વની જેમ જ હોય છે. તદુપરાંત સમ્યક્ત્વ પામીને પડેલા જીવોને આશ્રયી **સાદિસાન્ત** એવો એક ભાંગો વધારે પણ થાય છે. જેથી કુલ ત્રણ ભાંગા સંભવે છે. કારણ કે મિથ્યાત્વનો ઉદય અનાદિનો હોવા છતાં સમ્યક્ત્વ પામેલા જીવોમાં સમ્યક્ત્વકાળે મિથ્યાત્વનો ઉદય અટકી ચૂકેલો છે, તેવા જીવો સમ્યક્ત્વથી પતિત થાય ત્યારે પુનઃ મિથ્યાત્વનો ઉદય શરૂ થાય છે. તેથી સાદિ કહેવાય છે. અને એકવાર આ જીવ સમ્યક્ત્વ પામેલો હોવાથી કાળાન્તરે (ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળે પણ) અવશ્ય સમ્યક્ત્વ પામે જ છે. અને તે કાળે મિથ્યાત્વનો ઉદય અવશ્ય અટકે જ છે. તેથી સાદિસાન્ત એમ ત્રીજો ભાંગો પણ ઘટે છે. આ રીતે ધ્રુવોદયી એવા મિથ્યાત્વમાં "मिच्छम्मि तिन्नि भंगा" કુલ ત્રણ ભાંગા હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

धुवबंधिसु तइयवज्ज भंगतिगं—ધ્રુવબંધી એવી ૪૭ પ્રકૃતિઓનો બંધ ત્રીજા (સાદિ-અનંત) ભાંગાને વર્જીને બાકીના (૧-૨-૪-) એમ ત્રણ ભાંગાવાળો હોય છે. સુડતાલીસે ધ્રુવબંધી પ્રકૃતિઓ અભવ્ય જીવોને અનાદિકાળથી બંધાય છે. અને પહેલું જ ગુણસ્થાનક સદા રહેવાનું હોવાથી કોઈપણ પ્રકૃતિનો બંધવિચ્છેદ થવાનો ન હોવાથી અનંતકાળ સુધી તે બંધ વર્તવાનો જ છે માટે અભવ્યજીવોને આશ્રયી **અનાદિ અનંત** બંધ હોય છે. ભવ્યજીવોને આ સુડતાલીસનો બંધ અનાદિનો હોવા છતાં તે જીવો ઉપરના ગુણસ્થાનકોમાં કાળાન્તરે ચઢવાના છે. ક્ષપકશ્રેણી આદિ પ્રારંભીને કેવલી થઈ મોક્ષે જવાના છે. અને તે કાળે સુડતાલીસે ધ્રુવબંધી પ્રકૃતિઓનો પોતપોતાનો બંધવિચ્છેદ આવે તેવા ગુણસ્થાનકો ઉપર આરોહણ કરતાં બંધનો અંત પણ આવે જ છે. તેથી **અનાદિસાન્ત** નામનો બીજો ભાંગો સંભવે છે. તથા જે ભવ્યજીવો ઉપશમશ્રેણી પ્રારંભી અગિયારમા ગુણસ્થાનકે ગયા છે. ત્યાં (અધ્રુવબંધી એવી એક સાતા-વેદનીય માત્રનો જ બંધ હોવાથી) સુડતાલીસે ધ્રુવબંધીનો બંધ વિચ્છેદ થયેલો છે. પરંતુ ઉપશમ શ્રેણીથી પડતાં ૧૦-૯-૮-૭-૬ આદિ ગુણસ્થાનકોમાં આવતાં જ્ઞાનાવરણીય આદિ સર્વે ધ્રુવબંધી પ્રકૃતિઓનો બંધ પોતપોતાના ગુણસ્થાનકોથી પુનઃ શરૂ થાય છે. માટે **સાદિ,** અને એકવાર ઉપશમશ્રેણિ પ્રારંભેલી હોવાથી મિથ્યાત્વે જાય તો પણ દેશોન અર્ધપુદ્ગલ પરાવર્તે તો ઉપર આવે જ, અને તે કાળે પોતપોતાના બંધવિચ્છેદવાળાં ગુણસ્થાનકો આવતાં બંધ વિરામ પામે જ, તેથી બંધ **સાન્ત** પણ છે. આ પ્રમાણે **સાદિસાન્ત** બંધ થવાથી ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓમાં અનાદિઅનંત, અનાદિસાન્ત, અને સાદિસાન્ત એમ ત્રણ ભાંગા હોય છે. સુડતાલીસ ધ્રુવબંધી પ્રકૃતિઓમાં મિથ્યાત્વમોહનીયનો બંધવિચ્છેદ પહેલાના ચરમસમયે, થીણદ્ધિત્રિક તથા અનંતાનુબંધીનો બીજાના ચરમસમયે, આ પ્રમાણે અપ્રત્યાખ્યાનીયનો ચોથે, પ્રત્યાખ્યાનાવરણનો પાંચમે, નામકર્મની નવ અને ભય-જુગુપ્સાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુક્રમે આઠમાના છઠ્ઠા ભાગે અને સાતમા ભાગે, સંજ્વલનનો નવમે, અને નવ આવરણ તથા પાંચ અંતરાયનો દસમે બંધવિચ્છેદ થાય છે. તે કર્મસ્તવાદિ ગ્રંથોથી જાણી લેવું.

दुहा वि अधुवा तुरिय भंगा=બન્ને પ્રકારની અધ્રુવપ્રકૃતિઓ ચોથા (સાદિસાન્ત) ભાંગાવાળી જાણવી. ૭૩ અધ્રુવબંધીનો બંધ, અને ૯૫ અધ્રુવોદયીનો ઉદય અધ્રુવ હોવાથી ક્યારેક જ હોય છે અને ક્યારેક હોતો નથી. જ્યારે બંધ અથવા ઉદય શરૂ થાય ત્યારે સાદિ અને જ્યારે વિરામ પામે ત્યારે સાન્ત એમ એક ચોથો ભાંગો જ સંભવે છે. ધ્રુવોદયી અને અધ્રુવોદયી પ્રકૃતિઓ જો કે છઠ્ઠી સાતમી ગાથામાં હવે કહેવાના છે. તો પણ ગ્રંથલાઘવતાના માટે તેના ભાંગા અહીં સાથે કહ્યા છે. ॥૫॥

| | પ્રકૃતિઓ | અનાદિઅનંત | અનાદિસાન્ત | સાદિઅનંત | સાદિસાન્ત |
|---|---|---|---|---|---|
| ૧ | ધ્રુવબંધી-૪૭ | અભવ્યને | ભવ્યને | × | ૧૧મે જઈને પડેલાને |
| ૨ | ધ્રુવોદયી-૨૬ | અભવ્યને | ભવ્યને | × | × |
| ૩ | અધ્રુવબંધી-૭૩ | × | × | × | પ્રતિપક્ષી હોવાથી સર્વેને |
| ૪ | અધ્રુવોદયી-૯૫ | × | × | × | પ્રતિપક્ષી હોવાથી સર્વેને |
| ૫ | મિથ્યાત્વમોહનીય ઉદયમાં-૧ | અભવ્યને | ભવ્યને | × | સમ્યક્ત્વથી પડેલાને |

આ પ્રમાણે ચારભાંગા સમજાવીને હવે ધ્રુવોદયી ૨૭ પ્રકૃતિઓ કહે છે—

**निमिण थिरअथिर अगुरु य, सुहअसुह तेय कम्म चउवन्ना ।**
**नाणंतराय दंसण, मिच्छं धुवउदय सगवीसा ॥ ६ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(निर्माणं स्थिरास्थिरमगुरुलघु, च शुभाशुभं तैजसकार्मणं चतुर्वर्णं ।
ज्ञानान्तरायदर्शनमिथ्यात्वं, ध्रुवोदयाः सप्तविंशतिः) ॥६॥

**निमिण**= નિર્માણ, **थिर-अथिर**= સ્થિર-અસ્થિર, **अगुरुय**= અગુરુલઘુ, **सुहअसुह**= શુભ, અશુભ, **तेयकम्म**= તૈજસ-કાર્મણ, **चउवन्ना**= વર્ણચતુષ્ક, **नाणंतरायदंसण**= જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, અને દર્શનાવરણીય ચાર, **मिच्छं**= મિથ્યાત્વ, **धुवोदय**= ધ્રુવોદયી, **सगवीसा**= સત્યાવીસ. ॥૬॥

**ગાથાર્થ—** નિર્માણ, સ્થિર, અસ્થિર, અગુરુલઘુ, શુભ, અશુભ, તૈજસ, કાર્મણ, વર્ણચતુષ્ક, જ્ઞાનાવરણીય પાંચ, અંતરાય પાંચ, દર્શનાવરણીય ચાર, અને મિથ્યાત્વમોહનીય એમ ૨૭ પ્રકૃતિઓ ધ્રુવોદયી (નિત્યોદયી) છે. ॥૬॥

**વિવેચન**—ઉપરોક્ત સત્યાવીશે પ્રકૃતિઓ પોતપોતાના ઉદયના વ્યવચ્છેદના સ્થાન સુધી સતત (નિરંતર) ઉદયમાં અવશ્ય વર્તતી જ હોવાથી ધ્રુવોદયી છે. એટલે નિત્ય ઉદયવાળી કહેવાય છે. ત્યાં પ્રથમ કહેલી નામકર્મની ૧૨ પ્રકૃતિઓ તેરમા ગુણઠાણાના અંત સુધી, જ્ઞાનાવરણીય આદિ ૧૪ પ્રકૃતિઓ ક્ષીણમોહના અન્ત્યસમય સુધી, અને મિથ્યાત્વમોહનીય પહેલા ગુણઠાણાના છેડા સુધી સતત ઉદયવાળી છે. તેથી ધ્રુવોદયી છે. ॥૬॥

ધ્રુવોદયી પ્રકૃતિઓ કહી, હવે અધ્રુવોદયી પ્રકૃતિઓ જણાવે છે—

**थिरसुभियर विणु, अधुवबंधी मिच्छ विणु मोहधुवबंधी ।**
**निद्दोवघाय मीसं, सम्मं पणनवइ अधुवुदया ॥७॥**

(स्थिरशुभेतरान् विनाऽध्रुवबन्धिन्यः, मिथ्यात्वं विना मोहध्रुवबन्धिन्यः ।
निद्रोपघातमिश्रं सम्यक्त्वं पञ्चनवतिरध्रुवोदयाः) ॥७॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**थिरसुभ**= સ્થિર અને શુભ, **इयर**= તે બેની પ્રતિપક્ષી, **विणु**= વિના, **अधुवबंधी**= અધ્રુવબંધી **मिच्छ विणु**= મિથ્યાત્વ વિના, **मोहधुवबंधी**= મોહનીયની ધ્રુવબંધી, **निद्दोवघायमीसं**= પાંચ નિદ્રા, ઉપઘાત અને મિશ્રમોહનીય, **सम्मं**= સમ્યક્ત્વમોહનીય, **पणनवइ**= પંચાણું, **अधुवुदया**= અધ્રુવોદયી છે. ॥૭॥

**ગાથાર્થ**—સ્થિર અને શુભ તથા તેની પ્રતિપક્ષી અસ્થિર અને અશુભ વિના બાકીની ૬૯ અધ્રુવબંધી, મિથ્યાત્વમોહનીય વિના બાકીની મોહનીયની ૧૮ ધ્રુવબંધી, નિદ્રા પાંચ, ઉપઘાત, મિશ્ર-મોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ કુલ-૯૫ પ્રકૃતિઓ અધ્રુવોદયી છે. ॥૭॥

**વિવેચન**—ત્રીજી અને ચોથી ગાથામાં જે ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓ કહી છે તેમાંથી સ્થિર, અસ્થિર, શુભ અને અશુભ આ ચાર પ્રકૃતિઓને ત્યજીને શેષ જે ૬૯ પ્રકૃતિઓ છે. તે અધ્રુવોદયી છે. સ્થિરાદિ ચાર ધ્રુવોદયીમાં ગણેલી હોવાથી અહીં (અધ્રુવોદયીમાં) ન્યૂન કરવામાં આવી છે. તથા મિથ્યાત્વ વિના શેષ ૧૮ મોહનીયની ધ્રુવબંધી (૧૬ કષાય, ભય અને જુગુપ્સા) તે પણ અધ્રુવોદયી છે. તથા નિદ્રાપંચક, ઉપઘાત, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ કુલ ૬૯ +૧૮+૫+૧+૧+૧=૯૫ પંચાણું પ્રકૃતિઓ અધ્રુવોદયી છે.

**પ્રશ્ન** – સ્થિર, અસ્થિર અને શુભ, અશુભ પણ પરસ્પર પ્રતિપક્ષી હોવાથી એક સાથે એક જીવને એકનો જ ઉદય હોઇ શકે. બન્નેનો ઉદય સાથે ન હોઇ શકે તો ક્રમશઃ (વારાફરતી) ઉદય થતો હોવાથી ધ્રુવોદયી કેમ કહેવાય?

**ઉત્તર**– આ પ્રકૃતિઓ ઉદયમાં પ્રતિપક્ષી થતી નથી, એક સાથે બન્ને ઉદયમાં હોઇ શકે છે. કારણ કે શરીરમાં દાંત આદિ અવયવો જેમ સ્થિર પ્રાપ્ત થાય છે. તે સ્થિરનામકર્મ છે. તેમ જીભ વગેરે અસ્થિર અવયવો પણ સાથે જ પ્રાપ્ત થાય છે. તે અસ્થિરનામકર્મ છે. આ બન્ને શરીરના જુદા જુદા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગોની પ્રાપ્તિની અપેક્ષાએ એક સાથે એક જીવને સમકાળે ઉદયમાં હોય છે. એવી જ રીતે નાભિથી ઉપરના અને નાભિથી નીચેના અવયવોની અનુક્રમે શુભતા અને અશુભતા પણ એક જીવમાં એક સાથે જ હોય છે. માટે શુભ-અશુભ નામકર્મનો ઉદય પણ પ્રતિપક્ષી નથી પરંતુ સાથે હોઇ શકે છે. તેથી સાથે જ સતત ઉદય હોવાથી ધ્રુવોદયી છે.

**પ્રશ્ન**—જો આ ચારેકર્મો શરીરના જુદા જુદા અવયવોની એટલે કે ભાગોની અપેક્ષાએ એક સાથે ઉદયમાં હોય છે માટે ધ્રુવોદયી છે. તો વિગ્રહગતિમાં શરીર જ જ્યારે નથી ત્યારે આ ચારેનો ધ્રુવ ઉદય કેમ ઘટશે?

**ઉત્તર**— વિગ્રહગતિમાં જો કે ઔદારિક કે વૈક્રિયશરીર નથી. તો પણ સ્થિરાદિ ચાર, વર્ણાદિ ચાર, નિર્માણ અને અગુરુલઘુ આ દસે પ્રકૃતિઓ છઠ્ઠી ગાથામાં તથા પંચસંગ્રહાદિ શાસ્ત્રોમાં ધ્રુવોદયી તરીકે કહેલી છે. તેથી અવશ્ય ઉદયમાં ચાલુ જ છે. ફક્ત ઔદારિકાદિશરીર હોત તો તેમાં ફળવિપાક બતાવત. પરંતુ ઔદારિકાદિ-શરીર નથી એટલે તેમાં ફળવિપાક બતાવતી નથી. જેમ અલોકમાં લોક જેટલા અસંખ્યાત ખંડુક જોનારું અવધિજ્ઞાન ત્યાં રૂપી દ્રવ્યો ન હોવાથી જોવાનું કાર્ય કરતું નથી. પરંતુ તદ્વિષયક અવધિજ્ઞાન નથી એમ નહીં. આપણે અગાસી ઉપરથી આકાશમાં જોઇએ તો આકાશમાં કોઇ પક્ષી કે પ્લેન ઉડતું ન હોય તો ન દેખાય, પરંતુ તેથી ચક્ષુમાં તે જોવાની શક્તિ નથી એમ નહીં તથા વિગ્રહગતિમાં પણ ઔદારિકાદિ સ્થૂલ શરીર નથી. પરંતુ તૈજસ-કાર્મણ રૂપ સૂક્ષ્મશરીર તો છે જ. આ દસે પ્રકૃતિઓ તૈજસ-કાર્મણશરીર દ્વારા આત્મપ્રદેશોમાં કંઇક સ્થિરતા, કંઇક અસ્થિરતા, કંઇક શુભતા કંઇક અશુભતા ઇત્યાદિ ફળવિપાક વિગ્રહગતિમાં પણ બતાવે જ છે. તેથી ધ્રુવોદયી છે. અને ઉપઘાતનામકર્મ રસોળી, પડજીભી આદિ અનુચિત અવયવો દ્વારા જીવને પીડા કરે છે અને તે અવયવો ઔદારિકાદિ સ્થૂલ શરીરો હોય તો જ સંભવે છે. માટે અધ્રુવોદયી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આહારકશરીર અને આહારક અંગોપાંગ ચૌદ પૂર્વધર મહાત્માઓને જ છઠ્ઠે ગુણઠાણે ઉદયમાં હોય છે. પરંતુ છઠ્ઠા ગુણઠાણાવાળા સર્વે મુનિઓને ઉદયમાં હોતું નથી.

તીર્થંકરનામકર્મ કેવલીભગવંતોને ઉદયમાં કહ્યું છે પરંતુ સર્વ કેવલીભગવંતોને ઉદયમાં હોતું નથી.

પરાઘાત અને ઉચ્છ્વાસનો ઉદય પર્યાપ્ત નામકર્મની સાથે જ આવે છે શેષ કાળે આ બે કર્મ ઉદયમાં આવતાં નથી.

આતપનો ઉદય પહેલા ગુણઠાણે કહ્યો હોવા છતાં પણ સૂર્યના વિમાનગત બાદરપર્યાપ્ત પૃથ્વીકાય જીવોને જ હોય છે. શેષ મિથ્યાદૃષ્ટિ જીવોને ઉદય હોતો નથી.

ઉદ્યોતનો ઉદય પાંચમા ગુણઠાણા સુધી કહ્યો છે, પરંતુ ચંદ્રાદિ વિમાનગત રત્નોને તથા શીતળ પ્રકાશયુક્ત શરીરવાળા પૃથ્વીકાય, અપ્કાય, વનસ્પતિકાય, વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચને જ હોય છે બીજા જીવોને તે ગુણસ્થાનકો હોવા છતાં ઉદય નથી.

આ પ્રમાણે આ સાતનો ઉદય ક્વચિત્ છે, ક્વચિત્ નથી. અને બાકીની બાસઠ જે અધ્રુવબંધી છે તે ઉદયમાં પણ પ્રતિપક્ષી હોવાથી એક ઉદયમાં હોય ત્યારે બીજી ઉદયમાં સંભવતી નથી અને બીજી ઉદયમાં આવે તો પ્રથમની ઉદયમાં સંભવતી નથી એમ ૭+૬૨=૬૯ જે અધ્રુવબંધી છે તે અધ્રુવોદયી છે એમ પણ જાણવું

સોળકષાય અને ભય-જુગુપ્સા એમ ૧૮ મોહનીયકર્મની પ્રકૃતિઓ બંધમાં જે જે ગુણસ્થાનક સુધી કહી છે તે તે ગુણઠાણા સુધી સતત બંધાય છે. માટે ધ્રુવબંધી છે પરંતુ ઉદયમાં ક્રોધ હોય ત્યારે માનાદિ ત્રણ ન હોય, અને માનનો ઉદય હોય ત્યારે ક્રોધ, માયા, લોભનો ઉદય ન હોય એમ પ્રતિપક્ષિતાના કારણે કોઈપણ એક જ કષાયનો ઉદય હોવાથી બધા કષાયોનો સતત ઉદય નથી.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી અધ્રુવોદયી કહ્યા છે. છઠ્ઠા કર્મગ્રંથમાં ચોવીશી ભાંગાઓમાં આ રીતે જ ઉદયભાંગા કહ્યા છે. બીજું અનંતાનુબંધી ક્રોધનો ઉદય હોય ત્યારે અપ્રત્યાખ્યાનાદિ શેષ ત્રણ ક્રોધનો ઉદય તેની સાથે અવશ્ય હોય જ છે. તેથી અનંતાનુબંધીના ઉદયકાળે પહેલા-બીજા ગુણઠાણે જેમ **"સમ્યક્ત્વપ્રાપ્તિ"** રૂપ કાર્ય થતું નથી. તેમ **દેશવિરતિ, સર્વવિરતિ** અને **યથાખ્યાતચારિત્ર**ની પ્રાપ્તિ રૂપ કાર્ય પણ થતું નથી. આ પ્રમાણે ચારે ગુણોની અપ્રાપ્તિરૂપ કાર્ય હોવાથી તેના કારણપણે તે તે કષાયોનો ઉદય પણ પ્રતિબંધકરૂપે ત્યાં પહેલે- બીજે ગુણઠાણે અવશ્ય હોય જ છે. એમ માનાદિમાં પણ ચાર માન, ચાર માયા, અને ચાર લોભ સાથે જ ઉદયમાં હોય છે. પરંતુ ક્રોધ, માન, માયા, લોભ સાથે ન હોવાથી અધ્રુવોદયી છે. ભય પણ ક્યારેક હોય છે તો ક્યારેક જીવ નિર્ભય પણ હોય છે તથા જુગુપ્સા એટલે ઘૃણા (તિરસ્કારવાળી બુદ્ધિ) પણ ક્યારેક હોય છે ક્યારેક હોતી નથી. માટે આ ૧૮ પ્રકૃતિઓ અધ્રુવોદયી છે.

**પ્રશ્ન**– ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે કષાયો સાથે ઉદયમાં ન હોય એમ કહ્યું, પણ સાથે હોય એવું લાગે છે. કારણ કે ક્રોધકાળે માન-માયાદિ ચાલુ જ હોય એવો અનુભવ થાય છે.

**ઉત્તર**– કમળપત્રના રાશિને વિંધતાં તેમાંનાં એક-એક કમળપત્ર ક્રમશઃ વિંધાતાં હોવા છતાં એક સાથે વિંધાયાનો જેમ ભ્રમ થાય છે. તેમ ક્રોધાદિનો ઉદય બહુ ઝડપથી પરાવર્ત્તન પામતો હોવાથી એક સાથે ઉદય હોય તેવો ભ્રમ થાય છે. પરંતુ એક સાથે ઉદય હોતો નથી. તેથી અધ્રુવોદયી છે.

નિદ્રાપંચકમાં જ્યારે સુખે જગાય તેવી નિદ્રા હોય છે ત્યારે દુઃખે જાગૃત થવાય તેવી નિદ્રાનિદ્રા આદિ બીજી નિદ્રાઓ ઉદયમાં હોતી નથી. તેવી રીતે બીજી આદિ નિદ્રાના ઉદયકાળે શેષનિદ્રાઓ સંભવતી નથી. તથા દિવસે પ્રાયઃ નિદ્રા ઉદયમાં ન આવતી હોવાથી અને આવે તો

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ અલ્પકાળ માત્ર જ રહેતી હોવાથી અને શેષકાળમાં પણ તેનો ઉદય વિકલ્પે હોવાના કારણે સતત ઉદયવાળી નથી.

ઉપઘાતનો ઉદય પણ ઔદારિકાદિ શરીરમાં અનુચિત અવયવો દ્વારા શરીરની અશોભા અથવા પીડા કરવાનો છે પરંતુ ઔદારિકાદિ શરીરનામકર્મનો ઉદય ન હોય ત્યારે વિગ્રહગતિ આદિમાં ઔદારિકાદિના અભાવે આ કર્મનો ઉદય નથી માટે અધ્રુવોદયી છે.

મિશ્રમોહનીય ત્રીજે ઉદયમાં છે પરંતુ પહેલે-બીજે ઉદયમાં નથી. માટે અધ્રુવોદયી છે.

સમ્યક્ત્વમોહનીય ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી ઉદયમાં છે. પહેલા ત્રણ ગુણઠાણે નથી. તથા ચોથાથી સાતમામાં પણ ઔપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વવાળાને તે સમ્યક્ત્વ મોહનીયનો ઉદય નથી માટે અધ્રુવોદયી છે. આ પ્રમાણે ૬૯+૧૮+૫+૧+૧+૧=૯૫ પ્રકૃતિઓ અધ્રુવોદયી જાણવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન**–મિથ્યાત્વમોહનીયનો ઉદય કર્મસ્તવાદિમાં પહેલે ગુણઠાણે કહ્યો છે અને પહેલે ગુણઠાણે સતત ઉદય છે તેથી ધ્રુવોદયી છે તેવી જ રીતે કર્મસ્તવાદિમાં મિશ્રમોહનીયનો ઉદય મિશ્રગુણઠાણે જ કહ્યો છે અને ત્યાં અવશ્ય ઉદય છે જ. તો પછી મિશ્રમોહનીયને પણ મિથ્યાત્વમોહનીયની જેમ જ ધ્રુવોદયી કહેવી જોઇએ. અહીં અધ્રુવોદયી કેમ કહેલ છે?

મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય આ બન્ને પ્રકૃતિઓનો ઉદય અનુક્રમે પહેલે અને ત્રીજે કહ્યો છે અને ત્યાં સતત ઉદય અવશ્ય છે જ. તેથી મિથ્યાત્વની જેમ મિશ્ર પણ ધ્રુવોદયી જ કહેવું જોઇએ!

**ઉત્તર**–"જે પ્રકૃતિઓનો ઉદય જે ગુણઠાણે કહ્યો હોય **ત્યાં સુધીના તમામ** ગુણસ્થાનકોમાં જે નિરંતર ઉદયવાળી હોય તે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્રુવોદયી કહેવાય છે. આ વ્યાખ્યા મિશ્રમોહનીયમાં ઘટતી નથી. કારણ કે પહેલે-બીજે તેનો ઉદય નથી અને ત્રીજે ઉદય છે. માટે ત્યાં સુધીનાં ત્રણે ગુણસ્થાનકોમાં નિરંતર ઉદય જો હોત તો ધ્રુવોદયી કહેત. પરંતુ ત્રીજા સુધીમાં સર્વત્ર ઉદય ન હોવાથી મિશ્રમોહનીય અધ્રુવોદયી કહેલ છે.

**પ્રશ્ન**–જેમ નિદ્રાપંચકનો ઉદય નિદ્રાકાળે થાય છે અને જાગૃતિ કાળે વ્યવચ્છેદ પામે છે પુનઃ નિદ્રાકાળે શરૂ થાય છે એમ વ્યવચ્છેદ પામીને પુનઃ પણ ઉદય થાય છે. તેથી અધ્રુવોદયી છે. તેવી જ રીતે મિથ્યાત્વમોહનીયનો ઉદય પણ સમ્યક્ત્વાદિ પામે ત્યારે વ્યવચ્છેદ પામે છે. અને ત્યાંથી પડીને પહેલે આવે ત્યારે પુનઃ શરૂ થાય છે તો નિદ્રાપંચકની જેમ મિથ્યાત્વમોહનીયને પણ વ્યવચ્છેદ પામીને પુનઃ ઉદય થાય છે માટે ઉદયને આશ્રયી અધ્રુવોદયી કહેવી જોઈએ ?

**ઉત્તર**– ઉપરના ગુણસ્થાનકના કારણે જેનો ઉદય વ્યવચ્છેદ પામે અને તે ઉપરનું ગુણસ્થાનક ચાલ્યું જવાથી પુનઃ જેનો ઉદય શરૂ થાય તેને અધ્રુવોદયી કહેવાય. એવી અધ્રુવોદયીની વ્યાખ્યા અમે કરી નથી. પરંતુ ઉપરના ગુણસ્થાનકના કારણે જેનો ઉદય હજુ વ્યવચ્છેદ પામ્યો નથી. છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવાદિ સામગ્રીના સદ્ભાવે જેનો ઉદય કદાચિત્ હોય અને તે સામગ્રીના અભાવે જેનો ઉદય કદાચિત્ ન હોય તેને અધ્રુવોદયી કહેવાય એવું અધ્રુવોદયીનું લક્ષણ કહ્યું છે. મિથ્યાત્વમોહનીયનો ઉદય પહેલા ગુણસ્થાનકે કહેલો છે. ત્યાં પહેલા ગુણઠાણે જ જો દ્રવ્યાદિ કારણોને લીધે ક્યારેક ઉદય હોત અને ક્યારેક ઉદય ન હોત તો અધ્રુવોદયી કહેવાત. પરંતુ એવું નથી તે ગુણસ્થાનકે આ પ્રકૃતિ ગમે તેવાં દ્રવ્ય-ક્ષેત્રાદિ હોય તો પણ સતત ઉદયમાં છે જ. માટે ધ્રુવોદયી જ છે. અને નિદ્રાપંચક પોતાના ઉદય વ્યવચ્છેદ સુધીના ગુણસ્થાનકોમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર કાળ-ભાવાદિના કારણે ક્વચિત્ ઉદયમાં છે. અને ક્વચિત્ ઉદયમાં નથી. માટે અધ્રુવોદયી છે. આ પ્રમાણે ૯૫ પ્રકૃતિઓ અધ્રુવોદયી સમજાવી. ॥૭॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ધ્રુવસત્તા અને અધ્રુવસત્તા પ્રકૃતિ રૂપ બે દ્વારોને કહે છે–

**तसवन्नवीससगतेयकम्म धुवबंधि सेस वेयतिगं ।**
**आगिइतिग वेयणियं, दुजुयल सग उरल सास चउ ॥८॥**

**खगईतिरिदुग नीयं, धुवसंता सम्म मीस मणुयदुगं ।**
**विउव्विक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ॥९॥**

(त्रसवर्णविंशतिः सप्ततैजसकार्मणं ध्रुवबन्धिन्यः शेषाः वेदत्रिकम् ।
आकृतित्रिकं वेदनीयं, द्वियुगलं सप्तौदारिकमुच्छ्वासचतुष्कम् ॥८॥
खगतितिर्यग्द्विकं नीचैर्ध्रुवसत्तास्सम्यक्त्वं मिश्रं मनुजद्विकम् ।
वैक्रियैकादश जिनायूंषि, आहारकसप्तकोच्चैरध्रुवसत्ताः) ॥९॥

**तसवन्नवीस**= ત્રસાદિ ૨૦, અને વર્ણાદિ ૨૦, **सगतेयकम्म**= તૈજસ-કાર્મણ સપ્તક, **धुवबंधिसेस**= બાકીની બધી જ ધ્રુવબંધી. **वेयतिगं**= ત્રણવેદ, **आगिइतिग**= સંસ્થાન ત્રણ, **वेयणियं**= સાતા-અસાતા વેદનીય, **दुजुयल**= બે યુગલ, **सगउरल**= ઔદારિકસપ્તક, **सासचउ**= ઉચ્છ્વાસ-ચતુષ્ક, **खगईतिरिदुग**= વિહાયોગતિદ્વિક અને તિર્યંચદ્વિક. **नीयं**= નીચ-ગોત્ર, **धुवसंता**= ધ્રુવસત્તા, **सम्म मीस**= સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય, **मणुयदुगं**= મનુષ્યદ્વિક, **विउव्विक्कार**= વૈક્રિયની ૧૧. **जिणाऊ**= જિનનામકર્મ અને ચાર આયુષ્ય. **हारसगुच्चा**= આહારકસપ્તક અને ઉચ્ચગોત્ર, **अधुवसंता**= અધ્રુવસત્તા. ॥૮-૯॥

**ગાથાર્થ**–ત્રસાદિ ૨૦, વર્ણાદિ ૨૦, તૈજસ-કાર્મણસપ્તક, બાકીની ૪૧ ધ્રુવબંધી, ત્રણ વેદ, સંસ્થાનાદિ ત્રણ, બે વેદનીય, બે યુગલ, ઔદારિકસપ્તક, ઉચ્છ્વાસચતુષ્ક, વિહાયોગતિદ્વિક, તિર્યંચદ્વિક, નીચગોત્ર, એમ ૧૩૦ ધ્રુવસત્તા છે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, મનુષ્યદ્વિક, વૈક્રિય એકાદશ, જિનનામકર્મ, ચાર આયુષ્ય, આહારકસપ્તક, અને ઉચ્ચગોત્ર એમ ૨૮ અધ્રુવસત્તા છે. ॥ ૮-૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન**—સમ્યક્ત્વાદિ વિશિષ્ટગુણ ન પામેલા અનાદિ-મિથ્યાત્વી જીવોમાં ૧૩૦ની નિરન્તર સત્તા હોય છે અને શેષ ૨૮ પ્રકૃતિઓની સત્તા અનાદિ મિથ્યાત્વી જીવોને નિરંતર સત્તામાં હોતી નથી, તેથી ૧૩૦ ધ્રુવસત્તાક છે, અને ૨૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક છે.

**तसवन्नवीस**= આ પદમાં **विंशति** શબ્દ ત્રસની સાથે અને વર્ણની સાથે જોડવાથી ત્રસાદિ ૨૦ અને વર્ણાદિ ૨૦ પ્રકૃતિઓ સમજવી. એટલે કે ત્રસદશક અને સ્થાવરદશક એમ ત્રસાદિ ૨૦, અને વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, અને સ્પર્શ ૮ એમ વર્ણાદિ ૨૦ જાણવી. તૈજસ-કાર્મણસપ્તક એટલે તૈજસશરીર, કાર્મણશરીર, તૈજસસંઘાતન, કાર્મણસંઘાતન, તૈજસ-તૈજસબંધન, તૈજસકાર્મણબંધન અને કાર્મણ-કાર્મણબંધન આ ગણાવેલી ૨૦+૨૦+૭=૪૭માં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, તૈજસ અને કાર્મણ એમ ધ્રુવબંધી છ પ્રકૃતિઓ આવી ગયેલી હોવાથી ૪૭ ધ્રુવબંધીમાંથી છ બાદ કરતાં (૪૭÷૬=૪૧) બાકીની ૪૧ ધ્રુવબંધીપ્રકૃતિઓ આ સર્વે ધ્રુવસત્તાક જાણવી.

जैन साहित्य JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન**—૪૧ ધ્રુવબંધી પણ ધ્રુવસત્તા છે. અને વર્ણાદિની મૂલ ૬ પણ ધ્રુવસત્તા જ છે. તો આમ ભિન્ન કરવાનું પ્રયોજન શું? અર્થાત્ ૪૭ ધ્રુવબંધી એમ સાથે કેમ ન લખી?

**ઉત્તર**— ૪૭ ધ્રુવબંધીમાં વર્ણાદિ આવે છે. પરંતુ ત્યાં બંધાધિકાર હોવાથી સર્વકર્મોના ૧૨૦ પ્રમાણે વર્ણાદિના મૂળ ચાર ભેદો જ ગણવાના હોય છે. અને બંધન-સંઘાતન શરીરમાં અંતર્ગત હોવાથી બંધમાં ભિન્નરૂપે ગણાતાં ન હોવાથી તૈજસ-કાર્મણ એમ બે શરીર જ ગણાય છે. જ્યારે આ સત્તાધિકાર ચાલે છે. તેમાં વર્ણાદિના ૨૦ ઉત્તરભેદો અને બંધન-સંઘાતન સાથે તૈજસ-કાર્મણસપ્તક લેવાનાં છે. સત્તામાં ૧૫૮ પ્રમાણે પ્રકૃતિઓ લેવાય છે. તેથી વર્ણાદિ ચાર અને તૈજસ-કાર્મણ આ ૬ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવા છતાં શેષ ૪૧ ધ્રુવબંધીથી તે ૬ નો ભિન્ન ઉલ્લેખ કર્યો છે. ત્રસદશક અને સ્થાવરદશક વારાફરતી સતત બંધાતું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી તથા વર્ણાદિ ૨૦, તૈજસ-કાર્મણસપ્તક અને ૪૧ ધ્રુવબંધી સતત બંધાતી હોવાથી તથા ત્રણ વેદો વારાફરતી નિરંતર બંધાતા હોવાથી અનાદિ મિથ્યાત્વી જીવોને આ સર્વે પ્રકૃત્તિઓની સત્તા સંભવતી હોવાથી ઉપરોક્ત ૪૭+૪૧+૩= કુલ ૯૧ પ્રકૃતિઓ મિથ્યાત્વગુણઠાણે નિરંતર સત્તામાં હોય જ છે.

"**आगिइत्तिग**" એટલે આકૃતિત્રિક **तणुवंगागिइसंघयण जाइ** (ગાથા-૩માં) કહ્યા પ્રમાણે આકૃતિ (સંસ્થાન) ૬, સંઘયણ ૬, અને જાતિ ૫, એમ ૧૭ પ્રકૃતિઓ, સાતા-અસાતા બે વેદનીય, હાસ્ય-રતિ અરતિ-શોક, એમ બે યુગલની ૪ પ્રકૃતિ, ઔદારિકસપ્તક, ઉચ્છ્વાસચતુષ્ક (આ જ કર્મગ્રંથની ગાથા ૩માં કહેલા ક્રમ પ્રમાણે ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ અને પરાઘાત), વિહાયોગતિદ્વિક, તિર્યંચદ્વિક, અને નીચગોત્ર એમ કુલ ૨૦+૨૦+૭+૪૧+૩+૧૭+૨+૪+૭+૪+૨+૨+૧=૧૩૦ પ્રકૃતિઓ સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણ ન પામેલા અનાદિમિથ્યાત્વી જીવોને સતત નિરંતર સત્તામાં હોય જ છે. તેથી ધ્રુવસત્તાક કહેલી છે.

આ બધી પ્રકૃતિઓ વારાફરતી બંધાતી જ હોય છે. અને જઘન્યથી પણ અંતઃકોડાકોડી વગેરેની સ્થિતિ બંધાતી હોવાથી બાંધેલી તે તે પ્રકૃતિઓની સત્તા અવશ્ય સંભવે છે. ત્યાં ધ્રુવબંધી તો નિરંતર બંધાતી જ છે. અને અધ્રુવબંધી નિરંતર ન બંધાતી હોવા છતાં પૂર્વાપર કાળમાં બાંધેલી કોડાકોડીસાગરોપમ કાળ પ્રમાણ સ્થિતિવાળી હોવાથી નિરંતર સત્તામાં સંભવે છે. ફક્ત હવે કહેવાતી ૨૮ પ્રકૃતિઓની સત્તા ક્યારેક હોય છે અને ક્યારેક હોતી નથી. તેનું કારણ જાણવા જેવું છે તે આ પ્રમાણે છે—

## ૨૮ અધ્રુવસત્તાનું નિરૂપણ-

(૧) **સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય=** આ બે પ્રકૃતિઓ બંધાતી જ નથી. જ્યારે જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે, ત્યારે તે ગુણના પ્રતાપે સત્તામાં રહેલી મિથ્યાત્વમોહનીયનો રસઘાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને રૂપાન્તર કરવા દ્વારા આ બે પ્રકૃતિની સત્તા શરૂ થાય છે. તેથી **અનાદિ મિથ્યાત્વીને જે અવશ્ય સત્તામાં હોય તે ધ્રુવસત્તા** એ વ્યાખ્યા લાગુ ન પડતી હોવાથી અધ્રુવસત્તા કહી છે. વળી સમ્યક્ત્વ પામેલા જીવોમાં પણ ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ સત્તામાં હોય છે. પરંતુ ક્ષાયિકસમ્યક્ત્વવાળાને સાતનો ક્ષય થયેલ હોવાથી સત્તા હોતી નથી. તથા સમ્યક્ત્વ પામીને પડીને પહેલા ગુણઠાણે આવનારા જીવને સત્તા હોય છે. પરંતુ પ્રથમસમયથી આ બન્ને પ્રકૃતિઓનો ઉદ્વલના સંક્રમ શરૂ થાય છે. તેથી પુનઃ મિથ્યાત્વસ્વરૂપે રૂપાન્તર થાય છે. પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ કાળે સમ્યક્ત્વમોહનીય સર્વથા મિથ્યાત્વમાં રૂપાન્તર થવાથી હવે તેની સત્તા હોતી નથી. તથા પલ્યોપમના બે અસંખ્યાતમા ભાગે મિશ્રમોહનીય પણ સર્વથા મિથ્યાત્વમાં રૂપાન્તર થવાથી તેની સત્તા પણ હોતી નથી. આ રીતે આ બન્ને પ્રકૃતિઓ અધ્રુવસત્તા છે.

અધ્રુવસત્તાનું વાસ્તવિક કારણ તો એ છે કે અનાદિ મિથ્યાત્વીને આ બે પ્રકૃતિ સત્તામાં છે જ નહીં.

(૨) **મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર** = આ ત્રણે પ્રકૃતિઓ અનાદિમિથ્યાત્વી જીવોને નિગોદાદિથી ચઉરિન્દ્રિયના ભવ સુધીમાં તિર્યંચદ્વિક તથા નીચગોત્રની સાથે, અને પંચેન્દ્રિયના ભવમાં ચારે ગતિ નામકર્મ અને આનુપૂર્વી નામકર્મના ચારયુગલ તથા નીચગોત્રની સાથે પરાવર્તે પરાવર્તે બંધાતી હોવાથી સત્તા અવશ્ય હોય છે. પરંતુ તેઉકાય-વાઉકાયમાં ગયેલા જીવોને આ ત્રણે પ્રકૃતિઓની પોતાના ભવના નિમિત્તે અવશ્ય ઉદ્વલના થતી હોવાથી તિર્યંચદ્વિક અને નીચગોત્રમાં રૂપાન્તર કરીને પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ કાળ ગયે છતે ઉચ્ચગોત્રની અને પલ્યોપમનો અસંખ્યાતમો બીજો ભાગ ગયે છતે મનુષ્યદ્વિકની સત્તા સર્વથા નષ્ટ થાય છે. આવા જીવને તેઉકાય-વાઉકાયમાં રહે ત્યાં સુધી અને ત્યાંથી નીકળીને પૃથ્વીકાયાદિ નવ દંડકમાં જાય ત્યાં પણ શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સુધી આ ત્રણ પ્રકૃત્તિઓની સત્તા હોતી નથી. આવા જીવો અનાદિ મિથ્યાત્વી હોવા છતાં ઉદ્વલના કર્યા પછી આ ત્રણ પ્રકૃતિની સત્તા વિનાના થાય છે. તેથી ધ્રુવસત્તાની વ્યાખ્યા લાગતી નથી. તથા જે જીવો અનાદિકાળથી ત્રસપણું પામ્યા જ નથી. તેવા જીવોને ઉચ્ચગોત્રનો બંધ ન હોવાથી સત્તા નથી અને શેષ જીવો આ ત્રણની સત્તાવાળા હોય છે. માટે આ ત્રણ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક છે.

(૩) **વૈક્રિય એકાદશ**=(વૈક્રિયસપ્તક-દેવદ્વિક અને નરકદ્વિક) જે જીવો અનાદિકાળથી એકેન્દ્રિય-વિકલેન્દ્રિય જ છે. પંચેન્દ્રિયનો ભવ પામ્યા જ નથી. તેઓને ભવસ્વભાવે જ આ અગિયાર પ્રકૃતિઓ બંધાતી ન હોવાથી સત્તામાં હોતી નથી. તથા જે જીવો પંચેન્દ્રિયનો ભવ પામીને આ અગિયાર પ્રકૃતિઓ બાંધીને પુનઃ એકેન્દ્રિયમાં જાય છે. તે જીવોને એકેન્દ્રિયના ભવની પ્રાપ્તિના સ્વભાવે જ આ અગિયાર પ્રકૃતિઓની ઉદ્વલના શરૂ થાય છે. પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ સુધીમાં દેવદ્વિકની અથવા નરકદ્વિકની ઉદ્વલના થાય છે. અને પલ્યોપમના બીજા અસંખ્યાતમા ભાગ સુધીમાં શેષ નવની ઉદ્વલના સમાપ્ત થાય છે. તેથી જ્યાં સુધી ઉદ્વલના ચાલુ હોય ત્યાં સુધી સત્તા હોય છે. અને જ્યારે ઉદ્વલના સમાપ્ત થાય છે. ત્યારબાદ સત્તા હોતી નથી. તથા અનાદિ એકેન્દ્રિયને તો બંધના અભાવે સત્તા હોતી જ નથી. આ રીતે અનાદિ મિથ્યાત્વી જીવને આ અગિયાર પ્રકૃતિની સત્તા અનિયત હોવાથી અધ્રુવસત્તા જાણવી. આ માટેનો સ્વોપજ્ઞ ટીકામાં આ પ્રમાણે પાઠ છે. **तथा वैक्रियैकादशमसंप्राप्तत्रसत्वस्य बन्धाभावाद् विहितैतद्बन्धस्य स्थावरभावं गतस्य स्थितिक्षयेण वा सत्तायां न लभ्यते ।** ત્રસત્વને ન પામેલા જીવોને બન્ધનો અભાવ હોવાથી, અથવા (ત્રસપણું પામીને) આ પ્રકૃતિઓનો કર્યો છે બંધ જેણે એવા જીવોને સ્થાવરભાવને પામ્યા છતા (ઉદ્વલના દ્વારા) સ્થિતિનો ક્ષય થયે છતે આ અગિયાર પ્રકૃતિઓની સત્તા સંભવતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં સ્વોપજ્ઞટીકામાં કહેલો **वा** શબ્દ **असंप्राप्तत्रसत्वस्य बन्धाभावाद् वा विहितैतद्बन्धस्य स्थावरभावं गतस्य स्थितिक्षयेण** એમ જોડવો. તથા **स्थितिक्षयेण**= શબ્દનો અર્થ **उद्वलनया स्थिति-क्षयेण**= એટલે કે ઉદ્વલના કરવા દ્વારા જ્યારે સ્થિતિનો ક્ષય થાય ત્યારે આ અગિયાર પ્રકૃતિઓની સત્તા હોતી નથી એમ અર્થ કરવો. પરંતુ સ્તિબૂકસંક્રમ આદિ અન્યસંક્રમો વડે ક્રમશઃ પ્રદેશોદયથી ભોગવવા આદિ દ્વારા થતો જે સ્થિતિનો ક્ષય, તેના દ્વારા નિઃસત્તાક થાય ત્યારે સત્તા હોતી નથી એમ અર્થ ન કરવો. કારણ કે તેમ કરવામાં સેંકડો સાગરોપમ કાળ જાય. તેના પહેલાં જ પલ્યોપમ માત્રના અસંખ્યાતમા ૧-૨ ભાગ ગયે છતે જ ઉદ્વલના દ્વારા નિઃસત્તાક થઇ જ જાય છે. તેથી સ્તિબૂકાદિ અન્યસંક્રમો કરવા દ્વારા સ્થિતિનો ક્ષય કરવાનો રહેતો જ નથી.

(૪) **ચાર આયુષ્ય**=સર્વે જીવોને સામાન્યથી પોતાના ભવનું ભોગવાતું એક જ આયુષ્ય સત્તામાં હોય છે. અને ત્રીજા ભાગ આદિમાં જ્યારે પરભવનું આયુષ્ય બાંધ્યું હોય અને તે પણ વિજાતીય ભવનું બાંધ્યું હોય તો ચાલુ ભવનું એક અને પરભવનું એક એમ કુલ બે આયુષ્ય જ સત્તામાં હોય છે. પરંતુ એકી સાથે એક જીવને ચાર આયુષ્યની સત્તા કદાપિ હોતી નથી. તેથી તે ચારે આયુષ્ય અધ્રુવસત્તા છે. તથા સ્થાવર, વિકલેન્દ્રિય અને નારકી જીવોને દેવાયુષ્યની, સ્થાવર, વિકલેન્દ્રિય અને દેવોના જીવોને નરકાયુષ્યની, નવમા દેવલોકથી બારમા દેવલોક સુધીના દેવો, ગ્રૈવેયકદેવો અને અનુત્તરવાસી દેવોને તિર્યંચાયુષ્યની, અને તેઉકાય, વાઉકાય તથા સાતમી નારકીના જીવોને મનુષ્યાયુષ્યની સત્તા બંધના અભાવે હોતી નથી. આ કહેલા સર્વે જીવોમાં અનુત્તરદેવો વિના શેષ સર્વે અનાદિ મિથ્યાત્વી હોઇ શકે છે. સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણ ન પામ્યા હોય તેવા જીવો ઉપરોક્ત સર્વે ભવોમાં હોય છે. છતાં નિયત સત્તા નથી માટે અધ્રુવસત્તા કહી છે.

(૫) **જિનનામકર્મ**=આ કર્મના બંધને યોગ્ય એવો પરોપકાર કરવાનો પરિણામ અને જૈનશાસન ઉપરનો પ્રશસ્ત રાગાત્મક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરિણામ સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે. છતાં સર્વે સમ્યગ્દષ્ટિ જીવોને આવો પ્રશસ્ત રાગાત્મક પરિણામ સંભવતો નથી. તેથી સમ્યક્ત્વ હોવા છતાંય કોઈને જિનનામ બંધાય પણ છે અને કોઈકને નથી પણ બંધાતું. તેથી સત્તામાં પણ વૈકલ્પિક સત્તા થવાથી અધ્રુવસત્તા છે. તથા વાસ્તવિક રીતિએ તો અનાદિ મિથ્યાત્વી જીવને આ જિનનામ સત્તામાં છે જ નહીં માટે અધ્રુવસત્તા કહી છે.

(૬) **આહારકસપ્તક**=અહીં પણ આત્માની નિર્મળ શુદ્ધદશા સ્વરૂપ આત્મગુણો ઉપરનો રાગાત્મક **"પ્રશસ્તપરિણામ"** બંધહેતુ છે. તે સંયમ આવે તો જ આવે છે. અન્યથા હોતો નથી. પરંતુ સંયમ આવવા છતાં પણ ગુણો સંબંધી આવો પ્રશસ્ત રાગ કોઈક જીવોને જ આવે છે તેથી કોઈક જીવોને જ આહારકદ્વિક બંધાય છે. સર્વે સંયમી જીવોને ગુણો ઉપરનો આવો પ્રશસ્ત રાગ આવતો ન હોવાથી તેવા જીવોને બંધાતું નથી. માટે અધ્રુવસત્તાક છે. તથા વાસ્તવિક રીતિએ અનાદિ મિથ્યાત્વીને તો બંધનો જ અભાવ હોવાથી સત્તા નથી. આથી અધ્રુવસત્તાક કહ્યું છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે ૨+૩+૧૧+૪+૧+૭=૨૮ પ્રકૃતિઓની અધ્રુવ-સત્તા સમજાવી. ॥ ૯ ॥

**સામાન્યથી ૨૮ની અધ્રુવસત્તા સમજાવીને હવે ગુણસ્થાનકને આશ્રયી કેટલીક પ્રકૃતિઓની ધ્રુવ-અધ્રુવસત્તા સમજાવે છે–**

**पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइअट्ठगे भज्जं ।**
**सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥ १०॥**

(प्रथमत्रिगुणेषु मिथ्यात्वं, नियमादयताद्यष्टसु भाज्यम् ।
सास्वादने खलु सम्यक्त्वं, सद् मिथ्यात्वादिदशसु वा) ॥१०॥

**पढम**= પ્રથમનાં, **तिगुणेसु**= ત્રણ ગુણસ્થાનકોમાં, **मिच्छं**= મિથ્યાત્વ મોહનીય, **नियमा**= અવશ્ય સત્તામાં હોય જ છે. **अजयाइ**=

અવિરતિ આદિ **अट्ठगे**= આઠ ગુણસ્થાનકોમાં **भज्जं**= ભજનાએ હોય છે. **सासाणे**= સાસ્વાદને **खलु**= અવ્યય હોવાથી અવશ્ય, **सम्मं**= સમ્યક્ત્વમોહનીય, **संतं**= સત્તા-વિદ્યમાન હોય છે. **मिच्छाइदसगे**= મિથ્યાત્વાદિ દશમાં, **वा**= વિકલ્પે સત્તા હોય છે. ॥૧૦॥

**ગાથાર્થ**—મિથ્યાત્વમોહનીયકર્મની પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકોમાં નિયમા સત્તા હોય છે. અને અવિરતિ આદિ આઠ ગુણસ્થાનકોમાં વિકલ્પે સત્તા હોય છે. સમ્યક્ત્વમોહનીયકર્મની સાસ્વાદને નિયમા સત્તા હોય છે અને મિથ્યાત્વાદિ બાકીનાં દશ ગુણસ્થાનકોમાં વિકલ્પે સત્તા હોય છે. ॥૧૦॥

**વિવેચન**—મિથ્યાત્વમોહનીય કર્મની પ્રથમનાં ત્રણ ગુણસ્થાનકોમાં અવશ્ય સત્તા હોય છે. કારણ કે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે તો મિથ્યાત્વ-મોહનીય ધ્રુવબંધી હોવાથી અવશ્ય સતત બંધાય જ છે, તેથી સત્તામાં પણ સતત છે જ. સાસ્વાદને ઉપશમસમ્યક્ત્વથી પડીને આવનારો જીવ જ હોય છે અને તેણે દર્શનત્રિક ઉપશમાવેલાં હોવાથી મોહનીયની નિયમા ૨૮ની જ સત્તા હોય છે, તેથી મિથ્યાત્વમોહનીય અવશ્ય સત્તામાં છે. તથા મિશ્રદષ્ટિગુણસ્થાનકે પણ મિથ્યાત્વમોહનીયની અવશ્ય સત્તા છે. કારણ કે ઉપશમસમ્યક્ત્વ કે ક્ષયોપશમસમ્યક્ત્વ પામેલા જીવોને મિશ્રપુંજનો ઉદય થતાં મોહનીયકર્મની ૨૮ અથવા ૨૪ની સત્તા હોતે છતે તે જીવો ત્રીજે ગુણઠાણે જાય છે. ત્યારે તેને ૨૮માં અને ૨૪માં એમ બંન્નેમાં મિથ્યાત્વમોહનીય નિયમા સત્તામાં હોય જ છે. તેથી ચોથા ગુણઠાણાથી પડીને જે જીવો ત્રીજે ગુણઠાણે જાય છે તેને મિથ્યાત્વ નિયમા સત્તામાં છે જ. તથા ચોથા ગુણઠાણાથી પડીને જે જીવો પહેલા ગુણઠાણે જાય છે. તેઓને પહેલા ગુણઠાણાની પ્રાપ્તિ થાય ત્યારથી જ આરંભીને સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના શરૂ થાય છે તે બન્નેની ઉદ્વલના ચાલુ હોય તે દરમ્યાન મિશ્રપુંજનો ઉદય થવાનો સંભવ હોવાના કારણે પહેલેથી પણ જીવ ત્રીજે ગુણઠાણે જઇ શકે છે ત્યારે ૨૮ની સત્તા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો પણ અને સમ્યક્ત્વમોહનીયની ઉદ્‌વલના થઇ ગઇ હોય તો ૨૭ની સત્તા હોય તો પણ મિથ્યાત્વ-મોહનીય નિયમા સત્તામાં છે જ. આ રીતે ચોથેથી ત્રીજે આવનારાને ૨૮ ને ૨૪ની સત્તા હોતે છતે અને પહેલેથી ત્રીજે આવનારાને ૨૮ અને ૨૭ની સત્તા હોતે છતે તે સર્વેમાં મિથ્યાત્વ અવશ્ય છે જ, તેથી પહેલે, બીજે અને ત્રીજે ગુણઠાણે મિથ્યાત્વમોહનીયની સત્તા અવશ્ય છે જ.

**अजयाइअट्ठगे भज्जं**= અવિરતિથી ઉપશાન્તમોહ સુધી મિથ્યાત્વમોહનીયની સત્તા ભજનાએ હોય છે. ઔપશમિક સમ્યક્ત્વીને સત્તા હોય છે. અને ક્ષાયિકસમ્યક્ત્વીને સત્તા હોતી નથી. તથા ક્ષયોપશમ-સમ્યક્ત્વવાળાને ૪થી૭ ગુણસ્થાનક જ હોય છે. તેમાં પણ ૨૮-૨૪ની સત્તા હોય ત્યારે મિથ્યાત્વની સત્તા હોય છે અને ક્ષાયિક પામતાં પૂર્વે ૨૩-૨૨ની સત્તાકાળે આ મિથ્યાત્વમોહનીયની સત્તા હોતી નથી. એમ આઠ ગુણસ્થાનકોમાં ભજના જાણવી. (૧૨થી૧૪માં સત્તા છે જ નહી.)

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૨) **सासाणे खलु सम्मं**= સમ્યક્ત્વમોહનીય સાસ્વાદને નિયમા સત્તામાં હોય છે કારણ કે ત્યાં ઉપશમસમ્યક્ત્વી જ આવે છે અને તેને નિયમા ૨૮ની જ સત્તા છે. તે ૨૮માં સમ્યક્ત્વ-મોહનીય અવશ્ય સત્તામાં છે જ. તેથી સાસ્વાદને ધ્રુવસત્તા છે. ઉપશમસમ્યક્ત્વી વિના બીજા કોઇપણ જીવો સાસ્વાદને આવતા નથી. તેથી સાસ્વાદને સમ્યક્ત્વમોહનીયની સત્તા અધ્રુવ હોતી નથી.

**संतं मिच्छाइदसगे वा**= મિથ્યાત્વાદિ (બીજા વિના) બાકીનાં દશ ગુણસ્થાનકોમાં સમ્યક્ત્વમોહનીયની વિકલ્પે સત્તા હોય છે. પહેલા ગુણઠાણે અનાદિમિથ્યાત્વીને સમ્યક્ત્વમોહનીયની સત્તા સંભવતી જ નથી. ચોથેથી પડીને પહેલે આવનારા જીવોને સમ્યક્ત્વ મોહનીયની ઉદ્‌વલના ચાલુ હોય અને પુરી ન થાય ત્યાં સુધી ૨૮ની સત્તા હોવાથી સમ્યક્ત્વમોહનીયની સત્તા હોય છે. પરંતુ તે ઉદ્‌વલના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાપ્ત થયા બાદ ક્રમશઃ આવનારી ૨૭-૨૬ની સત્તા કાળે આ સમ્યક્ત્વમોહનીયની સત્તા હોતી નથી. આ રીતે મિથ્યાત્વગુણસ્થાનકે સમ્યક્ત્વમોહનીયની અધ્રુવસત્તા સમજાવી.

મિશ્રદૃષ્ટિગુણસ્થાનકે ચોથેથી આવનારાને ૨૮-૨૪ની સત્તા હોવાથી સમ્યક્ત્વમોહનીયની સત્તા હોય છે. પરંતુ સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના પૂર્ણ થયા પછી પહેલેથી ત્રીજે આવનારા ૨૭ની સત્તાવાળા જીવોને સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના થયેલી હોવાથી સત્તા સંભવતી નથી. માટે અધ્રુવસત્તાક છે. તથા ચોથાથી અગિયારમા સુધીમાં ઉપશમસમ્યક્ત્વી અને ચોથાથી સાતમા સુધીમાં ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવોને અવશ્ય સત્તા છે અને ક્ષાયિકસમ્યક્ત્વીને નથી. માટે વૈકલ્પિક સત્તા છે. આ રીતે મિથ્યાત્વમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એમ બે પ્રકૃતિઓની અધ્રુવસત્તા આ ગાથામાં સમજાવી. ॥૧૦॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**હવે મિશ્રમોહનીય અને અનંતાનુબંધી ચારકષાયની ગુણસ્થાનક આશ્રયી અધ્રુવસત્તા સમજાવે છે–**

**सासणमीसेसु धुवं, मीसं मिच्छाइ नवसु भयणाए ।**
**आइदुगे अण नियमा, भइया मीसाइ नवगंमि ॥११॥**

(सास्वादनमिश्रयोर्ध्रुवं, मिश्रं मिथ्यात्वादिनवसु भजनया ।
आदिद्विकेऽनन्तानुबन्धिनो नियमाद् भाज्या मिश्रादिनवके) ॥११॥

**सासणमीसेसु**= સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકે, **धुवं**= અવશ્ય, **मीसं**= મિશ્રમોહનીય, **मिच्छाइनवसु**= મિથ્યાત્વ આદિ નવ-ગુણસ્થાનકોમાં, **भयणाए**= વિકલ્પે, **आइदुगे**= પહેલા બે ગુણઠાણે, **अण**= અનંતાનુબંધી, **नियमा**= અવશ્ય, **भइया**= વિકલ્પે **मीसाइ**= મિશ્ર વગેરે **नवगंमि**= નવ ગુણસ્થાનકોમાં ॥૧૧॥

**ગાથાર્થ**–મિશ્રમોહનીય સાસ્વાદન અને મિશ્રગુણઠાણે અવશ્ય હોય છે. અને મિથ્યાત્વાદિ શેષ નવ ગુણસ્થાનકોમાં ભજનાએ હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અનંતાનુબંધી ચારકષાયો પહેલા-બીજા ગુણઠાણે નિયમા હોય છે. અને મિશ્ર આદિ નવ ગુણઠાણાઓમાં ભજનાએ હોય છે. ॥૧૧॥

**વિવેચન**–અહીં મૂલગાથામાં સાસ્વાદન અને મિશ્ર એમ બે જ ગુણસ્થાનકો લેવાનાં હોવા છતાં જે બહુવચન કરેલ છે તે પ્રાકૃત-ભાષાના કારણે જાણવું. આ બે ગુણસ્થાનકોમાં મિશ્રમોહનીયની ધ્રુવસત્તા છે. કારણ કે સાસ્વાદનગુણસ્થાનકે ઉપશમથી પડતો જીવ આવતો હોવાથી મોહનીયની અવશ્ય ૨૮ની જ સત્તા હોય છે. અને તેમાં મિશ્રમોહનીય છે જ, તેથી સાસ્વાદને મિશ્ર ધ્રુવસત્તાક છે. તથા સમ્યક્ત્વથી પડતો મિશ્રે આવે ત્યારે ૨૮-૨૪, અને મિથ્યાત્વેથી મિશ્રે આવે ત્યારે ૨૮-૨૭ની જ સત્તા હોવાથી અને આ ૨૮-૨૪-૨૭ એમ ત્રણેમાં મિશ્રમોહનીયની અવશ્ય સત્તા હોવાથી બીજે-ત્રીજે ગુણઠાણે મિશ્રમોહનીયની ધ્રુવસત્તા જ સંભવે છે. જો સમ્યક્ત્વપુંજ અને મિશ્રપુંજની ઉદ્‌વલના કર્યા બાદ અથવા અનાદિમિથ્યાત્વી જીવ કે જે ૨૬ની સત્તાવાળો હોય છે તે જીવો મિશ્રગુણઠાણે જતા હોત તો મિશ્રગુણઠાણે મિશ્રમોહનીયની સત્તા વૈકલ્પિક થાત. પરંતુ એમ બનતું જ નથી. કારણ કે મિશ્રમોહનીયની સત્તા વિના ઉદયનો સંભવ ન હોવાથી ત્રીજું ગુણસ્થાનક આવતું જ નથી. અહીં મૂલગાથામાં **ધુવં** શબ્દ છે પરંતુ **સત્તા** શબ્દ નથી, છતાં ૧૦મી ગાથામાંથી **સંતં** શબ્દ ડમરૂકમણિ ન્યાયથી અહીં પણ લઇ લેવો.

**मिच्छाइ नवसु भयणाए**=મિથ્યાત્વાદિ બાકીનાં નવ ગુણ-સ્થાનકોમાં મિશ્રમોહનીયની સત્તા વિકલ્પે જાણવી. સમ્યક્ત્વથી પતિત થઇને મિથ્યાત્વે આવેલા અને ઉદ્‌વલના કરતા એવા ૨૮-૨૭ની સત્તાવાળા મિથ્યાદૃષ્ટિને મિશ્રમોહનીયની સત્તા હોય છે. અને ઉદ્‌વલિતમિશ્રપુંજવાળાને તથા અનાદિમિથ્યાત્વીને મિશ્રની સત્તા હોતી નથી. આ પ્રમાણે પહેલા ગુણઠાણે મિશ્રની સત્તા વિકલ્પે જાણવી. ચોથાથી અગિયારમા સુધીમાં ઉપશમને સત્તા હોય અને ક્ષાયિકને સત્તા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ન હોય, તથા ક્ષયોપશમવાળાને ૪થી૭માં ૨૮-૨૪-૨૩ની સત્તાવાળાને મિશ્રમોહનીય સત્તામાં હોય અને ૨૨ની સત્તાવાળાને ન હોય. એમ શેષ સર્વત્ર વૈકલ્પિક સત્તા સમજવી.

**आइदुगे अण नियमा=** પ્રથમનાં બે ગુણસ્થાનકોમાં અનંતાનુબંધી ચાર કષાયની સત્તા અવશ્ય હોય છે. કારણ કે અનંતાનુબંધી કષાય ધ્રુવબંધી છે. અને બે ગુણઠાણાં સુધી બંધાય જ છે. તેથી ત્યાં અવશ્ય બંધ છે જ. બંધ થયે છતે સત્તા અવશ્ય હોય જ છે. માટે પ્રથમનાં બે ગુણઠાણામાં અવશ્ય ધ્રુવસત્તા છે.

**પ્રશ્ન**–ચોથા આદિ ગુણસ્થાનકોમાં જઈને અનંતાનુબંધી ચાર-કષાયોની વિસંયોજના કરીને ૨૪ની સત્તાવાળો થયો છતો પડીને જે પહેલે ગુણઠાણે આવે છે. તેવા જીવને ૨૪ની સત્તા હોવાથી અનંતાનુબંધીની સત્તા છે જ નહીં. તો પહેલા ગુણઠાણે ધ્રુવસત્તા કેમ કહો છો?

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**ઉત્તર**–જ્યારે જીવ ચોથા આદિ ગુણઠાણામાં હતો ત્યારે સત્તા નથી. પરંતુ પડીને જ્યારે પહેલે આવે છે ત્યારે પ્રથમ સમયથી અનંતાનુબંધી નિયમા બંધાય જ છે. અને બંધ થતે છતે પુનઃ સત્તા શરૂ થાય છે. માટે પહેલા ગુણઠાણે ધ્રુવસત્તા છે. ફક્ત મિથ્યાત્વે એક આવલિકા સુધી ઉદય હોતો નથી. નવા બંધાયેલા અનંતાનુબંધી કષાયનો અંતર્મુહૂર્તકાળ અબાધાકાળ હોવા છતાં પણ બીજા કષાયોના સંક્રમથી થયેલા અનંતાનુબંધીનો એક આવલિકા પછી ઉદય શરૂ થાય છે. માટે પ્રથમ આવલિકામાં ઉદય નથી. પરંતુ સત્તા અવશ્ય છે જ.

**भइया मीसाइ नवगंमि=** મિશ્રાદિ નવ ગુણસ્થાનકોમાં અનંતાનુબંધીની વિકલ્પે સત્તા હોય છે. વિસંયોજિત અનંતાનુબંધીવાળા (૨૪ની સત્તા યુક્ત) ચોથા ગુણસ્થાનકથી જે ત્રીજે ગુણસ્થાનકે આવે છે. તેને અનંતાનુબંધી સત્તામાં હોતા નથી. પરંતુ ૨૮ની સત્તાવાળા ચોથેથી અને ૨૮-૨૭ની સત્તાવાળા પહેલેથી જે જીવો ત્રીજે આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જીવોને અનંતાનુબંધી અવશ્ય સત્તામાં હોય જ છે. માટે ત્રીજે વૈકલ્પિક સત્તા સિદ્ધ થઈ. અને ચોથાથી અગિયારમા સુધી ૨૮ યુક્ત ઉપશમવાળાને સત્તા હોય, ક્ષાયિકવાળાને ન હોય, અને ક્ષયોપશમવાળાને ૪થી૭ સુધીમાં ૨૮ની સત્તાકાળે હોય, પરંતુ ૨૪-૨૩-૨૨ની સત્તાકાળે ન હોય આ રીતે ચોથાથી અગિયારમા સુધી વૈકલ્પિક સત્તા જાણવી. આ કર્મગ્રંથનો મત છે. પરંતુ કર્મપ્રકૃતિકારના મતે ૪થી૭ સુધી જ અનંતાનુબંધીની વૈકલ્પિક સત્તા સમજવી. કારણ કે આઠથી અગિયારમામાં નિયમા અસત્તા જ હોય છે. કમ્મપયડીમાં પૂજ્ય શ્રી શિવશર્મસૂરિજી મ. ઉપશમિત અનંતાનુબંધીવાળાને ઉપશમશ્રેણિ થતી નથી પરંતુ વિસંયોજિત અનંતાનુબંધીવાળાને જ ઉપશમ શ્રેણી થાય છે. એમ માને છે. તેથી ૮ થી ૧૧માં અનંતાનુબંધીની સત્તા સંભવતી જ નથી.

**કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે-**

**बिइय तइएसु मीसं, नियमा ठाणणवगंमि भयणिज्जं ।**
**संजोयणा उ णियमा, दुसु पंचसु हुंति भइयव्वं ॥ સત્તાધિકાર-૫ ॥**

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

કમ્મપયડીની આ ગાથાનો અર્થ એવો છે કે બીજા-ત્રીજા ગુણઠાણે મિશ્રમોહનીય નિયમા સત્તામાં હોય છે. પરંતુ શેષ નવ ગુણસ્થાનકોમાં ભજના જાણવી. તથા અનંતાનુબંધી ચાર કષાય પ્રથમનાં બે ગુણસ્થાનકમાં નિયમા સત્તામાં હોય છે. પરંતુ **શેષ પાંચ ગુણસ્થાનકોમાં** ભજના જાણવી.

આ પ્રમાણે મિશ્રમોહનીય અને અનંતાનુબંધીની અધ્રુવસત્તા આ ગાથામાં સમજાવી. ॥૧૧॥

**હવે આહારકસપ્તક અને જિનનામકર્મની અધ્રુવસત્તા સમજાવે છે–**

**आहारगसत्तगं वा सव्वगुणे बितिगुणे विणा तित्थं ।**
**नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥१२॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(आहारकसप्तकं वा सर्वगुणेषु द्वितीयतृतीयगुणौ विना तीर्थं । नोभयसत्तायां मिथ्यादृष्टिः, अन्तर्मुहूर्तं भवेत्तीर्थे) ॥१२॥

**आहारगसत्तगं**= આહારકસપ્તક, **वा**= વિકલ્પે, **सव्वगुणे**= સર્વગુણસ્થાનકોમાં, **बितिगुणे**= બીજા-ત્રીજા ગુણઠાણા, **विणा**= વિના, **तित्थं**= તીર્થંકરનામકર્મ, **न**= સત્તામાં હોતું નથી, **उभयसंते**= બન્નેની સત્તા હોતે છતે, **मिच्छो**= મિથ્યાદષ્ટિ, **अंतमुहुत्तं**= અંતર્મુહૂર્ત માત્ર, **भवे**= હોય છે. **तित्थे**= તીર્થંકરનામકર્મ હોતે છતે. ॥૧૨॥

**ગાથાર્થ**–સર્વ ગુણઠાણાઓમાં આહારકસપ્તકની સત્તા વિકલ્પે હોય છે. બીજા-ત્રીજા ગુણઠાણા વિના સર્વ ગુણઠાણાઓમાં તીર્થંકર નામકર્મ વિકલ્પે સત્તામાં હોય છે. અને બન્નેની સત્તા હોતે છતે જીવ મિથ્યાદષ્ટિ થતો નથી. તથા જિનનામની સત્તા હોતે છતે અંતર્મુહૂર્ત માત્ર મિથ્યાદષ્ટિ થાય છે. ॥૧૨॥

**વિવેચન**–અહીં સત્તા અધિકાર હોવાથી ૧૫૮ ભેદોને અનુસારે આહારક સપ્તક સમજવું. જે આત્માઓ અપ્રમત્તગુણઠાણે અને અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધી જઈને સરાગસંયમ દ્વારા આહારસપ્તક બાંધીને ઉપશમ અથવા ક્ષપકશ્રેણી કરે છે. તેને ચૌદમા ગુણસ્થાનક સુધી સત્તામાં હોય છે. અને નીચે પડીને મિથ્યાત્વે જાય તો તેને મિથ્યાત્વ સુધીનાં સર્વ ગુણઠાણાઓમાં સત્તા હોઇ શકે છે. પરંતુ અપ્રમત્ત અને અપૂવકરણે જવા છતાં જે આત્માઓ આહારકસપ્તક બાંધતા નથી તેવા જીવો ત્યાંથી ઉપર શ્રેણી કરે કે નીચે મિથ્યાત્વ સુધી આવે, ત્યારે તેઓને સત્તામાં હોતું નથી. આ પ્રમાણે સર્વ ગુણઠાણે આહારકની સત્તા વૈકલ્પિક જાણવી. આહારકસપ્તક બાંધીને તથા બાંધ્યા વિના ઉપર ચૌદમા સુધી અને નીચે પહેલા સુધી જીવ જઇ શકે છે.

બીજા-ત્રીજા ગુણઠાણા વિના બાકીનાં ૧૨ ગુણઠાણાઓમાં જિનનામકર્મની અધ્રુવસત્તા જાણવી (અને બીજે-ત્રીજે અસત્તા જાણવી.) અહીં અવિરતસમ્યગ્દષ્ટિથી અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીમાં આવેલા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઇક કોઇક જીવો કે જે સમ્યક્ત્વી હોતે છતે વિશિષ્ટ પરોપકાર આદિ કરવાના પરિણામવાળા અને જૈનશાસનના પરમરાગવાળા છે. તેવા જીવો જિનનામ બાંધીને ચૌદમા સુધી જઇ શકે છે તેથી તે જીવોને ત્યાં જિનનામની સત્તા હોય છે. અને પૂર્વે નરકાયુષ્ય બાંધીને ક્ષયોપશમ-સમ્યક્ત્વ પામી જિનનામ બાંધી નરકમાં જવાના અવસરે જે જીવ મિથ્યાત્વે જાય છે તેવા જીવને મિથ્યાત્વે પણ અંતર્મુહૂર્તકાળ જિનનામની સત્તા હોય છે. પરંતુ સમ્યક્ત્વ પામવા છતાં વિશિષ્ટ પ્રકારનો સવિ જીવ કરું શાસનરસીની ભાવનાવાળો જિનનામના બંધના હેતુભૂત પરિણામ જે જીવોમાં નથી હોતો, તે જીવો જિનનામ બાંધ્યા વિના જ ચૌદમા સુધી જઇ શકે છે અને મિથ્યાત્વે પણ જઇ શકે છે, તેઓને જિનનામની સત્તા નથી. આ પ્રમાણે બાર ગુણઠાણામાં જિનનામની સત્તા વિકલ્પે હોય છે. તથા જિનનામ બાંધ્યા પછી તે જીવો તેવા પ્રકારના પોતાના સ્વભાવના કારણે જ બીજે-ત્રીજે ગુણઠાણે આવતા નથી. માટે ત્યાં જિનનામની સત્તા તથાસ્વભાવે જ સંભવતી નથી.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**બૃહત્કલ્પભાષ્યમાં કહ્યું છે કે-**

**तित्थयरेण विहीणं, सीयालसयं तु संतए होइ ।**
**सासायणंमि उ गुणे, सम्मामीसेसु य पयडीणं ॥**

**અર્થ**—તીર્થંકર નામકર્મ વિના ૧૪૭ની સત્તા સાસ્વાદન અને મિશ્રગુણસ્થાનકે હોય છે.

તેથી જીવના તથાસ્વભાવના કારણે જ બીજે-ત્રીજે જિનનામની સત્તા સંભવતી નથી.

**नोभयसंते मिच्छो**= આહારકસપ્તક અને જિનનામ એમ ઉભયની સત્તાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ થતો નથી. તેનું કારણ પણ **તથા સ્વભાવ જ** જાણવો. આવી ઉત્તમ પુણ્યપ્રકૃતિઓનો સમૂહ હોતે છતે જીવ મિથ્યાત્વે જતો નથી. પરંતુ એકલું આહારકસપ્તક અથવા એકલું જિનનામકર્મ સત્તામાં હોય તો આ જીવ ક્યારેક મિથ્યાત્વે જાય પણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન**– એકલું આહારકસપ્તક સત્તામાં હોય એવો જીવ અને એકલું જિનનામકર્મ સત્તામાં હોય એવો જીવ જો મિથ્યાત્વે જાય તો ત્યાં વધારેમાં વધારે કેટલો કાળ રહે?

**ઉત્તર**–આહારકસપ્તકની સત્તાવાળો જીવ મિથ્યાત્વે "પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ" રહે. કારણ કે અપ્રમત્તાદિગુણઠાણે આહારક બાંધીને જ્યારે તે જીવ પડે છે ત્યારે **અવિરતિના નિમિત્તે** તે આહારકસપ્તકની ઉદ્‌વલના શરૂ કરે છે. જે ઉદ્‌વલના પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી ચાલે છે. તેથી ત્યાં સુધી જ તેની સત્તા હોય છે. ત્યારબાદ તેની સત્તા હોતી નથી. આ વાત ગાથામાં કહી નથી. પરંતુ કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થાન્તરમાં કહેલી હોવાથી ત્યાંથી જાણી લેવી. આહારકસપ્તકની ઉદ્વલના થયા પછી ઘણો અધિકકાળ પણ મિથ્યાત્વે રહે છે. પરંતુ આહારકની સત્તા પલ્યો.ના અસં. ભાગ સુધી જ મિથ્યાત્વે હોય છે. હવે એકલું જિનનામ સત્તામાં હોય તો મિથ્યાત્વે કેટલો કાળ રહે? તે સમજાવે છે.

**અંતમુહૂત્તં ભવે તિત્થે**= તીર્થંકરનામકર્મ સત્તામાં હોતે છતે આ જીવ અંતર્મુહૂર્તમાત્ર મિથ્યાદૃષ્ટિ થાય છે. એટલે કે જે જીવે પૂર્વે મિથ્યાત્વાવસ્થામાં જ નરકાયુષ્ય કર્મ બાંધ્યું છે. અને ત્યારબાદ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામ્યો છે. અને જિનનામકર્મ બાંધ્યું છે. તે જીવ નરકમાં ઉત્પન્ન થવાનો કાળ આવે ત્યારે મૃત્યુ પામતાં પહેલાં એક અંતર્મુહૂર્ત મિથ્યાત્વે જાય છે અને મરીને નરકમાં જઈને સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરે ત્યાં સુધી મિથ્યાત્વે રહે છે. ત્યારબાદ અવશ્ય સમ્યક્ત્વ પામે જ છે. તેથી આ વચગાળાનો કાળ બન્ને ભવસંબંધી એક એક અંતર્મુહૂર્ત=બન્ને મળીને પણ મોટા એક અંતર્મુહૂર્ત માત્ર કાળ જિનનામની સત્તા પહેલે હોય છે.

**પ્રશ્ન**–મિથ્યાત્વે જિનનામકર્મની અંતર્મુહૂર્ત સત્તા ઘટાવવામાં ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો જ જીવ કેમ કહ્યો? ઉપશમ સમ્યક્ત્વવાળો જીવ પણ જિનનામ બાંધી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર**—ઉપશમસમ્યક્ત્વવાળો જિનનામકર્મ બાંધી શકે છે. પરંતુ આયુષ્યબંધ કરતો નથી. અને મૃત્યુ પામતો નથી. તેથી મૃત્યુની અંતિમ અવસ્થા સંભવતી નથી. માટે તે સમ્યક્ત્વવાળો જીવ લીધો નથી.

આ પ્રમાણે ધ્રુવ-અધ્રુવ સત્તા સમજાવી. ॥૧૨॥

હવે ઘાતી-અઘાતી દ્વાર સમજાવે છે—

**केवलजुयलावरणा, पण निद्दा बारसाइमकसाया ।**
**मिच्छं ति सव्वघाई, चउनाण तिदंसणावरणा ॥१३॥**

**संजलण नोकसाया, विग्घं इय देसघाइ य अघाई ।**
**पत्तेयतणुट्ठाऊ, तसवीसा गोयदुग वन्ना ॥१४॥**

(केवलयुगलावरणे, पञ्च निद्रा द्वादशादिमकषायाः ।
मिथ्यात्वमिति सर्वघातिन्यश्चतुर्ज्ञानत्रिदर्शनावरणानि) ॥१३॥

संज्वलना नोकषाया विघ्नमिति देशघातिन्यश्चाघातिन्यः ।
प्रत्येकतन्वष्टकायूंषि तु, त्रसविंशतिगोत्रद्विकवर्णाः) ॥१४॥

**केवलजुयलावरणा**= કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉપરનું આવરણ, **पण**= પાંચ, **निद्दा**= નિદ્રા, **बारसाइमकसाया**= પ્રથમના બાર કષાયો, **मिच्छं ति**= મિથ્યાત્વ, આ પ્રમાણે, **सव्वघाई**= સર્વઘાતી પ્રકૃતિઓ છે. **चउनाण**= ચાર જ્ઞાનાવરણીય, **तिदंसणावरणा**= ત્રણ દર્શનાવરણીય કર્મો ॥૧૩॥.

**संजलणनोकसाया** = સંજ્વલન ચાર કષાય અને નવ નોકષાય, **विग्घं**= પાંચ અંતરાય, **इय**= આ પ્રમાણે, **देसघाइ**= દેશઘાતી પ્રકૃતિઓ છે. **अघाई**= અઘાતી પ્રકૃતિઓ, **पत्तेय**= આઠ પ્રત્યેક પ્રકૃતિઓ, **तणुट्ठाऊ** = શરીર અષ્ટક અને ચાર આયુષ્ય **तसवीसा**= ત્રસની વીસ, **गोयदुगवन्ना**= ગોત્રદ્વિક, અને વર્ણચતુષ્ક. ॥૧૪॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ–** કેવલદ્વિક ઉપરનું આવરણ, પાંચનિદ્રા, પ્રથમના બાર કષાયો, અને મિથ્યાત્વમોહનીય એમ કુલ ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે. ચાર જ્ઞાનાવરણીય, ત્રણ દર્શનાવરણીય, સંજ્વલન ચાર કષાય, નવ નોકષાય, પાંચ અંતરાય એમ પચ્ચીસ પ્રકૃતિઓ દેશઘાતી જાણવી. હવે અઘાતી પ્રકૃતિઓ કહે છે-આઠ પ્રત્યેક પ્રકૃતિઓ, શરીર અષ્ટકની પાંત્રીસ પ્રકૃતિઓ, ચાર આયુષ્ય, ત્રસાદિ વીસ પ્રકૃતિઓ, ગોત્ર અને વેદનીયનું દ્વિક, અને વર્ણાદિ ચાર એમ ૭૫ અઘાતિ પ્રકૃતિઓ છે.

**વિવેચન**–કેવલજ્ઞાનાવરણીય, કેવલદર્શનાવરણીય, પાંચનિદ્રા, પ્રથમના ૧૨ કષાય અને મિથ્યાત્વમોહનીય આ ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે. અને ચાર જ્ઞાનાવરણીય, ત્રણ દર્શનાવરણીય, સંજ્વલન ચાર કષાયો, નવ નોકષાય, અને પાંચ અંતરાય, એમ ૨૫ દેશઘાતી પ્રકૃતિઓ છે. **स्वावार्यं गुणं सर्वथा हन्तीति सर्वघातिनी**= પોતાનાથી આવાર્ય ગુણનો જે સર્વથા ઘાત કરે તે સર્વઘાતી પ્રકૃતિ કહેવાય છે. કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મોનો આવાર્ય ગુણ અનુક્રમે કેવલજ્ઞાન અને કેવલદર્શન છે. તે બન્ને ગુણો આ બન્ને કર્મો વડે સર્વથા ઘાત કરાય છે. માટે આ બે કર્મો સર્વઘાતી છે. જ્યાં સુધી આ બન્ને કર્મોનો ઉદય (બારમા ગુણઠાણા સુધી) ચાલે છે. ત્યાં સુધી આ બન્ને ગુણો જીવમાં અંશથી પણ પ્રગટ થતા નથી. સર્વથા ઉદય અટકવાથી તેરમા ગુણસ્થાનકે જ પ્રગટ થાય છે.

**પ્રશ્ન** - શાસ્ત્રોમાં તો સર્વ જીવોને અક્ષરનો (જ્ઞાનનો) અનંતમો ભાગ નિત્ય ઉઘાડો (અનાવૃત) જ કહેલો છે. કહ્યું છે કે "सव्वजीवाणं पि य णं अक्खरस्स अणंतमो भागो निच्चुग्घाडिओ चिट्ठइत्ति" જો આ અનંતમો ભાગ પણ આવૃત થઈ જાય તો ચૈતન્ય સર્વથા આવૃત થઈ જવાથી આ જીવ અજીવપણાને પામે, પરંતુ આવું બનતું નથી. તેથી આ બે આવરણીય કર્મો પણ સર્વથા આવારક ન બનવાથી સર્વઘાતી કેમ કહેવાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** = આ બે આવારક કર્મો જીવના જ્ઞાનગુણને સર્વથા આવૃત કરવા સમર્થ જ છે. તેથી **સર્વઘાતી** જ છે. **પરંતુ જીવનો સ્વભાવ એવો છે કે પોતાનો જ્ઞાનગુણ સર્વથા આવૃત થાય જ નહીં.** તેથી અક્ષરનો અનંતમો ભાગ સર્વે જીવોને નિત્ય ઉઘાડો (અનાવૃત) જ રહે છે.

**પ્રશ્ન** - જો જ્ઞાનગુણ સર્વથા ન ઢંકાય તો આ બે કર્મોને સર્વઘાતી કેમ કહેવાય ?

**ઉત્તર** = જેમ અતિશય ગાઢ મેઘઘટા દ્વારા સૂર્ય-ચંદ્રની પ્રભા લગભગ ઘણી ખરી આવૃત થઈ ગઈ હોય, ચારે તરફ અંધકારનાં પટલો છવાયાં હોય, તો પણ અમાવાસ્યાની મધ્યરાત્રિ સમાન અંધકાર થતો જ નથી. અન્યથા દિવસ-રાત્રિનો ભેદ જ સંસારમાં ન રહે. તેથી યત્કિંચિત્ પ્રભા અનાવૃત રહે જ છે. જેના લીધે દિવસ-રાત્રિના ભેદનો વ્યવહાર થાય છે. આમ હોવા છતાં પણ **"સૂર્ય ચંદ્રનો પ્રકાશ સર્વથા ઢંકાઈ ગયો"** એવી જ વચનરચના જગતમાં પ્રવર્તે છે. તથા સર્વ લોકોને અનુભવ પણ તેવો જ થાય છે. તેવી જ રીતે જ્ઞાન અને દર્શન આ બન્ને ગુણોનો અનન્તમો ભાગ જીવના સ્વભાવે જ અનાવૃત હોવા છતાં પણ બહુ ઘણો ભાગ આવૃત થઈ જતો હોવાથી **"સર્વથા ઘાત થઈ ગયો"** એમ જ કહેવાય છે. તેથી આ બે કર્મો સર્વઘાતી કહેવાય છે.

સારાંશ કે આ બન્ને આવારક કર્મો સર્વઘાતી હોવાથી સર્વથા આવૃત કરવા સમર્થ હોવા છતાં જીવના પોતાના સ્વભાવના કારણે આ બે ગુણો સર્વથા આવૃત થતા નથી. અક્ષરનો અનંતમો ભાગ અનાવૃત જ રહે છે.

તથા જેમ સૂર્ય-ચંદ્રની મૂળ પ્રભાને મેઘઘટા આવૃત કરે છે. અને જગત્સ્વભાવે તેની અનાવૃત રહેલી યત્કિંચિત્ પ્રભાને કટ-કુટ્યાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવરણો આવૃત કરે છે. તેમ આ કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મો જીવના મૂળભૂત જ્ઞાન-દર્શન ગુણને હણે છે. માટે સર્વઘાતી છે. અને જીવ સ્વભાવે અનાવૃત રહેલા (નહી ઢંકાયેલા) તે જ્ઞાન-દર્શનના અંશમાત્રને (દેશ માત્રને) શેષ કર્મો યોગ્યતા પ્રમાણે આવૃત કરે છે. આ પ્રમાણે આ સાત આવરણો અંશમાત્રને હણનાર હોવાથી દેશઘાતી છે.

તથા બીજી યુક્તિ એવી પણ છે કે **જે કર્મોનો ઉદય અને ક્ષયોપશમ સાથે ન હોય** અર્થાત્ કર્મોનો ઉદય ચાલુ હોય ત્યારે ગુણો યત્કિંચિત્પણે પણ ઉઘાડા (અનાવૃત) ન હોય તે સર્વઘાતી કહેવાય છે. ઉપરની વ્યાખ્યા કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીય કર્મોમાં લાગુ પડે છે. કારણ કે આ બે કર્મોનો ઉદય બારમા ગુણસ્થાન સુધી જ્યારે ચાલતો હોય છે. ત્યારે કેવલજ્ઞાન અને કેવલદર્શન અંશતઃ પણ ઉઘડતાં નથી. તે બે આવરણીય કર્મોનો ક્ષયોપશમ થતો જ નથી. તેથી તે બે કર્મો સર્વઘાતી છે. અને શેષ સાત આવારકકર્મો પોતાનો ઉદય ચાલુ હોય તેવા કાળે ક્ષયોપશમ ભાવવાળા હોય છે. સ્વ આવાર્ય ગુણના અંશની અનાવૃતતા પણ હોય છે. અને કંઈક અંશની આવૃતતા પણ હોય છે. તેથી તે સાત કર્મો દેશઘાતી છે.

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અચક્ષુદર્શન આ ત્રણ ગુણો પોતાના આવારક કર્મોનો ઉદય ચાલુ હોવા છતાં અંશતઃ સર્વજીવોને પ્રગટ હોય જ છે. અને અવધિજ્ઞાન, અવધિદર્શન, ચક્ષુદર્શન અને મનઃપર્યવ-જ્ઞાન આ ચાર ગુણો પોતાના આવારક કર્મોનો ઉદય હોતે છતે પણ કેટલાક જીવોને પ્રગટ થાય છે. તેથી તે સાતે કર્મો દેશઘાતી છે.

**પ્રશ્ન** - જે જીવોને અવધિજ્ઞાન, અવધિદર્શન, ચક્ષુદર્શન અને મનઃપર્યવજ્ઞાન આ ચાર ગુણોમાંના જે જે ગુણો અપ્રાપ્ત હોય તેવા જીવોને તો તે તે આવારક કર્મો સર્વઘાતી કહેવાય કે ન કહેવાય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર :** તેવા જીવોને તે ચાર આવારક કર્મોનો **સર્વઘાતી રસ** ઉદયમાં હોવાથી ગુણોની અપ્રાપ્તિ થઈ છે. પરંતુ તે **ચાર પ્રકૃતિઓ** સર્વઘાતી કહેવાતી નથી. કારણ કે **જે કર્મોનો ક્ષયોપશમ પોતાના ઉદયની સાથે વિરોધી જ હોય તે સર્વઘાતી કહેવાય છે.** આ વ્યાખ્યા આ ચાર કર્મોમાં લાગુ પડતી નથી માટે તે ચાર કર્મો સર્વઘાતી નથી પરંતુ દેશઘાતી છે. જે આવારક કર્મોનો ઉદય ચાલુ હોવા છતાં પણ સ્વ આવાર્ય ગુણોની આંશિક પ્રગટતા થતી હોય તે ક્ષાયોપશમિકભાવ કહેવાય છે. સાત આવરણીય કર્મોમાં ઉદયની સાથે આવા પ્રકારનો ક્ષયોપશમભાવ હોઈ શકે છે. તેથી **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવવાળા** આ સાત ગુણો કહેવાય છે. અને કેવલજ્ઞાનાવરણીયાદિ બે આવરણોમાં ઉદયની સાથે સ્વઆવાર્ય ગુણોની પ્રગટતા (ક્ષયોપશમ થવો) તે વિરોધી જ છે. તેથી **શુદ્ધ ઔદયિકભાવ જ હોય** છે. બારમા ગુણસ્થાનકના અંતે આ બે આવરણીયકર્મોનો ક્ષય થવાથી **ક્ષાયિકભાવ જ હોય** પરંતુ ક્ષયોપશમભાવ હોતો નથી. તેથી તે બે કર્મો સર્વઘાતી છે.

નિદ્રાપંચક સર્વઘાતી છે. તે કર્મોથી આવરણ કરવા યોગ્ય કોઈ સ્વતંત્ર ગુણ નથી. જેમ ચક્ષુદર્શનાવરણીય વડે આવાર્યગુણ ચક્ષુદર્શન. અચક્ષુદર્શનાવરણીય વડે આવાર્યગુણ અચક્ષુદર્શન. તેમ નિદ્રાપંચક વડે આવાર્ય સ્વતંત્ર ગુણ કોઈ નથી. પરંતુ ચક્ષુદર્શનાવરણીયાદિ ત્રણ દર્શનાવરણીય કર્મો સ્વ સ્વ આવાર્ય એવા ચક્ષુદર્શનાદિ-ગુણોનું આવરણ કરતાં હોવા છતાં તે ત્રણેના ક્ષયોપશમભાવથી જે **દર્શનલબ્ધિ** અંશમાત્ર રૂપે અનાવૃત (પ્રગટ) થાય છે. તે પ્રાપ્ત દર્શનલબ્ધિને આવૃત કરવાનું કામ નિદ્રાપંચક કરે છે. આ નિદ્રાપંચક પ્રાપ્ત થયેલી આંશિક દર્શનલબ્ધિને **સર્વથા ઢાંકે છે** માટે સર્વઘાતી કહેવાય છે. સર્વઘાતી શબ્દના બે રીતે અર્થો થાય છે "सर्वं हन्तीति सर्वघातिनी" આ વ્યાખ્યા કેવલજ્ઞાનાવરણીય અને કેવલદર્શનાવરણીયમાં લાગુ પડે છે. અને (अंशमपि) सर्वथा हन्तीति सर्वघातिनी આ વ્યાખ્યા નિદ્રાપંચકમાં લાગે છે. પ્રથમ વ્યાખ્યામાં सर्वं શબ્દ કર્મ છે અને બીજી વ્યાખ્યામાં सर्वथा ક્રિયાવિશેષણ છે. નિદ્રાપંચક વડે આવાર્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનલબ્ધિ જો કે અંશમાત્ર રૂપ છે. પરંતુ તે અંશમાત્રને આ પંચક **સર્વથા** આવૃત કરે છે તેથી સર્વઘાતી છે એટલે જ નિદ્રાકાળે દેખવાની, સાંભળવાની, સુંઘવાની કે સ્વાદ માણવા આદિની શક્તિઓ કામ કરતી નથી.

**પ્રશ્ન** = જો આ રીતે નિદ્રાપંચક સર્વઘાતી હોવાથી અનાવૃત એવી આંશિક દર્શનલબ્ધિને સર્વથા હણતી હોય તો તે કાળે જીવની ચેતના સર્વથા નષ્ટ થવાથી જીવ અજીવ જ થઈ જાય અને અક્ષરનો અનંતમો ભાગ નિત્ય ઉઘાડો હોય છે. એ પાઠની સાથે પણ વિરોધ આવશે.

**ઉત્તર** = આ નિદ્રાપંચક પ્રાપ્ત થયેલી એવી આંશિક દર્શનલબ્ધિની આવારક છે. ઘાતક નથી તેથી નિદ્રાકાળે દર્શનલબ્ધિ આવૃત થઈ જાય છે. કામ આપતી નથી. પરંતુ નાશ પામી જાય છે એવો અર્થ નથી. તેથી જ નિદ્રા દૂર થતાંની સાથે પૂર્વે પ્રાપ્ત કરેલો ક્ષયોપશમ (બોધ) પ્રગટ દેખાય જ છે. દેખવાની, સાંભળવાની વગેરે શક્તિઓ નિદ્રાના પૂર્વકાળે જેવી હતી તેવી જ તે શક્તિઓ નિદ્રાના ત્યાગ પછીના કાળે પણ અનુભવાય જ છે. જો નિદ્રાપંચક આ દર્શનશક્તિનો ઘાત (નાશ) કરતી હોત તો નિદ્રાત્યાગ કર્યા બાદ આ દર્શનશક્તિઓ પુનઃ પ્રાપ્ત કરવી પડે. પરંતુ એવું બનતું નથી. માટે અહીં નિદ્રાપંચક આંશિક દર્શનલબ્ધિને સર્વથા આવૃત કરે છે એવો અર્થ જાણવો. પરંતુ નાશ કરે છે. એવો અર્થ ન કરવો.

**પ્રશ્નઃ** જો નિદ્રાપંચકથી દર્શનલબ્ધિ સર્વથા આવૃત કરાતી હોય અને તેથી તે સર્વઘાતી કહેવાતી હોય તો નિદ્રાકાળે સ્વપ્નાદિ જે આવે છે. તથા પૂર્વકાળની જાગૃતાવસ્થાના ભાવોનું સ્મરણ જે થાય છે. તથા તેવા ભાવોનો જે ભ્રમ થાય છે. તે બધું કેમ ઘટશે? કારણ કે તે પણ એક પ્રકારની ચેતના જ છે કે જે આવૃત થઈ શકી નથી.

**ઉત્તર** - यत्पुनः स्वापावस्थायामपि किंचिच्चेतयति, तत्र धाराधारी निदर्शनं वाच्यम् = સ્વોપજ્ઞ ટીકામાં ઉપરોક્ત પાઠ છે. ત્યાં કહ્યું છે કે નિદ્રાવસ્થામાં પણ યત્કિંચિત્ જે બોધ (સ્વપ્નાદિ સ્વરૂપ) પ્રવર્તે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં વાદળનું દૃષ્ટાંત સમજી લેવું. ગાઢ વાદળ વડે સૂર્ય-ચંદ્રનો ઘણો ખરો ભાગ ઢંકાયો હોય તો પણ સૂર્ય-ચંદ્ર સર્વથા ઢંકાયા જ કહેવાય છે. તેમ અહીં પણ સમજવું.

અનંતાનુબંધી ચાર કષાયો સમ્યક્ત્વગુણને, અપ્રત્યાખ્યાનીય કષાય દેશવિરતિગુણને, અને પ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વવિરતિગુણને સર્વથા હણે છે તેથી પ્રથમના તે ૧૨ કષાયો સર્વઘાતી છે. પહેલા ગુણઠાણે ભવ્ય-અભવ્ય જીવોમાં સમ્યક્ત્વનું ઉચ્ચરવું (સ્વીકારવું), શ્રાવકનાં વ્રતોનું અને મહાવ્રતોનું ઉચ્ચરવું ઈત્યાદિ ધર્મક્રિયા સંસારમાં થાય છે. તેવી દ્રવ્ય વિરતિ આદિના પ્રતાપે આ જીવો નવ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે. પરંતુ તે બધું જીવન દ્રવ્યથી સમજવું. ભાવથી નહીં. અર્થાત્ મિથ્યાત્વના ઉદયના કારણે ફક્ત અજ્ઞાન હોવાથી વેષ માત્રરૂપ અને ક્રિયામાત્રરૂપ તે તે ગુણો લોકભોગ્ય રીતે જીવો સ્વીકારે છે. પરંતુ કષાયોનો વિજય કરીને સંવેગ-નિર્વેદ ગુણપૂર્વક પ્રશમભાવને યોગ્ય એવા વૈરાગ્યભાવે નહીં. તેથી તેવા સ્થાને આ કષાયોનો ઉદય વર્તે છે અને તે હોતે છતે **ભાવથી વિરમણવૃત્તિ** આવતી નથી. અધિક પ્રાપ્તિની લાલસાથી અલ્પવિરમણ દેખાય છે. પરંતુ **વિરમણવૃત્તિ** આવતી નથી.

**પ્રશ્ન** - જો વિરમણવૃત્તિ આવતી ન હોય તો આવા પ્રકારના દ્રવ્ય દેશવિરતિ - સર્વવિરતિ ગુણવાળા જીવો પણ અનુચિત (અભક્ષ્ય-અનંતકાયાદિ) અને બેંતાલીસ દોષવાળા આહારથી વિરમણ કરતા જ હોય છે. તેવા અનુચિત અને અયોગ્ય આહારાદિથી જે વિરમણ કરેલું દેખાય છે. તેથી વિરમણ કરવાની વૃત્તિ તો હોય જ છે ને?

**ઉત્તર** - આ કષાયો સર્વઘાતી છે. ભોગોથી વિરમણ કરવાની વૃત્તિને રોકનારા છે. આવા પ્રકારના આ કષાયોનો પ્રબળ ઉદય હોવા છતાં જે અયોગ્ય અને અનુચિત આહારાદિનું વિરમણ દેખાય છે. **એટલો ગુણ જે અનાવૃત છે.** ત્યાં વાદળનું દૃષ્ટાંત ઉપર પ્રમાણે સમજી લેવું. સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે કે - यत्पुनस्तेषां प्रबलोदयेऽप्य-योग्याहारादिविरमणमुपलभ्यते तत्र वारिवाहदृष्टान्तो वाच्यः।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** - અનંતાનુબંધી કષાયો જો સમ્યક્ત્વગુણનો ઘાત કરે છે તો તેને દર્શનમોહનીયના ભેદમાં કહેવા જોઈએ ચારિત્રમોહનીયમાં કેમ ગણ્યા હશે? જેમ મિથ્યાત્વમોહનીયકર્મ સમ્યક્ત્વનું ઘાતક છે માટે દર્શનમોહનીય કહેવાય છે તેમ અનંતાનુંબંધી પણ જો સમ્યક્ત્વના ઘાતક હોય તો દર્શનમોહનીયની અંદર ગણવા જોઈએ અને જો તે ચારિત્રમોહનીયનો ભેદ હોય તો સમ્યક્ત્વને શા માટે હણે ? સમ્યક્ત્વના ઘાતક કેમ કહેવાય?

**ઉત્તર** - પૂજ્ય હરિભદ્રસૂરિજી મ. શ્રી કૃત સમ્યક્ત્વસપ્તતિકામાં અને પૂજ્ય ઉપા. શ્રી યશોવિજયજી મ. કૃત **સમકિતની સડસઠ બોલની** સજ્ઝાયમાં કહેલા સમ્યગ્દષ્ટિ આત્માના ૬૭ ગુણોવાળું જે આચરણ અર્થાત્ સદાચાર, તેને પણ ચારિત્ર કહેવાય છે. જો કે આ સદાચાર રૂપ ચારિત્ર દેશવિરતિ અને સર્વવિરતિની જેમ વિરમણરૂપ ન હોવાથી વિરતિ કહેવાતી નથી પરંતુ અવિરતિ કહેવાય છે. તો પણ મિથ્યાદૃષ્ટિ આત્માના દુરાચારોની અપેક્ષાએ આ સદાચારી જીવન પણ ગુણોયુક્ત આચરણ હોવાથી **સદાચાર રૂપ ચારિત્ર** કહેવાય છે. તેવા સદાચાર રૂપ ચારિત્રનો અનંતાનુબંધી કષાય ઘાત કરે છે માટે વાસ્તવિકપણે (પારમાર્થિકપણે) તે અવશ્ય ચારિત્રમોહનીય જ છે. દર્શનમોહનીય નથી. પરંતુ આવા સદાચારનો ઘાત કરાયે છતે તે સદાચાર જે સમ્યક્ત્વગુણથી આવનાર છે. તે સમ્યક્ત્વગુણનો પણ પરંપરાએ ઘાત થાય છે. એટલે સમ્યક્ત્વનો નાશક વસ્તુતઃ જો કે મિથ્યાત્વ જ છે અને સદાચારનો નાશક અનંતાનુબંધી છે. પરંતુ અનંતાનુબંધીથી સદાચાર હણાયે છતે પરંપરાએ સમ્યક્ત્વ ગુણ પણ હણાય જ છે. આ રીતે સમ્યક્ત્વગુણના પારમાર્થિકપણે ઘાતક એવા મિથ્યાત્વમોહનીયનો આ અનંતાનુબંધી કષાય સહચારી - સહાયક - ગાઢ મિત્ર છે તેથી ઉપચારે આ અનંતાનુબંધીને સમ્યક્ત્વનો ઘાતક પણ કહ્યો છે. સારાંશ કે આ અનંતાનુબંધી પરમાર્થે ચારિત્રનો ઘાતક હોવાથી ચારિત્રમોહનીયનો ભેદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને ઉપચારે સમ્યક્ત્વના ઘાતક એવા મિથ્યાત્વ મોહનીય કર્મનો મદદગાર હોવાથી પરમ્પરાએ સમ્યક્ત્વનો પણ ઘાતક કહેવાય છે. ચોરની સાથે રહેનારાને જેમ ચોર કહેવાય તેમ અહીં સમજવું.

મિથ્યાત્વમોહનીય કર્મ જિનેશ્વર પરમાત્મા પ્રણીત તત્ત્વો ઉપરની શ્રદ્ધા સ્વરૂપ સમ્યક્ત્વનું ઘાતક છે જ. અને તે પણ **સર્વથા ઘાતક છે.** માટે સર્વઘાતી જાણવું. અહીં પણ આ મનુષ્ય-પશુ-ઘટ-પટ છે. ઈત્યાદિ બાહ્ય સ્થૂલ દ્રવ્યો સંબંધી શ્રદ્ધા ઘાત ન થયેલી જે દેખાય છે તે પણ જલધરના ઉદાહરણથી સમજી લેવી. સ્વોપજ્ઞ ટીકામાં જ કહ્યું છે કે यत्तु तस्य प्रबलोदयेऽपि मनुष्यपश्वादिवस्तुश्रद्धानं तदपि जलधरोदाहरणाद-वसेयमिति ।

આ પ્રમાણે ૨૦ સર્વઘાતી પ્રકૃતિઓ અને તેના અનુસંધાનમાં આવતી ચાર જ્ઞાનાવરણીય અને ત્રણ દર્શનાવરણીય એમ સાત દેશઘાતી કર્મો સમજાવ્યાં. હવે બાકીની દેશઘાતી પ્રકૃતિઓ સમજાવીએ છીએ.

જૈનમ્ જયતિ શાસનમ્

ચાર સંજ્વલન કષાયો અને નવ નોકષાયો પ્રાપ્ત થયેલા એવા ચારિત્ર ગુણમાં અતિચારો (દોષો) જ માત્ર ઉત્પન્ન કરે છે. પરંતુ ચારિત્રગુણનો મૂલથી ઘાત કરતા નથી. માટે દેશઘાતી છે. છઠ્ઠા ગુણઠાણાથી દસમા ગુણઠાણા સુધી વર્તતા જીવોને સંજ્વલન અને નોકષાયોનો યથાયોગ્ય ઉદય હોવા છતાં પણ ચારિત્રગુણ અવશ્ય હોય જ છે. માટે સર્વથા ગુણઘાતક ન હોવાથી અને અતિચાર માત્રના જ ઉત્પાદક હોવાથી દેશઘાતી છે.

**પ્રશ્ન = નોકષાયોમાં** આ વાત બરાબર છે કે તે ચારિત્રના મૂલથી ઘાતક નથી. પરંતુ અતિચારજનક માત્ર છે તેથી દેશઘાતી કહ્યા તે ઘટે છે. પરંતુ સંજ્વલન કષાયોમાં આ વાત ઘટતી નથી કારણ કે સંજ્વલન ચાર કષાયોથી- ઘાત્યગુણ સામાન્ય સર્વવિરતિ ચારિત્ર નથી. પણ યથાખ્યાતચારિત્ર છે. સામાન્યચારિત્ર તો ત્રીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રત્યાખ્યાનાવરણથી ઘાત્ય છે. અને સંજ્વલનકષાયથી તો યથાખ્યાત ચારિત્ર ઘાત્ય છે. તથા સંજ્વલનકષાયના ઉદયકાળે તે યથાખ્યાતચારિત્ર તો અંશથી પણ આવતું નથી. અર્થાત્ તે યથાખ્યાતનો તો સર્વથા ઘાત કરે જ છે. કારણ કે એકલા સંજ્વલનનો ઉદય ૬ થી ૧૦માં હોય છે અને યથાખ્યાતચારિત્ર તો ૧૧ થી ૧૪માં આવે છે. તેથી તેનો ઘાત્યગુણ યથાખ્યાતચારિત્ર છે. તેનો તો તે સંજ્વલનકષાય સર્વથા જ ઘાત કરે છે. તેથી સંજ્વલનકષાયને સર્વઘાતી જ કહેવા જોઈએ ?

**ઉત્તર :-** અહીં પણ પરમાર્થથી વિચારીએ તો સંજ્વલનકષાયો યથાખ્યાત ચારિત્રના ઘાતક નથી. પરંતુ પ્રાપ્ત થયેલા ચારિત્રમાં અતિચારો જ ઉત્પન્ન કરનારા છે. અને અતિચારો ઉત્પન્ન કરનારા કષાયો હોય એટલે નિરતિચાર ચારિત્ર આવે નહીં. તેથી નિરતિચાર (યથાખ્યાત) ચારિત્રના ઘાતક તરીકે તે કષાયો પ્રસિદ્ધ છે. પરંતુ પરમાર્થથી જો વિચારીએ તો ત્રીજા પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય સર્વવિરતિ-ચારિત્રનો મૂલથી ઘાતક છે. એટલે કે તે કષાયનો ઉદય હોતે છતે ચારિત્ર આવતું જ નથી, તેથી તે કષાય સર્વઘાતી કહેવાય છે. સંજ્વલનકષાય તેવી રીતે સર્વવિરતિ ચારિત્રનો મૂળથી ઘાતક નથી. પરંતુ ત્રીજા કષાયના ક્ષયોપશમથી પ્રાપ્ત થયેલા ચારિત્રમાં કાંટા-કાંકરા નાખવાનું (દોષો ઉત્પન્ન કરવાનું) કામ આ સંજ્વલનનું છે. માટે આ કષાય ચારિત્રનો મૂળથી ઘાતક નથી તેથી સર્વઘાતી કહ્યો નથી. અને પ્રાપ્ત થયેલા ચારિત્રમાં અતિચાર ઉત્પાદક છે માટે દેશઘાતી કહ્યો છે. અને આ કષાયના ઉદયથી અતિચારો આવતા હોવાથી નિરતિચાર ચારિત્ર (યથાખ્યાતચારિત્ર) રોકાઈ જ રહે છે. તેથી તે યથાખ્યાતના ઘાતક તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે. (અહીં ''ઘાતક''- શબ્દનો અર્થ પ્રતિબંધક = અતિચારોત્પાદક કરવો.) તેથી સંજ્વલનકષાયોનું વાસ્તવિક કાર્ય પ્રાપ્તચારિત્રમાં અતિચારજનકતા માત્ર છે. જેમ મિથ્યાત્વમોહનીય સમ્યક્ત્વનો સર્વથા ઘાત કરે છે. માટે સર્વઘાતી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ સમ્યક્ત્વ મોહનીય પ્રાપ્તસમ્યક્ત્વમાં શંકા-કાંક્ષા આદિ અતિચારો જ ઉત્પન્ન કરે છે. માટે દેશઘાતી કહેવાય છે. તેમ અહીં ત્રીજો કષાય ચારિત્રનો મૂલથી ઉચ્છેદક છે તેથી સર્વઘાતી છે. અને ચોથો કષાય પ્રાપ્ત એવા તે ચારિત્રમાં અતિચારજનક છે તેથી દેશઘાતી જ છે, અને તેના કારણે નિરતિચાર ચારિત્રનો (યથાખ્યાતચારિત્રનો) તે કષાય પ્રતિબંધક બને છે.- એવો અર્થ સમજવો. શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે -

सव्वे वि य अइयारा, संजलणाणं तु उदयओ हुंति।
मूलच्छिज्जं पुण, होइ बारसण्हं कसायाणं॥

સર્વે પણ અતિચારો સંજ્વલનના ઉદયથી જ થાય છે. અને પ્રથમના બાર કષાયોનો ઉદય મૂળથી ચારિત્રનો ઉચ્છેદ કરનાર છે.

દાનાન્તરાય આદિ પાંચ અંતરાય કર્મો પણ દેશઘાતી છે. કારણ કે આ સમસ્ત લોકમાં જે પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય છે. તેમાંથી દાનને યોગ્ય, લાભને યોગ્ય, ભોગને યોગ્ય, અને ઉપભોગને યોગ્ય જે જે પુદ્ગલદ્રવ્યો છે તે સમસ્ત પુદ્ગલદ્રવ્યના એક દેશભૂત જ છે. અને આવા બાદરસ્કંધો સંપૂર્ણપુદ્ગલાસ્તિકાયના અનંતમા ભાગે જ છે. તેવા પ્રકારના અનંતમા ભાગે વર્તતા દાનયોગ્ય પુદ્ગલસ્કંધોને દાનાન્તરાય રોકે છે. એ પ્રમાણે લાભ યોગ્ય અનંતમા ભાગને લાભાન્તરાય રોકે છે. ભોગયોગ્ય અને ઉપભોગયોગ્ય અનંતમા ભાગને ભોગાન્તરાય અને ઉપભોગાન્તરાય રોકે છે. આ પ્રમાણે દેશને જ રોકનાર છે. માટે તે દેશઘાતી છે. આ રીતે આ ચારે કર્મો દાનાદિને યોગ્ય એવા અનંતમા ભાગરૂપ પુદ્ગલોનો જ દાનાદિ કરવામાં પ્રતિબંધ કરનારાં છે. માટે દેશઘાતી છે. પરંતુ લોકવર્તી સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્યોને આ જીવ દાનમાં આપતો નથી કે લાભ મેળવી શકતો નથી કે તે સર્વ પુદ્ગલોનો ભોગ-ઉપભોગ કરી શકતો નથી. તેની અંદર દાનાન્તરાય આદિ કર્મોનો ઉદય ન સમજવો. કારણ કે તે તે પુદ્ગલો ગ્રહણ-ધારણને યોગ્ય જ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરમાણુ, દ્વ્યણુકાદિ અનંતાણુક સુધીના અનંતા સૂક્ષ્મ સ્કંધો તથા ગ્રહણ-ધારણને અયોગ્ય એવા કેટલાક બાદર સ્કંધો દાન, લાભ, ભોગ અને ઉપભોગ માટે ગ્રહણ-ધારણનો વિષય જ ન હોવાથી દાનાદિ ક્રિયાનો વિષય બનતા નથી તેથી ત્યાં દાનાન્તરાયાદિ કર્મો પ્રતિબંધક સમજવા નહિ. આ રીતે આ ચાર અંતરાય કર્મો સર્વપુદ્ગલાસ્તિકાયના અંશમાત્રને અટકાયત કરનારા હોવાથી દેશઘાતી કહેવાય છે.

વીર્યાન્તરાય પણ દેશઘાતી છે. આત્માની શક્તિને સર્વથા હણનાર નથી. અતિશય મંદ ચૈતન્યવાળા સૂક્ષ્મ નિગોદીયા જીવને પણ વીર્યાન્તરાયનો ઉદય હોવા છતાં પોતાના ભવને યોગ્ય આહારગ્રહણ, આહારપરિણમન, પ્રતિસમયે કર્મદલિકગ્રહણ, સાત-આઠ કર્મરૂપે પરિણમન, ગત્યન્તરગમન ઈત્યાદિ વિષયવાળું વીર્ય તો અક્ષત જ રહે છે. આવાં આવાં કાર્યો કરવાવાળો વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ તે નિગોદીયા જીવોને પણ હોય જ છે, તેથી સૂક્ષ્મ નિગોદીયા જીવથી પ્રારંભીને બારમા ગુણસ્થાનક સુધીમાં વર્તતા સર્વે જીવોમાં આ વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ હીનાધિકપણે હોય જ. જો સર્વઘાતી હોત તો મિથ્યાત્વાદિ સર્વઘાતી પ્રકૃતિઓના ઉદયકાળે જેમ સમ્યક્ત્વાદિ ગુણ સર્વથા અપ્રગટ જ હોય છે, તેમ વીર્યમાં પણ તેવું થવું જોઈએ. પરંતુ તેમ થતું નથી. વીર્યાન્તરાયકર્મનો ગમે તેટલો મંદ અથવા તીવ્ર ઉદય હોય તો પણ તેનો ક્ષયોપશમ અંશતઃ તો અવશ્ય હોય જ છે અલ્પવીર્ય તો પ્રગટ રહે જ છે. તેથી તે વીર્યાન્તરાયકર્મ પણ દેશઘાતી છે.

આ ૨૦ સર્વઘાતી અને ૨૫ દેશઘાતી એમ ૪૫ પ્રકૃતિઓ જ્યારે બંધાય છે ત્યારે ૨।૩।૪ ઠાણીયા રસવાળી અને સર્વઘાતી રસે જ બંધાય છે. કારણ કે નવમા ગુણસ્થાનકના સંખ્યાતા બહુ ભાગ કાળ સુધી સર્વઘાતી રસ જ બંધાય છે. ત્યારબાદ ત્યાં બંધાતી દેશઘાતી ૧૭ પ્રકૃતિઓનો રસ દેશઘાતી અને એકસ્થાનિક બંધાય છે. પરંતુ ઉદયકાળે ચિત્ર-વિચિત્ર સ્થિતિ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) મતિજ્ઞાનાવરણીય, શ્રુતજ્ઞાનાવરણીય, અચક્ષુદર્શનાવરણીય અને પાંચ અંતરાય આ આઠ કર્મોનો રસ નિયમા દેશઘાતી થઈને જ ઉદયમાં આવે છે. કારણ કે જીવના આ જ્ઞાન-દર્શન અને વીર્ય ગુણો અંશતઃ સદાકાળ અનાવૃત રહે છે. તેથી આ આઠ કર્મોનો અંશતઃ પણ ક્ષયોપશમ વિપાકોદયકાળે ચાલુ જ હોય છે તેથી **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવવાળી** આ આઠ પ્રકૃતિઓ કહેવાય છે. અને તે તે આવાર્ય મતિજ્ઞાનાદિ ગુણો અંશતઃ સર્વ જીવોને અવશ્ય અનાવૃત જ હોય છે.

(૨) કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીય આ બે કર્મોનાં રસ સ્પર્ધકો સર્વઘાતી રૂપે જ ઉદયમાં આવે છે. આ બે કર્મોનાં રસસ્પર્ધકોને જીવ દેશઘાતી કરી શકતો નથી. તેથી તે ગુણો ઉદયકાળે પ્રગટ થતા નથી આ રીતે બે કર્મોનો કેવળ **ઔદયિકભાવ** જ હોય છે. અને તે સર્વઘાતી જ હોય છે. તેથી તે બેનો ક્ષયોપશમભાવ થતો નથી.

(૩) અવધિજ્ઞાનાવરણીય, અવધિદર્શનાવરણીય, ચક્ષુદર્શનાવરણીય અને મનઃપર્યવજ્ઞાનાવરણીય એમ ચારે કર્મોનો વિપાકોદય વર્તતો હોય ત્યારે આ જીવ ક્યારેક ભવ અથવા ગુણના નિમિત્તે તેનાં રસસ્પર્ધકોને હણીને દેશઘાતી રૂપે પણ ઉદયમાં લાવે છે. તે કાળે આ ચાર કર્મોનો **ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ** હોય છે. અને ચારે ગુણો ક્ષયોપશમાનુસારે પ્રગટ થાય છે. અને ક્યારેક ભવ અથવા ગુણની નિમિત્તતા ન હોય ત્યારે તે ચાર કર્મોનાં રસસ્પર્ધકોને સર્વઘાતીરૂપે ઉદયમાં લાવે છે તે કાળે **કેવળ ઔદયિકભાવ** કહેવાય છે. અને ગુણોની અપ્રાપ્તિ થાય છે.

(૪) નિદ્રા પંચકમાં પણ સર્વઘાતી રસસ્પર્ધકોનો જ ઉદય થાય છે. આ પ્રકૃતિઓ સર્વઘાતી હોવાથી તેના રસસ્પર્ધકોને હણીને દેશઘાતીરૂપે બનાવીને જીવ ઉદયમાં લાવી શકતો નથી. તેથી **કેવળ ઔદયિકભાવ** જ હોય છે, ક્ષયોપશમભાવ હોતો નથી. આ કારણથી સ્વ આવાર્ય પ્રાપ્તદર્શનલબ્ધિ રૂપ ગુણ આવૃત જ રહે છે. વળી આ પાંચ પ્રકૃતિઓ અધ્રુવોદયી છે. એટલે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે ઉદયમાં હોય ત્યારે તો સર્વઘાતી રસસ્પર્ધકો ઉદયમાં વર્તતાં હોવાથી સર્વઘાતી છે જ પરંતુ જ્યારે વિપાકોદયમાં આ નિદ્રાપંચક ન વર્તતું હોય ત્યારે પણ તેમાં સર્વઘાતી વિપાકોદય થવાની યોગ્યતા દૂર થઈ નથી સત્તાગતમાં પણ સર્વઘાતીપણાની યોગ્યતા છે. માટે તે સર્વઘાતી છે.

(૫) મિથ્યાત્વ મોહનીય અને આદ્ય બાર કષાયો એમ તેર પ્રકૃતિઓ સર્વઘાતી છે. તેથી સર્વઘાતી રૂપે જ રસસ્પર્ધકો વિપાકોદયકાળે ઉદયમાં આવે છે અને સ્વ સ્વ આવાર્ય સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિ ગુણોનો ઘાત કરે છે. પરંતુ આ તેર પ્રકૃતિઓનાં કર્મદલિકોને સજાતીય એવી પરપ્રકૃતિઓમાં સંક્રમાવીને પરપ્રકૃતિના રૂપે જ્યારે ઉદયમાં લાવે છે કે જેને શાસ્ત્રોમાં પ્રદેશોદયં કહેવાય છે. ત્યારે સ્વ-આવાર્ય ગુણોની પ્રગટતામાં તે બાધક થતા નથી. પરંતુ પ્રાપ્તગુણોમાં આ પ્રદેશોદય અતિચાર ઉત્પાદક બને છે. જેમ કે મિથ્યાત્વમોહનીયના કર્મપ્રદેશો મિથ્યાત્વમોહનીય રૂપે ઉદયમાં આવે તો સમ્યક્ત્વના ઘાતક બને છે પરંતુ સમ્યક્ત્વ મોહનીય રૂપે થઈને ઉદયમાં આવે તો સમ્યક્ત્વના ઘાતક બનતા નથી. પરંતુ પ્રાપ્ત-સમ્યક્ત્વમાં શંકા-કાંક્ષા આદિ અતિચાર ઉત્પાદક બને છે. આ જ પ્રમાણે અનંતાનુબંધી આદિ પ્રથમની ત્રણ કષાયોની ચોકડી વિપાકોદય રૂપે (પોતાના રૂપે) ઉદયમાં આવે તો અનુક્રમે સમ્યક્ત્વ, દેશવિરતિ અને સર્વવિરતિની ઘાતક બને છે. પરંતુ સજાતીય એવી પરપ્રકૃતિમાં (એટલે કે અનંતાનુબંધી કષાય, શેષ બારમાં, અપ્રત્યાખ્યાનીય કષાય, પ્રત્યાખ્યાનાદિ આઠમાં અને પ્રત્યાખ્યાનાવરણ-સંજ્વલનમાં) સંક્રમાવીને જો ઉદયમાં લાવે તો તે આદ્ય બાર કષાયોનો પ્રદેશોદય હોવાથી આ ચોકડી સ્વ-આવાર્ય ગુણોની ઘાતક બનતી નથી. પરંતુ દોષ ઉત્પાદક બને છે. એટલે રસોદયકાળે ક્ષયોપશમ વિરોધી છે પરંતુ પ્રદેશોદયકાળે ક્ષયોપશમ અવિરોધી છે.

(૬) ચાર સંજ્વલન કષાયો અને નવ નોકષાયોનાં રસસ્પર્ધકોને હણી હણીને દેશઘાતી રૂપે જ આ જીવ ઉદયમાં લાવે છે. એટલે તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેર પ્રકૃતિઓનો ક્ષયોપશમભાવ રસોદયકાળે પણ હોય છે. તેથી વિપાકોદય હોવા છતાં પણ ગુણપ્રગટતા થાય છે. એથી આ તેર પ્રકૃતિઓ દેશઘાતી કહેવાય છે. આ પ્રમાણે ૮+૨+૪+૫+૧૩+૧૩ =૪૫ પ્રકૃતિઓના ઘાતી-અઘાતી પણાની ચર્ચા સમજાવી.

૮ પ્રકૃતિઓનો સદાકાળ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ જ હોય છે. અને દેશઘાતી છે.

૨ પ્રકૃતિઓનો સદાકાળ કેવળ ઔદયિકભાવ જ છે. અને સર્વઘાતી છે.

૪ પ્રકૃતિઓનો ક્યારેક ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ અને ક્યારેક કેવળ ઔદયિકભાવ હોય છે. ઉદયની સાથે ક્ષયોપશમ અવિરોધી હોવાથી દેશઘાતી છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

૫ પ્રકૃતિઓ અધ્રુવોદયી છે. જ્યારે ઉદય હોય ત્યારે કેવળ ઔદયિકભાવ જ છે અને ઉદય ન હોય ત્યારે સત્તાગતમાં પણ સર્વઘાતની યોગ્યતા હોવાથી સર્વઘાતી છે.

૧૩ પ્રકૃતિઓનો વિપાકોદયકાળે (સ્વરૂપે ઉદયમાં આવે ત્યારે) ક્ષયોપશમ ન હોય તેથી સર્વઘાતી છે. પરંતુ પ્રદેશોદયકાળે (પોતાના કર્મપ્રદેશો સજાતીય એવી પરપ્રકૃતિમાં સંક્રમાવીને) ઉદયમાં લાવે ત્યારે ક્ષયોપશમ થાય છે. રસોદયની સાથે ક્ષયોપશમભાવ વિરોધી છે. પરંતુ પ્રદેશોદયની સાથે ક્ષયોપશમભાવ અવિરોધી છે.

૧૩ પ્રકૃતિઓ (૯ નોકષાય અને ૪ સંજ્વલન)નો વિપાકોદયકાળે તથા પ્રદેશોદયકાળે એમ બન્ને અવસ્થામાં ક્ષયોપશમ હોય છે. તેથી જ આ પ્રકૃતિઓ દેશઘાતી છે.

આ પ્રમાણે જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, મોહનીય ૨૬ અને અંતરાયની ૫ એમ ઘાતીકર્મોની કુલ ૪૫ પ્રકૃતિઓનું વર્ણન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજાવ્યું. સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયનો બંધ ન હોવાથી ગણી નથી. પરંતુ ઉદયને આશ્રયી સમ્યક્ત્વમોહનીય દેશઘાતી છે. તેથી સમ્યક્ત્વને અટકાવી શકતી નથી પરંતુ શંકા-કાંક્ષા આદિ અતિચારોત્પાદક બને છે. અને મિશ્રમોહનીય સર્વઘાતી છે. તે સમ્યક્ત્વની પ્રતિબંધક છે.

હવે ૭૫ અઘાતી પ્રકૃતિઓ સમજાવાય છે. વેદનીયની ૨, આયુષ્યકર્મની ૪, નામકર્મની ૬૭, અને ગોત્રકર્મની ૨, એમ ચાર મૂલકર્મોની ૭૫ પ્રકૃતિઓ અઘાતી છે. **पत्तेय** = પરાઘાતાદિ આઠ પ્રત્યેકની, **तणुट्ठ** = શરીરાદિ ત્રીજી ગાથામાં કહ્યા પ્રમાણે આઠ, એટલે કે શરીર ૫, અંગોપાંગ ૩, સંસ્થાન ૬, સંઘયણ ૬, જાતિ ૫, ગતિ ૪, વિહાયોગતિ ૨, આનુપૂર્વી ૪, એમ કુલ શરીરાષ્ટકની ૩૫, **आऊ** આયુષ્યની ૪, **तसवीसा** = ત્રસદશક અને સ્થાવરદશક, **गोयदुग** = ત્રીજી ગાથામાં કહ્યાં પ્રમાણે ગોત્રદ્વિક અને વેદનીયદ્વિક, કુલ ૪, તથા વર્ણચતુષ્ક આ પ્રમાણે ચાર અઘાતી કર્મોની કુલ પ્રકૃતિઓ ૮+૩૫+૪+૨૦+૪+૪=૭૫ અઘાતી છે. આ પ્રકૃતિઓ જો કે અઘાતી છે એટલે આત્મગુણોનો સ્વતંત્રપણે ઘાત કરતી નથી. પરંતુ ચોરોની સાથે રહેતો શાહુકાર પણ સંસારમાં ચોર જ કહેવાય છે. તેમ આ ૭૫ પ્રકૃતિઓ ઘાતીની સાથે ભળી છતી ઘાતીની તુલ્ય જ કહેવાય છે, જેમ કે ભરતક્ષેત્રના આ કાળના માનવીનું તથા મહાવિદેહક્ષેત્રમાં છદ્મસ્થ અવસ્થામાં રહેનારા માનવીને (૧) મનુષ્યાયુષ્ય, મનુષ્યગતિ, પંચેન્દ્રિયજાતિ, ઔદારિકશરીર, ઔદારિક, અંગોપાંગ, સંઘયણ, સંસ્થાન અને ઉચ્ચગોત્ર આદિ અઘાતી કર્મ પ્રકૃતિઓ જો કે અઘાતી જ છે. છતાં કેવળજ્ઞાન અને કેવળદર્શન આદિ ક્ષાયિકભાવના ગુણો ન પ્રગટે તેવા જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયાદિ કર્મોના ઉદયકાળે આ અઘાતી પ્રકૃતિઓ ઉદયમાં વર્તે છે. એટલે આ અઘાતીનો ઉદય પણ કેવળજ્ઞાનાવરણીય અને કેવળદર્શનાવરણીયાદિના ઉદયને મદદગાર થયો છતો "**સર્વઘાતી**" તુલ્ય જ ગણાય છે. ॥ ૧૩-૧૪ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે પુણ્ય - પાપ પ્રકૃતિદ્વાર સમજાવે છે -

**सुरनरतिगुच्चसायं, तसदसतणुवंगवइरचउरंसं।**
**परघासग तिरियाऊ, वन्नचउपणिंदिसुहखगई।। १५।।**

(सुरनरत्रिकोच्चैस्सातानि, त्रसदशकतनूपांगवज्रचतुरस्राणि।
पराघातसप्तकं तिर्यगायुः, वर्णचतुष्कपञ्चेन्द्रियशुभखगतयः ।।१५ ॥)

**सुरनरतिग** = દેવનું ત્રિક અને મનુષ્યનું ત્રિક, **उच्च** = ઉચ્ચગોત્ર, **सायं**=સાતા વેદનીય, **तसदस** = ત્રસનું દશક, **तणुवंग** = પાંચ શરીર અને ત્રણ ઉપાંગ, **वइर** = વજ્રઋષભનારાચ, **चउरंसं** = સમચતુરસ્ર, **परघासग** = પરાઘાતસપ્તક, **तिरियाऊ** = તિર્યંચનું આયુષ્ય, **वन्नचउ** = વર્ણ ચતુષ્ક, **पणिंदि** = પંચેન્દ્રિય જાતિ, **सुहखगई** = શુભવિહાયોગતિ. ॥ ૧૫ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ગાથાર્થ** = દેવત્રિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, સાતાવેદનીય, ત્રસદશક, પાંચ શરીર, ત્રણ ઉપાંગ, વજ્રઋષભનારાચ, સમચતુરસ્ર, પરાઘાતસપ્તક, તિર્યગાયુ, વર્ણચતુષ્ક, પંચેન્દ્રિયજાતિ અને શુભ વિહાયોગતિ એમ ૪૨ પુણ્યપ્રકૃતિઓ જાણવી. ॥ ૧૫ ॥

**વિવેચન** = જે કર્મના ઉદયકાળે જીવને સુખ ઉપજે, સાનુકૂળતા પ્રાપ્ત થાય, સાંસારિક સુખની સામગ્રી મળે તથા ધર્મની સામગ્રી મળે તેવા કર્મોને પુણ્યકર્મ કહેવાય છે. અને જે કર્મના ઉદયકાળે જીવને દુઃખ ઉપજે, પ્રતિકૂળતા પ્રાપ્ત થાય, દુઃખની સામગ્રી મળે, ધર્મની સામગ્રી ન મળે તેવા કર્મોને પાપકર્મ કહેવાય છે. પુણ્યકર્મની ૪૨ પ્રકૃતિઓ છે. તે આ પ્રમાણે -

મૂલગાથામાં લખેલો तिग શબ્દ सुर અને नर એમ બન્નેની સાથે જોડવો જેથી સુરત્રિક (દેવગતિ, દેવાનુપૂર્વી, અને દેવાયુષ્ય). મનુષ્યત્રિક (મનુષ્યગતિ-મનુષ્યની આનુપૂર્વી અને મનુષ્યનું આયુષ્ય).

ઉચ્ચગોત્ર, સાતા વેદનીય, ત્રસદશક, પાંચ શરીરનામકર્મ, ત્રણ ઉપાંગનામકર્મ, વજ્રઋષભનારાચ સંઘયણનામકર્મ, સમચતુરસ્ર સંસ્થાન નામકર્મ, પરાઘાતસપ્તક (પરાઘાત-ઉચ્છ્વાસ-આતપ-ઉદ્યોત- અગુરુલઘુ- તીર્થંકરનામકર્મ અને નિર્માણનામકર્મ) તિર્યંચાયુષ્ય, વર્ણ ચતુષ્ક (વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ) પંચેન્દ્રિયજાતિ, અને શુભવિહાયોગતિ એમ કુલ ૪૨ પુણ્ય- પ્રકૃતિઓ છે. અહીં કેટલીક ચર્ચા જાણવા જેવી છે. જે પ્રશ્નોત્તરી રૂપે હવે પછીની બે ગાથામાં લખીશું. ॥ ૧૫ ॥

હવે પાપપ્રકૃતિઓ સમજાવે છે -

**बायाल पुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा।**
**तिरियदुग असाय, नीओवघाय इग विगल निरयतिगं॥१६॥**

**थावरदसवन्नचउक्क, घाइ पणयाल सहिय बासीई।**
**पावपयडि त्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा॥१७॥**

(द्विचत्वारिंशत्पुण्यप्रकृतयोऽप्रथमसंस्थानखगतिसंहननानि।
तिर्यग्द्विकमसातं नीचैरूपघातैकेन्द्रियविकलेन्द्रियनरकत्रिकम् ॥१६॥

स्थावरदशकवर्णचतुष्कं घातिभिः पञ्चचत्वारिंशद्भिः सहिता द्व्यशीतयः
पापप्रकृतय इति द्वयोरपि वर्णादिग्रहात्शुभा अशुभाः॥१७॥)

**बायाल** = બેંતાલીસ, **पुन्नपगई** = પુણ્ય પ્રકૃતિઓ છે, **अपढम** = પહેલા વિનાની, **संठाणखगइसंघयणा** = પાંચ સંસ્થાનની, વિહાયોગતિની અને પાંચ સંઘયણની પ્રકૃતિઓ, **तिरिदुग** = તિર્યંચનું દ્વિક, **असाय** = અસાતાવેદનીય, **नीअ** = નીચગોત્ર, **उवघाय** = ઉપઘાતનામકર્મ, **इग** = એકેન્દ્રિયજાતિ, **विगल** = વિકલેન્દ્રિયત્રિક, **निरयतिगं** = નરકનું ત્રિક ॥ ૧૬ ॥

**थावरदसग** = સ્થાવરની દશ, **वन्नचउक्क** = વર્ણચતુષ્ક, **घाइ** = ઘાતીકર્મોની **पणयाल** = પીસ્તાલીસ પ્રકૃતિઓ, **सहिअ** = સહિત,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**बासीई** = બ્યાસી **पावपयडित्ति** = પાપપ્રકૃતિઓ છે. **दोसु वि** = પુણ્ય અને પાપ એમ બન્નેમાં **वन्नाइगहा** = વર્ણાદિનું ગ્રહણ હોવાથી, **सुहा असुहा** = શુભ-અશુભ છે. ॥૧૭

**ગાથાર્થ** = ઉપરની ગાથામાં કહેલી ૪૨ પુણ્ય પ્રકૃતિઓ છે. તથા પહેલા વિનાનાં પાંચ સંસ્થાન, અશુભવિહાયોગતિ, પાંચ સંઘયણ, તિર્યંચદ્વિક, અસાતા વેદનીય, નીચગોત્ર, ઉપઘાતનામકર્મ, એકેન્દ્રિયજાતિ, વિક્લેન્દ્રિયત્રિક, નરકનું ત્રિક, સ્થાવરનું દશક, વર્ણચતુષ્ક, અને ઘાતીકર્મોની ૪૫ પ્રકૃતિઓ સહિત કુલ ૮૨ પાપ પ્રકૃતિઓ છે. વર્ણાદિ ચતુષ્કનું ગ્રહણ પુણ્ય અને પાપ એમ બન્નેમાં હોવાથી શુભ પણ છે. અને અશુભ પણ છે. ॥ ૧૬-૧૭ ॥

**વિવેચન** - ઉપરની ૧૫મી ગાથામાં જે ૪૨ પ્રકૃતિઓ જણાવી છે. તે પુણ્યપ્રકૃતિઓ કહેવાય છે. હવે ૮૨ પાપ પ્રકૃતિઓ જણાવે છે. અપઢમ શબ્દ પાછળના ત્રણેની સાથે જોડવો. પહેલા વિનાનાં પાંચ સંસ્થાન, બીજી અશુભ વિહાયોગતિ, પહેલા વિનાનાં પાંચ સંઘયણ, તિર્યંચનું દ્વિક, અસાતાવેદનીય, નીચગોત્ર, ઉપઘાતનામકર્મ, એકેન્દ્રિય જાતિ, વિક્લેન્દ્રિયત્રિક, નરકનું ત્રિક, સ્થાવરનું દશક, વર્ણચતુષ્ક, અને ઘાતી કર્મોની ૪૫ પ્રકૃતિઓ (જ્ઞાના. ૫, દર્શના.૯, મોહનીયની ૨૬, અને અંત. ૫) એમ કુલ ૮૨ પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ કહેવાય છે. પૂર્વે કહેલી ૪૨ પ્રકૃતિઓના ઉદયકાળે જીવ સુખી થાય છે. અને ૮૨ પ્રકૃતિઓના ઉદયકાળે જીવ દુ:ખી થાય છે તેથી તે પુણ્ય-પાપ કહેવાય છે.

**પ્રશ્ન** = ૪૨+૮૨ મેળવતાં ૧૨૪ થાય. અને બંધમાં તો આઠે કર્મોની પ્રકૃતિઓ ૧૨૦ કહી છે. તો અંકની સરખી સમાન સંખ્યા મળતી ન હોવાથી વિરોધ કેમ નહીં આવે?

**ઉત્તર** = વર્ણાદિ ચતુષ્ક શુભમાં પણ છે. અને અશુભમાં પણ છે. કારણ કે વર્ણના પાંચ ભેદોમાંથી ત્રણ શુભમાં છે અને બે અશુભમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ગંધમાં સુરભિગંધ પુણ્યમાં છે અને દુરભિગંધ પાપમાં છે. આ રીતે રસાદિમાં પણ છે. એમ વર્ણાદિ ચારનું ગ્રહણ બન્નેમાં લેવાથી પ્રશસ્ત= શુભ સ્વભાવવાળા પણ વર્ણાદિ છે અને અશુભ=અપ્રશસ્ત સ્વભાવવાળા પણ વર્ણાદિ છે. એમ ઉભયસ્થાને ગ્રહણ કરવાથી ૧૨૦ના બદલે ૧૨૪ની સંખ્યા થાય છે.

**પ્રશ્ન** = તિર્યંચાયુષ્ય પુણ્યમાં કહ્યું છે. અને તિર્યંચગતિ તથા તિર્યંચાનુપૂર્વી પાપમાં ગણી છે. આમ કેમ કર્યું? બાકીના ત્રિકોમાં દેવત્રિક અને મનુષ્યત્રિક પુણ્યમાં ગણ્યું છે. અને નરકનું ત્રિક પાપમાં ગણ્યું છે. તો અહીં આવો ભેદ કેમ કર્યો?

**ઉત્તર** = તિર્યંચભવમાં જવું તે ગતિ, તે ભવ તરફ લઈ જાય તે આનુપૂર્વી. આ બન્ને ભાવો કોઈને ઈષ્ટ નથી. કોઈ કહે કે તમે મરીને કુતરા-બીલાડા-ગાય કે વાઘ-સિંહ થવાના છો તો તે કોઈ જીવને ગમતું નથી માટે ગતિ અને આનુપૂર્વી અશુભમાં લીધી છે. પરંતુ પૂર્વબદ્ધ કર્મના ઉદયથી જો તિર્યંચમાં જવું જ પડ્યું. તો ત્યાં ગયા પછી રહેવું ગમે છે. મરવું ગમતું નથી. જીવવું ગમે છે. અર્થાત્ તિર્યંચ ભવનું જીવન તે જીવને વહાલું છે. માટે આયુષ્ય પુણ્યમાં ગણ્યું છે.

**પ્રશ્ન** = બેંતાલીસને પુણ્ય અને બ્યાસીને પાપ પ્રકૃતિઓ કેમ કહેવાય છે ?

**ઉત્તર** = शुभकारणजन्यत्वात् शुभा उच्यन्ते, अशुभकारणजन्यत्वात् अशुभा उच्यन्ते = શુભ કારણો સેવવાથી બંધાયેલું જે કર્મ અર્થાત્ મન, વચન અને કાયાની શુભપ્રવૃત્તિથી બંધાયેલું જે કર્મ તે પુણ્યકર્મ અથવા શુભકર્મ કહેવાય છે. અને અશુભ કારણો સેવવાથી બંધાયેલું જે કર્મ, અર્થાત્ મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિથી બંધાયેલું જે કર્મ તે પાપકર્મ અથવા અશુભકર્મ કહેવાય છે. આ જ કારણથી પુણ્યકર્મના ઉદયકાળે સાનુકૂળતા અને પાપકર્મના ઉદયકાળે આ જીવને પ્રતિકૂળતા પ્રાપ્ત થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** = સુખ આપે તે સાતા, અને દુઃખ આપે તે અસાતા કહેવાય છે. પ્રીતિ પ્રાપ્ત કરાવે તે રતિમોહનીય, અને અપ્રીતિ પ્રાપ્ત કરાવે તે શોકમોહનીય છે. આ સાતા અને રતિમાં, તથા અસાતા અને અરતિમાં તફાવત શું?

**ઉત્તર** = સાંસારિક સાનુકૂળતાઓ મળે, સુખની સામગ્રી મળે, ગાડી-વાડી વગેરે સંપત્તિ મળે તે સઘળી પરિસ્થિતિને તથા સુખનો જે અનુભવ થાય તેને સાતાવેદનીય કહેવાય છે. અને તેમાં **"આ સુખ છે"** એવી જે સુખબુદ્ધિ થાય છે અર્થાત્ એમાં જીવ જે હરખાઈ જાય છે. આનંદ માને છે. તે રતિમોહનીય છે. એવી જ રીતે સાંસારિક પ્રતિકૂળતાઓ મળે, દુઃખની સામગ્રી મળે, રહેવાની-ખાવા-પીવાની-પહેરવાની પ્રતિકૂલ પરિસ્થિતિ પ્રાપ્ત થાય તથા જીવ પીડા અનુભવે તે અસાતાવેદનીય, અને તેમાં **"આ દુઃખ છે"** એમ સમજી દુઃખબુદ્ધિ થાય, અપ્રીતિ થાય એમાં જીવ જે આકુળ-વ્યાકુળ થઈ જાય છે તે અરતિમોહનીય જાણવું. સુખ મળવું તે સાતા, તેને સુખ માનવું તે રતિ, દુઃખ મળવું તે અસાતા, અને તેને દુઃખ માનવું તે અરતિ એમ ભેદ જાણવો.

**પ્રશ્ન** = અહીં ઘાતીકર્મોની ૪૫ પ્રકૃતિઓને પાપપ્રકૃતિ તરીકે ગણાવી છે પરંતુ તત્ત્વાર્થસૂત્રના આઠમા અધ્યાયના ૮-૨૬ અન્તિમસૂત્રમાં હાસ્ય-રતિ-પુરુષવેદ અને સમ્યક્ત્વમોહનીય આ ચારે પ્રકૃતિઓ ઘનઘાતી કર્મોની (ખાસ કરીને મોહનીયની) હોવા છતાં શુભકર્મમાં જણાવી છે. તે કેમ ઘટશે?

**ઉત્તર** = તાત્ત્વિક રીતિએ આ અશુભ પ્રકૃતિઓ હોવા છતાં પણ અપેક્ષા વિશેષે ઉપચાર કરીને વ્યવહારમાત્રથી તત્ત્વાર્થસૂત્રમાં શુભ કહેવામાં આવી છે. જેમ કે હાસ્ય-રતિ અને અરતિ-શોક આ ચારે મોહનીય હોવાથી અશુભ જ છે. પરંતુ વ્યવહાર માત્રથી અરતિ-શોક કરતાં હાસ્ય-રતિ સારું તથા હાસ્ય-રતિ જીવને ગમે છે, એમ સમજી તે બન્નેને શુભ કહી છે. ત્રણે વેદની પ્રકૃતિઓ મોહનીય હોવાથી અશુભ, છતાં પણ નપુંસકવેદ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્ત્રીવેદ કરતાં પુરુષવેદ સારો. પુરુષપણું જીવને ગમે છે. ઈષ્ટ છે. એવી જ રીતે સમ્યક્ત્વમોહનીય પણ શંકા-કુશંકા કરાવનાર હોવાથી અને મોહનીયના ઘરની હોવાથી અશુભ હોવા છતાં પણ મિથ્યાત્વ અને મિશ્ર કરતાં સારી. આ રીતે આ ચાર પ્રકૃતિઓ અશુભ કરતાં સારી છે. એમ સમજીને વ્યવહારમાત્રથી શુભ ગણવામાં આવી છે. પરમાર્થથી તો મોહનીયની સર્વે પ્રકૃતિઓ અશુભ જ છે. ॥ ૧૬-૧૭ ॥

**હવે પરાવર્તમાન અને અપરાવર્તમાન પ્રકૃતિઓ કહે છે. તેમાં અપરાવર્તમાન પ્રકૃતિઓ અલ્પ હોવાથી તે પ્રથમ કહે છે.**

**नामधुवबंधिनवगं, दंसण पणनाण विग्घ परघायं।**
**भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरियत्ता ॥१८॥**

(नामध्रुवबन्धिनवकं, दर्शनं पञ्च ज्ञानानि विघ्नं पराघातम्।
भयजुगुप्सामिथ्यात्वोच्छ्वासं, जिनमेकोनत्रिंशदपरावर्तमानाः ॥१८॥)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**नामधुवबंधिनवगं** = નામકર્મની ધ્રુવબંધી નવ, **दंसण** = દર્શનાવરણીય ચાર, **पणनाण** = જ્ઞાનાવરણીયની પાંચ, **विग्घ** = અંતરાયની પાંચ, **परघायं** = પરાઘાત, **भयकुच्छ** = ભય, જુગુપ્સા, **मिच्छसासं** = મિથ્યાત્વ અને ઉચ્છ્વાસ, **जिण** = જિનનામકર્મ, **गुणतीसा** = ૨૯ પ્રકૃતિઓ, **अपरियत्ता** = અપરાવર્તમાન છે. ॥૧૮॥

**ગાથાર્થ** = નામકર્મની ધ્રુવબંધી નવ પ્રકૃતિઓ, દર્શનાવરણીય કર્મની ચાર પ્રકૃતિઓ, જ્ઞાનાવરણીયની પાંચ, અંતરાયની પાંચ, પરાઘાત, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ, ઉચ્છ્વાસ, અને જિનનામકર્મ એમ ૨૯ પ્રકૃતિઓ અપરાવર્તમાન છે. ॥૧૮॥

**વિવેચન** = વર્ણ ચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ અને ઉપઘાત એમ નામકર્મની ધ્રુવબંધી ૯, દર્શનાવરણીય કર્મની ચાર, જ્ઞાનાવરણીય કર્મની પાંચ, અંતરાયકર્મની પાંચ, પરાઘાત, ભય, જાગુપ્સા,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મિથ્યાત્વ, ઉચ્છ્વાસ અને તીર્થંકરનામકર્મ એમ કુલ ૨૯ પ્રકૃતિઓ અપરાવર્તમાન છે.

આ ઓગણત્રીસ પ્રકૃતિઓ એવી છે કે જ્યારે તેનો પોતાનો બંધ અથવા તેનો પોતાનો ઉદય, અથવા તેનો પોતાનો બંધોદય એમ ઉભય શરૂ કરવો હોય અથવા ચાલતો હોય ત્યારે તેની પૂર્વે ચાલતા અન્ય કોઈ પણ બીજી પ્રકૃતિના બંધને, ઉદયને કે ઉભયને અટકાવ્યા વિના જ પોતાના બંધ, ઉદય અને ઉભયને જણાવે છે તેથી તે અપરાવર્તમાન પ્રકૃતિ કહેવાય છે. અહીં પણ કેટલીક પ્રશ્નોતરી જાણવા જેવી છે. જે હવે પછીની ગાથામાં સમજાવાશે. ॥ ૧૮ ॥

**હવે પરાવર્તમાન પ્રકૃતિઓ કહે છે.**

**तणु अट्ठ वेय दुजुयल, कसायउज्जोयगोयदुग निद्दा।**
**तसवीसा ऊ परित्ता, खित्तविवागाणुपुव्वीओ ॥१९॥**

(तन्वष्टकं वेदा द्वियुगलं, कषायोद्योतगोत्रद्विकनिद्राः।
त्रसविंशतिरायुः परावर्तमानाः, क्षेत्रविपाका आनुपूर्व्यः ॥१९॥)

**तणुअट्ठ** = શરીરાદિ આઠની ૩૩ પ્રકૃતિઓ, **वेय** = ત્રણ વેદો, **दुजुयल** = હાસ્ય-રતિ અને અરતિ-શોકનાં બે યુગલ, **कसाय** = સોળ કષાયો, **उज्जोय** = ઉદ્યોતદ્વિક, **गोयदुग** = ગોત્રદ્વિક તથા વેદનીયદ્વિક, **निद्दा** = નિદ્રાપંચક, **तसवीसाउ** = ત્રસની વીસ પ્રકૃતિઓ અને આયુષ્ય ૪, **परित्ता** = પરાવર્તમાન, **खित्तविवाग** = ક્ષેત્રવિપાકી, **अणुपुव्वीओ** = આનુપૂર્વી. ॥૧૯॥

**ગાથાર્થ** = શરીરાદિ આઠની ૩૩ પ્રકૃતિઓ, ત્રણ વેદો, બે યુગલ, સોળ કષાય, ઉદ્યોતદ્વિક, ગોત્રદ્વિક, પાંચ નિદ્રા, ત્રસની વીસ પ્રકૃતિઓ અને ચાર આયુષ્ય એમ કુલ ૯૧ પ્રકૃતિઓ પરાવર્તમાન છે. અને ચાર આનુપૂર્વીઓ ક્ષેત્રવિપાકી છે. ॥ ૧૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** = જે પ્રકૃતિઓ બીજી પ્રકૃતિઓના ચાલતા બંધ-ઉદય અથવા ઉભયને અટકાવીને પોતાના બંધ-ઉદય અને ઉભયને જણાવે તે પરાવર્તમાન પ્રકૃતિ કહેવાય છે. તે ૧૨૦ ને આશ્રયી ૯૧ છે. અને ૧૨૨ ને આશ્રયી ૯૩ છે. શરીરાદિ આઠ એટલે ત્રીજી મૂલગાથામાં કહેલા ક્રમે આઠ સમજી લેવી. ત્યાં તૈજસ અને કાર્મણ અપરાવર્તમાન ૨૯ માં આવી ગયેલ હોવાથી તે બે શરીર વિના ૩ શરીર, ૩ અંગોપાંગ, ૬ સંસ્થાન, ૬ સંઘયણ, ૫ જાતિ, ૪ ગતિ, ૨ વિહાયોગતિ, અને ૪ આનુપૂર્વી એમ કુલ ૩૩ પ્રકૃતિઓ. ત્રણ વેદો, હાસ્ય-રતિ, અરતિ-શોક એમ બે યુગલની ૪, ૧૬ કષાયો, ઉદ્યોત અને આતપ એમ ૨, ગોત્રની ૨, વેદનીયની ૨, પાંચ નિદ્રાની ૫, ત્રસાદિ ૨૦ અને આયુષ્યની ચાર એમ કુલ ૯૧ પ્રકૃતિઓ પરાવર્તમાન છે. અહીં આઠે કર્મની બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ હોય છે. તેમાંથી અપરાવર્તમાન ૨૯ પૂર્વે આવી ગયેલી છે તેથી શેષ ૯૧ પરાવર્તમાન છે. પરંતુ સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર મોહનીય એમ બે ઉદયમાં વધારે હોય છે. તેથી આઠે કર્મની ૧૨૨ થાય છે. ત્યારે અપરાવર્તમાન ૨૯ પરંતુ પરાવર્તમાન ૯૧ ને બદલે ૯૩ સમજવી.

**પ્રશ્ન** = અહીં ૧૬ કષાયો અને પાંચ નિદ્રા તો ૪૭ ધ્રુવબંધીમાં આવી છે. તેથી ધ્રુવબંધી હોવાના કારણે એકી સાથે બધી જ બંધાય છે. કોઈના પણ બંધને અટકાવીને પોતાનો બંધ દેખાડતી નથી. તો પરાવર્તમાન કેમ કહો છો?

**ઉત્તર** = ૯૧ માંથી આ ૧૬+૫ =૨૧ પ્રકૃતિઓ માત્ર ઉદયમાં જ પરાવર્તમાન છે, બંધમાં નહીં. ઉદયકાળે ક્રોધનો ઉદય તો જ થાય છે કે પૂર્વે જે માનાદિનો ઉદય હોય તેનું વિરમણ થાય. એવી જ રીતે માનનો ઉદય તો જ થાય છે કે પૂર્વે જે ક્રોધ-માયા કે લોભનો ઉદય હોય તે વિરામ પામે. તથા નિદ્રાપંચકમાં પણ નિદ્રાનો ઉદય વિરામ પામે તો જ નિદ્રાનિદ્રા આદિ ઉદયમાં આવે. આ પ્રમાણે આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૧ પ્રકૃતિઓ માત્ર ઉદયને આશ્રયી પરસ્પર વિરોધી હોવાથી અને તેથી જ અધ્રુવોદયી હોવાથી પરાવર્તમાન છે. પરંતુ ધ્રુવબંધી હોવાથી બંધને આશ્રયી સાથે જ બંધાય છે. તેથી બંધમાં પરાવર્તમાન નથી.

**પ્રશ્ન** = સ્થિર-અસ્થિર અને શુભ અને અશુભ ધ્રુવોદયી છે. સર્વે જીવોને સાથે ઉદયમાં હોય છે. પરસ્પર વિરોધી નથી. તો પરાવર્તમાન કેમ કહી?

**ઉત્તર** = આ ચાર પ્રકૃતિઓ માત્ર બંધમાં જ પરાવર્તમાન છે. પરંતુ ઉદયમાં નહીં. કારણ કે ધ્રુવોદયી હોવાથી ઉદયમાં સાથે જ હોય છે. પરસ્પર કોઈના પણ ઉદયને અટકાવીને પોતાનો ઉદય કરતી નથી. માટે ઉદયને આશ્રયી પરાવર્તમાન નથી, પરંતુ અધ્રુવબંધી છે. સાથે બંધાતી નથી. તેથી એક-બીજાના બંધને રોકીને જ પોતાનો બંધ દેખાડે છે. તેથી આ ચાર પ્રકૃતિઓ માત્ર બંધને આશ્રયી જ પરાવર્તમાન છે.

બાકીની ૬૬ પ્રકૃતિઓ પરસ્પર વિરોધી હોવાથી કોઈ એકનો બંધ અથવા ઉદય ચાલતો હોય તો તેનો બંધ અથવા ઉદય અટકાવીને જ પોતાનો બંધ અથવા ઉદય દેખાડે છે. તેથી બંધ આશ્રયી અને ઉદય આશ્રયી એમ ઉભય આશ્રયી આ ૬૬ પરાવર્તમાન છે.

**પ્રશ્ન** = સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય શું પરાવર્તમાન છે કે અપરાવર્તમાન?

**ઉત્તર** = આ બે પ્રકૃતિઓ બંધમાં તો છે જ નહીં. ફક્ત ઉદયમાં જ છે અને તે પણ સાથે ઉદયમાં આવતી નથી. મિશ્ર મોહનીયનો ઉદય ત્રીજે ગુણઠાણે થાય છે. અને સમ્યક્ત્વમોહનીયનો ઉદય ૪ થી ૭ માં થાય છે. માટે પરસ્પર વિરોધી હોવાથી ઉદયને આશ્રયી પરાવર્તમાન છે. આ પ્રમાણે પરાવર્તમાન અને અપરાવર્તમાન દ્વાર કહ્યું. હવે વિપાકદ્વાર કહીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિપાક એટલે ફળ.** કઈ પ્રકૃતિ પોતાનો વિપાક (પોતાનું ફળ) પ્રધાનતયા કોને આશ્રયીને આપે છે તેની વિચારણાને **વિપાકદ્વાર** કહેવાય છે. તેના ચાર ભેદ છે. **ક્ષેત્રવિપાક, ભવવિપાક, પુદ્‌ગલવિપાક, અને જીવવિપાક.**

એક ભવ પૂર્ણ કરીને મૃત્યુ પામી બીજા ભવમાં જતા જીવને જ્યારે જ્યારે વક્રા કરવી પડે છે ત્યારે ત્યારે વચગાળાના **ક્ષેત્રમાં** જ ઉદયમાં આવનારી જે ચાર આનુપૂર્વી નામકર્મ છે. તે આવા પ્રકારના બે ભવોની વચગાળાના ક્ષેત્રાત્મક અસાધારણ કારણને આશ્રયીને જ પોતાનો વિપાક બતાવે છે. તેથી જે કર્મ પોતાનું ફળ નિયત ક્ષેત્રમાં આપે તે ક્ષેત્રવિપાકવાળી અર્થાત્ ક્ષેત્રવિપાકી કહેવાય છે.

ભવાન્તરમાં જતા જીવની ગતિ બે પ્રકારની હોય છે. (૧) ઋજુગતિ અને (૨) વક્રગતિ. જ્યારે પરભવવાળું ઉત્પત્તિસ્થાન મૃત્યુના સ્થાનથી છ એ દિશાઓમાંથી કોઈ પણ એક દિશામાં આકાશપ્રદેશોની પંક્તિમાં આવતું હોય તો આ જીવની મૃત્યુ પછી ઋજુગતિ થાય છે. તેમાં ફક્ત એક જ સમય લાગે છે. અને તે પ્રથમ સમયે જ (વક્રા ન હોવાથી) પરભવના આયુષ્યનો ઉદય - અને આહારગ્રહણાદિ કાર્યો નીપજે છે. અને વક્રા કરવાની ન હોવાથી આનુપૂર્વીનો ઉદય હોતો નથી. પરંતુ મૃત્યુના સ્થાનથી ઉત્પત્તિનું સ્થાન જો કાટખુણો કરવાથી જ આવે તેમ હોય તો **अनुश्रेणिः गतिः** (તત્ત્વાર્થ સૂત્ર. ૨-૨૭)ના વચન પ્રમાણે જીવ આકાશપ્રદેશોની પંક્તિ પ્રમાણે જ જાય છે, તેથી આકાશપ્રદેશોની પંક્તિ પ્રમાણે જતા જીવને ઉત્પત્તિસ્થાન તરફ વાળનાર બળદના નાકમાં પરોવેલી રસ્સીની જેમ આ આનુપૂર્વીનામકર્મનો વિપાકોદય થાય છે. અને તેનો ઉદય વક્રા કરતી વખતે બીજા સમયથી શરૂ થાય છે. કારણ કે વક્રા કરતી વખતે પ્રથમ સમયે **મૃત્યુ** અને **સમશ્રેણિએ ગમન** આ બન્ને સાથે જ થવાથી બીજા સમયે જ પરભવના આયુષ્યનો ઉદય, અને ગતિ-જાતિ વગેરે (શરીર સંબંધી પ્રકૃતિઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિના) શેષ ૨૧ પ્રકૃતિઓનો ઉદય શરૂ થાય છે. ત્યારે તેની સાથે તે ૨૧માં આનુપૂર્વી નામકર્મનો પણ વિપાકોદય શરૂ થાય છે. તેના કારણે જીવ ઉત્પત્તિ સ્થાન તરફ વળાંક લે છે. જો એક વક્રાથી ઉત્પત્તિસ્થાન આવે તો વિગ્રહગતિમાં કુલ બે સમય થાય. અને બે ત્રણ-ચાર વક્રાથી જો ઉત્પત્તિ સ્થાન આવે તો અનુક્રમે કુલ ત્રણ-ચાર અને પાંચ સમય પણ થાય છે. તે સર્વમાં વચગાળાના અનુક્રમે ૧-૨-૩ સમય આ જીવ અણાહારી હોય છે. બૃહત્સંગ્રહણીમાં કહ્યું છે કે -

उज्जुगइ पढमसमये, परभवियं आउयं तहाहारो।
वक्काइ बीयसमये, परभवियाउ उदयमेइ ॥३०४॥

इगदुतिचउ वक्कासुं, दुगाइसमएसु परभवाहारो।
दुगवक्काइसु समया, इग दो तिन्नि य अणाहारा ॥३०५॥

આ પ્રમાણે વક્રા કરતી વખતે જ વચગાળાના ક્ષેત્રને આશ્રયીને જ આનુપૂર્વીનો ઉદય શરૂ થાય છે. તેથી ચાર આનુપૂર્વીને ક્ષેત્રવિપાકી કહેવાય છે. ॥ ૧૯ ॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**હવે જીવવિપાકી અને ભવવિપાકી પ્રકૃતિઓ સમજાવે છે -**

**घणघाइ दुगोअ जिणा, तसिअरतिग सुभगदुभगचउ सासं।**
**जाइतिग जिअविवागा, आऊ चउरो भवविवागा ॥२०॥**

(घनघातिन्यो द्विगोत्रं, जिनं, त्रसेतरत्रिकं सौभाग्यदौर्भाग्यचतुष्कमुच्छ्वासम्।
जातित्रिकं जीवविपाकिन्य आयूंषि चत्वारि भवविपाकिन्यः ॥२०॥)

**घणघाइ** = ઘનઘાતી કર્મોની ૪૭ પ્રકૃતિઓ, **दुगोअ** = ગોત્ર અને વેદનીયદ્વિક, **जिणा** = જિનનામકર્મ, **तसिअरतिग** = ત્રસત્રિક અને સ્થાવરત્રિક, **सुभगदुभगचउ** = સૌભાગ્ય અને દૌર્ભાગ્ય ચતુષ્ક, **उसासं** = ઉચ્છ્વાસનામકર્મ, **जाइतिग** = જાતિત્રિક **जिअविवागा** = જીવવિપાકી છે. **आऊ चउरो**=ચારે આયુષ્ય, **भवविवागा**=ભવવિપાકી છે. ॥૨૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** :- ઘાતીકર્મોની ૪૭, ગોત્રદ્વિક અને વેદનીયદ્વિક, જિનનામકર્મ, ત્રસત્રિક સ્થાવરત્રિક, સૌભાગ્યચતુષ્ક અને દૌર્ભાગ્યચતુષ્ક, ઉચ્છ્વાસનામકર્મ, જાતિત્રિકની ૧૧, એમ કુલ ૭૮ પ્રકૃતિઓ જીવવિપાકી છે. અને ચાર આયુષ્ય ભવવિપાકી છે. ॥ ૨૦ ॥

**વિવેચન** :- ઘાતીકર્મો વાદળની જેમ આત્માના ગુણોનું આવરણ કરનાર છે, તેથી ઘાતીકર્મોને ઘન એટલે વાદળની ઉપમા ઘટતી હોવાથી ઘનઘાતી કર્મ કહેવાય છે. અથવા ઘન એટલે નિબિડ અર્થાત્ ગાઢ એવાં ઘાતીકર્મો જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, મોહનીયની ૨૮, અને અંતરાયની ૫, એમ કુલ ૪૭ પ્રકૃતિઓ ચાર ઘનઘાતી કર્મોની છે. અહીં વિપાકદ્વાર હોવાથી ઉદય જણાવવાનો છે. તેથી ઉદયાધિકાર પ્રમાણે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય પણ ગણવાની છે. માટે મોહનીયની ૨૮ કહી છે. આ સુડતાલીસે પ્રકૃતિઓ જીવવિપાકી છે. કારણ કે શરીરરૂપે પરિણત થયેલા પુદ્ગલોમાં તેનું ફળપ્રદાન નથી. પરંતુ જીવના જ જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્ર અને વીર્યગુણનો પ્રતિબંધ કરનારાં આ કર્મો છે. તેથી તેના ઉદય વડે જીવ અજ્ઞાની, અદર્શની, મિથ્યાત્વી, ચારિત્રહીન અને શક્તિહીન બને છે તેથી આ સર્વે પ્રકૃત્તિઓ જીવવિપાકી છે.

બે ગોત્ર અને બે વેદનીય, જિનનામ, ત્રસત્રિક-સ્થાવરત્રિક, સૌભાગ્ય ચતુષ્ક અને દૌર્ભાગ્ય ચતુષ્ક, ઉચ્છ્વાસ અને જાતિત્રિકની (જાતિ, ૫, ગતિ ૪, અને વિહાયોગતિ ૨ એમ કુલ) ૧૧, આ ૩૧ પ્રકૃતિઓ પણ ઉંચા-નીચાકુલમાં જન્મ આપવા વડે જીવને હર્ષ-શોકાદિ ફળ આપે છે. એ જ રીતે સાતા-અસાતા પણ પ્રમોદ અને પીડાના અનુભવરૂપે પોતાનો વિપાક જીવને આપે છે. તીર્થંકરપણાની પ્રાપ્તિ પણ જીવને જ થાય છે. ત્રસત્વ, બાદરત્વ, પર્યાપ્તત્વ અને સ્થાવરત્વ-સૂક્ષ્મત્વ અને અપર્યાપ્તત્વ રૂપ સારી-નરસી લબ્ધિઓ (શક્તિઓ) પણ જીવને જ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે બાકીની પ્રકૃતિઓમાં પણ સમજી લેવું. આ અઠ્ઠોતેર પ્રકૃતિઓ જીવને સાક્ષાત્ ફળદાયક હોવાથી જીવવિપાકી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચાર આયુષ્યકર્મ ભવવિપાકી છે. આ ચારે આયુષ્ય પોતપોતાનો વિપાકોદય **પોતપોતાના ભવમાં** જ જણાવે છે. વિપાકોદય થવામાં ભવની જ પ્રધાનતા છે. ભવ આવ્યા વિના બાંધેલું આયુષ્ય સત્તામાં હોવા છતાં ઉદયમાં આવતું નથી અને પોત પોતાનો ભવ જીવને પ્રાપ્ત થાય ત્યારે તે તે આયુષ્ય ઉદયમાં આવ્યા વિના રહેતું નથી. તેથી ભવની સાથે અન્વય-વ્યતિરેક સંબંધ હોવાથી ચારે આયુષ્ય ભવવિપાકી છે.

**પ્રશ્ન** - જીવવિપાકી ૭૮ પ્રકૃતિઓ કહી. તેમાં રતિ-અરતિ મોહનીય, સુસ્વર, દુસ્વર, ઉચ્છ્વાસ, અને બાદર-સૂક્ષ્મ ઈત્યાદિ કેટલીક પ્રકૃતિઓ પુદ્ગલ દ્વારા જીવને ફળ આપે છે. જેમ પત્થર વાગવાથી અસાતા થાય. ચંદનાદિથી સાતા થાય. કોમળ દ્રવ્યોના ભક્ષણથી સુસ્વર થાય અને પિત્ત તથા કફકારક પુદ્ગલોના આહારથી દુઃસ્વર થાય. ઈત્યાદિ પ્રસિદ્ધ છે. તો આવી કેટલીક પ્રકૃતિઓને જીવવિપાકી કેમ કહી? પુદ્ગલ દ્વારા વિપાક બતાવતી હોવાથી પુદ્ગલવિપાકી કહેવી જોઈએ?

**ઉત્તર**- પુદ્ગલના વિષયમાં જેનો વિપાક થાય તે પુદ્ગલવિપાકી કહેવાય છે. ઔદારિકાદિ પાંચ શરીર રૂપે પરિણામ પામેલાં પુદ્ગલોને વિષે ફળપ્રદાનતા છે જે પ્રકૃતિઓની તે પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી કહેવાય છે. રતિ-અરતિ આદિ ઉપરોક્ત પ્રકૃતિઓનો ઉદય પત્થર અને ચંદનાદિ પુદ્ગલના નિમિત્તે થતો દેખાય છે.પરંતુ તેવા પુદ્ગલોના નિમિત્ત વિના પણ પૂર્વે અનુભવેલા વિષયોના સ્મરણાદિથી પણ રતિ-અરતિ આદિનો ઉદય હોય છે. તેથી પુદ્ગલોની સાથે ઉદયનો વ્યભિચાર હોવાથી પુદ્ગલવિપાકી ગણાવી નથી. (જુઓ પંચસંગ્રહ દ્વાર ત્રીજું, ગાથા-૪૬.)

**પ્રશ્ન**- જેમ ચાર આયુષ્ય પોતપોતાના ભવમાં જ ઉદયમાં આવે છે, તેથી ભવવિપાકી છે. તેવી જ રીતે દેવગતિ આદિ ચાર ગતિનામકર્મ પણ પોતપોતાના ભવમાં જ ઉદયમાં આવે છે. તો તે ચાર ગતિને પણ ભવવિપાકી કેમ કહેતા નથી ?



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર**- ચાર ગતિનો રસોદય (વિપાકોદય) અવશ્ય પોતપોતાના ભવમાં જ થાય છે. અન્ય ભવમાં થતો નથી. પરંતુ તે ચારે ગતિનો સંક્રમાદિ દ્વારા પ્રદેશોદય ભવાન્તરમાં પણ અવશ્ય થાય છે. જેમ મનુષ્યગતિમાં વર્તતો જીવ પોતાના અધ્યવસાયને અનુસારે વારાફરતી ચારે ગતિ બાંધતો હોવાથી ચારે ગતિની સત્તા હોય છે. અને મોક્ષે જવાનો સમય આવે ત્યારે અથવા સામાન્યથી મનુષ્યભવમાં વર્તતો હોય ત્યારે ત્રણ ગતિના પ્રદેશો ઉદયવતી એવી મનુષ્યગતિમાં સંક્રમાવીને પ્રદેશોદયથી ભોગવીને ક્ષય કરે છે. આ પ્રમાણે રસોદય સ્વભવવિષયક જ હોવા છતાં પણ પ્રદેશોદય ભવાન્તરમાં પણ સંભવતો હોવાથી સ્વભવનો વ્યભિચારી થવાથી આ ચાર ગતિ ભવવિપાકી કહેવાતી નથી. જ્યારે આયુષ્યકર્મનો રસોદય કે પ્રદેશોદય પોતાના ભવમાં જ થાય છે. આયુષ્યકર્મનો બીજા આયુષ્યમાં સંક્રમ જ થતો નથી. તેથી તેવા પ્રકારનો સંક્રમ દ્વારા થનારો, અન્ય પ્રકૃતિ રૂપે અનુભવ કરવા રૂપ પ્રદેશોદય ચાર આયુષ્યમાં છે જ નહીં. તેથી જેમ રસોદય પોતાના ભવમાં જ થાય છે. તેમ તે તે રસવાળા પ્રદેશોનું વેદન પણ આયુષ્યમાં પોતાના ભવમાં જ છે. તેથી આયુષ્ય ભવવિપાકી છે. પરંતુ ગતિ ભવવિપાકી નથી.[11]

**પ્રશ્ન** - જે કોઈ પ્રકૃતિઓ ક્ષેત્ર અને ભવની પ્રધાનતાએ શારીરિક પુદ્ગલોમાં પોતાનું ફળ આપે છે. તે સર્વે પ્રકૃતિઓ પણ પરંપરાએ તો જીવને જ ફળ આપે છે. કારણ કે કર્મો તો જીવે જ બાંધ્યાં છે. અને ફળ પણ તેને જ ભોગવવાનું છે. શરીર તો સાધન માત્ર છે. તેમજ ભવ અને ક્ષેત્ર પણ નિમિત્ત માત્ર જ છે. વાસ્તવિકપણે તો સર્વે કર્મો જીવને જ ફળપ્રદાન કરતાં હોવાથી સર્વે પ્રકૃતિઓને જીવવિપાકી જ કહેવી જોઈએ? ક્ષેત્રવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી શા માટે કહી?

**ઉત્તર** - જો કે સર્વે કર્મો પોતાનું ફળ જીવને જ આપે છે. અને જીવે જ કર્મો બાંધ્યાં છે. જીવ ભવાન્તરમાં ગયે છતે નિર્જીવ શરીરને તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાળી જ નાખવામાં આવે છે. એટલે તે કંઈ ફળને ભોગવનાર નથી. પરંતુ જીવને ફળ આપવામાં આનુપૂર્વીઓમાં ક્ષેત્ર, આયુષ્યમાં ભવ, અને હવે કહેવાતી ૩૬ પ્રકૃતિઓમાં શારીરિક પુદ્‌ગલ સ્કંધો જેવા પ્રકારનાં અસાધારણ કારણ છે. તેવા પ્રકારનાં બીજાં કોઈ અસાધારણ કારણ અન્ય પ્રકૃતિઓમાં નથી. તેથી **અસાધારણ કારણપણાની** વિવક્ષા કરીને તે તે વિપાકી પ્રકૃતિઓ કહી છે. પરમાર્થથી સર્વે પ્રકૃતિઓ જીવવિપાકી જ છે.

**પ્રશ્ન** - ચાર આનુપૂર્વી **વિગ્રહગતિ રૂપ ક્ષેત્રમાં** જેમ ઉદયમાં આવે છે. તેવી રીતે સર્વે પ્રકૃતિઓ પણ પોત પોતાના ઉદયકાળે કોઈ ને કોઈ ક્ષેત્રનું આલંબન લઈને જ ઉદયમાં આવે છે. એટલે કે તે તે પ્રકૃતિઓ જ્યારે જ્યારે ઉદયમાં આવે છે ત્યારે ત્યારે કોઈ ને કોઈ ક્ષેત્ર તેમાં કારણ હોય જ છે. તેથી બીજી પ્રકૃતિઓને પણ ક્ષેત્રવિપાકી કેમ કહેતા નથી?

**ઉત્તર** - સર્વે પણ પ્રકૃતિઓ કોઈ ને કોઈ ક્ષેત્રમાં જ ઉદયમાં આવે છે તે વાત ઠીક છે. પરંતુ ચાર આનુપૂર્વીના વિપાકોદયમાં **વિગ્રહગતિ સ્વરૂપ વક્રા કરવાવાળું ક્ષેત્ર** જેવું અસાધારણ કારણ છે. તેવું અસાધારણ કારણ રૂપે અમુક નિયત ક્ષેત્ર બીજી પ્રકૃતિઓમાં કારણ નથી. આ ચાર આનુપૂર્વી વક્રા કરવાવાળા ક્ષેત્રમાં જ ઉદયમાં આવે છે અન્યત્ર આખા ભવમાં ક્યાંય પણ ઉદયમાં આવતી નથી. તેથી આ ચારને જ ક્ષેત્રવિપાકી કહી છે. શેષ પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી નથી. ॥૨૦॥

હવે પુદ્‌ગલવિપાકી સમજાવે છે.

**नामधुवोदयचउतणु-वघाय साहारणिअरुज्जोअतिगं।**
**पुग्गलविवागी बंधो, पयइठिइरसपएसत्ति॥२१॥**

(नामध्रुवोदयचतुर्तनूपघातसाधारणेतरोद्योतत्रिकम्।
पुद्‌गलविपाकिन्यो बन्धो प्रकृतिस्थितिरसप्रदेशा इति॥२१॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**नाम धुवोदय** = નામકર્મની ધ્રુવોદયી, **चउतणु** = શરીર ચતુષ્ક, **उवघाय** = ઉપઘાત, **साहारण** = સાધારણ, **इयर** = પ્રત્યેક, **उज्जोअतिगं** = ઉદ્યોતત્રિક, **पुग्गलविवागी** = પુદ્‌ગલવિપાકી પ્રકૃતિઓ છે. **बंधो** = બંધ, **पयइठिइ** = પ્રકૃતિ, સ્થિતિ, **रसपएसत्ति** = રસ અને પ્રદેશ એમ બંધ ચાર પ્રકારે છે. ॥૨૧॥

**ગાથાર્થ** - નામકર્મની ધ્રુવોદયી પ્રકૃતિઓ ૧૨, શરીર ચતુષ્કની ૧૮, ઉપઘાત, સાધારણ, પ્રત્યેક, ઉદ્યોતત્રિક, એમ ૩૬ પ્રકૃતિઓ પુદ્‌ગલવિપાકી છે. તથા પ્રકૃતિ-સ્થિતિ-રસ અને પ્રદેશ એમ બંધ ચાર પ્રકારનો છે. ॥ ૨૧ ॥

**વિવેચન** = નામકર્મની ધ્રુવોદયી (ગાથા ૬ માં કહ્યા મુજબ) નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ અને વર્ણ ચતુષ્ક એમ કુલ ૧૨, ચઉતણુ = શરીરાદિ ચારની ૧૮ પ્રકૃતિ એટલે ત્રીજી ગાથાના ક્રમ પ્રમાણે શરીર ૩, અંગોપાંગ ૩, સંસ્થાન ૬, અને સંઘયણ છ, એમ મળીને કુલ ૧૮, ઉપઘાત, સાધારણ, इत्तर શબ્દથી સાધારણની પ્રતિપક્ષી પ્રત્યેક, ઉદ્યોતત્રિક એટલે ત્રીજી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે ઉદ્યોત, આતપ અને પરાઘાત એમ કુલ ૩૬ પ્રકૃતિઓ પુદ્‌ગલવિપાકી છે. કારણ કે આ છત્રીસે પ્રકૃતિઓ પોત-પોતાનો ફળ વિપાક ઔદારિકાદિ શરીરોમાં (શરીર રૂપે પરિણત થયેલ પુદ્‌ગલોમાં) બતાવે છે. અહીં "पुद्गल" શબ્દથી સામાન્ય પુદ્‌ગલ ન લેતાં ઔદારિકાદિ શરીર રૂપે પરિણત થયેલાં પુદ્‌ગલો સમજવાં. ત્યાં જ ફલદાનતા આ ૩૬ની સંભવે છે. જેમ કે નિર્માણનામકર્મ તો અવયવોની યથાસ્થિત વ્યવસ્થા કરે, સ્થિરનામકર્મ તો હાડકાં અને દાંત આદિ અવયવોને સ્થિર રાખે, અસ્થિર નામકર્મ તો જીભ, પાંપણ આદિને અસ્થિર રાખે, શુભનામકર્મ નાભિથી ઉપરના અને અશુભનામકર્મ નાભિથી નીચેના અવયવોને શુભ અને અશુભ રૂપે ગણાવે છે. ઉપઘાત નામકર્મ શરીરના જ અવયવોને દુઃખદાયીપણે બનાવે છે. આ પ્રમાણે આ સર્વે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિઓ પોતાનું ફળ શરીર રૂપે રચાયેલાં પુદ્ગલોમાં જ દર્શાવે છે. તેના દ્વારા જીવને સુખ-દુઃખ આપનાર બને છે. તેથી શારીરિક પુદ્ગલોમાં ફળદાયકતા પ્રધાનપણે હોવાથી પુદ્ગલવિપાકી કહેવાય છે.

આ પ્રમાણે ક્ષેત્રવિપાકી, જીવવિપાકી, ભવવિપાકી અને પુદ્ગલવિપાકી એમ ચાર પ્રકારના વિપાકવાળી પ્રકૃતિઓ સમજાવી. વિપાક બે પ્રકારનો કમ્મપયડિની પહેલી ગાથાની ઉપાધ્યાયજી કૃત ટીકામાં (નૌકામાં) આપેલ છે. (૧) હેતુવિપાક અને (૨) રસવિપાક. ક્ષેત્રવિપાકાદિ જે ચાર પ્રકારના વિપાક ઉપર સમજાવ્યા તે હેતુવિપાક જાણવા. કારણ કે ક્ષેત્ર-ભવ અને શારીરિક પુદ્ગલ આદિ **હેતુઓને** (નિમિત્તોને) લઈને **વિપાક** (ફળદાન) બતાવવાની પ્રધાનતાવાળી પ્રકૃતિઓ તે **હેતુવિપાક** કહેવાય છે. અને **રસદ્વારા વિપાક** બતાવવાની પ્રધાનતા વિચારીએ ત્યારે તે **રસવિપાક** કહેવાય છે. તેના એકસ્થાનિક, દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક એમ ચાર ભેદ છે. જે આગળ રસબંધ વખતે સમજાવાશે તથા ઘાતી-અઘાતી-શુભ-અશુભ આદિ દ્વારો પણ રસવિપાકને આશ્રયી સમજવાં.

## બંધ અને બંધના ચાર ભેદો

હવે ચાર પ્રકારનો બંધ સમજાવે છે. મિથ્યાત્વ, અવિરતિ આદિ બંધહેતુઓ વડે કાર્મણવર્ગણાના સ્કંધોનું કર્મરૂપે રૂપાન્તર કરીને આત્માનો તે કર્મોની સાથે લોહાગ્નિની જેમ જે સંબંધ થવો તેને બંધ કહેવાય છે. સંસારી જીવોમાં પ્રતિસમયે આ બંધ ચાલુ જ છે. અને તેરમા ગુણઠાણા સુધી ચાલુ જ રહે છે. જે સમયે આત્મામાં કર્મ બંધાય છે તે જ સમયમાં તે કાર્મણવર્ગણાના કર્મરૂપે રૂપાન્તર થતા સ્કંધોમાં પ્રકૃતિ-સ્થિતિ રસ અને પ્રદેશ આ ચારે ભાવો મોદકના દૃષ્ટાન્તના અનુસારે સર્જાય છે.

(૧) **પ્રકૃતિબંધ**=પ્રકૃતિ એટલે સ્વભાવ. આ બંધાતું કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે કેવું ફળ આપશે? એવા પ્રકારના તેના સ્વભાવનું નક્કી થવું તે પ્રકૃતિબંધ. આ અર્થ કર્મવિપાકાદિમાં (પ્રથમ કર્મગ્રંથાદિમાં)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવ્યો છે. અથવા પ્રકૃતિબંધનો બીજો અર્થ એવો પણ છે કે સ્થિતિ-રસ અને પ્રદેશ આ ત્રણ બંધોનો સમુદાય તે પ્રકૃતિબંધ. જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે એટલે કે તે કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે? કેવું તીવ્ર-મંદ ફળ આપશે ? અને તેનાં કેટલાં દલિકો છે? આવું જાણવું તે જ પ્રકૃતિબંધ

(૨) **સ્થિતિબંધ**=બંધાતું કર્મ આત્મા સાથે કેટલો સમય રહેશે? એમ કાલમાનનું નક્કી થવું તે સ્થિતિબંધ. તેના જઘન્ય-ઉત્કૃષ્ટ બે ભેદ છે.

(૩) **રસબંધ** = બંધાતું એવું આ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે તીવ્ર, મંદ આદિ કેવા ભાવે પોતાનો ફળવિપાક જણાવશે ? તેનું નિર્માણ થવું તે રસબંધ.

(૪) **પ્રદેશબંધ** = બંધ કરતી વખતે આ આત્મા કાર્મણવર્ગણાના કેટલા કર્મ પરમાણુઓને ગ્રહણ કરે છે ? તેના પ્રમાણનું નક્કી થવું તે પ્રદેશબંધ. શાસ્ત્રોમાં કહ્યું છે કે-

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

ठिइबंध दलस्स ठिई, पएसबंधो पएसगहणं जं।
ताण रसो अणुभागो तस्समुदाओ पगइबंधो॥
प्रकृतिः समुदायः स्यात्स्थितिः कालावधारणम्।
अनुभागः रसः प्रोक्तः प्रदेशो दलसञ्चयः॥

આ બન્ને ગાથાઓના અર્થ સુગમ છે. ચારે પ્રકારના બંધ સમજાવ્યા. વિસ્તારથી જાણવું હોય તો કર્મવિપાકાદિમાંથી જાણી લેવું. હવે તે ચારમાંથી પ્રથમ **"પ્રકૃતિબંધ"** સમજાવીશું. ॥૨૧॥

**પ્રકૃતિબંધ તથા તેના સ્વામી એમ ૧૭મા તથા ૨૧મા દ્વારનો અધિકાર:-**

**मूलपयडीण अडसत्तछेगबंधेसु तिन्नि भूगारा।**
**अप्पतरा तिय चउरो, अवट्ठिया न हु अवत्तव्वो॥२२॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एगादहिगे भूओ, एगाईऊणगम्मि अप्पतरो।**
**तम्मत्तो वट्ठियओ, पढमे समये अवत्तव्वो॥२३॥**

(मूलप्रकृतीनामष्टसप्तषडेकबन्धेषु त्रयो भूयस्काराः।
अल्पतरास्त्रयश्चत्वारोऽवस्थिता न त्ववक्तव्यः॥२२॥

एकाद्यधिके भूयः, एकादिभिरूनेऽल्पतरः।
तन्मात्रोऽवस्थितः, प्रथमे समयेऽवक्तव्यः॥२३॥)

**मूलपयडीण**=મૂલ પ્રકૃતિઓના, **अडसत्तछेग**=આઠ, સાત, છ, અને એકના, **बंधेसु**=બંધસ્થાનકોમાં, **तिन्नि भूगारा**=ત્રણ ભૂયસ્કાર બંધો થાય છે. **अप्पतरा**=અલ્પતરબંધો, **तिय**=ત્રણ, **चउरो**=ચાર, **अवट्ठिया**= અવસ્થિતબંધો, **न हु**=પરંતુ થતો નથી, **अवत्तव्वो**=અવક્તવ્યબંધ. ॥૨૨॥

**एगादहिगे**=એકાદિ અધિક બંધાયે છતે, **भूओ**=ભૂયસ્કાર થાય છે, **एगाईऊणगंमि** = એકાદિ ન્યૂન બંધાયે છતે, **अप्पतरो** = અલ્પતર, **तम्मत्तो** = તેટલો ને તેટલો બંધ, **अवट्ठियओ** = અવસ્થિતબંધ, **पढमे समये** = પ્રથમ સમયમાં, **अवत्तव्वो**=અવક્તવ્યબંધ થાય છે. ॥૨૩॥

**ગાથાર્થ** = મૂલ આઠ કર્મોના આઠ, સાત, છ અને એક એમ ચાર પ્રકારના બંધસ્થાનકોમાં ત્રણ ભૂયસ્કારબંધ, ત્રણ અલ્પતરબંધ, ચાર અવસ્થિતબંધ થાય છે, પરંતુ અવક્તવ્યબંધ થતો નથી. ॥ ૨૨ ॥

એક વગેરે અધિક બંધાયે છતે ભૂયસ્કાર, એકાદિ ન્યૂન બંધાયે છતે અલ્પતર, તેટલી જ માત્રાવાળો બંધ થાય ત્યારે અવસ્થિત, અને (સર્વથા બંધવિચ્છેદ કે અબંધ થયા બાદ પુનઃ શરૂ થતા બંધના) પ્રથમ સમયે અવક્તવ્યબંધ થાય છે. ॥ ૨૩ ॥

**વિવેચન** = મૂલ કર્મો જ્ઞાનાવરણીય આદિ આઠ છે. તેનાં ચાર બંધસ્થાનકો છે. **"એક કાળે એકી સાથે જેટલી પ્રકૃતિઓ બંધાય તેટલી પ્રકૃતિઓનું (તેટલી સંખ્યાનું) એક બંધસ્થાનક કહેવાય છે"**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વ્યાખ્યા પ્રમાણે જ્યારે જીવ પરભવનું આયુષ્યકર્મ બાંધતો હોય ત્યારે ગુણસ્થાનક ૧-૨-૪-૫-૬-૭ હોવાથી જ્ઞાનાવરણીય આદિ શેષ ૭ કર્મો પણ અવશ્ય બંધાય જ છે. તેથી તે કાળે એકી સાથે આઠ કર્મો બંધાય છે, તે **"અષ્ટવિધબંધ"** નામનું પહેલું એક બંધસ્થાનક કહેવાય છે. તેનો કાળ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત માત્ર જ હોય છે. કારણ કે આયુષ્યકર્મનો બંધ ઓછામાં ઓછો અને વધુમાં વધુ અંતર્મુહૂર્ત જ ચાલે છે. તથા તે અષ્ટવિધ બંધમાં ગુણસ્થાનકો (ત્રીજા વિના) ૧ થી સાત હોય છે. જ્યારે આયુષ્યકર્મ ન બંધાય ત્યારે આયુષ્ય વિના **"સપ્તવિધબંધ"** નું બીજું બંધસ્થાનક કહેવાય છે. આ બંધસ્થાનકમાં ૧ થી ૯ ગુણસ્થાનક હોય છે. જઘન્યકાળ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ કાળ અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડીના ત્રીજા ભાગે અધિક એવા છ માસ ન્યૂન તેત્રીસ સાગરોપમ હોય છે. મનુષ્યનો ઉત્કૃષ્ટાયુષ્યવાળો પૂર્વક્રોડીનો ભવ હોય ત્યાં પ્રથમ બે ભાગ વીત્યા બાદ ત્રીજા ભાગના પ્રથમ સમયથી આયુષ્યનો બંધ જો ચાલુ કરે, તો તે અંતર્મુહૂર્ત પૂરો થાય અને ધારો કે ઉત્કૃષ્ટથી તે કાળે અનુત્તરવાસીદેવનું અથવા સાતમી નારકીનું તેત્રીસ સાગરોપમનું આયુષ્ય બાંધે તો ઉપરોક્ત કાળ સંભવી શકે છે. ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણીમાં જીવ આરૂઢ થાય ત્યારે નવમા ગુણઠાણાના અન્તે મોહનીયકર્મનો બંધવિચ્છેદ થવાથી **"ષડ્વિધબંધક"** નું ત્રીજુ બંધસ્થાનક જાણવું. ગુણસ્થાનક એક ફક્ત દસમું સમજવું. ઉપશમશ્રેણી આશ્રયી કાળ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જાણવો અને ક્ષપકશ્રેણી આશ્રયી જઘન્યથી તથા ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત માત્ર કાળ જાણવો. તથા ૧૧-૧૨- અને ૧૩મા ગુણઠાણે માત્ર એક વેદનીયકર્મ જ બંધાય છે. તે **"એકવિધબંધક"** નું ચોથુ બંધસ્થાનક જાણવું. તેનો કાળ અગિયારમા ગુણસ્થાનકને આશ્રયી જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત, તથા બારમા-તેરમા ગુણસ્થાનકને આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ષ પ્રમાણ જાણવો. આ પ્રમાણે મૂલ ૮ કર્મનાં ૮-૭-૬-૧ એમ ચાર બંધસ્થાનક હોય છે.

## ભૂયસ્કારાદિનું વર્ણન

મૂલકર્મનાં આ ચાર બંધસ્થાનકોમાં ૩ ભૂયસ્કાર, ૩ અલ્પતર ૪ અવસ્થિતબંધ હોય છે. અને અવક્તવ્યબંધ હોતો નથી. આ વિષય સમજવા માટે ત્રેવીસમી ગાથામાં કહેલા ભૂયસ્કારાદિ ચારે બંધના અર્થો પ્રથમ સમજી લઈએ.

જેટલી પ્રકૃતિઓનો બંધ પ્રવર્તતો હોય, તેમાં એક, બે, ત્રણ કે તેનાથી અધિક પ્રકૃતિઓ વધારે બંધાય તે **ભૂયસ્કારબંધ.** અહીં ભૂયસ્ એટલે વધારે, ચાલુ બંધમાં એકાદિ પ્રકૃતિનો પણ વધારો થવો તે.

જેટલી પ્રકૃતિઓનો બંધ પ્રવર્તતો હોય તેમાં એક, બે, ત્રણ કે તેનાથી વધારે ઓછી બંધાય. ન્યૂન બંધાય તે **અલ્પતરબંધ** અહીં અલ્પ એટલે ઓછી-ન્યૂન-હીન બંધાય તે.

जैन साइट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જેટલી પ્રકૃતિનો બંધ ચાલતો હોય. તેટલી ને તેટલી જ પ્રકૃતિ જીવ બાંધ્યા કરે, વધારો કે ઘટાડો ન થાય તે **અવસ્થિતબંધ.** અહીં અવસ્થિત એટલે સ્થિર, વધ-ઘટ નહીં તે.

સર્વથા બંધનો અભાવ થયા પછી જ્યારે ફરીથી તે બંધ ચાલુ કરે ત્યારે ફરીથી શરૂ થતા બંધના પ્રથમ સમયે **અવક્તવ્યબંધ.** ભૂયસ્કાર, અલ્પતર કે અવસ્થિત એમ ત્રણમાંથી **કોઈપણ નામ વડે ન બોલાવી શકાય** તેવો જે બંધ તે અવક્તવ્યબંધ.

અધિક બંધાય ત્યારે પ્રથમ સમયે જ ભૂયસ્કાર, ન્યૂન બંધાય ત્યારે પણ પ્રથમ સમયે જ અલ્પતર, સર્વથા નવો બંધ ચાલુ કરે ત્યારે પણ પ્રથમ સમયે જ અવક્તવ્ય, એમ ભૂયસ્કાર, અલ્પતર અને અવક્તવ્ય બંધ ફક્ત એક સમય માત્ર જ હોય છે અને તે પણ પ્રથમ સમયે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ હોય છે. દ્વિતીય આદિ સમયોમાં તે બંધ પૂર્વસમય જેટલો જ હોવાથી અવસ્થિત કહેવાય છે. એમ અવસ્થિતબંધનો ઘણો કાળ હોય છે.

અગિયારમા ઉપશાન્તમોહ ગુણસ્થાનકે આઠ કર્મોમાંથી માત્ર ૧ વેદનીયકર્મ બંધાય છે. ત્યાંથી અદ્ધાક્ષયે પડતાં જીવ દશમા ગુણસ્થાનકે આવે ત્યારે મૂલ ૬ કર્મોનો બંધ શરૂ થાય છે. ત્યારે પ્રથમ સમયે (વધારો થયો હોવાથી) પહેલો ભૂયસ્કાર, દશમા ગુણસ્થાનકથી પડતાં નવમા ગુણઠાણે આવે ત્યારે મોહનીયનો બંધ વધતાં ૭નો બંધ થાય છે ત્યારે પ્રથમ સમયે ૭ના બંધનો બીજો ભૂયસ્કાર, ત્યાંથી નીચે ઉતરતાં છઠ્ઠા આદિ ગુણસ્થાનકોમાં આવે ત્યારે તે ગુણસ્થાનકોમાં જ્યારે પરભવના આયુષ્યનો બંધ પ્રારંભે ત્યારે આઠનો બંધ થાય. તે આઠના બંધના પ્રથમ સમયે આઠના બંધનો ત્રીજો ભૂયસ્કાર. આ પ્રમાણે ૧ના બંધવાળા ગુણસ્થાનકથી નીચે ઉતરતાં ૬-૭-૮નો બંધ શરૂ કરતાં તે ત્રણે બંધસ્થાનકના પ્રથમ પ્રથમ સમયે એક-એક ભૂયસ્કાર થતાં મૂલ આઠ કર્મના કુલ ત્રણ ભૂયસ્કાર બંધ થાય છે. અગિયારમેથી અદ્ધાક્ષયને બદલે ભવક્ષયથી જે પડે તે ચોથે ગુણસ્થાનકે આવે ત્યારે (છના બંધ વિના) સીધેસીધો સાતનો બંધ કરે તે પણ સાતના બંધનો ભૂયસ્કાર છે. એમ સાતના બંધનો ભૂયસ્કાર બે રીતે થાય છે. પરંતુ સંખ્યા તેની તે જ હોવાથી એક જ ગણાય છે.

એવી જ રીતે આયુષ્યકર્મ બંધાતું હોય ત્યારે જીવ કુલ ૮ કર્મો બાંધે છે. તેમાંથી અંતર્મુહૂર્ત બાદ જ્યારે આયુષ્યનો બંધ સમાપ્ત થઇ જાય ત્યારે આયુષ્ય વિના સાતનો બંધ શરૂ થતાં ઘટાડો થયેલ હોવાથી પ્રથમ સમયે ૭ના બંધનો પહેલો અલ્પતર, ત્યારબાદ શ્રેણીમાં ચડતાં નવમા ગુણસ્થાનકના અંતે મોહનો બંધ અટકાવી દસમે ગુણસ્થાને જતાં ૬ કર્મનો બંધ થતાં પ્રથમસમયે બીજો અલ્પતરબંધ, અને દસમા ગુણસ્થાનકથી અગિયારમે અથવા બારમા ગુણસ્થાનકે જતાં ૧ નો બંધ શરૂ થાય ત્યારે પ્રથમ સમયે ત્રીજો અલ્પતર બંધ થાય. આ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૮ કર્મના બંધથી હાનિ થતાં થતાં ૭-૬-૧ના બંધના તે તે બંધના પ્રથમ સમયે ત્રણ અલ્પતરબંધ થાય છે.

ભૂયસ્કારરૂપે કે અલ્પતરરૂપે જ્યારે જે જે બંધ શરૂ થાય છે ત્યારે, પ્રથમસમયે (વધારો થયો હોય તો) ભૂયસ્કાર કહેવાય, અને (ઘટાડો થયો હોય તો) અલ્પતર કહેવાય. પરંતુ બીજા સમયથી તે તે બંધ અવસ્થિત કહેવાય છે. જેમ અગિયારમાથી દસમે ગુણઠાણે આવતાં ૧ ના બંધથી ૬નો બંધ શરૂ કરતાં વધારો થયો છે માટે પ્રથમસમયે ભૂયસ્કાર. પરંતુ બીજા સમયથી અંતર્મુહૂર્ત સુધી (અર્થાત્ દસમે વર્તે ત્યાં સુધી) ૬નો અવસ્થિતબંધ કહેવાય છે. તથા ૬નો બંધ દસમે કરીને નવમે આવે ત્યારે ૭નો બંધ શરૂ કરતાં પ્રથમસમયે બીજો ભૂયસ્કાર. પરંતુ ૭નો બંધ શરૂ થયા પછી બીજા સમયથી જ્યાં સુધી આ ૭નો બંધ ચાલે ત્યાં સુધી ૭ના બંધનો અવસ્થિતબંધ કહેવાય છે. એમ ૮નો બંધ શરૂ કરે ત્યારે પ્રથમસમયે ભૂયસ્કાર, પરંતુ બીજા સમયથી ૮ના બંધનો અવસ્થિતબંધ કહેવાય છે. એવી રીતે આયુષ્યબંધ પૂર્ણ થયા પછી ૮ થી ૭નો બંધ શરૂ કરતાં પ્રથમ સમયે અલ્પતર, પણ બીજા સમયથી ૭નો અવસ્થિતબંધ, શ્રેણીમાં ચડતાં દસમે જતાં ૭માંથી ૬નો બંધ શરૂ કરતાં બીજા સમયથી ૬ના બંધનો અવસ્થિત બંધ. અને અગિયારમે-બારમે જતાં ૧નો બંધ શરૂ થતાં બીજા સમયથી જ્યાં સુધી એકનો બંધ ચાલે ત્યાં સુધી ૧ના બંધનો અવસ્થિત બંધ કહેવાય છે. આ પ્રમાણે ૮-૭-૬-૧ એમ અવસ્થિતબંધ ચાર થાય છે.

સર્વથા મૂલકર્મોના બંધનો અભાવ તેરમા ગુણસ્થાનકના અંતે થાય છે. ત્યારબાદ જીવ નિયમા અબંધક થયો છતો ચૌદમે જઈને મોક્ષે જાય છે. ફરીથી બંધ શરૂ કરતો નથી. તેથી અવક્તવ્યબંધ થતો નથી. જો ચૌદમેથી પડી તેરમે આવી ૧નો, અથવા દસમે આવી ૬નો, અથવા ચૌદમેથી નવમે આવી ૭નો એમ બંધ કરતો હોત તો તે અવક્તવ્યબંધ થાત. પરંતુ ચૌદમે ગયેલો આત્મા પતન પામતો જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. પુનઃ બંધ શરૂ કરતો જ નથી તેથી મૂલકર્મોમાં અવક્તવ્યબંધ થતો નથી. (પરંતુ ઉત્તરકર્મોમાં અવક્તવ્ય બંધ થશે. જે આગળની ગાથામાં સમજાવાશે.).

**(૧) ભૂયસ્કાર ત્રણ** - ૬નો, ૭નો, અને ૮નો (પ્રથમ સમયે માત્ર)
**(૨) અલ્પતર ત્રણ** - ૭નો, ૬નો અને ૧નો (પ્રથમ સમયે માત્ર)
**(૩) અવસ્થિત ચાર** - ૮નો, ૭નો, ૬નો અને ૧નો (દ્વિતીયાદિ સમયોમાં)
**(૪) અવક્તવ્યબંધ** - નથી.

આ પ્રમાણે આઠે મૂલકર્મોના ભૂયસ્કારાદિ સમજાવ્યા. હવે એક એક મૂલકર્મના ભૂયસ્કારાદિ સમજાવીશું. ॥૨૨-૨૩॥

**नव छ च्चउ दंसे दु दु, ति दु मोहे दु इगवीस सत्तरस ।**
**तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ।। २४ ।।**

JAINSITE .com जैनम् जयति शासनम्

(नव षट् चत्वारो दर्शने, द्वौ द्वौ त्रयो द्वौ मोहेद्व्येकविंशतिस्सप्तदश ।
त्रयोदश नव पञ्च चत्वारस्त्रयो द्वावेको नवाष्टौ दश द्वौ ।। २४ ।।)

**नवछच्चउ** = નવનું, છનું અને ચારનું એમ, **दंसे** = દર્શનાવરણીયકર્મમાં ત્રણ બંધસ્થાન છે. **दु दु ति दु** = બે, બે, ત્રણ અને બે ભૂયસ્કારાદિ છે. **मोहे** = મોહનીયકર્મમાં, **दु इगवीस सत्तरस** = બાવીસ, એકવીસ, સત્તર, **तेरस नव पण चउ** = તેર, નવ, પાંચ અને ચાર, **ति दु इक्को** = ત્રણ, બે અને એક એમ કુલ ૧૦ બંધસ્થાનકો છે. **नव अट्ठ दस दुन्नि** = નવ, આઠ, દસ અને બે ભૂયસ્કારાદિ છે. ॥૨૪॥

**ગાથાર્થ** - દર્શનાવરણીય કર્મમાં "૯-૬-૪" એમ ત્રણ બંધસ્થાનક છે. તેમાં ૨ ભૂયસ્કાર, ૨ અલ્પતર, ૩ અવસ્થિત અને ૨ અવક્તવ્યબંધ છે. તથા મોહનીયકર્મમાં ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧, એમ કુલ ૧૦ બંધસ્થાનક છે. તેમાં ૯, ૮, ૧૦ અને ૨ ભૂયસ્કારાદિ છે. ॥૨૪॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન-** કોઈ પણ કર્મના ભૂયસ્કારાદિ ચાર બંધ સમજાવવા હોય તો પ્રથમ બંધસ્થાનક સમજાવવાં જ પડે. કારણ કે આ ભૂયસ્કારાદિ બંધો બંધસ્થાનકને આશ્રયીને જ થાય છે. (જો કે આવી જ રીતે આઠે કર્મોમાં ઉદય-ઉદીરણા અને સત્તાને આશ્રયી પણ ભૂયસ્કારાદિ થાય છે. તો પણ અહીં પ્રકૃતિબંધ-સ્થિતિબંધ વગેરે બંધ અધિકાર હોવાથી બંધને આશ્રયીને જ ગ્રન્થકારે સમજાવ્યા છે. ઉદય-ઉદીરણા અને સત્તાને આશ્રયી થતા ભૂયસ્કારાદિ ગ્રન્થાન્તરથી જાણવા.) તેથી પ્રથમ દર્શનાવરણીયકર્મનાં બંધસ્થાનક સમજાવે છે.

દર્શનાવરણીય કર્મની ચક્ષુદર્શનાવરણીયાદિ ૪, અને નિદ્રાપંચક એમ કુલ ૯ પ્રકૃતિઓ છે. નવે પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી પહેલા-બીજા ગુણસ્થાનકે નવે અવશ્ય બંધાય જ છે માટે ત્યાં ૯ નું બંધસ્થાનક હોય છે. ત્યારબાદ થીણદ્ધિત્રિકનો બંધવિચ્છેદ થવાથી ત્રીજા ગુણસ્થાનકથી આઠમાના પ્રથમ ભાગ સુધી ૬ નો બંધ થાય છે. ત્યારબાદ દસમા ગુણસ્થાનક સુધી નિદ્રાદ્વિક વિના ૪ નો બંધ થાય છે. આ પ્રમાણે ૯-૬-૪ એમ ત્રણ બંધસ્થાનકો દર્શનાવરણીય કર્મમાં હોય છે. નવનો બંધ અભવ્યને અનાદિ અનંત, ભવ્યને અનાદિસાન્ત, અને સમ્યક્ત્વથી પડેલાને સાદિ-સાન્ત, તે જઘન્યથી અંતર્મુહૂર્ત, અને ઉત્કૃષ્ટથી દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળ હોય છે. છનો બંધ મિશ્રે અને સમ્યક્ત્વે હોવાથી જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી સાધિક બે છાસઠ સાગરોપમ હોય છે તથા ચારનો બંધ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત હોય છે.

## દર્શનાવરણીયકર્મમાં ભૂયસ્કારાદિ

ઉપશમશ્રેણીમાં આરૂઢ થઈને અગિયારમેથી પડતાં દસમાથી આઠમાના બીજા ભાગે આવે ત્યાં સુધી ૪નો બંધ ચાલુ હોય છે. ત્યારબાદ આઠમાના પ્રથમભાગે આવતાં ૬નો બંધ શરૂ થાય, ત્યારે પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર. બીજા સમયથી તે ૬ના બંધનો અવસ્થિત બંધ કહેવાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. ત્યારબાદ પડતાં પડતાં સાસ્વાદને કે મિથ્યાત્વે આવે ત્યારે ૯નો બંધ શરૂ કરતાં પ્રથમસમયે નવના બંધનો બીજો ભૂયસ્કાર. પરંતુ બીજા સમયથી નવના બંધનો અવસ્થિતબંધ કહેવાય છે. આ રીતે ૪ થી ૬ ના બંધે જતાં પ્રથમ, અને ૬થી ૯ ના બંધે જતાં બીજો એમ બે ભૂયસ્કારબંધ થાય છે.

તથા આ દર્શનાવરણીયકર્મમાં ૨ અલ્પતરબંધ થાય છે. પહેલા-બીજા ગુણઠાણે ૯નો બંધ ચાલુ છે. પરંતુ પહેલેથી ત્રીજા અથવા ચોથા આદિ ગુણઠાણે જતાં ૬નો બંધ શરૂ થાય છે. ત્યાં પ્રથમ સમયે છ નો પહેલો અલ્પતર. અને બીજા સમયથી ૬નો અવસ્થિતબંધ થાય છે. તથા શ્રેણીમાં ચઢતાં આઠમા ગુણઠાણાના બીજા ભાગથી ૪નો બંધ શરૂ થતાં પ્રથમસમયે બીજો અલ્પતરબંધ થાય છે. અને બીજા સમયથી ૪નો અવસ્થિતબંધ કહેવાય છે. આ પ્રમાણે ૯ના બંધથી ૬ના બંધે જતાં પહેલો, અને ૬ના બંધથી ૪ના બંધે જતાં બીજો એમ બે અલ્પતર બંધ થાય છે.

૯-૬-૪ એમ ત્રણે બંધસ્થાનકોમાં પહેલા સમયે ભૂયસ્કાર અથવા અલ્પતર યથાયોગ્ય થાય છે. પરંતુ બીજા સમયથી તે બંધ જ્યાં સુધી ચાલે ત્યાં સુધી અવસ્થિતબંધ કહેવાય છે. તેથી અવસ્થિતબંધ ૯, ૬ અને ૪ એમ ત્રણ થાય છે.

અગિયારમા ગુણઠાણેથી બે રીતે પતન થાય છે. (૧) અદ્ધાક્ષયથી અને (૨) ભવક્ષયથી. અદ્ધાક્ષયથી જો પડે તો દસમે ગુણઠાણે આવતાં ૪નો બંધ શરૂ થાય છે. અગિયારમે ગુણઠાણે દર્શનાવરણીયકર્મનો સર્વથા અબંધક થઈને દસમે આવતાં ચારનો બંધ શરૂ થતાં પ્રથમ સમયે પ્રથમ અવક્તવ્યબંધ થાય છે. અને બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે. તથા જો ભવક્ષયથી પડે તો મૃત્યુ પામીને કેટલાક ગ્રન્થોના આધારે વૈમાનિકદેવ, અને કેટલાક ગ્રન્થોના આધારે અનુત્તરદેવ થાય છે. ત્યાં છ નો બંધ શરૂ થાય છે. છ નો બંધ શરૂ થતાં પ્રથમ સમયે બીજો અવક્તવ્યબંધ થાય છે. આ પ્રમાણે ૪નો અને ૬નો એમ બે અવક્તવ્યબંધ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દર્શનાવરણીય કર્મમાં કુલ ૯-૬-૪ એમ ત્રણ બંધસ્થાનક, ૬-૯ એમ બે ભૂયસ્કારબંધ, ૬-૪ એમ બે અલ્પતરબંધ, ૯-૬-૪ એમ ત્રણ અવસ્થિતબંધ, અને ૪-૬ એમ બે અવક્તવ્યબંધ થાય છે.

## મોહનીય કર્મનાં બંધસ્થાનક તથા ભૂયસ્કારાદિ

હવે મોહનીય કર્મમાં ભૂયસ્કારાદિ સમજાવવા છે. તે સમજાવવા માટે પ્રથમ બંધસ્થાનક સમજાવવાં જરૂરી છે. તેથી પ્રથમ મોહનીયકર્મનાં બંધસ્થાનક સમજાવે છે.તેનાં કુલ ૧૦ બંધસ્થાનકો છે. તે આ પ્રમાણે-

મોહનીયકર્મની કુલ ૨૮ પ્રકૃતિઓ છે. તેમાં સમ્યક્ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય આ બે પ્રકૃતિઓ બંધમાં ગણાતી નથી. કારણ કે મિથ્યાત્વ મોહનીય એક જ બંધાય છે અને તેમાંથી ઘણો ઘણો રસઘાત કરવાથી આ બે પ્રકૃતિઓ પરિવર્તન થવા રૂપે નીપજે છે. તથા ત્રણ વેદમાંથી કોઈ પણ કાલે ગમે તે એક જ વેદ બંધાય છે. તેથી શેષ બે વેદ ઓછા કરવાના થાય છે. તથા હાસ્ય-રતિનું યુગલ બંધાય ત્યારે અરતિ-શોકનું યુગલ ન બંધાય અને અરતિ-શોકનું યુગલ બંધાય ત્યારે હાસ્ય-રતિનું યુગલ ન બંધાય, જેથી એક યુગલ બંધમાં ઓછું કરવું પડે છે. આ રીતે કુલ ૬ પ્રકૃતિઓ બંધમાં સંભવતી નથી. તેથી બાકીની ૨૨ સાથે બંધાય છે. ૧૬ કષાય, મિથ્યાત્વ, ભય, જુગુપ્સા, આ ૧૯ ધ્રુવબંધી હોવાથી સતત બંધમાં છે જ. તેમાં ૧ વેદ અને એક યુગલની બે, એમ ત્રણ ઉમેરવાથી પ્રથમ ૨૨નું બંધસ્થાનક થાય છે. આ ૨૨નો બંધ મિથ્યાત્વી જીવને હોય છે. અનાદિ મિથ્યાત્વી જીવને તથા સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકોથી પડીને મિથ્યાત્વે આવેલા જીવને આ ૨૨ જ બંધાય છે. તેનાથી હીન કે અધિક બંધાતી નથી. મોહનીયકર્મનું આ પ્રથમ બંધસ્થાનક કહેવાય છે.

બીજા સાસ્વાદન ગુણસ્થાનકે આ ૨૨માંથી **"મિથ્યાત્વ મોહનીય"** વિના ૨૧ પ્રકૃતિઓ બંધાય છે. આ બીજું બંધસ્થાનક છે. જો કે સાસ્વાદને નપુંસકવેદ પણ બંધમાંથી વિચ્છેદ પામેલો છે. તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તે હીન કરવાની જરૂર નથી. કારણ કે મિથ્યાત્વે પણ ત્રણ વેદમાંથી એક જ વેદ બંધમાં ગણેલ હતો. જો ત્રણે વેદો સાથે બંધાતા હોત તો સાસ્વાદને એક હીન કરવો પડત. પરંતુ જે ત્રણ વેદમાંથી ૧ લેતા હતા તેને બદલે હવે પુરુષવેદ અને સ્ત્રીવેદ એમ બેમાંથી જ ૧ વેદનો બંધ લેવાનો રહે છે. પરંતુ સંખ્યામાં ૨૧ની બાબતમાં કંઈ ફરક પડતો નથી. આ બંધ સાસ્વાદને હોય છે.

ત્રીજા - ચોથા ગુણસ્થાનકે અનંતાનુબંધી ચાર કષાય ન બંધાતા હોવાથી તેના વિના ૧૭ બંધાય છે. આ ત્રીજું બંધસ્થાનક છે.

પાંચમે ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય ચાર કષાય ન બંધાતા હોવાથી તેના વિના ૧૩ પ્રકૃતિઓ બંધાય છે. આ ચોથું બંધસ્થાનક છે.

છઠ્ઠે-સાતમે અને આઠમે ગુણસ્થાનકે પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયો ન બંધાતા હોવાથી તેના વિના શેષ ૯ પ્રકૃતિઓ બંધાય છે. આ ૯ના બંધનું પાંચમું બંધસ્થાનક છે. જો કે અહીં સાતમે, આઠમે અરતિ-શોકનું યુગલ પણ બંધમાંથી વિચ્છેદ પામેલ છે. પરંતુ સંખ્યામાં કંઈ તફાવત થતો નથી. કારણકે જે ૨ યુગલમાંથી ૧ યુગલ લેતા હતા તેને બદલે હવે હાસ્ય-રતિનું જ યુગલ લેવાનું રહે છે. પરંતુ સંખ્યા તો બે પ્રકૃતિની જ થઈ. તેથી બંધ ૯નો જ ગણાય છે.

આઠમા ગુણસ્થાનકના અંતે હાસ્ય, રતિ, ભય અને જુગુપ્સા આ ચારનો બંધવિચ્છેદ થવાથી શેષ પનું બંધસ્થાનક નવમા ગુણસ્થાનકના (બંધને આશ્રયી શાસ્ત્રકારેએ પાડેલા પાંચ ભાગોમાંથી) પ્રથમ ભાગે હોય છે. આ છઠ્ઠું બંધસ્થાનક છે. ત્યારબાદ નવમા ગુણસ્થાનકના પ્રથમભાગના અંતે પુરુષવેદનો બંધવિચ્છેદ થતાં બીજા ભાગમાં ચારના બંધનું, બીજા ભાગના અંતે સંજવલન ક્રોધનો બંધવિચ્છેદ થતાં ત્રીજા ભાગમાં ત્રણના બંધનું, અને ત્રીજા ભાગના અંતે સંજવલન માનનો બંધવિચ્છેદ થતાં ચોથા ભાગમાં બેના બંધનું, અને ચોથા ભાગના અંતે સંજવલન માયાનો બંધવિચ્છેદ થતાં પાંચમા ભાગે ૧નું બંધસ્થાનક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય છે. આ પ્રમાણે નવમા ગુણસ્થાનકના પાંચે ભાગોમાં અનુક્રમે ૫, ૪, ૩, ૨, ૧નું બંધસ્થાનક જાણવું. નવમાના અંત્ય સમયે સંજ્વલન લોભનો પણ બંધવિચ્છેદ થવાથી દસમા આદિ ગુણસ્થાનકોમાં મોહનીય કર્મનો આ જીવ સર્વથા અબંધક બને છે. આ પ્રમાણે ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨, ૧ એમ મોહનીય કર્મનાં કુલ ૧૦ બંધસ્થાનકો થાય છે. તે ૧૦ બંધનસ્થાનકોમાં ૯ ભૂયસ્કારબંધ, ૮ અલ્પતરબંધ, ૧૦ અવસ્થિતબંધ, અને ૨ અવક્તવ્યબંધ થાય છે. તેની વિશેષ સમજ આ પ્રમાણે-

## મોહનીયમાં ભૂયસ્કારબંધ ૯

ઉપશમશ્રેણી ઉપર આરૂઢ થયેલો જીવ ૧૧મેથી પડતાં દસમે આવીને જ્યારે નવમા ગુણઠાણામાં પ્રવેશ કરે છે ત્યારે આ જીવ મોહનીયનો સર્વથા જે અબંધક થયેલો હતો તે પડતાં પાંચમા ભાગે આવતાં પુનઃ સંજ્વલન લોભનો બંધ ચાલુ કરે છે. જે ૧નું બંધસ્થાનક કહેવાય છે. પરંતુ આ શરૂ થતો બંધ અવક્તવ્ય બંધ કહેવાય છે. ભૂયસ્કાર કહેવાતો નથી. કારણકે બંધ ચાલુ હોય તેમાં એક/બેનો વધારો થાય તેને જ ભૂયસ્કાર કહેવાની શાસ્ત્રનીતિ છે. સર્વથા અબંધક થઈને પુનઃ બંધ ચાલુ કરે તો તે અવક્તવ્યબંધ જ કહેવાય છે. તેથી ૧ના બંધનો ભૂયસ્કાર થતો નથી. ત્યારબાદ શ્રેણીથી ઉતરતો ઉતરતો તે જીવ-

ચોથા ભાગે આવી ૨ નો બંધ કરે તે પ્રથમ ભૂયસ્કાર
ત્રીજા ભાગે આવી ૩ નો બંધ કરે તે બીજો ભૂયસ્કાર
બીજા ભાગે આવી ૪ નો બંધ કરે તે ત્રીજો ભૂયસ્કાર
પ્રથમ ભાગે આવી ૫ નો બંધ કરે તે ચોથો ભૂયસ્કાર
આઠમા ગુણઠાણે આવી ૯ નો બંધ કરે તે પાંચમો ભૂયસ્કાર
પાંચમા ગુણઠાણે આવી ૧૩ નો બંધ કરે તે છઠ્ઠો ભૂયસ્કર
ચોથા-ત્રીજા ગુણઠાણે આવી ૧૭ નો બંધ કરે તે સાતમો ભૂયસ્કાર
ચોથાથી બીજે ગુણઠાણે આવી ૨૧ નો બંધ કરે તે આઠમો ભૂયસ્કાર



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પહેલા ગુણઠાણે આવી ૨૨ નો બંધ કરે તે નવમો ભૂયસ્કાર

આ પ્રમાણે ૧ના બંધને છોડીને બાકીના બધાં જ બંધસ્થાનકોમાં જ્યારે જ્યારે અધિકરૂપે બંધ શરૂ કરે ત્યારે ત્યારે પ્રથમ સમયે ભૂયસ્કારબંધ કહેવાય છે. અને તે ૨, ૩, ૪, ૫, ૯, ૧૩, ૧૭, ૨૧, ૨૨ના બંધના મળીને કુલ ૯ ભૂયસ્કારબંધો થાય છે. સર્વે પણ ભૂયસ્કારો માત્ર પ્રથમસમય પુરતા એક સમયના જ હોય છે. બીજા સમયથી તો તે અવસ્થિતબંધ કહેવાય છે.[1]

## મોહનીયમાં અલ્પતરબંધ ૮

અગિયારમા ગુણસ્થાનકથી ઉતરતાં જેમ જેમ બંધનો વધારો થયો તેમ તેમ ભૂયસ્કારો જેવી રીતે થયા. તેવી જ રીતે મિથ્યાત્વ ગુણસ્થાનકેથી ઉપર જતાં જેમ જેમ બંધની હાનિ થાય છે તેમ તેમ અલ્પતર બંધ થાય છે. મોહનીયમાં ૨૨ના બંધથી વધારે પ્રકૃતિઓ બંધાતી નથી. માટે ૨૨નો બંધ મોહનીયના કોઈ પણ બંધ કરતાં અલ્પ થઇ શકતો નથી. આ રીતે ૨૨ના બંધમાં અન્ય બંધસ્થાનકોની અપેક્ષાએ **અલ્પતા ન હોવાથી** ૨૨નો બંધ અલ્પતર થતો નથી. તથા ૨૧નો બંધ સાસ્વાદને થાય છે. અને તે ૨૨ના બંધથી અલ્પતાવાળો છે. જો પહેલા ગુણઠાણાથી સીધેસીધું બીજે સાસ્વાદને જવાતું હોત તો ૨૨ના બંધથી ૨૧ના બંધે જતાં અલ્પતા થવાથી ૨૧ના બંધનો અલ્પતર થાત, પરંતુ

૧. અહીં કોઈ પણ એક બંધસ્થાનકે જુદા-જુદા-બંધસ્થાનકેથી આવે તો પણ એક જ ભૂયસ્કાર કે એક જ અલ્પતર ગણાય છે. જેમ સાસ્વાદનેથી પહેલે આવે તો ૨૧ના બંધથી ૨૨ નો બંધ કરે અને ચોથેથી પહેલે આવે તો ૧૭ના બંધથી ૨૨નો બંધ કરે. પાંચમેથી પહેલે આવે તો ૧૩ના બંધથી ૨૨નો બંધ કરે અને છઠ્ઠેથી પહેલે આવે તો ૯ના બંધથી ૨૨નો બંધ કરે. આ પ્રમાણે જુદા-જુદા બંધ સ્થાનકેથી ૨૨નો બંધ સંભવે છે. પરંતુ તે સર્વેમાં ૨૨નો આંક એક જ છે અને સમાન છે. તેથી ભૂયસ્કાર બંધ એક જ ગણાય છે. તેમ સર્વત્ર ભૂયસ્કાર તથા અલ્પતરાદિમાં સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાસ્વાદન ગુણસ્થાનક ઉપશમ સમ્યક્ત્વથી પડતાં જ આવે છે. મિથ્યાત્વથી ઉપર જતાં આવતું નથી. મિથ્યાત્વથી ત્રણ કરણો કરીને આ જીવ સમ્યક્ત્વાદિ ગુણોવાળાં ગુણસ્થાનક પામે છે. અથવા સમ્યક્ત્વ પામી ત્રિપુંજીકરણ કરી પડીને મિથ્યાત્વે આવ્યા પછી જ્યારે મિશ્રમોહનીયનો ઉદય થાય ત્યારે ત્રીજે ગુણસ્થાનકે આવે છે. પરંતુ પહેલેથી બીજે તો આવતો જ નથી. તેથી ૨૨ના બંધથી ૨૧ના બંધમાં ગમન ન હોવાથી ૨૧ના બંધમાં અલ્પતા હોવા છતાં પણ ૨૧નો અલ્પતર થતો નથી.

ઉપશમસમ્યક્ત્વથી પડીને સાસ્વાદને આવી શકાય છે. અને તે કાળે ૨૧નો બંધ પણ થાય છે. પરંતુ તે તો ૧૭ના બંધથી ૨૧ના બંધમાં ગમન થયું હોવાથી વધારો થયો કહેવાય છે. તેથી ભૂયસ્કાર થાય છે. પરંતુ ૨૧નો અલ્પતર થતો નથી. આ પ્રમાણે ૨૨-૨૧ના બે અલ્પતર થતા નથી બાકીના બધા જ ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં જતાં અલ્પતરો થાય છે તેથી કુલ ૮ અલ્પતર બંધ છે.

जैन साईट JAINSITE.com

૨૨નો બંધ કરતો મિથ્યાત્વી જીવ મિશ્રે અથવા અવિરતિસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનકે જાય ત્યારે ૧૭ના બંધના પહેલા સમયે પહેલો અલ્પતર થાય છે. એજ પ્રમાણે-

૧૭ ના બંધથી પાંચમે ગુણઠાણે જતાં ૧૩ ના બંધનો બીજો અલ્પતર
૧૩ ના બંધથી છઠ્ઠે-સાતમે જતાં ૯ ના બંધનો ત્રીજો અલ્પતર
૯ ના બંધથી ૯/૧ ભાગે જતાં ૫ ના બંધનો ચોથો અલ્પતર
૫ ના બંધથી ૯/૨ ભાગે જતાં ૪ ના બંધનો પાંચમો અલ્પતર
૪ ના બંધથી ૯/૩ ભાગે જતાં ૩ ના બંધનો છઠ્ઠો અલ્પતર
૩ ના બંધથી ૯/૪ ભાગે જતાં ૨ ના બંધનો સાતમો અલ્પતર
૨ ના બંધથી ૯/૫ ભાગે જતાં ૧ ના બંધનો આઠમો અલ્પતર

આ પ્રમાણે મોહનીય કર્મના ૧૦ બંધસ્થાનકોમાં ૨૨-૨૧ આ બેને છોડીને બાકીના આઠ બંધસ્થાનકો જ્યારે જ્યારે શરૂ કરે ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યારે અધિકથી હીન બંધ થતો હોય તો તે હીનબંધના પ્રથમસમયે અલ્પતર થાય છે. એમ ૮ અલ્પતર બંધ છે. તે બધા જ બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે.

## મોહનીયકર્મમાં ૧૦ અવસ્થિતબંધ

મોહનીયકર્મનાં કુલ ૧૦ બંધસ્થાનકો છે. તે દરેકનો કાળ ૧ સમયથી તો વધારે હોઇ શકે છે જ. તેથી હીન બાંધતો વધારે બાંધે ત્યારે પ્રથમસમયે ભલે ભૂયસ્કારબંધ હોય પરંતુ બીજા સમયથી તે અવસ્થિતબંધ કહેવાય છે. તેવી જ રીતે વધારે બાંધતો હીન બાંધે ત્યારે પણ પ્રથમ સમયે ભલે અલ્પતર બંધ કહેવાય. પરંતુ બીજા સમયથી તે અવસ્થિતબંધ કહેવાય છે. આ પ્રમાણે દશે બંધસ્થાનકો બીજા સમયથી અવસ્થિત બનવાથી કુલ ૧૦ અવસ્થિત બંધ છે. તેમાં ૨૨ના બંધનો પ્રથમ અવસ્થિતબંધ (અભવ્ય અને ભવ્યને) અનાદિથી હોય છે. અને સમ્યક્ત્વથી પડતાને આશ્રયી પ્રથમ સમયે ભૂયસ્કાર થઇને પણ બીજા સમયથી ૨૨નો અવસ્થિત બંધ થાય છે. ૨૧નો અવસ્થિત સમ્યક્ત્વથી પડતાને જ થતો હોવાથી ભૂયસ્કાર થઇને જ તે અવસ્થિત થાય છે. ૧૭નો અવસ્થિત પહેલેથી આવનારને આશ્રયી અલ્પતર થઇને અને પાંચમા આદિ ઉપરના ગુણસ્થાનકોથી ઉતરનારને આશ્રયી ભૂયસ્કાર રૂપે થઇને પણ બીજા સમયથી અવસ્થિત થાય છે. તથા ૧૧મેથી ભવક્ષયે પડીને ચોથે આવનારને પુનઃ ૧૭નો બંધ શરૂ થતાં પ્રથમ સમયે અવક્તવ્યબંધ થયા બાદ બીજા સમયથી ૧૭ નો અવસ્થિતબંધ થાય છે.

૧૩-૯-૫-૪-૩-૨ આ છ બંધસ્થાનકો ઉપર ઉપરના ગુણસ્થાનકોમાં જતાં અલ્પતરરૂપે આવે છે. અને ઉપરના ગુણસ્થાનકોમાંથી નીચે ઉતરતાં ભૂયસ્કાર રૂપે આવે છે તેથી બન્ને રીતે પણ બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે. અને એકનો બંધ ભૂયસ્કાર અને અલ્પતરમાંથી ફક્ત અલ્પતરરૂપે જ આવે છે. પરંતુ ભૂયસ્કાર રૂપે આવતો નથી. માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બેના બંધથી એકના બંધે આવતાં પ્રથમ સમયે અલ્પતર, પરંતુ દ્વિતીય આદિ સમયોમાં અવસ્થિતબંધ થાય છે. આ રીતે ૧ના બંધનો અવસ્થિત અલ્પતર થઈને જ થાય છે. પરંતુ ભૂયસ્કાર થઈને અવસ્થિતબંધ થતો નથી. તથા અગિયારમેથી પડતાં નવમે આવે ત્યારે મોહનીયનો સર્વથા અબંધક થઈને એકનો બંધ ચાલુ કર્યો છે. તેથી પ્રથમ સમયે અવક્તવ્યબંધ, પરંતુ બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે. આ રીતે અલ્પતર થઈને અથવા અવક્તવ્ય થઈને પણ ૧ના બંધનો અવસ્થિતબંધ પ્રાપ્ત થાય છે.

## મોહનીય કર્મના અવક્તવ્યબંધ ૨

અગિયારમા ગુણસ્થાનકે સર્વથા મોહનીયકર્મનો અબંધક થઈને પડતાં જો અદ્ધાક્ષયે પડે તો દસમે થઈને નવમે આવતાં ૧ નો બંધ શરૂ કરે ત્યારે પ્રથમ સમયે પ્રથમ અવક્તવ્યબંધ થાય છે. બીજા સમયથી તે અવસ્થિત બંધ કહેવાય છે. અને અગિયારમાથી ભવક્ષયે (આયુષ્ય પૂર્ણ થવાથી મૃત્યુ પામીને) પડે તો અનુત્તર વિમાનમાં જતાં અથવા વૈમાનિક દેવમાં જતાં ચોથું ગુણસ્થાનક આવતાં પ્રથમ સમયે ૧૭ ના બંધનો બીજો અવ્યક્તવ્ય બંધ થાય છે. બીજા સમયથી તે પણ અવસ્થિતબંધ જ બને છે આ પ્રમાણે અદ્ધાક્ષયથી પડે તો ૧ નો, અને ભવક્ષયથી પડે તો ચોથે ૧૭નો એમ કુલ ૨ અવક્તવ્યબંધ થાય છે. આ પ્રમાણે મોહનીયકર્મમાં ૧૦ બંધસ્થાનક, ૯ ભૂયસ્કારબંધ, ૮ અલ્પતરબંધ, ૧૦ અવસ્થિતબંધ અને ૨ અવક્તવ્યબંધ થાય છે. પંચસંગ્રહાદિ અન્ય ગ્રંથોમાં કહ્યું છે કે -

नव भूअगारबन्धा, अट्ठेव हवंति अप्पतरबंधा ।
दो अवत्तगबन्धा, अवट्ठिया दस उ मोहंमि त्ति ।।

આ પ્રમાણે દર્શનાવરણીય અને મોહનીયકર્મ કહીને હવે નામકર્મના બંધસ્થાનક અને ભૂયસ્કારાદિ કહીશું. ॥ ૨૪ ॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तिपणछअट्ठनवहिया, वीसा तीसेगतीस इग नामे ।**
**छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ।। २५ ।।**

(त्रिपञ्चषडष्टनवाधिका विंशतिः त्रिंशदेकत्रिंशदेको नाम्नि ।
षट्सप्ताष्टत्रिबन्धाः, शेषेषु च स्थानमेकैकम् ।। २५ ।।)

**ति** = ત્રણ, **पण** = પાંચ, **छ** = છ, **अट्ठ** = આઠ, **नवहिया** = નવથી અધિક એવા, **वीसा** = વીશ, **तीसेगतीस** = ત્રીસ અને એકત્રીસ, તથા **इग** = એક, એમ **नामे** = નામકર્મમાં કુલ ૮ બંધસ્થાનકો છે. **छ** = ૬ ભૂયસ્કાર, **स्सग** = સાત અલ્પતરબંધ, **अट्ठ** = આઠ અવસ્થિતબંધ, **तिबंधा**=ત્રણ અવક્તવ્ય બંધ છે, **सेसेसु य**=અને બાકીના કર્મોમાં, **ठाणं** = બંધસ્થાનક, **इक्किक्कं** = એક એક હોય છે. ॥૨૫॥

**ગાથાર્થ** = ત્રણ, પાંચ, છ, આઠ અને નવથી અધિક એવા વીસ (એટલે કે ૨૩, ૨૫, ૨૬, ૨૮, અને ૨૯) તથા ત્રીસ, એકત્રીસ અને એક એમ કુલ ૮ બંધસ્થાનક નામકર્મમાં છે, તેના ૬-૭-૮-૩ ભૂયસ્કારાદિ છે. તથા બાકીના કર્મોમાં એક એક બંધસ્થાનક છે. ॥ ૨૫ ॥

**વિવેચન** = નામકર્મમાં ભૂયસ્કારાદિ બંધ સમજાવવાના છે. તે માટે પ્રથમ **નામકર્મમાં બંધસ્થાનકો** સમજાવે છે. તે બંધસ્થાનકો કુલ ૮ છે. તે આ પ્રમાણે-

## નામકર્મનાં બંધસ્થાનકો ૮

એકીસાથે એક જ સમયમાં જેટલી પ્રકૃતિઓ બંધાય તેટલી પ્રકૃતિઓનું એક બંધસ્થાનક કહેવાય છે. ત્યાં નામકર્મમાં ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૧, એમ કુલ આઠ બંધસ્થાનકો છે. મૂલગાથામાં કહેલો वीसा શબ્દ ति पण छ વગેરેની સાથે જોડવાથી ત્રણ અધિક વીશ અર્થાત્ ૨૩, પાંચ અધિક વીશ અર્થાત્ પચીસ, ઈત્યાદિ, અર્થ સમજવો.

**(૧) ૨૩નું બન્ધસ્થાનક** = આ બંધસ્થાનક અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય છે. જે જીવો મરીને અપર્યાપ્ત એકેન્દ્રિયમાં ઉત્પન્ન થવાના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધહેતુવાળા હોય છે. તે જીવો આ ૨૩ પ્રકૃતિઓ બાંધે છે. તેથી યુગલિક વિનાના ગર્ભજ તથા સમ્મૂર્છિમ પં. તિર્યંચો અને મનુષ્યો, એકેન્દ્રિય તથા વિકલેન્દ્રિય જીવો જ આ બંધ કરે છે. તેથી આટલા જ જીવો આ ૨૩ના બંધના સ્વામી છે. નામકર્મની ૯ ધ્રુવબંધી (વર્ણચતુષ્ક, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત અને નિર્માણ) તથા ૧૪ અધ્રુવબંધી અપર્યાપ્ત એકેન્દ્રિયના ભવને યોગ્ય, ૧ તિર્યંચગતિ, ૨ તિર્યંચાનુપૂર્વી, ૩ એકેન્દ્રિયજાતિ, (૪) ઔદારિક શરીર (૫) હુંડક સંસ્થાન (૬) સ્થાવર (૭) અપર્યાપ્તનામ (૮) અસ્થિર (૯) અશુભ (૧૦) દુર્ભગ (૧૧) અનાદેય (૧૨) અયશ, (૧૩) સૂક્ષ્મ-બાદરમાંથી એક, અને (૧૪) પ્રત્યેક-સાધારણમાંથી એક એમ ૧૪ અધ્રુવબંધી મળીને કુલ ૨૩ બંધાય છે.

**(૨) ૨૫નું બંધસ્થાનક**=પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય જે ૨૫નો બંધ છે. તે ઉપરોક્ત ૨૩માં પરાઘાત અને ઉચ્છ્વાસ ઉમેરવાથી થાય છે અહીં અપર્યાપ્તને બદલે પર્યાપ્ત નામકર્મ જ બંધાય છે. તથા અસ્થિર, અશુભ અને અયશ એમ કેવળ પાપપ્રકૃતિને બદલે પર્યાપ્તા પ્રાયોગ્ય બંધ હોવાથી તેના કરતાં કંઈક અંશે અશુદ્ધિ ન્યૂન હોવાથી સ્થિર-અસ્થિર, શુભ-અશુભ, અને યશ-અયશ એમ બે બે પ્રતિપક્ષીઓમાંથી એક એક જાણવી. તથા આ ૨૫ પ્રકૃતિના બંધક એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, (યુગલિક વિનાના) તિર્યંચ-મનુષ્યો, અને ઈશાન સુધીના દેવો સમજવા. તથા જેમ પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫નું બંધસ્થાનક છે. તેમ અપર્યાપ્ત વિકલેન્દ્રિયપ્રાયોગ્ય અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય તથા અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય પણ આ ૨૫નું બંધસ્થાનક છે. તે ૨૫ પ્રકૃતિઓ જાણવી હોય તો ૨૩માં પરાઘાત અને ઉચ્છ્વાસને બદલે ઔદારિકાંગોપાંગ અને છેવટ્ઠું સંઘયણ ઉમેરવું. અને તે તે ભવને યોગ્ય ગત્યાદિ પ્રકૃતિઓનીપરાવૃત્તિ જાણવી ગ્રન્થવિસ્તારના ભયથી અહીં વધારે કહેતા નથી.

**(૩) ૨૬નું બંધસ્થાનક**=ઉપર કહેલી પર્યાપ્તએકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ પ્રકૃતિઓમાં આતપ અથવા ઉદ્યોત ભેળવીએ તો ૨૬નું બંધસ્થાનક થાય છે. સૂર્યના વિમાનમાં અથવા ચંદ્રાદિના વિમાનમાં પૃથ્વીકાયાદિ પણે ઉત્પન્ન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાની યોગ્યતાવાળા બંધહેતુઓ જે જીવોમાં વર્તે છે. તે જીવો (એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, (યુગલિક વિનાના) તિર્યંચ-મનુષ્યો અને ઈશાન સુધીના દેવો) આ ૨૬નો બંધ કરે છે. આ બંધ પણ પર્યાપ્તા પ્રાયોગ્ય હોવાથી સ્થિરાદિ ત્રણે પ્રકૃતિઓ પ્રતિપક્ષી (ગમે તે એક) બંધાય છે એમ જાણવું.

**(૪) ૨૮નું બંધસ્થાન** = દેવગતિપ્રાયોગ્ય અને નરકગતિપ્રાયોગ્ય એમ બે જાતનું છે. દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, વૈક્રિયાંગોપાંગ, સમચતુરસ્રસંસ્થાન, ઉચ્છ્વાસનામ, પરાઘાત, શુભવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સૌભાગ્ય, સુસ્વર, આદેય, સ્થિર-અસ્થિરમાંથી એક, શુભ-અશુભમાંથી એક, અને યશ-અયશમાંથી એક એમ ૧૯ અધ્રુવબંધી તથા ૯ ધ્રુવબંધી મળીને કુલ ૨૮ નામકર્મની દેવપ્રાયોગ્ય પ્રકૃતિઓ જાણવી. તેને બાંધનારા મિથ્યાદૃષ્ટિથી અપૂર્વકરણ (આઠમા ગુણઠાણા)ના છઠ્ઠા ભાગ સુધીના યથાસંભવ પંચેન્દ્રિય તિર્યંચોના અને મનુષ્યોના જીવો જાણવા. આ જ રીતે નરકપ્રાયોગ્ય પણ ૨૮નો બંધ છે પરંતુ ત્યારે પ્રતિપક્ષીઓમાંથી યથાસંભવ અશુભ બંધાય છે. અને સૌભાગ્ય, સુસ્વર તથા આદેયને બદલે દૌર્ભાગ્ય, દુસ્વર અને અનાદેય જ બંધાય છે. તેને બાંધનારા મિથ્યાદૃષ્ટિ પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો હોય છે.

**(૫) ૨૯નું બંધસ્થાનક** = ૨૮ પ્રકૃતિઓમાં જિનનામકર્મ ઉમેરવાથી ૨૯નું બંધસ્થાનક થાય. પરંતુ તે દેવપ્રાયોગ્ય જ બંધ થાય છે. નરકપ્રાયોગ્ય નહીં. કારણ કે નરકપ્રાયોગ્ય બંધ મિથ્યાત્વે જ થાય છે[1] અને

૧ શ્રી મુક્તિકમલ જૈન મોહન ગ્રન્થમાલા વડોદરા તરફથી પ્રકાશિત થયેલી અને પૂ. આચાર્યદેવશ્રી વિજયધર્મસૂરિ મ. સા. થી સંપાદિત થયેલી શતકકર્મગ્રંથની ચોથી આવૃત્તિમાં પૃષ્ઠ ૬૦માં ૧૦ મી લીટીમાં "જિનનામ સહિત ૨૯નું બંધસ્થાનક નરકપ્રાયોગ્ય પણ છે. એમ લખ્યું છે. તે કથન યથાર્થ લાગતું નથી. તથા તે જ આવૃત્તિના ૬૦મા પાનાની ૧૪/૧૫મી લીટીમાં "સમ્યગ્દૃષ્ટિ દેવો બાંધે એમ જે લખ્યું છે ત્યાં" સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકી બાંધે છે" એમ હોવું જોઈએ. કારણ કે જિનનામ સહિત મનુષ્યપ્રાયોગ્ય ૩૦ જેમ દેવો બાંધે છે. તેમ શ્રેણિક મહારાજા આદિ સમ્યગ્દૃષ્ટિ નારકીના જીવો પણ બાંધે જ છે માટે તે ઉપયોગશૂન્યતાએ લખાયું હોય અથવા પ્રેસદોષ હોય એમ લાગે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં જિનનામ કર્મનો બંધ નથી તથા છઠ્ઠા-કર્મગ્રંથમાં ૨૮ના બંધે નરકપ્રાયોગ્ય બંધભાંગો-૧ છે પરંતુ ૨૯ના બંધમાં નરકપ્રાયોગ્યનો એક પણ ભાંગો નથી. માટે જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯નો બંધ સમજવો. તેને બાંધનારા સમ્યગ્દષ્ટિ મનુષ્યો જ માત્ર સમજવા. તથા ઉપરોક્ત ૨૮માં જિનનામ કર્મને બદલે સંઘયણ ઉમેરવાથી પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય તથા મનુષ્યપ્રાયોગ્ય પણ ૨૯નો બંધ થાય છે. તેમાં દેવગતિ આદિની જગ્યાએ યથાયોગ્ય પ્રકૃતિઓ બદલાય છે. જેના યોગ્ય બંધ ચાલતો હોય તેના ભવને યોગ્ય પ્રકૃતિઓ બંધમાં આવે છે. પં. તિર્યંચ-મનુષ્યપ્રાયોગ્ય ૨૯ના બંધમાં છ સંઘયણ, છ સંસ્થાન આદિમાંથી એક, એક એમ ઘણી પ્રતિપક્ષી પ્રકૃતિઓ બંધાય છે. જેથી ઘણા ભાંગા થાય છે. આ પ્રમાણે ૨૯નો બંધ જિનનામ સહિત દેવપ્રાયોગ્ય, અને સંઘયણસહિત વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પં. તિર્યંચપ્રાયોગ્ય અને મનુષ્યપ્રાયોગ્ય હોય છે.

**(૬) ૩૦નું બંધસ્થાનક** = દેવપ્રાયોગ્ય ૨૮ના બંધમાં આહારક દ્વિકનો બંધ ઉમેરવાથી દેવપ્રાયોગ્ય ૩૦નો બંધ થાય છે. જે અપ્રમત્ત અને અપૂર્વકરણવર્તી મનુષ્યો બાંધે છે. અથવા દેવપ્રાયોગ્ય ૨૮માં ૧ સંઘયણ અને ૧ ઉદ્યોતનામ ઉમેરવાથી અને યથાયોગ્ય પ્રતિપક્ષીઓનો ફેરફાર કરવાથી પણ ૩૦નો બંધ થાય છે. પરંતુ તે ૩૦નો બંધ વિકલેન્દ્રિયપ્રાયોગ્ય અને પં. તિર્યંચપ્રાયોગ્ય જ થાય છે. અથવા દેવ પ્રાયોગ્ય ૨૮માં ૧ પ્રથમ સંઘયણ અને ૧ જિનનામ ઉમેરવાથી પણ ૩૦નો બંધ થાય છે. જે મનુષ્યપ્રાયોગ્ય કહેવાય છે અને સમ્યગ્દષ્ટિ દેવ-નારકી જ આ મનુષ્યપ્રાયોગ્ય ૩૦ બાંધે છે. આ પ્રમાણે દેવપ્રાયોગ્ય, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પં તિર્યંચપ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય એમ ૩૦નો બંધ ચાર પ્રકારે હોય છે.

**(૭) ૩૧નું બંધસ્થાનક** = દેવપ્રાયોગ્ય ૨૮માં આહારકદ્વિક અને જિનનામ એમ ત્રણ પ્રકૃતિઓનો બંધ ઉમેરતાં ૩૧નું બંધસ્થાનક દેવપ્રાયોગ્ય જ હોય છે. અને તે અપ્રમત્તમુનિ તથા અપૂર્વકરણ ગુણસ્થાનકવર્તી મનુષ્યો જ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૮) **૧નું બંધસ્થાનક** = ૧ થી ૭ ગુણસ્થાનક સુધી તથા ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીમાં આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધી જ ગતિપ્રાયોગ્ય બંધ થાય છે. ત્યારબાદ કષાય-નોકષાય રૂપ બંધહેતુની અત્યંત અલ્પતા થવાના કારણે ગતિપ્રાયોગ્ય બંધ વિચ્છેદ થવાથી આઠમા ગુણસ્થાનકના સાતમા ભાગથી દસમા ગુણસ્થાનક સુધી ફક્ત ૧ યશનામકર્મનો જ બંધ વેદોદય તથા સંજ્વલન કષાયોદયરૂપ બંધહેતુજન્ય થાય છે. તે ૧નું બંધસ્થાનક કહેવાય છે. આ પ્રમાણે નામકર્મનાં ૨૩, ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૧, એમ કુલ ૮ બંધસ્થાનક છે. તેમાં અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩, પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫-૨૬, અપર્યાપ્ત વિકલેન્દ્રિય, અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ, અને અપર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૨૫, તથા પર્યાપ્ત વિકલેન્દ્રિય, પર્યાપ્ત પં. તિર્યંચ અને પર્યાપ્ત મનુષ્યપ્રાયોગ્ય ૨૯-૩૦, તથા દેવપ્રાયોગ્ય ૨૮-૨૯-૩૦-૩૧, અને નરકપ્રાયોગ્ય માત્ર ૨૮, ચારે ગતિ-અપ્રાયોગ્ય ૧, આ પ્રમાણે ૮ બંધસ્થાનકો છે. તેના ૧૩૯૪૫ બંધભાંગા થાય છે તે છઠ્ઠા કર્મગ્રંથમાંથી (અને પંચસંગ્રહની સપ્તતિકામાંથી) જાણી લેવા. (અહીં ગ્રન્થગૌરવના ભયથી લખ્યા નથી.) છઠ્ઠા કર્મગ્રંથના વિવેચનમાં સમજાવીશું.

આ આઠ બંધસ્થાનકોમાં ૬ ભૂયસ્કારબંધ, ૭ અલ્પતરબંધ, ૮ અવસ્થિતબંધ, અને ૩ અવક્તવ્યબંધ થાય છે. તે હવે સમજીએ.

## નામકર્મના ૮ બંધસ્થાનકમાં ભૂયસ્કારાદિ

અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩ બાંધતો એવો કોઈ જીવ ૨૩નો બંધ પૂર્ણ કરીને કંઈક અંશે વિશુદ્ધિના વશથી પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય અથવા અપર્યાપ્ત વિકલેન્દ્રિયાદિ પ્રાયોગ્ય ૨૫ બાંધે તો ૨૫ ના બંધના પ્રથમ સમયે પહેલો ભૂયસ્કાર, (બીજા સમયથી અવસ્થિત કહેવાય છે.) એવી જ રીતે ૨૫ બાંધતો એવો તે જીવ ૨૫નો બંધ પૂર્ણ કરીને આતપ અથવા ઉદ્યોત સાથેની પર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૬ બાંધે ત્યારે પ્રથમ સમયે બીજો ભૂયસ્કાર. આ પ્રમાણે ૨૬ બાંધતો જીવ ૨૮ બાંધે તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજો ભૂયસ્કાર, ૨૮ બાંધતો જીવ ૨૯ બાંધે તો ચોથો ભૂયસ્કાર, ૨૯ બાંધતો જીવ ૩૦ બાંધે તો પાંચમો ભૂયસ્કાર, અને ત્રીસ બાંધતો જીવ જ્યારે ૩૧ બાંધે ત્યારે છઠ્ઠો ભૂયસ્કાર. આ પ્રમાણે નામકર્મમાં ૨૫, ૨૬, ૨૮, ૨૯, ૩૦, ૩૧ ના બંધના છ ભૂયસ્કારબંધ થાય છે. કુલ ૮ બંધસ્થાનક છે. તેમાંથી ૨૩ અને ૧ ના બંધના ભૂયસ્કાર થતા નથી.

**પ્રશ્ન** - ૨૮ બાંધતો જીવ ૨૯ બાંધે, ૨૯ બાંધતો જીવ ૩૦ બાંધે, અને ૩૦ બાંધતો જીવ ૩૧ બાંધે ત્યારે ૨૯, ૩૦, ૩૧ ના બંધના ભૂયસ્કાર થાય, એવું જેમ ઉપર સમજાવ્યું તેમ ૩૧ બાંધતો જીવ શ્રેણીમાં ચઢે ત્યારે આઠમાના છઠ્ઠા ભાગ પછી ૧ નો બંધ તો કરે જ છે. તો ૧ ના બંધનો ભૂયસ્કાર કેમ કહેતા નથી ?

**ઉત્તર** - આઠમાના છઠ્ઠા ભાગ પછી ૩૧ થી ૧ નો બંધ જરૂર થાય છે. પરંતુ તે અલ્પ પ્રકૃતિરૂપ થાય છે. અને ભૂયસ્કાર તો પ્રકૃતિઓનો વધારો થાય તો કહેવાય. આ તો બંધમાં હાનિ થઈ છે માટે ૧ ના બંધનો ભૂયસ્કાર કહેવાતો નથી. પણ અલ્પતર જરૂર કહેવાશે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન** - ૨૩ના બંધથી ૨૫ના બંધે અને ૨૫ના બંધથી ૨૬ના બંધે જતાં જેમ વધારો થાય છે માટે ભૂયસ્કાર કહો છો તેમ ૧નો બંધ કરતો જીવ ૨૩ના બંધનો પ્રારંભ કરે તો તે પણ ૧ થી ૨૩ એમ વધારો જ થાય છે. તો ૨૩ના બંધનો ભૂયસ્કાર કેમ કહેતા નથી ?

**ઉત્તર** - ૧ નો બંધ શ્રેણીમાં આઠમાના સાતમા ભાગથી દસમા ગુણઠાણામાં કરે છે. અને ૨૩નો બંધ મિથ્યાત્વ ગુણઠાણે થાય છે અને શ્રેણીમાંથી (આઠમા ગુણઠાણાના સાતમા ભાગ આદિથી) સીધો પહેલા ગુણસ્થાનકે જીવ આવતો નથી એટલે ૧ ના બંધથી સીધો ૨૩ના બંધે જાય એવો સંભવ જ નથી. અને આઠમેથી સાતમે-છઠ્ઠે-પાંચમે ગુણઠાણે આવે ત્યારે ૧ ના બંધથી (યથાયોગ્ય) ૨૮-૨૯-૩૦-૩૧ માંથી કોઈ એક બંધ પ્રારંભે જ. તેથી તેનો (૨૮-૨૯-૩૦-૩૧નો) ભૂયસ્કાર થાય. ત્યારબાદ પહેલા ગુણઠાણે જવાય. હવે ત્યાં જાય ત્યારે ૨૩ નો બંધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરી શકે, પરંતુ ૨૮- આદિનું બંધસ્થાનક આવી ચૂક્યું છે અને ત્યારબાદ ૨૩ બાંધે છે. તેથી તે પ્રકૃતિઓની સંખ્યા અલ્પ થઈ ગણાય છે. વધારો થયો નથી, તેથી તે ભૂયસ્કાર ગણાય નહીં.

**પ્રશ્ન** - ૩૧ના બંધે જેમ ૩૦ થી અવાય છે, તેમ ૧ના બંધથી પણ પડતાં અવાય છે. તથા ૨૯ નો દેવપ્રાયોગ્ય બંધ કરતો જીવ આહારકદ્વિક બાંધવા માંડે તો ૨૯ ના બંધથી પણ ૩૧ના બંધે જવાય છે. તથા ૨૮ બાંધતો જીવ આહારકદ્વિક અને જિનનામનો બંધ જો સાથે પ્રારંભે તો ૨૮ ના બંધથી પણ ૩૧ ના બંધે જવાય છે. તો આ રીતે ૩૧ના બંધના ભૂયસ્કારો ઘણા થઈ શકે છે. તેવી જ રીતે ૩૦ ના બંધના પણ ભૂયસ્કારો ઘણા થઈ શકે છે તે જુદા-જુદા કેમ કહ્યા નથી?

**ઉત્તર** - ૩૦ થી ૩૧માં આવે,૧ થી ૩૧ માં આવે, ૨૯ થી ૩૧ માં આવે કે ૨૮ થી ૩૧ માં આવે પરંતુ ૩૧ના આંકની સંખ્યા તુલ્ય જ રહે છે. તેથી ભૂયસ્કારોને જુદા જુદા ન ગણતાં એક જ ભૂયસ્કાર કહ્યો છે. એવી જ રીતે ૩૦-૨૯-૨૮ આદિ બંધસ્થાનકો પણ જુદી જુદી રીતે આવી શકે છે. પરંતુ સંખ્યા સમાન હોવાથી તેના ભૂયસ્કારો જુદા જુદા ગણાતા નથી. આ પ્રમાણે ૬ ભૂયસ્કાર બંધ સમજાવ્યા.

નામકર્મમાં અલ્પતરો ૭ થાય છે. સાતમે-આઠમે ગુણઠાણે વર્તતા જીવો દેવપ્રાયોગ્ય ૨૮-૨૯-૩૦- અને ૩૧ બાંધતા છતા આઠમાના સાતમા ભાગે જ્યારે આવે ત્યારે ૧ નો બંધ કરે છે. તે પ્રકૃતિઓ અલ્પ થઈ હોવાથી પહેલો અલ્પતર કહેવાય છે. ૨૮નો બંધ કરતો જીવ પણ ૧ ના બંધે આવે, જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ બાંધતો જીવ પણ ૧ ના બંધે આવે, આહારકદ્વિક સહિત ૩૦ બાંધતો જીવ પણ ૧ ના બંધે આવે, અને આહારકદ્વિક તથા જિનનામ સાથે ૩૧ બાંધતો જીવ પણ ૧ ના બંધે આવે. એમ ચાર પ્રકારે ૧ ના બંધનો અલ્પતર થાય છે. પરંતુ ૧ ની સંખ્યા તુલ્ય હોવાથી એક જ અલ્પતર ગણાય છે. બીજા સમયથી તે અવસ્થિત કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા સાતમે-આઠમે ગુણઠાણે વર્તતા આહારકદ્વિક અને જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૩૧ બાંધતા કોઈક મુનિ મહાત્મા કાલધર્મ પામીને દેવભવમાં જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે ઉત્પત્તિના પ્રથમ સમયે જિનનામ સહિત મનુષ્યપ્રાયોગ્ય ૩૦ બાંધે છે. તે કાળે પ્રથમ સમયે ૩૦ ના બંધનો બીજો અલ્પતર થાય છે. (બીજા સમયથી દેવભવમાં જીવે ત્યાં સુધી અવસ્થિતબંધ કહેવાય છે.) દેવભવ સમાપ્ત કરીને જ્યારે તે મનુષ્યમાં જન્મે ત્યારે મનુષ્યમાં આવ્યો છતો દેવપ્રાયોગ્ય બંધ કરે છે અને તે જિનનામ સહિત દેવ પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બાંધે છે. ત્યારે ત્રીજો અલ્પતર થાય છે. તથા પં.તિર્યંચ પ્રાયોગ્ય અથવા વિકલેન્દ્રિયાદિ પ્રાયોગ્ય ૨૯ નો બંધ કરતો પં.તિર્યંચ અથવા મનુષ્યનો જીવ વિશુદ્ધિના વશથી દેવપ્રાયોગ્ય ૨૮ બાંધે ત્યારે ૨૮ના બંધનો ચોથો અલ્પતર થાય છે અથવા અશુદ્ધિ વધવાથી નરક પ્રાયોગ્ય ૨૮ બાંધે તો પણ ૨૮ના બંધનો ચોથો અલ્પતર થાય છે. એવી જ રીતે દેવ-નરક પ્રાયોગ્ય ૨૮ બાંધતો જીવ એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ બાંધવા માંડે ત્યારે પ્રથમ સમયે ૨૬ના બંધનો પાંચમો અલ્પતર થાય છે. ૨૬ બાંધતો ૨૫ બાંધે ત્યારે ૨૫ ના બંધનો છઠ્ઠો અલ્પતર અને ૨૫ બાંધતો ૨૩ બાંધે ત્યારે ૨૩ના બંધનો સાતમો અલ્પતર થાય છે. આ પ્રમાણે ૩૧ ના બંધ વિના બાકીના અનુક્રમે ૧-૩૦-૨૯-૨૮-૨૬-૨૫-૨૩ ના બંધના કુલ ૭ અલ્પતર થાય છે. ૩૧નો બંધ કોઈપણ બંધસ્થાનકથી ન્યૂન સંખ્યાવાળો નથી તેથી તેનો અલ્પતર થતો નથી.

આઠે બંધસ્થાનકના આઠ અવસ્થિતબંધ બીજા સમયથી જાણવા. જે કોઈ ભૂયસ્કાર, અલ્પતર કે અવક્તવ્યબંધ થાય તેના બીજા સમયથી સર્વત્ર અવસ્થિતબંધ સમજવા. તેમાં ૨૩નો અવસ્થિત બંધ અલ્પતર પછી જ થાય છે. અને ૨૫-૨૬-૨૮ આ ત્રણ અવસ્થિતબંધ ભૂયસ્કાર પછી પણ થાય છે અને અલ્પતર પછી પણ થાય છે. ૨૯-૩૦ નો અવસ્થિતબંધ ભૂયસ્કાર પછી, અ પતર પછી, અને અવક્તવ્યબંધ પછી એમ ત્રણ રીતે થાય છે. પરંતુ ૩૧નો અવસ્થિતબંધ એકલા ભૂયસ્કારરૂપે

JAINSITE જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધ થયા પછી જ થાય છે. અને ૧ નો અવસ્થિતબંધ અલ્પતર પછી અને અવક્તવ્યબંધ પછી પણ થાય છે.

અવક્તવ્યબંધ ૧-૨૯-૩૦ એમ ત્રણ થાય છે. અગિયારમા ગુણઠાણે જીવ નામકર્મનો સર્વથા અબંધક થાય છે. ત્યાંથી અદ્ધાક્ષયે પડે તો દસમે આવીને ૧ના બંધનો પ્રારંભ કરે ત્યારે પ્રથમ સમયે પહેલો અવક્તવ્યબંધ છે. અને જો ભવક્ષયે પડે તો મરીને અનુત્તરમાં જાય અથવા વૈમાનિકમાં જાય ત્યાં ગયો છતો મનુષ્યપ્રાયોગ્ય ૨૯ બાંધે અથવા પૂર્વે બાંધેલું જિનનામ સત્તામાં હોય તો ચોથું ગુણસ્થાનક હોવાથી તે જિનનામનો બંધ પણ ચાલુ કરે. એટલે મનુષ્યપ્રાયોગ્ય ૩૦ બાંધે. આ રીતે ૨૯/૩૦ના બંધના પ્રારંભસમયે આ બન્ને અવક્તવ્યબંધ થાય છે. એમ ૧-૨૯-૩૦ ના બંધના કુલ ૩ અવક્તવ્યબંધ નામકર્મમાં જાણવા.

આ પ્રમાણે નામકર્મમાં કુલ ૮ બંધસ્થાનક, ૬ ભૂયસ્કાર, ૭ અલ્પતર, ૮ અવસ્થિતબંધ, અને ૩ અવક્તવ્યબંધ જાણવા.

હવે જ્ઞાનાવરણીયાદિ બાકી રહેલાં પાંચકર્મોનાં બંધસ્થાનક અને ભૂયસ્કારાદિ જણાવે છે. બાકીના પાંચકર્મોમાં એક એક જ બંધસ્થાનક છે. જ્ઞાનાવરણીયકર્મની ૫, અને અંતરાયકર્મની ૫, ધ્રુવબંધી હોવાથી સાથે જ બંધાય છે. એટલે વધારો કે ઘટાડો થતો જ નથી માટે ભૂયસ્કાર કે અલ્પતર થતા નથી. પરંતુ અનાદિ કાળથી આ પાંચ બંધાય જ છે. માટે એક અવસ્થિતબંધ છે. તથા અગિયારમેથી અદ્ધાક્ષયે પડીને દસમે આવે તો પણ અને ભવક્ષયે મરીને અનુત્તરમાં અથવા વૈમાનિકમાં જાય ત્યારે ચોથે આવે તો પણ પાંચનો જ બંધ ચાલુ કરે છે તેથી તે બંધના પ્રથમ સમયે એક-એક અવક્તવ્ય બંધ થાય છે. બીજા સમયથી અવસ્થિતબંધ કહેવાય છે.

વેદનીયકર્મની સાતા અથવા અસાતા એક કાલે એક જ બંધાય છે માટે વૃદ્ધિ-હાનિ ન હોવાથી ભૂયસ્કાર કે અલ્પતર બંધ થતા નથી. અનાદિકાળથી એકનો બંધ હોવાથી અવસ્થિતબંધ એકનો થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને અગિયારમે જવા છતાં વેદનીયકર્મનો યોગપ્રત્યયિક બંધ ચાલુ જ રહે છે. અબંધક થતો નથી તેથી અવક્તવ્યબંધ નથી અને ચૌદમે ગુણઠાણે જાય ત્યારે અબંધક થાય છે. પરંતુ ત્યાંથી પતન થતું નથી.

આયુષ્યકર્મ ભવમાં એક જ વાર બંધાય છે અને તે પણ એકી સાથે એક જ બંધાય છે વૃદ્ધિ-હાનિ થતી નથી. માટે ભૂયસ્કાર કે અલ્પતર થતા નથી. પરંતુ આયુષ્યકર્મના બંધનો પ્રારંભ કરે ત્યારે પ્રથમ સમયે અવક્તવ્યબંધ અને બીજા સમયથી અંતર્મુહૂર્ત સુધી અવસ્થિતબંધ થાય છે.

ગોત્રકર્મમાં પણ એક સાથે એક જ બંધાય છે. માટે ભૂયસ્કાર કે અલ્પતરબંધ નથી, પરંતુ અનાદિથી બંધ ચાલુ જ છે માટે અવસ્થિતબંધ છે. તથા અગિયારમે ગોત્રનો અબંધક થઈને પડતાં દસમે અથવા ચોથે આવે ત્યારે એક ઉચ્ચગોત્રકર્મ જીવ બાંધે જ છે તે બંધના પ્રથમસમયે અવક્તવ્યબંધ થાય છે. બીજા સમયથી તે અવસ્થિતબંધ ગણાય છે.

આઠ કર્મોની ૧૨૦ પ્રકૃતિઓનાં ૨૯ બંધસ્થાનક થાય છે.૧, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૬, ૫૩, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪ એમ કુલ ૨૯ બંધસ્થાનકો થાય છે. તેમાં ૨૮ ભૂયસ્કાર, ૨૮ અલ્પતર, ૨૯ અવસ્થિતબંધ થાય છે અને અવક્તવ્યબંધ થતો નથી. આ વર્ણન પંચસંગ્રહાદિ ગ્રન્થાન્તરોથી જાણવું. સંક્ષેપમાં બંધસ્થાનકો આ પ્રમાણે-

### સર્વ કર્મોના ૨૯ બંધસ્થાનકોનું યત્કિંચિત્ સ્વરૂપ :

૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાનકે સાતા વેદનીય એક જ બંધાય છે તે ૧નું બંધસ્થાનક કહેવાય. અને તે ૧૧-૧૨-૧૩ મેં ગુણઠાણે હોય. ૧૧મા ગુણસ્થાનકથી અદ્ધાક્ષયે પડીને ૧૦મે આવે ત્યારે જ્ઞાના. ૫, દર્શના. ૪, અંત. ૫, યશ. અને ઉચ્ચગોત્ર એમ ૧૬ પ્રકૃતિઓનો બંધ વધતાં આ ૧૬+૧ સાતા એમ ૧૭નું બંધસ્થાનક ૧૦મે ગુણઠાણે હોય છે. દસમા ગુણઠાણાથી નીચે ઉતરતાં નવમા ગુણઠાણે સંજ્વલન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભ, માયા, માન, ક્રોધ અને પુરુષવેદ આ પાંચ પ્રકૃતિઓનો બંધ ક્રમશઃ એક-એક ભાગે વધતો જાય છે. (શ્રેણી ચડતાં નવમાના એક-એક ભાગે જેમ બંધ ઘટ્યો હતો તેમ ઉતરતાં વધે છે.) એટલે નવમેં ગુણઠાણે ૧૮-૧૯-૨૦-૨૧-૨૨ એમ કુલ ૫ બંધસ્થાનક હોય છે.

નવમાથી નીચે ઉતરતાં આઠમા ગુણઠાણે પ્રારંભમાં હાસ્ય ચતુષ્કનો બંધ વધતાં ૨૨+૪=૨૬નું બંધસ્થાનક હોય છે. આઠમામાં જ થોડોક કાળ ગયે છતે ગતિપ્રાયોગ્ય બંધ શરૂ થતાં દેવગતિ પ્રાયોગ્ય નામકર્મની ૨૮નો બંધ શરૂ થાય છે, તેમાં યશનામકર્મનો બંધ દસમા ગુણઠાણેથી ઉમેરાયેલો છે. એટલે નવી ૨૭ નામકર્મની પ્રકૃતિઓ ઉમેરતાં ૨૬+૨૭=૫૩નું બંધસ્થાનક હોય છે. તેમાં કોઈક જિનનામ બાંધે તો ૫૪, પણ કોઈક આહારકદ્વિક બાંધે તો ૫૫, અને કોઈ ઉભય બાંધે તો ૫૬ એમ જુદા-જુદા જીવોને આશ્રયી ૫૩-૫૪-૫૫-૫૬ એમ ચાર બંધસ્થાનક સંભવે છે. ત્યારબાદ આઠમાના પહેલાભાગવાળા કાળે ઉતરીને આવતાં નિદ્રાદ્વિકનો બંધ કરે છે. એટલે ૫૩-૫૪-૫૫-૫૬માં બે વધતાં ૫૫-૫૬-૫૭-૫૮ નો બંધ થાય છે. આ પ્રમાણે આઠમા ગુણઠાણે ૨૬ તથા ૫૩ થી ૫૮ એમ કુલ સાત બંધસ્થાનક હોય છે.

સાતમા ગુણઠાણે નિદ્રાદ્વિક જેમાં ઉમેરાયેલું છે. એવાં ૫૫-૫૬-૫૭-૫૮ એમ ૪ બંધસ્થાનક હોય છે. તથા કોઈ જીવ છઠ્ઠેથી આયુષ્ય બાંધતો-બાંધતો સાતમે આવે તેવા જીવને આશ્રયી ૫૫+૧=૫૬, જિનનામ સહિત ૫૭, આહારકદ્વિક સહિત ૫૮, અને ઉભય સહિત ૫૯, એમ કુલ ૫૫ થી ૫૯ પાંચ બંધસ્થાનક સંભવે છે.

છઠ્ઠે ગુણઠાણે આહારકદ્વિકનો બંધ ન હોવાથી ૫૫, જિનનામ સહિત ૫૬, અને આયુષ્ય બંધાય ત્યારે ૫૭ એમ ૫૫-૫૬-૫૭ કુલ ત્રણ બંધસ્થાનક સંભવે છે. પાંચમા ગુણસ્થાનકે પ્રત્યાખ્યાનાવરણના ચાર કષાયનો બંધ વધતાં ૫૫-૫૬-૫૭ ના સ્થાને ૫૯-૬૦-૬૧ એમ ત્રણ બંધસ્થાનક થાય છે. જે પ.પં.તિર્યંચ-મનુષ્યો બાંધે છે. જિનનામવાળા બંધસ્થાનકોમાં તિર્યંચો બંધના સ્વામી ન લેવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોથા ગુણસ્થાનકે અપ્રત્યાખ્યાનીય કષાય ચારનો બંધ વધે છે. તેથી ૫૯-૬૦-૬૧ ના સ્થાને ચાર કષાય ઉમેરતાં દેવપ્રાયોગ્ય ૬૩-૬૪-૬૫નો યથાયોગ્ય બંધ સમ્યગ્દષ્ટિ તિર્યંચો અને મનુષ્યો કરે છે. તથા આ ચોથું ગુણસ્થાનક હોવાથી અહીં દેવ-નારકીના જીવો પણ હોય છે. અને તેઓ મનુષ્ય પ્રાયોગ્ય જ બંધ કરે છે. તેથી તેમાં વજ્રઋષભનારાચ ૧ સંઘયણ વધારે બંધાય છે. એટલે ૬૪ થી ૬૬નો પણ બંધ સંભવે છે. ચોથે ગુણસ્થાનકે કુલ ૬૩ થી ૬૬ એમ ચાર બંધસ્થાનક હોય છે.

ત્રીજે ગુણસ્થાનકે જિનનામ અને આયુષ્યનો બંધ ન હોવાથી ૬૩ અને સંઘયણ સહિત કરીએ તો ૬૪ એમ બે જ બંધસ્થાનક હોય છે. સાસ્વાદને અનંતાનુબંધી ૪ કષાય અને થીણદ્ધિત્રિક એમ ૭ પ્રકૃતિઓનો બંધ વધતાં ૬૩+૭=૭૦નો બંધ થાય છે. તેમાં સંઘયણ ૧ ઉમેરતાં ૭૧, તિર્યંચપ્રાયોગ્ય બંધમાં ઉદ્યોત ઉમેરતાં ૭૨, અને આયુષ્યનો બંધ થાય તો ૭૩ એમ કુલ ૭૦ થી ૭૩ ચાર બંધસ્થાનક હોય છે.

પહેલા ગુણસ્થાનકે મિથ્યાત્વમોહનીયનો બંધ વધે છે. પરંતુ નામકર્મમાં એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩-૨૫-૨૬ વગેરે બંધ હોઈ શકે છે. તેથી ઓછામાં ઓછી ૫+૯+૧+૨૨+૦+૨૩+૧+૫ એમ અનુક્રમે આઠ કર્મની મળીને ૬૬ પ્રકૃતિઓ બંધાય છે. તેમાં આયુષ્યનો બંધ અને એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫-૨૬ આદિ બદલતાં ૬૭-૬૮-૬૯ વગેરે બંધો અનેક રીતે થાય છે. વધારેમાં વધારે બંધ ૫+૯+૧+૨૨+૧+૩૦+૧+૫=૭૪ નો બંધ હોઈ શકે છે. આ પ્રમાણે પહેલા ગુણઠાણે ૬૬ થી ૭૪ કુલ ૯ બંધ સ્થાનક હોય છે. સર્વ ગુણસ્થાનકોમાં થઈને ૧ થી ૭૪ સુધીનાં ઉપરોક્ત ૨૯ બંધસ્થાનકો થાય છે.

આ પ્રમાણે આઠે કર્મોના ભૂયસ્કારાદિ બંધો સમજાવ્યા. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ, અને પ્રદેશબંધ સમજાવવાની પ્રતિજ્ઞા કરેલી. તેમાંથી ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્યબંધ રૂપે ચાર પ્રકારનો પ્રકૃતિબંધ સમજાવ્યો. પ્રકૃતિબંધ કહીને હવે સ્થિતિબંધ સમજાવીશું. ॥૨૫॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આઠે કર્મોમાં ભૂયસ્કારાદિનું ચિત્ર

| બંધસ્થાનક કેટલાં | જ્ઞાનાવરણીય ૧ | દર્શનાવરણીય ૩ | વેદનીય ૧ | મોહનીય ૧૦ | આયુષ્યકર્મ ૧ | નામ કર્મ ૮ | ગોત્ર કર્મ ૧ | અંતરાય ૧ |
|---|---|---|---|---|---|---|---|---|
| " ક્યાં ક્યાં | ૫ નું | ૯, ૬, ૪ નું | ૧ નું | ૨૨,૨૧,૧૭, ૧૩,૯,૫, ૪,૩,૨,૧નું | ૧ નું | ૨૩,૨૫,૨૬, ૨૮,૨૯૩૦, ૩૧, ૧ નું | ૧ નું | ૫ નું |
| ભૂયસ્કારબંધ કેટલા | × | ૨ | × | ૯ | × | ૬ | × | × |
| " ક્યા ક્યા | × | ૬, ૯ નો | × | ૨,૩,૪,૫, ૯,૧૩,૧૭, ૨૧,૨૨નો | × | ૨૫,૨૬,૨૮, ૨૯,૩૦, ૩૧ ના | × | × |
| અલ્પતરબંધ કેટલા | × | ૨ | × | ૮ | × | ૭ | × | × |
| " ક્યા ક્યા | × | ૬, ૪ નો | × | ૧૭,૧૩,૯, ૫,૪,૩,૨, ૧નો | × | ૧,૩૦,૨૯, ૨૮,૨૬, ૨૫,૨૩ના | × | × |
| અવસ્થિતબંધ કેટલા | ૧ | ૩ | ૧ | ૧૦ | ૧ | ૮ | ૧ | ૧ |
| " ક્યા ક્યા | ૫ નો | ૯,૬,૪ નો | ૧ નો | ૨૨,૨૧,૧૭, ૧૩,૯,૫,૪ ૩,૨,૧ના | ૧ નો | ૨૩,૨૫,૨૬, ૨૮,૨૯,૩૦ ૩૧,૧ ના | ૧ નો | ૫ નો |
| અવક્તવ્યબંધ કેટલા | ૧ | ૨ | × | ૨ | ૧ | ૩ | ૧ | ૧ |
| " ક્યા ક્યા | ૫ નો | ૪, ૬ નો | × | ૧, ૧૭ ના | ૧ નો | ૧,૩૦,૨૯ ના | ૧ નો | ૫ નો |

પ્રકૃતિબંધ તથા તેના સ્વામી કહેવા સ્વરૂપે ૧૭મા તથા ૨૧મા દ્વારનો અધિકાર સમાપ્ત થયો.

હવે સ્થિતિમાં અને સ્થિતિબંધના સ્વામી દર્શાવવા વડે ૧૮મું અને ૨૨મું દ્વાર કહીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અથ સ્થિતિબંધ અધિકાર દ્વાર ૧૮મું

**वीसयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे ।**
**तीसियर चउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ।।२६।।**

(विंशतिरतरकोटिकोट्यो, नाम्नि गोत्रे च सप्ततिर्मोहे ।
त्रिंशदितरेषु चतुर्षूदधयो नरकसुरायुषोस्त्रयस्त्रिंशत् ।। २६ ।।)

**वीसयरकोडिकोडी** = વીસ કોડાકોડી સાગરોપમ, **नामे गोए य** = નામકર્મ અને ગોત્રકર્મમાં, **सत्तरी** = સીત્તેર કોડાકોડી સાગરોપમ, **मोहे** = મોહનીયકર્મમાં, **तीसियर** = ત્રીસ કોડાકોડી સાગરોપમ, ઇતર એવાં **चउसु** = ચાર કર્મોમાં, **उदही** = સાગરોપમ, **निरयसुराउंमि** = નરકાયુષ્ય અને દેવાયુષ્યમાં, **तित्तीसा** = તેત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ॥ ૨૬ ॥

**ગાથાર્થ** = નામકર્મ અને ગોત્રકર્મમાં ઉત્કૃષ્ટસ્થિતિ વીસ કોડાકોડી સાગરોપમ છે. મોહનીયકર્મની સીત્તેર કોડાકોડી સાગરોપમ, શેષ ચાર કર્મોમાં ત્રીસ કોડાકોડી સાગરોપમ, અને નરકાયુષ્ય તથા દેવાયુષ્યની સ્થિતિ તેત્રીસ સાગરોપમ જાણવી. ॥ ૨૬ ॥

**વિવેચન** = આ મૂલગાથામાં वीसयर પદમાં विंशति એટલે ૨૦, અને अतर એટલે સાગરોપમ એવો અર્થ જાણવો. જે કાળ સમુદ્રની જેમ ઘણો લાંબો હોવાથી तरीतुमचिरात्पारं नेतुं न शक्यन्ते इत्यतराणि તરવાને એટલે જલ્દી જલ્દી પાર પામવાને શક્ય નથી તે **अतर** કહેવાય છે. એક કોડ ને એક કોડે ગુણવાથી જે આવે તે કોડાકોડી કહેવાય છે. તેને વીસે ગુણવાથી જે આવે તે વીસ કોડાકોડી થાય છે. એવી જ રીતે સીત્તેર અને ત્રીસ કોડાકોડીમાં પણ સમજવું.

આ ગાથામાં કહેલી આઠે મૂલકર્મની સ્થિતિ જઘન્ય છે કે ઉત્કૃષ્ટ, તે વાત આ મૂળ ગાથામાં સ્પષ્ટ કહી નથી. પરંતુ આગળ આવનારી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથા ૨૭માં जहन्न પદ સ્પષ્ટ હોવાથી ત્યાં કહેલી સ્થિતિ જઘન્ય છે. માટે અર્થાપત્તિન્યાયથી સમજાય છે કે આ સ્થિતિ ઉત્કૃષ્ટ છે.

પૂર્વ અર્ધ ગાથામાં નામ, ગોત્ર અને મોહનીય કર્મોની સ્થિતિ કહી છે. અને ગાથાના ચોથા ચરણમાં આયુષ્યકર્મ કહેવાનું છે. તેથી ત્રીજા ચરણમાં કહેલા चउसु શબ્દથી બાકી રહેલાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એમ ચાર કર્મો જાણવાં.

સ્થિતિબંધ એટલે બંધાતું એવું આ કર્મ આત્મા સાથે કેટલો કાળ રહેશે ? તેનું નક્કી થવું તે. કોઈ પણ જીવ જે સમયે કર્મ બાંધતો હોય છે. તે સમયમાં ગ્રહણ થતાં કાર્મણવર્ગણાનાં અનંતાનંત દલિકોમાંથી કેટલાંક દલિકો અમુક સમયે ઉદયમાં આવશે, કેટલાંક દલિકો તેના પછીના બીજા સમયમાં ઉદયમાં આવશે. વળી કેટલાંક દલિકો તેના પછીના ત્રીજા સમયમાં ઉદયમાં આવશે એમ પ્રત્યેક દલિકોમાં તે કયા કયા સમયે ઉદયમાં આવશે અને ફળપ્રદાન કરશે એવો સ્વભાવ નક્કી થાય છે. તેને સ્થિતિબંધ કહેવાય છે. તે દલિકોમાં ઉદયમાં આવવાની કરાયેલી આ વ્યવસ્થા પ્રમાણે જો તે દલિકોને ક્રમશઃ ગોઠવવામાં આવે તો વીસ, ત્રીસ, સીત્તેર, કોડાકોડી સાગરોપમ ચાલે તેટલી લાંબી લતા થાય છે. તેને જ **સ્થિતિબંધ કહેવાય છે.** **બંધાતા એવા એક સમયના તે અનંતાનંત દલિકોમાં જે સમયે બંધાય છે તેના પછી તુરતના પહેલા બીજા-ત્રીજા-ચોથા સમયમાં જ ઉદયમાં** આવે અર્થાત્ ફળ પ્રદાન કરે એવાં દલિકો (એવી સ્થિતિ સ્વભાવવાળાં દલિકો) એક પણ હોતાં નથી. તેથી ઉદયમાં ન આવે (ફળ ન આપે) તેવા કાળને **અબાધાકાળ** કહેવાય છે. અને જ્યારથી ઉદય શરૂ થાય છે. ત્યારથી પ્રત્યેક સમયમાં ઉદયમાં આવીને ફળપ્રદાન કરે તેવો જે કાળ છે. તેને **ભોગ્યકાળ** કહેવાય છે. અબાધાકાળમાં દલિકરચના હોતી નથી, તેથી દલિકો ઉદયમાં આવતાં નથી. કર્મોદયજન્ય બાધા (પીડા= ફળપ્રદાનતા)થતી નથી તેથી તે કાળનું નામ **"અબાધાકાળ"** કહેવાય છે. અને ભોગ્યકાળમાં જીવ દલિકરચના કરે છે તેથી ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દલિકો ઉદયમાં આવીને તજ્જન્ય ફળપ્રદાનતા કરે છે. તેથી તેને **"ભોગ્યકાળ"** કહેવાય છે. આ ભોગ્યકાળમાં જ દલિકોની ગોઠવણી હોવાથી તેને **નિષેકરચના** પણ કહેવાય છે. આ અબાધાકાળ અને ભોગ્યકાળ એમ બન્ને મળીને જે **લાંબી લતા** થાય છે તેને જ **સ્થિતિબંધ** કહેવાય છે. **"જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ બંધાય છે તેટલા સો સો વર્ષનો અબાધાકાળ હોય છે** આવો નિયમ છે. પરંતુ આ નિયમ માત્ર આયુષ્યકર્મને લાગુ પડતો નથી. તેનો અબાધાકાળ બંધાતા પરભવના આયુષ્ય પ્રમાણે નથી. પરંતુ ઉદિત એવા શેષ વર્તમાન ભવ પ્રમાણે હોય છે. સાતકર્મોમાં કોઈપણ એક વર્તમાન સમયમાં બંધાતા કર્મોની તે બંધ સમયના કાળે થતી અબાધાકાળ અને ભોગ્યકાળની રચનાનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે -

જૈન સાઈટ

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦

બંધ અબાધાકાળ ભોગ્યકાળ અથવા નિષેકરચનાવાળો કાળ

સમય (દલિક રચના દરેક સમયોમાં અનંત અનંત દલિક રચના

વિનાનો કાળ)

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

ઉપરનું ચિત્ર અસત્કલ્પના માત્રથી વસ્તુસ્થિતિ સમજાવવા પુરતું દોર્યું છે. પ્રથમ સમયમાં જીવ વર્તે છે. બેથી સાત સમયમાં તે જીવ દલિકરચના કરતો નથી. તેથી તે બંધાતા કર્મનો અબાધાકાળ કહેવાય છે. જો કે અબાધાકાળમાં પણ પૂર્વકાળમાં બાંધેલું દલિક અમુક [1]પ્રકૃતિને છોડીને અવશ્ય હોય જ છે. તેથી કર્મોદય પણ ચાલુ જ છે. ફક્ત વર્તમાન સમયે જે લતા બંધાય છે તે લતાના દલિકોની રચના અબાધાકાળને છોડીને ભોગ્યકાળમાં જ થાય છે. ત્યાં પણ ભોગ્યકાળના પ્રથમ સમયે બહુ દલિક, બીજા સમયે તેનાથી હીન દલિક, ત્રીજા સમયે તેનાથી પણ હીન, એમ પ્રતિસમયોમાં હીન, હીનતરપણે દલિકરચના થાય છે. આ પ્રમાણે આ ગાથામાં તથા હવે પછીની

૧. અનાદિ નિગોદમાંથી નીકળીને પંચેન્દ્રિયાદિમાં આવી દેવદ્વિકાદિ બાંધનારને પૂર્વબદ્ધ દલિક સત્તામાં હોતું નથી. ઈત્યાદિ સ્વયં સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથામાં સર્વે મૂલકર્મોની અને ઉત્તરકર્મોની જે સ્થિતિ કહેવાશે તે અબાધાકાળ અને ભોગ્યકાળ બન્ને સાથે મળીને કહેવાશે. તેમાંથી જે કર્મોની જેટલા કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાય, તેટલા સો સો વર્ષનો અબાધાકાળ સમજી લેવો. બાકીનો ભોગ્યકાળ જાણવો. આ નિયમ સાતકર્મોમાં લાગુ પડે છે.

આયુષ્યકર્મમાં વર્તમાનભવનું આયુષ્ય જેટલું બાકી હોય તેટલો જ અબાધાકાળ સમજવો. પરભવનું આયુષ્ય ભલે દેવ-નારકી સંબંધી ૩૩ સાગરોપમ બંધાય કે મનુષ્ય-તિર્યંચ સંબંધી અંતર્મુહૂર્ત બંધાય અથવા ત્રણ પલ્યોપમ બંધાય તો પણ અબાધાકાળ વર્તમાન ભવના શેષ આયુષ્ય સમાન જ હોય છે. તેથી પરભવનું આયુષ્ય ૩૩ સાગરોપમ જેટલું ઉત્કૃષ્ટ બંધાય તો પણ અબાધાકાળ વર્તમાનભવના શેષાયુષ્ય તુલ્ય એટલે ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ પણ હોઈ શકે અને જઘન્યથી અંતર્મુહૂર્ત પણ હોઈ શકે. તેવી જ રીતે પરભવનું આયુષ્ય ભલે અંતર્મુહૂર્ત જ બંધાય. તો પણ અબાધાકાળ પૂર્વક્રોડનો ત્રીજો ભાગ પણ હોય અને અંતર્મુહૂર્ત પણ હોય.

હવે આપણે કયા કયા કર્મોની કેટલી કેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે. તે જોઈએ. નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. ત્યાં ૨૦૦૦ વર્ષનો અબાધાકાળ છે. અને શેષ ભોગ્યકાળ છે. મોહનીયકર્મની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. ત્યાં ૭૦૦૦ વર્ષનો અબાધાકાળ છે. અને શેષ ભોગ્યકાળ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય આ ચાર કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ૩૦૦૦ વર્ષનો અબાધાકાળ છે અને બાકીનો ભોગ્યકાળ છે. આયુષ્યકર્મમાં દેવ-નરકના આયુષ્યને આશ્રયી મૂલકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (અબાધાકાળ વિના કેવળ ભોગ્યકાળની) ૩૩ સાગરોપમ જાણવી.

આયુષ્યકર્મમાં અબાધાકાળ વર્તમાન ભવના શેષ આયુષ્યને અનુસારે હોવાથી અનિયત છે. માટે કેવળ ભોગ્યકાળને આશ્રયીને જ

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૩ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ ગાથામાં કહી છે. પરંતુ સર્વે કર્મોની જેમ જો તેની અબાધાકાળ સહિત ભોગ્યકાળવાળી સ્થિતિ જાણવી હોય તો પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગે અધિક તેત્રીસ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ જાણવી. શ્રી શિવશર્મસૂરિજીએ પ્રાચીન શતક નામના કર્મગ્રંથમાં કહ્યું છે કે-तित्तीसुदही आउंमि केवला होइ एवमुक्कोसा= અહીં કેવલ શબ્દથી અબાધારહિત માત્ર ભોગ્યકાળની આ ઉત્કૃષ્ટ સ્થિતિ છે. એમ જાણવું.

તથા આયુષ્ય કર્મ વિના સાત કર્મોમાં ૭૦-૩૦-૨૦ કોડાકોડીની ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય ત્યારે ૭૦૦૦-૩૦૦૦-૨૦૦૦ વર્ષનો અબાધાકાળ હોય છે. પરંતુ જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ બંધ ઘટે છે ત્યારે અબાધાકાળમાં ૧ સમય ઘટે છે. બે ભાગ ઘટે છે ત્યારે અબાધાકાળ ૨ સમય ઘટે છે એમ જેટલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સ્થિતિબંધ ઘટે છે તેટલા સમયો અબાધાકાળમાં ઘટે છે. એમ કરતાં બરાબર ૧ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ ઘટે તો ૧૦૦ વર્ષ પ્રમાણ અબાધાકાળ ઘટે છે. એજ પ્રમાણે જઘન્યબંધથી આટલો બંધ વધે તો તેટલો અબાધાકાળ વધે છે.

**પ્રશ્ન** - અહીં મૂલકર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાનો અધિકાર ચાલે છે ત્યાં ઉત્તર પ્રકૃતિ જે દેવાયુષ્ય અને નરકાયુષ્ય એમ બેની ઉત્કૃષ્ટ સ્થિતિ કેમ કહી? અને મૂલ આયુષ્યકર્મની કેમ ન કહી ?

**ઉત્તર** - મૂલ આયુષ્યકર્મની અને ઉત્તરકર્મ એવા દેવાયુષ્ય અને નરકાયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમ સમાન જ છે. તેથી ઉત્તર પ્રકૃતિઓના આગળ આવતા અધિકારમાં આ બે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ફરીથી ન કહેવી પડે એમ સમજીને ગ્રન્થની લઘુતા માટે અહીં મૂલકર્મના અધિકારમાં બે આયુષ્યકર્મ સ્વરૂપ ઉત્તરકર્મની સ્થિતિ કહી છે અને તે જ મૂળ આયુષ્યકર્મની પણ ઉત્કૃષ્ટ સ્થિતિ છે તેથી સમાન હોવાથી મૂળ કર્મની જુદી કહી નથી. ॥ ૨૬ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે મૂલ આઠે કર્મોની જઘન્ય સ્થિતિ કેટલી? તે જણાવે છે.

**मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहन्न वेयणिए ।**
**अट्ठट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ।। २७ ।।**

(मुक्त्वाऽकषायस्थितिं, द्वादश मुहूर्ता जघन्या वेदनीये ।
अष्टावष्टौ नामगोत्रयोः शेषेषु मुहूर्तान्तः ।। २७ ।।)

**मुत्तुं** = મૂકીને, **अकसायठिइं** = કષાયવિનાના જીવોની સ્થિતિને, **बार** = બાર, **मुहुत्ता** = મુહૂર્ત, **जहन्न** = જઘન્ય, **वेयणिए** = વેદનીયકર્મમાં, **अट्ठट्ठ** = આઠ આઠ મુહૂર્ત, **नामगोएसु** = નામકર્મ અને ગોત્રકર્મમાં, **सेसएसुं**=બાકીના કર્મોમાં, **मुहुत्तंतो**=અન્તર્મુહૂર્ત ॥૨૭॥

**ગાથાર્થ** - કષાયરહિત જીવોની સ્થિતિને મુકીને વેદનીયકર્મની જઘન્ય સ્થિતિ બાર મુહૂર્ત, નામ અને ગોત્રકર્મની આઠ-આઠ મુહૂર્ત, અને બાકીના કર્મોમાં માત્ર અંતર્મુહૂર્ત જઘન્યસ્થિતિ જાણવી. ॥ ૨૭ ॥

**વિવેચન** - વેદનીય કર્મની સ્થિતિ બે પ્રકારે બંધાય છે. સકષાય અને અકષાય. ત્યાં અગિયારમે, બારમે અને તેરમે ગુણઠાણે કષાયો નહીં હોવાથી કેવળ યોગનિમિત્તક જે ઈર્યાપથિકબંધ થાય છે, તે અકષાય સ્થિતિબંધ છે. ત્યાં પ્રથમ સમયે સાતાવેદનીય બંધાય છે, બીજા સમયે ઉદયમાં આવે છે અને ત્રીજા સમયે નિર્જરી જાય છે. તે સ્થિતિબંધ અહીં વિવક્ષાતો નથી. તેથી તે સ્થિતિબંધને મૂકીને જે સકષાય જીવો (૧ થી ૧૦ ગુણસ્થાનક સુધીના) છે. તેઓ કષાય દ્વારા જે સ્થિતિબંધ કરે છે, તેને આશ્રયી અહીં જઘન્ય સ્થિતિબંધ કહેવાય છે. વેદનીય કર્મનો જઘન્ય સ્થિતિબંધ ૧૨ મુહૂર્તનો જાણવો, તે સાતાવેદનીયને આશ્રયી હોય છે. ક્ષપકશ્રેણીમાં દસમા ગુણસ્થાનકના ચરમસમયે થાય છે. નામકર્મ અને ગોત્રકર્મનો જઘન્ય સ્થિતિબંધ આઠ-આઠ મુહૂર્તનો જાણવો, તે અનુક્રમે યશનામકર્મ અને ઉચ્ચગોત્રને આશ્રયી હોય છે. આ પણ ક્ષપકશ્રેણીમાં દસમાના ચરમસમયે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકીના પાંચ કર્મોનો જઘન્ય સ્થિતિબંધ અંતર્મુહૂર્ત માત્ર જાણવો. તેમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયનો ક્ષપકશ્રેણીમાં દસમાના ચરમસમયે, મોહનીયનો નવમાના ચરમસમયે, અને આયુષ્યકર્મનો પહેલા ગુણઠાણે જઘન્યબંધ જાણવો. કારણ કે મોહનીયકર્મ ૯મા પછી અને જ્ઞાનાવરણીયાદિ કર્મો ૧૦મા પછી બંધાતાં નથી. અને ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં વધારે વિશુદ્ધિ નવમે-દસમે જ હોય છે. તથા વધારે વિશુદ્ધિ વડે જ આ કર્મોની જઘન્યસ્થિતિ બંધાય છે. માટે બંધવિચ્છેદના ચરમસમયે જઘન્યસ્થિતિબંધ કહ્યો છે. અને તે પણ ક્ષપકશ્રેણીમાં જ.

આયુષ્યકર્મ જો કે સાત ગુણસ્થાનક સુધી બંધાય છે. તો પણ ઉપરનાં ૫-૬-૭ વિરતિવાળાં ગુણસ્થાનકોમાં વર્તતા જીવો દેવાયુષ્ય જ બાંધે છે. અને તે પણ વૈમાનિકનું જ આયુષ્ય બંધાતું હોવાથી જઘન્યથી પણ બે પલ્યોપમનું હોય છે તથા ચોથે ગુણઠાણે પણ જો દેવાયુષ્ય બંધાય તો વૈમાનિકનું જ બંધાય છે. અને ચોથે ગુણઠાણે મનુષ્યાયુષ્ય પણ બંધાય છે. પરંતુ તેના બંધક દેવ-નારકી જ હોય છે. તેઓ ચોથા ગુણઠાણાવાળા સમ્યગ્દૃષ્ટિ હોવાથી મિથ્યાત્વી જીવો કરતાં વધારે વિશુદ્ધિવાળા હોવાથી આ પુણ્યપ્રકૃતિની મિથ્યાત્વી જેવી જઘન્યસ્થિતિ બાંધતા નથી. ત્રીજે ગુણસ્થાનકે આયુષ્યકર્મ બંધાતું જ નથી. સાસ્વાદને જો કે દેવાયુષ્ય, તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ ત્રણ આયુષ્ય બંધાય છે. પરંતુ આ ત્રણે આયુષ્યો પુણ્યપ્રકૃતિ છે. તે ત્રણની જઘન્યસ્થિતિ સંક્લિષ્ટતાએ બંધાય છે. મિથ્યાત્વે જેટલી સંક્લિષ્ટતા સંભવે તેટલી સંક્લિષ્ટતા સાસ્વાદને સંભવતી નથી. તેથી એક ક્ષુલ્લકભવ જેટલું તિર્યંચ-મનુષ્યાયુષ્ય અને દસ હજાર વર્ષનું દેવાયુષ્ય મિથ્યાત્વે જ બંધાય છે. માટે સાસ્વાદને પણ જઘન્યસ્થિતિ બંધાતી નથી. આ રીતે મિથ્યાત્વે જઘન્યસ્થિતિ બંધાય છે.

બે ઘડીના સમયને (૪૮ મિનિટના કાળને) મુહૂર્ત કહેવાય છે. તેમાં કંઈક ઓછું તે અંતર્મુહૂર્ત જાણવું. ક્ષુલ્લકભવનું આયુષ્ય એ પણ અંતર્મુહૂર્ત જ જાણવું. આટલું જઘન્યાયુષ્ય ઉપરોક્ત યુક્તિઓથી પહેલે ગુણઠાણે જ બંધાય છે. ॥ ૨૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂલકર્મોની જઘન્ય-ઉત્કૃષ્ટસ્થિતિ કહીને હવે ઉત્તર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ જણાવે છે-

**विग्घावरणअसाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।**
**पढमागिइ संघयणे, दस दुसुवरिमेसु दुगवुड्डी ॥ २८ ॥**

(विघ्नावरणासाते, त्रिंशदष्टादश सूक्ष्मविकलत्रिके ।
प्रथमाकृतिसंहनने, दश, द्वयोरुपरितनयोः द्विकवृद्धिः ॥ २८ ॥

**विग्घावरण असाए** = પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય અને અસાતા વેદનીયમાં, **तीसं** = ત્રીસ કોડાકોડી, **अट्ठार** = અઢાર કોડાકોડી, **सुहुमविगलतिगे** = સૂક્ષ્મત્રિકમાં અને વિકલેન્દ્રિયત્રિકમાં, **पढमागिइसंघयणे** = પ્રથમ સંસ્થાન અને પ્રથમ સંઘયણમાં, **दस** = દશ કોડાકોડી, **दुसुवरिमेसु** = ઉપર-ઉપરના બેમાં **दुगवुड्डी** = બે-બેની વૃદ્ધિ જાણવી ॥ ૨૮ ॥

**ગાથાર્થ** = પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણીય, નવ દર્શનાવરણીય, અને અસાતાવેદનીય એમ કુલ ૨૦ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ, સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિકની ૧૮ કોડાકોડી, પહેલા સંસ્થાન અને સંઘયણની ૧૦ કોડાકોડી, બાકીના સંસ્થાન અને સંઘયણમાં બે-બે કોડાકોડીની વૃદ્ધિ જાણવી. ॥ ૨૮ ॥

**વિવેચન**=દાનાન્તરાયાદિ પાંચ અંતરાયકર્મ, મતિજ્ઞાનાવરણીય આદિ પાંચ જ્ઞાનાવરણીય, ચક્ષુદર્શનાવરણીય આદિ નવ દર્શનાવરણીય અને અસાતાવેદનીય એમ કુલ ૨૦ ઉત્તરપ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. ત્રણહજાર વર્ષ અબાધાકાળ છે અને બાકીનો ભોગ્યકાળ છે.

સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ એ સૂક્ષ્મત્રિક, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિયજાતિ એ વિકલેન્દ્રિયત્રિક, આ છ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમ છે. ૧૮૦૦ વર્ષનો અબાધાકાળ અને શેષ ભોગ્યકાળ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમચતુરસ્ર નામનું પ્રથમ સંસ્થાનનામકર્મ, અને વજ્રઋષભનારાચ નામનું પ્રથમ સંઘયણ નામકર્મ આ બે કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. બાકીનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બે-બે કોડાકોડી સાગરોપમ વધારે છે. તે પ્રમાણે અબાધાકાળ અને ભોગ્યકાળ પણ સ્વયં સમજી લેવો.

સમચતુરસ્ર અને વજ્રઋષભનારાચની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગ૦
ન્યગ્રોધ અને ઋષભનારાચની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૨ કોડાકોડી સાગ૦
સાદિ અને નારાચની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૪ કોડાકોડી સાગ૦
[1]કુબ્જ અને અર્ધનારાચની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૬ કોડાકોડી સાગ૦
વામન અને કીલિકાની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૮ કોડાકોડી સાગ૦
હુંડક અને છેવઠ્ઠાની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગ૦

આ પ્રમાણે આ ગાથામાં ૨૦+૬+૧૨ = ૩૮ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ કહી ॥૨૮॥

**चालीस कसाएसुं, मिउलहुनिद्धुण्ह सुरहिसिअमहुरे ।**
**दस दोसड्ढसमहिया, ते हालिद्दंबिलाईणं ।। २९ ।।**

(चत्वारिंशत्कषायेषु, मृदुलघुस्निग्धोष्णसुरभिश्वेतमधुरे ।
दश द्वौ सार्धौ समधिकौ ते हालिद्राम्लादीनाम् ॥ २९ ॥)

**चालीस** = ચાલીસ કોડાકોડી, **कसाएसुं** = સોળ કષાયોમાં, **मिउलहु** = મૃદુ અને લઘુ, **निद्धुण्ह** = સ્નિગ્ધ અને ઉષ્ણ, **सुरहि** = સુરભિગંધ, **सिअ** = શ્વેતવર્ણ, **महुरे** = મધુર રસ, **दस** = દશ

૧ કોઈ કોઈ પુસ્તકોમાં (પૂ. વિજયધર્મસૂરિજી મ. દ્વારા સંપાદિત અને શ્રી મુક્તિકમલ જૈન મોહન જ્ઞાનમંદિર દ્વારા પ્રકાશિત ગુજરાતી વિવેચન આદિ પુસ્તકોમાં) વામન ચોથું અને કુબ્જ પાંચમું લખેલું દેખાય છે. પરંતુ સ્વોપજ્ઞ ટીકામાં તથા પંચસંગ્રહ દ્વાર પાંચમું ગાથા૩૫ની મલયગિરિજી કૃત ટીકામાં કુબ્જ ચોથું અને વામન પાંચમું છે. એટલે અમે તેને અનુસારે અહીં ઉલ્લેખ કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોડાકોડી, **दोसड्ढ** = અર્ધાથી અધિક એવા બે અર્થાત્ અઢી, **समहिया** = અધિક, **ते** = તે ૧૦ કોડાકોડી, **हालिद्दंबिलाईणं** હાલિદ્રવર્ણ અને આમ્લ રસાદિની સ્થિતિ જાણવી. ॥ ૨૯ ॥

**ગાથાર્થ** = ૧૬ કષાયોની ઉત્કૃષ્ટસ્થિતિ ૪૦ કોડાકોડીસાગ. મૃદુ, લઘુ, સ્નિગ્ધ, ઉષ્ણ, સુરભિ, શ્વેત, અને મધુરરસની ૧૦ કોડાકોડી સાગ. હાલિદ્ર આદિ શેષવર્ણોની તથા આમ્લ આદિ શેષ રસોની ઉત્કૃષ્ટસ્થિતિ અઢી અઢી કોડાકોડી સાગરોપમ વધારે વધારે જાણવી. ॥૨૯॥

**વિવેચન** = અનંતાનુબંધી આદિ ૧૬ કષાયોની ઉત્કૃષ્ટસ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમ છે. ૪૦૦૦ વર્ષનો અબાધાકાળ છે. અને શેષ ભોગ્યકાળ છે. તથા પ્રથમકર્મગ્રંથમાં (કર્મવિપાકમાં) વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ એમ ચાર મૂલભેદોની જ બંધમાં વિવક્ષા કરી છે. પરંતુ તે ચાર જ બંધાય છે એમ ન જાણવું. ઉત્તરભેદ વીસે વીસ બંધાય છે. અને તે વીસે ભેદ ધ્રુવબંધી જ છે. ફક્ત વિવક્ષા સામાન્યપણે કરી છે. એમ સમજવું. આ જ કારણથી અહીં વર્ણાદિના વીશે ભેદોની જુદી જુદી ઉત્કૃષ્ટસ્થિતિ જણાવે છે.

મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ આ ચાર સ્પર્શ, સુરભિ ગંધ, શ્વેતવર્ણ અને મધુરરસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમની છે. બાકીના ચાર સ્પર્શ અને દુરભિગંધની ૨૦ કોડાકોડી સાગરોપમ છે. તે આગળ ગાથા ૩૨માં આવશે. વર્ણો અને રસ પાંચ પાંચ છે. તેમાંથી એક-એક વર્ણ અને રસની સ્થિતિ એટલે શ્વેતવર્ણ અને મધુરરસની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૦ કોડાકોડી છે. તે આ ગાથમાં કહી છે. બાકીના વર્ણ અને બાકીના રસની ઉત્કૃષ્ટ સ્થિતિમાં ક્રમશઃ અઢી અઢી કોડાકોડીની વૃદ્ધિ કરવી. ત્યાં ક્રમ પ્રથમકર્મગ્રંથ (કર્મવિપાક) ગાથા ૪૦-૪૧માં કહેલા ક્રમથી ઉલટા ક્રમે અહીં લેવો किण्हनीललोहिअह-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

लिद्दसिआ ગાથા ૪૦માં, તથા तित्तकडुकसायंबिला महुरा ગાથા ૪૧માં કહેલા વર્ણ અને રસને છેલ્લેથી જોડવા. એટલે જ મૂલગાથામાં શ્વેતવર્ણ અને મધુર રસની ૧૦ કોડાકોડીની સ્થિતિ પૂર્વાર્ધમાં કહીને हालिद्दं-बिलाईणं પાઠ કરીને ગ્રંથકાર જણાવે છે કે હાલિદ્રવર્ણ અને આમ્લરસ વગેરેમાં આ વૃદ્ધિ જાણવી પ્રથમ કર્મગ્રંથની ગાથા ૪૦/૪૧ માં ઉપરોક્ત બન્ને પદોમાં જે છેલ્લો શ્વેતવર્ણ અને છેલ્લો મધુર રસ છે. તે બેની ૧૦ કોડાકોડી જુદી જણાવીને છેલ્લેથી બીજા હાલિદ્રવર્ણ અને આમ્લરસથી ક્રમશઃ અઢી અઢી વધારવાનું કહ્યું છે. તેથી ગાથામાં કહેલા વર્ણ અને રસોમાં ઉલટા ક્રમે આ વૃદ્ધિ જાણવી. તેથી પાંચે વર્ણ અને પાંચે રસની સ્થિતિ નીચે મુજબ થાય છે.

(૧) શ્વેતવર્ણ અને મધુર રસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગ.
(૨) હાલિદ્રવર્ણ અને આમ્લરસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૨॥ કોડાકોડી સાગ.
(૩) લોહિતવર્ણ અને કષાયરસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૫ કોડાકોડી સાગ.
(૪) નીલવર્ણ અને કટુરસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૭॥ કોડાકોડી સાગ.
(૫) કૃષ્ણવર્ણ અને તિક્તરસની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કોડાકોડી સાગ.

JAINSITE .com जैनम् जयति शासनम्

આ પ્રમાણે આ ગાથામાં ૧૬+૭+૮ = કુલ ૩૧ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી. ॥ ૨૯ ॥

**दस सुहविहगइउच्चे, सुरदुग थिरछक्क पुरिसरइहासे ।**
**मिच्छे सत्तरि मणुदुग, इत्थी साएसु पन्नरस ॥ ३० ॥**

(दश शुभविहायोगत्युच्चैस्सुरद्विकस्थिरषट्कपुरुषरतिहास्ये ।
मिथ्यात्वे सप्तति र्मनुष्यद्विकस्त्रीसातेषु पञ्चदश ॥ ३० ॥)

**दस** = ૧૦ કોડાકોડી સાગ. **सुहविहगइउच्चे** = શુભવિહાયોગતિ અને ઉચ્ચગોત્ર, **सुरदुग** = દેવગતિ, દેવાનુપૂર્વી, **थिरछक्क** = સ્થિરષટ્ક, **पुरिसरइहासे** = પુરુષવેદ, રતિમોહનીય અને હાસ્યમોહનીયમાં, **मिच्छे**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

= મિથ્યાત્વમોહનીયમાં, **सत्तरि** = સીત્તેર કોડાકોડી સાગ. **मणुदुग** = મનુષ્યદ્વિક, **इत्थी** = સ્ત્રીવેદ, **साएसु** = સાતાવેદનીયમાં, **पन्नरस** = પંદર કોડાકોડી સાગરોપમ ॥ ૩૦ ॥

**ગાથાર્થ** - શુભવિહાયોગતિ, ઉચ્ચગોત્ર, દેવદ્વિક, સ્થિરષટ્ક, પુરુષવેદ, રતિ મોહનીય અને હાસ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ છે. મિથ્યાત્વની સીત્તેર કોડાકોડી સાગરોપમ મનુષ્યદ્વિક, સ્ત્રીવેદ, અને સાતા વેદનીયકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમની છે. ॥૩૦॥

**વિવેચન** - શુભવિહાયોગતિ, ઉચ્ચગોત્ર, દેવગતિ, દેવાનુપૂર્વી સ્થિર, શુભ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશ, પુરુષવેદ, રતિમોહનીય અને હાસ્યમોહનીય એમ કુલ ૧૩ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમની છે. પુણ્યપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓછી હોય છે અને પાપ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ સદા વધુ હોય છે. ઉપર કહેલી ૧૩ પ્રકૃતિઓમાં શુભવિહાયોગતિ વગેરે ૧૦ પ્રકૃતિઓ તો શુભ છે જ. અન્તિમ પુરુષવેદાદિ ત્રણ મોહનીય હોવાના કારણે નિશ્ચયનયથી અશુભ છે. તો પણ ઈતર બે વેદ કરતાં પુરુષવેદ અને અરતિ-શોકના યુગલ કરતાં હાસ્ય-રતિનું યુગલ જીવને આનંદ આપનાર છે. માટે વ્યવહારનયથી શુભ છે. તત્ત્વાર્થસૂત્રના આઠમા અધ્યાયમાં સૂત્ર ૮-૨૬માં આ જ નયથી તેને પુણ્યરૂપે કહેલ છે. માટે ઉત્કૃષ્ટસ્થિતિ ફક્ત ૧૦ કોડાકોડી સાગરોપમ જ કહેલી છે.

મિથ્યાત્વમોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. સૌથી વધારે તીવ્ર પાપપ્રકૃતિ પણ આ જ છે અને સૌથી વધારે ઉત્કૃષ્ટ સ્થિતિ પણ આ જ કર્મની છે. સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીય જો કે બંધમાં નથી. તેથી તે બે પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ અહીં ગાથામાં કહેવાશે નહીં. તો પણ સમ્યક્ત્વ પામે ત્યારે મિથ્યાત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયના ત્રણ પુંજ કરે છે, તેથી તે બે પ્રકૃતિની પણ સત્તા સંભવે છે. અને તે અન્તર્મુહૂર્ત ન્યૂન ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવી. મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડી સ્થિતિ પહેલા ગુણઠાણે બાંધીને અન્તર્મુહૂર્ત બાદ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં તે બાંધેલી મિથ્યાત્વમોહનીયની સ્થિતિનો સમ્યક્ત્વમોહનીયરૂપે અને મિશ્રમોહનીયરૂપે સંક્રમ કરતાં આ સત્તા ઘટી શકે છે. (જુઓ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ સમ્યક્ત્વમોહનીયના સંક્રમને જણાવતી ગાથા-૩૦[1])

મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી, સ્ત્રીવેદ અને સાતાવેદનીય એમ કુલ ૪ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ૧૫ કોડાકોડી છે. મનુષ્યદ્વિક એ તિર્યંચદ્વિક અને નરકદ્વિક કરતાં પુણ્યપ્રકૃતિ છે. માટે તેનાથી ઉત્કૃષ્ટસ્થિતિ ઓછી છે અને દેવદ્વિક કરતાં ઉતરતી છે માટે તેનાથી વધારે છે. એવી જ રીતે સ્ત્રીવેદ એ નપુંસકવેદ કરતાં શુભ છે. પરંતુ પુરુષવેદ કરતાં અશુભ છે. તેથી સ્થિતિ નુપંસકવેદથી હીન અને પુરુષવેદથી અધિક છે. એવી જ રીતે સાતાવેદનીય એ પુણ્યપ્રકૃતિ છે માટે ૧૫ કોડાકોડી અને અસાતાવેદનીય પાપપ્રકૃતિ છે. માટે ૩૦ કોડાકોડીની સ્થિતિ છે. ઈત્યાદિ કારણો પોતાની બુદ્ધિથી સ્વયં જાણી લેવાં.

આ પ્રમાણે આ ગાથામાં ૧૩+૧+૪ = ૧૮ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ કહી ॥ ૩૦ ॥

---

૧. અનાદિ મિથ્યાત્વી પ્રથમ ઔપશમિક સમ્યક્ત્વ જ્યારે પામે છે. ત્યારે આયુષ્ય વિનાના સાત કર્મોની સ્થિતિ અંતઃકોડાકોડી કરે છે. તેથી મિથ્યાત્વની સ્થિતિ પણ અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે. અને તેના સંક્રમથી થનારી મિશ્ર-સમ્યક્ત્વ મોહનીય પણ તેટલી જ સ્થિતિવાળી થાય છે. પરંતુ એકવાર સમ્યક્ત્વ પામી પડીને પહેલે આવ્યા પછી મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ (કર્મગ્રંથકારના મતે) બાંધીને તુરત ફરીથી સમ્યક્ત્વ પામનારા જીવને મિથ્યાત્વની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પણ હોય છે. અને તેના સંક્રમદ્વારા મિશ્ર-સમ્યક્ત્વમોહનીયની પણ તેટલી સ્થિતિ ઘટી શકે છે. (જુઓ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા-૩૦ તથા તેની ટીકા)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**भय कुच्छ अरइसोए, विउव्वितिरि उरलनरयदुग नीए ।**
**तेयपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ।। ३१ ।।**

**नपु कुखगइ सासचउ, गुरुकक्खडरुक्ख सीयदुग्गंधे ।**
**वीसं कोडाकोडी, एवईयाबाह वाससया ।। ३२ ।।**

(भयजुगुप्साऽरतिशोके वैक्रियतिर्यगौदारिकनरकद्विकनीचैर्गोत्रे ।
तैजसपञ्चकास्थिर षट्के, त्रसचतुष्क स्थावरै केन्द्रियपञ्चेन्द्रिये ।। ३१ ।।

नपुंसककुखगत्युच्छ्वासचतुष्कगुरुकर्कशरुक्षशीतदुर्गन्धे ।
विंशतिः कोटिकोट्य एतावन्त्यबाधा वर्षशतानि ।। ३२ ।।)

**भयकुच्छअरइसोए** = ભય, જાુગુપ્સા, અરતિ અને શોકમોહનીય, **विउव्वितिरिउरलनरयदुग** = વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, અને નરકદ્વિક, **नीए** = નીચગોત્ર, **तेयपण** = તૈજસપંચક, **अथिरछक्के** = અસ્થિરષટ્ક, **तसचउ** = ત્રસનું ચતુષ્ક, **थावर** = સ્થાવરનામકર્મ, **इगपणिंदी** = એકેન્દ્રિય જાતિ અને પંચેન્દ્રિયજાતિ ॥ ૩૧ ॥

**नपुकुखगइ**=નપુંસકવેદ અને અશુભવિહાયોગતિ, **सासचउ** =ઉચ્છ્વાસચતુષ્ક, **गुरुकक्खड**=ગુરુ અને કર્કશસ્પર્શ, **रुक्खसीय**=રૂક્ષ અને શીતસ્પર્શ, **दुग्गंधे**=દુર્ગંધ, **वीसं कोडाकोडी**=૨૦ કોડાકોડી સાગરોપમ **एवइयाबाह** = એટલો જ અબાધાકાળ, **वाससया** =સો વર્ષનો ॥ ૩૨ ॥

**ગાથાર્થ** = ભય, જાુગુપ્સા, અરતિ, શોક, વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, નરકદ્વિક નીચગોત્ર, તૈજસ પંચક, અસ્થિર ષટ્ક, ત્રસ ચતુષ્ક, સ્થાવર, એકેન્દ્રિયજાતિ અને પંચેન્દ્રિય જાતિ, નપુંસકવેદ, અશુભવિહાયોગતિ, ઉચ્છ્વાસચતુષ્ક, ગુરુ, કર્કશ રૂક્ષ, શીત સ્પર્શ અને દુર્ગંધ આટલી પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે અને એટલા જ સો વર્ષનો અબાધાકાળ છે. ॥ ૩૧-૩૨॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** = હવે જે કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી છે. તેનાં નામ આપે છે. ભય, જુગુપ્સા, અરતિ, શોક આ ચાર મોહનીયની, તથા દુગ શબ્દ પ્રત્યેકની સાથે જોડવાથી વૈક્રિયદ્વિક, તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, અને નરકદ્વિક, નીચગોત્ર, આ જ કર્મગ્રંથની બીજી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે તૈજસપંચક (તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ અને ઉપઘાત) અસ્થિર, અશુભ, દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય અને અયશકીર્તિ એમ અસ્થિરાદિ છ, ત્રસ, બાદર, પર્યાપ્તા અને પ્રત્યેક એ ત્રસચતુષ્ક, સ્થાવરનામકર્મ, એકેન્દ્રિયજાતિનામકર્મ, તથા પંચેન્દ્રિયજાતિનામકર્મ, નુપંસકવેદ, અશુભવિહાયોગતિ. આ જ કર્મગ્રંથની ત્રીજી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે ઉચ્છ્વાસ ચતુષ્ક (ઉચ્છ્વાસ, ઉદ્યોત, આતપ અને પરાઘાત), ગુરુ, કર્કશ, ઋક્ષ અને શીત એમ ચાર સ્પર્શ તથા દુર્ગંધ એમ કુલ ૪૨ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે.

અહીં ગાથા ૨૬ થી દરેક ગાથામાં જે જે કર્મોની જેટલા જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ કહી છે તે તે કર્મોનો તેટલા તેટલા સો સો વર્ષનો અબાધાકાળ જાણવો. જેમ કે મિથ્યાત્વમોહનીયની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ છે. માટે તેનો ઉત્કૃષ્ટ અબાધાકાળ સીત્તેર એવા સો એટલે કે ૭૦૦૦ વર્ષનો હોય છે. એમ જાણવું. એવી જ રીતે જ્ઞાનાવરણીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. તેથી તેનો અબાધાકાળ ૩૦૦૦ વર્ષનો જાણવો. એમ સર્વે મૂલ તથા ઉત્તરપ્રકૃતિમાં જાણવું પરંતુ આયુષ્યકર્મમાં આ નિયમ ન લગાડવો.

**પ્રશ્ન**= આયુષ્યકર્મમાં ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણે ઉત્કૃષ્ટ અબાધા જો નથી હોતી તો તેમાં શું નીતિરીતિ છે ?

**ઉત્તર**= આયુષ્યકર્મમાં પરભવનું આયુષ્ય. ગમે તેટલું જઘન્ય, ઉત્કૃષ્ટ કે મધ્યમ બંધાય પરંતુ તેનો અબાધાકાળ આ ચાલુ વર્તમાનભવનું જેટલું આયુષ્ય બાકી હોય તેટલો જ હોય છે. એટલે પરભવનું ઉત્કૃષ્ટ આયુષ્ય તેત્રીસ સાગરોપમાદિ બંધાય તો પણ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલી પણ અબાધા હોય, સમય, બે સમય કે ત્રણ સમય આદિથી ન્યૂન પણ હોય અને છેલ્લે અંતર્મુહૂર્ત માત્ર પણ હોય. એવી જ રીતે પરભવનું મધ્યમ આયુષ્ય બંધાય કે નિગોદ આદિ ભવસંબંધી ક્ષુલ્લકભવાદિરૂપ અંતર્મુહૂર્તની જઘન્યસ્થિતિવાળું બંધાય તો પણ અબાધાકાળ પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ પણ હોય અને સમય, બે સમય, ત્રણ સમય આદિ ન્યૂન પણ હોય અને અન્તે અન્તર્મુહૂર્ત પણ હોય. આ પ્રમાણે આયુષ્યકર્મમાં અબાધાકાળ સ્થિતિબંધ પ્રમાણે નથી. પરંતુ વર્તમાન ભવનું જેટલું આયુષ્ય બાકી હોય તેટલી અબાધા હોય છે. એમ જાણવું.

**પ્રશ્ન=** જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ત્રીસ કોડાકોડી બંધાય ત્યારે ત્રણ હજાર વર્ષ આદિ અબાધાકાળ હોય તે બરાબર છે. પરંતુ એક સમય ન્યૂન, બે સમય ન્યૂન, ત્રણ સમય ન્યૂન ત્રીસ કોડાકોડી બંધાય ત્યારે અબાધાકાળ કેટલો હોય ? અર્થાત્ કંઈક ન્યૂન સ્થિતિબંધમાં કેટલો અબાધાકાળ ઓછો થાય ?

**ઉત્તર=** ઉત્કૃષ્ટસ્થિતિબંધ (૩૦ કોડાકોડી આદિ) કરે ત્યારે ૩૦૦૦ વર્ષ આદિ ઉત્કૃષ્ટ અબાધા હોય. પરંતુ એક સમય ન્યૂન, બે સમય ન્યૂન, ત્રણ સમય ન્યૂન, એમ વધુમાં વધુ પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ન્યૂન એવી ઉત્કૃષ્ટ ૩૦ કોડાકોડી સાગરોપમ વગેરે સ્થિતિ જો બંધાય તો પણ ૩૦૦૦ વર્ષની જ અબાધા હોય છે. પરંતુ પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગથી વધારે એક સમય પણ ન્યૂન ત્રીસ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ જો બંધાય તો અબાધાકાળ ૧ સમયન્યૂન ત્રણ હજાર વર્ષ થાય છે. એમ બે-ત્રણ-ચાર સમય ન્યૂન કરતાં કરતાં પલ્યોપમના બે અસંખ્યાતમા ભાગ ઓછા થાય ત્યાં સુધી એક સમયન્યૂન ૩૦૦૦ વર્ષની અબાધા હોય છે જ્યારે પલ્યોપમના બે અસંખ્યાતમા ભાગ તથા એક સમય ન્યૂન એવી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય તો બે સમયન્યૂન ૩૦૦૦ વર્ષની અબાધા હોય છે. આ રીતે સ્થિતિબંધમાં જેમ જેમ પલ્યોપમનો એક એક અસંખ્યાતમો ભાગ ઘટે છે તેમ તેમ અબાધામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક એક સમયની હાનિ થાય છે અને અબાધામાં જેમ જેમ એક એક સમય વધે છે તેમ તેમ સ્થિતિબંધમાં પલ્યોપમનો એક એક અસંખ્યાતમો ભાગ વધે છે. ત્રીસ કોડાકોડી સાગરોપમના જેટલા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ થાય તેટલા જ સમયો ત્રણ હજાર વર્ષના થાય. આ સર્વે સ્થિતિસ્થાનનાં કંડક અને અબાધાસ્થાનનાં કંડક કહેવાય છે.

આ પ્રમાણે "एवइयाबाह वाससया, एतावन्ति अबाधा वर्षशतानि" જેટલા કોડાકોડી સાગરોપમની સ્થિતિ હોય એટલા સો વર્ષ પ્રમાણ અબાધા હોય છે. ॥ ૩૧-૩૨ ॥

**गुरुकोडिकोडि अंतो, तित्थाहाराण भिन्नमुहू बाहा ।**
**लहु ठिइ संखगुणूणा, नरतिरियाणाउ पल्लतिगं ॥ ३३ ॥**

(गुर्वी कोटिकोट्या अन्तस्तीर्थङ्कराहारकाणामन्तर्मुहूर्तमबाधा ।
लध्वी स्थितिस्सङ्ख्यातगुणोना नरतिरश्चामायुषोः पल्यत्रिकम् ।। ३३ ।।

**गुरु** = ઉત્કૃષ્ટસ્થિતિ, **कोडिकोडिअंतो** = અન્તઃ કોડાકોડી, **तित्थाहाराण** = તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકની, **भिन्नमुहू** = અંતર્મુહૂર્ત, **बाहा** = અબાધા, **लहु** = જઘન્ય, **ठिइ** = સ્થિતિબંધ, **संखगुणूणा** = સંખ્યાતગણી ઓછી, **नरतिरियाणाउ** = મનુષ્ય-તિર્યંચના આયુષ્યની, **पल्लतिगं** = ત્રણ પલ્યોપમ. ॥ ૩૩॥

**ગાથાર્થ=** તીર્થંકર નામકર્મ અને આહારકદ્વિકનો ઉત્કૃષ્ટસ્થિતિ બંધ અંતઃકોડાકોડી સાગરોપમ છે. અબાધાકાળ અંતર્મુહૂર્ત છે. જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ ન્યૂન છે. અને મનુષ્ય-તિર્યંચાયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ત્રણ પલ્યોપમ છે. ॥ ૩૩ ॥

**વિવેચન=** ઉત્તરાર્ધમાં રહેલો ठिइ શબ્દ गुरु શબ્દની સાથે જોડવાથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ એવો અર્થ થાય છે. તીર્થંકરનામકર્મ અને આહારકદ્વિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અંતઃ કોડાકોડી સાગરોપમ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેનાથી અધિક સ્થિતિબંધ થતો નથી. એક ક્રોડને એક ક્રોડ વડે ગુણવાથી જે આવે તે એક કોડાકોડી કહેવાય છે. ૧૦૦૦૦૦૦૦×૧૦૦૦૦૦૦૦= ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ આટલા સાગરોપમમાં કંઈક ન્યૂન તે અંતઃકોડાકોડી સાગરોપમ કહેવાય છે. નામકર્મની બીજી બધી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૧૦-૧૫-૨૦ કોડાકોડી સાગરોપમ જેમ થાય છે. તેમ આ ત્રણ કર્મોમાં કંઈક ન્યૂન એક કોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિબંધ નથી. તેનું કારણ એ છે કે બીજી બધી પ્રકૃતિઓ મિથ્યાત્વે પણ બંધાય છે. કે જ્યાં ૧૦-૧૫-૨૦ કોડાકોડી ઈત્યાદિ ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે. આ ત્રણ કર્મો સમ્યગ્દૃષ્ટિ અને અપ્રમત્ત સંયમીને જ બંધાય છે. અને તે ગુણસ્થાનકોમાં આગળ આવતી **साणाइअपुव्वंते** ગાથા ૪૮માં કહ્યા પ્રમાણે અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે કોઈ પણ કર્મોનો સ્થિતિબંધ નથી. માટે આ ત્રણ કર્મોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડીસાગરોપમ જ છે. અધિક બંધ નથી.

"જેટલા કોડાકોડી સાગરોપમનો સ્થિતિબંધ હોય, તેટલા સો વર્ષનો અબાધાકાળ" એ ન્યાયે આ ત્રણ કર્મોનો અબાધાકાળ કંઈક ન્યૂન ૧૦૦ વર્ષનો હોવો જોઈએ. પરંતુ આ ત્રણ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ મિથ્યાદૃષ્ટિના અંતઃકોડાકોડી કરતાં સંખ્યાતગુણ હીન હોવાથી માત્ર અંતર્મુહૂર્ત જ અબાધા હોય છે. એટલે બધ્યમાન સમયથી એક અંતર્મુહૂર્તકાળ જેટલા કાળને છોડીને આ ત્રણ કર્મોની દલિકરચના=નિષેકરચના જીવ કરે છે. એક અંતર્મુહૂર્ત કાળમાં કર્મના પ્રદેશોની રચના=નિષેકરચના જીવ કરતો નથી. તેથી **અંતર્મુહૂર્તકાળ અબાધાકાળ છે.** એમ જાણવું.

**પ્રશ્ન=** આ જિનનામકર્મ અને આહારકદ્વિક બંધાયા પછી તેનો ઉદય ક્યારે શરૂ થાય ?

**ઉત્તર=** કર્મોના ઉદય બે જાતના હોય છે. જેવી પ્રકૃતિસ્વરૂપે બંધાયું છે તેવા પ્રકારના જ ફળપ્રદાન કરવા રૂપે રસોદયથી ભોગવાય તે **વિપાકોદય** કહેવાય છે. અને બંધાયા પછી એક આવલિકા ગયા બાદ સકલકરણને યોગ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલા તે કર્મને સંક્રમ, અપવર્તના આદિ દ્વારા ફેરફાર કરી સજાતીય પરપ્રકૃતિમાં ભેળવીને પરપ્રકૃતિ રૂપે ભોગવવું **તે પ્રદેશોદય** કહેવાય છે.

જિનનામકર્મનો બંધ શરૂ કર્યા પછી એક અંતર્મુહૂર્ત બાદ **પ્રદેશોદય** થઈ શકે છે. પ્રથમ સમયે બાંધેલી લતા તે કાળે બંધાતી નામકર્મની શેષ ૨૯/૩૧માં સંક્રમાવી તેના ઉદયની સાથે જિનનામના પ્રદેશોનો ઉદય થઈ શકે છે. એવી જ રીતે સાતમે ગુણઠાણે બંધાતા આહારકદ્વિકનું દલિક પણ નામકર્મની અન્યપ્રકૃતિમાં સંક્રમાવી એક અન્તર્મુહૂર્ત બાદ **પ્રદેશોદયથી** ઉદયમાં આવી શકે છે.

વિપાકોદયથી ઉદય વિચારીએ તો જિનનામકર્મનો બંધ અન્તિમ ભવમાં ક્ષપકશ્રેણીમાં આઠમાના છઠ્ઠા ભાગે વિરામ પામ્યા બાદ ૯/૧૦/૧૨ ગુણસ્થાનકોએ અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત કાળ રહીને તેરમે ગુણઠાણે જાય ત્યારે પ્રથમ સમયે વિપાકોદય શરૂ થાય છે. એટલે બંધવિચ્છેદ બાદ ત્રણ અંતર્મુહૂર્તકાળ હોવા છતાં પણ મોટા એક અંતર્મુહૂર્ત પ્રમાણ કાળ ગયા પછી આ ઉદય થાય છે. એવી રીતે આહારકદ્વિકનો બંધ સાતમે ગુણઠાણે કરી છઠ્ઠે ગુણસ્થાનકે આવી તીર્થંકર પરમાત્માના દર્શન આદિના પ્રયોજને આહારકની રચના કરવા ઈચ્છે તો ત્યાં વિપાકોદય સંભવી શકે છે. આ પ્રમાણે એક અન્તર્મુહૂર્ત બાદ પ્રદેશોદયથી અને એક અંતર્મુહૂર્ત બાદ વિપાકોદયથી ત્રણેનો ઉદય થાય છે. જિનનામકર્મના પ્રદેશોદયથી આ જીવનું સૌભાગ્ય, આદેય, યશ, પ્રતાપ, પ્રભાવ તથા શારીરિક ભાવો બીજા જીવો કરતાં વિશિષ્ટ હોય છે.[1]

[2]આ ત્રણ કર્મોનો બંધ શરૂ કરે ત્યારે અંતર્મુહૂર્ત પ્રમાણ રાખેલી

૧. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે : केचित्तीर्थंकरनामकर्मान्तर्मुहूर्तादूर्ध्वं कस्यचित्प्रदेशत उदेति, तदुदये चाज्ञैश्वर्यादय ऋद्धिविशेषा अन्यजीवेभ्यो विशिष्टतरास्तस्य संभवन्तीति संभावयाम इति व्याचक्षते ।

૨. ટીકામાં કહ્યું છે કે-जघन्याप्यन्तर्मुहूर्तमात्रैव ततः परं दलिकरचनायाः सद्भावेनावश्यं प्रदेशोदयस्य सम्भवात् इति ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અબાધામાં દલિકરચના (નિષેકરચના) નથી તેથી એક અંતર્મુહૂર્ત બાદ પ્રદેશોદય થાય છે. જ્યારે બીજાં જ્ઞાનાવરણીયાદિ કર્મોની તેટલા તેટલા સો સો વર્ષની અબાધા (નિષેકરચના વિનાનો કાળ) રાખવા છતાં પણ તેમાં પૂર્વબદ્ધ કર્મદલિકો હોય જ છે. એટલે ધ્રુવોદયીનો વિપાકોદય ચાલુ જ હોય છે અને અધ્રુવોદયીનો સ્તિબુકસંક્રમ દ્વારા પ્રદેશોદય તથા ઉદયનાં નિમિત્તો (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ) મળતાં વિપાકોદય પણ થઈ શકે છે.

જિનનામકર્મ અને આહારકદ્વિકનો જઘન્ય સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડી હોય છે. અહીં પણ ૪૮મી ગાથાના વચનની પ્રમાણતા લેવી. એટલે સમ્યક્ત્વ અને સંયમવાળાં ગુણસ્થાનક હોવાથી ૨ થી ૮ માં આનાથી ઓછી સ્થિતિ બંધાતી નથી. આ જઘન્યસ્થિતિબંધવાળું અંતઃકોડાકોડી સા. ઉત્કૃષ્ટ સ્થિતિબંધવાળા અંતઃકોડાકોડી કરતાં સંખ્યાતગુણ હીન સમજવું. તો પણ તે **અંતઃકોડાકોડી** સાગરોપમ જ કહેવાય છે. જેમ અંતર્મુહૂર્ત નાનું-મોટું અસંખ્યાત જાતનું છે તેમ આ અંતઃકોડાકોડી પણ નાનું-મોટું અસંખ્યાત જાતનું છે.

**પ્રશ્ન :-** અત્યારે મૂળ તથા ઉત્તર સર્વ કર્મોના **ઉત્કૃષ્ટ** સ્થિતિબંધનો અધિકાર ચાલે છે. ત્યાં ત્રણ કર્મોની **જઘન્યસ્થિતિનું** વર્ણન = પ્રતિપાદન શા માટે કરાય છે ?

**ઉત્તર :-** આ ત્રણ કર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ જેમ અંતઃકોડાકોડી સાગરોપમ છે. તેમ જઘન્યસ્થિતિબંધ પણ (ભલે સંખ્યાતગુણ હીન હોય તો પણ) તેટલો જ છે. તેથી અતંઃકોડાકોડીપણે સમાન-સ્થિતિક હોવાથી ગ્રન્થની લાઘવતા માટે અહીં જઘન્યસ્થિતિબંધ કહ્યો છે. હવે શેષકર્મોની જઘન્યસ્થિતિ દર્શાવતી વખતે આ ત્રણ કર્મોની જઘન્યસ્થિતિ કહેવાની રહેશે નહીં. એવી જ રીતે ઉત્કૃષ્ટ અને જઘન્ય અબાધા પણ અંતર્મુહૂર્તના કાળપ્રમાણે સમાન છે. તેથી અહીં સાથે જ કહી છે.

JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન :-** આહારકદ્વિક અને જિનનામકર્મની જઘન્યસ્થિતિ પણ અંતઃકોડાકોડી સાગરોપમ જો કહો છો. તો તેમાં પ્રશ્ન થાય છે કે જિનનામકર્મ વિપાકોદયવાળા ભવથી પૂર્વે નિયમા ત્રીજા ભવે જ બંધાય છે. એટલે આ જિનનામના બંધવાળો મનુષ્યનો પ્રથમભવ, ત્યારબાદ દેવ અથવા નારકીનો ભવ, અને ત્યારબાદ મનુષ્યનો ભવ એમ ત્રણ ભવમાં આગળ-પાછળ બે મનુષ્યના ભવ, તેમાં પ્રથમ ભવનું વધુમાં વધુ પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય હોઈ શકે છે. અને છેલ્લા ભવનું વધુમાં વધુ દેશોન પૂર્વક્રોડ વર્ષનું તીર્થંકર પ્રભુનું આયુષ્ય હોય છે. તેમાં કેવલી પર્યાય ત્યજીને પ્રાયઃ શેષ ૮૩ લાખ પૂર્વ જેટલો કાળ આશરે જિનનામનો બંધ ઘટી શકે છે. વચ્ચેનો ભવ જો દેવનો કરે તો ઋષભદેવ પ્રભુની જેમ વધુમાં વધુ ૩૩ સાગરોપમ અને નરકનો ભવ કરે તો ત્રણ નરકમાંથી જ આવેલો જીવ તીર્થંકર થાય છે. તેથી ૭ સાગરોપમ હોય છે. આ રીતે શાસ્ત્રાનુસાર જોતાં તીર્થંકરનામકર્મ બાંધનાર જીવ દેવ-નરક અને મનુષ્યગતિમાં જ જાય છે. તિર્યંચગતિમાં જતો નથી. અને વધુમાં વધુ કંઈક ન્યૂન પ્રાયઃ કરીને આશરે (૧૬ અથવા ૧૭ લાખ પૂર્વ ન્યૂન) બે પૂર્વક્રોડ વર્ષ અને ૩૩ સાગરોપમ કાળ જ સંસારમાં રહે છે, તેથી જિનનામકર્મની બાંધેલી આટલી મોટી અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિનો કાળ કેવી રીતે પૂર્ણ કરે ? તીર્થંકર નામકર્મનો બંધ શરૂ થયા પછી સમ્યક્ત્વાદિ હોવાથી તિર્યંચ ગતિમાં જતો નથી. આ જ કારણે તિર્યંચગતિમાં તીર્થંકરનામ કર્મની સત્તાનો શાસ્ત્રોમાં નિષેધ કર્યો છે. ત્યાં જાય નહીં. અને ત્યાં ગયા વિના આ ત્રણ ભવમાત્રથી બાંધેલા જિનનામકર્મની સત્તા સમાપ્ત થાય નહીં, તો સત્ય શું ?

**ઉત્તર :-** તિર્યંચગતિમાં જિનનામકર્મની સત્તાનો જે નિષેધ કરેલો છે. તે બાંધ્યા પછી નિયમા ત્રીજા ભવે ઉદયમાં આવવાનું જ છે અને તે જીવ તીર્થંકર થવાનો જ છે. તેવા નિકાચિત જિનનામને આશ્રયી શાસ્ત્રોમાં તિર્યંચગતિમાં જિનનામની સત્તાનો નિષેધ કરેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ અનિકાચિત જિનનામ ઘણીવાર બંધાય છે અને ઘણા ભવો પહેલાં પણ બંધાય છે. તથા તે બાંધેલું જિનનામ કર્મ સત્તામાં હોતે છતે તિર્યંચગતિમાં પણ જાય છે. અને **અપવર્તનાદિકરણ દ્વારા નિઃસત્તાક** પણ થાય છે. તેથી જઘન્યપણે પણ આટલી સ્થિતિ હોઈ શકે છે. આ અંતઃકોડાકોડી સાગરોપમની જે જઘન્યસ્થિતિ કહી તે અનિકાચિતને આશ્રયી જ કહી છે. નિકાચિતને આશ્રયીને કહી નથી. નિકાચિતને આશ્રયી તો કંઈક ન્યૂન બે પૂર્વક્રોડ વર્ષ અધિક ૩૩ સાગરોપમ જ જાણવી. અંતઃકોડાકોડી ન જાણવી. જિન નામકર્મની નિકાચનાનો પ્રારંભ મનુષ્યભવમાં જ કરે છે અને ચાલુ નિકાચનાએ દેવ-નરકના ભવમાં જાય છે તથા ત્યાંથી ચ્યવી મનુષ્યમાં આવે તો પણ નિકાચના ચાલુ હોય છે. આ રીતે નિકાચિત જિનનામવાળાને મનુષ્ય, દેવ અને નારકીના જ ભવો હોય છે. તિર્યંચના નહીં. "बज्झइ तं तु भगवओ तइयभवे सक्कइत्ताणं" આ જે પાઠ છે તે નિકાચિતને આશ્રયી છે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીએ **વિશેષણવતી** નામના ગ્રંથમાં કહ્યું છે કે

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

कोडाकोडी अयरोवमाण तित्थयरनामकम्मठिई ।
बज्झइ य तं अणंतरभवंमि तइयंमि निद्दिट्टं ।।
जं बज्झइत्ति भणियं, निकाइयं तं तु तत्थ नियमोयं ।
तदवंझफलं नियमा भयणा अनिकाइयावत्थे ।।

**અર્થ** :- તીર્થંકર નામકર્મની જઘન્ય સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ કહી છે અને તે અનંતર એવા ત્રીજા ભવમાં જ બંધાય છે. તો કેવી રીતે ઘટે? **"ત્રીજા ભવે બંધાય છે"** એમ જે કહ્યું છે તે નિકાચિતને આશ્રયી કહ્યું છે. તેના માટે તિર્યંચમાં ન જવાનો નિયમ છે. તે જિનનામ નક્કી અવન્ધ્ય ફળવાળું છે પરંતુ અનિકાચિત જિનનામ કર્મની અવસ્થામાં ભજના જાણવી.

**પ્રશ્ન** :- જો અનિકાચિત જિનનામ બાંધ્યા પછી તિર્યંચગતિમાં જવાતું હોય તો તિર્યંચગતિમાં પણ જિનનામકર્મની સત્તા સિદ્ધ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને શાસ્ત્રોમાં તો તિર્યંચગતિમાં જિનનામની સત્તા નિષેધેલી છે. તિર્યંચગતિમાં તો નામકર્મની ૯૩ પ્રકૃતિઓની સત્તાને આશ્રયી ૯૨, ૮૮, ૮૬, ૮૦ અને ૭૮ એમ નામકર્મનાં પાંચ જ સત્તાસ્થાન કહ્યાં છે. અને તે પાંચેમાંથી એકેયમાં જિનનામકર્મ નથી. માટે જિનનામની સત્તા હોતે છતે તિર્યંચ કેમ થાય? અને તિર્યંચ થયા વિના શેષ ભવોથી આટલી લાંબી સત્તા કેમ પૂર્ણ કરી શકાય?

**ઉત્તર :-** "તિર્યંચગતિમાં જિનનામની સત્તાનો જે નિષેધ કરેલ છે, તે નિકાચિતને આશ્રયી કરેલ છે. અનિકાચિત જિનનામકર્મની સત્તા હોતે છતે આ જીવ તિર્યંચ થઈ શકે છે. તિર્યંચગતિમાં નિકાચિત કે અનિકાચિત એવા બંધમાત્રનો નિષેધ છે. પરંતુ સત્તાનો નિષેધ નથી. નિકાચિતની જ સત્તા ત્યાં નથી. ૯૨ આદિ પાંચે સત્તાસ્થાનોમાં જે જિનનામની સત્તા નથી તે નિકાચિતને આશ્રયી જાણવું પરંતુ અનિકાચિતની સત્તા ત્યાં હોઈ શકે છે. જેથી કાળપૂર્તિ થઈ શકે છે. શાસ્ત્રોમાં જ કહ્યું છે કે -

जमिह निकाइयतित्थं, तिरियभवे तं निसेहियं संतं ।
इयरंमि नत्थि दोसो, उव्वट्टणावट्टणासज्झे ॥

**અર્થ :-** તિર્યંચગતિમાં જે જિનનામની સત્તાનો નિષેધ છે. તે નિકાચિતને આશ્રયી છે. પરંતુ ઈતર (અનિકાચિત) માં કોઈ દોષ નથી. એટલે કે અનિકાચિત જિનનામની સત્તા તિર્યંચમાં માનવામાં કોઈ દોષ નથી તથા તે જિનનામકર્મનો ઉદ્વર્તના અને અપવર્તના દ્વારા ફેરફાર કરી શકાય છે.

ભાવાર્થ એવો છે કે તિર્યંચગતિમાં જિનનામની સત્તાનો જે નિષેધ છે તે માત્ર નિકાચિતને જ આશ્રયી છે. અર્થાત્ અનિકાચિત જિનનામની સત્તા હોતે છતે જીવ તિર્યંચ થઈ શકે છે અને કાળપૂર્તિ પણ કરી શકે છે. તથા ૯૨-૮૮ આદિની સત્તામાં જે જિનનામ તિર્યંચમાં નથી ગણ્યું તે સઘળું નિકાચિત આશ્રયી જાણવું. છઠ્ઠા કર્મગ્રંથમાં આવતાં સત્તાસ્થાનો નિકાચિત જિનનામને આશ્રયી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વળી અંતઃકોડાકોડીની જિનનામની સત્તા અનિકાચિતની છે. તે પૂર્ણ કરવા તિર્યંચમાં જવું જ પડે એવો નિયમ નથી. તિર્યંચમાં ગયા વિના પણ સંક્રમ અને અપવર્તનાકરણ વડે તે જ ભવમાં પણ પૂર્ણ કરી શકે છે. સંક્રમ વડે તે કાળે બંધાતી નામકર્મની શેષ પ્રકૃતિઓમાં સંક્રમાવીને તે ભવમાં પણ નિઃસત્તાક કરી શકે છે. તથા અપવર્તનાકરણ વડે લાંબી સ્થિતિને તોડીને નાની કરી શકે છે. તેથી તે જ ભવમાં પણ સમાપ્ત થઈ શકે છે એટલે આટલી લાંબી સ્થિતિ બંધાઈ છે માટે તે પૂર્ણ કરવા તિર્યંચમાં જવું જ પડશે એવો નિયમ નથી. કર્મો બાંધ્યા પછી એક આવલિકા બાદ સંક્રમ, ઉદ્વર્તના, અપવર્તના, ઉદીરણા આદિ દ્વારા કર્મોમાં આ જીવ ઘણા ઘણા ફેરફારો કરે છે. આ જીવે જેટલી સ્થિતિવાળું કર્મ બાંધ્યું હોય તેટલી સ્થિતિવાળું જ અને તે રીતે જ ભોગવાય તો આટલી લાંબી સ્થિતિવાળું એક કર્મ ભોગવીને પૂર્ણ કરતાં અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે બીજાં કેટલાંય કર્મો તે જીવ બાંધતો જ હોય છે. ''પૂર્ણ એક થાય અને બંધાય અનેક.'' જેથી કોઈ કાળે કોઈ જીવનો મોક્ષ જ થઈ ન શકે. માટે બંધહેતુના અનુસારે જેમ કર્મો બંધાય છે. તેમ ઉદયથી ભોગવ્યા વિના પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ આદિ નિમિત્તોને આશ્રયી સંક્રમ-અપવર્તના આદિ કરણો દ્વારા પ્રદેશોદયથી પણ ક્ષય કરી શકાય છે. માટે અંતઃકોડાકોડીની સ્થિતિના કથનમાં કોઈ દોષ નથી.

આહારકદ્વિક સાતમે, આઠમે ગુણઠાણે જઘન્યથી સંખ્યાતગુણહીન એવી અંતઃકોડાકોડી પ્રમાણ બાંધીને છટ્ઠે-પાંચમે આવી જ્યારે ચોથે ગુણઠાણે આવે છે ત્યારથી જ ''અવિરતિના નિમિત્તે'' આહારકની ઉદ્વલના (ઉદ્વલના નામનો સંક્રમ) શરૂ કરે છે તેનાથી આહારકદ્વિક રૂપે બંધાયેલ કર્મદલિકો બંધાતા એવા વૈક્રિયાદિમાં સંક્રમાવીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળે તે જીવ આહારકદ્વિકની નિઃસત્તાકાવસ્થા કરે છે. ચોથા ગુણઠાણાથી પડીને પહેલે-બીજે પણ જાય છે. યાવત્સૂક્ષ્મ નિગોદાદિમાં પણ જાય. તો પણ ઉદ્વલના સંક્રમ ચાલુ જ રહે છે એટલે સત્તા અંતઃકોડાકોડી હોવા છતાં અવિરત થનારા જીવને પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાં જ સત્તા ટળી જાય છે. તેની સત્તા હોતે છતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તિર્યંચમાં પણ જાય છે. અને અપવર્તના તથા સંક્રમ આદિ દ્વારા ઉદયવતીમાં સંક્રમાવીને પણ ચૌદમે જઈને નિઃસત્તાક થાય છે. તેથી આ ત્રણે કર્મોની જઘન્યસ્થિતિ અંતઃકોડાકોડી કહેવામાં કંઈ પણ શાસ્ત્રવિરોધ આવતો નથી.

તથા અહીં ''આહારકદ્વિક'' કહ્યું છે તો પણ આહારકબંધન અને આહારક સંઘાતનની પણ જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ તેટલી જ સમજી લેવી. બંધન અને સંઘાતન પણ અવશ્ય બંધાય જ છે. ફક્ત તેની વિવક્ષા શરીરની અન્તર્ગત કરવામાં આવે છે. જિનનામ કર્મ ત્રીજા ભવે બંધાયા પછી તેનો બંધ સમ્યક્ત્વ હોવાથી સદા ચાલુ રહે છે, ફક્ત પૂર્વબદ્ધ નરકાયુષ્યવાળાને ક્ષયોપશમ સમ્યક્ત્વ હોય તો મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર બંધાતું નથી. અન્તિમભવમાં ક્ષપકશ્રેણી માંડે ત્યારે આઠમાના છઠ્ઠા ભાગે બંધવિચ્છેદ થયા બાદ અંતર્મુહૂર્ત કાળ ગયા પછી તેનો વિપાકોદય શરૂ થાય છે. અને આહારકદ્વિકનો સાતમે-આઠમે બંધ કરી જ્યારે છઠ્ઠે આવે ત્યારે આહારક શરીર વિકુર્વે તો અંતર્મુહૂર્ત બાદ તેનો વિપાકોદય શરૂ થાય છે. તથા જો હમણાં આહારક શરીર બનાવવાના પ્રયોજનના અભાવે ન બનાવે, અને સંયમમાં વર્તે, અને મૃત્યુ નજીક આવે ત્યારે જો બનાવે તો વધારેમાં વધારે દેશોન પૂર્વક્રોડ વર્ષ પછી પણ વિપાકોદય થાય છે. આ પ્રમાણે જિનનામ અને આહારકદ્વિક સંબંધી પ્રાસંગિક કેટલીક ચર્ચા આપણે કરી.

મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ત્રણ પલ્યોપમ જાણવો. જે દેવકુરુ-ઉત્તરકુરુના માનવીનું તથા ભરત-ઐરાવત ક્ષેત્રવર્તી ઉત્સર્પિણીના છેલ્લા અને અવસર્પિણીના પહેલા આરાના યુગલિકનું આટલું આયુષ્ય હોય છે. આ સ્થિતિબંધ માત્ર ભોગ્યકાળ આશ્રયી જ જાણવો બીજા કર્મોની જેમ જો અબાધાકાળ સહિત ભોગ્યકાળવાળો સ્થિતિબંધ જાણવો હોય તો પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક એવા ત્રણ પલ્યોપમનો સ્થિતિબંધ જાણવો. આ ગાથામાં આ પ્રમાણે ૩+૨ = ૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો. ॥૩૩॥

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**इग विगल पुव्वकोडी, पलियासंखंस आउचउ अमणा ।**
**निरुवक्कमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥३४॥**

(एकविकलाः पूर्वकोटीं, पल्यासंख्यांशं आयुश्चतुष्कममनसः ।
निरुपक्रमाणां षण्मासाऽबाधा शेषाणां भवत्र्यंशः ॥३४॥)

**इगविगल** = એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો, **पुव्वकोडी** = પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય બાંધે છે, **पलियासंखंश** = પલ્યોપમના અસંખ્યાતમા ભાગનાં, **आउचउ** = ચાર આયુષ્ય, **अमणा** = મન વિનાના જીવો બાંધે છે, **निरुवक्कमाण** = નિરુપક્રમી આયુષ્યવાળા જીવોને, **छमासा अबाह** = છ માસની અબાધા હોય છે, **सेसाण** = બાકીના જીવોને, **भवतंसो** = ભવનો ત્રીજો ભાગ અબાધા હોય છે. ॥૩૪॥

**ગાથાર્થ** :- એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો પૂર્વક્રોડ વર્ષનું પરભવનું આયુષ્ય બાંધે છે. અસંજ્ઞી જીવો પરભવસંબંધી ચારે આયુષ્યો પલ્યોપમના અસંખ્યાતમા ભાગનાં બાંધે છે. નિરુપક્રમી જીવોને છ માસની અને શેષ જીવોને ભવના ત્રીજા ભાગની આયુષ્યકર્મની અબાધા હોય છે. ॥૩૪॥

**વિવેચન** :- ઉપરની તેત્રીસમી ગાથામાં તિર્યંચ-મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમનું કહ્યું છે. પરંતુ આટલું ઉત્કૃષ્ટ આયુષ્ય માત્ર સંજ્ઞી પં. તિર્યંચ અને મનુષ્યો જ બાંધે છે. બીજા જીવો આટલું આયુષ્ય બાંધતા નથી. કારણ કે ત્રણ પલ્યોપમ પ્રમાણ આ આયુષ્ય યુગલિક તિર્યંચ-મનુષ્યોનું (દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રવર્તી તથા અવસર્પિણીના પહેલા આરાના અને ઉત્સર્પિણીના છેલ્લા આરાના તિર્યંચ-મનુષ્યોનું) જ હોય છે. અને શેષ જીવો (એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને દેવ-નારકીના જીવો) યુગલિકના ભવમાં ઉત્પન્ન થતા જ નથી. તેથી આટલું મોટું આયુષ્ય તે જીવો બાંધતા નથી. આ બાબતમાં એક પ્રશ્ન થાય છે કે આ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવો યુગલિકના ભવમાં ઉત્પન્ન થતા નથી. અને ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પલ્યોપમ જેટલું મોટું આયુષ્ય બાંધતા નથી તો તે જીવો પરભવનું આયુષ્ય વધુમાં વધુ કેટલું બાંધે છે? તે ગ્રન્થકાર સમજાવે છે કે -

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવો મૃત્યુ પામીને માત્ર કર્મભૂમિના તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે, દેવ-નારકીમાં તથા યુગલિકમાં ઉત્પન્ન થતા નથી. તેથી તે એકેન્દ્રિયાદિ જીવો કર્મભૂમિના તિર્યંચ-મનુષ્યનું ઉત્કૃષ્ટથી **"પૂર્વક્રોડ વર્ષ"** નું જ આયુષ્ય બાંધે છે. તેનાથી વધારે આયુષ્ય યુગલિકના ભવમાં હોય છે. અને તે આયુષ્ય આ જીવો બાંધતા નથી. મનુષ્ય અને તિર્યંચનાં એમ બન્ને આયુષ્ય પુણ્ય પ્રકૃતિ છે. તે બન્નેની ઉત્કૃષ્ટ સ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના ભવો એવા છે કે પૂર્વક્રોડ વર્ષથી વધારે આયુષ્ય બાંધે તેવી વિશુદ્ધિ ત્યાં સંભવતી નથી. તેથી ૧-૨-૩ પલ્યોપમનું આયુષ્ય આ જીવો બાંધતા નથી.

**ચોર્યાસી લાખને ચોર્યાસી લાખે ગુણવાથી જે આવે તે પૂર્વ કહેવાય છે.** જેમકે ૮૪,૦૦,૦૦૦ × ૮૪,૦૦,૦૦૦ = ૭,૦૫,૬૦,૦૦,૦૦,૦૦,૦૦૦ આટલા વર્ષોનું એક પૂર્વ થાય છે. તેવાં એક ક્રોડ પૂર્વ જેટલું આયુષ્ય આ જીવો ઉત્કૃષ્ટથી બાંધે છે. આ જ કારણે એકેન્દ્રિય, વિકલેન્દ્રિયના જીવો યુગલિકના ભવમાં ઉત્પન્ન થતા નથી.

તિર્યંચો અને મનુષ્યો જ અસંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. દેવ-નારકી, અસંજ્ઞી હોતા નથી. કારણ કે દેવ-નારકી નિયમા સંજ્ઞી જ હોય છે. તે અસંજ્ઞી પંચેન્દ્રિયમાં તિર્યંચો પર્યાપ્તા અને અપર્યાપ્તા બન્ને જાતના હોય છે. પરંતુ અસંજ્ઞી પં. મનુષ્યો નિયમા અપર્યાપ્તા જ હોય છે. જીવવિચારમાં જલચરાદિના ભેદોમાં પાંચના ગર્ભજ- સંમૂર્છિમ અને તેના પર્યાપ્તા-અપર્યાપ્તા કરતાં ૨૦ ભેદ જણાવ્યા છે. પરંતુ મનુષ્યોના ૧૦૧ ભેદોમાં ગર્ભજ પર્યાપ્તા, ગર્ભજ અપર્યાપ્તા, અને સંમૂર્છિમ અપર્યાપ્તા કરતાં ૩૦૩ ભેદ થાય છે. હવે જે અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચો છે તે પંચેન્દ્રિય હોવાથી અને પર્યાપ્તા હોવાથી એકેન્દ્રિય, વિકલેન્દ્રિય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં અને અસંજ્ઞી અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્યો કરતાં કંઈક વધારે વિશુદ્ધિવાળા અને કંઈક વધારે સંક્લેશવાળા પણ હોય છે. તેથી પરભવનું તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય તો બાંધે જ છે પરંતુ દેવ-નારકીનું આયુષ્ય પણ બાંધે છે. અને તે જીવો ચારે ગતિનાં ચારે આયુષ્ય ઉત્કૃષ્ટથી પલ્યોપમના એક અસંખ્યાતમા ભાગ સુધીનું જ બાંધી શકે છે. તેથી વધારે બાંધી શકતા નથી. અને તે પણ અસંજ્ઞી પં. પર્યાપ્તા તિર્યંચો જ આ બંધ કરે છે.

અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા તિર્યંચો અને અસંજ્ઞી પં. અપર્યાપ્તા મનુષ્યો, અપર્યાપ્તા હોવાથી વિશિષ્ટ વિશુદ્ધિ અને સંક્લેશવાળા ન હોવાથી દેવ-નારકીનું આયુષ્ય બાંધતા જ નથી. અને તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય પણ ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડ વર્ષનું જ બાંધે છે. તેથી વધારે નહીં.

એકેન્દ્રિય-વિકલેન્દ્રિયમાં પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ બે આયુષ્યનો બંધ, અને અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ચાર આયુષ્યનો બંધ જે કહ્યો તે **ભોગ્યકાળ માત્રને આશ્રયી** જાણવો. જો અબાધાસહિત ભોગ્યકાળવાળો સ્થિતિબંધ જાણવો હોય તો પોતપોતાના વર્તમાનભવના ત્રીજા ભાગે અધિક એવો સ્થિતિબંધ જાણી લેવો. કર્મપ્રકૃતિમાં બંધનકરણ ગાથા ૭૪માં કહ્યું છે કે **सेसाण पुव्वकोडी साउ तिभागो अबाहा सिं** અર્થ - બાકીના એકેન્દ્રિયાદિ જીવો પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ પરભવનું આયુષ્ય બાંધે છે અને પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ અબાધા હોય છે. આ પ્રમાણે મનુષ્ય અને તિર્યંચના આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ત્રણ પલ્યોપમ આ ગાથામાં કહ્યો, અને દેવ-નારકીના આયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિ બંધ ૩૩ સાગરોપમ હોય છે. તે ગાથા ૨૬ના ચોથા ચરણમાં કહ્યો છે. જેથી ચારે આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમજાવ્યો.

આ ચારે આયુષ્યનો અબાધાકાળ જ્ઞાનાવરણીયાદિ કર્મોની જેમ હોતો નથી. તો કયા આયુષ્યનો અબાધાકાળ કેટલો હોય છે, તે જણાવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે નિયમા નિરુપક્રમ આયુષ્યવાળા એટલે જે જીવોનું આયુષ્ય ગતભવમાંથી જેટલું બાંધીને લાવ્યા છે. તેટલું સંપૂર્ણ ભોગવનારા અને અપવર્તના દ્વારા ઘટાડો નહી કરનારા એવા જે દેવ, નારકી અને યુગલિક તિર્યંચ-મનુષ્યના જીવો છે તેઓને છ માસની અબાધા હોય છે. અર્થાત્ તેઓને પોતાના ભવનું છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે જ પરભવનું આયુષ્ય બાંધે છે. અને બાકીના (નિયમા નિરુપક્રમ જ આયુષ્ય હોય નહીં એવા તે શેષ) અપવર્તનીય આયુષ્યવાળા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને સંખ્યાત વર્ષના આયુષ્યવાળા સોપક્રમી અથવા નિરુપક્રમી આયુષ્યયુક્ત પં. તિર્યંચો અને મનુષ્યોમાં પોતપોતાના આયુષ્યનો ત્રીજો ભાગ અબાધા હોય છે. અહીં યુગલિક તિર્યંચ-મનુષ્યોમાં કેટલાક આચાર્યો પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અબાધા હોય એમ પણ માને છે. એટલે કે પોતાના ભવનું પલ્યોપમના અસંખ્યાતમા ભાગનું આયુષ્ય બાકી હોતે છતે પરભવનું આયુષ્ય બાંધે છે. એમ માને છે. (જુઓ કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા-૭૫)

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગાથા ૨૬ | માં | ૨ | ગાથા ૩૦ | માં | ૧૮ |
| ગાથા ૨૮ | માં | ૩૮ | ગાથા ૩૧/૩૨ | માં | ૪૨ |
| ગાથા ૨૯ | માં | ૩૧ | ગાથા ૩૩ | માં | ૫ |
| | | ૭૧ | + | | ૬૫= **૧૩૬** |

બંધમાં ૧૨૦ પ્રકૃતિઓ હોય છે પરંતુ ગ્રંથકારે અહીં વર્ણાદિના ૨૦ ઉત્તરભેદોની સ્થિતિ જુદીજુદી કહી છે. તેથી વર્ણાદિની ૧૬ સંખ્યા વધારે ગણતાં ૧૩૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ તથા તેના પ્રસંગમાં ઉત્કૃષ્ટ અબાધાકાળ ગાથા ૨૬ થી ૩૪ સુધીમાં કહ્યો. તેમાં ગાથા ૨૭માં મૂલકર્મનો જઘન્યસ્થિતિબંધ અને ગાથા ૩૪માં જુદા જુદા જીવોને આશ્રયી આયુષ્યબંધ પણ કહ્યો. આ પ્રમાણે મૂલ પ્રકૃતિ તથા ઉત્તર પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધનું તથા મૂલકર્મના જ.સ્થિ. બંધનું વર્ણન સમાપ્ત થયું. ॥ ૩૪ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે ઉત્તરપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ સમજાવે છે.

**लहुठिइबंधो संजलण लोहपणविग्घनाणदंसेसु ।**
**भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥३५॥**

(लघुस्थितिबन्धस्संज्वलनलोभपञ्चविघ्नज्ञानदर्शनेषु ।
भिन्नमुहूर्तं तेऽष्टौ यशउच्चैर्गोत्रयोर्द्वादश च साते ॥३५॥)

**लहुठिइबंधो** = જઘન્ય સ્થિતિબંધ, **संजलणलोह** = સંજ્વલન લોભ, **पणविग्घ** = પાંચ અંતરાય, **नाणदंसेसु** = પાંચ જ્ઞાનાવરણીય અને ચાર દર્શનાવરણમાં, **भिन्नमुहूत्तं** = અંતર્મુહૂર્ત, **ते अट्ठ** = તે મુહૂર્તો આઠ, **जसुच्चे** = યશનામકર્મ અને ઉચ્ચગોત્રમાં, **बारस य साए** = સાતાવેદનીયમાં બાર મુહૂર્ત. ॥ ૩૫ ॥

**ગાથાર્થ** = સંજ્વલન લોભ, પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણીય અને ચાર દર્શનાવરણીય એમ ૧૫ નો જઘન્યસ્થિતિબંધ અંતર્મુહૂર્ત, યશ અને ઉચ્ચગોત્રનો આઠ મુહૂર્ત, અને સાતાનો બાર મુહૂર્ત હોય છે. ॥૩૪॥

**વિવેચન :** હવે જઘન્યસ્થિતિબંધ કહેવાનો અવસર છે. એકેન્દ્રિય વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય કરતાં સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં વિશુદ્ધિ અને સંક્લેશ (પ્રશસ્ત અને અપ્રશસ્ત કષાયોની માત્રા) અધિક હોય છે તેથી સાસ્વાદનથી અપૂર્વકરણના છઠ્ઠા ભાગ સુધીમાં જઘન્યથી પણ પંચેન્દ્રિય જીવ આયુષ્ય વિના કોઈપણ કર્મની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે અને ઉત્કૃષ્ટથી પણ બૃહત્તર અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે. તથા મિથ્યાત્વ ગુણઠાણે જઘન્યથી અંતઃકોડાકોડી સાગરોપમ જ બાંધે છે. તેનાથી ન્યૂન સ્થિતિબંધ સંજ્ઞી જીવ કરતો નથી. અને ઉત્કૃષ્ટથી ૨૦-૩૦-૭૦ કોડાકોડી સાગરોપમ પણ બંધ કરે છે. (જુઓ આ શતકની જ ગાથા ૪૮) અને એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો એક સાગરોપમના પણ સાતીયા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ વગેરેની સ્થિતિ બાંધે છે. (ગાથા-૩૭). તેથી પહેલા ગુણઠાણાથી આઠમાના છઠ્ઠા ભાગસુધી જે જે પ્રકૃતિઓ બંધાય છે. તેમાંથી ૮૫ની **"જઘન્યસ્થિતિ"** પંચેન્દ્રિયના ભવમાં મળતી નથી. પરંતુ એકેન્દ્રિયના ભવમાં મળે છે. અને જે પ્રકૃતિઓ આઠમા ગુણઠાણાના છઠ્ઠાભાગથી આગળ નવમે-દસમે ગુણઠાણે પણ બંધાય છે. ત્યાં અતિશય ઘણી વિશુદ્ધિ હોવાથી ૨૨ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિનો બંધ ત્યાં મળે છે. આહારકદ્વિક અને જિનનામની જઘન્યસ્થિતિનો બંધ આઠમાના છઠ્ઠા ભાગે મળે છે વૈક્રિયષટ્કની જઘન્યસ્થિતિનો બંધ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચમાં મળે છે. તિર્યંચ-મનુષ્યાયુષ્યની જઘન્યસ્થિતિનો બંધ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યમાં અને દેવ-નરકના આયુષ્યની જઘન્યસ્થિતિનો બંધ પં.પર્યાપ્તા તિર્યંચ-મનુષ્યમાં મળે છે. બાકીની ૮૫ પ્રકૃતિઓની જઘન્ય સ્થિતિનો બંધ એકેન્દ્રિયમાં મળે છે.

| | | |
|---|---|---|
| (૧) | **આહારકદ્વિક-જિનનામનો જઘન્યસ્થિતિબંધ આઠમાના છઠ્ઠાભાગે ક્ષપકને** | ૩ |
| (૨) | **વૈક્રિયષટ્કનો જઘન્યસ્થિતિબંધ અસંજ્ઞી પં.પર્યાપ્તા તિર્યંચોને** | ૬ |
| (૩) | **મનુષ્ય-તિર્યંચાયુષ્યનો જ.સ્થિતિબંધ એકેન્દ્રિયથી પંચેન્દ્રિયતિ.મનુષ્યને** | ૨ |
| (૪) | **દેવ-નરકાયુષ્યનો જઘન્યસ્થિતિબંધ સંજ્ઞી. અસંજ્ઞી પં.પર્યા.તિર્યંચ તથા મનુષ્યને** | ૨ |
| (૫) | **નવમે દસમે બંધાતી ૨૨ નો જઘન્યસ્થિતિ બંધ ત્યાં નવમે-દસમે ક્ષપકને** | ૨૨ |
| (૬) | **બાકીની ૮૫ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ એકેન્દ્રિયને થાય છે.** | ૮૫ |
| | | ૧૨૦ |

સ્થિતિબંધ અને રસબંધ કષાયથી થતા હોવાથી જ્યાં વધારે કષાયો છે ત્યાં ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે. અને જ્યાં ઓછા કષાયો છે અને વિશુદ્ધિ વધારે છે ત્યાં જઘન્યસ્થિતિ બંધાય છે. આ નિયમને અનુસારે પ્રથમ નવમે-દસમે બંધવિચ્છેદ પામતી ૨૨ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ સમજાવે છે.

(૧) સંજ્વલનલોભ, પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવરણીય અને ચાર દર્શનાવરણીય એમ કુલ ૧૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ પોત-



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતાના બંધવિચ્છેદ કાળે ક્ષપકને બંધાય છે. અને તે "અંતર્મુહૂર્ત" માત્ર જ હોય છે.

(૨) યશ અને ઉચ્ચગોત્રની દશમા ગુણસ્થાનકના ચરમ સમયે ક્ષપકને જઘન્ય સ્થિતિ બંધાય છે. અને તે આઠ મુહૂર્ત પ્રમાણ હોય છે.

(૩) સાતા વેદનીયની પણ જઘન્યસ્થિતિ દસમે ક્ષપકને બંધાય છે અને તે ૧૨ મુહૂર્ત પ્રમાણ હોય છે.

આ પ્રમાણે આ ગાથામાં ૧૮ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિનો બંધ કહ્યો. ॥ ૩૫ ॥

**दो इगमासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि।**
**सेसाणुक्कोसाओ, मिच्छत्तठिईइ जं लद्धं ॥३६॥**

(द्वावेकमासः पक्षस्संज्वलनत्रिके पुंस्यष्टवर्षाणि।
शेषाणामुत्कृष्टाद् मिथ्यात्वस्थित्या यद्लब्धम् ॥३६॥)

**दोइगमासो** = બે માસ અને એકમાસ, **पक्खो** = એક પખવાડીયું, **संजलणतिगे** = સંજ્વલન ત્રણ કષાય, **पुमट्ठवरिसाणि** = પુરુષવેદનો આઠ વર્ષ, **सेसाण** = બાકીની પ્રકૃતિઓની, **उक्कोसाओ** = ઉત્કૃષ્ટ સ્થિતિને, **मिच्छत्तठिईइ** = મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે (ભાગે છતે), **जं लद्धं** = જે પ્રાપ્ત થાય તે. ॥ ૩૬ ॥

**ગાથાર્થ** = સંજ્વલન ક્રોધ, માન અને માયાની જઘન્યસ્થિતિબંધ અનુક્રમે બે માસ, એકમાસ અને પંદર દિવસ જાણવી. પુરુષવેદની આઠ વર્ષ સમજવી. બાકીની પ્રકૃતિઓની પોતાની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તેમાં (આગળની ૩૭મી ગાથામાં કહેવાશે તેમ) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ ત્યારે તે તે પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ જાણવી. ॥ ૩૬ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** = સંજ્વલન ક્રોધ, માન અને માયાની જઘન્યસ્થિતિબંધ અનુક્રમે બે માસ, એકમાસ અને પન્નર દિવસની હોય છે. આ સ્થિતિ પોતપોતાના બંધ-વિચ્છેદકાળે ક્ષપકશ્રેણીમાં હોય છે. કારણ કે ઉપશમશ્રેણી કરતાં ક્ષપકશ્રેણીમાં જીવ ઘણો વિશુદ્ધ હોય છે. એટલે સંજ્વલનકષાયના ઉદયજન્ય મલીનતા મંદ-મંદતર હોય છે. તેવી મંદતમ મલીનતા વડે જઘન્ય સ્થિતિ થાય છે. આ કારણથી ક્ષપકશ્રેણી કરતાં ઉપશમશ્રેણીમાં દ્વિગુણ (ડબલ) અને ઉપશમશ્રેણી કરતાં ઉપશમ શ્રેણીથી પડનારાને દ્વિગુણ (ડબલ) સ્થિતિબંધ થાય છે. તેથી સં.ક્રોધની ક્ષપકશ્રેણીમાં નવમા ગુણસ્થાનકના બીજા ભાગના ચરમ સમયે જઘન્યસ્થિતિ જાણવી એવી જ રીતે સં.માનની ક્ષપકને નવમાના ત્રીજા ભાગના ચરમ સમયે, સં. માયાની ક્ષપકને નવમાના ચોથા ભાગના ચરમ સમયે જઘન્યસ્થિતિ જાણવી.

આ જ પ્રમાણે પુરુષવેદની જઘન્યસ્થિતિ ક્ષપકને નવમા ગુણસ્થાનકના પ્રથમ ભાગે જાણવી. અને તે આઠ વર્ષ પ્રમાણ હોય છે. આ પ્રમાણે ક્ષપકશ્રેણીમાં નવમે-દશમે બંધાતી ૨૨ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ કહી.

सेसाण = બાકીની ૮૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ જણાવે છે. જો કે ૨૨ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ હમણાં કહી છે. એટલે સેસ શબ્દથી ૯૮ આવવી જોઈએ પરંતુ આહારકદ્વિક અને જિનનામની જઘન્ય સ્થિતિ ઉત્કૃષ્ટસ્થિતિના પ્રસંગે કહી છે. ચાર આયુષ્ય અને વૈક્રિય ષટ્કની જઘન્યસ્થિતિ આગળ કહેવાની છે. તેથી ૨૨+૩+૪+૬ = કુલ ૩૫ વિના બાકીની ૮૫ની અહીં જણાવે છે.

જ્ઞાનાવરણીય પાંચ અને દર્શનાવરણીય ચાર ઉપરોક્ત ૨૨માં આવી ગઈ છે એટલે ક્રમની અપેક્ષાએ **નિદ્રાપંચક આદિ ૮૫** આવો ઉલ્લેખ કરાશે. નિદ્રાપંચક આદિ ૮૫ પ્રકૃતિઓની પોત પોતાની જે જે ઉત્કૃષ્ટસ્થિતિ છે. તેને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે સ્થિતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવે તેમાંથી પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ઓછો કરીએ તેટલી જઘન્યસ્થિતિ જાણવી. જઘન્યસ્થિતિ જાણવાની આ પદ્ધતિને (ગણિતને) જૈનશાસ્ત્રોમાં કરણ (ઉપાય) કહેવાય છે.

**"પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તેમાંથી પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ઓછો કરવો તે જઘન્યસ્થિતિ છે."** આ ઉપાયને અનુસારે ૮૫ની જઘન્યસ્થિતિ જાણવી. જેમ કે નિદ્રાપંચકની ૩૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી વડે ભાગો. શૂન્યથી શૂન્યનો છેદ થાય છે. જેમ ૩૦૦ ને ૭૦૦ વડે ભાગવા હોય તો ૩૦૦ નાં બે શૂન્ય અને ૭૦૦નાં બે શૂન્ય પરસ્પર એકબીજાનો છેદ કરે છે. $\frac{૩૦૦}{૭૦૦}$ એમ ગણિત થવાથી $\frac{૩}{૭}$ આવે છે. તેવી જ રીતે કોડાકોડી સાગરોપમનાં જે જે શૂન્યો છે. તે પરસ્પર છેદાય છે. ક્રોડનાં સાત શૂન્ય થાય છે. એટલે કોડાકોડીનાં ૧૪ શૂન્ય થાય છે. તે પરસ્પર છેદાય છે. દાખલા તરીકે

$\frac{૩૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦}{૭૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦}$ નીચેનાં શૂન્ય વડે

ઉપરનાં શૂન્ય છેદાય છે. એટલે $\frac{૩}{૭}$ એક સાગરોપમના સાત ભાગ કરીએ એવા ત્રણ ભાગ થાય છે. જેને સાતીયા ત્રણભાગ અથવા ત્રણ સપ્તમાંશ સાગરોપમ કહેવાય છે. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરીએ તે જઘન્યસ્થિતિ જાણવી. આ જઘન્યસ્થિતિ બાદરપર્યાપ્તા એકેન્દ્રિય જીવો જ બાંધે છે. આ પ્રમાણે સર્વે પ્રકૃતિઓમાં જાણવું.

(૧) નિદ્રાપંચક અને અસાતાવેદનીયની ૩૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. તેને ૭૦ કોડાકોડી વડે ભાગતાં $\frac{3}{7}$ આવે તેમાંથી પલ્યો.નો અસં. ભાગ હીન કરીએ તેટલા સાગરોપમની જઘન્યસ્થિતિ આ ૬ પ્રકૃતિની જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) મિથ્યાત્વ મોહનીયની ૭૦ કોડાકોડી સાગ૦ ઉત્કૃષ્ટસ્થિતિ છે. તેને મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ વડે ભાગતાં $\frac{૭૦}{૭૦}$ = $\frac{૭}{૭}$ = ૧ સાગરોપમ થાય. તેમાં પલ્યો.નો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ એટલી જઘન્યસ્થિતિ મિથ્યાત્વમોહની જાણવી.

(૩) સોળ કષાયની ઉત્કૃષ્ટસ્થિતિ ૪૦ કોડાકોડી સાગરોપમની છે. તેને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી પ્રમાણ ઉત્કૃષ્ટસ્થિતિ વડે ભાગતાં $\frac{૪}{૭}$ થાય, તેમાંથી પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરીએ તેટલી જઘન્યસ્થિતિ ૧૬ કષાયની થાય છે.

(૪) હાસ્ય-રતિની ૧૦ કોડાકોડી છે. તેને ૭૦ વડે ભાગતાં $\frac{૧}{૭}$ થાય તેમાંથી પલ્યોપમનો અસં. ભાગ ન્યૂન કરતાં જે આવે તે હાસ્ય-રતિની જઘન્યસ્થિતિ જાણવી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૫) ભય, જુગુપ્સા, અરતિ, શોક અને નપુંસકવેદની સ્થિતિ ૨૦ કોડાકોડીની છે. તેને ૭૦ વડે ભાગતાં $\frac{૨}{૭}$ થાય. પલ્યોપમનો અસં. ભાગ ન્યૂન $\frac{૨}{૭}$ જઘન્યસ્થિતિ આ પાંચની જાણવી.

(૬) સ્ત્રીવેદની ૧૫ કોડાકોડીની સ્થિતિ છે. તેને ૭૦ વડે ભાગતાં $\frac{૧૫}{૭૦}$ થાય. ઉપર-નીચેની બન્ને સંખ્યાને **સમાન આંક** વડે ભાગતાં (લઘુ કરતાં) ગણિત ટુંકુ થાય છે અને અર્થમાં કંઈ જ તફાવત થતો નથી તેથી **પાંચ વડે** બન્નેને ભાગી શકાય તેમ છે તેથી ૧૫ને પાંચ વડે ભાગતાં ૩ થાય. અને ૭૦ને પાંચ વડે ભાગતાં ૧૦ થાય એટલે $\frac{૧૫}{૭૦}$ નો અર્થ $\frac{૩}{૧૪}$ થાય છે. તેમાં પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરીએ તેટલી જઘન્યસ્થિતિ સ્ત્રીવેદની જાણવી.

(૭) નામકર્મમાં ૧૦, ૧૨, ૧૨॥, ૧૪, ૧૫, ૧૬, ૧૭॥,૧૮ અને ૨૦ કોડાકોડીસાગરો૦ની સ્થિતિ જુદી જુદી પ્રકૃતિઓની આવી છે તે દરેકને ૭૦ વડે ભાગતાં અનુક્રમે $\frac{૧૦}{૭૦}$, $\frac{૧૨}{૭૦}$, $\frac{૧૨॥}{૭૦}$, $\frac{૧૪}{૭૦}$, $\frac{૧૫}{૭૦}$,

$\frac{૧૬}{૭૦}$, $\frac{૧૭॥}{૭૦}$, $\frac{૧૮}{૭૦}$ અને $\frac{૨૦}{૭૦}$ થાય છે. સમાન આંક વડે છેદ કરતાં આ બધી જ સંખ્યા નાની થાય છે. તેથી $\frac{૧}{૭}$, $\frac{૬}{૩૫}$, $\frac{૫}{૨૮}$, $\frac{૧}{૫}$, $\frac{૩}{૧૪}$, $\frac{૮}{૩૫}$, $\frac{૧}{૪}$, $\frac{૯}{૩૫}$, અને $\frac{૨}{૭}$ થાય છે. તેમાં પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરીએ તેટલી જઘન્યસ્થિતિ તે તે પ્રકૃતિઓની જાણવી.

(૮) નીચગોત્રની ૨૦ કોડાકોડી છે. એટલે ૭૦ વડે ભાગતાં $\frac{૨}{૭}$ થાય છે. તેમાંથી પલ્યોપમનો અસં. ભાગ ઓછો કરતાં જઘન્યસ્થિતિ આવે છે.

આ પ્રમાણે ૮૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ લાવવાની આ નીતિરીતિ છે. પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગવી. જે આવે તેમાંથી પલ્યો.નો અસં. ભાગ ઓછો કરવો. એ જ જઘન્યસ્થિતિ કહેવાય છે. ૮૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિમાં કર્મગ્રંથના આ અભિપ્રાયથી પંચસંગ્રહમાં અને કર્મપ્રકૃતિમાં કંઈક અંશે અભિપ્રાય જુદો પડે છે. તે પણ અહીં જાણી લઈએ. ઉપર જે અભિપ્રાય જણાવ્યો છે. તે આ કર્મગ્રંથનો છે એમ જાણવું.

JAINSITE
જૈનમ્ જયતિ શાસનમ્

પંચસંગ્રહકારનો અભિપ્રાય એવો છે કે પોત પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તે જ પ્રકૃતિની જઘન્ય સ્થિતિ કહેવાય. એકેન્દ્રિય જીવો જઘન્યથી તેટલી સ્થિતિ બાંધે છે. તેમાં પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરવો નહીં તથા સ્વકીય ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તે જઘન્યસ્થિતિ છે તેમાં પલ્યો.નો અસં. ભાગ ઉમેરીએ તેટલી સ્થિતિ એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટપણે બાંધે. આવો અભિપ્રાય પંચસંગ્રહકારનો છે.

કર્મપ્રકૃતિકારનો અભિપ્રાય એવો છે કે મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગવા માટે **"પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ"** ન લેવી, પરંતુ **વર્ગની** ઉત્કૃષ્ટ સ્થિતિ લેવી. મૂલકર્મની જે સ્થિતિ તે જ તેની સર્વે ઉત્તર પ્રકૃતિઓના વર્ગની ગણવી. ફક્ત મોહનીયમાં દર્શનમોહનીય, કષાયમોહનીય અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નોકષાયમોહનીય એમ ત્રણ વર્ગ ગણવા. નામકર્મમાં કોઈ કોઈ કર્મોની ૧૦-૧૨-૧૨ાા-૧૪-૧૫-૧૬-૧૭ાા-૧૮ અને ૨૦ કોડાકોડી જેટલી સ્થિતિ હોય છે. તો પણ વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિ લેવાની હોવાથી નામકર્મની સર્વે ઉત્તરપ્રકૃતિની ૨૦ કોડાકોડી ગણીને સીત્તેર વડે ભાગવા. ઉચ્ચ - નીચ ગોત્રની અનુક્રમે ૧૦-૨૦ કોડાકોડી છે. છતાં બન્નેની મૂલકર્મ પ્રમાણ ૨૦ સમજીને ૭૦ વડે ભાગવા. સાતા - અસાતાની અનુક્રમે ૧૫-૩૦ કોડાકોડી સાગ. છે. પરંતુ બન્નેનો વર્ગ એક માનીને ૩૦ કોડાકોડી સમજીને ૭૦ વડે ભાગવા.

મોહનીયમાં મિથ્યાત્વમોહનીયની ૭૦ કોડાકોડીને ૭૦ વડે ભાગવા. ૧૬ કષાયોમાં ૪૦ ને ૭૦ વડે ભાગવા. અને નોકષાયોમાં ૧૦-૧૫-૨૦ની સ્થિતિ હોવા છતાં ૧ વર્ગ સમજી ૨૦ કોડાકોડી ગણીને ૭૦ વડે ભાગવા. આ પ્રમાણે વર્ગની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટસ્થિતિ વડે ભાગતાં જે આવે તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલી જઘન્ય સ્થિતિ ઉત્તરપ્રકૃતિઓની જાણવી. એકેન્દ્રિય જીવો તેટલી જઘન્યસ્થિતિ બાંધે છે. પલ્યો.નો અસં. ભાગ ન્યૂન ન કરીએ તો તેટલી સ્થિતિ એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટ બાંધે છે.

કર્મગ્રંથકારનો અભિપ્રાય એવો છે કે વર્ગની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ન ભાગતાં પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગવી અને જે આવે તેમાંથી પલ્યો.નો અસં. ભાગ ઓછો કરવો. આ ત્રણે અભિપ્રાયોમાં કંઈક કંઈક પરસ્પર તફાવત છે. સારાંશ એવો છે કે કર્મગ્રંથકાર અને પંચસંગ્રહકાર સ્વકીય સ્થિતિને ભાગવાનું સમાનપણે માને છે પરંતુ પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરવાનું કર્મગ્રંથકાર સ્વીકારે છે. પંચસંગ્રહકાર સ્વીકારતા નથી. કર્મગ્રંથકાર અને કર્મપ્રકૃતિકાર પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરવાનું સમાનપણે માને છે. પરંતુ એક સ્વકીયસ્થિતિને ભાગવાનું અને બીજા વર્ગની સ્થિતિને ભાગવાનું સ્વીકારે છે. પંચસંગ્રહકાર અને કર્મપ્રકૃતિકાર એ બન્નેના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અભિપ્રાયમાં બન્ને રીતે વાત જુદી છે. એક સ્વકીયસ્થિતિને ભાગવાનું અને બીજા વર્ગની સ્થિતિને ભાગવાનું સ્વીકારે છે. તથા એક પલ્યો.નો અસં. ભાગ ન્યૂન ન કરવાનું અને બીજા ન્યૂન કરવાનું માને છે. ઈત્યાદિ વિશેષ વર્ણન પંચસંગ્રહ તથા કમ્મપયડિથી જાણી લેવું.[1] ॥ ૩૬ ॥

**अयमुक्कोसोगिंदिसु, पलियासंखंसहीण लहुबंधो।**
**कमसो पणवीसाए, पन्ना सय सहस्स संगुणिओ ॥३७॥**

**विगल असन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागूणो।**
**सुरनरयाउ समादस सहस्स सेसाउ खुड्डुभवं ॥३८॥**

(अयमुत्कृष्ट एकेन्द्रियेषु, पल्यासंख्यांशहीनो लघुबन्धः।
क्रमशः पञ्चविंशत्या पञ्चाशत्शतसहस्रसंगुणितः ॥३७॥

विकलासंज्ञिषु ज्येष्ठः कनिष्ठः पल्यसंखभागोनः।
सुरनरकायुषोस्समानां दशसहस्राणि शेषायुषोः क्षुल्लकभवः ॥३८॥

**अयम्** = આ, **उक्कोसो** = ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, **एगिंदिसु** = એકેન્દ્રિયમાં જાણવો, **पल्लसंखंसहीण** = પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન, **लहुबंधो** = જઘન્ય સ્થિતિબંધ, **कमसो** = અનુક્રમે, **पणवीसाए** = પચીસ વડે, **पन्नास** = પચાસ વડે, **सय** = સો વડે, **सहस्स** = હજાર વડે, **संगुणिओ** = ગુણાયો છતો. ॥ ૩૭ ॥

**विगलअसन्निसु** = વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં, **जिट्ठो** = જ્યેષ્ઠ- ઉત્કૃષ્ટ, **कणिट्ठओ** = જઘન્ય, **पल्लसंखभागूणो** = પલ્યોપમના સંખ્યાતમા ભાગે ન્યૂન, **सुरनरयाउ** = દેવ અને નરકનું આયુષ્ય, **समा** = વર્ષ, **दससहस्स** = દસ હજાર, **सेसाउ** = બાકીનાં બે આયુષ્ય, **खुड्डभवं** = ક્ષુલ્લકભવ ॥ ૩૮ ॥

૧. જુઓ કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૭૯, તથા પંચસંગ્રહદ્વાર પાંચમું, ગાથા-૪૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** = (પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે સ્થિતિ આવી) તે આ સ્થિતિ એકેન્દ્રિયજીવોનો ઉત્કૃષ્ટબંધ જાણવો. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તે એકેન્દ્રિયજીવોનો જઘન્યસ્થિતિબંધ થાય. તે જ ૮૫ પ્રકૃતિઓનો પણ જઘન્યબંધ જાણવો. એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિબંધને અનુક્રમે ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણતાં વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયજીવોમાં જ્યેષ્ઠ (ઉત્કૃષ્ટ) સ્થિતિબંધ આવે. તેમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તો વિકલેન્દ્રિય અને અસંજ્ઞીમાં જઘન્યસ્થિતિબંધ આવે. દેવ અને નારકીનું આયુષ્ય દશ હજાર વર્ષનું અને બાકીનાં બે આયુષ્ય એક ક્ષુલ્લકભવ પ્રમાણ જઘન્યથી બંધાય છે. ॥ ૩૭-૩૮ ॥

**વિવેચન** = પાછળ ગાથા ૩૬ માં જે સમજાવવામાં આવ્યું કે ૮૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ કેટલી ? પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તેમાંથી પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલી સ્થિતિ તે જઘન્યસ્થિતિ જાણવી. ત્યાં પ્રશ્ન થાય છે કે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાનું ત્યાં મૂળ ગાથા ૩૬માં તો કહ્યું જ નથી. તો ક્યાંથી જાણ્યું કે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરીએ ત્યારે જઘન્યસ્થિતિ આવે ?

આ વાત જાણવા માટે આ ૮૫ પ્રકૃતિની તથા નવમે, દસમે બંધવિચ્છેદ પામતી ૨૨ પ્રકૃતિની એમ કુલ ૧૦૭ પ્રકૃતિઓની એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞીપંચેન્દ્રિય જીવો વધુમાં વધુ કેટલી સ્થિતિ બાંધે? અને ઓછામાં ઓછી કેટલી સ્થિતિ બાંધે ? તે વાત આ બે (૩૭-૩૮) ગાથામાં સમજાવે છે. તેનાથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરવાનું કેવી રીતે જાણ્યું તે હકીકત સમજાશે.

''सेसाणुक्कोसाओ मिच्छत्तठिईइ जं लद्धं अयमुक्कोसोगिंदिसु ગાથા ૩૬ અને ગાથા ૩૭નું આટલું પદ સાથે જોડો. એટલે બાકીની ૮૫

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિઓની પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે જે સ્થિતિ પ્રાપ્ત થાય છે. એટલી એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે એમ જાણવું. તથા पलियासंखंसहीण लहुबंधो = **તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ ત્યારે જે સ્થિતિ** આવે. તેટલી સ્થિતિ એકેન્દ્રિય જીવો જઘન્યથી બાંધે છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની ૩૦ કોડાકોડીને મિથ્યાત્વની ૭૦ કોડાકોડી વડે ભાગતાં જે $\frac{૩}{૭}$ સ્થિતિ થાય તેટલી સ્થિતિ એકેન્દ્રિય જીવો ઉત્કૃષ્ટથી બાંધે છે. અને તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલી એકેન્દ્રિય જીવો જઘન્યસ્થિતિ બાંધે છે.

આ વિધાનથી જ એમ સમજાય છે કે આ એકેન્દ્રિય જીવો પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન જે જઘન્યસ્થિતિ બાંધે છે. તે જ જઘન્યસ્થિતિ બાકી રહેલી ૮૫ પ્રકૃતિની કહેવાય છે. કારણ કે ૮૫ પ્રકૃતિની એકેન્દ્રિય જીવો જે આ જઘન્યસ્થિતિ બાંધે છે તેનાથી ન્યૂન સ્થિતિ અન્યત્ર ક્યાંય લભ્ય નથી. માટે એકેન્દ્રિયજીવોનો જે જઘન્યસ્થિતિ બંધ તે જ ૮૫ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ જાણવી. આ રીતે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાનું ગાથાના પાઠથી જ જણાઈ આવે છે.

$\frac{૩}{૭}$ સંપૂર્ણ સાતીયા ત્રણ ભાગ વગેરે જે ઉત્કૃષ્ટ સ્થિતિ એકેન્દ્રિયજીવો બાંધે છે. તેને ૨૫ વડે ગુણવાથી જે આવે તેટલી ઉત્કૃષ્ટસ્થિતિ બેઈન્દ્રિયજીવો બાંધે છે. આ રીતે ૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણતાં જે આવે તેટલી ઉત્કૃષ્ટસ્થિતિ અનુક્રમે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો બાંધે છે. પાંચે પ્રકારના જીવોમાં આ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો. તે પાંચે પ્રકારના જીવોમાં જઘન્યસ્થિતિબંધ આ પ્રમાણે છે કે ૩/૭ સાતીયા ત્રણ ભાગ વગેરે જે ઉત્કૃષ્ટસ્થિતિ એકેન્દ્રિય જીવો બાંધે છે. તેમાંથી **પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ** ઓછો કરીએ તો એકેન્દ્રિયજીવો કેટલી જઘન્યસ્થિતિ બાંધે ? તે માપ આવે. અને $\frac{૩}{૭}$ સંપૂર્ણ સાતીયા ત્રણ ભાગ આદિ એકેન્દ્રિયના જીવોને ઉત્કૃષ્ટથી બંધ યોગ્ય જે સ્થિતિ છે. તેને ૨૫-૫૦-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦૦-૧૦૦૦ વડે ગુણતાં જે આવે તે બેઈન્દ્રિયાદિ જીવોને બંધયોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિ થઈ. તેમાંથી **પલ્યોપમનો સંખ્યાતમો ભાગ** ઓછો કરીએ તેટલી બેઈન્દ્રિયાદિ જીવો જઘન્યસ્થિતિ બાંધે છે.

**સારાંશ** કે એકેન્દ્રિય જીવો જે ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરીએ તેટલી એકેન્દ્રિયજીવો જઘન્ય સ્થિતિ બાંધે છે. અને એકેન્દ્રિય જીવોના ઉત્કૃષ્ટસ્થિતિબંધને યોગ્ય ૩/૭ સાતીયા ત્રણ ભાગ આદિ સ્થિતિને ૨૫-૫૦-૧૦૦-૧૦૦૦ વડે ગુણતાં જે આવે તેટલી બેઈન્દ્રિયાદિ જીવો ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે. ૨૫-૫૦ આદિ વડે ગુણાયેલી તે ઉત્કૃષ્ટસ્થિતિમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરીએ તેટલી બેઈન્દ્રિય આદિ જીવો જઘન્ય સ્થિતિ બાંધે છે. આ પ્રમાણે કર્મગ્રંથકારનો અભિપ્રાય છે.

કર્મપ્રકૃતિકારનો અભિપ્રાય પણ આ જ પ્રમાણે છે. પરંતુ પોત પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને ભાગવાને બદલે વર્ગની ઉત્કૃષ્ટસ્થિતિને ભાગવાનું જણાવે છે. બાકી બધી રીતભાત કર્મગ્રંથકારના આશયને અનુરૂપ જ છે.

પરંતુ પંચસંગ્રહકારનો આશય ઘણો જુદો પડે છે. તેઓનો આશય એવો છે કે - પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિને મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગતાં જે આવે તે જ એકેન્દ્રિયજીવો વડે બંધને યોગ્ય **જઘન્યસ્થિતિ** જાણવી. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરવાની જરૂર નથી. અર્થાત્ ભાગવાથી જે આવી તે જ એકેન્દ્રિયને યોગ્ય જઘન્યસ્થિતિ કહેવાય. અને તેમાં પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ ઉમેરીએ એટલે એકેન્દ્રિયને યોગ્ય ઉત્કૃષ્ટ સ્થિતિ થાય તથા મિથ્યાત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ વડે ભાગવાથી ૩/૭ સંપૂર્ણ સાતીયા ત્રણ ભાગ વગેરે એકેન્દ્રિયને યોગ્ય જે જઘન્ય સ્થિતિ આવી તેને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણતાં જે સ્થિતિ થાય તેટલી સ્થિતિ બેઈન્દ્રિયાદિ જીવો જઘન્યથી બાંધે છે. અને એકેન્દ્રિયના જઘન્યબંધને યોગ્ય ૩/૭ સાતીયા ત્રણ ભાગ આદિ જે સ્થિતિ છે. તેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમથી જ પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઉમેરો અને પછી ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણો. તેમ કરવાથી જેટલી સ્થિતિ આવે તેટલી બેઇન્દ્રિયાદિ જીવો ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે.[1]

આ પ્રમાણે ત્રણેના અભિપ્રાયો જુદા જુદા છે. છતાં શતક નામના આ કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે કોષ્ટક આપવામાં આવે છે. જઘન્યસ્થિતિ જાણવા માટે ઉત્કૃષ્ટસ્થિતિમાંથી એકેન્દ્રિયમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરવો. અને વિકલેન્દ્રિય તથા અસંજ્ઞી જીવોમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરવો. તથા જે પ્રકૃતિની જેટલી સ્થિતિ હોય તેને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવા. વળી વિક્લેન્દ્રિયની અને અસંજ્ઞી પં.ની. ઉત્કૃષ્ટસ્થિતિ જાણવી હોય તો એકેન્દ્રિયની ઉત્કૃષ્ટસ્થિતિને ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણવા. ઈત્યાદિ સમજી લેવું.

जैन साईट JAINSITE

૧. જુઓ કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૮૦/૮૧, અને પંચસંગ્રહ દ્વાર પાંચમું ગાથા ૫૫/૫૬, તથા આ બન્ને ગ્રંથોની ટીકા તથા ફૂટનોટો વાંચતાં એવો ભાવ પણ ક્યાંક લખેલો જણાય છે કે એકેન્દ્રિયજીવોની જે જઘન્યસ્થિતિ છે. તેમાં પલ્યોપમનો **અસંખ્યાતમો** ભાગ ઉમેરીને ૨૫/૫૦ ૧૦૦/૧૦૦૦ વડે ગુણતાં વિકલેન્દ્રિયાદિની ઉત્કૃષ્ટસ્થિતિ આવે. અને (પલ્યો.નો અસં. ભાગ ન્યૂન કરેલી) યથાસ્થિત એકેન્દ્રિયોની જઘન્યસ્થિતિને ૨૫/૫૦/૧૦૦/૧૦૦૦ વડે ગુણતાં વિકલેન્દ્રિયાદિની જઘન્યસ્થિતિ આવે જુઓ શ્રી મલયગિરિજી અને ઉપાધ્યાયજી મ.સા.વાળી બન્ને ટીકાઓ સહિત છપાયેલી કર્મપ્રકૃતિની પ્રત-પૃષ્ઠ ૨૧૧/૧ની ટીપ્પણી.

તથા પંચસંગ્રહ દ્વાર પાંચમું ગાથા ૫૫મી ટીકાની છેલ્લીબે પંક્તિઓમાં એમ પણ લખેલું મળે છે કે એકેન્દ્રિયોની જઘન્યસ્થિતિમાં પલ્યો.નો અસં. ભાગ ઉમેરીને ૨૫/૫૦/૧૦૦/૧૦૦૦ વડે ગુણવાથી દ્વીન્દ્રિયાદિ જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ આવે. (અહીં પલ્યો.ના સંખ્યાતમા ભાગને બદલે અસંખ્યાતમો ભાગ ઉમેરવાનું લખ્યું છે.) તથા પંચસંગ્રહ દ્વાર ૫માની ૫૬મી ગાથામાં એકેન્દ્રિયની જઘન્યને ૨૫ આદિ વડે ગુણતાં વિકલેન્દ્રિય આદિની જઘન્ય થાય. અને એકેન્દ્રિયની ઉત્કૃષ્ટને ૨૫ આદિ વડે ગુણતાં વિકલેન્દ્રિય આદિની ઉત્કૃષ્ટ થાય. એમ કહ્યુ છે. તેથી આ બાબતમાં વધુ કેવલી ભગવાન જાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિયષટ્કનો જઘન્યસ્થિતિબંધ અસંજ્ઞી પં.માં લભ્ય હોવાથી સાતીયા બે ભાગને હજારે ગુણતાં ૨૮૫ ૫/૭ સાગરોપમમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન હોય છે. ઈત્યાદિ સમજી લેવું.

## કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણેનું કોષ્ટક

| ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | એકેન્દ્રિયને આશ્રયી ઉ. સ્થિતિબંધ | બેઈન્દ્રિયને આશ્રયી ઉ. સ્થિતિબંધ | તેઈન્દ્રિયને આશ્રયી ઉ. સ્થિતિબંધ | ચઉરિન્દ્રિય ને આશ્રયી ઉ.સ્થિતિબંધ | અસંજ્ઞીપં.ને આશ્રયી ઉ. સ્થિતિબંધ | સંજ્ઞીપં.ને આશ્રયી ઉ. સ્થિતિબંધ |
|---|---|---|---|---|---|---|
| ૧૦ કોડાકોડી સાગરોપમ | ૧/૭ | ૩ ૪/૭ | ૭ ૧/૭ | ૧૪ ૨/૭ | ૧૪૨ ૬/૭ | ૧૦ કોડાકોડી સાગરોપમ |
| ૧૨ " | ૬/૩૫ | ૪ ૨/૭ | ૮ ૪/૭ | ૧૭ ૧/૭ | ૧૭૧ ૩/૭ | ૧૨ " |
| ૧૨॥ " | ૫/૨૮ | ૪ ૧૩/૨૮ | ૮ ૨૬/૨૮ | ૧૭ ૨૪/૨૮ | ૧૭૮ ૧૬/૨૮ | ૧૨॥ " |
| ૧૪ " | ૧/૫ | ૫ સાગ. | ૧૦ સાગ. | ૨૦ સાગ. | ૨૦૦ સાગ. | ૧૪ " |
| ૧૫ " | ૩/૧૪ | ૫ ૫/૧૪ | ૧૦ ૧૦/૧૪ | ૨૧ ૩/૭ | ૨૧૪ ૨/૭ | ૧૫ " |
| ૧૬ " | ૮/૩૫ | ૫ ૫/૭ | ૧૧ ૩/૭ | ૨૨ ૬/૭ | ૨૨૮ ૪/૭ | ૧૬ " |
| ૧૭॥ " | ૧/૪ | ૬ ૧/૪ | ૧૨ ૨/૪ | ૨૫ સાગ. | ૨૫૦સાગ. | ૧૭॥ " |
| ૧૮ " | ૯/૩૫ | ૬ ૩/૭ | ૧૨ ૬/૭ | ૨૫ ૫/૭ | ૨૫૭ ૧/૭ | ૧૮ " |
| ૨૦ " | ૨/૭ | ૭ ૧/૭ | ૧૪ ૨/૭ | ૨૮ ૪/૭ | ૨૮૫ ૫/૭ | ૨૦ " |
| ૩૦ " | ૩/૭ | ૧૦ ૫/૭ | ૨૧ ૩/૭ | ૪૨ ૬/૭ | ૪૨૮ ૪/૭ | ૩૦ " |
| ૪૦ " | ૪/૭ | ૧૪ ૨/૭ | ૨૮ ૪/૭ | ૫૭ ૧/૭ | ૫૭૧ ૩/૭ | ૪૦ " |
| ૭૦ " | ૧ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૦૦૦ | ૭૦ " |

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર લખેલા ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં એકેન્દ્રિયનો જે ઉ.સ્થિતિ બંધ છે. તે ઉત્કૃષ્ટમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો કરીએ તો એકેન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ આવે. અને બેઈન્દ્રિય આદિના ઉત્કૃષ્ટસ્થિતિમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ઓછો કરીએ તો બેઈન્દ્રિયાદિનો જઘન્ય સ્થિતિબંધ થાય છે. આ કર્મગ્રંથકારનો મત છે.

દેવ આયુષ્ય અને નરકાયુષ્યનો જઘન્ય સ્થિતિબંધ ૧૦ હજાર વર્ષ પ્રમાણ અને મનુષ્ય-તિર્યંચાયુષ્યનો જઘન્યસ્થિતિબંધ એક ક્ષુલ્લક ભવ પ્રમાણ જાણવો. ચારે આયુષ્યનો આ ભોગ્યકાળ સમજવો. જો અબાધાકાળ સહિત ભોગ્યકાળવાળો જઘન્યસ્થિતિબંધ જાણવો હોય તો એક અંતર્મુહૂર્ત અધિક ૧૦ હજાર વર્ષ તથા એક અંતર્મુહૂર્ત અધિક એક ક્ષુલ્લકભવ જેટલો જઘન્યસ્થિતિબંધ જાણવો. ક્ષુલ્લક એટલે નાનામાં નાનો ભવ તે ક્ષુલ્લક ભવ. તેનું વિશેષ વર્ણન આગળ ગાથા. ૪૦-૪૧ માં આવે જ છે. બસો છપ્પન આવલિકાનો એક ક્ષુલ્લકભવ થાય છે.

અહીં તિર્યંચ તથા મનુષ્ય એમ બન્નેનું જઘન્ય આયુષ્ય ક્ષુલ્લકભવ કહ્યું છે. જ્યારે આવશ્યકસૂત્રની ટીકા આદિ ગ્રંથોમાં ક્ષુલ્લકભવનું જઘન્ય આયુષ્ય માત્ર વનસ્પતિકાયનું જ કહ્યું છે. તે મતાન્તર હોય એમ લાગે છે. ॥ ૩૭-૩૮ ॥

**જઘન્યસ્થિતિબંધ કહીને હવે જઘન્ય અબાધા જણાવે છે.**

**सव्वाण वि लहुबंधे, भिन्नमुहू अबाह आउजिट्ठे वि।**
**केइ सुराउसमं जिणमंतमुहू बिंति आहारं ॥३९॥**

(सर्वासामपि लघुबन्धे, भिन्नमुहूर्तमबाधामायुषां ज्येष्ठेऽपि।
केचित्सुरायुस्समं जिनमन्तर्मुहूर्तं ब्रुवत आहारकम् ॥३९॥)

**सव्वाण वि** = સર્વે પણ પ્રકૃતિઓના, **लहुबंधे** = જઘન્યસ્થિતિબંધમાં, **भिन्नमुहू** = અન્તર્મુહૂર્ત, **अबाह** = અબાધાકાળ,

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**आउजिट्ठे वि** = ચાર આયુષ્યોના ઉત્કૃષ્ટ બંધમાં પણ, **केइ** = કેટલાક આચાર્યો, **सुराउसमं** = દેવાયુષ્યની તુલ્ય, **जिणं** = તીર્થંકરનામકર્મ, **अंतमुहू** = અંતર્મુહૂર્ત, **बिंति** = કહે છે, **आहारं** = આહારકદ્વિક. ॥૩૯॥

**ગાથાર્થ =** સર્વે પણ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધમાં તથા આયુષ્યકર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ અબાધાકાળ અંતર્મુહૂર્ત જાણવો. કેટલાક આચાર્યો જિનનામકર્મનો દેવાયુષ્યતુલ્ય અને આહારકદ્વિકનો અંતર્મુહૂર્ત જઘન્યસ્થિતિબંધ કહે છે. ॥૩૯॥

**વિવેચન =** સર્વે પણ કર્મપ્રકૃતિઓની જ્યારે જ્યારે જઘન્યસ્થિતિ બંધાય છે. ત્યારે ત્યારે જઘન્ય અબાધાકાળ હોય છે અને તે અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. એકસો વીસે કર્મોમાં જઘન્ય અબાધા અંતર્મુહૂર્ત છે. તેથી કર્મોની દલિક રચના જઘન્યથી અંતર્મુહૂર્ત કાળના સમય સ્થાનોને ત્યજીને બાકીના શેષસ્થાનોમાં થાય છે. તથા આયુષ્યકર્મની અબાધા ભોગવાતા ભવના શેષ આયુષ્યપ્રમાણ હોય છે. તેથી પરભવનું ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ આદિનું આયુષ્ય બંધાતું હોય તો પણ આ ભવનું આયુષ્ય જો અંતર્મુહૂર્ત માત્ર બાકી હોય તો અંતર્મુહૂર્ત માત્રની પણ અબાધા હોઈ શકે છે. અને આ ભવનું આયુષ્ય વધારે બાકી હોય તો વધારે પણ (વધુમાં વધુ પૂર્વ ક્રોડ વર્ષનો ત્રીજો ભાગ) અબાધા હોઈ શકે છે. આ કારણથી ૧૧૬ કર્મોમાં જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય ત્યારે ઉત્કૃષ્ટ અબાધા હોય. અને જ્યારે જઘન્ય સ્થિતિ બંધાય ત્યારે જઘન્ય અબાધા હોય. પરંતુ આયુષ્યકર્મમાં ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય ત્યારે ઉત્કૃષ્ટ અબાધા પણ હોય અને જઘન્ય અબાધા પણ હોય, તેવી જ રીતે આયુષ્યકર્મની જઘન્યસ્થિતિ બંધાય ત્યારે જઘન્ય અબાધા પણ હોય અને ઉત્કૃષ્ટ અબાધા પણ હોય. તેથી આયુષ્યકર્મમાં સ્થિતિબંધની અને અબાધાકાળની ચતુર્ભંગી થાય છે. જે પૂર્વે જણાવી ગયા છીએ.

અહીં गुरुकोडिकोडिअंतो ઈત્યાદિ પદોવાળી ગાથા ૩૩માં જિનનામકર્મ અને આહારકદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ કહેવાના અવસરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્યસ્થિતિ પણ ગ્રન્થકારે કહી જ છે. ઉત્કૃષ્ટસ્થિતિબંધવાળા અંતઃ-કોડાકોડી કરતાં જઘન્યસ્થિતિબંધની સંખ્યાતગુણહીન અંતઃકોડાકોડી પ્રમાણ જણાવી જ છે. તે વિષયમાં બીજા કેટલાક આચાર્યો કંઈક ભિન્ન મત ધરાવે છે. તે મતાન્તર ગ્રન્થકાર સમજાવે છે.

**केइ सुराउसमं जिण** = કેટલાક આચાર્યો જિનનામકર્મની જઘન્યસ્થિતિ દેવાયુષ્યતુલ્ય (૧૦ હજાર વર્ષ પ્રમાણ) માને છે. અને આહારકદ્વિકની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ માને છે. આ અન્ય આચાર્યોનો મત હોવાથી મતાન્તર છે.

**પ્રશ્ન :-** અન્ય કેટલાક આચાર્યો આ ત્રણ કર્મોની જઘન્યસ્થિતિની બાબતમાં જે આ મતાન્તર માને છે. અર્થાત્ ભિન્ન મત ધરાવે છે. તેની પાછળ શું કોઈ યુક્તિ હોઈ શકે ? કોઈ વિવક્ષાએ તેઓનો મત યુક્તિસંગત થાય ?

**ઉત્તર :-** આ મતાન્તર માનવામાં તેઓના હૈયામાં શો આશય હશે તે તો કેવલી પરમાત્મા જ જાણે. કોઈ ઉલ્લેખ જાણવા મળતો નથી. પરંતુ આપણી પોતાની કલ્પનાથી વિચારીએ તો આવી યુક્તિ હોય એમ અનુમાન કરાય છે.

ત્રીજા ભવે જે નિકાચિત જિનનામ બંધાય છે. તેમાં પહેલો અને છેલ્લો મનુષ્યનો ભવ અને વચ્ચે દેવ-નારકીનો ભવ. આ જઘન્યસ્થિતિ અધિકાર ચાલે છે. એટલે આ ત્રણે ભવો શક્ય હોય તેટલા નાની સ્થિતિવાળા લેવા. દેવ-નારકીનો નાનો ભવ ૧૦ હજાર વર્ષનો હોય છે. અન્તિમ મનુષ્યનો ભવ તીર્થંકર પ્રભુનો ૭૨ વર્ષનો હોય છે. પ્રથમનો મનુષ્યનો ભવ શક્ય હોય તેટલા ઓછા સંખ્યાતા વર્ષનો લેવો. ૧૦ હજાર વર્ષની અપેક્ષાએ ૭૨ વર્ષ અને સંખ્યાતા વર્ષો એ અપેક્ષાએ અતિશય અલ્પ હોવાથી લખ્યા નથી. આ રીતે નિકાચિત જિનનામને આશ્રયી માનવના બે ભવના યથાયોગ્ય અલ્પ વર્ષોથી યુક્ત ૧૦ હજાર વર્ષ પ્રમાણ જઘન્યસ્થિતિ

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહી હોય તેમ કલ્પના કરાય છે. અને કર્મગ્રંથકારે અનિકાચિત જિનનામને આશ્રયી જ અંતઃકોડાકોડી સાગરોપમ જઘન્ય સ્થિતિ કહી છે. એટલે મતાન્તરવાળી આ નિકાચિતને આશ્રયી હોય તેમ કલ્પાય છે.

તથા મૂળગાથામાં સુરાઉસમં લખ્યું છે. તેથી દેવભવતુલ્ય ૧૦ હજાર વર્ષ પ્રમાણ જઘન્યસ્થિતિ જાણવી. પરંતુ ત્રણ ભવોમાં વચ્ચેનો ભવ દેવનો ન લેવો, નરકનો લેવો. કારણ કે દેવનો ભવ લઈએ તો ભવનપતિ-વ્યંતરનો ભવ ન લેવાય કારણ કે તીર્થંકર થનાર જીવ સમ્યગ્દષ્ટિ હોવાથી વૈમાનિકમાં જ જાય અને વૈમાનિકમાંથી જ આવે અને ત્યાં જઘન્યથી પણ ૨ પલ્યોપમ આદિ સ્થિતિ છે. તેથી શ્રેણિકમહારાજા આદિની જેમ નરકનો ભવ લેવો. જે પ્રથમની ત્રણ નરકમાંથી આવેલા જીવો તીર્થંકર થઈ શકે છે. અને ત્યાં પ્રથમ નરકમાં ૧૦ હજારવર્ષ પ્રમાણ સ્થિતિ હોય છે. દેવ-નરકનું જઘન્ય આયુષ્ય ૧૦ હજાર વર્ષ પ્રમાણ તુલ્ય હોવાથી ગાથાના પ્રાસ માટે, પૂર્વાચાર્યોની પ્રસિદ્ધ પ્રણાલિકાને અનુસરવા માટે અથવા કોઈ અગમ્યકારણવશાત્ સુરાઉસમં લખ્યું હોય. છતાં ૧૦ હજાર વર્ષની પ્રમાણતા તુલ્ય હોવાથી નરકનું આયુષ્ય લેવાનું હોવા છતાં આવો ઉલ્લેખ કર્યો હોય એમ લાગે છે. આ રીતે ગ્રન્થકારનો આશય અનિકાચિતજિનનામને આશ્રયી અને અન્ય આચાર્યોનો આશય નિકાચિતજિનનામને આશ્રયી વિચારીએ તો આ મતાન્તર યુક્તિસંગત લાગે છે. છતાં સાચું રહસ્ય પરમાત્મા જાણે, આ તો અમારી કલ્પના માત્ર છે.

આહારકદ્વિક સાતમા-આઠમા ગુણસ્થાનકે બંધાય છે. ત્યાં સતત=નિરંતર જો આ આહારકદ્વિક બંધાય તો અંતર્મુહૂર્તકાળ સુધી તેનો બંધ થઈ શકે છે. આઠમાથી ઉપર જાય તો બંધવિચ્છેદ થાય. અને સાતમેથી છઠ્ઠે જાય તો બંધવિરામ થાય. તેથી સતતબંધને આશ્રયી અંતર્મુહૂર્ત બંધ કહ્યો હોય અથવા સાતમે-આઠમે ગુણસ્થાનકે અંતઃ કોડાકોડી સાગરોપમને બદલે અંતર્મુહૂર્ત માત્રની જ સ્થિતિ બંધાય છે. એમ તેઓ માનતા હોય. તેથી જ જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્તની કહી હોય એમ પણ તેઓનો આશય હોય. આ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ કારણે ગ્રન્થકારે મતાન્તરરૂપે આ મત જણાવ્યો હોય એમ બની શકે. તત્ત્વકેવલિગમ્ય.

આ પ્રમાણે સર્વે કર્મોનો જઘન્યસ્થિતિબંધ અને જઘન્ય અબાધાકાળ કહ્યો. અહીં આયુષ્યકર્મમાં ક્ષુલ્લકભવ શબ્દ આવ્યો છે. એટલે તેનું સ્વરૂપ હવે પછીની બે ગાથામાં સમજાવાશે. ॥ ૩૯ ॥

**सत्तरस समहिया किर, इगाणुपाणंमि हुंति खुड्डुभवा।**
**सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तंमि ॥४० ॥**

**पणसट्ठिसहस्स पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डुभवा।**
**आवलियाणं दोसय, छप्पन्ना एग खुड्डुभवे ॥४१ ॥**

(सप्तदश समधिकाः किल, एकस्मिन्प्राणापाने भवन्ति क्षुल्लकभवाः
सप्तत्रिंशच्छतानि त्रिसप्तत्यधिकानि प्राणापानाः पुनः एकमुहूर्ते ॥४० ॥

पञ्चषष्टिसहस्राणि पञ्चशतानि षट्त्रिंशदधिकानि एकमुहूर्ते क्षुल्लकभवाः ।
आवलिकानां द्वे शते षट्पञ्चाशदधिके एकक्षुल्लकभवे ॥ ४१ ॥

**શબ્દાર્થ:-** **सत्तरससमहिया**=સત્તરથી કંઈક અધિક એવા, **किर**= પૂર્વાચાર્યો કહે છે. **इगाणुपाणंमि**=એક શ્વાસોચ્છ્વાસમાં, **हुंति**=હોય છે, **खुड्डुभवा**=ક્ષુલ્લકભવો, **सगतीस सयतिहुत्तर**=તોંતેર અધિક એવા સાડત્રીશસો, **पाणू**=શ્વાસોચ્છ્વાસ, **पुण**=વળી, **इगमुहुत्तंमि**=એક મુહૂર્તમાં.

**पणसट्ठिसहस्स** = પાંસઠ હજાર, **पणसय** = પાંચસો, **छत्तीसा** = છત્રીસ, **इगमुहुत्त** = એકમુહૂર્તમાં, **खुड्डुभवा** = ક્ષુલ્લકભવો, **आवलियाणं** = આવલિકાઓ, **दोसय** = બસો, **छप्पन्ना** = છપ્પન, **पुण** = વળી, **एगखुड्डुभवे** = એક ક્ષુલ્લકભવમાં ॥ ૪૦-૪૧॥

**ગાથાર્થ-** એક શ્વાસોચ્છ્વાસમાં ૧૭ થી કંઈક અધિક એવા ક્ષુલ્લકભવો થાય છે. અને એક મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ પૂર્વાચાર્યો કહે છે. તથા એક મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવો થાય છે. અને એક ક્ષુલ્લકભવમાં ૨૫૬ આવલિકાઓ થાય છે. ॥ ૪૦-૪૧॥

**વિવેચન=** મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય જઘન્યથી પણ ક્ષુલ્લકભવ હોય છે. એમ કહ્યું છે. તેથી પ્રશ્ન થાય છે કે ક્ષુલ્લકભવ એટલે શું ? તેનું માપ કેટલું ? તે જણાવવા માટે સમજાવે છે કે -

એક અહોરાતના (૨૪ કલાકના- એક રાત-દિવસના) ૩૦ મુહૂર્ત થાય છે. અને ૪૮ મિનિટનું એક મુહૂર્ત કહેવાય છે. આવા પ્રકારના

૧ મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) ૩૭૭૩ **શ્વાસોચ્છ્વાસ** થાય છે.
૧ મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) ૬૫૫૩૬ **ક્ષુલ્લકભવ** થાય છે.
૧ મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) ૧૬૭૭૭૨૫૬ **આવલિકાઓ** થાય છે.

જૈન સાઇટ JAINSITE.com જનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે એક મુહૂર્તમાં (૪૮ મિનિટમાં) શ્વાસોચ્છ્વાસ, ક્ષુલ્લકભવ, અને આવલિકાઓ કહી. તેને અનુસારે એક શ્વાસોચ્છ્વાસમાં ક્ષુલ્લકભવ કેટલા ? અને એક શ્વાસમાં આવલિકાઓ કેટલી તે જાણવું હોય તો તે આ રીતે ભાગાકાર કરી લેવો. જેમકે -

| | |
|---|---|
| ૩૭૭૩ ) ૬૫૫૩૬ ( ૧૭<br>૩૭૭૩<br>૨૭૮૦૬<br>૨૬૪૧૧<br>૧૩૯૫ | ૩૭૭૩ ) ૧૬૭૭૭૨૧૬ ( ૪૪૪૬<br>૧૫૦૯૨<br>૧૬૮૫૨<br>૧૫૦૯૨<br>૧૭૬૦૧<br>૧૫૦૯૨<br>૨૫૦૯૬<br>૨૨૬૩૮<br>૨૪૫૮ |
| એક શ્વાસમાં સત્તર ક્ષુલ્લકભવો સંપૂર્ણ અને અઢારમા ક્ષુલ્લકભવના ૩૭૭૩ ભાગ કરીએ તેવાં ૧૩૯૫ ભાગ. | એક શ્વાસમાં ૪૪૪૬ આવલિકાઓ સંપૂર્ણ અને ૪૪૪૭મી આવલિકાના ૩૭૭૩ ભાગ કરીએ એવા ૨૪૫૮ ભાગ. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

```
૬૫૫૩૬ | ૧૬૭૭૭૨૧૬ | ૨૫૬
        ૧૩૧૦૭૨
         ૩૬૭૦૦૧
         ૩૨૭૬૮૦
          ૩૯૩૨૧૬
          ૩૯૩૨૧૬
          ૦૦૦૦૦૦
```

એક ક્ષુલ્લકભવમાં સામે બતાવેલા ભાગાકાર પ્રમાણે ૨૫૬ આવલિકા થાય છે. આ રીતે વિચારતાં

૧ શ્વાસમાં ૧૭ $\frac{૧૩૯૫}{૩૭૭૩}$ સત્તરથી કંઈક અધિક ક્ષુલ્લકભવ થાય છે.

૧ શ્વાસમાં ૪૪૪૬ $\frac{૨૪૫૮}{૩૭૭૩}$ ચુમ્માલીસસો છેતાલીસથી અધિક આવલિકા થાય છે.

૧ ક્ષુલ્લકભવમાં ૨૫૬ આવલિકા થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૨૫૬ આવલિકા | = ૧ ક્ષુલ્લકભવ | ૧૭થી અધિક ક્ષુલ્લકભવ | = ૧ શ્વાસ |
| ૪૪૪૬ થી અધિક આવલિકા | = ૧ શ્વાસ | ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ | = ૧ મુહૂર્ત |
| ૧૬૭૭૭૨૧૬ આવલિકા | = ૧ મુહૂર્ત | ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ | = ૧ મુહૂર્ત |

૧. ક્ષુલ્લકભવના ૩૭૭૩ ભાગ કરીએ એવા ૨૩૭૮ ભાગ જો વધારે હોત તો ૧૩૯૫+૨૩૭૮= ૩૭૭૩. ૧૮મો ક્ષુલ્લકભવ એક શ્વાસમાં પૂર્ણ થાત. પરંતુ તેટલા ભાગ નથી. માટે ૧૭ થી અધિક ક્ષુલ્લકભવ થાય છે.

૨. એક આવલિકાના ૩૭૭૩ ભાગ કરીએ એવા ૧૩૧૫ ભાગ જો અધિક હોત તો ૨૪૫૮+૧૩૧૫ = ૩૭૭૩ ભાગની ૧ આવલિકા વધારે થાત. એક શ્વાસમાં ૪૪૪૬ને બદલે ૪૪૪૭ આવલિકા થાત. પરંતુ તેટલા ભાગ નથી. તેથી ૪૪૪૬ આવલિકાથી કંઈક અધિક આવલિકા થાય છે.

અહીં किल શબ્દનો અર્થ "પૂર્વાચાર્યો કહે છે" એમ જે લખ્યું છે. તે સ્વોપજ્ઞટીકાના આધારે, કારણ કે किलेत्याप्तोक्ताबित्येवं ब्रुवते એવો પાઠ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે આ કાળનું માપ સમજાવ્યું. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ નામનાં ૧૭-૧૮-૧૯-૨૦ નંબરનાં જે ચાર દ્વારો કહેવાની પ્રતિજ્ઞા પ્રથમ ગાથામાં કરેલી. તેમાં ૧૮મા સ્થિતિબંધદ્વારમાં મૂલ તથા ઉત્તર સર્વે પ્રકૃતિઓની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ જણાવી. તે પ્રસંગે જઘન્ય-ઉત્કૃષ્ટ અબાધા તથા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી બાંધે ? તે પણ સમજાવ્યું. હવે આવા પ્રકારનો જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કોણ કરે ? કયા ગુણસ્થાનકવાળા અને કેવા સંજોગોમાં વર્તતા જીવો કરે ? તે **સ્થિતિબંધના સ્વામી** નામનું ૨૨મું દ્વાર પણ આ જ પ્રસંગે સમજાવવા જેવું છે, માટે તે દ્વાર હવે કહેશે. ॥૪૦-૪૧॥

સ્થિતિબંધના સ્વામી-નિરૂપણ રૂપ ૨૨મા દ્વારનો અધિકાર

**अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।**
**मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठट्ठिइं सेस पयडीणं ॥ ४२ ॥**

(अविरतसम्यक्त्वस्तीर्थं, आहारकद्विकामरायुश्च प्रमत्तः ।
मिथ्यादृष्टि र्बध्नाति, ज्येष्ठस्थितिं शेषप्रकृतीनाम् ॥ ४२ ॥)

**શબ્દાર્થ :-** **अविरयसम्मो** = અવિરતસમ્યગ્દૃષ્ટિ, **तित्थं** = તીર્થંકરનામકર્મને, **आहारगदुगामराउ य** = અને આહારકદ્વિક તથા દેવાયુષ્યનો બંધ, **पमत्तो** = પ્રમત્ત જીવ કરે છે, **मिच्छदिट्ठि** = મિથ્યાદૃષ્ટિ જીવ, **बंधइ** = બંધ કરે છે, **जिट्ठट्ठिइं** = ઉત્કૃષ્ટસ્થિતિ, **सेसपयडीणं** = બાકીની પ્રકૃતિઓની ॥૪૨॥

**ગાથાર્થ :-** અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ તીર્થંકર નામકર્મને, પ્રમત્ત મુનિ આહારકદ્વિકને અને દેવાયુષ્યને ઉત્કૃષ્ટ સ્થિતિવાળુ બાંધે છે. અને બાકીની પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ મિથ્યાદૃષ્ટિ જીવ બાંધે છે. ॥ ૪૨ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન=** હવે ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી સમજાવે છે. ગાથા ૫૨ માં કહ્યું છે કે દેવ-મનુષ્ય અને તિર્યંચ આ ત્રણ આયુષ્ય વિના બાકી ૩૯ પુણ્ય પ્રકૃતિઓ અને ૮૨ પાપપ્રકૃતિઓ એમ સર્વે મળીને વર્ણચતુષ્ક એક વાર ગણતાં ૧૧૭ ઉત્તર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ અશુભ છે. અને તે અતિશય સંક્લિષ્ટતાએ બંધાય છે. ૮૨ પાપ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ સંક્લિષ્ટતા જન્ય હોવાથી અને દુઃખદાયી હોવાથી અશુભ છે જ, પરંતુ ૩૯ પુણ્યપ્રકૃતિઓની પણ ઉત્કૃષ્ટસ્થિતિ દીર્ઘકાળના બંધન સ્વરૂપ હોવાથી નિશ્ચયનયથી સોનાની બેડી સમાન અશુભસ્વરૂપ જ છે. આ કારણથી જેમ જેમ કષાયો વધે (સંક્લિષ્ટતા વધે) તેમ તેમ સ્થિતિબંધ વધારે વધારે થાય છે. અને જેમ જેમ કષાયો (સંક્લિષ્ટતા) ઘટે તેમ તેમ સ્થિતિબંધ હીન-હીન થાય છે. આ ન્યાયથી ૧૧૭ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતાથી બંધાય છે. અને જઘન્ય સ્થિતિ અત્યન્ત વિશુદ્ધિથી બંધાય છે. ફક્ત ત્રણ આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ તદ્યોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી અને જઘન્યસ્થિતિ તદ્યોગ્ય ઉત્કૃષ્ટ સંકલેશથી બંધાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## તીર્થંકર નામકર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી-

તીર્થંકરનામકર્મ સમ્યક્ત્વ ગુણ હોતે છતે જ બંધાય છે. તેથી ચોથા ગુણસ્થાનકથી આઠમાના છઠ્ઠા ભાગ સુધી જ તેનો બંધ થાય છે.

તીર્થંકરનામકર્મના બંધવાળાં ૪ થી ૮/૬માં વધારે સંક્લેશવાળું ચોથું ગુણસ્થાનક છે કારણ કે પાંચમા ગુણસ્થાનક આદિમાં સમ્યક્ત્વ તો છે જ, પરંતુ વિરતિવાળું હોવાથી અને ચોથું ગુણસ્થાનક અવિરતિવાળું હોવાથી વધારે સંકલેશ ચોથે સંભવે છે. તેથી મૂળગાથામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો તીર્થંકરનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી કહ્યા છે. મૂળ ગાથામાં જો કે अविरयसम्मो तित्थं આટલું જ કહ્યું છે તો પણ "व्याख्यानतो विशेषप्रतिपत्तिः" વ્યાખ્યાન (વિવેચન) કરવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ વિશેષબોધ થાય છે એવો ન્યાય છે માટે અવિરતસમ્યગ્દૃષ્ટિ એવો આ જીવ (૧) ક્ષયોપશમસમ્યક્ત્વી, (૨) પૂર્વબદ્ધનરકાયુષ્ક, (૩) આસન્નમૃત્યુક, અને (૪) નરકમિથ્યાત્વોભયાભિમુખ હોય તે જ તીર્થંકરનામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિનો બંધક જાણવો તેનાં કારણો આ પ્રમાણે-

**(૧) ક્ષયોપશમસમ્યક્ત્વી** :- ક્ષયોપશમ સમ્યક્ત્વ લઈને નરકમાં જવાતું નથી. તેથી જે જીવે પૂર્વે નરકનું આયુષ્ય બાંધીને ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવા જીવને જ્યારે મૃત્યુકાળ આવે ત્યારે નરક અને મિથ્યાત્વ એમ ઉભય તરફ જવાની અભિમુખતા હોઈ શકે છે. અને તે કાળે તે જીવ વધારે સંક્લિષ્ટ પરિણામયુક્ત થાય છે તેનાથી તે ઉત્કૃષ્ટસ્થિતિબંધનો સ્વામી થાય છે. ઉપશમસમ્યક્ત્વી જીવ જો શ્રેણી સંબંધી હોય તો મરીને દેવમાં જ જાય છે. નરકગમન સંભવતું નથી. અને અનાદિ મિથ્યાત્વી જે પ્રથમ ઉપશમ પામે છે તે ઉપશમસમ્યક્ત્વવાળો જીવ લઈએ તો સમ્યક્ત્વાવસ્થામાં મૃત્યુ પામતો નથી એટલે નરકાભિમુખતા સંભવતી નથી. માટે ઉપશમસમ્યક્ત્વી જીવ કહ્યો નથી. ક્ષાયિક સમ્યક્ત્વીમાં મિથ્યાત્વ તરફ ગમન સંભવતું નથી. તેથી નિકાચિત જિનનામના બંધકોમાં નરકાભિમુખતા અને મિથ્યાત્વાભિમુખતા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને જ સંભવી શકે છે તેથી ઉપરોક્ત વિશેષણોવાળો ક્ષાયોપશમિકસમ્યક્ત્વી જીવ જ ઉ. સ્થિતિબંધનો સ્વામી કહ્યો છે.

**(૨) પૂર્વબદ્ધનરકાયુષ્ક**= પૂર્વકાળમાં જેણે નરકનું આયુષ્ય બાંધ્યું હોય તે જ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ સ્વામી લેવો. કારણ કે સમ્યક્ત્વ પામ્યા પછી નરકનું આયુષ્ય બંધાય નહીં. નરકના આયુર્બંધ વિના નરક તરફ અને મિથ્યાત્વ તરફ ગમન સંભવે નહીં. તેના વિના ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા આવે નહીં. ઉત્કૃષ્ટસંક્લિષ્ટતા વિના ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય નહીં, માટે પૂર્વબદ્ધનરકાયુષ્ક જીવ સ્વામી જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) **આસન્નમૃત્યુક=** જ્યાં સુધી મૃત્યુ નજીક આવ્યું ન હોય ત્યાં સુધી મિથ્યાત્વે ગમન સંભવે નહીં. તથા નરકના ભવમાં ગમનને યોગ્ય લેશ્યાવાળા સંક્લિષ્ટ પરિણામ પણ આવે નહીં. મૃત્યુકાળના અન્તિમ અંતર્મુહૂર્તમાં જ નરકભવયોગ્ય લેશ્યાયુક્ત પરિણામવાળો જીવ થાય છે. માટે આસન્નમૃત્યુક કહેલો છે.

(૪) **નરકમિથ્યાત્વોભયાભિમુખ:-** આવો ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો જીવ જ્યારે મૃત્યુકાળ નજીક આવે અને મૃત્યુ પામીને નરકમાં જવાની તૈયારી હોય ત્યારે મિથ્યાત્વાભિમુખ અને નરકાભિમુખ થવાથી વધારેમાં વધારે સંક્લિષ્ટતાવાળો હોઈ શકે છે. આ રીતે પૂર્વે જે જીવે નરકનું આયુષ્ય બાંધ્યું છે અને ત્યારબાદ ક્ષયોપશમસમ્યક્ત્વ પામીને જિનનામકર્મ જેણે બાંધ્યું છે તેવો, મૃત્યુ નજીક આવે ત્યારે નરક અને મૃત્યુને અભિમુખ થયેલો અવિરતસમ્યક્ત્વી જીવ તે ગુણસ્થાનકના ચરમ સમયે (સંભવતી સંક્લિષ્ટતામાં) અતિશય વધારે સંક્લિષ્ટ હોવાથી જિનનામકર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આહારકદ્વિકના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી **"પ્રમત્ત"** મુનિ જાણવા. વાસ્તવિક વાત એ છે કે આહારકદ્વિકનો બંધ અપ્રમત્તે અને અપૂર્વકરણે જ થાય છે. પ્રમત્તે બંધ થતો જ નથી. છતાં ગાથામાં "पमत्तो " લખવાનું કારણ એ છે કે સાતમા- આઠમા ગુણઠાણાવાળા જે જીવો નવમે-દસમે જવાના સ્વભાવવાળા છે. તે ઉપર શ્રેણીમાં ચઢવાની પ્રકૃતિયુક્ત હોય છે, તેથી તે જીવોમાં વિશુદ્ધિ વધારે છે. માટે ઉ. સ્થિતિના સ્વામી નથી. પરંતુ સાતમા-આઠમાથી પડીને છઠ્ઠે આવનારા જે જીવો છે તે જ અહીં લેવાના છે. તે પડવાની પ્રકૃતિવાળા હોવાથી પ્રમત્તાભિમુખ એવા અપ્રમત્ત છે. તેથી પરિણામ પ્રમત્ત તરફના હોવાથી (અપ્રમત્ત હોવા છતાં પણ) ઉપચારથી પ્રમત્ત કહ્યા છે એમ સમજીને પ્રમત્તજીવોને સ્વામી કહ્યા છે. અથવા પ્રાકૃતભાષામાં સ્વર પછી સ્વર આવે તો પૂર્વના સ્વરનો લોપ થાય છે. એ નિયમથી अपमत्तो શબ્દ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમજી પહેલાંના અ નો લોપ થયેલો જાણવો. ત્યાં પણ પ્રમત્તાભિમુખતા તો અવશ્ય સમજવી જ. એટલે પ્રમત્તાભિમુખ એવો અપ્રમત્તજીવ સ્વામી જાણવો. પરંતુ દેવાયુષ્યના ઉત્કૃષ્ટસ્થિતિ બંધના સ્વામિની વિચારણામાં **અપમત્તો** શબ્દ ન સમજતાં **પમત્તો** શબ્દ જ સમજવો.

દેવાયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે. દેવાયુષ્યના બંધક જીવો ૧ થી ૭ ગુણસ્થાનક સુધી છે. પરંતુ સાતમે આયુષ્યબંધનો પ્રારંભ કરતો નથી. માટે તદ્યોગ્યવિશુદ્ધ અને અપ્રમત્તભાવાભિમુખ એવો પ્રમત્તગુણસ્થાનકવર્તી પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો જીવ પૂર્વક્રોડના ત્રીજા ભાગે જ્યારે પરભવનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધવાનો પ્રારંભ કરે ત્યારે ત્રીજા ભાગના પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી જાણવા. આયુષ્યબંધના પ્રારંભ પછી જેટલા સમયો જાય તેટલો અબાધાકાળ ઓછો થાય. તેમ થવાથી અબાધાકાળ સહિત ભોગ્યકાળવાળો જે ઉત્કૃષ્ટસ્થિતિબંધ છે તેની અપ્રાપ્તિ થાય. માટે ત્રીજા ભાગના પ્રથમ સમયે જ (આયુષ્યબંધના પ્રારંભના પ્રથમસમયે જ) સ્વામી જાણવા. આ કારણથી જ અપ્રમત્તે સ્વામી કહ્યા નથી. પરંતુ પ્રમત્ત જ કહ્યા છે.

**પ્રશ્ન-** આયુષ્યકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ બંધના પ્રથમસમયે જ માત્ર જેમ કહો છો, તેમ જ્ઞાનાવરણીયાદિ શેષકર્મોનો પણ ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિ જ્યારે બંધાય ત્યારે પ્રથમસમયે જ માત્ર હોય કે સમયાન્તરે પણ હોય ?

**ઉત્તર-** જ્ઞાનાવરણીયાદિ શેષકર્મોમાં સામાન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતર્મુહૂર્ત સુધી બંધાય છે પરંતુ તેનો અબાધાકાળ સ્થિતિબંધમાં સમાવિષ્ટ છે. તેથી અબાધાકાળના સમયો ન્યૂન કરવાનો પ્રશ્ન જ આવતો નથી. માટે બંધના સર્વે સમયોમાં ઉત્કૃષ્ટસ્થિતિબંધ ઘટી શકે છે. જ્યારે આયુષ્યકર્મનો અબાધાકાળ તો વર્તમાન ભવને આશ્રયી લેવાનો છે. જેથી જેટલા સમયો જાય તેટલા સમયો અબાધામાં ઓછા થાય, એટલે મધ્યમસ્થિતિ થઈ જાય. પણ ઉત્કૃષ્ટસ્થિતિ મળે નહીં. તેથી આયુષ્યકર્મમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રથમ સમયે જ માત્ર ઉત્કૃષ્ટસ્થિતિબંધ સમજવો. અને શેષકર્મોમાં જ્યાં સુધી ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય ત્યાં સુધી પ્રત્યેક સમયોમાં ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી જાણવા. આયુષ્ય કર્મમાં જો અબાધાકાળ સહિત ૩૩ સાગરોપમ ન વિવક્ષીએ અને અબાધાકાળ વિના કેવળ ભોગ્યકાળના ૩૩ સાગરોપમનો જ ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિચારીએ તો બંધના શેષ સર્વે સમયોમાં ૩૩ સાગરોપમનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ મળી શકે છે.

શેષ ૧૧૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ મિથ્યાદૃષ્ટિ જીવ કરે છે. કારણ કે દેવ-મનુષ્ય અને તિર્યંચ આ ત્રણ આયુષ્ય વિના ૧૧૭ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ (પછી તે ભલે પુણ્યપ્રકૃતિ હોય કે પાપપ્રકૃતિ હોય. પરંતુ સર્વેની ઉત્કૃષ્ટસ્થિતિ) ગાથા ૫૨માં કહ્યા પ્રમાણે અશુભ જ છે અને તે તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાથી જ બંધાય છે. તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતા એટલે કે ૧૧૬માંની એક-એક પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિના બંધને યોગ્ય સંક્લિષ્ટતા, અને તે પહેલા ગુણસ્થાનકે જ સંભવે છે. બાકીનાં બધાં ગુણસ્થાનકો મિથ્યાદૃષ્ટિ કરતાં વિશુદ્ધિવાળાં છે. ચૌદે ગુણસ્થાનકોમાં વધારે સંક્લિષ્ટતા પહેલા ગુણસ્થાનકે જ હોય છે. માટે ૧૧૬ના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી તત્પ્રાયોગ્ય (તે તે પ્રકૃતિના બંધને પ્રાયોગ્ય) સંક્લિષ્ટતાવાળા મિથ્યાદૃષ્ટિ જીવ કહ્યા છે.

તે ૧૧૬માં મનુષ્યાયુષ્ય અને તિર્યંચાયુષ્ય પણ છે. તેની ઉત્કૃષ્ટસ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે. કારણ કે ત્રણ આયુષ્ય શુભ છે. એટલે આ બે આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ ગાથા ૫૨માં કહ્યા મુજબ વધારે વિશુદ્ધિથી બંધાય છે. તેથી આ બે આયુષ્યના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ ન કહેતાં તત્પ્રાયોગ્ય વધારે વિશુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિ જીવ સ્વામી કહેવા.

**પ્રશ્ન** = જો આ બે આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ શુભ હોય અને વિશુદ્ધિ વડે બંધાતી હોય તો તિર્યંચાયુષ્યનો બંધ ૧-૨ ગુણસ્થાનકે છે અને મનુષ્ય આયુષ્યનો બંધ ૧-૨-૪ ગુણસ્થાનકે શાસ્ત્રોમાં કહ્યો છે. તો પહેલા ગુણસ્થાનક કરતાં બીજે અને ચોથે વધારે વધારે વિશુદ્ધિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભવે છે. તો ત્યાં ઉત્કૃષ્ટસ્થિતિ બંધના સ્વામી કહેવા જોઈએ. મિથ્યાત્વે સ્વામી કેમ કહ્યા ?

**ઉત્તર-** જો કે સાસ્વાદને તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય બંધાય છે. તો પણ તે ઉપશમ સમ્યક્ત્વથી પડતાં આવે છે. અને નિયમા મિથ્યાત્વે જ જવાવાળા જીવો હોય છે. એટલે સંક્લિષ્ટ પરિણામવાળા હોય છે. વિશુદ્ધિવાળા પરિણામ હોતા નથી. જ્યારે મિથ્યાત્વ ગુણઠાણે સમ્યક્ત્વાદિ ગુણપ્રાપ્તિને અભિમુખ થયેલા જીવો ચડવાના સ્વભાવવાળા હોવાથી તેઓને વિશુદ્ધિવાળા પરિણામ આવે છે. ત્યારે તેવા પ્રકારની વિશુદ્ધિવાળા ઘોલમાન પરિણામથી આ બે આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિનો બંધ પહેલા ગુણઠાણે સંભવે છે. સાસ્વાદને નહીં.

ત્રીજે ગુણસ્થાનકે કોઈ આયુષ્ય બંધાતાં જ નથી. ચોથા ગુણસ્થાનકે તિર્યંચાયુષ્ય તો બંધાતું જ નથી. અને મનુષ્યાયુષ્ય બંધાય છે. પરંતુ સમ્યક્ત્વવાળા ગુણસ્થાનકે મનુષ્યાયુષ્ય ફક્ત દેવ-નારકી જ બાંધે છે. કારણ કે મનુષ્ય-તિર્યંચો જો સમ્યક્ત્વી હોય તો નિયમા દેવનું જ આયુષ્ય બાંધે છે. અને તેથી જ પાંચમા ગુણસ્થાનકમાં વર્તતા તિર્યંચો અને પાંચમે-છઠ્ઠે વર્તતા મનુષ્યો એક દેવનું જ આયુષ્ય બાંધે છે. મનુષ્યનું આયુષ્ય બાંધતા નથી. હવે જે દેવ-નારકી મનુષ્યાયુષ્યના બંધક છે, તે નિયમા પૂર્વકોટિવર્ષ પ્રમાણ સંખ્યાતવર્ષ સુધીના જ આયુષ્યના બંધક હોય છે કારણ કે તેનાથી વધારે આયુષ્યમાં દેવ- નારકીનો ઉત્પાત જ નથી. તેથી ૧-૨-૩ પલ્યોપમવાળું મનુષ્ય-તિર્યંચનું આયુષ્ય દેવ-નારકી બાંધતા જ નથી. આ રીતે ચોથે ગુણઠાણે મનુષ્યાયુષ્યનો બંધ હોવા છતાં પણ ઉત્કૃષ્ટસ્થિતિવાળા મનુષ્યાયુષ્યનો બંધ ત્યાં સંભવતો નથી. તેથી વિશુદ્ધ એવા મિથ્યાત્વી જીવો તેના સ્વામી કહ્યા છે. ॥ ૪૨ ॥

**અવતરણ** - ઉપરની ગાથામાં ૧૧૬ પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી મિથ્યાદષ્ટિ જીવો કહ્યા. પરંતુ મિથ્યાત્વીમાં પણ દેવ-નારકી-તિર્યંચ અને મનુષ્ય એમ ચાર પ્રકારના જીવો છે. તથા એકેન્દ્રિય-બેઈન્દ્રિય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઈન્દ્રિયાદિ અનેક પ્રકારના જીવો છે. તેમાં કઈ ગતિવાળા અને કઈ જાતિવાળા અને કેવા જીવો ઉત્કૃષ્ટસ્થિતિના બંધક હોય તે હવે સમજાવે છે-

**विगलसुहुमाउगतिगं, तिरिमणुया सुरविउव्विनिरयदुगं ।**
**एगिंदिथावरायव, आईसाणा सुरुक्कोसं ।। ४३ ।।**

(विकलसूक्ष्मायुस्त्रिकं, तिर्यङ्मनुष्या सुरवैक्रियनरकद्विकम् ।
एकेन्द्रियस्थावरातपानामेशानात्सुरा उत्कृष्टाम् ।। ४३ ।।)

**શબ્દાર્થ** :- **विगलसुहुमाउगतिगं** = વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, અને આયુષ્યનું ત્રિક, **तिरिमणुया** = તિર્યંચો અને મનુષ્યો, **सुरविउव्विनिरयदुगं** = દેવદ્વિક, વૈક્રિયદ્વિક, અને નરકદ્વિક, **एगिंदिथावरायव** = એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને આતપની, **आईसाणा**= ઈશાન દેવલોકસુધીના, **सुर**=દેવો, **उक्कोसं**=ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે. ॥૪૩॥

**ગાથાર્થ** = વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, આયુષ્યત્રિક, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, અને નરકદ્વિક એમ કુલ ૧૫ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ તિર્યંચ-મનુષ્ય જ બાંધે છે અને એકેન્દ્રિયજાતિ, સ્થાવર તથા આતપ નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ઈશાન સુધીના દેવો જ બાંધે છે. ॥૪૩॥

**વિવેચન** = મૂલગાથામાં કહેલો ત્રિક શબ્દ પ્રત્યેકની સાથે જોડવાથી विकलत्रिक = બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય જાતિ, सूक्ष्मत्रिक = સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ નામકર્મ, आयुष्यत्रिक = મનુષ્ય- તિર્યંચ અને નરકનું આયુષ્ય એમ કુલ નવ પ્રકૃતિઓ તથા द्विक શબ્દ પણ પ્રત્યેકમાં જોડવાથી सुरदुग = દેવગતિ, દેવાનુપૂર્વી, वैक्रियद्विक = વૈક્રિયશરીર અને વૈક્રિય અંગોપાંગ, निरयदुगं = નરકગતિ અને નરકની આનુપૂર્વી એમ છ પ્રકૃતિઓ, કુલ ૧૫ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકમાં પણ તિર્યંચ-મનુષ્યો જ જાણવા. કારણ કે આ ૧૫ પ્રકૃતિઓમાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે પ્રકૃતિ વિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાકીની ૧૩ પ્રકૃતિઓ તો દેવ-નારકીના જીવો તેમાં ઉત્પન્ન થવાના ન હોવાથી ભવસ્વભાવે જ બાંધતા નથી. તેથી તે સ્વામી થઈ શક્તા નથી. અને તિર્યંચ-મનુષ્યનું આયુષ્ય જો કે દેવ-નારકીના જીવો બાંધે છે. પરંતુ પૂર્વક્રોડ વર્ષ સુધીનું જ (સંખ્યાતા વર્ષનું) જ બાંધે છે. પલ્યોપમોવાળું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્યાં ઉત્પન્ન ન થતા હોવાથી બાંધતા નથી. માટે ૧૫ના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી તિર્યંચ અને મનુષ્યો જ કહ્યા છે. હવે કેવા તિર્યંચ-મનુષ્યો લેવા તે કંઈક ઝીણવટથી વિચારીએ.

(૧) વિકલત્રિક અને સૂક્ષ્મત્રિક આ છ પ્રકૃતિઓના **તત્પ્રાયોગ્યસંકિલષ્ટ** એવા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો ઉત્કૃષ્ટસ્થિતિના બંધક જાણવા. કારણ કે **અતિશય સંક્લિષ્ટ** લઈએ તો આ છનો બંધ રોકીને નરક પ્રાયોગ્ય બંધ કરવા માંડે. ત્યાં આ છ પ્રકૃતિઓ બંધાતી નથી. તથા સંક્લિષ્ટ ન લઈએ અને વિશુદ્ધ લઈએ તો દેવ-મનુષ્ય પ્રાયોગ્ય બંધ થઈ જાય ત્યાં પણ આ છ પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી અતિશય સંક્લિષ્ટ કે અતિશયવિશુદ્ધ ન લેતાં ઉત્કૃષ્ટસ્થિતિ સંક્લિષ્ટતાથી બંધાય છે. માટે **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** જીવો બંધક કહ્યા છે.

(૨) **તિર્યંચાયુષ્ય** અને **મનુષ્યાયુષ્યના** બંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો લેવા. પરંતુ **તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા** સમજવા. અને તે પણ જે તિર્યંચો અને મનુષ્યો પૂર્વક્રોડ વર્ષના હોય, પૂર્વક્રોડવર્ષના ત્રીજા ભાગે જ પરભવનું તિર્યંચનું અથવા મનુષ્યનું ત્રણ પલ્યોપમનું આયુષ્ય બાંધવાની શરૂઆત કરે ત્યારે તેઓ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગના પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટ તિર્યંચ અને મનુષ્ય આયુષ્યના બંધક જાણવા. કારણ કે તે એક જ સમયે પૂર્વક્રોડના ત્રીજા ભાગે અધિક ત્રણ પલ્યોપમની તિર્યંચ અને મનુષ્યના આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ સંભવી શકે છે. દ્વિતીય-તૃતીયાદિ સમયોમાં અબાધાકાળના તેટલા સમયો ન્યૂન થવાથી અબાધાકાળયુક્ત એવી ભોગ્યકાળવાળી ઉત્કૃષ્ટસ્થિતિ મળતી નથી. માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજા ભાગના પ્રથમ સમયે જ સ્વામી જાણવા. વળી સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્ય હોય તો નિયમા દેવનું જ આયુષ્ય બાંધે, એટલે અહીં મિથ્યાદષ્ટિ સ્વામી કહ્યા છે, આ બન્ને આયુષ્યની ઉત્કૃષ્ટ સ્થિતિ શુભ છે. તેથી વિશુદ્ધિવાળા કહ્યા છે. તથા જો અતિશય વિશુદ્ધ કહીએ તો આયુષ્ય બંધાય જ નહીં. કારણ કે અતિશય વિશુદ્ધવાળો જીવ આયુષ્ય બાંધતો જ નથી. તથા અતિશય વિશુદ્ધ ન કહેતાં વધારે વિશુદ્ધ એમ જો કહીએ તો તિર્યંચ-મનુષ્યના આયુષ્યનો બંધ છોડીને દેવના આયુષ્યનો બંધ કરવા માંડે. તેથી અતિશય કે વધારે વિશુદ્ધિવાળા એમ ન કહેતાં **તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા** તિર્યંચ-મનુષ્યો સ્વામી છે. એમ કહ્યું છે.

(૩) **નરકાયુષ્ય** ની ઉત્કૃષ્ટસ્થિતિના બંધક સંખ્યાત વર્ષના (પૂર્વક્રોડ વર્ષના) આયુષ્યવાળા, બે ભાગ ગયા પછી ત્રીજા ભાગના પ્રથમ સમયે વર્તતા, ત્રીજા ભાગ (ના અબાધાકાળ) સહિત ૩૩ સાગરોપમનું સાતમી નરકનું આયુષ્ય બાંધતા, સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચો અને મનુષ્યો **તત્પ્રાયોગ્યસંક્લિષ્ટતા** વાળા હોય ત્યારે સ્વામી સમજવા. કારણ કે **અતિશય સંક્લિષ્ટતામાં** કે અતિશય વિશુદ્ધિમાં આયુષ્ય બંધાતું જ નથી. પરંતુ ઘોલમાન પરિણામે જ બંધાય છે. તથા સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ અને મનુષ્ય વિના બીજા કોઈ પણ જીવો નરકનું આયુષ્ય બાંધતા જ નથી. માટે **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મિથ્યાદષ્ટિ** સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય સ્વામી જાણવા.

(૪) **દેવદ્વિક** ના સ્વામી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ એવા મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો સમજવા. કારણ કે સંક્લિષ્ટતા વિના ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય નહીં અને જો અતિશય સંક્લિષ્ટતા લેવા જઈએ તો નરકપ્રાયોગ્ય બંધ થઈ જાય અથવા તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય બંધ થઈ જાય માટે **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** એવા મિથ્યાદષ્ટિ તિર્યંચ અને મનુષ્યો ઉત્કૃષ્ટસ્થિતિના બંધક કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૫) વૈક્રિયદ્વિક અને નરકદ્વિક આ ચાર પ્રકૃતિઓના અતિશય સંક્લિષ્ટ તિર્યંચ અને મનુષ્યો સ્વામી જાણવા. કારણ કે તેઓને ગમે તેટલી સંક્લિષ્ટતા આવે તો પણ છેલ્લે નરકપ્રાયોગ્ય જ બંધ થાય છે. અને ત્યાં આ ચાર પ્રકૃતિઓ અવશ્ય બંધાય જ છે. આ પ્રમાણે ૧૫ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિના બંધક મિથ્યાદૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો છે. પરંતુ ક્યાંક અતિસંક્લિષ્ટ, ક્યાંક તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ અને ક્યાંક તત્પ્રાયોગ્યવિશુદ્ધ એવા જીવો જાણવા.

એકેન્દ્રિય જાતિ, સ્થાવરનામકર્મ અને આતપનામકર્મ આ ત્રણ પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિના બંધક **સંક્લિષ્ટ ઈશાન દેવલોક સુધીના દેવો** જાણવા. કારણ કે ઉત્કૃષ્ટસ્થિતિ સંક્લિષ્ટતાથી બંધાય છે. મનુષ્ય અને તિર્યંચો જો અતિસંક્લિષ્ટ થાય તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ ઓળંગીને નરકપ્રાયોગ્ય બંધ કરે. નારકી અને ઈશાન ઉપરના દેવો આ પ્રકૃતિઓ બાંધતા જ નથી. ઈશાન સુધીના દેવોને ગમે તેટલી સંક્લિષ્ટતા થાય તો પણ તે છેલ્લો એકેન્દ્રિય પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને ત્યાં આ ત્રણ પ્રકૃતિઓ બંધાય છે માટે બે પ્રકૃતિમાં અતિસંક્લિષ્ટ અને આતપમાં તદ્યોગ્ય સંક્લિષ્ટ ઈશાન દેવલોક સુધીના દેવો સ્વામી કહ્યા છે. ॥ ૪૩ ॥

JAINSITE जैनम् जयति शासनम्

**तिरिउरलदुगुज्जोयं, छिवट्ठसुरनिरयसेसचउगइया ।**
**आहारजिणमपुव्वो, नियट्टिसंजलणपुरिसलहुं ॥ ४४॥**

(तिर्यगौदारिकद्विकोद्योतं, छेदस्पृष्टं सुरनारकाश्शेषाणां चतुर्गतिकाः
आहारकजिनमपूर्वोऽनिवृत्तिस्संज्वलनपुरुषयोर्लघ्वीम् ॥ ४४ ॥

**શબ્દાર્થ :-** **तिरिउरलदुगुज्जोयं** = તિર્યંચનું દ્વિક, ઔદારિકદ્વિક અને ઉદ્યોતનામકર્મ, **छिवट्ठ** = છેવટ્ઠું સંઘયણ, **सुरनिरय** = દેવો અને નારકી, **सेस** = બાકીની પ્રકૃતિઓના, **चउगइया** = ચારે ગતિના જીવો, **आहारजिणं** = આહારકદ્વિક અને જિનનામકર્મ, **अपुव्वो** = અપૂર્વકરણ

ગુણસ્થાનકવાળા, **अनियट्टि** = અનિવૃત્તિબાદરવાળા, **संजलणपुरिस** = સંજ્વલન ચાર અને પુરુષવેદની, **लहुं** = જઘન્યસ્થિતિ બાંધે છે. ॥ ૪૪ ॥

**ગાથાર્થ** = તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોતનામકર્મ અને સેવાર્ત સંઘયણની ઉત્કૃષ્ટ સ્થિતિ દેવ-નારકી બાંધે છે. બાકીની સર્વે પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ચારે ગતિના જીવો બાંધે છે. આહારકદ્વિક અને જિનનામકર્મની જઘન્યસ્થિતિ અપૂર્વકરણવાળા, અને સંજ્વલન ચતુષ્ક તથા પુરુષવેદની જઘન્યસ્થિતિ અનિવૃત્તિવાળા બાંધે છે. ॥ ૪૪ ॥

**વિવેચન** = तिर्यंचद्विक = તિર્યંચગતિ અને તિર્યંચાનુપૂર્વી, औदारिकद्विक = ઔદારિકશરીર અને ઔદારિકાંગોપાંગ, उद्योत = ઉદ્યોતનામકર્મ અને, सेवार्त = છેવટ્ઠુંસંઘયણ આ છ પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિના બંધક **ઉત્કૃષ્ટસંક્લિષ્ટ એવા સહસ્રાર સુધીના દેવ અને નારકીના જીવો** જાણવા. કારણ કે મનુષ્ય-તિર્યંચો જો અતિશય સંક્લિષ્ટ થાય તો તિર્યંચપ્રાયોગ્ય બંધ ઓળંગીને નરકપ્રાયોગ્ય બંધ કરે. ત્યાં આ છ પ્રકૃતિઓ બંધાતી નથી. અને દેવ-નારકીના જીવો ગમે તેટલા સંક્લિષ્ટ થાય તો પણ તેઓને છેવટે તિર્યંચપ્રાયોગ્ય જ બંધ હોય છે. અને ત્યાં આ છ પ્રકૃતિઓ બંધાય જ છે. માટે અતિસંક્લિષ્ટ દેવ-નારકી સ્વામી કહ્યા છે. ઉદ્યોત નામકર્મમાં તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સમજવા. તેમાં પણ એટલી વિશેષતા છે કે આ છ પ્રકૃતિઓમાં ઔદારિકાંગોપાંગ અને સેવાર્તસંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિના બંધક ઈશાન ઉપરના સનત્કુમારથી સહસ્રારસુધીના દેવો અને નારકીના જીવો જાણવા. કારણ કે ઈશાન સુધીના દેવો જો અતિશય સંક્લિષ્ટ થાય તો એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ કરવા માંડે. ત્યાં આ બે પ્રકૃતિ બંધાતી નથી. કારણ કે એકેન્દ્રિય જીવોને અંગોપાંગ અને સંઘયણ હોતું નથી અને સનત્કુમારાદિ દેવો તથા નારકી ગમે તેટલા સંક્લિષ્ટ થાય તો પણ સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ કરે છે. અને ત્યાં આ બે પ્રકૃતિઓ બંધાય જ છે.

બાકીની ૯૨ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિના બંધક ચારે ગતિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવો જાણવા. જિનનામ, આહારકદ્વિક, દેવાયુષ્ય આ ૪ના સ્વામી ૪૨મી ગાથામાં, વિકલેન્દ્રિયત્રિકાદિ ૧૮ના સ્વામી ૪૩મી ગાથામાં અને તિર્યંચદ્વિકાદિ ૬ના સ્વામી ૪૪ મી ગાથામાં એમ કુલ ૨૮ ના સ્વામી આવ્યા. એટલે શેષ ૯૨ના સ્વામી ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા મિથ્યાદષ્ટિ જીવો જાણવા. તેમાં ધ્રુવબંધી ૪૭ના અતિસંક્લિષ્ટ એવા મિથ્યાદષ્ટિ જીવો ઉત્કૃષ્ટસ્થિતિના બંધક સમજવા. કારણ કે ગમે તેટલી સંક્લિષ્ટતા વધે તો પણ આ ૪૭ ધ્રુવબંધી હોવાથી નિયમા બંધાવાની જ છે. બાકીની અધ્રુવબંધી ૪૫ છે તેમાં અસાતા, અરતિ, શોક, નપુંસકવેદ, પંચેન્દ્રિયજાતિ, હુંડક સંસ્થાન, પરાઘાત, ઉચ્છ્વાસ, અશુભવિહાયોગતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુઃસ્વર, દુર્ભગ, અનાદેય, અયશ અને નીચગોત્ર એમ ૨૦ પ્રકૃતિમાં **અતિસંક્લિષ્ટ ચારે ગતિના મિથ્યાદષ્ટિ** જીવો સ્વામી કહેવા. કારણ કે મિથ્યાદષ્ટિ તિર્યંચ-મનુષ્યો ગમે તેટલા વધુ સંક્લિષ્ટ થાય તો પણ છેવટે સાતમી નરકપ્રાયોગ્ય બંધ કરે છે. ત્યારે આ ૨૦ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવા છતાં પણ નિયમા બંધાવાની જ છે. તેના ભવને યોગ્ય છે માટે. દેવ નારકી પણ અતિસંક્લિષ્ટ હોય ત્યારે તિર્યંચપ્રાયોગ્ય બંધ કરે ત્યારે ઉપરોક્ત પ્રકૃતિઓ બાંધે છે. તે સિવાયની (સાતા, હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુંવેદ, મનુષ્યદ્વિક, અન્તિમ વિના પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, શુભવિહાયોગતિ, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ અને ઉચ્ચગોત્ર એમ) ૨૫ પ્રકૃતિઓના **તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ** એવા ચારે ગતિના જીવો ઉત્કૃષ્ટસ્થિતિબંધના સર્જક જાણવા. કારણ કે જો અતિસંક્લિષ્ટ લઈએ તો તિર્યંચ-મનુષ્યો સાતમી નરકપ્રાયોગ્ય બંધ કરે અને દેવનારકી તિર્યંચપ્રાયોગ્ય બંધ કરે. ત્યાં અશુભ એવી અસાતા આદિ બંધાય છે. પરંતુ સાતા આદિ આ ૨૫ શુભ પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી **તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ** કહ્યા છે. આ રીતે ૪૭ ધ્રુવબંધીમાં અને ૨૦ અધ્રુવબંધીમાં **અતિસંક્લિષ્ટ** અને ૨૫ અધ્રુવબંધીમાં **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** એવા મિથ્યાદષ્ટિ ચારે ગતિના જીવો ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી જાણવા.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે ૪+૧૮+૬+૪૭+૨૦+૨૫ = ૧૨૦ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી કહ્યા.

**હવે જઘન્યસ્થિતિબંધના સ્વામી કહે છે.**

દેવ, મનુષ્ય અને તિર્યંચ આ ત્રણ આયુષ્યની, ઉત્કૃષ્ટસ્થિતિ શુભ હોવાથી વિશુદ્ધિથી બંધાય છે. તેથી તે ત્રણની જઘન્યસ્થિતિ અશુભ કહેવાય છે અને તે સંક્લિષ્ટતાથી બંધાય છે. દેવ જેવો ઉત્તમભવ મળે, પરંતુ દશ હજાર વર્ષનો જ મળે તો શું કામનું? મનુષ્ય જેવો ઉત્તમભવ મળે, પરંતુ અન્તર્મુહૂર્તના આયુષ્યવાળો જ મળે તો શું કામનું? તેથી આ ત્રણ આયુષ્યની જઘન્યસ્થિતિ અશુભ છે. અને સંક્લિષ્ટતાથી બંધાય છે. અને બાકીની ૧૧૭ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ શુભ છે અને તે વિશુદ્ધિથી બંધાય છે. આ ન્યાયને ધ્યાનમાં રાખીને સ્વામી સમજવા.

આહારકદ્વિકનો બંધ અપ્રમત્તે અને અપૂર્વકરણે છે. અને જિનનામનો બંધ અવિરતિથી અપૂર્વકરણ સુધી છે. અને આ બન્નેનો બંધ આઠમાના છઠ્ઠા ભાગ સુધી છે. તેમાં સર્વથી વિશુદ્ધ અપૂર્વકરણ છે. તેમાં પણ ઉપશમ કરતાં ક્ષપક વિશુદ્ધ છે. અને પહેલા પાંચ ભાગ કરતાં છઠ્ઠા ભાગમાં વર્તતા જીવો અને તેમાં પણ છઠ્ઠા ભાગના ચરમ સમયે વર્તતા જીવો વધારે વિશુદ્ધ છે. આ અપૂર્વકરણ ગુણસ્થાનક હોવાથી પ્રત્યેક સમયોમાં ષડ્ગુણહાનિ-વૃદ્ધિ વાળી વિશુદ્ધિ હોય છે. તેથી છઠ્ઠા ભાગના ચરમ સમયમાં પણ ત્રિકાળવર્તી સર્વે જીવોને આશ્રયી અસંખ્યાત અધ્યવસાય સ્થાનો અને ષડ્ગુણહાનિ-વૃદ્ધિયુક્ત વિશુદ્ધિ સંભવે છે. તેથી અનંતગુણ વિશુદ્ધિવાળા જે સર્વોપરિ જીવો છે. તે સ્વામી જાણવા. આ રીતે ક્ષપકશ્રેણીમાં અપૂર્વકરણના છઠ્ઠા ભાગના ચરમ સમયે સર્વોપરિ અનંતગુણવિશુદ્ધિવાળા જીવો આહારકદ્વિક અને જિનનામના જઘન્ય સ્થિતિબંધના સ્વામી જાણવા.

એ જ નીતિરીતિ પ્રમાણે અનિવૃત્તિબાદરે પોતપોતાના બંધવિચ્છેદના ચરમ સમયે વર્તતા ક્ષપક શ્રેણીવાળા જીવો પુરુષવેદ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્વલન ક્રોધ- માન-માયા અને લોભના જઘન્ય સ્થિતિબંધના સ્વામી જાણવા. તથા અપૂર્વકરણની જેમ ષડ્ગુણ હાનિ-વૃદ્ધિ ન હોવાથી તે તે ભાગના ચરમ સમયમાં વર્તતા જીવોને સમાનસ્થિતિ બંધાય છે. માટે એક સમયવર્તી જીવોમાં અધ્યવસાયની તરતમતા ન હોવાથી અનંતગુણ વિશુદ્ધિવાળા એ વિશેષણ અહીં ન લેવું. ॥ ૪૪ ॥

**सायजसुच्चावरणा, विग्धं सुहुमो विउव्विछअसन्नी ।**
**सन्नी वि आउ बायर, पज्जेगिंदि उ सेसाणं ॥४५॥**

(सातयशउच्चैरावरणविघ्नानि सूक्ष्मो वैक्रियषट्कमसंज्ञी ।
संज्ञ्यप्यायुर्बादरपर्याप्तैकेन्द्रियस्तु शेषाणाम् ॥४५॥)

**શબ્દાર્થ** - **सायजसुच्चावरणाविग्घं** = સાતા, યશ, ઉચ્ચગોત્ર, આવરણ અને અંતરાય, **सुहुमो** = સૂક્ષ્મસંપરાય, **विउव्वि छ** = વૈક્રિયષટ્ક, **असन्नी** = અસંજ્ઞી પંચેન્દ્રિય, **सन्नीवि** = સંજ્ઞી પણ, **आउ** = ચારે આયુષ્ય, **बायरपज्जेगिंदि** = બાદર પર્યાપ્તા એકેન્દ્રિય, **उ** = વળી, **सेसाणं** = બાકીની પ્રકૃતિઓના ॥ ૪૫ ॥

**ગાથાર્થ** = સાતા, યશ, ઉચ્ચગોત્ર, (૯) આવરણ, પાંચ અંતરાય એમ ૧૭ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધનો સ્વામી સૂક્ષ્મસંપરાય, વૈક્રિયષટ્કનો અસંજ્ઞી પંચેન્દ્રિય, ચારે આયુષ્યકર્મોનો સંજ્ઞી પણ, અને બાકીની સર્વ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધનો સ્વામી બાદર પર્યાપ્ત એકેન્દ્રિય જીવ જાણવો. ॥ ૪૫ ॥

**વિવેચન** = સાતા વેદનીય, યશનામકર્મ, ઉચ્ચગોત્ર, પાંચ જ્ઞાનાવરણીય, ચાર દર્શનાવરણીય અને પાંચ અંતરાય આ ૧૭ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધ અનુક્રમે બાર મુહૂર્ત, આઠ મુહૂર્ત અને અંતર્મુહૂર્ત પ્રમાણ થાય છે. તે બંધનો સ્વામી ક્ષપક શ્રેણિસ્થ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયમાં વર્તતો જીવ જાણવો. કારણ કે આ સત્તર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિઓ ૧ થી ૧૦ ગુણઠાણાઓમાં જ બંધાય છે. અને તે સર્વમાં ક્ષપક એવા દશમા ગુણઠાણાના ચરમસમયે વર્તતા જીવો જ સર્વથી વિશુદ્ધ છે. અતિશય વિશુદ્ધિકાળે જ આ ૧૭ની જઘન્ય સ્થિતિ બંધાય છે. દશમા ગુણસ્થાનકથી ઉપર આ ૧૭ નો બંધ જ નથી. તેથી આ જ જીવો તેના જઘન્ય સ્થિતિબંધના સ્વામી કહેવાય છે. જો કે ૧૧-૧૨-૧૩ મા ગુણઠાણે સાતાવેદનીય કર્મનો યોગપ્રત્યયિક ઈર્યાપથિક બંધ છે. તો પણ અહીં સામ્પરાયિકબંધની જ વિવક્ષા કરેલી છે. ગાથા ૨૭ માં मुत्तुं अकसायठिइं કહેલું જ છે. તેથી ક્ષપક સૂક્ષ્મસંપરાય ચરમસમયવર્તી જીવ આ ૧૭ના જઘન્યસ્થિતિબંધનો સ્વામી છે.

વૈક્રિય ષટ્ક (દેવદ્વિક, નરકદ્વિક અને વૈક્રિયદ્વિક) ના જઘન્ય સ્થિતિબંધનો સ્વામી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ જીવ જાણવો. કારણ કે ૪૮ મી ગાથામાં કહ્યા પ્રમાણે ચારે ગતિમાંના કોઈ પણ સંજ્ઞી પંચેન્દ્રિય જીવો આયુષ્યકર્મ વિના બાકીનાં સર્વે કર્મોની સ્થિતિ જઘન્યથી પણ અંતઃકોડાકોડી સાગરોપમ તો બાંધે જ છે. તેથી ઓછી બાંધતા નથી. જ્યારે અસંજ્ઞી પંચેન્દ્રિય જીવ એકેન્દ્રિયના બંધથી ૧૦૦૦ ગણો બંધ કરે છે. તે સંજ્ઞીના બંધ કરતાં ઘણો ઓછો હોય છે. તેથી અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત સ્વામી જાણવા.

**પ્રશ્ન-** અસંજ્ઞી પંચેન્દ્રિય કરતાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવો ઘણી ઓછી સ્થિતિ બાંધે છે. કારણ કે એકેન્દ્રિય જીવો તો ૭૦ કોડાકોડી વડે ભાગતાં જે આવે તે (ગુણાકાર વિનાની) સ્થિતિ જ બાંધે છે અને વિકલેન્દ્રિય ૨૫-૫૦-૧૦૦ ગુણી સ્થિતિ બાંધે છે. જ્યારે અસંજ્ઞી પંચેન્દ્રિય તો ૧૦૦૦ ગણી સ્થિતિ બાંધે છે. આ ગણિત જોતાં આ અસંજ્ઞી પંચેન્દ્રિય કરતાં પણ એકેન્દ્રિયાદિમાં જઘન્યસ્થિતિબંધ લભ્ય છે. તેને સ્વામી કેમ કહેતા નથી?

**ઉત્તર** - એકેન્દ્રિય, વિકલેન્દ્રિયના જીવો મૃત્યુ પામીને પૃથ્વીકાયાદિ ૧૦ દંડકમાં જ જાય છે. અન્ય સ્થાનોમાં (દેવ-નારકીમાં)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતા નથી. તેથી આ છ પ્રકૃતિઓનો બંધ તેઓ કરતા નથી. તે કારણથી તેઓ સ્વામી બનતા નથી.

**પ્રશ્ન** - અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા તિર્યંચ જ કેમ કહો છો? મનુષ્યો કેમ લેતા નથી? મનુષ્યો પણ અસંજ્ઞી પંચેન્દ્રિય હોય છે. તથા દેવ-નારકીને કેમ સ્વામી કહેતા નથી ?

**ઉત્તર** - મનુષ્યો અસંજ્ઞી (સંમૂર્છિમ) હોય છે ખરા, પરંતુ તે અપર્યાપ્ત જ હોય છે. તેથી દેવ-નારકપ્રાયોગ્ય બંધ કરતા નથી. દશ દંડકમાં જ જાય છે. તેથી અહીં સ્વામી તરીકે કહ્યા નથી. તથા દેવ-નરકના જીવો દેવ-નરક પ્રાયોગ્ય બંધ કરતા નથી. અને આ છ પ્રકૃતિઓ દેવ-નારક પ્રાયોગ્ય જ છે. અને દેવ-નારક અસંજ્ઞી હોતા નથી. ઈત્યાદિ કારણોથી શેષગતિને છોડીને અસંજ્ઞી પં. તિર્યંચ જ સ્વામી કહ્યા છે. તે પં. તિર્યંચ પણ જો સંજ્ઞી હોય તો અંતઃકોડાકોડીનો બંધ કરે છે. અને અપર્યાપ્તો હોય તો આ છ પ્રકૃતિઓ બાંધે જ નહીં તેથી **અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચ જીવો સ્વામી જાણવા.**

ચારે આયુષ્યકર્મનો જઘન્યસ્થિતિબંધ **સંજ્ઞી પણ કરે છે** તેનો અર્થ એ થયો કે સંજ્ઞી પંચેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય એમ બન્ને જાતના જીવો આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ કરે છે. અહીં દેવ અને નરકના આયુષ્યનો (૧૦ હજાર વર્ષ પ્રમાણ) જઘન્યસ્થિતિબંધ સંજ્ઞી-અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યા.તિર્યંચ અને સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય જ કરે છે. શેષ એકેન્દ્રિયાદિ જીવો દેવ-નરકનું આયુષ્ય બાંધતા નથી. અને મનુષ્ય-તિર્યંચના આયુષ્યનો (ક્ષુલ્લકભવ પ્રમાણ) જઘન્ય સ્થિતિબંધ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો કરે છે. એમ જાણવું પરંતુ દેવ-નારકી અને યુગલિક તિર્યંચ-મનુષ્યો સ્વામી ન સમજવા. કારણ કે તેઓ જઘન્યથી પણ અંતર્મુહૂર્ત પ્રમાણ આયુષ્ય બાંધે છે. પરંતુ ક્ષુલ્લકભવ જેવું જઘન્ય આયુષ્ય બાંધતા નથી અને યુગલિકો તો દેવ-નારકમાં જ જન્મે છે. માટે તિર્યંચ મનુષ્યનું આયુષ્ય બાંધતા જ નથી. આ પ્રમાણે ગાથા ૪૪માં ૮ પ્રકૃતિના, અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથા ૪૫ માં ૧૭+૬+૪=૨૭ પ્રકૃતિના એમ કુલ ૩૫ ના જઘન્યસ્થિતિબંધના સ્વામી કહ્યા. હવે બાકીની ૮૫ના સ્વામી કહે છે.

શેષ ૮૫ પ્રકૃતિના જઘન્યસ્થિતિબંધના સ્વામી બાદર પર્યાપ્ત એકેન્દ્રિય જીવો જાણવા. કારણ કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવો જઘન્યથી પણ અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધે છે. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી જીવો એકેન્દ્રિય કરતાં ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ ગુણી સ્થિતિ બાંધે છે. તેથી જઘન્યસ્થિતિબંધ એકેન્દ્રિયમાં જ મળી શકે છે. તથા જઘન્યસ્થિતિ અતિશય વિશુદ્ધિથી બંધાય છે. બાદર કરતાં સૂક્ષ્મમાં અને પર્યાપ્ત કરતાં અપર્યાપ્તમાં ચૈતન્યનો વિકાસ મંદ હોવાથી વધારે વિશુદ્ધિ કે વધારે સંક્લિષ્ટતા અસંભવિત છે. તેથી બાદર પર્યાપ્ત એકેન્દ્રિય જીવોને જઘન્યસ્થિતિબંધના સ્વામી કહ્યા છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ અને જઘન્ય સ્થિતિબંધ, તથા તેના સ્વામી, અને જઘન્ય, ઉત્કૃષ્ટ અબાધાકાળ વગેરે દ્વારો પૂર્ણ થયાં. ઉત્કૃષ્ટસ્થિતિબંધના સ્વામી અને જઘન્ય સ્થિતિબંધના સ્વામીનું સામાન્ય ચિત્ર આ પ્રમાણે છે. ॥ ૪૫ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી

| | | |
|---|---|---|
| ૧ | જિનનામકર્મ | મિથ્યાત્વ અને નરકને અભિમુખ થયેલો બદ્ધ જિનનામકર્મ વાળો ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જીવ. મિથ્યાત્વ પ્રાપ્તિના પૂર્વ સમયે ગાથા-૪૨ |
| ૨ | આહારકદ્વિક | પ્રમત્તાભિમુખ એવા અપ્રમત્તમુનિ. ગાથા-૪૨ |
| ૧ | દેવાયુષ્ય | અપ્રમત્તાભિમુખ પ્રમત્તમુનિ (૩૩ સાગરોપમના આયુષ્યને બાંધનાર પૂર્વ ક્રોડ વર્ષાયુ, તૃતીય ભાગના પ્રથમ સમયવર્તી મુનિ. ગાથા-૪૨ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૧૫ | વિકલ ૩, સૂક્ષ્માદિ ૩, દેવવિના આયુષ્ય ૩, દેવદ્વિક ૨, નરકદ્વિક ૨ અને વૈક્રિયદ્વિક ૨ કુલ-૧૫ | ક્યાંક અતિસંક્લિષ્ટ, ક્યાંક તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ, અને ક્યાંક તત્પ્રાયોગ્ય વિશુદ્ધ એવા મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અને મનુષ્યો ગાથા-૪૩ |
| ૩ | એકેન્દ્રિય, સ્થાવર, આતપ | અતિસંકિલષ્ટ ઈશાન સુધીના ચારે નિકાયના દેવો. ગાથા-૪૩ |
| ૪ | તિર્યંચ દ્વિક, ઔદારિકશરીર અને ઉદ્યોત નામકર્મ. | અ.સં. મિથ્યાદૃષ્ટિ નારકી અને ભવનપતિથી માંડીને સહસ્રાર સુધીના મિથ્યાદૃષ્ટિ દેવો ગાથા-૪૪ |
| ૨ | ઔદારિક અંગોપાંગ અને સેવાર્ત સંઘ. | અતિ સંકિલષ્ટ મિથ્યાદૃષ્ટિ નારકી અને સનત્કુમારથી સહસ્રાર સુધીના મિથ્યાદૃષ્ટિ દેવો. ગાથા-૪૪ |
| ૯૨ | બાકીની સર્વ પ્રકૃતિઓ. | ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો. પરંતુ ૪૭ ધ્રુવબંધી અને ૨૦ અધ્રુવબંધીમાં અતિસંક્લિષ્ટ અને ૨૫ અધ્રુવબંધીમાં તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ ગાથા-૪૪ |
| ૧૨૦ | | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જઘન્ય સ્થિતિબંધના સ્વામી

| | | |
|---|---|---|
| ૩ | આહારકદ્વિક, જિનનામ | ક્ષપક આઠમાના છઠ્ઠાભાગના ચરમ સમયે સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિવાળા જીવો ગાથા૪૪ |
| ૪ | સંજ્વલન ચતુષ્ક | ક્ષપક નવમાના સ્વબંધવ્યવચ્છેદ સમયે વર્તતા જીવો ગાથા-૪૪ |
| ૧ | પુરુષવેદ. | ક્ષપક નવમાના પ્રથમભાગના ચરમસમયે વર્તતા જીવો ગાથા-૪૪ |
| ૧૭ | સાતા.યશ. ઉચ્ચગોત્ર. જ્ઞાના. ૫, દર્શના. ૪ અંતરાય ૫. કુલ-૧૭ | ક્ષપકશ્રેણીમાં સૂક્ષ્મસંપરાયના ચરમ સમયે વર્તતા જીવો. ગાથા-૪૫ |
| ૬ | વૈક્રિય ષટ્ક. | અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત તિર્યંચો. ગાથા૪૫ |
| ૨ | દેવાયુષ્ય-નરકાયુષ્ય | જે સ્વભવના દ્વિચરમ અંતર્મુહૂર્ત ૧૦ હજાર વર્ષનું આયુષ્ય બાંધે તેવા સંખ્યાત વર્ષાયુવાળા મનુષ્ય અને પં. તિર્યંચના જીવો. ગાથા-૪૫ |
| ૨ | તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય | એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, પં તિર્યંચ અને મનુષ્ય૩૬૦ગલિક વિના) દ્વિચરમ અન્તર્મુહૂર્તમાં પરભવનું અંતર્મુહૂર્ત આયુષ્ય બાંધનારા (મનુષ્યાયુષ્યમાં તેઉ-વાઉ વિના) ગાથા-૪૫ |
| ૮૫ | બાકીની પ્રકૃતિઓ. | બાદર પર્યાપ્ત સર્વવિશુદ્ધ એકેન્દ્રિય જીવો ગાથા-૪૫ |

૧૨૦

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિબંધના નિરૂપણ પ્રસંગે જઘન્ય-અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિબંધને આશ્રયી કાળસંબંધી સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવથી થતા ભાંગાઓ સમજાવે છે.

**उक्कोसजहन्नेयर-भंगा साई अणाइ धुव अधुवा ।**
**चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥ ४६ ॥**

(उत्कृष्टजघन्येतरभङ्गास्साद्यनादिध्रुवाध्रुवाः ।
चतुर्धा सप्तानामजघन्यश्शेषत्रिक आयुष्यश्चतुर्षु द्विधा ॥ ४६ ॥)

**શબ્દાર્થ :-** **उक्कोसजहन्नेयरभंगा** = ઉત્કૃષ્ટ-જઘન્ય અને તેના બન્નેથી ઈતર એમ કુલ ૪ ભાંગા, **साईअणाइधुवअधुवा** = સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ, **चउहा** = ચાર પ્રકારે, **सग** = સાત કર્મોનો, **अजहन्नो** = અજઘન્ય સ્થિતિબંધ, **सेसतिगे** = બાકીના ત્રણમાં અને, **आउचउसु** = આયુષ્યના ચારે ભાંગામાં, **दुहा** = બે પ્રકારે ॥૪૬॥

**ગાથાર્થ** = ઉત્કૃષ્ટ, જઘન્ય તથા તેના પ્રતિપક્ષી બે (અનુત્કૃષ્ટ અને અજઘન્ય) એમ સ્થિતિબંધના ૪ પ્રકાર છે. તેના કાળ આશ્રયી સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ૪ ભાંગા છે. (આયુષ્ય વિના) સાત કર્મોનો અજઘન્ય બંધ ચાર ભાંગે છે. અને આ સાત કર્મોના શેષ ત્રણ પ્રકાર અને આયુષ્યકર્મના ચારે પ્રકારો બે ભાંગે છે. ॥ ૪૬ ॥

**વિવેચન** = પૂર્વે જણાવેલી સ્થિતિના સામાન્યથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકાર પડી શકે છે. જેમ કે જ્ઞાનાવરણીયકર્મની અંતર્મુહૂર્ત સ્થિતિ તે જઘન્ય, સમય, બે સમય આદિ અધિક કરતાં ઉત્કૃષ્ટ ન આવે ત્યાં સુધી મધ્યમ, અને ૩૦ કોડાકોડી સાગરોપમ તે ઉત્કૃષ્ટ.

અહીં ગ્રંથકારશ્રી સ્થિતિના આવા ત્રણ ભેદો ન કહેતાં "સીમા (મર્યાદા) ને આશ્રયી ૨+૨ કુલ ૪ પ્રકારો સમજાવે છે. જ્ઞાનાવરણીય કર્મની અંતર્મુહૂર્તની જે સ્થિતિ છે તે **જઘન્ય ૧**, આ જઘન્ય કરતાં ૧ સમય વધારે હોય, ૨ સમય વધારે હોય કે ૩ સમય વધારે હોય એમ યાવત્

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીની તમામ સ્થિતિ તથા ઉત્કૃષ્ટ સ્થિતિ પણ (જઘન્ય નથી માટે) **અજઘન્ય** કહેવાય છે. જેમ અમદાવાદ શહેરની અપેક્ષાએ નડીયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, દહાણું અને પાલઘર તો દક્ષિણમાં છે જ, પરંતુ મુંબઇ પણ દક્ષિણમાં જ કહેવાય છે. અને મુંબઇ શહેરની અપેક્ષાએ સર્વે નગરો તો ઉત્તરમાં કહેવાય છે. પરંતુ અમદાવાદ પણ ઉત્તરમાં કહેવાય, એમ **ઉત્તર-દક્ષિણમાં** સર્વે નગરોનો જેમ સમાવેશ થાય છે. તેમ અહીં જઘન્ય અને અજઘન્યમાં સર્વે સ્થિતિસ્થાનોનો (ઉત્કૃષ્ટસ્થિતિનો પણ અજઘન્યમાં) સમાવેશ થાય છે.

એવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મની ૩૦ કોડાકોડી સાગરોપમની જે સ્થિતિ છે તે **ઉત્કૃષ્ટ** ૧, તેની સીમા (મર્યાદા) = લક્ષ્ય રાખીને જોઇએ તો સમયન્યૂન, બેસમયન્યૂન, ત્રણ સમયન્યૂન, ઇત્યાદિ કરતાં સર્વે સ્થિતિસ્થાનો અને અન્તિમ કોટિનું અંતર્મુહૂર્તવાળું જઘન્યસ્થિતિસ્થાન પણ (ઉત્કૃષ્ટ નથી માટે) **અનુત્કૃષ્ટ** કહેવાય છે ૨. જેમ મુંબઇ શહેર દક્ષિણમાં છે તેની અપેક્ષાએ પાલઘર, દહાણું, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ અને નડિયાદ તો ઉત્તરમાં છે જ. પરંતુ અમદાવાદ પણ ઉત્તરમાં છે. એમ **દક્ષિણ-ઉત્તરમાં** સર્વે નગરોનો જેમ સમાવેશ થાય છે તેમ અહીં ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટમાં પણ સર્વે સ્થિતિસ્થાનોનો (જઘન્યસ્થિતિનો પણ અનુત્કૃષ્ટમાં) સમાવેશ થાય છે.

જઘન્યસ્થિતિની સીમા કરીને જોઇએ તો અંતર્મુહૂર્તની સ્થિતિ તે જઘન્ય અને શેષ સઘળી સ્થિતિ (ઉત્કૃષ્ટસહિત) અજઘન્ય કહેવાય છે. અને ઉત્કૃષ્ટ સ્થિતિની સીમા કરીને જોઇએ તો ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ તે ઉત્કૃષ્ટ અને શેષ સઘળી સ્થિતિ (જઘન્યસહિત) અનુત્કૃષ્ટ કહેવાય છે. આ પ્રમાણે ૨+૨=સ્થિતિના કુલ ચાર ભેદો અહીં સમજાવવામાં આવશે. આઠે મૂલ કર્મોમાં અને ૧૨૦ ઉત્તરકર્મોમાં ઉપર પ્રમાણે સ્થિતિના ૪ પ્રકારો જાણવા. આવા ચાર પ્રકારો કરવાનું કારણ એ છે કે કાળને આશ્રયી હવે કહેવાતા સાદિ, અનાદિ વગેરે ભેદો સારી રીતે સમજી શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કાળ આશ્રયી સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ

(૧) જે મૂલ અથવા ઉત્તર પ્રકૃતિઓનો સ્થિતિબંધ એકવાર વિરામ પામ્યા પછી (તેનો સર્વથા અબંધક થઈને) પુનઃ બંધ ચાલુ કરે ત્યારે પુનર્બંધના પ્રથમ સમયે તે બંધની **સાદિ** કહેવાય છે. અથવા મૂળ અને ઉત્તર પ્રકૃતિમાંથી વિવક્ષિત કોઈપણ પ્રકૃતિનો સર્વથા બંધ વિરામ થયો ન હોય, સ્થિતિબંધ ચાલુ જ હોય, પરંતુ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ચાલુ હોય તે બાંધતાં બાંધતાં અનુત્કૃષ્ટ બાંધવા માંડે તો અનુત્કૃષ્ટ બંધની **સાદિ**, અને અનુત્કૃષ્ટ બાંધતો હોય તેમાંથી પરિણામ ફેરફાર થવાથી ઉત્કૃષ્ટ બાંધવા માંડે તો **ઉત્કૃષ્ટની સાદિ**, એવી જ રીતે જઘન્ય બાંધતાં બાંધતાં અજઘન્ય બાંધવા માંડે તો **અજઘન્યની સાદિ**, અને અજઘન્ય બાંધતાં બાંધતાં જઘન્ય બાંધવા માંડે તો **જઘન્યની સાદિ** એમ ચારે ભાંગામાં **સાદિત્વ** સંભવી શકે છે. અને આ ચારે બંધોમાં જે પૂર્વે બંધાતો બંધ વિરામ પામ્યો તે અધ્રુવ (અનિત્ય) જાણવો.

(૨) જે સ્થિતિબંધ પૂર્વે ભૂતકાળમાં કદાપિ વિરામ પામ્યો નથી. અનાદિકાળથી ચાલે જ છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો જઘન્ય સ્થિતિબંધ ક્ષપકને દસમે (દસમાના ચરણ સમયે) બંધાય છે. પરંતુ દસમું ગુણસ્થાનક (દસમાના ચરમ સમયને) ન પામેલાને જઘન્ય વિનાનો અજઘન્ય સ્થિતિબંધ જ ચાલુ છે. કારણ કે જ્ઞાનાવરણીય કર્મ ધ્રુવબંધી હોવાથી તેના બંધની આદિ નથી માટે **તે અનાદિ**. આ બંધનો ભાવિમાં ભવ્યને અંત આવે અને અભવ્યને અંત નહી આવે.

(૩) જે સ્થિતિબંધ ભાવિમાં કોઈ દિવસ વિરામ પામવાનો નથી. તે **ધ્રુવ**. જેમ કે જ્ઞાનાવરણીય કર્મનો **અજઘન્યસ્થિતિબંધ** અભવ્ય જીવોને અનાદિથી છે અને અનંતકાળ ચાલશે જ. તેને **ધ્રુવ**- કહેવાય છે. આ ભાંગો અભવ્યજીવોને આશ્રયી સંભવે છે.

(૪) જે સ્થિતિબંધ ક્યારેક હોય અને ક્યારેક ન હોય, ભાવિમાં અવશ્ય વિચ્છેદ પામશે જ તે **અધ્રુવ**. જેમ કે તે જ જ્ઞાનાવરણીયકર્મનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભવ્યોને આશ્રયી **અજઘન્યસ્થિતિબંધ.** ભવ્ય જીવોને આ અજઘન્ય સ્થિતિબંધ અનાદિથી છે પરંતુ શ્રેણી માંડશે ત્યારે તેનો તે ભવ્ય જીવોને અંત આવશે. તેથી **અધ્રુવ.** આ ભાંગો ભવ્યને આશ્રયી ઘટે છે.

## ૭ મૂલકર્મોનો અજઘન્ય સ્થિતિબંધ ૪ પ્રકારે

(૧) જ્ઞાનાવરણીય આદિ છ કર્મોનો જઘન્ય સ્થિતિબંધ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના ચરમ સમયે ક્ષપકશ્રેણીમાં અંતર્મુહૂર્ત, આઠ મુહૂર્ત અને બાર મુહૂર્તનો થાય છે. અને મોહનીય કર્મનો આવા જીવને નવમાના ચરમ સમયે અંતર્મુહૂર્તનો બંધ થાય છે. આ જઘન્યસ્થિતિબંધ છે. તેનાથી જે કોઈ અધિક બંધ હોય તે સર્વ **અજઘન્ય** બંધ કહેવાય છે. ક્ષપકશ્રેણી કરતાં ઉપશમશ્રેણીમાં ચઢતાં ન્યૂન વિશુદ્ધિ હોવાથી ડબલ (દ્વિગુણ) સ્થિતિબંધ કરે છે. અને ઉપશમશ્રેણીથી પડતાં તેના કરતાં પણ મંદ વિશુદ્ધિ હોવાથી ક્ષપક કરતાં ચાર ગુણો, અને ઉપશમક કરતાં દ્વિગુણ સ્થિતિબંધ કરે છે. તેથી અગિયારમે ગુણસ્થાનકે ગયેલો જીવ આ સાત મૂલકર્મોનો સર્વથા અબંધક થઈ જ્યારે પડે ત્યારે દસમે ગુણઠાણે આવીને ક્ષપક કરતાં ચારગુણો (જ્ઞાનાવરણાદિનો ચાર અંતર્મુહૂર્ત, નામગોત્રનો ૩૨ મુહૂર્ત, અને વેદનીયનો ૪૮ મુહૂર્તનો) સ્થિતિબંધ નવો જ શરૂ કરે છે અને નવમે આવે ત્યારે (સં. લોભને આશ્રયી) મોહનીયનો મોટા અન્તર્મુહૂર્ત પ્રમાણ નવો સ્થિતિબંધ કરે છે. આ સર્વે સ્થિતિબંધો ક્ષપકના જઘન્ય સ્થિતિબંધ કરતાં ચાર ગુણા હોવાથી અજઘન્ય કહેવાય છે અને અગિયારમે સર્વથા અબંધક થઈને પડીને પુનઃ આ બંધ ચાલુ કરે છે માટે અજઘન્યબંધની સાદિ કહેવાય છે. આ પ્રમાણે અગિયારમાથી પડતાને આશ્રયી દસમે ૬ કર્મોના અને નવમે મોહનીયકર્મના **અજઘન્યસ્થિતિબંધની સાદિ** થાય છે.

(૨) જે જીવો હજુ સુધી ક્યારેય પણ (ભૂતકાળમાં) ઉપશમશ્રેણી અથવા ક્ષપકશ્રેણી પામ્યા જ નથી, તેના કારણે આ સાત કર્મોની

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અબંધકાવસ્થા કે જઘન્ય સ્થિતિબંધવાળી અવસ્થા આવી જ નથી. અને સાત કર્મો પ્રતિસમયે અવશ્ય બંધાય જ છે. આ કારણથી અનાદિકાળથી જે કોઈ સતત બંધ થાય છે તે અજઘન્યબંધ જ કહેવાય છે આવા જીવોને આશ્રયી **અજઘન્યબંધ અનાદિ છે.**

(૩) અભવ્ય જીવો અનાદિકાળથી આ અજઘન્ય બંધ જ કરે છે. અને ભાવિમાં પણ ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણી પામવાના જ નથી. તેથી આ બંધ કદાપિ અટકવાનો પણ નથી અને જઘન્ય પણ થવાનો નથી. પ્રથમ ગુણસ્થાનક હોવાથી અંતઃકોડાકોડી સાગરોપમથી પોતપોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ જેટલો બંધ કરે છે. આ બંધ આદિ અને અંત વિનાનો હોવાથી સદાકાળ ચાલવાનો જ છે. તેથી અભવ્યને આશ્રયી **અજઘન્ય ધ્રુવ** કહેવાય છે.

(૪) ભવ્ય જીવો અનાદિકાળથી આ અજઘન્ય બંધ કરે છે. પરંતુ ભવ્ય હોવાથી ભાવિમાં ઉપશમ શ્રેણી કે ક્ષપકશ્રેણી પ્રારંભવાનો સંભવ છે. જ્યારે આ જીવ શ્રેણીમાં ચઢશે ત્યારે અબંધકાવસ્થા કે જઘન્યસ્થિતિબંધાવસ્થા પામશે જ. તેથી અનાદિકાળથી બંધાતા આ અજઘન્યસ્થિતિબંધનો ત્યાં અવશ્ય અંત આવે છે. તેથી તેવા ભવ્ય જીવોને આશ્રયી આ **અજઘન્ય અધ્રુવ** કહેવાય છે.

આ પ્રમાણે આયુષ્ય વિના મૂલ સાતકર્મોનો **અજઘન્યસ્થિતિબંધ** સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે સમજાવ્યો. હવે આ જ સાતકર્મોના બાકીના જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ સ્થિતિબંધ સાદિ અને અધ્રુવ એમ બે જ પ્રકારે હોય છે. તે સમજાવે છે. મૂલ સાત કર્મોનો જઘન્ય સ્થિતિબંધ ક્ષપકશ્રેણીમાં મોહનીયનો નવમે અને શેષનો દસમે પોતપોતાના બંધવ્યવચ્છેદના ચરમસમયે જ પ્રાપ્ત થાય છે. આવા પ્રકારનો અંતર્મુહૂર્ત, આઠ મુહૂર્ત, બાર મુહૂર્ત, આદિ પ્રમાણવાળો જઘન્યસ્થિતિબંધ અનાદિ એવા આ સંસારમાં તે જીવે ભૂતકાળમાં

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્યારે પણ કર્યો નથી અને ક્ષપકશ્રેણીમાં બંધવ્યવચ્છેદ સમયે જ કરે છે, ત્યારે જઘન્યની **સાદિ** થાય છે અને બંધવ્યવચ્છેદ કરીને દસમે તથા બારમે ગુણસ્થાનકે તે જીવ જેવો જાય છે તેવો આ જઘન્ય સ્થિતિબંધનો અંત આવી જાય છે માટે **અધ્રુવ** છે. આ રીતે સાત મૂલકર્મોના જઘન્યસ્થિતિબંધની સ્વબંધવ્યવચ્છેદ સમયે સાદિ, અને તેના પછીના સમયે અધ્રુવ એમ જઘન્યસ્થિતિબંધના બે ભાંગા જ ઘટે છે.

હવે આ ૭ મૂલકર્મોના ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધ સાદિ, અધ્રુવ છે. તે સમજાવે છે. સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવ સર્વોત્કૃષ્ટસંક્લિષ્ટ જ્યારે બને છે, ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકે આ સાત કર્મોની ૩૦-૨૦-૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે. આવા પ્રકારનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અંતર્મુહૂર્ત માત્ર ચાલે છે. જ્યારે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ શરૂ કર્યો ત્યારે તેની (ઉત્કૃષ્ટસ્થિતિબંધની) **સાદિ** થઈ કહેવાય. અન્તર્મુહૂર્તે તે બંધ અટકે ત્યારે **અધ્રુવ** કહેવાય. અને ઉત્કૃષ્ટસ્થિતિબંધથી અટકીને પણ કંઈ બંધવિચ્છેદ થઈ જતો નથી, પરંતુ અધ્યવસાયને અનુસારે ઉત્કૃષ્ટમાંથી અનુત્કૃષ્ટબંધ શરૂ કરે છે, ત્યારે અનુત્કૃષ્ટબંધની સાદિ થાય છે. શરૂ થયેલો અનુત્કૃષ્ટબંધ ઓછામાં ઓછો અંતર્મુહૂર્ત પણ ચાલે અને વધુમાં વધુ ઘણી ઉત્સર્પિણી અને અવસર્પિણી પણ ચાલે છે. કારણ કે જ્યાં સુધી ફરીથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધને યોગ્ય સર્વોત્કૃષ્ટસંક્લિષ્ટતા-વાળું સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તપણું ન આવે, ત્યાં સુધી અનુત્કૃષ્ટ જ સ્થિતિ બંધાવાની છે. તેથી અનુત્કૃષ્ટબંધ જ્યારે વિરામ પામે અને ઉત્કૃષ્ટબંધ ચાલુ કરે ત્યારે તે અનુત્કૃષ્ટબંધની **અધ્રુવતા** થાય છે. આ પ્રમાણે ૭ કર્મના ભાંગા સમજાવ્યા.

**પ્રશ્ન :** જેમ નવમું-દસમું ગુણસ્થાનક પામેલા જીવોને અજઘન્યબંધ સાદિ, ન પામેલા જીવોને **અજઘન્યબંધ** અનાદિ, અભવ્યને ધ્રુવ, અને ભવ્યને અધ્રુવ ઈત્યાદિ પ્રમાણે અજઘન્યબંધ ચાર પ્રકારે કહ્યો છે. તેમ આ અનુત્કૃષ્ટબંધ પણ અનાદિકાળથી જે જીવો નિગોદમાં જ છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંજ્ઞીપંચેન્દ્રિયપણું પામ્યા નથી તેવા જીવોને આશ્રયી **અનાદિ** અને જે જીવો કદાપિ નિગોદમાંથી નીકળવાના જ નથી તેવા જીવોને આશ્રયી અનુત્કૃષ્ટબંધ **ધ્રુવ** એમ વિચારીએ તો શું ચાર ભાંગા ન ઘટે ?

**ઉત્તર :-** આ પ્રશ્ન બરાબર છે. પરંતુ આ સર્વે ભાંગા વ્યવહાર રાશિવાળા જીવોને આશ્રયી છે. જે જીવો એકવાર અવ્યવહાર રાશિમાંથી નીકળી વ્યવહારરાશિમાં આવ્યા હોય તેવા જીવોની અપેક્ષાએ આ ભાંગા સમજાવાય છે. અને વ્યવહારરાશિમાં આવેલા જીવો ત્રસત્વ-પંચેન્દ્રિયત્વ-પર્યાપ્તત્વ આદિ અવસ્થા પ્રાયઃ પામી ચૂક્યા હોય છે. તેથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરવાનો સંયોગ પણ આવી ચૂક્યો હોય છે. આ કારણે અનુત્કૃષ્ટસ્થિતિબંધ ચાર પ્રકારે કહ્યો નથી.

આયુષ્યકર્મ ભવમાં એક જ વાર બંધાય છે. અને તે પણ સતત અન્તર્મુહૂર્ત માત્ર જ બંધાય છે. ત્યારબાદ અવશ્ય વિરામ પામે જ છે. હવે પૂર્વક્રોડ વર્ષાયુષ્યમાન જીવ પોતાના ભવના ત્રીજા ભાગના પ્રથમ સમયે પરભવનું ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધવા માંડે, તે પ્રથમ સમયે ઉત્કૃષ્ટની સાદિ, બીજા સમયે અબાધાકાળ ૧ સમય ઓછો થવાથી બંધાતું આયુષ્ય અનુત્કૃષ્ટ કહેવાય, તેથી બીજા સમયે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની **સાદિ,** અંતર્મુહૂર્ત પૂર્ણ થાય ત્યારે તે અનુત્કૃષ્ટ બંધ પણ વિરામ પામે માટે **અધ્રુવ.** એમ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટના સાદિ-અધ્રુવ બે જ ભાંગા થાય છે. એવી જ રીતે મૃત્યુના દ્વિચરમ અન્તર્મુહૂર્તકાળે (અબાધા સહિત બે અંતર્મુહૂર્ત આયુષ્ય બાકી હોય ત્યારે) પરભવનું જઘન્ય ક્ષુલ્લકભવનું આયુષ્ય બાંધવા માંડે, બાંધતાં બાંધતાં સ્થિતિબંધના કાળવાળું પ્રથમ અંતર્મુહૂર્ત પસાર થાય, તે અંતર્મુહૂર્તના ચરમ સમયે જે આયુષ્યબંધ થાય (અબાધાકાળના અંતર્મુહૂર્ત સહિત એક ક્ષુલ્લકભવ પ્રમાણ) તે જઘન્ય આયુષ્યબંધ. તે બધ્યમાન જઘન્યસ્થિતિબંધના પ્રથમ અંતર્મુહૂર્તના ચરમ સમયે સાદિ, પછીના તુરતના જ સમયે તે બંધ વિરામ પામે માટે જઘન્ય અધ્રુવ. જ્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવું જઘન્ય આયુષ્ય બાંધવા લીધું. તે સ્થિતિબંધના પ્રથમ સમયે (અબંધકાવસ્થામાંથી) બંધમાં આવ્યો માટે અજઘન્યબંધની સાદિ. અને તે સ્થિતિબંધનો ચરમસમય આવે ત્યારે જઘન્યબંધ આવતો હોવાથી અજઘન્યબંધ અધ્રુવ એમ જઘન્ય-અજઘન્યબંધ સાદિ-અધ્રુવ જાણવા.

આ પ્રમાણે મૂલ ૭ કર્મોના અજઘન્યના ૪, જઘન્યના ૨, ઉત્કૃષ્ટના ૨, અને અનુત્કૃષ્ટના ૨, એમ દશ દશ ભાંગા થતા હોવાથી ૭×૧૦=૭૦ ભાંગા થાય છે. અને આયુષ્યકર્મના જઘન્યાદિ ચારે બંધો સાદિ-અધ્રુવ બે જ પ્રકારના હોવાથી ૪×૨=૮ ભાંગા મેળવતાં મૂળ આઠે કર્મોના ૭૦+૮=૭૮ ભાંગા થાય છે ॥ ૪૬ ॥

હવે ઉત્તર પ્રકૃતિઓના જઘન્યાદિને વિષે સાદ્યાદિ ભાંગા જણાવે છે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

**चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।**
**सेसतिगि साइअधुवो, तह चउहा सेसपयडीणं ॥४७॥**

(चतुर्भेदोऽजघन्यस्संज्वलनावरणनवकविघ्नानाम् ।
शेषत्रिके साद्यध्रुवौ तथा चतुर्धा शेषप्रकृतीनाम् ॥४७॥

**શબ્દાર્થ :-** **चउभेओ** = ચાર પ્રકારે, **अजहन्नो** = અજઘન્યસ્થિતિબંધ, **संजलणावरणनवगविग्घाणं** = ચાર સંજ્વલન, નવ આવરણ અને પાંચ અંતરાયકર્મોનો, **सेसतिगि** = બાકીના ત્રણમાં, **साइअधुवो** = સાદિ-અધ્રુવ, **तह** = તથા, **चउहा** = ચાર પ્રકારે, **सेसपयडीणं** = બાકીની પ્રકૃતિઓના ॥ ૪૭ ॥

**ગાથાર્થ** = ચાર સંજ્વલન, નવ આવરણ અને પાંચ અંતરાયકર્મ એમ કુલ ૧૮ પ્રકૃતિઓનો અજઘન્યસ્થિતિબંધ ચાર પ્રકારે હોય છે. તે ૧૮ પ્રકૃતિના બાકીના ત્રણ પ્રકારના બંધ અને શેષ ૧૦૨ પ્રકૃતિના ચારે પ્રકારના બંધ સાદિ અને અધ્રુવ જ હોય છે. ॥ ૪૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** = સંજ્વલન ચાર કષાય, જ્ઞાનાવરણીય પાંચ, દર્શનાવરણીય ચાર અને અંતરાય પાંચ એમ કુલ ૧૮ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ નવમે-દસમે ગુણસ્થાનકે ક્ષપકશ્રેણીમાં સ્વબંધવ્યવચ્છેદ સમયે બે માસ, એક માસ, પન્નર દિવસ અને અંતર્મુહૂર્ત પ્રમાણ બંધાય છે. આટલો જઘન્યસ્થિતિબંધ અહીં જ પ્રાપ્ત થાય છે. માટે તે સમયે **જઘન્યબંધની સાદિ,** અનંતર સમયે જઘન્યબંધ વ્યવચ્છેદ પામે ત્યારે **જઘન્યબંધ અધ્રુવ.** જે જીવો ઉપશમશ્રેણીમાં અગિયારમે ગુણસ્થાનકે ગયા છે. અને આ ૧૮ પ્રકૃતિના અબંધક થયા છે તે જીવો અગિયારમેથી પડીને દસમે-નવમે આવે ત્યારે ક્ષપકશ્રેણી કરતાં ચારગુણો બંધ શરૂ કરતા હોવાથી **અજઘન્યબંધની સાદિ** થાય છે. જે જીવો નવમું-દસમું અને અગિયારમું ગુણસ્થાનક પામ્યા જ નથી અને તેના કારણે જઘન્યબંધવાળી અવસ્થા કે અબંધકાવસ્થા પામ્યા જ નથી તે જીવોને આ ૧૮ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સદા અજઘન્યપણે બંધાય જ છે માટે **અજઘન્ય અનાદિ.** અભવ્યને કદાપિ નવમું-દસમું-અગિયારમું ગુણસ્થાનક આવવાનું જ નથી અને આ ૧૮ નો બંધ અટકવાનો જ નથી માટે **અજઘન્ય ધ્રુવ** અને ભવ્યજીવો ભવિષ્યમાં ઉપર શ્રેણીમાં ચડશે ત્યારે નવમે-દસમે-અગિયારમે આ ૧૮નો બંધ વિરામ પામશે ત્યારે **અજઘન્ય અધ્રુવ** એમ ૧૮ પ્રકૃતિઓનો અજઘન્યસ્થિતિબંધ ચાર પ્રકારે થાય છે. જઘન્યબંધ સાદિ-અધ્રુવ બે જ પ્રકારે થાય છે. અને ઉત્કૃષ્ટ- અનુત્કૃષ્ટબંધ મિથ્યાત્વે જ પ્રાપ્ત થતા હોવાથી મૂલકર્મોની જેમ જ સાદિ-અધ્રુવ છે. આ પ્રમાણે ૧૮ ઉત્તરપ્રકૃતિઓના ૧૦-૧૦ ભાંગા થવાથી ૧૮૦ ભાંગા થાય છે.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

**પ્રશ્ન** = પૂર્વે ગાથા ૪૪ અને ૪૫ માં જણાવ્યા પ્રમાણે ક્ષપકશ્રેણીમાં જ જેનો જઘન્યસ્થિતિબંધ પ્રાપ્ત થાય છે. એવી આહારકદ્વિક, જિનનામ, સંજ્વલન ચાર, પુરુષવેદ, સાતા, યશ, ઉચ્ચગોત્ર, નવ આવરણ અને પાંચ અંતરાય કુલ ૨૫ પ્રકૃતિઓ છે તેમાંથી ૧૮ ના



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ અજઘન્યબંધને ચાર પ્રકારે કેમ કહ્યો ? બાકીની સાત પ્રકૃતિના અજઘન્યબંધને પણ આ ૧૮ની જેમ જ સાદિ- અનાદિ- ધ્રુવ - અધ્રુવ કહેવો જોઈએ તે કેમ ન ગણાવ્યો ?

**ઉત્તર** - તે સાત પ્રકૃતિઓ **અધ્રુવબંધી હોવાથી** અનાદિકાળથી બંધાતી જ નથી. આ કારણથી તે પ્રકૃતિઓ સદા બંધાય જ એવો નિયમ નથી. તેથી તેમાં **અનાદિ** અને **ધ્રુવ** ભાંગા ઘટતા નથી.

બાકીની ૧૦૨ પ્રકૃતિઓના જઘન્યાદિ ચારે ભાંગા સાદિ-અધ્રુવ એમ બે જ પ્રકારે છે. ૧૦૨ પ્રકૃતિના ૪×૨= આઠ આઠ ભાંગા થાય છે. ત્યાં નિદ્રાપંચક, મિથ્યાત્વમોહનીય, પ્રથમ બાર કષાય, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ, ચતુષ્ક, અગુરુલઘુ, ઉપઘાત અને નિર્માણ એમ ૨૯ ધ્રુવબંધી છે. અને બાકીની ૭૩ અધ્રુવબંધી છે જે ૨૯ ધ્રુવબંધી છે તે અનાદિકાળથી બંધાય છે અને અભવ્યને અનંત કાળ પણ બંધાશે. પરંતુ સાસ્વાદનથી અપૂર્વકરણ સુધીમાં સંજ્ઞી પંચેન્દ્રિય જે જીવ છે, તે જઘન્યથી પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિબંધ કરે છે. તેના કરતાં બાદર પર્યાપ્તા એકેન્દ્રિય જીવો સર્વવિશુદ્ધ થયા છતા મિથ્યાત્વી છે. તો પણ ભવપ્રત્યયિક જ સાતીયા ત્રણ ભાગ આદિ પ્રમાણવાળી જઘન્ય સ્થિતિ બાંધે છે. તેથી અનાદિ અને ધ્રુવના ભાંગા ઘટતા નથી. કારણ કે જ્યારે સર્વવિશુદ્ધ બાદર પર્યાપ્ત એકેન્દ્રિય થાય ત્યારે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સાતીયા ત્રણ ભાગ આદિ પ્રમાણવાળો જઘન્યસ્થિતિબંધ કરે તે કાળે જઘન્યસ્થિતિ બંધની સાદિ, અંતર્મુહૂર્ત બાદ સંક્લિષ્ટ પરિણામવાળો થયો છતો તે જ જીવ વધારે સ્થિતિ બાંધે એટલે અજઘન્યની સાદિ અને જઘન્ય અધ્રુવ થાય છે. ત્યારબાદ તે જ ભવમાં કાળાન્તરે અથવા ભવાન્તરોમાં જ્યારે ફરીથી સર્વવિશુદ્ધિયુક્ત એવી બાદર પર્યાપ્ત એકેન્દ્રિયાવસ્થા પામે અને જઘન્યસ્થિતિબંધ કરે ત્યારે અજઘન્ય અધ્રુવ અને જઘન્યની સાદિ. આ પ્રમાણે જઘન્ય- અજઘન્ય સ્થિતિબંધ એકેન્દ્રિયના ભવમાં મિથ્યાત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણસ્થાનકે વારાફરતી વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા પ્રમાણે થાય છે. તેથી આ બન્ને બંધના સાદિ અને અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે. ધ્રુવબંધી હોવા છતાં એકેન્દ્રિયના ભવમાં જ જઘન્યબંધની પ્રાપ્તિ હોવાથી અનાદિ-ધ્રુવ ભાંગા સંભવતા નથી.

આ ૨૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સર્વસંક્લિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ કરે છે. જ્યારે કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, અંતર્મુહૂર્ત બાદ તે ઉત્કૃષ્ટથી વિરામ પામી જ્યારે અનુત્કૃષ્ટ બંધ કરે ત્યારે ઉત્કૃષ્ટબંધ અધ્રુવ અને અનુત્કૃષ્ટ બંધની સાદિ. ત્યારબાદ વળી કાલાન્તરે જ્યારે સર્વ સંક્લિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય થાય અને ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે ત્યારે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ એમ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ સ્થિતિબંધ સંજ્ઞી પંચેન્દ્રિયના ભવમાં મિથ્યાત્વગુણસ્થાનકે વારાફરતી સંક્લિષ્ટતા અને વિશુદ્ધિ પ્રમાણે થતા હોવાથી બન્ને બંધના સાદિ અને અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે. ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટના અનાદિ - ધ્રુવભાંગા સંભવતા નથી.

અધ્રુવબંધી ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી જ તેના જઘન્યાદિ ચારે બંધો સાદિ- અધ્રુવ જ છે. આ પ્રમાણે ૨૯ ધ્રુવબંધી અને ૭૩ અધ્રુવબંધી એમ ૧૦૨ પ્રકૃતિના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ ચારે પ્રકારના બંધના સાદિ-અધ્રુવ એમ બે જ ભાંગા થાય છે. ૧૦૨×૮=૮૧૬ ભાંગા થાય છે. તેમાં ૧૮ ધ્રુવબંધીના ૧૮૦ ઉમેરતાં ૮૧૬+૧૮૦=૯૯૬ ભાંગા ઉત્તર પ્રકૃતિઓના થાય છે. તથા મૂલ અને ઉત્તર પ્રકૃતિના ભાંગા સાથે કરીએ તો ૯૯૬+૭૮=૧૦૭૪ સ્થિતિબંધના જઘન્યાદિ સ્થિતિ સંબંધી સાદ્યાદિ કુલ ભાંગા થાય છે. ॥ ૪૭ ॥

**અવતરણ** = એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી જીવો જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિ કેટલી બાંધે ? તે પૂર્વે ગાથા ૩૭-૩૮માં કહ્યું છે. તેથી પ્રશ્ન થાય છે કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ (નવમે-દસમે જઘન્યસ્થિતિબંધ આવ્યો હોવાથી શેષ) ૧ થી ૮ ગુણસ્થાનકોમાં કેટલો કેટલો સ્થિતિબંધ કરે? તે હવે કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**साणाइअपुव्वंते अयरंतो कोडिकोडीओ न हिगो ।**
**बंधो न हु हीणो न य, मिच्छे भव्वियरसन्निमि ।। ४८ ।।**

(सास्वादनाद्यपूर्वान्ते अतरान्तःकोटीकोटीतो नाधिकः ।
बन्धो नैव हीनो न च मिथ्यात्वे भव्येतरसंज्ञिनि ।। ४८ ।।

**શબ્દાર્થ :- साणाइअपुव्वंते** = સાસ્વાદનથી અપૂર્વકરણ સુધીના ગુણસ્થાનકોમાં, **अयर** = સાગરોપમ, **अंतोकोडिकोडीओ** = અંતઃકોડાકોડીથી, **न हिगो**=અધિકબંધ નથી, **बंधो न हु हीणो** = તથા ન્યૂન બંધ પણ નથી જ. **न मिच्छे** = મિથ્યાત્વે પણ ન્યૂન બંધ નથી જ. **भव्वियरसन्निमि** = ભવ્ય અને અભવ્ય એવા સંજ્ઞિમાં ॥ ૪૮ ॥

**ગાથાર્થ** = સાસ્વાદનથી અપૂર્વકરણમાં વર્તતા જીવો અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક બંધ કરતા નથી. તથા હીન બંધ પણ કરતા નથી. વળી ભવ્ય અથવા અભવ્ય એવા સંજ્ઞીપંચેન્દ્રિય જીવો મિથ્યાત્વે હીન બંધ કરતા નથી. ॥ ૪૮ ॥

**વિવેચન** = સાસ્વાદન ગુણસ્થાનકથી અપૂર્વકરણ ગુણસ્થાનક સુધીનાં ગુણસ્થાનકોમાં વર્તતા સર્વે જીવો મિથ્યાત્વના ઉદય વિનાના હોવાથી અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિ બાંધતા નથી. એક ક્રોડને એક ક્રોડે ગુણવાથી ૧૦૦૦૦૦૦૦x૧૦૦૦૦૦૦૦=જે આવે તે ૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ આટલા સાગરોપમને ૧ કોડાકોડી સાગરોપમ કહેવાય છે. તેમાં કંઈક ન્યૂન તે અંતઃકોડાકોડી સાગરોપમ જાણવું. આનાથી વધારે સ્થિતિબંધ બીજાથી આઠમા ગુણસ્થાનક સુધી થતો નથી.

**પ્રશ્ન** = સાસ્વાદનાદિ ગુણસ્થાનકો પામી ચૂકેલા જીવોને પણ ૭૦ કોડાકોડી સાગરોપમ વગેરે પ્રમાણવાળો સ્થિતિબંધ થાય છે એવું કમ્મપયડી અને પંચસંગ્રહાદિમાં કહ્યું છે. તો અહીં એમ કેમ કહેવાય છે કે સાસ્વાદનાદિ પામેલાને અધિકબંધ થતો નથી ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** - પ્રશ્ન સાચો છે સાસ્વાદનાદિક પામી ચૂકેલા જીવોને ૭૦ કોડાકોડી વગેરે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ થાય છે. પરંતુ સમ્યક્ત્વાદિ ત્યજીને-પડીને મિથ્યાત્વે આવ્યા હોય તેવા જીવોને તે બંધ થાય છે. સાસ્વાદનાદિમાં વર્તતા જીવને નહીં. અહીં મિથ્યાત્વે ન આવેલા એવા અર્થાત્ સાસ્વાદનથી અપૂર્વકરણમાં રહેલા (વર્તતા) એવા જીવોને આશ્રયી અધિકબંધનો નિષેધ કર્યો છે. તેથી કોઈ દોષ નથી.

**પ્રશ્ન** - बंधेण न वोलइ कयाई = મિથ્યાત્વે આવેલા જીવો પણ જે એકવાર સમ્યક્ત્વ પામ્યા છે. અને પડીને પુનઃ મિથ્યાત્વે આવ્યા છે. તે જીવો પૂર્વે અંતઃકોડાકોડી સાગરોપમનો જે સ્થિતિબંધ કરતા હતા તેનું કદાપિ ઉલ્લંઘન કરતા નથી. આ પ્રમાણે મિથ્યાત્વે પણ અધિકબંધનો નિષેધ આવશ્યકાદિમાં છે. તો અહીં સાસ્વાદનથી જ કેમ કહો છો ?

**ઉત્તર** - તે સિદ્ધાન્તકારનો મત છે. સિદ્ધાન્તકારના મતે ભિન્નગ્રન્થિક થઈને સમ્યક્ત્વ પામીને મિથ્યાત્વે આવેલા જીવો અંતઃકોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિ બાંધતા નથી. પરંતુ કાર્મગ્રન્થિક મત પ્રમાણે ભિન્નગ્રન્થિક જીવો સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે આવે ત્યારે અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક યાવત્ ૨૦-૩૦-૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ પણ સ્થિતિ બાંધે છે. ફક્ત તે બંધાતી સ્થિતિ તીવ્ર અનુભાગયુક્ત (ચીકણા રસબંધવાળી) હોતી નથી. એમ કર્મગ્રંથકારો માને છે.

**પ્રશ્ન**-સાસ્વાદનથી અપૂર્વકરણમાં અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક બંધ ભલે ન હો. પરંતુ અંતઃકોડાકોડીસાગરોપમથી હીન બંધ થાય કે નહીં?

**ઉત્તર** = बन्धो न हु हीणो = હીન બંધ પણ થતો નથી. એટલે કે સાસ્વાદનથી અપૂર્વકરણમાં અંતઃકોડાકોડી સાગરોપમથી અધિક કે હીન બંધ થતો નથી. વધારેમાં વધારે પણ અંતઃકોડાકોડી અને ઓછામાં ઓછો પણ અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ બંધ થાય છે. અંતર્મુહૂર્તની જેમ અંતઃકોડાકોડીના અગણિત ભેદો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન**-સાસ્વાદનથી અપૂર્વકરણમાં ઉત્કૃષ્ટથી જે અંતઃકોડાકોડી બંધ કહ્યો અને જઘન્યથી પણ જે અંતઃકોડાકોડી બંધ કહ્યો. તે બન્નેની વચ્ચે અંતર કેટલું ?

**ઉત્તર** : જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમ કરતાં ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડી સાગરોપમનું માપ સંખ્યાતગણું જાણવું. એ જ રીતે ઉત્કૃષ્ટ કરતાં જઘન્યનું માપ સંખ્યાતમા ભાગનું જાણવું.

**પ્રશ્ન** = જો સાસ્વાદનથી અપૂર્વકરણમાં અંતઃકોડાકોડી સાગરોપમથી હીન બંધ થતો નથી તો એકેન્દ્રિયાદિ જીવોમાં પૂર્વભવસંબંધી સાસ્વાદન ગુણસ્થાનક લઈને જીવ જન્મે છે અને તે કાળે સાતીયા ત્રણ ભાગ આદિ સ્થિતિ બાંધે છે. જે પરિપૂર્ણ ૧ સાગરોપમ પણ નથી. આ બન્ને વિધાનો કેમ ઘટશે ?

**ઉત્તર** = "केवलं कादाचित्कोऽसौ न सार्वदिक इति न तस्य विवक्षा कृतेति सम्भावयामि"। સ્વોપજ્ઞ ટીકામાં પૂ. ગ્રંથકાર શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. સા.જણાવે છે કે સાસ્વાદન લઈને એકેન્દ્રિયમાં જવાનો પ્રસંગ ક્યારેક બને છે. સર્વદા બનતો નથી. તેથી તેની અહીં વિવક્ષા કરાઈ નથી. એમ હું માનું છું. એટલે આવું અતિશય અલ્પ બનતું હોવાથી ક્વચિત્ જ બને છે. તેથી શાસ્ત્રકારોએ તેની વિવક્ષા કરી નથી. અથવા બીજો ઉત્તર એવો પણ આપી શકાય કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞીનો બંધ પૂર્વે કહેવાઈ ગયો છે, તેથી **આ બંધવિધાન સંજ્ઞી પંચેન્દ્રિય જીવને આશ્રયીને જ છે.** અને તેથી જ આ ગાથાના અંતે કહેલો સંજ્ઞી શબ્દ પૂર્વાર્ધમાં પણ જોડવો. જો આ બીજો આપેલો ઉત્તર લઈએ તો સાસ્વાદનથી અપૂર્વકરણમાં જઘન્યથી પણ અંતઃકોડાકોડીના બંધનું વિધાન માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયને જ આશ્રયી છે. એકેન્દ્રિયાદિ જીવોને આશ્રયી નથી. તેથી તે એકેન્દ્રિય જીવો સાસ્વાદને (સાતીયા ત્રણ ભાગાદિ રૂપ) હીન બંધ કરે છે. તે વિધાન નિર્દોષ છે. (જો કે આવો ઉત્તર સ્વોપજ્ઞટીકા આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથોમાં નથી પરંતુ શાસ્ત્રની સાથે અવિરુદ્ધ લાગે છે. તેથી કલ્પના કરવામાં કોઈ દોષ દેખાતો નથી.)

**પ્રશ્ન** - સાસ્વાદનથી અપૂર્વકરણમાં અંતઃકોડાકોડી સાગરોપમથી હીન બંધ થતો નથી, એમ કહો છો તો મિથ્યાદૃષ્ટિ જીવોને શું અંતઃકોડાકોડી સાગરોપમથી હીન બંધ થાય કે નહીં ?

**ઉત્તર** = **न य मिच्छे भव्वियरसन्निमि** = ભવ્ય એવા સંજ્ઞી હોય કે અભવ્ય એવા સંજ્ઞી હોય, પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિમાં અંતઃકોડાકોડી સાગરોપમથી હીન બંધ થતો જ નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ ભવ્ય હોય કે અભવ્ય હોય પરંતુ **મિથ્યાદૃષ્ટિ હોય તો** જઘન્યથી પણ આટલો બંધ તો કરે જ છે. અહીં ભવ્યસંજ્ઞી પણ **"મિથ્યાદૃષ્ટિ"** હોય તો આથી ન્યૂન બંધ કરતો નથી, એમ કહ્યું હોવાથી જે જે ભવ્યસંજ્ઞી છે પરંતુ મિથ્યાદૃષ્ટિ નથી, અર્થાત્ ક્ષપકશ્રેણી અને ઉપશમ-શ્રેણીગત છે. તેવા ૯/૧૦ ગુણસ્થાનકે વર્તતા ભવ્યસંજ્ઞીને ન્યૂન બંધ થાય છે. તથા ભવ્ય હોય કે અભવ્ય હોય પણ **"સંજ્ઞી"** કહેલ હોવાથી ભવ્ય-અભવ્ય એમ બન્ને પ્રકારના અસંજ્ઞી જીવો જો હોય તો (એટલે કે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય હોય તો) સાતીયા ભાગ રૂપ ન્યૂન સ્થિતિ બંધ પણ કરે છે. ઈત્યાદિ સુયુક્તિઓ સ્વયં જોડવી.

**પ્રશ્ન** - ભવ્ય અને અભવ્ય એવા સંજ્ઞી પંચેન્દ્રિયમાં જઘન્યથી પણ અંતઃકોડાકોડીનો બંધ હોય છે. તેનાથી હીન બંધ થતો નથી. તો આ બન્ને પ્રકારના સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિમાં **ઉત્કૃષ્ટથી** કેટલો બંધ હોય ? તે તો ગાથામાં કહ્યું જ નહીં. માટે તે સમજાવો.

**ઉત્તર** - મૂલ - ઉત્તર - પ્રકૃતિઓનો ૨૦-૩૦-૪૦-૭૦ કોડાકોડી સાગરોપમનો જે જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પૂર્વે કહ્યો છે તે સર્વે સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિમાં ભવ્ય કે અભવ્ય એમ બન્ને પ્રકારના જીવોને થઈ શકે છે. સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ અંતઃકોડાકોડી સાગરોપમથી માંડીને પોત- પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સુધીનાં તમામ સ્થાનોવાળી સ્થિતિ બાંધી શકે છે. આ વાત

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ગાથામાં નથી કહી એમ નહીં. પરંતુ ગર્ભિતપણે વર્ણવેલી છે. તે આ પ્રમાણે- ઉત્તરાર્ધમાં કહેલો હીણો શબ્દ "बंधो न हु" ની સાથે પણ જોડવાનો છે. અને "न य मिच्छे" ની સાથે પણ જોડવાનો છે. તેથી સાસ્વાદનથી અપૂર્વકરણમાં જેમ અંતઃકોડાકોડી સાગરોપમથી હીન બંધ થતો નથી, તેમ મિથ્યાત્વે પણ હીનબંધ થતો નથી અર્થાત્ અધિકબંધ થાય છે. સારાંશ કે સાસ્વાદનથી અપૂર્વકરણ સુધીમાં હીન પણ બંધ થતો નથી. અને અધિક પણ બંધ થતો નથી, પરંતુ મિથ્યાત્વે તો એકલો માત્ર હીન બંધ જ થતો નથી, એટલે કે અધિકબંધ ૩૦/૨૦/૭૦ આદિ થાય છે. આમ ગર્ભિત અર્થ સ્પષ્ટ કરવાથી અધિકબંધનું વિધાન સમજાશે. ॥ ૪૮ ॥

**એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી જીવોમાં કોનો સ્થિતિબંધ કોનાથી વધારે હોય ? અને કોનો ઓછો હોય તે જણાવવા અલ્પબહુત્વ કહે છે.**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**जइ लहुबंधो बायर पज्ज असंखगुण सुहुमपज्जहिगो ।**
**एसिं अपज्जाण लहू, सुहूमेअर अपज्जपज्जगुरू ॥ ४९ ॥**

(यतिलघुबन्धो बादरपर्याप्तस्यासंख्यगुणस्सूक्ष्मपर्याप्तस्याधिकः ।
अनयोरपर्याप्तयोर्जघन्यस्सूक्ष्मेतरयोरपर्याप्तपर्याप्तयोर्गुरुः ॥ ४९ ॥

**શબ્દાર્થ :-** **जइलहुबंधो** = સાધુનો જઘન્યસ્થિતિબંધ, (સર્વથી થોડો) **बायरपज्जअसंखगुण** = તેનાથી બાદર પર્યાપ્તાનો જઘન્યસ્થિતિબંધ અસંખ્યાતગુણો, **सुहुमपज्जहिगो** = સૂક્ષ્મપર્યાપ્તાનો અધિક, **एसिं अपज्जाण लहू** = આ બન્ને અપર્યાપ્તાનો જઘન્યસ્થિતિબંધ, **सुहूमेअर** = સૂક્ષ્મ અને બાદર, **अपज्जपज्जगुरु** = અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અધિક જાણવો. ॥ ૪૯ ॥

**ગાથાર્થ** - યતિનો જઘન્ય સ્થિતિબંધ, તેનાથી બાદર પર્યાપ્ત એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અસંખ્યાતગુણો, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તાનો અધિક, તેનાથી આ જ બે અપર્યાપ્તાનો જઘન્યસ્થિતિબંધ, તથા સૂક્ષ્મ અને બાદર અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટબંધ અધિક જાણવો. ॥૪૯॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** - એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞીપંચેન્દ્રિય જીવો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલી કેટલી સ્થિતિ બાંધે ? તે આગળની ગાથાઓમાં સમજાવ્યું છે. તેથી તે સર્વે જીવોમાં કોનો સ્થિતિબંધ અલ્પ છે ? અને કોનો સ્થિતિબંધ અધિક છે ? તે સ્પષ્ટ કરવા માટે અલ્પબહુત્વ દ્વાર જણાવે છે.

(૧) યતિ શબ્દથી મુનિ લેવાય છે. અને તે પણ ક્ષપકશ્રેણીમાં વર્તતા નવમા-દસમા ગુણસ્થાનક વર્તી મુનિઓ અહીં લેવા. કારણ કે સૌથી ઓછો સ્થિતિબંધ તેઓ જ કરે છે. મોહનીયનો અંતર્મુહૂર્ત, જ્ઞાનાવરણીયાદિનો અંતર્મુહૂર્ત, નામ-ગોત્રનો આઠ મુહૂર્ત અને વેદનીયનો બાર મુહૂર્ત. આટલો જઘન્યસ્થિતિબંધ બીજા કોઈ જીવોમાં સંભવતો નથી. તેથી આ બંધ સૌથી અલ્પ છે. માટે (૯મા ૧૦મા વાળા) યતિનો જઘન્યસ્થિતિબંધ સૌથી અલ્પ.

(૨) તેના કરતાં બાદર પર્યાપ્ત એકેન્દ્રિય જીવોનો સ્થિતિબંધ સાતીયા ત્રણ ભાગમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન વગેરે જે પૂર્વે કહ્યો છે તે બંધ ઉપરોક્ત મુનિઓના બંધ કરતાં અસંખ્યાતગુણો છે. કારણ કે યતિનો બંધ અંતર્મુહૂર્ત, આઠ મુહૂર્ત અને બાર મુહૂર્ત રૂપ છે. જ્યારે એકેન્દ્રિયનો બંધ સાતીયા ત્રણ ભાગ પણ સાગરોપમ સ્વરૂપ છે. જેથી અસંખ્યાતગુણો સારી રીતે થાય છે.

(૩) તેના કરતાં સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિય જીવોનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક હોય છે. કારણ કે જઘન્યસ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે. સૂક્ષ્મ જીવો કરતાં બાદર જીવોની ચેતના કંઈક વધારે અનાવૃત (ખુલ્લી) છે. જેની ચેતના વધારે ખુલ્લી હોય તેમાં વિશુદ્ધિ પણ વધારે સંભવે અને સંક્લિષ્ટતા પણ વધારે સંભવે. જેમ એકેન્દ્રિય કરતાં પંચેન્દ્રિયમાં ચેતના ઘણી અનાવૃત છે. તેથી પંચેન્દ્રિયમાં વિશુદ્ધિ પણ વધારે છે, જેથી મોક્ષે જઈ શકે છે અને સંક્લિષ્ટતા પણ વધારે સંભવે છે, જેથી સાતમી નરકમાં પણ જઈ શકે છે. જ્યારે એકેન્દ્રિય જીવો મુક્તિમાં, સ્વર્ગમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે નરકમાં જતા નથી. જ્યાં જ્યાં ચેતના વધારે ખુલ્લી હોય ત્યાં ત્યાં વિશુદ્ધિ પણ વધારે હોઈ શકે અને સંક્લિષ્ટતા પણ વધારે હોઈ શકે. એટલે બાદરમાં જઘન્ય બંધ જેટલો થાય તેટલો સૂક્ષ્મમાં ન થાય. જેમ કે સાતીયા ત્રણ ભાગને ૩૦૦૦ વર્ષ કલ્પીએ, અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જે ન્યૂન કરવાનો છે તે ૧૦૦ વર્ષ કલ્પીએ તો બાદરમાં ૩૦૦૦ બ- ૧૦૦= ૨૯૦૦ જેટલો જઘન્યસ્થિતિ બંધ થાય. અને સૂક્ષ્મ એકેન્દ્રિય પર્યાપ્તામાં વિશુદ્ધિ ઓછી હોવાથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જે ઓછો કરવાનો છે તે ૧૦૦ ને બદલે ૯૦ જેવડો લેવો. જેથી ૩૦૦૦ બ- (૯૦ = ૨૯૧૦ જેટલી જઘન્યસ્થિતિ બાંધે છે. તેથી બા.પ. કરતાં સૂ.પ. નો જઘન્ય સ્થિતિબંધ અધિક છે.

(૪) સૂક્ષ્મ પર્યાપ્ત એકેન્દ્રિયના જઘન્યબંધ કરતાં બાદર અપર્યાપ્ત એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ વધારે જાણવો. કારણ કે પર્યાપ્ત કરતાં અપર્યાપ્તજીવોમાં વિશુદ્ધિ ન્યૂન છે. અહીં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નાનો-નાનો લેવો જેથી ૮૦ વર્ષનો ગણવો. ૩૦૦૦ બ- ૮૦=૨૯૨૦ જેટલી જઘન્ય સ્થિતિ બાંધે. સર્વત્ર આ દૃષ્ટાંત કલ્પના રૂપે જ સમજાવેલ છે. વાસ્તવિક સ્વરૂપે ન સમજી લેવું. કારણ કે આ તમામ બોલોમાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણાં ગાથા-૫૪ માં કહેવાનાં છે તેથી ૧૦-૨૦-૩૦ વગેરે અંકો કલ્પના માત્રથી જાણવા.

(૫) બાદર અપર્યાપ્તના જઘન્ય સ્થિતિબંધ કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તનો જઘન્યબંધ વધારે જાણવો. વિશુદ્ધિની અલ્પતા એ જ તેમાં કારણ સમજવું. અહીં ૩૦૦૦ બ- ૭૦=૨૯૩૦ જેટલો સ્થિતિબંધ સમજવો.

(૬) સૂક્ષ્મ અપર્યાપ્તના જઘન્યસ્થિતિબંધ કરતાં સૂક્ષ્મ અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વધારે છે ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંક્લિષ્ટતાથી થાય છે. બાદર જીવો અને પર્યાપ્ત જીવો કરતાં આ સૂક્ષ્મ અને અપર્યાપ્ત જીવોમાં સંક્લિષ્ટતા ઘણી અલ્પ હોય છે એટલે ઉત્કૃષ્ટબંધ પણ બાદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને પર્યાપ્ત કરતાં અલ્પ બંધાય છે. પરંતુ આ ઉત્કૃષ્ટબંધ હોવાથી જઘન્યબંધ કરતાં તો વધારે જ બંધાય છે. એટલે ૩૦૦૦ – ૩૦ = ૨૯૭૦ જેટલો બંધ થાય છે.

(૭) સૂક્ષ્મ અપર્યાપ્તના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરતાં બાદર અપર્યાપ્તનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે. કલ્પનાથી ૩૦૦૦ – ૨૦ = ૨૯૮૦ વર્ષ પ્રમાણ.

(૮) બાદર અપર્યાપ્તાના ઉત્કૃષ્ટબંધ કરતાં સૂક્ષ્મપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ વિશેષાધિક છે. કલ્પનાથી ૩૦૦૦ – ૧૦=૨૯૯૦ વર્ષ પ્રમાણ.

(૯) સૂક્ષ્મ પર્યાપ્તાના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરતાં બાદર પર્યાપ્તાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે. કલ્પનાથી પરિપૂર્ણ ૩૦૦૦ વર્ષ પ્રમાણ આ બંધ થાય છે. આ રીતે આ ૯ બોલનું અલ્પબહુત્વ કહ્યું. સૂક્ષ્મ કરતાં બાદરમાં, અને અપર્યાપ્તા કરતાં પર્યાપ્તામાં વિશુદ્ધિ પણ વધારે હોય છે અને સંક્લિષ્ટતા પણ વધારે હોય છે તેમાં કારણ પ્રગટ ચેતનાની અધિકતા જાણવી. અલ્પચેતનાવાળો સારું કામ કરવામાં કે ખોટું કામ કરવામાં મહાસાહસ કરી શકતો નથી. જેમ ૨ વર્ષનો બાળક અને ૩૨ વર્ષનો યુવાન. તેમ અહીં સમજવું. ૯ બોલમાં છેલ્લા આઠે બોલોમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નાનો-મોટો થાય છે. જેથી જઘન્યસ્થિતિ જાણવી હોય ત્યારે સાતીયા ત્રણ ભાગમાં જે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ છીએ તે મોટો લેવો. પછી નાનો નાનો કરવો છેલ્લે વધુમાં વધુ પરિપૂર્ણ સાતીયા ત્રણ ભાગ જેટલી જ સ્થિતિ એકેન્દ્રિયમાં બંધાય છે. આ ઉદાહરણ જ્ઞાનાવરણીયને આશ્રયી સમજાવ્યું છે તે પ્રમાણે બીજા કર્મોમાં જાણી લેવું. ચિત્ર ગાથા ૫૧ માં આગળ ઉપર આપીશું ॥ ૪૯ ॥

**लहुबिय पज्जअपज्जे अपज्जेयर बिय गुरू हिगो एवं ।**
**ति चउ असन्निसु नवरं, संखगुणो बियअमणपज्जे ॥५०॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(लघु द्वीन्द्रियपर्याप्तापर्याप्तयोरपर्याप्तेतरद्वीन्द्रियेषु गुरुरधिक एवम् ।
त्रिचतुरिन्द्रियासंज्ञिषु नवरं, संख्यातगुणो द्वीन्द्रियासंज्ञिपर्याप्तयो: ।।५०।।

**लहू** = જઘન્યસ્થિતિબંધ, **बियपज्जअपज्जे** = બેઈન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્તનો, **अपज्जेयरबिय** = અપર્યાપ્ત અને પર્યાપ્ત બેઈન્દ્રિયનો, **गुरू हिगो** = ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક છે, **एवं** = આ પ્રમાણે, **तिचउअसन्निसु** = તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી જીવોને વિષે જાણવું **नवरं** = પરંતુ, **संखगुणो** = સંખ્યાતગુણો, **बियअमणपज्जे** = બેઈન્દ્રિય અને અસંજ્ઞી પર્યાપ્તામાં કહેવો. ॥ ૫૦ ॥

**ગાથાર્થ** = બેઈન્દ્રિય પર્યાપ્તા અને અપર્યાપ્તાનો જઘન્ય, તથા બેઈન્દ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, એ જ પ્રમાણે તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો સ્થિતિબંધ (ચાર ચાર ભાંગાપૂર્વક) વિશેષાધિક કહેવો. પરંતુ બેઈન્દ્રિય અને અસંજ્ઞીપર્યાપ્તનો જઘન્યબંધ સંખ્યાતગુણો જાણવો ॥ ૫૦ ॥

**વિવેચન** - આ ગાથામાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય આ ચાર પ્રકારના પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોનો જઘન્ય અને ઉત્કૃષ્ટસ્થિતિબંધ જણાવ્યો છે. પૂર્વની ૪૯મી ગાથામાં જ સમજાવ્યું છે કે અપર્યાપ્તા જીવો કરતાં પર્યાપ્તા જીવોમાં વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા બન્ને વધારે હોય છે. તેથી વધારે ન્યૂન સ્થિતિ પણ વિશુદ્ધિની અધિકતાના કારણે પર્યાપ્તા જ બાંધે છે. અને વધારે અધિક સ્થિતિ પણ સંક્લેશની અધિકતાના કારણે પર્યાપ્તા જ બાંધે છે. તેથી ચારે પ્રકારના ઉપરોક્ત જીવોમાં પહેલો ભેદ પર્યાપ્તાનો જઘન્ય, બીજો ભેદ અપર્યાપ્તાનો જઘન્ય, ત્રીજો ભેદ અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ અને ચોથો ભેદ પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ સમજવો. જેથી ૪ x ૪ = ૧૬ ભેદ આ ગાથામાં થશે.

બેઈન્દ્રિય પર્યાપ્તાનો જઘન્યસ્થિતિબંધ બાદર પર્યાપ્તા એકેન્દ્રિયના ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ કરતાં ૨૫ ગુણામાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અને બેઈન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટબંધ પરિપૂર્ણ ૨૫ ગુણો છે. આ પર્યાપ્તાના જઘન્ય અને પર્યાપ્તાના ઉત્કૃષ્ટ એમ બેની વચ્ચે અપર્યાપ્તાનો જઘન્ય અને અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટબંધ આવે છે. એટલે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જ નાનો-મોટો લેવાનો થાય છે. જેથી બધા જ ભાંગાઓમાં કંઈક અધિક, કંઈક અધિક અર્થાત્ વિશેષાધિક જ કહેવાય છે. એવી જ રીતે તેઈન્દ્રિયના ચારે ભાંગામાં, ચઉરિન્દ્રિયના ચારે ભાંગામાં અને અસંજ્ઞી પંચેન્દ્રિયના ચારે ભાંગામાં પણ જઘન્યથી ઉત્કૃષ્ટ વચ્ચે પલ્યોપમના સંખ્યાતમા ભાગની જ તરતમતા છે. તે નાનો-મોટો લેવાથી બધા જ બોલોમાં વિશેષાધિક જ સંભવે છે. આ રીતે વિચારતાં સોળે ભાંગાઓમાં વિશેષાધિકતા હોવી જોઈએ પરંતુ આ સોળ બોલમાં જે પહેલો બોલ છે તે બેઈન્દ્રિય પર્યાપ્તાનો જઘન્ય સ્થિતિબંધ છે. જે પાછળ આવેલા બાદર પર્યાપ્તા એકેન્દ્રિયના **ઉત્કૃષ્ટ સ્થિતિબંધ** કરતાં ૨૫ ગુણો બંધ છે. જો કે ૨૫ ગુણો કરીને જઘન્ય હોવાથી પલ્યોપમનો **સંખ્યાતમો** ભાગ ન્યૂન કરવાનો છે. પરંતુ સાગરોપમોના ભાગોના સામે પલ્યોપમના સંખ્યાતમા ભાગની આ અલ્પતા નહિવત્ છે. અને શાસ્ત્રોમાં જ્યારે જ્યારે પૂર્વની વસ્તુ કરતાં ઉત્તરની વસ્તુ પરિપૂર્ણ ડબલ (દ્વિગુણ) થાય છે. ત્યારે જો કે તે સંખ્યાતગુણ બની જાય છે. તો પણ દ્વિગુણ કહેવાય છે. અને તેનાથી વધારે ત્રિગુણ, ચતુર્ગુણ આદિ થાય છે ત્યારથી તેને સંખ્યાતગુણ કહેવાય છે. આ બેઈન્દ્રિયનો બંધ તો એકેન્દ્રિય કરતાં ૨૫ ગુણો છે એટલે દ્વિગુણ, ત્રિગુણ આદિ કરતાં પણ વધારે ઘણો છે. માટે બેઈન્દ્રિયના પ્રથમ બોલમાં સંખ્યાતગુણો બંધ કહેવો. એવી જ રીતે અસંજ્ઞી પંચેન્દ્રિયનો પ્રથમ બોલ ચઉરિન્દ્રિયના અંતિમ બોલથી ૧૦ ગુણો થાય છે. કારણ કે એકેન્દ્રિય કરતાં ચઉરિન્દ્રિયનો ૧૦૦ ગુણો અને અસંજ્ઞીનો ૧૦૦૦ ગુણો બંધ છે. એટલે અસંજ્ઞીનો બંધ ચઉરિન્દ્રિય કરતાં સારી રીતે લગભગ ૧૦ ગુણો થાય છે. તે પણ દ્વિગુણ આદિ કરતાં વધારે છે માટે અસંજ્ઞી પર્યાપ્તાના પ્રથમ બોલમાં સંખ્યાતગુણો બંધ કહેવો. બાકી સર્વત્ર વિશેષાધિક કહેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** - બેઈન્દ્રિયના અંતિમ બોલથી તેઈન્દ્રિયનો પ્રથમ બોલ પણ સંખ્યાતગુણ જ કહેવો જોઈએ. કારણ કે બેઈન્દ્રિયનો બંધ ૨૫ ગુણો છે અને તેઈન્દ્રિયનો બંધ ૫૦ ગુણો છે. તે પણ સારી રીતે દ્વિગુણ તો થાય જ છે. માટે સંખ્યાતગુણ કેમ ન કહ્યો ? એવી જ રીતે તેઈન્દ્રિયનો બંધ ૫૦ ગુણો અને ચઉરિન્દ્રિયનો બંધ ૧૦૦ ગુણો છે તે પણ દ્વિગુણ થાય જ છે. તેથી ચઉરિન્દ્રિયનો પણ પ્રથમ બોલ સંખ્યાતગુણ કહેવો જોઈએ. તો શા માટે બેઈન્દ્રિય અને અસંજ્ઞીના જ પ્રથમ બોલમાં સંખ્યાતગુણ કહો છો અને તેઈન્દ્રિય તથા ચઉરિન્દ્રિયના પ્રથમ બોલમાં સંખ્યાતગુણ કહેતા નથી પણ વિશેષાધિક કહો છો.

**ઉત્તર** - ૨૫-૫૦-૧૦૦-૧૦૦૦ ગુણો બંધ હોવાથી ૫૦ અને ૧૦૦ વડે ગુણાયેલો તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિયનો બંધ પણ ઉપલકદૃષ્ટિએ દ્વિગુણ લાગે. પરંતુ બેઈન્દ્રિયનો છેલ્લો બોલ પરિપૂર્ણ ૨૫ ગુણો છે. અને તેઈન્દ્રિયનો પહેલો બોલ જે પર્યાપ્તાનો જઘન્યસ્થિતિબંધ છે તે ૫૦ ગુણો કરીને તેમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરવાનો કહ્યો છે. આટલો ન્યૂન બંધ થવાથી પરિપૂર્ણ દ્વિગુણ થતો નથી. એવી જ રીતે તેઈન્દ્રિયનો ૫૦ ગુણો અને ચઉરિન્દ્રિયનો ૧૦૦ ગુણો બંધ હોવાથી ઉપલકદૃષ્ટિએ દ્વિગુણ જણાય છે. પરંતુ ૧૦૦ ગુણા વાળા પહેલા બોલમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન કરવાનો હોવાથી પરિપૂર્ણ દ્વિગુણ થતો નથી. અને એકેન્દ્રિય કરતાં બેઈન્દ્રિયના પહેલાં જ બોલમાં ૨૫ ગુણો બંધ છે. તથા ચઉરિન્દ્રિયના બંધ કરતાં અસંજ્ઞીમાં થતો બંધ ૧૦ ગુણો બંધ છે. માટે ત્યાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હીન કરો તો પણ અન્તે ૨૪ ગુણાથી અધિકતા સ્વરૂપ અને બીજામાં નવ ગુણાથી અધિકતા સ્વરૂપ સંખ્યાતગુણતા ટકી રહે છે. તેથી બે જ બોલમાં સંખ્યાતગુણો બંધ કહ્યો છે. અલ્પબહુત્વ આ પ્રમાણે જાણવું.

(૧૦) બેઈન્દ્રિય પર્યાપ્તનો જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ.

(૧૧) બેઈન્દ્રિય અપર્યાપ્તનો જઘન્યબંધ વિશેષાધિક.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૨) બેઈન્દ્રિય અપર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૧૩) બેઈન્દ્રિય પર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૧૪) તેઈન્દ્રિય પર્યાપ્તનો જઘન્યબંધ વિશેષાધિક.
(૧૫) તેઈન્દ્રિય અપર્યાપ્તનો જઘન્યબંધ વિશેષાધિક.
(૧૬) તેઈન્દ્રિય અપર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૧૭) તેઈન્દ્રિય પર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૧૮) ચઉરિન્દ્રિય પર્યાપ્તનો જઘન્યબંધ વિશેષાધિક.
(૧૯) ચઉરિન્દ્રિય અપર્યાપ્તનો જઘન્યબંધ વિશેષાધિક.
(૨૦) ચઉરિન્દ્રિય અપર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૨૧) ચઉરિન્દ્રિય પર્યાપ્તનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૨૨) અસંજ્ઞી પં. પર્યાપ્તાનો જઘન્યબંધ સંખ્યાતગુણ
(૨૩) અસંજ્ઞી પં. અપર્યાપ્તાનો જઘન્યબંધ વિશેષાધિક.
(૨૪) અસંજ્ઞી પં. અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.
(૨૫) અસંજ્ઞી પં. પર્યાપ્તાનો ઉત્કૃષ્ટબંધ વિશેષાધિક.

આ પ્રમાણે ૯+૧૬ = કુલ ૨૫ બોલનું અલ્પબહુત્વ સમજાવ્યું. તેમાં એકેન્દ્રિયથી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવોના સ્થિતિબંધની તરતમતા જણાવી. હવે સંજ્ઞી પંચેન્દ્રિય બાકી રહ્યા. તે સંજ્ઞી પંચેન્દ્રિયમાં માત્ર ૯મા ૧૦મા ગુણઠાણાવાળા મુનિનો જઘન્ય સ્થિતિબંધ પ્રથમબોલમાં આવી ગયો છે. તે સિવાય પહેલા ગુણઠાણાથી સાતમા - આઠમા ગુણઠાણા સુધીના સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય-ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહેવાનો બાકી રહે છે. તે હવે ૫૧ મી ગાથામાં જણાવાશે. ॥ ૫૦ ॥

**तो जइजिट्ठो बन्धो संखगुणो देसविरय हस्सियरो ।**
**सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकमसंखगुणा ।। ५१ ।।**

(ततो यतिज्येष्ठो बन्धस्संख्यातगुणो देशविरतस्य ह्रस्वेतरः ।
सम्यग्दृष्टेश्चत्वारस्संज्ञिनां चत्त्वारस्स्थितिबन्धा अनुक्रमेण संख्यातगुणाः ।।५१ ।।)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શબ્દાર્થ :- तो** = તેનાથી, **जइजिट्ठो बन्धो** = સાધુનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ, **संखगुणो** = સંખ્યાતગુણો, **देसविरय** = દેશવિરતિનો, **हस्सियरो** = જઘન્ય તથા ઉત્કૃષ્ટ, **सम्मचउ** = અવિરત સમ્યગ્દષ્ટિના ચાર બોલ, **सन्निचउरो** = સંજ્ઞી મિથ્યાદષ્ટિના ચાર બોલ, **ठिइबंधा** = સ્થિતિબંધો, **णुकमसंखगुणा** = અનુક્રમે સંખ્યાતગુણા જાણવા. ॥ ૫૧॥

**ગાથાર્થ** = તેનાથી યતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ, દેશવિરતિનો જઘન્ય તથા ઉત્કૃષ્ટસ્થિતિબંધ, અવિરત સમ્યગ્દષ્ટિના ચાર બોલ, અને સંજ્ઞી મિથ્યાદષ્ટિના ચાર બોલ એમ કુલ ૧૧ બોલનો સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણો કહેવો. ॥ ૫૧ ॥

**વિવેચન** = ઉપરોક્ત ગાથા ૪૯ અને ૫૦ માં કહેલા બોલોમાંનો છેલ્લો જે બોલ છે. **અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ,** તેના કરતાં યતિનો (સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં સાધુ, શ્રાવક, અવિરત સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ એમ ચાર ભેદ પાડીને ગ્રંથકાર સમજાવે છે. તેથી ૬-૭-૮ મા ગુણઠાણામાં વર્તતા મુનિઓનો) ઉત્કૃષ્ટસ્થિતિબંધ કે જે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ હોય છે તે બંધ સંખ્યાતગુણો છે. કારણ કે એકેન્દ્રિય કરતાં અસંજ્ઞીનો બંધ ૧૦૦૦ ગુણો છે. તો પણ તે જ્ઞા.નો ૩/૭ x૧૦૦૦ = ૪૨૮, ૪/૭ થાય છે. એટલે કે ચારસો અઠ્યાવીસ સાગરોપમથી કંઈક અધિક બંધ થાય છે. જ્યારે મુનિનો ઉત્કૃષ્ટ બંધ ૧ કોડાકોડી સાગરોપમમાં કિંચિદૂન બંધ છે. તેથી તે સારી રીતે સંખ્યાતગુણ હોઈ શકે છે.

મુનિના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરતાં દેશવિરતિધર શ્રાવક અને શ્રાવિકા જીવોનો અનુક્રમે જઘન્ય તથા ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સંખ્યાતગુણો કહેવો. તેના કરતાં અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાનકે વર્તતા સંજ્ઞી પંચેન્દ્રિયના ૪ બોલનો સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણ કહેવો. (૧) પર્યાપ્તાનો જઘન્ય, (૨) અપર્યાપ્તાનો જઘન્ય, (૩) અપર્યાપ્તાનો ઉત્કૃષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને (૪) પર્યાપ્તાનો ઉત્કૃષ્ટ. એવી જ રીતે મિથ્યાદષ્ટિ ગુણસ્થાનકે વર્તતા સંજ્ઞી પંચેન્દ્રિયના ચાર બોલમાં સ્થિતિબંધ ક્રમશઃ સંખ્યાતગુણો જાણવો. આ પ્રમાણે આ ગાથામાં કુલ ૧૧ બોલનું અલ્પ-બહુત્વ સમજાવ્યું. તેમાં પ્રથમના ૧૦ બોલમાં જે સ્થિતિબંધ થાય છે તે સર્વે અંતઃકોડાકોડી સાગરોપમ પ્રમાણ જ જાણવો. માત્ર અંતઃકોડાકોડીનું માપ નાનું-મોટું લેવું અને છેલ્લા અગિયારમા બોલમાં અંતઃકોડાકોડી સાગરોપમથી માંડીને ૨૦-૩૦-૪૦ અને ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સમજવો.

**પ્રશ્ન** = યતિના (મુનિના) અને દેશવિરતિના જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે બે બોલો કહ્યા. અને અવિરતિના તથા મિથ્યાદષ્ટિના ચાર ચાર બોલ કહ્યા, તેનું શું કારણ? અવિરતિ અને મિથ્યાદષ્ટિની જેમ દેશવિરતિમાં અને યતિમાં ચાર ચાર બોલ કેમ કહેતા નથી ?

**ઉત્તર** = અવિરત સમ્યગ્દષ્ટિત્વ અને મિથ્યાદષ્ટિત્વ અપર્યાપ્ત અવસ્થામાં (કરણ અપર્યાપ્તાવસ્થામાં) અને પર્યાપ્તાવસ્થામાં (કરણ પર્યાપ્તાવસ્થામાં) એમ બન્નેમાં હોય છે કારણ કે કોઈ પણ જીવ મૃત્યુ પામ્યા બાદ મિથ્યાત્વાવસ્થા અથવા અવિરત સમ્યગ્દષ્ટિત્વાવસ્થા લઈને પરભવમાં જાય છે. (અહીં જો કે સાસ્વાદન લઈને પણ જાય છે, પરંતુ તે કાદાચિત્ક હોવાથી તથા તે સંબંધી પ્રશ્ન હમણાં ચાલતો ન હોવાથી વિવક્ષા કરેલ નથી.) તેથી અપર્યાપ્તાવસ્થા અને પર્યાપ્તાવસ્થા એમ બન્ને અવસ્થા સંભવે છે. બન્ને અવસ્થામાં જઘન્યબંધ અને ઉત્કૃષ્ટબંધ લેવાથી ચાર ચાર બોલ થાય છે. પરંતુ દેશવિરતત્વ અને યતિત્વ આ બન્ને અવસ્થાઓ લઈને જીવ ભવાન્તરમાં જતો નથી કારણ કે યાવજ્જીવનું જ પચ્ચક્ખાણ હોય છે. તેથી આ બે ભાવોમાં માત્ર પર્યાપ્તાવસ્થા જ હોય છે. તેથી બે જ બોલ કહ્યા છે.

**પ્રશ્ન** - યતિનો જઘન્યસ્થિતિબંધ પહેલા બોલમાં અને



જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE જૈન સાઈટ
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૨૬મા બોલમાં કહ્યો. પરંતુ યતિઓ (મુનિઓ) ૬-૭-૮-૯-૧૦ ગુણસ્થાનકોમાં હોય છે (અગિયારમા આદિમાં પણ મુનિ જ છે છતાં ત્યાં કાષાયિક બંધ નથી માટે ન કહ્યો હોય તે બરાબર છે) તો પછી બે જ બોલ કેમ કહ્યા ? પાંચે ગુણસ્થાનકોમાં બે બે બોલ કરવાથી ૧૦ બોલ થઈ શકે છે. તે કેમ કહ્યા નથી ?

**ઉત્તર** - અહીં સામાન્યથી મુનિપણાની વિવક્ષા કરીને બે બોલોમાં બધાનો સમાવેશ કર્યો છે. જો અલગ જાણવા હોય તો જાણી શકાય જ છે કે ૧૦-૯-૮-૭-૬ માં સંક્લિષ્ટતા વધારે અને વિશદ્ધિ અલ્પ અલ્પ હોવાથી ઉલટા ક્રમે અધિક અધિક બંધ થાય છે.

તે ૩૬ બોલનું કોષ્ટક આ પ્રમાણે છે.

## ૩૬ બોલના અલ્પબહુત્વનું ચિત્ર

| | |
|---|---|
| ૧. યતિનો જ.બંધ સર્વથી અલ્પ. | ૧૯. તેનાથી ચઉ. અપ. જ. બંધ વિશેષાધિક |
| ૨. તેનાથી બા.પ.જ.બંધ અસં.ગુણ | ૨૦. તેનાથી ચઉ. અપ. ઉ. બંધ વિશેષાધિક |
| ૩. તેનાથી સૂ.પ.જ.બંધ વિશેષાધિક | ૨૧. તેનાથી ચઉ. પર્યા. ઉ. બંધ વિશેષાધિક |
| ૪. તેનાથી બા.અપ.જ.બંધ વિશેષાધિક | ૨૨. તેનાથી અસંજ્ઞી પર્યા. જ. બંધ સંખ્યાતગુણ |
| ૫. તેનાથી સૂ.અપ.જ.બંધ વિશેષાધિક | ૨૩. તેનાથી અસંજ્ઞી અપર્યા. જ. બંધવિશેષાધિક |
| ૬. તેનાથી સૂ.અપ.ઉ. બંધ વિશેષાધિક | ૨૪. તેનાથી અસંજ્ઞી અપર્યા. ઉ. બંધ વિશેષાધિક |
| ૭. તેનાથી બા.અપ.ઉ. બંધ વિશેષાધિક | ૨૫. તેનાથી અસંજ્ઞી પર્યા. ઉ. બંધ વિશેષાધિક |
| ૮. તેનાથી સૂ.પર્યા.ઉ.બંધ વિશેષાધિક | ૨૬. તેનાથી યતિનો ઉત્કૃષ્ટ બંધ સંખ્યાતગુણ |
| ૯. તેનાથી બા.પર્યા.ઉ.બંધ વિશેષાધિક | ૨૭. તેનાથી દેશવિરતિનો જ.બંધ સંખ્યાતગુણ |
| ૧૦. તેનાથી બેઈ.પર્યા.જ.બંધ સં.ગુણ | ૨૮. તેનાથી દેશવિરતિનો ઉ. બંધ સં.ગુણ |
| ૧૧. તેનાથી બેઈ.અપ.જ.બંધ વિ. | ૨૯. તેનાથી અવિરત સ.પ. જ. બંધ સં.ગુણ |
| ૧૨. તેનાથી બેઈ.અપ.ઉ.બંધ વિ. | ૩૦ તેનાથી અ. સ. અપર્યા. જ.બંધ સં. ગુણ |
| ૧૩. તેનાથી બેઈ.પ.ઉ.બંધ વિ. | ૩૧ તેનાથી અ. સ. અપર્યા. ઉ. બંધ સં.ગુણ |
| ૧૪. તેનાથી તેઈ.પ.જ.બંધ વિ. | ૩૨ તેનાથી અવિરત સ. પર્યા. ઉ. બંધ સં.ગુણ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | |
|---|---|
| ૧૫. તેનાથી તેઈ. અપ.જ.બંધ વિ. | ૩૩ તેનાથી મિથ્યાત્વી. પર્યા.જ.બંધ સં.ગુણ |
| ૧૬. તેનાથી તેઈ. અપ. ઉ. બંધ વિ. | ૩૪ તેનાથી મિથ્યાત્વી અપર્યા. જ. બંધ સં.ગુણ |
| ૧૭. તેનાથી તેઈ. પર્યા. ઉ. બંધ વિ. | ૩૫ તેનાથી મિથ્યાત્વી અપર્યા. ઉ. બંધ સં.ગુણ |
| ૧૮. તેનાથી ચઉ પર્યા. જ. બંધ વિ. | ૩૬ તેનાથી મિથ્યાત્વી પર્યા.નો. ઉ. બંધ સં.ગુણ |

**પ્રશ્ન** = ૫૧મી મૂલગાથાના ઉત્તરાર્ધમાં સન્નિચઉરો એવું પદ છે. ત્યાં સંજ્ઞીના **ચાર બોલ** એવો અર્થ થાય છે. તેને બદલે સંજ્ઞી **મિથ્યાદૃષ્ટિના** ચાર બોલ એવો અર્થ કેવી રીતે કર્યો ? અર્થાત્ મિથ્યાદૃષ્ટિ અર્થ ક્યાંથી લાવ્યા ?

**ઉત્તર** = સંજ્ઞી પંચેન્દ્રિયના બાકીનાં બીજાં બધાં ગુણસ્થાનકોના બોલનું અલ્પબહુત્વ ૫૧મી ગાથાના પૂર્વાર્ધ સુધીમાં કહી દીધું છે. એટલે શેષથી અહીં મિથ્યાદૃષ્ટિ લેવાનું સમજાઈ જ જાય છે. આ પ્રમાણે ૩૬ બોલનું અલ્પબહુત્વ સમાપ્ત થયું. ॥ ૫૧ ॥

JAINSITE.com
जैनम् जयति शासनम्
जैन साईट

**ઉપરોક્ત અલ્પબહુત્વ જોતાં સમજાય છે કે (ત્રણ આયુષ્યકર્મને છોડીને) જઘન્યસ્થિતિ વિશુદ્ધિથી અને ઉત્કૃષ્ટ સ્થિતિ સંક્લિષ્ટતાથી બંધાય છે. તે જ હકીકત તથા તેનાથી બંધાતી સ્થિતિ શુભ - અશુભ છે. તે વાત ગ્રંથકારશ્રી સ્વમુખે જણાવે છે.**

**सव्वाण वि जिट्ठठिई, असुभा जं साइसंकिलेसेणं ।**
**इयरा विसोहिओ पुण, मुत्तुं नर अमरतिरियाउं ।। ५२।।**

(सर्वासामपि ज्येष्ठा स्थितिरशुभा यत्सा अतिसंक्लेशेन ।
इतरा विशोधितः पुनर्मुक्त्वा नरामरतिर्यगायुः ।। ५२ ।।

**શબ્દાર્થ :-** **सव्वाण वि** = સર્વે પણ કર્મપ્રકૃતિઓની, **जिट्ठठिई** = ઉત્કૃષ્ટસ્થિતિ, **असुभा** = અશુભ છે, **जं** = કારણ કે, **सा** = તે ઉત્કૃષ્ટસ્થિતિ, **अइसंकिलेसेणं** = અતિશય સંક્લેશ વડે, **इयरा** = ઈતર

એવી (જઘન્ય) સ્થિતિ, **विसोहिओ** = વિશુદ્ધિથી, **पुण** = વળી, **मुत्तुं** = મુકીને, **नरअमरतिरियाउं**=મનુષ્ય, તિર્યંચ અને દેવાયુષ્યને ॥ ૫૨ ॥

**ગાથાર્થ** = સર્વે પણ કર્મપ્રકૃતિઓની **ઉત્કૃષ્ટસ્થિતિ અશુભ** છે. કારણ કે તે અતિશય સંક્લિષ્ટતાથી બંધાય છે અને ઈતર એટલે **જઘન્ય સ્થિતિ શુભ છે.** કારણ કે તે વિશુદ્ધિથી બંધાય છે. મનુષ્ય, દેવ અને તિર્યંચના આયુષ્યને મુકીને ઉપરોક્ત નિયમ જાણવો. ॥ ૫૨ ॥

**વિવેચન=** દેવ, મનુષ્ય અને તિર્યંચ આ ત્રણ આયુષ્યકર્મને મુકીને શેષ સર્વે પણ કર્મપ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અશુભ છે. કારણ કે તે સ્થિતિ **તીવ્ર** સંક્લેશ વડે બંધાય છે. અને જઘન્ય સ્થિતિ શુભ છે. કારણ કે જઘન્યસ્થિતિ (મંદ-મંદતર સંક્લેશ વડે એટલે કે) વિશુદ્ધિ વડે બંધાય છે.

જ્ઞાનાવરણીય આદિ સર્વે કર્મોની જે જઘન્યસ્થિતિ અન્તર્મુહૂર્ત આદિ પ્રમાણવાળી બંધાય છે. તે પહેલું સ્થિતિસ્થાન કહેવાય છે. સમયાધિક અંતર્મુહૂર્તની જે સ્થિતિ બંધાય છે. તે બીજું સ્થિતિસ્થાન. બે સમયાધિક, ત્રણ સમયાધિક, ચાર સમયાધિક અંતર્મુહૂર્તની જે સ્થિતિ બંધાય છે તે અનુક્રમે ત્રીજું, ચોથું અને પાંચમું **સ્થિતિસ્થાન** કહેવાય છે. એમ ૩૦ કોડાકોડી સાગરોપમ આદિ પોતપોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સુધી સમજવું. એક અંતર્મુહૂર્ત ન્યૂન એવા ૩૦ કોડાકોડી સાગરોપમના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો જ્ઞાનાવરણીય કર્મનાં સામાન્યથી થાય છે. એમ બીજા કર્મોમાં પણ સ્વયં સમજી લેવું. અસત્કલ્પનાએ અંતર્મુહૂર્ત એટલે ધારો કે ૨૫ સમય, અને ૩૦ કોડાકોડી સાગરોપમ એટલે ૩ હજાર વર્ષ આવી કલ્પના કરીએ તો જ્ઞાનાવરણીય કર્મનાં સ્થિતિસ્થાનો ૩૦૦૦ વર્ષના સમયોની સંખ્યામાં ૨૫ ન્યૂન કરીએ તેટલી સંખ્યા પ્રમાણ છે એમ કલ્પના માત્રથી જાણવું.

તેમાંથી એક એક સ્થિતિસ્થાન ભિન્ન ભિન્ન જીવો વડે, ભિન્ન ભિન્ન અધ્યવસાય વડે એક જ કાળે બાંધી શકાય છે. અથવા એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ વડે પણ ભિન્ન ભિન્ન કાળે, ભિન્ન ભિન્ન અધ્યવસાયો વડે એકેક સ્થિતિસ્થાન બાંધી શકાય છે. એક સરખી સમાન સ્થિતિવાળું ૩૦ કોડાકોડી સાગરોપમની પરિપૂર્ણસ્થિતિવાળું ૧ સ્થિતિસ્થાન બાંધનારા જીવોમાં ભિન્ન ભિન્ન અધ્યવસાય સ્થાનો હોય છે. એ જ પ્રમાણે સમય ન્યૂન ૩૦ કોડાકોડી પ્રમાણવાળા બીજા સ્થિતિસ્થાનને બાંધનારા જીવોમાં પણ અનેક અધ્યવસાય સ્થાનો હોય છે. એમ યાવત્ અંતર્મુહૂર્તની સ્થિતિવાળા ચરમ સ્થિતિસ્થાન સુધી જાણવું.

**પ્રશ્ન** - એક એક સ્થિતિસ્થાન બાંધનારા જીવોમાં જો ભિન્ન ભિન્ન અધ્યવસાય સ્થાન હોઈ શકે છે. તો એકેક સ્થિતિસ્થાનમાં તે અધ્યવસાય સ્થાનો કેટલાં હોય ? તેની સંખ્યાનું શું કોઈ માપ ખરૂં ?

**ઉત્તર** :- એક એક સ્થિતિસ્થાનમાં અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે. ચૌદ રાજલોક પ્રમાણ જે એક લોકાકાશ છે. એવા અસંખ્યાત લોકાકાશ કલ્પનાથી ઉભા કરીએ અને તે સર્વેના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા અધ્યવસાયો એક એક સ્થિતિસ્થાનમાં હોય છે.

**પ્રશ્ન** :- અંતર્મુહૂર્તના કાળ પ્રમાણવાળા પ્રથમ સ્થિતિસ્થાનમાં જે અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયો હોય છે તે જ સર્વે અધ્યવસાયસ્થાનો સમયાધિકવાળા બીજા સ્થાનમાં હોય કે તે અધ્યવસાય સ્થાનોથી (અન્ય) બીજાં હોય કે કેટલાંક તે જ અને કેટલાંક (અન્ય) બીજાં હોય ?

**ઉત્તર** :- પ્રથમ સ્થિતિસ્થાનના અધ્યવસાયો કરતાં બીજા સ્થિતિસ્થાનના અધ્યવસાયો **સર્વથા અન્ય** જ હોય છે. પૂર્વના સ્થાનનો એક પણ અધ્યવસાય ત્યાં હોતો નથી. એમ પ્રત્યેક સ્થાનોમાં નવા નવા જ અધ્યવસાય સ્થાન હોય અને અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ હોય. કારણ કે અંતર્મુહૂર્ત વાળુ પ્રથમ સ્થિતિસ્થાન બાંધવામાં જે સંક્લેશ હોય છે તેના કરતાં સમયાધિકવાળા બીજા સ્થિતિસ્થાનને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાંધવામાં સંક્લેશ વધારે હોય છે. અંતર્મુહૂર્ત વાળા પહેલા સ્થિતિસ્થાનના અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં જે ઉત્કૃષ્ટ સંક્લેશ સ્થાન છે. તેના કરતાં સમયાધિક બીજા સ્થિતિસ્થાનનું જઘન્ય સંક્લેશ સ્થાન પણ વધુ કષાયવાળું હોય છે. એમ પ્રત્યેક સ્થિતિ સ્થાનોમાં જાણવું.

**પ્રશ્ન** - સર્વે સ્થિતિસ્થાનોમાં અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ જે અધ્યવસાય સ્થાનો કહ્યાં તે સંખ્યામાં સમાન હોય કે હીનાધિકપણે વિષમ હોય ?

**ઉત્તર** :- અંતર્મુહૂર્તવાળા પ્રથમ સ્થિતિસ્થાનમાં જે અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો છે તે અધ્યવસાય સ્થાનો તેની પછીના સ્થિતિસ્થાનોના અધ્યવસાયસ્થાનો કરતાં અલ્પ છે. તેના કરતાં સમયાધિક અંતર્મુહૂર્તવાળા બીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક છે. એમ વિશેષાધિક વિશેષાધિક અધ્યવસાયસ્થાનો ૩૦ કોડાકોડી સુધી જાણવાં

**પ્રશ્ન** :- કોઈ પણ સ્થિતિસ્થાનના બંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે એમ કહો છો, તો કારણભૂત અધ્યવસાય સ્થાનો અનેક (ચિત્ર-વિચિત્ર) અને કાર્યભૂત સ્થિતિબંધ એક (અચિત્ર) એમ થાય, જે ન્યાયથી વિરુધ્ધ છે. કારણ કે જો કારણની વિચિત્રતા હોય તો કાર્યની પણ વિચિત્રતા હોવી જોઈએ. અને સ્થિતિસ્થાનરૂપ જો કાર્યની અવિચિત્રતા છે તો અધ્યવસાય સ્થાનરૂપ કારણની પણ અવિચિત્રતા જ હોવી જોઈએ. અન્યથા આ કાર્ય-કારણભાવ ન્યાય સંગત ગણાય નહીં.

**ઉત્તર** :- અસંખ્ય અધ્યવસાય સ્થાનો વડે બંધાતી સ્થિતિ, કાળની મર્યાદાથી સમાન બંધાતી હોવાથી અચિત્ર હોવા છતાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવને આશ્રયીને તે ચિત્ર-વિચિત્ર પણ બંધાય છે. તેથી ન્યાયનો વિરોધ આવતો નથી. જેમ કે ૨૦ પુરુષોએ જાુદા જાુદા અધ્યવસાયોથી **અસાતા વેદનીયકર્મ** ધારો કે ૧૦૦ વર્ષની

JAINSITE
જૈન સાઈટ
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમાનસ્થિતિવાળું બાંધ્યું. પરંતુ એકને એ કર્મ આહારની વિષમતાથી પીડા કરનાર બનશે, બીજાને શરદીથી પીડાકારી બનશે. ત્રીજાને એક્સીડન્ટ થવાથી પીડાકારી બનશે. ચોથાને તાવ આવવાથી પીડાકારી બનશે. એમ દ્રવ્યભેદ સમજાવ્યો. એવી રીતે કોઈને તે અસાતા અમદાવાદમાં પીડાકારી બનશે. કોઈને તે કર્મ સુરતમાં પીડાકારી બનશે, કોઈને મુંબઈમાં જાય ત્યારે પીડાકારી બનશે. આ ક્ષેત્રભેદ થયો, એમ કોઈને કારતક માસમાં પીડા ઉપજાવનાર બનશે. કોઈને માગસરમાં પીડા ઉપજાવનાર બનશે આ કાલભેદ થયો. એમ ભાવભેદ પણ સમજવો. આ રીતે ૧૦૦ વર્ષની સ્થિતિ સમાન બંધાવા છતાં પણ જુદા જુદા દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિથી તે સ્થિતિમાં ફળવિપાક આપવાપણું જે નિર્માણ થાય છે, તે આ ભિન્ન ભિન્ન અધ્યવસાયસ્થાનોની કારણતાને આભારી છે. સારાંશ કે અધ્યવસાયસ્થાનો જેમ અનેક હોવાથી ચિત્ર-વિચિત્ર છે. તેમ તજ્જન્ય સ્થિતિબંધ પણ સમાનસ્થિતિવાળો બંધાવા છતાં પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવને આશ્રયી ભિન્નભિન્ન ફળવિપાક આપવા સ્વરૂપે અવશ્ય ચિત્ર-વિચિત્ર જ બંધાય છે. તેથી ન્યાયની જરા પણ અસંગતિ થતી નથી. આ રીતે (૧) એક એક સ્થિતિસ્થાન અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો વડે બંધાય છે. (૨) તે અધ્યવસાયસ્થાનો પ્રતિસમયે ભિન્નભિન્ન હોય છે અને વિશેષાધિક હોય છે. તથા (૩) સ્થિતિકાળના પ્રમાણ પણે સમાન બંધાતી તે સ્થિતિ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિને આશ્રયી અસમાન પણ છે જ. સ્થિતિ-બાંધવાના કાળે અધ્યવસાયોની વિચિત્રતામાં તે કાળે ત્યાં નિમિત્તપણે વર્તતા દ્રવ્ય-ક્ષેત્રાદિનું વૈચિત્ર્ય કારણ છે. આવા પ્રકારના નિમિત્તોની વિચિત્રતાના કારણે અધ્યવસાયોનું વૈચિત્ર્ય થાય છે. અને અધ્યવસાયોની વિચિત્રતાના કારણે બંધાતી સ્થિતિમાં (સ્થિતિ સમાન બંધાવા છતાં) વિપાકપ્રદાનમાં નિમિત્તભૂત થનારા દ્રવ્યાદિનું વૈચિત્ર્ય નક્કી થાય છે. અને તેથી તે કર્મની સ્થિતિના ઉદયકાળે ભિન્નભિન્ન નિમિત્તો આવી મળે છે. માટે કારણવૈચિત્ર્યે કાર્યવૈચિત્ર્યના ન્યાયની અસંગતિ જરા પણ થતી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| સ્થિતિસ્થાન | | | |
|---|---|---|---|
| ૭. સ્થિતિસ્થાન-૧૫ | ૧૯૦ | થી | ૨૧૦ |
| ૧૪ | ૧૭૦ | થી | ૧૮૯ |
| ૧૩ | ૧૫૧ | થી | ૧૬૯ |
| ૧૨ | ૧૩૩ | થી | ૧૫૦ |
| ૧૧ | ૧૧૬ | થી | ૧૩૨ |
| ૧૦ | ૧૦૦ | થી | ૧૧૫ |
| ૯ | ૮૫ | થી | ૯૯ |
| ૮ | ૭૧ | થી | ૮૪ |
| ૭ | ૫૮ | થી | ૭૦ |
| ૬ | ૪૬ | થી | ૫૭ |
| ૫ | ૩૫ | થી | ૪૫ |
| ૪ | ૨૫ | થી | ૩૪ |
| ૩ | ૧૬ | થી | ૨૪ |
| ૨ | ૮ | થી | ૧૫ |
| જઘન્યસ્થિતિસ્થાન ૧ | ૧-૨-૩-૪-૫-૬-૭ | | |

આ પંદર સ્થિતિ સ્થાન કલ્પ્યાં છે. જે અંતર્મુહૂર્ત ન્યૂન ૩૦ કોડા કોડી સાગરોપમ પ્રમાણ છે.

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

● - ૧ થી ૨૧૦ સુધીનાં અધ્યવસાય સ્થાનો છે.

● - દરેક સ્થિતિસ્થાને અધ્યવસાય સ્થાન બદલાય છે. માટે તમામ સ્થિતિસ્થાનોમાં આંક જુદા જુદા મુક્યા છે.

● - પહેલા સ્થિતિસ્થાનનું ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન જે છે. તેનાથી બીજા સ્થિતિસ્થાનનું જઘન્ય અધ્યવસાય સ્થાન પણ વધારે સંક્લિષ્ટ છે. તે જણાવવા આંક પ્રથમસ્થિતિમાં ઉત્કૃષ્ટ ૭ અને બીજી સ્થિતિમાં જઘન્ય ૮ લખેલ છે.

● - સ્થિતિસ્થાનમાં અધ્યવસાય સ્થાનો અધિક અધિક હોવાથી દરેકમાં એક એકનો વધારો સૂચવ્યો છે. તેથી આકાર વિષમચતુરસ્ર થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૩૦ કોડાકોડી સાગરોપમવાળું સર્વથી ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો વડે બંધાય છે. તે ઉપરના ચિત્રમાં અસત્કલ્પનાએ ૧૯૦ થી ૨૧૦ બતાવવામાં આવ્યા છે. તે તીવ્ર સંક્લેશવાળા અધ્યવસાય સ્થાનો છે. એક સમય ન્યૂન ૩૦ કોડાકોડી સાગરોપમવાળા (૧૪ નંબરના) બીજા સ્થિતિસ્થાનમાં કિંચિદ્ ન્યૂન તીવ્ર સંક્લેશવાળાં અસંખ્ય અધ્યવસાયસ્થાનો છે. જે ચિત્રમાં (૧૭૦ થી ૧૮૯ રૂપે) બતાવવામાં આવ્યાં છે. એમ જઘન્ય સ્થિતિસ્થાન સુધી સમજવું.

પુણ્યકર્મ હોય કે પાપકર્મ હોય પરંતુ (ત્રણ આયુષ્યકર્મ વિના) ૧૧૭ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટસંક્લેશ વડે બંધાય છે. માટે **અશુભ** છે. મધ્યમસ્થિતિ મધ્યમ સંક્લેશ વડે બંધાય છે માટે મધ્યમ છે. અને જઘન્યસ્થિતિ મંદ-મંદતર અને મંદતમ સંક્લેશવડે બંધાય છે તેથી શુભ છે. અત્યન્ત મંદતમ સંક્લેશવાળા અધ્યવસાયસ્થાનમાં વિશુદ્ધિ ઘણી છે અને સંક્લિષ્ટતા અત્યન્ત અલ્પ છે એટલે જઘન્યસ્થિતિ વિશુદ્ધિથી બંધાય છે એમ પણ કહેવાય છે. પહેલા, ચોથા આદિ ગુણસ્થાનકો કરતાં નવમા-દસમા ગુણસ્થાનકોના અધ્યવસાયસ્થાનોમાં કષાયોના જે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય છે તે વિશુદ્ધિ છે અને મંદતમ એવા પણ સંજ્વલનાદિનો જે વિપાકોદય છે તે સંક્લિષ્ટતા છે. એમ એક અધ્યવસાયસ્થાનમાં બન્ને છે. છતાં ૨૨ પ્રકૃતિઓની નવમે-દસમે જે જઘન્યસ્થિતિ બંધાય છે. તે મંદતમ એવા પણ સંજ્વલનકષાયોના વિપાકોદયજન્ય છે. પરંતુ કષાયોના ઉપશમાદિરૂપ વિશુદ્ધિથી જન્ય નથી. છતાં આવો ભેદ બાલજીવો ન સમજી શકે એટલે કષાયોની મંદતાને જ વિશુદ્ધિ કહેવામાં આવે છે આ કારણે વિશુદ્ધિથી જઘન્યસ્થિતિ બંધાય છે એમ કહેવાય છે. અને તે વચન ઉપચાર વચન છે તથા તે જઘન્ય સ્થિતિબંધને (ઉત્કૃષ્ટ સ્થિત્યાદિની અપેક્ષાએ) **શુભ** કહેવાય છે.

પુણ્યકર્મ અને પાપકર્મ એમ બન્ને પ્રકારનાં કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા વડે બંધાય છે. માટે **અશુભ** છે. અને જઘન્યસ્થિતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશુદ્ધિ વડે બંધાય છે. માટે **શુભ** છે. પરંતુ રસબંધમાં તેમ નથી. રસબંધમાં પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી બંધાય છે. અને જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. પરંતુ પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. અને જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય છે. તેનું કારણ એ છે કે પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ જીવોને આનંદ-પ્રમોદનો હેતુ છે અર્થાત્ સુખહેતુક છે તથા પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ દુઃખનો હેતુ છે. તેથી જ આગળ આવતા ઉત્કૃષ્ટ રસ બંધના સ્વામિત્વને સમજાવનારી ગાથાઓમાં જ્યાં ઘણી વિશુદ્ધિ હોય ત્યાં પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ અને જ્યાં ઘણી સંક્લિષ્ટતા હોય ત્યાં પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ બંધાય છે. એમ કથન કરેલું છે.

સ્થિતિબંધમાં ત્રણ આયુષ્ય વિના સર્વે (૧૧૭) કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટસંક્લેશ વડે બંધાય છે અને જઘન્યસ્થિતિ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ વડે બંધાય છે. તેથી જ તીર્થંકર નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ નરકાભિમુખ અને મિથ્યાત્વાભિમુખ એવા સમ્યગ્દૃષ્ટિ જીવને બંધાય છે. અને જઘન્યસ્થિતિ આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના ચરમ સમયે ક્ષપકશ્રેણિવાળા જીવને બંધાય છે. આ પ્રમાણે પુણ્યપ્રકૃતિ હોય, કે પાપપ્રકૃતિ હોય, પરંતુ ૧૧૭ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશ વડે બંધાય છે અને તે અશુભ છે. જ્યારે જઘન્યસ્થિતિ વિશુદ્ધિ વડે બંધાય છે અને તે શુભ છે.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

રસબંધમાં પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ વિશુદ્ધિથી અને જઘન્યરસ સંક્લિષ્ટતાથી બંધાય છે તથા પાપપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ સંક્લિષ્ટતાથી અને જઘન્ય રસ વિશુદ્ધિથી બંધાય છે.

ત્રણ આયુષ્યકર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ એ બન્ને વિશુદ્ધિથી બંધાય છે અને શુભ છે તથા જઘન્યસ્થિતિ અને જઘન્ય રસ એમ બન્ને સંક્લિષ્ટતાથી બંધાય છે અને અશુભ છે.

સર્વે કર્મોના સ્થિતિબંધમાં કારણ કષાય છે અને રસબંધમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ કષાય તથા લેશ્યા છે. કાષાયિક અધ્યવસાયસ્થાનો અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. અને તેમાંના એક એક કાષાયિક અધ્યવસાયસ્થાનમાં લેશ્યાજન્ય તરતમતા અસંખ્ય પ્રકારની છે. તેથી એક એક કાષાયિક અધ્યવસાયસ્થાનમાં રસબંધના હેતુભૂત લેશ્યાજન્ય તરતમતા રૂપ અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

આ પ્રમાણે એક કાષાયિક અધ્યવસાયસ્થાનમાં લેશ્યાની ભિન્નતાથી અસંખ્યભેદ થાય છે. તેથી એકેક સ્થિતિસ્થાનમાં અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ સ્થિતિબંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો હોય છે અને એકેક કાષાયિક અધ્યવસાયસ્થાનોમાં લેશ્યાજન્ય તરતમતાવાળા અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ રસબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો હોય છે. તેથી સ્થિતિબંધ અને રસબંધમાં **સામાન્યથી કષાય કારણ** છે ઠિઇઅણુભાગં કસાયાઓ (ગાથા ૯૬ પરંતુ વિશેષથી વિચારીએ તો સ્થિતિબંધમાં કારણ કષાય છે અને રસબંધમાં કારણ **લેશ્યાસહચરિત કષાય** છે. (अनुभागबन्धाध्यवसायस्थानानि कृष्णादि-लेश्यापरिणामविशेषरूपाणि "सकषायोदया हि कृष्णादिलेश्यापरिणामविशेषा अनुभागबन्धहेतवः" इति वचनात् (કર્મપ્રકૃતિ બંધનકરણ ગાથા ૫૨ ની ટીકા.)

આ કારણથી જ પૂર્વે ગાથા ૪૨ થી ૪૫માં સ્થિતિબંધના સ્વામી જ્યાં કહ્યા છે ત્યાં તીવ્રસંક્લિષ્ટતાથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ અને મંદ-મંદતર મંદતમ કષાયો વડે (**એટલે કે ઉપચારથી વિશુદ્ધિ વડે**) જઘન્યસ્થિતિબંધ સમજાવ્યો છે. પરંતુ હવે પછી ગાથા ૬૬ થી ૭૩માં જે રસબંધના સ્વામી કહેવાશે ત્યાં ઉત્કૃષ્ટરસબંધમાં પુણ્યપ્રકૃતિઓના સ્વામી મંદકષાયવાળા (વિશુદ્ધિવાળા) અને પાપપ્રકૃતિઓના તીવ્રકષાયવાળા કહેવાશે. તેવી જ રીતે જઘન્યરસબંધમાં પુણ્યપ્રકૃતિઓના તીવ્રકષાયવાળા અને પાપપ્રકૃતિઓના મંદકષાયવાળા (વિશુદ્ધિવાળા) જીવો સ્વામી કહેવાશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન-** અતિશય તીવ્ર કષાયો જ્યારે હોય ત્યારે તો પાપપ્રકૃતિઓ જ બંધાય. પુણ્યપ્રકૃતિઓ બંધાય જ નહીં તો તેનો જઘન્યરસ બંધાય એમ કહેવાનો અર્થ શું ? એવી જ રીતે અતિશય મંદતમ કષાયો (વિશુદ્ધિ) હોય ત્યારે પુણ્ય પ્રકૃતિઓ જ બંધાય, પાપપ્રકૃતિઓ બંધાય જ નહીં, તેથી તેના જઘન્ય રસબંધનું વિધાન શું મિથ્યા નહીં થાય ?

**ઉત્તર-** ઘણા તીવ્ર કષાયો વર્તતા હોય ત્યારે પણ કેટલીક પુણ્યપ્રકૃતિઓ અમુકગતિ પ્રાયોગ્ય બંધ હોવાના કારણે બંધાય જ છે. જેમ કે સાતમી નરકપ્રાયોગ્ય બંધ જ્યારે થતો હોય, ત્યારે પણ પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીર, વૈક્રિય અંગોપાંગ, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ આદિ કેટલીક પુણ્યપ્રકૃતિઓ બંધાય જ છે. પરંતુ તે પ્રકૃતિઓ અલ્પ રસવાળી બંધાય છે. તેવી રીતે નવમા-દસમા ગુણસ્થાનકે કષાયો ઘણા જ મંદ, મંદતર, મંદતમ (અતિશય વિશુદ્ધ) હોવા છતાં પણ જ્ઞાનાવરણીયાદિ પાપપ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી અવશ્ય બંધાય જ છે. પરંતુ તે કાળે તે પ્રકૃતિઓનો રસ મંદ બંધાય છે. આ પ્રમાણે સ્થિતિબંધ અને રસબંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાયસ્થાનોની અને તજ્જન્યસ્થિતિની શુભાશુભતા સમજાવી. ॥૫૨॥

JAINSITE .com
जैनम् जयति शासनम्

**આવા પ્રકારના તીવ્ર કષાયો પ્રાયઃ મન, વચન અને કાયાની ચેષ્ટા રૂપ યોગની અધિકતામાં અધિક સંભવી શકે છે. તેથી આ પ્રસંગે યોગનું અલ્પબહુત્વ પણ સમજાવે છે.**

**सुहुमनिगोयाइखणऽप्पजोग बायर य विगलअमणमणा ।**
**अपज्ज लहु पढमदुगुरू, पज्ज हस्सियरो असंखगुणो ॥५३॥**

**असमत्ततसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठाणा ।**
**अपजेयर संखगुणा, परमपजबीए असंखगुणा ॥५४॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(सूक्ष्मनिगोदादिक्षणेऽल्पयोगो बादरस्य च विकलासंज्ञिसंज्ञिनः ।
अपर्याप्तस्य जघन्यः प्रथमद्विकस्य गुरुः पर्याप्तस्यहृस्वेतरोऽसंख्येयगुणः ॥५३॥

असमाप्तत्रसस्योत्कृष्टः पर्याप्तस्य जघन्येतर एवं स्थितिस्थानानि ।
अपर्याप्तेतरयोः संख्येयगुणानि परमपर्याप्तद्वीन्द्रियस्यासंख्येयगुणानि ॥५४॥

**सुहुमनिगोयाइखण** = સૂક્ષ્મનિગોદીયા જીવને ઉત્પત્તિના પ્રથમસમયમાં **अप्पजोग** = અલ્પયોગ હોય છે. **बायर विगलअमणमणा** = બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી, **अपज्ज लहु** = અપર્યાપ્તાનો જઘન્ય યોગ **पढमदुगुरू** = પહેલા બેનો ઉત્કૃષ્ટ, **पज्ज हस्सिअरो** = પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ, **असंखगुणो** = અસંખ્યાતગુણો છે. **असमत्ततसुक्कोसो** = અપર્યાપ્તા ત્રસનો ઉત્કૃષ્ટ, **पज्ज जहन्नियरु**=પર્યાપ્તાનો જઘન્ય અને ઉત્કૃષ્ટ, **एव** = આ પ્રમાણે, **ठिइठाणा** = સ્થિતિસ્થાનો, **अपजेयर** = અપર્યાપ્તા અને પર્યાપ્તાના, **संखगुणा** = સંખ્યાતગુણાં, **परं** = પરંતુ **अपजबीए** = અપર્યાપ્તા બેઇન્દ્રિયનાં, **असंखगुणा** = અસંખ્યાતગુણાં હોય છે. ॥૫૩-૫૪॥

**ગાથાર્થ=** સૂક્ષ્મનિગોદીયા જીવને ઉત્પત્તિના પ્રથમક્ષણે અલ્પયોગ હોય છે. તેનાથી બાદરએકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવોનો અપર્યાપ્તાનો જઘન્યયોગ, પહેલા બેનો ઉત્કૃષ્ટયોગ, તે જ બન્ને પર્યાપ્તાનો જઘન્ય તથા ઉત્કૃષ્ટ યોગ અનુક્રમે અસંખ્યાતગુણો છે. તેનાથી અપર્યાપ્તા ત્રસનો ઉત્કૃષ્ટ, પર્યાપ્તા ત્રસનો જઘન્ય તથા ઉત્કૃષ્ટ અનુક્રમે અસંખ્યાતગુણો છે. એ પ્રમાણે સ્થિતિસ્થાનો પણ જાણવાં. અપર્યાપ્તા અને પર્યાપ્તાનાં અનુક્રમે સંખ્યાતગુણાં, પરંતુ અપર્યાપ્તા બેઇન્દ્રિયનાં અસંખ્યાતગુણાં સ્થિતિસ્થાનો છે. ॥૫૩-૫૪॥

**વિવેચન=** યોગનું વર્ણન આ ગાથામાં સમજાવે છે. જેમ કષાયથી સ્થિતિ-રસ બંધાય છે. તેમ યોગથી પ્રકૃતિ અને પ્રદેશ બંધાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ગાથા-૯૬) અહીં યોગ એટલે આત્માના પ્રદેશોનું હલનચલન, આંદોલન, અસ્થિરતા. યોગ હોતે છતે જ કષાયો આવે છે. તેથી કાષાયિક અધ્યવસાયસ્થાનોના પ્રકરણમાં યોગનું અલ્પબહુત્વ સમજાવે છે. જે આ આત્મા છે. તે અસંખ્ય પ્રદેશોનું બનેલું એક અખંડ અને અનાદિ નિત્ય ધ્રુવ દ્રવ્ય છે. તેના પ્રદેશોની **અસ્થિરતાને યોગ** કહેવાય છે. આત્મપ્રદેશોની આ અસ્થિરતા મન, વચન અને કાયાના આલંબનથી (સહકારથી) થાય છે. તેથી મન દ્વારા જે અસ્થિરતા=ચંચળતા થાય તે મનોયોગ, વચન દ્વારા જે અસ્થિરતા થાય તે વચનયોગ અને કાયા દ્વારા જે અસ્થિરતા થાય તે કાયયોગ કહેવાય છે.

વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમથી (૧ થી ૧૨ ગુણસ્થાનક સુધી) અને ક્ષયથી (૧૩મે, ૧૪મે) આત્મામાં જે શક્તિ પ્રગટ થાય છે. તેને **લબ્ધિવીર્ય** કહેવાય છે. આ **લબ્ધિવીર્ય** એ આત્મામાં સહજભાવે રહેલી અને કર્મોના ક્ષયોપશમ અથવા ક્ષયથી આવિર્ભૂત થયેલી **શક્તિવિશેષ** છે. તે આત્માનો ગુણ છે. તેથી તે કર્મબંધનું કારણ બનતી નથી. પરંતુ તે લબ્ધિવીર્ય જ્યારે મન, વચન અને કાયા દ્વારા વપરાતું થાય છે. અને તેના દ્વારા આત્મપ્રદેશો ચલિત (ચંચળ-અસ્થિર) થાય છે ત્યારે તેને કરણવીર્ય કહેવાય છે. આ **કરણવીર્ય** કર્મબંધનો હેતુ બને છે.

વીર્યાન્તરાયના ક્ષયોપશમથી અથવા ક્ષયથી પ્રગટ થયેલું લબ્ધિવીર્ય આત્માના સર્વ પ્રદેશોમાં એકસરખું સમાન હોય છે. પરંતુ કાયાદિના સહયોગથી વપરાતું કરણવીર્ય સર્વપ્રદેશોમાં સમાન હોતું નથી. પરંતુ **વિષમ**=હીનાધિક હોય છે. તેનાં બે કારણો છે. (૧) કાર્યની નિકટતા અને દૂરતા, (૨) સર્વ આત્મપ્રદેશોનો સાંકળના અંકોડાઓની જેમ પરસ્પર સંબંધ વિશેષ. ઘડો ઉપાડવાનું કામ કરતી વખતે આંગળીઓના ભાગમાં ઘડો ઉપાડવાનું કાર્ય અતિશય નિકટ છે. માટે વધારે કરણવીર્ય હોય છે. તેનાથી કોણીના ભાગમાં, ખભાના ભાગમાં અને છાતીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગમાં ઓછું ઓછું કરણવીર્ય હોય છે. બોલવાનું કાર્ય કરો ત્યારે જીભના ભાગમાં વધારે વીર્ય અને શેષભાગોમાં હીન હીન વીર્ય થાય છે. સાંકળનો એક અંકોડો જોરથી ચલાવીએ તો હાથમાં રહેલો અંકોડો વધારે ચાલે છે અને પછી પછીના અંકોડા ક્રમશઃ હીન-હીન ચાલે છે. તેમ અહીં પણ સમજવું. પૂજ્યપાદ શ્રી શિવશર્મસૂરિજીએ કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે-

"परिणामालंबणगहणसाहणं, तेण लद्धनामतिगं ।
कज्जाब्भासाण्णुण्णप्पवेसविसमीकयपएसं ॥ बंधन. क. ४ ॥"

ઔદારિકાદિ શરીરોની રચનાના કાળે તથા શ્વાસ, ભાષા અને મનના પ્રયોગકાળે ઔદારિકાદિ વર્ગણાઓનાં પુદ્ગલોને ગ્રહણ કરવામાં, પરિણમન પમાડવામાં, અને શ્વાસાદિની બાબતમાં તેનું આલંબન લઈને છોડવામાં આ વીર્ય સાધન બને છે. તેથી તેનાં ત્રણ નામ છે તથા કરાતા કાર્યનો અભ્યાસ (નિકટતા) અને આત્મપ્રદેશોનો પરસ્પર પ્રવેશ હોવાથી વિષમ વીર્યવાળા પ્રદેશો કરાયા છે. કર્મપ્રકૃતિ બં.ક.ગાથા ૪

**પ્રશ્ન**= એક આત્માના પ્રદેશો કેટલા ? એક એક આત્મપ્રદેશમાં જો કરણવીર્ય હીનાધિક છે. તો સમાનવીર્યવાળા પ્રદેશો કેટલા ? ઓછામાં ઓછા વીર્યવાળા આત્મપ્રદેશોમાં પણ કેટલું વીર્ય હોય ? કયા ક્રમે વધારો થાય? તે વધારો સતત હોય કે સાન્તર હોય ?

**ઉત્તર-** ચૌદ રાજલોક પ્રમાણ જે એક લોકાકાશ છે. તેના જેટલા આકાશપ્રદેશો છે. તેટલા આત્મપ્રદેશો, એક એક આત્માના છે. લોકાકાશના આકાશપ્રદેશોની સંખ્યાથી એક પણ આત્મપ્રદેશ હીન કે અધિક નથી. તેથી જ કેવલીસમુદ્ઘાત કાળે આ જીવ લોકવ્યાપી થઈ શકે છે.

આ કરણવીર્ય સર્વે જીવો કરતાં સૂક્ષ્મનિગોદના જીવમાં ઉત્પત્તિના પ્રથમસમયે અત્યન્ત હીન હોય છે. કારણ કે આ જીવને વચન અને મન તો છે જ નહીં અને કાયા પણ અતિશય સૂક્ષ્મ છે. તેમાં પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્પત્તિના પ્રથમ સમયવર્તી સૂક્ષ્મનિગોદના સર્વે જીવોમાં પણ સમાનપણે કરણવીર્ય નથી, પરંતુ હીનાધિક છે. કોઈમાં પ્રવર્તતું તે વીર્ય હીન છે. કોઈમાં અધિક છે. તેથી ઉત્પત્તિના પ્રથમસમયવર્તી સૂક્ષ્મ નિગોદજીવોમાં પણ જે જીવ સૌથી જઘન્યવીર્યવાળો હોય છે. તેવા જીવના કરણવીર્યની આપણે અત્યારે વિચારણા કરીએ છીએ. કારણ કે **વપરાતું જે આ કરણવીર્ય છે તેને જ યોગ કહેવાય છે.** અને યોગના અલ્પબહુત્વના પ્રકરણનો આ અધિકાર પ્રસ્તુત છે.

સર્વે જીવો કરતાં જઘન્ય કરણવીર્યવાળા સૂક્ષ્મનિગોદ જીવના એક લોકાકાશ જેટલા આત્મપ્રદેશોમાં કાર્યની નિકટતાને અનુસારે અને આત્મપ્રદેશોના શૃંખલાવયવની જેમ પરસ્પર સંબંધવિશેષને કારણે હીનાધિકપણે કરણવીર્ય પ્રવર્તે છે. તેથી તે આત્મામાં ઓછામાં ઓછા વીર્યવાળો એક આત્મપ્રદેશ લઈએ અને તે એક આત્મપ્રદેશ સંબંધી વીર્યના અવિભાજ્ય ભાગ પાડીએ (કેવલી ભગવાનની દૃષ્ટિએ પણ જેના ફરીથી બે ભાગ ન થાય એવા સૂક્ષ્મ અણુઓ જો તે વીર્યના બુદ્ધિથી કરીએ) તો એક લોકાકાશ જેવા અસંખ્ય લોકાકાશ કલ્પીએ અને તેના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા વીર્યના અણુઓ પ્રમાણ કરણવીર્ય જઘન્ય વીર્યવાળા ૧ આત્મપ્રદેશમાં હોય છે. દાખલા તરીકે અસત્કલ્પનાએ એક આત્માના આત્મપ્રદેશો એક લોકાકાશપ્રદેશ પ્રમાણ એટલે ૧૦,૦૦૦ દસ હજાર છે. તે આત્માના જઘન્યવીર્યવાળો જે એક આત્મપ્રદેશ છે. તેમાં જે વીર્ય છે. તે વીર્ય અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ એટલે ૧,૦૦,૦૦૦ એક લાખ વીર્યાવિભાગ પ્રમાણ છે. આ આત્મપ્રદેશની સાથે સમાનપણે વીર્યવાળા એટલે કલ્પનાથી બરાબર એક લાખ વીર્યાવિભાગવાળા અસંખ્ય આત્મપ્રદેશો (ઘનીકૃતલોકના અસંખ્યાતમાભાગના આકાશપ્રદેશો જેટલા આત્મપ્રદેશો) હોય છે. તે સમાન વીર્યાવિભાગવાળા અસંખ્ય આત્મપ્રદેશોનો સમુદાય તેને **યોગની પ્રથમ વર્ગણા** કહેવાય છે. યોગ વર્ગણા એટલે પરસ્પર **સમાનવીર્યવાળા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આત્મપ્રદેશોનો સમુદાય.** તે જ આત્મામાં તે જ કાળે અસંખ્ય લોકાકાશથી પણ એક વીર્યાવિભાગ અધિક એટલે કે કલ્પનાથી એક લાખ અને એક (૧૦૦૦૦૧) વીર્યાવિભાગવાળા પણ અસંખ્ય આત્મપ્રદેશો હોય છે. તે પ્રદેશોનો સમુદાય તે યોગની બીજી વર્ગણા. એમ એક એક વીર્યાવિભાગની વૃદ્ધિવાળા અને માંહોમાંહે સમાન વીર્યાવિભાગવાળા અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશોના સમુદાયને વર્ગણા કહેતાં કહેતાં ત્યાં સુધી જવું કે એક સૂચિશ્રેણીનો અસંખ્યાતમો ભાગ થાય. ક્રમસર સતતપણે થયેલી તે વર્ગણાઓના સમુદાયને એક **સ્પર્ધક** કહેવાય છે. અસત્કલ્પનાએ ૧,૦૦,૦૦૦ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશોની જેમ ૧ વર્ગણા થાય છે તેમ ૧,૦૦,૦૦૧ થી ૧,૦૦,૦૨૫ વીર્યાવિભાગવાળા અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશોના સમુદાયરૂપે ક્રમશઃ બીજી પણ ૨૫ વર્ગણાઓ થાય છે. જે સૂચિ શ્રેણીના અસંખ્યાતમા ભાગરૂપ છે. તે ક્રમસર થયેલી ૨૬ વર્ગણાઓનો સમુદાય તેને એક સ્પર્ધક કહેવાય છે. તેનાથી એક અધિક (અર્થાત્ કલ્પનાથી ૧,૦૦,૦૨૬) વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો તે જીવમાં હોતા નથી. ૧,૦૦,૦૨૭, ૧,૦૦,૦૨૮ આદિ વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો તે જીવમાં હોતા નથી. આંતરું પડે છે. પરંતુ તેમાં અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણની સંખ્યા ઉમેરો ત્યાં સુધી એટલે કે ૨૦૦૦૦૦ બે લાખ સુધીના વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો મળતા નથી. પરંતુ તેનાથી ૧ અધિક કરીએ તો તેટલા વીર્યાવિભાગવાળા આત્મપ્રદેશો તે જીવમાં હોય છે. તે આત્મપ્રદેશોનો સમુદાય તે બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણા એમ સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ બીજી વર્ગણાઓ થાય છે. તે વર્ગણાઓના સમુદાયને બીજું સ્પર્ધક કહેવાય છે. આવા પ્રકારના સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્પર્ધકો તે સૂક્ષ્મનિગોદજીવના ઉત્પત્તિના પ્રથમસમયવર્તી વીર્યનાં થાય છે. આ થયેલ **અસંખ્ય સ્પર્ધકોનો જે સમુદાય તે એક યોગસ્થાન** કહેવાય છે. કે જે યોગસ્થાન



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સર્વથી જઘન્ય વીર્યવાળું છે. આ યોગસ્થાન લબ્ધિઅપર્યાપ્તસૂક્ષ્મનિગોદને ઉત્પત્તિના **પ્રથમ સમયે** હોય છે.

સર્વથી જઘન્યવીર્યવાળા સૂક્ષ્મનિગોદ જીવના વીર્ય કરતાં કંઈક અધિક વીર્યવાળા ઉત્પત્તિના પ્રથમ સમયે જ વર્તતા બીજા સૂક્ષ્મનિગોદ જીવના વીર્યની પણ આ જ ક્રમે અસંખ્ય **અસંખ્ય વર્ગણાઓ** અને સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ **યોગસ્પર્ધકો** થાય છે. તે બીજું યોગસ્થાન કહેવાય છે. આ બીજા યોગસ્થાનકના પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા, પ્રથમ યોગસ્થાનના ચરમ સ્પર્ધકની ચરમ વર્ગણા કરતાં અસંખ્યેય **અધિક વીર્યાવિભાગ**વાળા આત્મપ્રદેશોની હોય છે. આ પ્રમાણે બીજું, ત્રીજું, ચોથું, એમ ક્રમશઃ સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ **"યોગસ્થાનો"** થાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

સર્વ જીવોનાં મળીને કુલ **"યોગસ્થાનો"** સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ છે. એકેક યોગસ્થાનકમાં અસંખ્યાત સ્પર્ધકો છે એકેક સ્પર્ધકમાં અસંખ્યાતી વર્ગણાઓ છે. એકેક વર્ગણામાં સમાન વીર્યાવિભાગવાળા ઘનીકૃત લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ આત્મપ્રદેશો છે. અને એકેક આત્મપ્રદેશમાં અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ (અને ક્રમશઃ વૃદ્ધિ પામતા) વીર્યાવિભાગો છે. સૌથી ઓછામાં ઓછો યોગ સૂક્ષ્મનિગોદીયા ઉત્પત્તિના પ્રથમસમયવર્તી જઘન્યવીર્યવાળા જીવને હોય છે. અને સૌથી વધુમાં વધુ યોગ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા સર્વોત્કૃષ્ટ વીર્યવાળાને હોય છે. બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય અપર્યાપ્તા, પર્યાપ્તાને મધ્યમ યોગ હોય છે અને અપર્યાપ્તામાં પ્રતિસમયે ક્રમશઃ અસંખ્યાતગુણ વૃદ્ધિવાળો યોગ હોય છે. તે સર્વેનું યોગ સંબંધી અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

(૧) અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્યયોગ સર્વથી અલ્પ.
(૨) તેનાથી અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ.

(૩) તેનાથી અપર્યાપ્તા બેઇન્દ્રિયજીવનો જઘન્યયોગ અસંખ્યગુણ.
(૪) તેનાથી અપર્યાપ્તા તેઇન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ.
(૫) તેનાથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ.
(૬) તેનાથી અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ.
(૭) તેનાથી અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ.
(૮) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૯) તેનાથી અપર્યાપ્તા બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૦) તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૧૧) તેનાથી પર્યાપ્તા બાદર એકેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૧૨) તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૩) તેનાથી પર્યાપ્તા બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૪) તેનાથી અપર્યાપ્તા બેઇન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૫) તેનાથી અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૬) તેનાથી અપર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૭) તેનાથી અપર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૮) તેનાથી અપર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૧૯) તેનાથી પર્યાપ્તા બેઇન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૨૦) તેનાથી પર્યાપ્તા તેઇન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૨૧) તેનાથી પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૨૨) તેનાથી પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૨૩) તેનાથી પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો જઘન્ય યોગ અસંખ્યગુણ.
(૨૪) તેનાથી પર્યાપ્તા બેઇન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૨૫) તેનાથી પર્યાપ્તા તેઇન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૨૬) તેનાથી પર્યાપ્તા ચઉરિન્દ્રિય જીવનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૨૭) તેનાથી પર્યાપ્તા અસંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.
(૨૮) તેનાથી પર્યાપ્તા સંજ્ઞી પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે મૂલ ગાથાના અનુસારે કુલ ૨૮ બોલનું યોગ સંબંધી અલ્પબહુત્વ સમજાવ્યું. સ્વોપજ્ઞ ટીકામાં છેલ્લો ૨૮મો બોલ લખ્યા પછી પાંચ વિકલ્પો પણ કર્યા છે. (૧) અનુત્તરવાસી દેવો, (૨) ગ્રૈવેયકવાસી દેવો (૩) યુગલિક તિર્યંચ-મનુષ્યો, (૪) આહારકશરીરી જીવો, અને (૫) બાકીના સર્વે દેવ-નારકી, તિર્યંચ, મનુષ્ય સ્વરૂપ ચારે ગતિના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો. આ પાંચ ભેદો ૨૮ મા બોલના ઉત્તરભેદો હોય તેમ લાગે છે. એટલે ૨૭મા બોલમાં કહેલા પર્યાપ્તા અસંજ્ઞી પં.ના ઉત્કૃષ્ટયોગથી અનુત્તરવાસી જીવોનો ઉત્કૃષ્ટ યોગ અસંખ્યગુણો છે. એમ પાંચે બોલમાં સમજવું. જેથી ૨૭+૫=કુલ ૩૨ બોલનું અલ્પબહુત્વ પણ થાય છે. અહીં સર્વ ઠેકાણે જે અસંખ્યગુણો યોગ કહ્યો તે સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમના અસંખ્યાતમા ભાગરૂપ સમજવો. જીવ જ્યારે જઘન્યયોગમાં વર્તતો હોય ત્યારે જઘન્ય કર્મપ્રદેશો ગ્રહણ કરે છે અને ઉત્કૃષ્ટ યોગમાં વર્તે ત્યારે ઉત્કૃષ્ટ કર્મ પ્રદેશોનું ગ્રહણ કરે છે. યોગની હાનિ-વૃદ્ધિને અનુસારે કર્મયોગ્ય પ્રદેશોનું ગ્રહણ હાનિ-વૃદ્ધિવાળું હોય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે પ્રાસંગિક યોગસ્થાનનું સ્વરૂપ સમજાવીને હવે **"સ્થિતિ સ્થાન"** સમજાવે છે. કાળને આશ્રયી બંધાતી ભિન્ન ભિન્ન જે સ્થિતિ તે સ્થિતિસ્થાન કહેવાય છે. કોઈપણ એક જીવસ્થાનકમાં જે જઘન્ય સ્થિતિ બંધાય છે. તે પ્રથમસ્થિતિસ્થાન કહેવાય છે. સમયાધિક એવી તે જ સ્થિતિને બીજું સ્થિતિસ્થાન કહેવાય છે. બે સમયાધિક, ત્રણ સમયાધિક એવી તે જ સ્થિતિને અનુક્રમે ત્રીજું, ચોથું સ્થિતિસ્થાન કહેવાય છે. એમ યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ તે જીવસ્થાનકમાં જેટલી બંધાય ત્યાં સુધી સમજવું. સારાંશ કે કોઈપણ એક જીવસ્થાનકમાં જઘન્યસ્થિતિબંધથી ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ સુધીનો જે ગાળો છે, તેના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો (સમયભેદને આશ્રયી તેટલા પ્રકારની સ્થિતિ બાંધવાના પ્રકારો) થાય છે. સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા અને અપર્યાપ્તા એકેન્દ્રિયના ચારે જીવસ્થાનકોમાં બાદર પર્યાપ્તામાં સંપૂર્ણ સાતીયા ત્રણ ભાગ, અને બાકીના ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવસ્થાનકમાં કંઈક ન્યૂન સાતીયા ત્રણ ભાગ આદિની જ ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય છે. અને તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલી જઘન્યસ્થિતિ બંધાય છે. તેથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો આ ચાર જીવભેદમાં હોય છે.

પરંતુ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ નાનો-મોટો અસંખ્યાત જાતનો હોય છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મમાં, અપર્યાપ્તા બાદરમાં, પર્યાપ્તા સૂક્ષ્મમાં અને પર્યાપ્તા બાદરમાં ૪૯મી ગાથામાં જણાવ્યા પ્રમાણે અનુક્રમે મોટો મોટો એવો આ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જાણવો કારણ કે આ ક્રમે જ ચારે જીવભેદોમાં ચૈતન્યતા અધિક અધિક આવિર્ભૂત હોવાથી વધારે વધારે વિશુદ્ધિ પણ આ જ ક્રમે હોય છે. જેથી અતિશય વધારે વધારે જઘન્યસ્થિતિ પણ બંધાય છે. તથા વધારે વધારે સંક્લિષ્ટતા પણ આ જ ક્રમે હોય છે. તેથી ઉત્કૃષ્ટસ્થિતિ પણ આ જ ક્રમે બંધાય છે. અસત્કલ્પનાએ સાતીયા ત્રણ ભાગને ૧૩૦૦ના આંકની કલ્પના કરીએ. અને પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટામાં મોટો ૩૦૦ના આંકનો અને નાનામાં નાનો ૧૦નો કલ્પીએ તો

સૂ. અપ.માં ૧૨૪૬ થી ૧૨૫૫ સુધીનાં ૧૦ સ્થિતિસ્થાનો થાય છે.
બા. અપ.માં ૧૨૩૬ થી ૧૨૬૫ સુધીનાં ૩૦ સ્થિતિસ્થાનો થાય છે.
સૂ. પ.માં ૧૨૧૧ થી ૧૨૯૦ સુધીનાં ૮૦ સ્થિતિસ્થાનો થાય છે.
બા. પ. માં ૧૦૦૧ થી ૧૩૦૦ સુધીનાં ૩૦૦ સ્થિતિસ્થાનો થાય છે.

આ ચારે જીવસ્થાનકોમાં જઘન્યથી ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વચ્ચેનો ગાળો પલ્યોપમના અસં. ભાગ પ્રમાણ જ છે. પરંતુ તે નાનો-મોટો હોવાથી પરસ્પર સંખ્યાતગુણાં સ્થિતિસ્થાનો થાય છે. તે સમજાવવા ચારે જીવભેદોમાં અસત્કલ્પનાએ અનુક્રમે ૧૦, ૩૦, ૮૦, ૩૦૦ સ્થાનો કલ્પીને બમણાથી વધારે બતાવવા માટે આ રૂપક કલ્પ્યું છે.

બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ વચ્ચે પલ્યોપમના સંખ્યાતમા ભાગનો ગાળો છે. અસંખ્યાતમા ભાગ કરતાં સંખ્યાતમો ભાગ ઘણો મોટો હોય છે. તેથી અસંખ્યાતમો ભાગ જો ૧૦ થી ૩૦૦ના આંકનો છે તો સંખ્યાતમો ભાગ ૫ થી ૫૦૦નો ગણવો જોઈએ. જેથી અસંખ્યાતમા ભાગ વાળાનાં જે સ્થિતિસ્થાનો થાય. તેના કરતાં સંખ્યાતમા ભાગ વાળાનાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણા થાય છે. પલ્યોપમના સંખ્યાતમા ભાગની અને અસંખ્યાતમા ભાગની જે ઉપર ૧૦ થી ૩૦૦ અને ૫ થી ૫૦૦ની કલ્પના કરી છે તે સમજાવવા પૂરતી કલ્પના છે. આ રીતે વિચારતાં આ સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ નીચે મુજબ થાય છે.

(૧) સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સર્વથી અલ્પ છે.
(૨) તેનાથી બા. એકેન્દ્રિય અપ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૩) તેનાથી સૂ. એકેન્દ્રિય પ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૪) તેનાથી બા. એકેન્દ્રિય પ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૫) તેનાથી બેઈન્દ્રિય અપ.નાં સ્થિતિસ્થાનો અસંખ્યાતગુણ છે.
(૬) તેનાથી બેઈન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૭) તેનાથી તેઈન્દ્રિય અપર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૮) તેનાથી તેઈન્દ્રિય પર્યાપ્તાનાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૯) તેનાથી ચઉરિન્દ્રિય અપ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૧૦) તેનાથી ચઉરિન્દ્રિય પ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૧૧) તેનાથી અસંજ્ઞી પંચે. અપ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૧૨) તેનાથી અસંજ્ઞી પંચે. પ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૧૩) તેનાથી સંજ્ઞી પંચે. અપ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.
(૧૪) તેનાથી સંજ્ઞી પંચે. પ.નાં સ્થિતિસ્થાનો સંખ્યાતગુણ છે.

ચૌદ બોલના આ અલ્પબહુત્વમાં પ્રથમના ચાર બોલમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો છે અને તે ચારે જીવભેદોમાં અનુક્રમે વિશુદ્ધિ તથા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંક્લેશતા ઉત્તરોત્તર વધારે હોવાથી જઘન્યસ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં ક્રમશઃ બન્ને બાજુ વધારો થવાથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ મોટો મોટો લેવાથી સંખ્યાતગુણાકારવાળું અલ્પબહુત્વ સંભવી શકે છે અને બેઈન્દ્રિય અપર્યાપ્તામાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ હોવાથી અસંખ્યાતમા ભાગ કરતાં તે અતિશય ઘણો મોટો હોવાથી અસંખ્યાતગુણા સ્થિતિસ્થાનો થાય છે. ત્યારબાદ પ્રાયઃ સર્વત્ર પલ્યોપમનો સંખ્યાતમો ભાગ જ મોટો મોટો લેવાનો હોવાથી સ્થિતિસ્થાનોમાં સંખ્યાતપણું સારી રીતે ઘટે છે. અન્તિમભેદ જે સંજ્ઞી પર્યાપ્તો છે. તેમાં અન્તર્મુહૂર્તની જઘન્યસ્થિતિથી માંડીને ૨૦/૩૦/૪૦ અને ૭૦ કોડાકોડી સુધીની ઉત્કૃષ્ટસ્થિતિ બંધાતી હોવાથી તે સ્થિતિ સુધીના ગાળાના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો છે. જે સૌથી વધારે સંખ્યાતગુણાં છે. ॥ ૫૩-૫૪ ॥

जैन साइट JAINSITE જૈન શ્રુત શાસન

**ગાથા ૫૩-૫૪માં યોગના વર્ણનનો અને સ્થિતિસ્થાનના વર્ણનનો પ્રસંગ ચાલે છે. તેથી યોગની વૃદ્ધિનું વર્ણન અને સ્થિતિસ્થાનના બંધમાં હેતુભૂત અધ્યવસાયસ્થાનોનું વર્ણન ગ્રંથકાર મહર્ષિ જણાવે છે.**

**पइखणमसंखगुणविरिय अपजपइठिइमसंखलोगसमा ।**
**अज्झवसाया अहिया, सत्तसु आउसु असंखगुणा ।।५५ ।।**

(प्रतिक्षणमसङ्ख्यगुणवीर्या अपर्याप्ता प्रतिस्थित्यसंख्यलोकसमाः ।
अध्यवसाया अधिकाः सप्तस्वायुःष्वसङ्ख्यातगुणाः ।। ५५ ।।)

**पइखणम्**=પ્રત્યેક ક્ષણે, **असंखगुणविरिय**=અસંખ્યાતગણા વીર્યવાળા, **अपज** = અપર્યાપ્તા જીવો હોય છે, **पइठिइं** = દરેક સ્થિતિસ્થાનોમાં, **असंखलोगसमा** = અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ, **अज्झवसाया** = અધ્યવસાય સ્થાનો, **अहिया** = અધિક અધિક હોય છે, **सत्तसु** =સાત કર્મોમાં, **आउसु** = આયુષ્યકર્મમાં, **असंखगुणा** = અસંખ્યાતગુણા હોય છે. ॥૫૫॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** = અપર્યાપ્તા જીવો પ્રતિક્ષણે અસંખ્યાતગુણા વીર્યવાળા હોય છે. સર્વે સ્થિતિસ્થાનોમાં અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો હોય છે. સાતકર્મોમાં એકસ્થાનથી બીજા સ્થાનમાં અધિક અધિક હોય છે. અને આયુષ્યકર્મમાં અસંખ્યાતગુણ હોય છે. ॥ ૫૫ ॥

**વિવેચન** = ઘનીકૃત લોકની એક સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગના જેટલા આકાશપ્રદેશો થાય તેટલાં (એટલે કે અસંખ્યાતાં) યોગસ્થાનો કુલ છે. તેમાં કેટલાંક અપર્યાપ્તા-પ્રાયોગ્ય છે. એટલે કે અપર્યાપ્તા જીવોને આવે છે અને કેટલાંક પર્યાપ્તા-પ્રાયોગ્ય છે. જે પર્યાપ્તા જીવોને પ્રાપ્ત થાય છે. ત્યાં જે અપર્યાપ્તા જીવો છે. (સૂક્ષ્મ અપર્યાપ્ત, બાદર અપર્યાપ્ત, વિકલેન્દ્રિય અપર્યાપ્તા, અસંજ્ઞી અને સંજ્ઞી અપર્યાપ્તા). તે સર્વે અપર્યાપ્તા જીવો લબ્ધિ અપર્યાપ્તા હોય કે કરણ અપર્યાપ્તા હોય તો પણ ઉત્પત્તિના પ્રથમ સમયથી આરંભીને પ્રતિસમયે અસંખ્યગુણા યોગ વડે વધે છે. શરીરની રચનાનો કાળ હોવાથી અને પુદ્ગલોનો સહયોગ મળવાથી આ કરણાત્મકવીર્ય અસંખ્યાતગુણાકારે પ્રતિસમયે અવશ્ય વૃદ્ધિ પામે છે.

અહીં મૂળ ગાથામાં "पइखणमसंखगुणविरिय अपज" એમ અપર્યાપ્તાનું વિધાન હોવાથી અને પર્યાપ્તાનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ ન હોવાથી અર્થાપત્તિન્યાયથી તથા શાસ્ત્રાન્તરોથી જણાય છે કે પર્યાપ્તા જીવોમાં પ્રતિસમયે ક્યારેક યોગની વૃદ્ધિ પણ થાય છે અને ક્યારેક યોગની હાનિ પણ થાય છે. ક્યારેક સ્થિર યોગ પણ રહે છે. વૃદ્ધિ થાય કે હાનિ થાય તો પણ **અસંખ્યાતગુણ** જ થાય એવો નિયમ નથી. અલ્પ હાનિ-વૃદ્ધિ પણ થાય અને અધિક હાનિ-વૃદ્ધિ પણ થાય. અને વિવક્ષિત એવા કોઈ પણ એક યોગસ્થાનમાં વૃદ્ધિહાનિરહિત પણ પર્યાપ્તા જીવો અલ્પકાળ સુધી રહે છે. અર્થાત્ હાનિ-વૃદ્ધિ ન થાય અને સ્થિર યોગ રહે તેમ પણ બને છે. અપર્યાપ્તામાં અવશ્ય વૃદ્ધિ જ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે પર્યાપ્તા જીવોમાં જો વૃદ્ધિ થાય તો વર્તમાનકાળે તે પર્યાપ્તા જીવને જેટલો યોગ વર્તતો હોય (જે યોગસ્થાન વર્તતું હોય) તેનાથી અનંતર સમયે કંઈક અધિક અર્થાત્ અસંખ્યાતમા ભાગે અધિક યોગ વધે છે. કોઈક કાળે સંખ્યાતભાગ અધિક યોગ વધે છે. કોઈક કાળે સંખ્યાતગુણો અને કોઈક કાળે અસંખ્યાત ગુણો યોગ વધે છે. એમ ચાર પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારે તે જીવમાં યોગની વૃદ્ધિ થાય છે. અને જો હાનિ થાય તો પણ તે જ ચાર પ્રકારે અસંખ્યાતભાગહીન, સંખ્યાતભાગહીન, સંખ્યાતગુણહીન અને અસંખ્યાતગુણહીન એમ ચાર પ્રકારે યોગની હાનિ થાય છે. પરંતુ અનંતગુણ વૃદ્ધિ કે અનંતગુણહાનિ થતી નથી. કારણ કે જઘન્યયોગસ્થાનથી ઉત્કૃષ્ટ યોગસ્થાનક સુધીમાં વર્ગણાઓ અને સ્પર્ધકો અસંખ્યાતગુણ જ છે. અનંતગુણ નથી. તેથી પ્રથમ જઘન્ય યોગસ્થાનથી અન્તિમ ઉત્કૃષ્ટ યોગસ્થાન વધુમાં વધુ અસંખ્યાતગુણા જ યોગવાળું થાય છે. અનંતગુણવાળું થતું નથી. તે જ રીતે અન્તિમ યોગસ્થાનથી પ્રથમ યોગસ્થાન અસંખ્યાતગુણહીન યોગવાળું જ થાય છે. પરંતુ અનંતગુણહીન યોગવાળું થતું નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

હવે પર્યાપ્તા જીવો જો યોગની હાનિ અથવા વૃદ્ધિવાળા ન થાય અને તેના તે જ યોગમાં જો વર્તે તો જઘન્યથી ૧ સમય રહે પરંતુ વધુમાં વધુ એક યોગસ્થાનમાં કેટલો કાળ રહે ? આ ચર્ચા આ રીતે જાણવી.

જઘન્યયોગસ્થાનકથી આરંભીને પ્રારંભનાં કેટલાંક (સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ) યોગસ્થાનો વધુમાં વધુ ચાર સમય સુધી ટકે છે. પછીનાં કેટલાંક (સૂચીશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ પરંતુ કંઈક ન્યૂન) યોગસ્થાનો પાંચ સમય સુધી ટકે છે. એમ ક્રમસર કેટલાંક છ સમય સુધી, કેટલાંક સાત સમય સુધી, અને કેટલાંક આઠ સમય સુધી ટકે છે. ત્યારબાદનાં કેટલાંક સાત સમય, કેટલાંક છ સમય, એમ પાંચ સમય, ચાર સમય, ત્રણ સમય, અને અન્તિમ કેટલાંક વધુમાં વધુ બે સમય સુધી વર્તે છે. આ પ્રમાણે પર્યાપ્તા જીવોમાં યોગની હાનિ પણ થાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે, વૃદ્ધિ પણ થાય છે, અને અવસ્થિત પણ રહે છે. પરંતુ અપર્યાપ્ત જીવોમાં તો પ્રતિક્ષણે યોગની અવશ્ય વૃદ્ધિ જ થાય છે. અને તે પણ અસંખ્યાતગુણાકારે જ વૃદ્ધિ થાય છે. હાનિ કે અવસ્થિતતા હોતી નથી અને વૃદ્ધિ પણ અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, અને સંખ્યાત ગુણ એમ શેષ ત્રણ પ્રકારની હોતી નથી. માત્ર એક જ જાતની વૃદ્ધિ થાય છે. અને તે પણ નિયમા અસંખ્યાતગુણ જ.

**પ્રશ્ન** - પર્યાપ્ત જીવોમાં ધારો કે પ્રતિક્ષણે અસંખ્યાતભાગ અધિક અધિક યોગ વધ્યા જ કરે તો કેટલા કાળ સુધી વધુમાં વધુ વધ્યા જ કરે ? એવી જ રીતે અસંખ્યાતમા ભાગે ઘટે તો કેટલા કાળ સુધી વધુમાં વધુ ઘટ્યા જ કરે ? તે જ પ્રમાણે સંખ્યાતમા ભાગે, સંખ્યાતગુણે અને અસંખ્યાતગુણે વધે કે ઘટે તો વધુમાં વધુ કેટલા કાળ સુધી ?

**ઉત્તર** - પર્યાપ્ત જીવોમાં જો પ્રતિસમયે અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ અને સંખ્યાતગુણ આ ત્રણ પ્રકારે યોગની હાનિ કે વૃદ્ધિ થાય તો આવલિકાના અસંખ્યાતમા ભાગ પ્રમાણ કાળ સુધી વધ્યા જ કરે અથવા ઘટ્યા જ કરે છે, એમ ઉત્કૃષ્ટથી બને છે. અને જઘન્યથી એક સમય જ હાનિ-વૃદ્ધિ થઈને બીજા સમયે બીજા પ્રકારની હાનિ-વૃદ્ધિ પણ થાય છે. પરંતુ અસંખ્યાત ગુણવાળી જો ચોથા પ્રકારની હાનિ અથવા વૃદ્ધિ થાય તો જઘન્યથી એક સમય થાય છે. અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી પણ થઈ શકે છે. આ નિયમ પર્યાપ્ત માટે જાણવો. અપર્યાપ્ત જીવો તો પ્રતિક્ષણે અસંખ્યાતગુણા યોગે જ વધે છે અને તે અંતર્મુહૂર્ત સુધી (સ્વયોગ્ય પર્યાપ્તિઓ સમાપ્ત કરે ત્યાં સુધી) વધે છે. હાનિ થતી જ નથી.

યોગનું યત્કિંચિત્ વર્ણન કર્મપ્રકૃતિ પ્રમાણે સમજાવીને હવે આઠે કર્મોના એકેક સ્થિતિસ્થાનોમાં તેના બંધના હેતુભૂત કાષાયિક અધ્યવસાયસ્થાનો કેટલાં કેટલાં હોય ? તે સમજાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનાવરણીય આદિ આઠે કર્મોની અંતર્મુહૂર્ત, આઠ મુહૂર્ત અને બાર મુહૂર્ત આદિ સ્વરૂપ જે જઘન્યમાં જઘન્ય સ્થિતિ બંધાય છે, તે પ્રથમ સ્થિતિસ્થાન. સમયાધિક જઘન્યસ્થિતિબંધ થાય તે બીજું સ્થિતિસ્થાન. બે સમયાધિક જઘન્યસ્થિતિબંધ થાય તે ત્રીજું સ્થિતિસ્થાન. એમ એક એક સમય અધિક અધિક કરતાં યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ આવે ત્યાં સુધી જુદાં જુદાં સ્થિતિસ્થાનો થાય છે. એટલે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનાં અન્તર્મુહૂર્તથી ત્રીસ કોડાકોડી સાગરોપમ સુધીના જેટલા સમયો થાય તેટલાં સ્થિતિસ્થાનો થાય છે. વેદનીય કર્મનાં બાર મુહૂર્તથી ત્રીસ કોડાકોડી સાગરોપમ સુધીના સમય પ્રમાણ, નામ-ગોત્રનાં આઠ મુહૂર્તથી વીસ કોડાકોડી સાગરોપમ સુધીના સમય પ્રમાણ, મોહનીયકર્મનાં અંતર્મુહૂર્તથી સીત્તેર કોડાકોડી સાગરોપમ સુધીના સમય પ્રમાણ અને આયુષ્યકર્મનાં અબાધાકાળ રહિતપણે વિચારીએ તો અંતર્મુહૂર્ત (એક ક્ષુલ્લકભવ)થી તેત્રીસ સાગરોપમ સુધીના સમય પ્રમાણ **સ્થિતિસ્થાનો** થાય છે. જુદા જુદા કાળ પ્રમાણવાળી આટલી જાતની સ્થિતિ ભિન્ન-ભિન્ન જીવો વડે બાંધી શકાય છે. તેમાંના એક એક સ્થિતિસ્થાન બાંધનારા ત્રણે કાળના જુદા જુદા જીવોમાં જે જે કંઈક કંઈક તરતમતાવાળાં ભિન્ન ભિન્ન અધ્યવસાય સ્થાનો હોય છે તે ગણતાં કુલ અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો થાય છે. કોઈ પણ એક સ્થિતિસ્થાન અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાય સ્થાનો વડે બંધાય છે.

**પ્રશ્ન** - ત્રણે કાળના જીવો વડે જુદા જુદા અધ્યવસાયોથી એક સરખી સમાન સ્થિતિ ઉપર કહ્યા પ્રમાણે બાંધી શકાય છે, તો જીવો અનંત હોવાથી પ્રત્યેક સ્થિતિસ્થાનોમાં અનંત અનંત અધ્યવસાયસ્થાનો હોવાં જોઈએ, તેના બદલે અસંખ્યાતાં (અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ) જ કેમ કહો છો?

**ઉત્તર** - સમાન સ્થિતિ બાંધનારા જીવો અનંત હોવા છતાં પણ અધ્યવસાય સ્થાનો અનંત નથી. તેનું કારણ એ છે કે ઘણા ઘણા જીવો સમાન અધ્યવસાયસ્થાનમાં વર્તનારા પણ હોય છે. જેમ દસ લાખ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છોકરાઓ ગુજરાત રાજ્યની એસ. એસ. સી.ની પરીક્ષા આપે, પરંતુ તેનું પરિણામ તો ૧ થી ૧૦૦ માર્કસ્માં જ આવે છે. અર્થાત્ બેસનારા દસ લાખ છે. પરંતુ પરિણામ દસ લાખ જાતનું આવતું નથી. માત્ર ૧૦૦ જાતનું જ છે. તેમ અહીં સમજવું. તેથી એક એક અધ્યવસાય સ્થાનમાં ત્રણે કાળને આશ્રયી અનંત-અનંત જીવો વર્તતા હોય છે. જેથી જીવો અનંત હોવા છતાં પણ અધ્યવસાય સ્થાનો અસંખ્ય જ થાય છે.

**પ્રશ્ન** - પ્રત્યેક સ્થિતિસ્થાનમાં અસંખ્ય (અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ) અધ્યવસાયસ્થાનો હોય છે. એમ ઉપર કહ્યું. ત્યાં પ્રશ્ન થાય છે કે સર્વે સ્થિતિસ્થાનોમાં આ અધ્યવસાય સ્થાનો સમાન સંખ્યાવાળાં અસંખ્ય હોય છે ? કે તેમાં વધારો-ઘટાડો હોય છે?

**ઉત્તર** - આયુષ્ય વિનાનાં સાત કર્મોમાં જઘન્યસ્થિતિસ્થાનથી પ્રારંભીને ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન સુધી વિશેષાધિક-વિશેષાધિક (દ્વિગુણથી કંઈક ન્યૂન) અધ્યવસાયસ્થાનો હોય છે. અને આયુષ્યકર્મમાં જઘન્યસ્થિતિસ્થાનથી પ્રારંભીને ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી ક્રમશઃ અસંખ્યાતગુણ-અસંખ્યાતગુણ અધ્યવસાય સ્થાનો હોય છે. તે આ પ્રમાણે-જ્ઞાનાવરણીય કર્મની અન્તર્મુહૂર્ત પ્રમાણ જે જઘન્યસ્થિતિ બંધાય છે, તે બાંધનારા ત્રિકાળવર્તી સર્વજીવો આશ્રયી આ પ્રથમ સ્થિતિસ્થાનમાં સૌથી અલ્પ તો પણ અસંખ્યાત (અસંખ્યાતલોકાકાશપ્રદેશ પ્રમાણ) અધ્યવસાયસ્થાનો હોય છે. તેનાથી સમયાધિક અંતર્મુહૂર્ત પ્રમાણ બીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક, તેનાથી બે સમયાધિક અંતર્મુહૂર્ત પ્રમાણ ત્રીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક. એમ ઉત્તરોત્તર વિશેષાધિક-વિશેષાધિક અધ્યવસાયસ્થાનો ત્યાં સુધી જાણવાં કે યાવત્ ૩૦ કોડાકોડી સાગરોપમવાળું ઉત્કૃષ્ટસ્થિતિસ્થાન આવે. આ જ પ્રમાણે શેષ દર્શનાવરણીય આદિ (આયુષ્ય વિનાનાં) છ કર્મોમાં જઘન્યથી ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક અધ્યવસાયસ્થાનો પોતપોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સુધી સમજવાં.

**પ્રશ્ન**-આયુષ્યકર્મમાં શું તફાવત છે? કે જેથી **તેના વિના** કહો છો?

**ઉત્તર** - આયુષ્યકર્મમાં જઘન્યસ્થિતિ સ્થાનથી ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીમાં પ્રત્યેકમાં ક્રમશઃ વિશેષાધિક અધ્યવસાય સ્થાનો નથી. પરંતુ અસંખ્યાતગુણા છે. એ તફાવત છે. ક્ષુલ્લકભવ પ્રમાણવાળું મનુષ્ય અને તિર્યંચના આયુષ્યનું જે જઘન્યસ્થિતિસ્થાન છે તેમાં જે (અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ) અસંખ્યાતાં અધ્યવસાય સ્થાનો છે. તેનાથી અસંખ્યાતગુણા અધિક સમયાધિક ક્ષુલ્લકભવવાળા બીજા સ્થિતિસ્થાનમાં, તેનાથી અસંખ્યાતગુણા અધિક બે સમયાધિક ક્ષુલ્લકભવવાળા ત્રીજા સ્થિતિસ્થાનમાં, એમ ક્રમશઃ ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા ઉત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધી જાણવું. એ જ પ્રમાણે દેવ-નારકીના ૧૦,૦૦૦ વર્ષ પ્રમાણ વાળા જઘન્યસ્થિતિસ્થાનથી ક્રમશઃ અસંખ્યાતગુણ અસંખ્યાતગુણ અધ્યવસાયનસ્થાનો યાવત્ ૩૩ સાગરોપમના સ્થિતિસ્થાન સુધી જાણવાં.

**પ્રશ્ન** = બીજા કર્મોમાં વિશેષાધિક અને આયુષ્યકર્મમાં અસંખ્યાતગુણ આ પ્રમાણે તફાવત શા માટે ?

**ઉત્તર** = શેષ ૭ કર્મોના જઘન્યસ્થિતિબંધમાં અને આયુષ્યકર્મના જઘન્યસ્થિતિબંધમાં અધ્યવસાયસ્થાનો જો કે અસંખ્યાતલોકાકાશ પ્રદેશપ્રમાણ અસંખ્યાતાં છે. તો પણ ૭ કર્મો કરતાં આયુષ્યકર્મના પ્રથમસ્થિતિસ્થાનમાં અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો હોવા છતાં પણ અન્ય કર્મોના પ્રથમ સ્થિતિસ્થાનો કરતાં ઘણાં ઓછાં છે, એટલે પાછળના સ્થાનોમાં અસંખ્યાતગણું સારી રીતે ઘટી શકે છે. તથા બીજું કારણ એવું પણ છે કે શેષ ૭ કર્મોની સ્થિતિ **કોડાકોડી સાગરોપમ પ્રમાણ** છે જેથી **સ્થિતિસ્થાનો** ઘણાં છે. અને આયુષ્યકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ માત્ર ૩૩ સાગરોપમ જ છે. (કોડાકોડી નથી) તેથી સ્થિતિસ્થાનો જ અતિશય અલ્પ છે. તેટલાં અલ્પ સ્થિતિસ્થાનોમાં ઘણાં વધારે વધારે અધ્યાવસાયસ્થાનોનો વધારો સંભવે છે તથા તે વૃદ્ધિમાં તથાસ્વભાવ પણ કારણ છે. માટે ઉપરોક્ત અલ્પબહુત્વ યથાર્થ છે.

આ પ્રમાણે યોગની વૃદ્ધિ તથા સ્થિતિસ્થાનોમાં અધ્યવસાય સ્થાનોની વૃદ્ધિ સમજાવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે કઈ પ્રકૃતિ સતત કેટલો કાળ ન બંધાય ? એમ **बन्धविरह** અર્થાત્ **अबन्धकाल** ગ્રંથકાર મહર્ષિ જણાવે છે.

## तिरिनरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं।
## थावरचउइगविगलायवेसु पणसीइसयमयरा॥ ५६॥

(तिर्यग्नरकत्रिकोद्योतानां नरभवयुक्तं सचतु:पल्यं त्रिषष्ट्यधिकम्।
स्थावरचतुष्कैकेन्द्रियविकलेन्द्रियातपेषु पञ्चाशीतिशतमतराणाम्॥ ५६॥

**तिरिनरयतिजोयाणं**=તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોતનામકર્મનો **नरभवजुय** = કેટલાક મનુષ્યભવોથી યુક્ત, **सचउपल्ल** = ચાર પલ્યોપમ સહિત, **तेसट्ठं** = ત્રેસઠ અધિક (૧૦૦), **थावरचउ** = સ્થાવર ચતુષ્ક, **इगविगलायवेसु** = એકેન્દ્રિય, વિકલેન્દ્રિય અને આતપ નામકર્મોમાં, **पणसीइसयं** = એકસો પંચાસી, **अयरा** = સાગરોપમ. ॥ ૫૬॥

**ગાથાર્થ =** તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોતનામકર્મ એમ કુલ ૭ કર્મોનો અબંધકાળ કેટલાક મનુષ્યભવોથી યુક્ત ચાર પલ્યોપમ સહિત એકસો ત્રેસઠ સાગરોપમ છે. અને સ્થાવર ચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયજાતિ અને આતપનામકર્મમાં એકસો પંચાસી સાગરોપમ અબંધકાળ જાણવો. ॥ ૫૬॥

**વિવેચન =** હવે ૧૨૦ પ્રકૃતિઓમાંથી ૪૧ પ્રકૃતિઓનો અબંધકાળ ગ્રંથકારશ્રી સમજાવે છે. ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે અને ૪૭ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે. ૭૩માંથી ૩૩નો અને ૪૭માંથી ૮નો ૩૩ + ૮ = ૪૧નો અબંધકાળ સમજાવાશે. આ અબંધકાળ પંચેન્દ્રિયને આશ્રયી સમજાવાશે. એટલે કે કોઈ પણ જીવ પંચેન્દ્રિયમાં અને પંચેન્દ્રિયમાં જ જન્મમરણ કરે અને એકેન્દ્રિય, વિકલેન્દ્રિય કે અસંજ્ઞીમાં ન જાય, પરંતુ સતત પંચેન્દ્રિયના ભવો કરે ત્યારે જે પ્રકૃતિઓ વાસ્તવિકપણે બંધાવી જોઈએ. કારણ કે પંચેન્દ્રિય તો બધા જ ભવને યોગ્ય બંધ કરી શકે છે. છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણપ્રત્યયિક કે ભવપ્રત્યયિકતાના કારણે જે પ્રકૃતિઓ સતતપણે ન જ બંધાય અને તેના બંધનો વિરહ જ પડે તો વધુમાં વધુ કેટલો કાળ પંચેન્દ્રિયના ભવમાં બંધનો વિરહ હોય તે જણાવે છે.

તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચાયુષ્ય, નરકગતિ, નરકાનુપૂર્વી અને નરકાયુષ્ય અને ઉદ્યોતનામકર્મ આ સાત પ્રકૃતિઓ (કે જે તિર્યંચના ભવ પ્રાયોગ્ય અને નરકના ભવ પ્રાયોગ્ય છે તે)નો અબંધકાળ કેટલાક મનુષ્યના ભવોથી યુક્ત ચાર પલ્યોપમ સહિત ૧૬૩ સાગરોપમ છે. તે આ પ્રમાણે-

કોઈક જીવ દેવકુરુ અથવા ઉત્તરકુરુ આદિ ક્ષેત્રોમાં ત્રણ પલ્યોપમના આયુષ્યવાળો યુગલિક મનુષ્ય થયો. ત્યાં યુગલિક હોવાથી આખા ભવમાં દેવપ્રાયોગ્ય જ બંધ થતો હોવાથી આ સાત પ્રકૃતિઓનો અબંધ જાણવો. ભવપ્રત્યયિક આ પ્રકૃતિઓ બંધાતી નથી. મૃત્યુ પામતાં પહેલાં સમ્યક્ત્વ પામી જાય. અને સમ્યક્ત્વ પામ્યા પછી મૃત્યુ પામીને સમ્યક્ત્વ સહિત જ એક પલ્યોપમના આયુષ્યવાળા દેવમાં ઉત્પન્ન થાય. કારણ કે યુગલિકો પોતાના આયુષ્યની સમાન આયુષ્યવાળા અથવા હીન આયુષ્યવાળા દેવમાં જ ઉત્પન્ન થાય છે.

દેવભવમાં આ જીવ સમ્યક્ત્વસહિત આવેલો હોવાથી ચોથા **ગુણસ્થાનકના કારણે** ઉપરોક્ત સાત પ્રકૃતિઓ બંધાતી નથી. ત્યાંથી સમ્યક્ત્વસહિત જ મૃત્યુ પામી મનુષ્યભવમાં આવે પરંતુ **સમ્યક્ત્વ હોવાથી** આ પ્રકૃતિઓ બંધાય નહીં. મનુષ્યભવમાં દીક્ષા સ્વીકારી ઉત્તમ સંયમ પાળી મૃત્યુ પામી નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય. ત્યાં જન્મ પામ્યા પછી અંતર્મુહૂર્ત બાદ સમ્યક્ત્વ વમીને મિથ્યાત્વે જાય. પરંતુ ગ્રૈવેયકનો ભવ હોવાથી **ભવપ્રત્યયિકતાના કારણે** આ ૭ પ્રકૃતિઓ ન બંધાય. અહીં મિથ્યાત્વે ગમન કહેવાનું કારણ એ છે કે આ ભવ પછી ૬૬ સાગરોપમકાળ સમ્યક્ત્વમાં આ જીવ રહે એમ આગળ કહેવાનું છે. તે જીવ જો અહીં ગ્રૈવેયકમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્યક્ત્વમાં રહે તો આગળ કહેવાતો સમ્યક્ત્વમાં રહેવાનો ૬૬ સાગરોપમનો કાળ કહી શકાય નહીં. કારણ કે સમ્યક્ત્વમાં વધુમાં વધુ સાધિક ૬૬ સાગરોપમ કાળ જ રહેવાય છે. તેમાં ૩૧ સાગરોપમ તો આ નવમા ગ્રૈવેયકના જ થઇ જાય છે. તેથી આગળ કહેવાતું વિધાન સંગત થાય નહીં. તથા આ નવમી ગ્રૈવેયકમાં મિથ્યાત્વે જાય તો પણ ભવપ્રત્યયિકતાના કારણે આ પ્રકૃતિઓનો અબંધ જ રહેવાનો છે. તેથી મિથ્યાત્વગમન કહ્યું છે. નવમા ગ્રૈવેયકથી મૃત્યુ પામતાં પહેલાં સમ્યક્ત્વ પામી જાય. ત્યારબાદ મૃત્યુ પામીને મનુષ્યભવમાં જન્મે. પરંતુ સમ્યક્ત્વ હોવાથી **ગુણપ્રત્યયિકતાના કારણે** આ ૭ પ્રકૃતિઓ બંધાય નહીં. મનુષ્યભવમાં ઉત્તમ સંયમ પાળીને બે વાર વિજયાદિ ચાર અનુત્તરમાં જઈ ૬૬ સાગરોપમકાળ સમ્યક્ત્વમાં વર્તે. અહીં સમ્યક્ત્વ હોવાથી અને વિજયાદિનો ઉચ્ચકોટિનો ભવ હોવાથી **ગુણપ્રત્યયિક** અને **ભવપ્રત્યયિક** એમ બન્ને રીતે આ ૭નો અબંધ છે. વિજયાદિના બે ભવોની વચ્ચે જ્યારે મનુષ્યભવમાં આવે ત્યારે સમ્યક્ત્વ ચાલુ હોવાથી **ગુણનિમિત્તે** અબંધ છે. વિજયાદિના બે ભવ થયા પછી મનુષ્યભવમાં આવી અંતર્મુહૂર્તમાત્ર મિશ્રગુણઠાણે જાય. ત્યાં પણ મિશ્ર ગુણસ્થાન હોવાથી આ ૭નો બંધ થતો નથી. મિશ્રે અંતર્મુહૂર્તથી વધારે રહેવાતું નથી, તેથી અંતર્મુહૂર્ત બાદ તુરત જ સમ્યક્ત્વ પામીને મૃત્યુ પામ્યા બાદ ૨૨/૨૨ સાગરોપમ પ્રમાણ ત્રણ વાર અચ્યુત દેવલોકના ભવ કરે, ત્યાં પણ સમ્યક્ત્વ હોવાથી આ ૭ પ્રકૃતિઓ બંધાતી નથી.

ત્યારબાદ મનુષ્યમાં આવી આ જીવ કાં તો ક્ષપકશ્રેણી માંડીને મોક્ષે જાય છે. અથવા મિથ્યાત્વે જઈને આ ૭નો બંધ ચાલુ કરે છે. હવે આ જીવ ૭નો બંધ કર્યા વિના રહેતો નથી. આ પ્રમાણે ૪ પલ્યોપમ, ૩૧ સાગરોપમ, ૬૬ + ૬૬ સાગરોપમ, તથા વચ્ચે વચ્ચે થતા મનુષ્યના ભવો જેટલો કાળ અબંધકાળ જાણવો.

JAINSITE.com जैन साईट सम्यग् ज्ञान शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** = ત્રણ પલ્યોપમના યુગલિક ભવ પછી ૧ પલ્યોપમનો દેવનો ભવ શા માટે લીધો ? યુગલિકો સમાનસ્થિતિમાં પણ જાય છે તો ૨ અથવા ૩ પલ્યોપમવાળો દેવનો ભવ કેમ લેવાતો નથી. તે લઈએ તો વધારે અબંધકાળ સંભવી શકે છે.

**ઉત્તર** = શાસ્ત્રમાં આટલો જ અબંધકાળ કહેલ હોવાથી આ પ્રમાણે પ્રક્રિયા કરનારો જીવ તેવા પ્રકારના જીવ સ્વભાવે જ ૧ પલ્યોપમવાળામાં જ જાય. અધિક આયુષ્યવાળામાં ન જાય. આવો ભાવ ગ્રન્થકારના વિધાનથી તથા શાસ્ત્રાન્તરોથી સમજાય છે.

**પ્રશ્ન** = ગ્રૈવેયકના ૩૧ સાગરોપમના ભવ પછી મનુષ્યમાં આવી બે વાર વિજયાદિમાં જવાનું કહ્યું. અને ત્યારબાદ મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત મિશ્રગુણસ્થાનકે જઈને ત્રણ વાર અચ્યુતે જવાનું કહ્યું. પરંતુ "विजयादिषु द्विचरमाः" તત્ત્વાર્થ સૂત્ર ૪-૨૭માં વિજયાદિમાં બે વાર જાય તે મનુષ્યભવમાં આવીને મોક્ષે જ જાય એમ કહ્યું છે. વિજયાદિમાં બે વાર અને સર્વાર્થસિદ્ધમાં એક વાર જનારા જીવો તદ્ભવમોક્ષગામી હોય છે એમ કહ્યું છે તો અહીં વિજયાદિના ભવ પછી અચ્યુતના ત્રણ ભવો કેમ ઘટે ?

**ઉત્તર** = સ્વોપજ્ઞવૃત્તિમાં, તથા પંચસંગ્રહાદિ ગ્રન્થાન્તરોમાં પ્રથમ વિજયાદિમાં બે વાર ગયા પછી મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત મિશ્રભાવ અનુભવી ત્રણ વાર અચ્યુતે જવાનું સ્પષ્ટ લખે છે. તેથી અનુમાન કરાય છે કે વિજયાદિના બે ભવ કર્યા પછી તુરત મોક્ષે જાય આ પ્રમાણેનું તત્ત્વાર્થ સૂત્રકારનું જે વિધાન છે તે બાહુલ્યતાને આશ્રયી હશે. અને તેથી કવચિત્ ઉપર મુજબ પણ ભવો થતા હશે.[1]

૧. સ્વોપજ્ઞ ટીકામાં પ્રથમ વિજયાદિમાં બે વાર જઈને ૬૬ સાગરોપમ કાળ પુરીને મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત મિશ્રે જઈને ત્યારબાદ ત્રણવાર અચ્યુતે જવાનો પાઠ બે-ત્રણવાર છે. તેથી તત્ત્વાર્થસૂત્રનું વિધાન પ્રાયિક હોય એમ લાગે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** = બે વાર વિજયાદિના ભવ પછી મનુષ્યભવમાં અંતર્મુહૂર્ત મિશ્રે જાય એમ કહ્યું. ત્યાં મિશ્રે મોકલવાની શી જરૂર ?

**ઉત્તર** = જો વચ્ચે અંતર્મુહૂર્ત મિશ્રે જાય તો જ અચ્યુતાદિના ત્રણ ભવ વડે સમ્યક્ત્વમાં ૬૬ સાગરોપમકાળ બીજી વાર રહી શકે. અન્યથા વિજયાદિમાં જવા વડે એક વાર ૬૬ સાગરોપમ કાળ થઈ ગયેલ હોવાથી સમ્યક્ત્વમાં વધારે રહેવાય નહીં અને મિથ્યાત્વે જવું જ પડે અને ત્યાં જાય તો આ ૭ પ્રકૃતિઓ બંધાઈ જાય. તેથી બીજીવાર ૬૬ સાગરોપમનો કાળ લેવા માટે અંતર્મુહૂર્ત મિશ્રે જવાનું કહ્યું છે.

સમ્યક્ત્વથી અંતર્મુહૂર્ત મિશ્રે જવાનું આ વિધાન કર્મગ્રંથના મતે જ જાણવું. સિદ્ધાન્તકારના મતે નહીં. તેઓનું કહેવું એવું છે કે સમ્યક્ત્વથી પડીને મિથ્યાત્વે જવાય પરંતુ મિશ્રે ન જવાય. સ્વોપજ્ઞટીકામાં પણ આ પ્રમાણે કહ્યું છે. इह च सम्यक्त्वात्प्रच्युतस्य मिश्रगमनं यदुच्यते तत्कार्मग्रन्थिकाभिप्रायेण सम्मतमेवेति, सैद्धान्तिकानां तु न सम्मतमिति। उक्तं च-

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

---

છે. છતાં પાંચમા કર્મગ્રંથ ઉપર લખાયેલાં કેટલાંક ગુજરાતી વિવેચનોમાં પ્રથમ ત્રણ વાર અચ્યુતે જવાનું અને પછી બે વાર વિજયાદિમાં જવાનું લખેલું જોવા મળે છે. પરંતુ સ્વોપજ્ઞટીકાનો પાઠ વધારે પ્રમાણ ગણાય. તથા સ્વોપજ્ઞ ટીકામાં અન્ય ગ્રંથની સાક્ષીભૂત ગાથાઓ પણ ગ્રંથકારશ્રીએ પોતે જ આ પ્રમાણે આપેલી છે.

पलियाइं तिन्नि भोगावणिंमि भवपच्चयं पलियमेगं ।
सोहम्मे सम्मत्तेण नरभवे सव्वविरईए ॥१॥
मिच्छो भवपच्चयओ, गेविज्जे सागराइ इगतीसं ।
अंतमुहुत्तूणाइं सम्मत्तं तम्मि लहिऊणं ॥२॥
विरयनरभवंतरिओ अणुत्तरसुरो उ अयरछावट्ठी ।
मिस्सं मुहुत्तमेगं, फासिय मणुओ पुणो विरओ ॥३॥
छावट्ठी अयराणं, अच्चुयए विरयनरभवंतरिओ ।
तिरिनरयतिगुज्जोयाण एस कालो अबंधम्मि ॥४॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

मिच्छत्ता संकंती, अविरुद्धा होइ सम्ममीसेसु।
मीसाओ वा दोसुं, सम्मा मिच्छं, न उण मीसंति॥ બૃ.ક.ભા.ગાથા-૧૧૪

મિથ્યાત્વથી સમ્યક્ત્વમાં અને મિશ્રમાં એમ બન્નેમાં ગમન અવિરુદ્ધ છે, મિશ્રથી પણ મિથ્યાત્વમાં અને સમ્યક્ત્વમાં એમ બન્નેમાં ગમન અવિરુદ્ધ છે. પરંતુ સમ્યક્ત્વથી તો મિથ્યાત્વે જ જવાય છે. પરંતુ મિશ્રે જવાતું નથી.

આ પ્રમાણે ૭ પ્રકૃતિઓનો અબંધકાળ કહ્યો હવે સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત અને સાધારણ એમ સ્થાવરચતુષ્ક, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયત્રિક અને આતપ એમ કુલ ૯ પ્રકૃતિઓનો નરભવયુક્ત ચાર પલ્યોપમસહિત ૧૮૫ સાગરોપમપ્રમાણ અબંધકાળ જાણવો. તે આ પ્રમાણે-

કોઈ જીવ છઠ્ઠી તમઃપ્રભા નારકીમાં ૨૨ સાગરોપમનો ભવ કરે. ત્યાં નારકીજીવો એકેન્દ્રિય, વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થતા ન હોવાથી ભવનિમિત્તે જ આ પ્રકૃતિઓ ન બાંધે. મૃત્યુ પામતાં પહેલાં સમ્યક્ત્વ પામીને ત્યાંથી મરીને મનુષ્યભવમાં આવી ૪ પલ્યોપમની સ્થિતિવાળો દેવ થાય, ત્યાંથી ચ્યવી મનુષ્યભવમાં આવે. આ ત્રણે ભવમાં સમ્યક્ત્વી જીવ હોવાથી ગુણ પ્રત્યયિક અબંધ હોય. ત્યારબાદ ૩૧ સાગરોપમનો નવમી ગ્રૈવેયકનો ભવ કરે ત્યાં જન્મ્યા પછી મિથ્યાત્વે જાય. આખો ભવ મિથ્યાત્વમાં પસાર કરે, પરંતુ અહીં ભવપ્રત્યયિક અબંધ હોય અન્તે સમ્યક્ત્વ પામે. બાકીનો કાળ પૂર્વે સાત પ્રકૃતિમાં કહ્યો તેમ બે વાર વિજયાદિ દ્વારા અને ત્રણ વાર અચ્યુતાદિ દ્વારા પૂર્ણ કરે આ પ્રમાણે ૨૨+૩૧+૬૬+૬૬ મળીને કુલ ૧૮૫ સાગરોપમ સહિત, ચાર પલ્યોપમ દેવના ભવના, અને યથાયોગ્ય મનુષ્યના ભવો અબંધકાળ જાણવો. સર્વે યુક્તિઓ પૂર્વે કહ્યા પ્રમાણે જાણવી. ॥ ૫૬॥

જૈન સાઇટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अपढमसंघयणागिइ खगइअणमिच्छदुहगथीणतिगं।**
**निय नपुइत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा॥ ५७॥**

(अप्रथमसंहननाकृतिखगत्यनमिथ्यात्वदुर्भगस्त्यानर्धित्रिकम्।
नीचैर्नपुंसकस्त्रीणां द्वात्रिंशत्शतं पञ्चेन्द्रियेषु अबंधस्थितिः परमा॥ ५७॥)

**अपढम**=પહેલા વિનાનાં બાકીનાં, **संघयणागिइ** = પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, **खगइ** = અશુભ વિહાયોગતિ, **अण** = ચાર અનંતાનુબંધી, **मिच्छ** = મિથ્યાત્વમોહનીય, **दुहगथीणतिगं** = દૌર્ભાગ્યત્રિક અને થીણદ્ધિત્રિક, **निय** = નીચગોત્ર, **नपुइत्थि** = નપુંસકવેદ અને સ્ત્રીવેદ, **दुतीसं** = એકસો બત્રીસ સાગરોપમ, **पणिंदिसु** = પંચેન્દ્રિયના ભવમાં, **अबंधठिइ** = અબંધકાળ, **परमा** = ઉત્કૃષ્ટ ॥ ૫૭॥

**ગાથાર્થ** = પહેલા વિનાનાં પાંચ સંઘયણ, પાંચ સંસ્થાન, અશુભ વિહાયોગતિ, અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વમોહનીય, દૌર્ભાગ્યત્રિક, થીણદ્ધિત્રિક, નીચગોત્ર, નપુંસકવેદ અને સ્ત્રીવેદ એમ ૨૫ પ્રકૃતિઓનો ૧૩૨ સાગરોપમ અબંધકાળ જાણવો. આ કાળ પંચેન્દ્રિયના ભવોને આશ્રયી ઉત્કૃષ્ટકાળ છે. ॥ ૫૭॥

**વિવેચન** = વજ્રઋષભનારાચ એ પ્રથમ સંઘયણ અને સમચતુરસ્રસંસ્થાન એ પ્રથમસંસ્થાન એ બન્નેને વર્જીને શેષ પાંચ સંઘયણ, પાંચ સંસ્થાન તથા અપ્રથમ (અશુભ) વિહાયોગતિ, અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વમોહનીય, દૌર્ભાગ્યત્રિક, થીણદ્ધિત્રિક, નીચગોત્ર, નપુંસકવેદ, અને સ્ત્રીવેદ આ ૨૫ પ્રકૃતિઓનો અબંધકાળ કેટલાક મનુષ્યભવોથી યુક્ત ૧૩૨ સાગરોપમ હોય છે. આ ૨૫ પ્રકૃતિઓ મિથ્યાત્વે અને સાસ્વાદને જ બંધાય છે. પરંતુ સમ્યક્ત્વીને બંધાતી નથી. તેથી સમ્યક્ત્વાવસ્થામાં પૂર્વે કહ્યા મુજબ વિજયાદિમાં જવા વડે ૬૬ સાગરોપમ તથા અંતર્મુહૂર્ત મિશ્રે આવ્યા બાદ અચ્યુતાદિમાં જવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે ૬૬ સાગરોપમ એમ કુલ ૧૩૨ સાગરોપમ જેટલો કાળ અબંધવાળી અવસ્થાનો હોય છે. કારણ કે આ જીવ ૧૩૨ સાગરોપમ સુધી અન્તરાલમાં મિશ્રે આવવાપૂર્વક સમ્યક્ત્વી રહી શકે છે. અને ઉપરોક્ત પ્રકૃતિઓ સમ્યક્ત્વીને બંધાતી જ નથી. મિથ્યાત્વ તથા સાસ્વાદનના બંધને યોગ્ય છે. આ કારણથી જ નવમી ગ્રૈવેયકનો ૩૧ સાગરોપમનો ભવ આ ૨૫માં લીધો નથી. કારણ કે ત્યાં મિથ્યાત્વ હોવાથી આ પ્રકૃતિઓ (નવમી ગ્રૈવેયક હોવા છતાં પણ) બંધાય છે. આ પ્રમાણે આ બન્ને ગાથામાં થઈને ૭+૯+૨૫ = ૪૧ પ્રકૃતિઓનો અબંધકાળ કહ્યો.

બાકીની ૭૯ પ્રકૃતિઓનો અબંધકાળ કહ્યો નથી. તેમાં ૪૦ અધ્રુવબંધી છે અને ૩૯ ધ્રુવબંધી છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

| અધ્રુવબંધી ૪૦ | | | ધ્રુવબંધી ૩૯ |
|---|---|---|---|
| ૨ વેદનીય | ૩ શરીર | ૧ જિનનામ | ૫ જ્ઞાના૦ |
| ૧ પુરુષવેદ | ૩ અંગોપાંગ | ૧૦ ત્રસદશક | ૬ દર્શના૦ |
| ૪ હાસ્યાદિ | ૧ વજ્રઋષભનારાચ | ૨ અસ્થિર, અશુભ | ૧૨ કષાય |
| ૨ દેવ-મનુષ્યાયુષ્ય | ૧ સમચતુરસ્ર | ૧ અયશ | ૧ ભય |
| ૨ મનુષ્યદ્વિક | ૧ શુભવિહાયોગતિ | ૧ ઉચ્ચગોત્ર | ૧ જુગુપ્સા |
| ૨ દેવદ્વિક | ૧ પરાઘાત | ૪૦ કુલ | ૯ નામકર્મની |
| ૧ પંચેન્દ્રિયજાતિ | ૧ ઉચ્છ્વાસ | | ૫ અંતરાય |
| | | | ૩૯ |

ઉપરોક્ત શેષ ૪૦ અધ્રુવબંધી સદા બંધાતી નથી. એટલે બંધના વિરહવાળો કાળ હોઈ શકે છે. પરંતુ પંચેન્દ્રિયના ભવમાં ગુણપ્રત્યયિક કે ભવપ્રત્યયિક જે પ્રકૃતિઓ અબંધયોગ્ય છે તેનો જ અમુક નિયતકાળ સુધી અબંધ મળી શકે છે. એટલે ૩૩ અધ્રુવબંધીનો અબંધકાળ ૫૬/૫૭ ગાથામાં જણાવ્યો છે. પરંતુ બાકીની ૪૦ અધ્રુવબંધીનો જણાવ્યો નથી. કારણ કે સાતા-અસાતા આદિ પ્રકૃતિઓ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રતિપક્ષી હોવાથી એક બંધાય ત્યારે બીજી ન બંધાય અને બીજી બંધાય ત્યારે પહેલી ન બંધાય તેથી સામાન્યથી અબંધકાળ હોઈ શકે છે. પરંતુ સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય તથા દેવ, નરક, તિર્યંચ કે મનુષ્યનો ગમે તે ભવ હોય તો પણ સાતા-અસાતા આદિ વારાફરતી બંધાય જ છે. એટલે સમ્યક્ત્વાદિ ગુણપ્રત્યયિક કે દેવ-મનુષ્યાદિ ભવપ્રત્યયિક અબંધ કાળ કોઈ નિયતસમય સુધી થતો નથી. તેવી જ રીતે સાતા-અસાતાની જેમ બાકીની પુરુષવેદ, હાસ્યાદિ વગેરે સર્વે ચાલીસે અધ્રુવબંધીનો પણ ગુણ કે ભવ નિમિત્તક અબંધ ન થતો હોવાથી અમુક પરિમિત નિયતકાળ સુધી અબંધ પ્રાપ્ત થતો નથી. માટે તેના અબંધકાળનું કથન ગ્રન્થકારે કર્યું નથી.[૧]

એવી જ રીતે ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ તો ધ્રુવબંધી હોવાથી સદા કાળ બંધાય જ છે. તથા જીવ સમ્યગ્દૃષ્ટિ હોય કે મિથ્યાદૃષ્ટિ હોય, દેવ હોય કે નરકાદિ કોઈ પણ ભવ હોય તો પણ નિયમા બંધાય જ છે તેથી તેનો પણ અબંધકાળ કહેલ નથી. ફક્ત અનંતાનુબંધી ચતુષ્ક, મિથ્યાત્વ મોહનીય અને થીણદ્ધિત્રિક આ આઠ ધ્રુવબંધી હોવા છતાં પણ સમ્યક્ત્વ ગુણ પામ્યા પછી બંધાતી નથી. અને સમ્યક્ત્વાવસ્થામાં વચ્ચે અંતર્મુહૂર્ત મિશ્ર આવવાથી વધુમાં વધુ બે વાર ૬૬ + ૬૬ સાગરોપમ રહી શકાય છે અને ત્યાં ગુણપ્રત્યયિક અબંધાવસ્થા મળે છે તેથી આ આઠ ધ્રુવબંધીનો ગુણનિમિત્તક ૧૩૨ સાગરોપમપ્રમાણ અબંધકાળ કહ્યો છે.

જે જે પ્રકૃતિઓનો ગુણ કે ભવ નિમિત્તક અબંધકાળ સાંપડ્યો છે તેનો જ અબંધકાળ કહ્યો છે. બાકીની પ્રકૃતિઓનો ગુણ કે ભવના કારણે અબંધકાળ નિયત ન હોવાથી જણાવ્યો નથી. ॥ ૫૭॥

---

૧. જો કે ધ્રુવબંધીમાં બીજા કષાયનો પાંચમે ગુણઠાણે ગયા પછી અને ત્રીજા કષાયનો છટ્ઠે-સાતમે ગયા પછી દેશોનપૂર્વક્રોડ અબંધકાળ ઘટી શકે છે. પરંતુ પૂર્વાચાર્યોએ તેની વિવક્ષા ન કરી હોવાથી અહીં કહેલ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | અબંધકાળ કહ્યો છે. | અબંધકાળ કહ્યો નથી | કુલ |
|---|---|---|---|
| ધ્રુવબંધી | ૮ | ૩૯ | ૪૭ |
| અધ્રુવબંધી | ૩૩ | ૪૦ | ૭૩ |
| કુલ | ૪૧ | ૭૯ | ૧૨૦ |

૧૩૨, ૧૬૩, ૧૮૫ સાગરોપમ કેવી રીતે થાય તે સમજાવે છે તથા સતતબંધ સમજાવવાનો પ્રારંભ કરે છે.

**विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं।**
**पणसीइ सयय बंधो पल्लतिगं सुरविउव्विदुगे ॥ ५८॥**

(विजयादिषु ग्रैवेयके तमःप्रभायामुदधिशतं द्वात्रिंशत्त्रिषष्ट्यधिकम्
पञ्चाशीत्यधिकं सततबन्धः पल्यत्रिकं सुरवैक्रियद्विके॥ ५८ ॥

**विजयाइसु** = વિજયાદિમાં, **गेविज्जे** = નવમા ગ્રૈવેયકમાં, **तमाइ** = તમઃપ્રભામાં, **दहिसय** = ૧૦૦ સાગરોપમ, **दुतीस** = બત્રીસ અને **तेसट्ठं** = ત્રેસઠ અધિક, **पणसीइ** = પંચાસી અધિક, **सययबन्धो** = નિરંતરબંધ, **पल्लतिगं** = ત્રણ પલ્યોપમ, **सुरविउव्विदुगे** = દેવદ્વિક અને વૈક્રિયદ્વિકમાં ॥ ૫૮॥

**ગાથાર્થ**=વિજયાદિમાં, ગ્રૈવેયકમાં, અને તમઃપ્રભામાં ગમનાગમન કરનારા જીવને અનુક્રમે ૧૩૨, ૧૬૩ અને ૧૮૫ સાગરોપમનો ઉપરોક્ત અબંધકાળ થાય છે. તથા વૈક્રિયદ્વિક અને દેવદ્વિકમાં ત્રણ પલ્યોપમ પ્રમાણ સતતબંધ હોય છે. ॥ ૫૮॥

**વિવેચન** = ગાથા ૫૬ અને ૫૭માં (૮+૩૩=૪૧) પ્રકૃતિઓનો ૧૬૩, ૧૮૫ અને ૧૩૨ સાગરોપમનો જે અબંધકાળ જણાવ્યો, તે કેવી રીતે ભવ કરનારા જીવોને આશ્રયી થાય છે. તે અહીં ગ્રન્થકારશ્રી સ્વમુખે સમજાવે છે-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"विजयाइसु दहिसय दुतीस" = બે વાર વિજયાદિમાં અને આદિ શબ્દ હોવાથી ત્રણવાર અચ્યુત દેવલોકમાં જનારા જીવને આશ્રયી ૧૩૨ સાગરોપમ કાળ થાય છે. કારણ કે વિજયાદિના બે વાર ભવ કરવા વડે ૬૬, તથા ત્રણવાર અચ્યુતના ભવ કરવા વડે ૬૬ એમ ૧૩૨ થાય છે.

"विजयाइसु गेविज्जे दहिसय तेसट्ठं" = ગ્રૈવેયકમાં તથા વિજયાદિમાં જનારા જીવને આશ્રયી ૧૬૩ સાગરોપમ કાળ થાય છે. ૩૧ + ૬૬ + ૬૬ = ૧૬૩ થાય છે. અહીં गेविज्जे પદની સાથે विजयाइसु પદ પણ જોડવાનું છે.

"विजयाइसु गेविज्जे तमाइ दहिसय पणसीइ"

તથા તમઃપ્રભામાં, ગ્રૈવેયક અને વિજયાદિમાં ભવ કરનારા જીવને આશ્રયી ૨૨+૩૧+૬૬+૬૬=૧૮૫ સાગરોપમકાળ થાય છે. અહીં तमाइ પદની સાથે गेविज्जे અને विजयाइसु એમ બન્ને પદો જોડવાનાં છે. માત્ર પ્રથમપદ લહીએ તો ૧૩૨ સાગરોપમ, પહેલું અને બીજું બન્ને પદ લઈએ તો ૧૬૩ સાગરોપમ, અને ત્રણે પદ લઈએ તો ૧૮૫ સાગરોપમ થાય છે. જે પૂર્વની બન્ને ગાથામાં સમજાવ્યું જ છે. આ પ્રમાણે ૩૩ અધ્રુવબંધી અને ૮ ધ્રુવબંધી એમ કુલ ૪૧ પ્રકૃતિઓનો અબંધ કાળ સમજાવ્યો. બાકીની ૪૦ અધ્રુવબંધીનો અબંધકાળ નિયત નથી. અને બાકીની ૩૯ ધ્રુવબંધી અનાદિકાળથી બંધાય જ છે. અને અભવ્યમાં અનંત તથા ભવ્યમાં સાન્ત બંધ હોય છે. તે નિરન્તરબંધી હોવાથી અબંધકાળ કહ્યો નથી.

હવે કઈ પ્રકૃતિ સતત (નિરન્તર) વધુમાં વધુ કેટલો કાળ બંધાય ? તે **સતતબંધ** અર્થાત્ નિરન્તરબંધ-અખંડબંધ કહેવાય છે. તેમાં ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓ તો ધ્રુવબંધી જ હોવાથી નિરન્તર બંધાય જ છે. અભવ્યને અનાદિ-અનંત, ભવ્યને અનાદિ-સાન્ત, અને અગિયારમે જઈને ત્યાંથી પડેલાને સાદિ-સાન્ત બંધ છે જ. તેથી તે ૪૭નો સતતબંધ કહેવાશે નહીં. બાકીની ૭૩ જે અધ્રુવબંધી છે તે ક્યારેક બંધાય છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ક્યારેક બંધાતી નથી. તેથી તેનો **સતતબંધ** વધુમાં વધુ કેટલો અને ઓછામાં ઓછો કેટલો ? તે હવે કહેવાય છે.

દેવગતિ, દેવાનુપૂર્વી, વૈક્રિયશરીર અને વૈક્રિય અંગોપાંગ એમ ૪ પ્રકૃતિઓનો નિરંતરબંધ (સતતબંધ) ઉત્કૃષ્ટથી ત્રણ પલ્યોપમપ્રમાણ હોય છે. યુગલિક મનુષ્ય-તિર્યંચો નિયમા દેવપ્રાયોગ્ય જ બંધ કરે છે. ત્યાં આ ચાર પ્રકૃતિઓ નિયમા બંધાય જ છે. પ્રતિપક્ષી ગતિ અને શરીર બંધાતા નથી. અને યુગલિકનું ઉત્કૃષ્ટ આયુષ્ય ત્રણ પલ્યોપમ છે. તેથી આ ચારનો ઉત્કૃષ્ટથી નિરન્તરબંધ ત્રણ પલ્યોપમ ઘટી શકે છે. અને જઘન્યથી નિરંતરબંધ ૧ સમય છે. કારણ કે આ પ્રકૃતિઓ ઈતર એવી સજાતીય પ્રકૃતિઓની સાથે પરાવર્તમાનપણે બંધાતી હોવાથી ૧ સમય કાળમાન સંભવી શકે છે. ॥ ૫૮॥

**समयादसंखकालं तिरिदुगनीएसु आउ अंतमुहू।**
**उरलि असंखपरट्टा, सायठिई पुव्वकोडूणा ॥ ५९ ॥**

(समयादसंख्यकाल: तिर्यग्द्विकनीचैर्गोत्रेष्वायुष्ष्वन्तर्मुहूर्त:
औदारिकेऽसंख्यपरावर्तास्सातस्थिति: पूर्वकोट्यूना ॥ ५९ ॥

**समयादसंखकालं** = એક સમયથી અસંખ્યાતો કાલ, **तिरिदुगनीएसु** = તિર્યંચદ્વિક અને નીચગોત્રમાં, **आउ अंतमुहू** = ચારે આયુષ્યની સ્થિતિ અંતર્મુહૂર્ત, **उरलि असंखपरट्टा** = ઔદારિકશરીરનો સતતબંધ અસંખ્યપરાવર્ત **सायठिई** = સાતાનો સતતબંધ **पुव्वकोडूणा** = પૂર્વકોટિમાં કંઈક ન્યૂન ॥ ૫૯ ॥

**ગાથાર્થ=** તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સતતબંધ ૧ સમયથી અસંખ્યાતો કાલ, ચારે આયુષ્યનો નિરંતરબંધ અંતર્મુહૂર્ત, ઔદારિક શરીરનો નિરંતરબંધકાળ અસંખ્યાત પુદ્ગલપરાવર્તન. અને સાતા વેદનીયનો સતતબંધ પૂર્વક્રોડ વર્ષમાં કંઈક ન્યૂન જાણવો. ॥ ૫૯॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન=** તિર્યંચદ્વિક અને નીચગોત્રનો સતતબંધ અસંખ્યાતો કાલ જાણવો. અહીં અસંખ્યાત લોકાકાશના જેટલા આકાશપ્રદેશો થાય તેટલા સમયપ્રમાણ આ અસંખ્યાતો કાળ જાણવો. અથવા અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીપ્રમાણ એટલે કે અસંખ્યાતા કાળચક્રો પ્રમાણ કાળ જાણવો. કારણ કે તેઉકાય અને વાયુકાયમાં ભવસ્વભાવથી જ તિર્યંચદ્વિક અને નીચગોત્ર જ બંધાય છે. પરંતુ તેનું પ્રતિપક્ષી મનુષ્યદ્વિક અને ઉચ્ચગોત્ર બંધાતું નથી. તેઉકાય અને વાયુકાયની ઉત્કૃષ્ટથી સ્વકાયસ્થિતિ (જીવ તેમાં અને તેમાં જન્મ-મરણ કરે પરંતુ બહાર ન નીકળે તેવી સ્થિતિ) અસંખ્યાતી ઉત્સર્પિણી અને અસંખ્યાતી અવસર્પિણી કહી છે. તેથી તેટલો કાળ આ ત્રણ જ પ્રકૃતિઓ સતત બંધાય છે. આ પ્રમાણે આ ત્રણ પ્રકૃતિઓનો ઉપરોક્ત કાળ સંભવી શકે છે.

ચાર આયુષ્યકર્મનો સતતબંધ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત જ હોય છે. એટલે પરભવના આયુષ્યનો બંધ શરૂ કર્યા પછી એક જ અંતર્મુહૂર્તમાં તે આયુષ્ય અવશ્ય બંધાઈ જ જાય છે. વધુ કાલ બંધ ચાલતો નથી. તથા બીજી પ્રકૃતિઓમાં જેમ જઘન્યથી ૧ સમયનો સતતબંધ હોય છે. તેમ આ ચાર આયુષ્યમાં જઘન્યથી ૧ સમય, ૨ સમય કે આવલિકા ઈત્યાદિ કાળ નિરંતરબંધનો નથી. પરંતુ જઘન્યથી પણ નિરંતરબંધ અંતર્મુહૂર્તનો જ હોય છે. તે વાત ૬૨મી ગાથાના ચોથા ચરણમાં કહેવાશે.

ઔદારિક શરીર નામકર્મનો સતતબંધ અસંખ્યાતપુદ્ગલપરાવર્તન પ્રમાણ (અનંતકાળ) જાણવો. જે જીવો અનાદિકાળથી નિગોદમાં અને નિગોદમાં જ જન્મ-મરણ કરે છે, તેવા જીવોને **અવ્યવહારરાશિ** કહેવાય છે. તેની આદિ ન હોવાથી તેવા જીવોને આશ્રયી કાળનું વિધાન કરાતું નથી. કારણ કે જેની આદિ અને અંત હોય તેના જ કાળનું માપ થઈ શકે છે. જેની આદિ અને અંત ન હોય તેનું (પ્રારંભ અને છેડો ન હોવાથી) માપ કહી શકાતું નથી. તેથી જે જીવો અનાદિ અવ્યવહાર નિગોદમાંથી નીકળીને એકવાર પણ પૃથિવી આદિ વ્યવહારને પામ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. અર્થાત્ એકવાર પણ બાદર એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, અસંજ્ઞી-સંજ્ઞી તિર્યંચ-મનુષ્યાદિ કોઈ પણ ભવ પામીને વ્યવહાર દશાને પામ્યા બાદ જે જીવો પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરકાયોમાં સૂક્ષ્મ-બાદરપણે પર્યાપ્ત-અપર્યાપ્ત પણે જન્મમરણ કરે છે. પરંતુ સંજ્ઞી પંચેન્દ્રિય કે અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તાના ભવને પામતા નથી. તેવા જીવો વૈક્રિય શરીર ન બાંધતા હોવાથી પ્રતિપક્ષીના અભાવે ઔદારિક શરીર જ બાંધે છે. એકેન્દ્રિય જીવોની (પાંચે સ્થાવરોની સાથે મળીને) અસંખ્યાત પુદ્ગલપરાવર્તન (આવલિકાના અસંખ્યાતમા ભાગમાં જેટલા સમયો થાય તેટલા પુદ્ગલપરાવર્તન) પ્રમાણ સ્વકાયસ્થિતિ કહી છે. માટે તેટલો કાળ ઔદારિકશરીરનો જ સતતબંધ ઘટે છે. અને આ પરાવર્તમાન પ્રકૃતિ હોવાથી જઘન્યથી ૧ સમય પ્રમાણ સતતબંધનો કાળ હોય છે.

**પ્રશ્ન** - ઔદારિકશરીરની જેમ ઔદારિક અંગોપાંગનો કાળ પણ આટલો જ હોઈ શકે છે. કારણ કે શરીર અને અંગોપાંગની તો જોડી છે. તે બન્ને સાથે જ બંધાય છે. તો દ્વિકનો નિરંતરબંધકાળ આટલો છે. એમ કેમ કહેતા નથી.

**ઉત્તર**- એકેન્દ્રિયમાં રહેલા જીવો પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્ય એમ ૧૦ દંડકોમાં જ ઉત્પન્ન થાય છે તેથી પરિણામની ધારાને અનુસારે વારાફરતી દશે દંડકપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે. તેમાં દશમાંના કોઈ પણ દંડકપ્રાયોગ્ય બંધ ચાલતો હોય ત્યારે ઔદારિક શરીર અવશ્ય બંધાય જ છે. કારણ કે દશે દંડકોમાં ઔદારિકશરીરની પ્રાપ્તિ અનિવાર્ય છે. પરંતુ ઔદારિક અંગોપાંગનામકર્મનો બંધ માત્ર વિકલેન્દ્રિય, પંચેન્દ્રિયતિર્યંચ અને મનુષ્યપ્રાયોગ્ય બંધ થાય ત્યારે જ થાય છે. પાંચ સ્થાવર પ્રાયોગ્ય બંધકાળે અંગોપાંગ નામકર્મ બંધાતું નથી. કારણ કે સ્થાવરોમાં અંગોપાંગનો ઉદય થવાનો સંભવ નથી. તેથી પાંચ દંડક પ્રાયોગ્યબંધની સાથે ઔદારિક અંગોપાંગ બંધાય છે. અને પાંચ દંડક પ્રાયોગ્ય બંધની સાથે બંધાતું નથી.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

એમ અનિયતબંધવાળું આ ઔદારિક અંગોપાંગ કર્મ હોવાથી શરીરના બંધકાળ જેટલો બંધકાળ (નિરંતરબંધ) અંગોપાંગનો સંભવતો નથી. અનુત્તર સુરને આશ્રયી ૩૩ સાગરોપમ સુધી આ અંગોપાંગનો સતતબંધ ઉત્કૃષ્ટથી ઘટશે. તે વાત ૬૨મી ગાથાના બીજા ચરણમાં કહેવાશે.

સાતાવેદનીયનો સતતબંધ કંઈક ન્યૂન (દેશોન) પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ હોય છે. જે મનુષ્યનું આયુષ્ય પૂર્વક્રોડ વર્ષનું છે અને આઠ વર્ષની ઉંમરવાળો થયો છતો સર્વવિરતિ સ્વીકારી નવ વર્ષની ઉંમરે જે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે તેવા મનુષ્યને હવે નિર્વાણ સુધી સાતાવેદનીય જ નિરંતર બંધાય છે. કારણ કે પ્રતિપક્ષી એવી અસાતાનો બંધ છઠ્ઠા સુધી જ છે. આ રીતે દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણ નિરંતરપણે સાતાનો બંધ કેવલી ભગવાનને આશ્રયી સંભવી શકે છે. અહીં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે કે નાની ઉંમરમાં દીક્ષા લેનારને ૧ વર્ષનો ચારિત્ર પર્યાય થાય ત્યારે જ કેવળજ્ઞાન થાય છે. એટલે દીક્ષા લીધા પછી ૧ વર્ષે કેવલી થયેલો આ આત્મા જાણવો. સ્વોપજ્ઞટીકામાં "નવમે વર્ષે केवलज्ञानमासादयेत् सोऽष्टाभिर्वर्षैरूनां पूर्वकोटिं सातवेदनीयं सततं बध्नाति" આવો પાઠ છે. તેથી જણાય છે કે નવમા વર્ષના પ્રારંભમાં કેવળજ્ઞાન પામનારા આ કેવલી આઠમા વર્ષના પ્રારંભમાં (પ્રથમ દિવસે) દીક્ષિત થયેલા હોય તો આટલો ઉત્કૃષ્ટ સતતબંધ સંભવે છે. તેથી પરિપૂર્ણ સાત વર્ષની ઉંમરવાળો આઠમા વર્ષના પ્રથમ દિવસે દીક્ષિત થઈ શકે છે. હવે પરિપૂર્ણ સાત વર્ષની ઉંમરમાં ગર્ભના ૯ કે ૯॥ માસ ઓછા કરવા કે ન કરવા તે વિષય કેવલિગમ્ય છે. વ્યવહારનયનો આશ્રય લઈએ તો ગર્ભકાળ ઓછો ન કરવો જોઈએ. કારણ કે ઉંમરનો વ્યવહાર વ્યવહારનયથી પ્રસવકાળથી ગણાય છે. અને નિશ્ચયનયનો આશ્રય લઈએ તો ગર્ભકાળ પણ ૭ વર્ષમાં ઓછા કરીને સવા છ વર્ષની ઉંમરે પણ દીક્ષા આપી શકાય છે. કારણ કે મનુષ્યાયુષ્યનો ઉદય ગર્ભકાળથી જ શરૂ થાય છે. તેથી તત્ત્વ કેવલિગમ્ય જાણવું. સાતાનો જઘન્યથી સતતબંધ ૧ સમયનો જાણવો. કારણ કે તે પરાવર્તમાન છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલી વિના ૧ થી ૬ ગુણઠાણાવાળા જીવોને સાતા અને અસાતા બન્ને પરાવર્તમાનપણે બંધાતી હોવાથી વધારેમાં વધારે સતતબંધ અંતર્મુહૂર્ત માત્ર જ હોઈ શકે છે. તેથી વધારે નહીં. ॥ ૫૯॥

**जलहिसयं पणसीयं परघुस्सासे पणिंदितसचउगे।**
**बत्तीसं सुहविहगइ पुमसुभगतिगुच्चचउरंसे॥ ६०॥**

(जलधिशतं पञ्चाशीत्यधिकं पराघातोच्छ्वासयोः पञ्चेन्द्रियत्रसचतुष्के।
द्वात्रिंशदधिकं शुभविहायोगतिपुरुषसौभाग्यत्रिकोचैस्समचतुरस्त्रे ॥६० ॥)

**जलहिसयं** = એકસો સાગરોપમ, **पणसीयं** = પંચાશી અધિક, **परघुस्सासे** = પરાઘાત અને ઉચ્છ્વાસને વિષે, **पणिंदितसचउगे** = પંચેન્દ્રિયજાતિ અને ત્રસ ચતુષ્કને વિષે **बत्तीसं** = બત્રીસ અધિક, **सुहविहगइपुमसुभगतिगुच्चचउरंसे** = શુભવિહાયોગતિ, પુરુષવેદ, સૌભાગ્યત્રિક, ઉચ્ચગોત્ર અને સમચતુરસ્ર સંસ્થાનમાં ॥૬૦॥

**ગાથાર્થ=** પરાઘાત, ઉચ્છ્વાસ, પંચેન્દ્રિયજાતિ અને ત્રસચતુષ્કમાં ૧૮૫ સાગરોપમ અને શુભવિહાયોગતિ, પુરુષવેદ, સૌભાગ્યત્રિક, ઉચ્ચગોત્ર અને સમચતુરસ્ર સંસ્થાનમાં ૧૩૨ સાગરોપમ સતતબંધ હોય છે. ॥૬૦॥

**વિવેચન=** પરાઘાત ઉચ્છ્વાસ, પંચેન્દ્રિયજાતિ, ત્રસ, બાદર, પર્યાપ્તા અને પ્રત્યેક આ સાત પ્રકૃતિઓનો નિરંતરબંધ ૧૮૫ સાગરોપમ જાણવો. આ ૭ પ્રકૃતિઓની પ્રતિપક્ષી પ્રકૃતિઓ આટલો કાળ (ગાથા ૫૬માં જણાવ્યા પ્રમાણે) બંધાતી નથી. તેથી પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધનો વિરહ હોવાથી આ સાત પ્રકૃતિઓ નિરંતરપણે અવશ્ય બંધાય જ છે.

પરાઘાત અને ઉચ્છ્વાસ પર્યાપ્ત પ્રાયોગ્યની સાથે બંધાય છે. ગાથા ૫૬માં સ્થાવર ચતુષ્કનો (તેમાં અપર્યાપ્તનામકર્મનો) આટલો અબંધકાળ કહેલ હોવાથી ત્યાં સુધી પર્યાપ્તા પ્રાયોગ્ય જ બંધ થાય છે અને ત્યાં પરાઘાત, ઉચ્છ્વાસ નિયમા બંધાય જ છે. ગાથા ૫૬માં કહ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જાતિ ન બંધાતી હોવાથી પંચેન્દ્રિયજાતિ અવશ્ય બંધાય જ છે. તથા સ્થાવરચતુષ્ક ન બંધાતું હોવાથી ત્રસચતુષ્ક સતતપણે બંધાય છે. આ રીતે પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધના વિરહના કારણે આ ૭ પ્રકૃતિઓનો આટલો સતતબંધ ઘટી શકે છે.

મૂળ ગાથામાં जलहिसयं पणसीयं આટલો જ પાઠ હોવા છતાં પણ **"ચાર પલ્યોપમ સહિત અને કેટલાક મનુષ્યભવ યુક્ત"** એ પદનો નિર્દેશ ન હોવા છતાં ઉપલક્ષણથી (અધ્યાહારથી) સમજી લેવો. કારણ કે આ સાતની પ્રતિપક્ષીનો જેટલો અબંધકાળ હોય છે તેટલો જ આ સાતનો નિરંતરબંધકાળ હોય છે. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે પંચસંગ્રહાદિ ગ્રંથોમાં ઉપલક્ષણથી આ ચાર પલ્યોપમ આદિ લેવાનો કંઈ પણ ઉલ્લેખ દેખાતો નથી. તેનું કારણ અમને સમજાતું નથી. અર્થાત્ ચાર પલ્યોપમ આદિ કાળ સતતબંધમાં લેવો જોઈએ. પરંતુ પંચસંગ્રહાદિ ગ્રન્થકારોએ આનો ઉલ્લેખ કેમ નથી કર્યો ? તે અમને સમજાતું નથી એમ સ્વોપજ્ઞટીકાકારશ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. શ્રી કહે છે (આ કથન ઉપરથી તે મહાત્માઓની લઘુતા કેટલી છે ? તે આપણને જણાય છે)

પંચસંગ્રહાદિમાં પણ ઉપલક્ષણથી ચાર પલ્યોપમ આદિ લઈ લેવું એ જ યોગ્ય લાગે છે અને આ સામાન્ય હોવાથી તેનો ઉલ્લેખ ન કર્યો હોય એમ સમાધાન કરવું ઉચિત છે.

એવી જ રીતે શુભવિહાયોગતિ, પુરુષવેદ, સૌભાગ્યત્રિક, ઉચ્ચગોત્ર અને સમચતુરસ્રસંસ્થાન એમ કુલ ૭ પ્રકૃતિઓનો નિરંતરબંધ ૧૩૨ સાગરોપમ જાણવો. અહીં પણ ઉપલક્ષણથી ચાર પલ્યોપમ અને કેટલાક મનુષ્યના ભવો ઉમેરી દેવા. તથા ૧૩૨ સાગરોપમ સુધી આ ૭ પ્રકૃતિઓના સતતબંધના કથનની પાછળ યુક્તિ પણ પૂર્વની જેમ જ જાણવી. આ પ્રકૃતિઓની પ્રતિપક્ષી પ્રકૃતિઓના બંધનો (ગાથા ૫૭ પ્રમાણે) જે વિરહ છે. તે જ આ પ્રકૃતિઓના સતતબંધનું કારણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અશુભવિહાયોગતિ આટલો કાળ બંધાતી નથી. તેથી શુભવિહાયોગતિ બંધાય છે. નપુંસકવેદ અને સ્ત્રીવેદ નથી બંધાતો, એટલે પુરુષવેદ બંધાય છે. દૌર્ભાગ્યત્રિક નથી બંધાતું એટલે સૌભાગ્યત્રિક બંધાય છે. નીચગોત્ર નથી બંધાતું, એટલે ઉચ્ચગોત્ર બંધાય છે. પ્રથમ વિનાનાં પાંચ સંસ્થાન નથી બંધાતાં તેથી સમચતુરસ્રસંસ્થાન બંધાય છે. એમ સમજી લેવું.

**પ્રશ્ન-** જો પાંચ સંસ્થાનનો અબંધ હોવાથી સમચતુરસ્રનો સતત બંધ ૧૩૨ સાગરોપમ કહો છો. તો તેવી જ રીતે પાંચ સંઘયણનો પણ ૧૩૨ સાગરોપમ અબંધકાળ છે. તેથી પ્રથમ સંઘયણનો પણ સતતબંધ તેટલો કહેવો જોઈએ તે કેમ ન કહ્યો ?

**ઉત્તર-** ૧૩૨ સાગરોપમ કાળ સમ્યક્ત્વ સહિત હોવાથી સર્વે ભવો દેવ-મનુષ્યના જ કરે છે તે ભવોમાં જ્યારે જ્યારે દેવપ્રાયોગ્ય બંધ કરે ત્યારે પણ સમચતુરસ્ર બંધાય જ છે અને દેવમાં જઈને મનુષ્યપ્રાયોગ્ય બંધ કરે ત્યારે પણ સમચતુરસ્ર બંધાય જ છે માટે સમચતુરસ્રનો આટલો સતતબંધ ઘટી શકે છે. પરંતુ જ્યારે જ્યારે દેવમાં જઈને મનુષ્યપ્રાયોગ્ય બંધ કરે, ત્યારે જ સંઘયણ બંધાય છે અને મનુષ્યમાં આવી દેવપ્રાયોગ્ય બંધ કરે ત્યારે વચમાં વચમાં સંઘયણ બંધાતું જ નથી. તેથી સંઘયણના બંધનો વચ્ચે વચ્ચે વિરહ પડવાથી તેટલો સતતબંધ ઘટતો નથી. દેવો, નારકી અને એકેન્દ્રિય જીવો સંઘયણ રહિત હોવાથી તત્પ્રાયોગ્ય બંધકાળે સંઘયણ બંધાતું નથી. ॥૬૦॥

**असुहगइजाइआगिइ संघयणाहारनरयजोयदुगं।**
**थिरसुभजसथावरदसनपुइत्थीदुजुयलमसायं ॥ ६१ ॥**

**समयादंतमुहुत्तं मणुदुगजिणवइरउरलुवंगेसु।**
**तित्तीसयरा परमो अंतमुहू लहु वि आउजिणे ॥ ६२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(असुखगतिजात्याकृतिसंघयणाहारकनरकोद्योतद्विकम्।
स्थिरशुभयशस्स्थावरदशक-नपुंसकस्त्रीद्वियुगलमसातम् ॥६१॥

(समयादंतर्मुहूर्तं मनुजद्विकजिनवज्रौदारिकोपांगेषु।
त्रयस्त्रिंशदतराणि परम अन्तर्मुहूर्तो लघुरप्यायुर्जिने ॥६२॥

**असुखगइजाइआगिइसंघयण** = અશુભ એવી વિહાયોગતિ અને અશુભ એવી ચાર જાતિ, અશુભ એવાં સંસ્થાન અને સંઘયણ, **आहारनरय-जोयदुगं** = આહારકદ્વિક, નરકદ્વિક અને ઉદ્યોતદ્વિક, **थिरसुभजसथावरदस** = સ્થિર, શુભ, યશ અને સ્થાવરદશક, **नपुइत्थीदुजुयलमसायं** = નપુંસકવેદ, સ્ત્રીવેદ, બે યુગલ અને અસાતાવેદનીય ॥૬૧॥

**समयादंतमुहुत्तं**=એક સમયથી અંતર્મુહૂર્ત સુધી, **मणुदुगजिणवइर-उरलुवंगेसु**=મનુષ્યદ્વિક, જિનનામ, વજ્રઋષભનારાચ અને ઔદારિક અંગોપાંગમાં, **तित्तीसयरा**=તેત્રીસ સાગરોપમ, **परमा**=ઉત્કૃષ્ટ, **अंतमुहू**=અંતર્મુહૂર્ત, **लहूवि**=જઘન્યથી પણ **आउजिणे**=ચાર આયુષ્ય અને જિનનામમાં ॥૬૨॥

**ગાથાર્થ**= અશુભવિહાયોગતિ, અશુભ ચાર જાતિ, અશુભ એવાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણ, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિર, શુભ, યશ, સ્થાવરદશક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ બે યુગલ, અસાતાવેદનીય, એમ ૪૧ પ્રકૃતિઓનો સતતબંધ ૧ સમયથી અંતર્મુહૂર્ત સુધી થાય છે. મનુષ્યદ્વિક, જિનનામકર્મ, વજ્રઋષભનારાચ અને ઔદારિકઅંગોપાંગ આ પાંચે કર્મોનો ઉત્કૃષ્ટ સતતબંધ ૩૩ સાગરોપમ જાણવો. આયુષ્યકર્મ ચાર તથા જિનનામકર્મ એમ પાંચનો જઘન્યથી પણ સતતબંધ અંતર્મુહૂર્ત સમજવો. ॥૬૨॥

**વિવેચન**= અશુભવિહાયોગતિ, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય એમ ચાર જાતિઓ, પહેલા વિનાનાં પાંચ સંઘયણ અને પાંચ સંસ્થાન, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોત અને આતપ નામકર્મ, સ્થિર, શુભ, યશ, સ્થાવરદશક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્ય-રતિ, અરતિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શોક એમ બે યુગલ, તથા અસાતાવેદનીય એમ ૪૧ પ્રકૃતિઓનો સતતબંધ ૧ સમયથી અંતર્મુહૂર્ત સુધી હોય છે. એટલે કે જઘન્યથી ૧ સમયનો સતતબંધ અને ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી સતતબંધ હોય છે.

આ એકતાલીસે પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાના કારણે જ વધુમાં વધુ અંતર્મુહૂર્ત સુધી જ સતત બંધાય છે. ત્યારબાદ અવશ્ય પ્રતિપક્ષી પ્રકૃતિઓ બંધાય છે. અથવા ઉપરના ગુણસ્થાનકે જવાથી બંધવિચ્છેદ થાય છે. પરંતુ અંતર્મુહૂર્તથી વધુ કાલ આ ૪૧ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાના કારણે બંધાતી નથી.

**પ્રશ્ન** - અધ્રુવબંધી તો ૭૩ છે. જો અધ્રુવબંધીપણાના કારણે ઉત્કૃષ્ટથી સતતબંધ અંતર્મુહૂર્ત થતો હોય તો ૪૧નો જ કેમ ? તોતેરે તોતેરનો ઉત્કૃષ્ટ સતતબંધ અંતર્મુહૂર્ત કેમ કહેતા નથી ?

**ઉત્તર-** આ ૪૧ વિનાની બાકીની ૩૨ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવા છતાં પણ તેની પ્રતિપક્ષી પ્રકૃતિઓનો બંધ ભવપ્રત્યયિક અથવા ગુણપ્રત્યયિક વ્યવચ્છેદ પામ્યો હોવાથી અન્તર્મુહૂર્તથી વધારે કાળ પણ આ ૩૨ પ્રકૃતિઓનો સતત બંધ મળી શકે છે. જે ગાથા ૫૮-૫૯-૬૦માં કહ્યો અને આ જ ગાથામાં મનુષ્યદ્વિકાદિનો કહેવાશે. તેથી ૩૨નો સતતબંધ વધારે કાલ સંભવતો હોવાથી ૪૧નો જ સતતબંધ ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત કહ્યો છે.

મનુષ્યદ્વિક, જિનનામકર્મ, વજ્રઋષભનારાચસંઘયણ અને ઔદારિકાંગોપાંગ એમ કુલ પાંચ પ્રકૃતિઓનો સતતબંધ ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ જાણવો. કારણ કે અનુત્તરવિમાનવાસી દેવમાં જનાર આત્માને ૩૩ સાગરોપમ સુધી સતત મનુષ્યભવ પ્રાયોગ્ય જ બંધ થાય છે. તેથી આ પાંચ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવા છતાં પણ ત્યાં પ્રતિપક્ષી પ્રકૃતિઓનો બંધ ન હોવાથી ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ સુધી સતતબંધ હોઈ શકે છે. આ પ્રમાણે ઉત્કૃષ્ટ સતતબંધ સમાપ્ત થયો.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જઘન્ય સતત બંધ

૭૩ અધ્રુવબંધીમાંથી જિનનામ અને ચાર આયુષ્યકર્મનો જઘન્ય સતતબંધ પણ અંતર્મુહૂર્ત જાણવો. બાકીની ૬૮ પ્રકૃતિઓનો જઘન્ય સતતબંધ ૧ સમય જાણવો.

આયુષ્યકર્મ તો અંતર્મુહૂર્ત બંધાય જ છે અને ભવમાં એક જ વાર બંધાય છે. તિર્યંચ-મનુષ્યમાં ભવના ત્રીજા ભાગ આદિ ભાગોમાં બંધાય છે. અને દેવ-નારકીમાં આયુના છ મહિના શેષ હોતે છતે બંધાય છે. ઈત્યાદિ શાસ્ત્રપ્રસિદ્ધ હકીકત છે.

જિનનામકર્મનો જઘન્યથી સતતબંધ અંતર્મુહૂર્ત આ રીતે સંભવી શકે છે. જે મનુષ્ય જિનનામકર્મ બાંધી ઉપશમશ્રેણી પ્રારંભે તે મનુષ્યને આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગથી આગળ જિનનામકર્મના બંધનો વિચ્છેદ થાય છે. શ્રેણી ઉપરથી ઉતરતાં આઠમાના છઠ્ઠાભાગથી પુનઃ જિનનામનો બંધ શરૂ થાય છે. તે જીવ સાતમે-છઠ્ઠે ગુણઠાણે આવીને ફરીથી (કર્મગ્રંથના મતે) બીજીવાર ઉપશમ શ્રેણી માંડી શકે છે. સાતમે, છઠ્ઠે ગુણઠાણે અંતર્મુહૂર્ત રહીને તુરત જ બીજીવાર ઉપશમ શ્રેણી માંડનારને આઠમાના છઠ્ઠા ભાગે જિનનામના બંધનો વિચ્છેદ થાય છે આ રીતે બે વાર ઉપશમશ્રેણીની વચ્ચે અંતર્મુહૂર્ત જઘન્ય સતતબંધ જિનનામકર્મનો થઈ શકે છે. તે વિના જિનનામનો બંધ શરૂ થયા પછી સમ્યક્ત્વ હોય ત્યાં સુધી સતત ચાલુ જ રહે છે. (ફક્ત નરકભવ તરફ અભિમુખ ક્ષયોપશમસમ્યક્ત્વથી પડેલા જીવને અંતર્મુહૂર્તકાળ જિનનામનો મિથ્યાત્વે અબંધ હોય છે. તે વિના બંધ શરૂ થયા પછી સમ્યક્ત્વવાળા સર્વકાળે જિનનામનો બંધ ચાલુ જ રહે છે.)

૭૩ અધ્રુવબંધીમાંથી ઉપરોક્ત પાંચ પ્રકૃતિ વિના બાકીની ૬૮ પ્રકૃતિઓનો જઘન્ય સતતબંધ માત્ર ૧ સમય જ હોય છે. અધ્રુવબંધી હોવાથી ૧ સમય બંધાયા પછી પ્રતિપક્ષીના બંધનો સંભવ હોવાથી જઘન્યથી ૧ સમય સતતબંધ ઘટી શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જિનનામ કર્મનો સતતબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૩૩ સાગરોપમ જે કહ્યો તે નિકાચિતને આશ્રયી જાણવો. અનિકાચિતને આશ્રયી જિનનામના સતતબંધ કે અબંધનો વ્યવહાર જાણવા મળતો નથી. જિનનામનો બંધ તિર્યંચગતિ વિના ત્રણ ગતિમાં હોય છે. પરંતુ અનિકાચિતની સત્તા ચારે ગતિમાં હોય છે.

આ પ્રમાણે સ્થિતિબંધ સંબંધી જુદા જુદા અનેકવિષયો સમજાવવા દ્વારા સ્થિતિબંધનું વર્ણન સંપૂર્ણ થયું. હવે રસબંધ સમજાવીશું. ॥ ૬૧-૬૨॥

| મનુષ્યના ભવો | ૧૮૫ સાગરોપમમાં થતા ભવો | ૧૬૩ સાગરોપમમાં થતા ભવો | ૧૩૨ સાગરોપમમાં થતા ભવો |
|---|---|---|---|
| | છઠ્ઠી નરકપૃથ્વીમાં ૨૨ સાગરોપમ | × | × × |
| ૧ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ સૌધર્મકલ્પે ૪ પલ્યો. | યુગલિક મનુષ્ય ૩ પલ્યો. સૌધર્મકલ્પે ૧ પલ્યો. | × × × × |
| ૨ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ નવમી ગ્રૈવે. ૩૧ સાગ. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ નવમી ગ્રૈવે. ૩૧ સાગ. | × × × × |
| ૩ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩ સાગ. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩સાગરો. |
| ૪ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ વિજયાદિમાં૩૩સાગરો. |
| ૫ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. |
| ૬ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. |
| ૭ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ અચ્યુતે ૨૨ સાગરો. |
| ૮ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ | મનુષ્ય પૂર્વક્રોડ વર્ષ |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## અબંધસ્થિતિ અને સતતબંધનું ચિત્ર

| ઉત્કૃષ્ટ અબંધકાળ યોગ્ય પ્રકૃતિઓ | ઉત્કૃષ્ટ અબંધ કાળ | ઉત્કૃષ્ટ સતતબંધ યોગ્ય પ્રકૃતિઓ | ઉત્કૃષ્ટ સતત બંધ | જઘન્ય સતતબંધ યોગ્ય પ્રકૃતિઓ | જઘન્ય સતત બંધ |
|---|---|---|---|---|---|
| ૩. તિર્યંચત્રિક | ૧૬૩ સાગ. | દેવદ્વિક-વૈક્રિયદ્વિક-૪ | ૩ પલ્યો. | જિનનામ ૧ | અંત-મુહૂર્ત |
| ૩. નરકત્રિક | ૪ પલ્યો. | તિર્યંચદ્વિક-નીચગોત્ર ૩ | અસંખ્ય કાલ. | | |
| ૧. ઉદ્યોતનામ<br>૭ | ૭મનુભવ અધિક | ચાર આયુ.-૪ | અંતમુહુર્ત | ચાર આયુષ્ય-૪ | ” |
| | | ઔદા. શ.ના.-૧ | અસંખ્ય પુદ્ગલ પરાવર્તન | બાકીની - ૬૮ અધ્રુવબંધી | ૧ સમય |
| ૪. સ્થા. ચતુષ્ક | ૧૮૫ સાગ. | સાતાવેદનીય-૧ | દેશોન પૂર્વ ક્રોડવર્ષ | ૭૩ | |
| ૪. કુજાતિ ” | ૪ પલ્યો. | | | | |
| ૧. આતપ | ૮ મનુ. | | | | |
| ૫. અશુભ સંઘ.<br>૫. ” સંસ્થાન<br>૧. ” વિહાયો.<br>૪. અનંતાનુબંધી<br>૧. મિથ્યાત્વ<br>૩. દૌર્ભાગ્યત્રિક<br>૩. થિણદ્ધિત્રિક | ૧૩૨ સા. તથા ૬ મનુ. ભવ અ. | પરાઘાત-ઉચ્છ્વાસ પંચેન્દ્રિય જાતિ ત્રસ ચતુષ્ક - ૭ | ૧૮૫ સા. ૪ પલ્યો. ૮ મનુ. ભવ | | |

જૈન સાઈટ JAINSITE.com જૈનં જયતિ શાસનમ્

| ઉત્કૃષ્ટ અબંધકાળ યોગ્ય પ્રકૃતિઓ | ઉત્કૃષ્ટ અબંધ કાળ | ઉત્કૃષ્ટ સતતબંધ યોગ્ય પ્રકૃતિઓ | ઉત્કૃષ્ટ સતત બંધ | જઘન્ય સતતબંધ યોગ્ય પ્રકૃતિઓ | જઘન્ય સતત બંધ |
|---|---|---|---|---|---|
| ૧. નીચગોત્ર<br>૧. નપુંસકવેદ<br>૧. સ્ત્રી વેદ<br>૨૫ | | શુભવિહાયોગતિ<br>પુરુષ વેદ<br>સૌભાગ્યત્રિક<br>ઉચ્ચગોત્ર<br>સમચતુરસ્ર સંસ્થા.<br>૭ | ૧૩૨ સા.<br>૬ મનુ.<br>ભવ | | |
| ૪૧. કુલ -<br>૩૯. ધ્રુવ બંધી<br>૪૦. અધ્રુવબંધી<br>૧૨૦. | ×<br>× | અશુ. વિહા.ગતિ<br>ચારજાતિ વગેરે<br>૪૧ | અંતર્મુહૂર્ત | | |
| | | મનુષ્યદ્વિક<br>જિનનામ<br>વજ્રઋષભનારાચ<br>ઔદારિકાંગોપાંગ<br>૫<br>કુલ - ૭૩ | ૩૩<br>સાગરો. | | |

હવે રસબંધ સમજાવે છે.

**तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ ।**
**मंदरसो गिरिमहिरयजलरेहासरिसकसाएहिं ॥६३॥**

(तीव्रोऽशुभशुभानां संक्लेशविशुद्धितो विपर्ययतः ।
मन्दरसो गिरिमहीरजोजलरेखासदृशकषायैः ॥६३॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तिव्वो**=તીવ્ર, **असुहसुहाणं**=અશુભ અને શુભ કર્મપ્રકૃતિઓનો, **संकेसविसोहिओ**=સંક્લેશ દ્વારા અને વિશુદ્ધિ દ્વારા થાય છે. **विवज्ज-यओ**=તેના કરતાં વિપરીતપણે, **मंदरसो**=જઘન્ય રસ બંધાય છે. **गिरिमहीरयजलरेहा**=પર્વત, પૃથ્વી, રેતી અને જલની રેખા, **सरिसक-साएहिं**= સમાન કષાયો વડે ॥ ૬૩ ॥

**ગાથાર્થ** - અશુભ અને શુભ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ અનુક્રમે સંક્લેશ અને વિશુદ્ધિ વડે બંધાય છે. તથા જઘન્યરસ તેના કરતાં વિપર્યયપણે બંધાય છે તથા પર્વત, પૃથ્વી, રેતી અને જલની રેખા સમાન કષાયો વડે (આ ગાથાના અર્થનો સંબંધ આગળ આવનારી ગાથા સાથે છે. ) ॥ ૬૩ ॥

**વિવેચન** - પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ એમ ચાર પ્રકારના બંધમાંથી પ્રકૃતિબંધ અને સ્થિતિબંધ સમજાવીને હવે અનુભાગબંધ સમજાવે છે.

પ્રતિસમયે બંધાતા કર્મપરમાણુઓમાં આત્મા સાથે વિવક્ષિત કર્મ કેટલો સમય રહેશે એવા પ્રકારની સ્થિતિનું (કાલનું) નિયમન જેમ આત્મા કરે છે. તેમ આ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે કેવું કેવું ફળ આપશે? અને તે ફળ કેટલા પાવરથી આપશે ? તેનું પણ નિયમન આત્મા કરે છે. તેવા પ્રકારના ફળ આપવા માટેનો જે પાવર, જે શક્તિ, કર્માણુઓમાં આત્મા નક્કી કરે છે. તે સામર્થ્યને અનુભાગબંધ કહેવાય છે.

પ્રકૃતિબંધથી આ કર્મ શું ફળ આપશે ? તે નક્કી થાય છે. અને અનુભાગબંધથી તે ફળ કેટલા પાવરથી (કેટલી તીવ્ર-મંદતાથી) ફળ આપશે તે નક્કી થાય છે. આ શક્તિ એટલે સામર્થ્ય તે જ અનુભાગ છે. અને તેનું નક્કી થવું તે અનુભાગબંધ છે. અનુભાગબંધને જ રસબંધ કહેવાય છે. બાંધેલા રસ (અનુભાગ) પ્રમાણે જ્યારે તે કર્મ ઉદયમાં આવે છે અને ફળવિપાક દેખાડે છે ત્યારે તેને **વિપાકોદય, અનુભાગોદય** અથવા **રસોદય** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધાયેલાં તે કર્મોમાં બાંધેલો જે રસ છે. તે અધ્યવસાય દ્વારા હીન કરીને પોતાના રૂપે જીવ વેદે છે. તેને વિપાકોદય કહેવાય છે. અને પોતાનો ઉદય ન હોય ત્યારે પોતાના મૂલકર્મમાં સજાતીયમાં અથવા સજાતીય ન હોય ત્યારે વિજાતીયમાં ભળીને જે ઉદયમાં આવે તેને સંક્રમણ અથવા વિવક્ષિત પ્રકૃતિનો **પ્રદેશોદય** કહેવાય છે. સારાંશ કે જે કર્મ જેટલા રસવાળું બાંધ્યું હોય, તે કર્મના તે રસમાંથી અધ્યવસાયને અનુસારે ફેરફાર કરી પરિવર્તિત કરેલા રસ પ્રમાણે સ્વવિપાકથી ભોગવવું તે **રસોદય** (વિપાકોદય) કહેવાય છે. અને બંધાયેલું તે વિવક્ષિત કર્મ બાંધ્યા પછી ભવપ્રત્યયિક અથવા ગુણપ્રત્યયિક તેનો ઉદય ન થવાથી તેના કર્મપરમાણુઓને પોતાના મૂલકર્મમાં જ સજાતીય ઉદયમાં હોય તો તેનામાં અને સજાતીય ન હોય તો વિજાતીયમાં ભેળવીને તેવી પરપ્રકૃતિ રૂપે વિવક્ષિત કર્મપરમાણુઓને ભોગવવા તે **પ્રદેશોદય** કહેવાય છે.

જેમ કે મિથ્યાત્વ મોહનીયનાં બંધાયેલ દલિકોને મંદરસવાળાં કરીને પણ મિથ્યાત્વમોહનીયરૂપે ભોગવવાં તે મિથ્યાત્વમોહનીયનો વિપાકોદય કહેવાય છે. અને સમ્યક્ત્વમોહનીય કે મિશ્રમોહનીય રૂપે કરીને તે રૂપે ભોગવવાં તે મિથ્યાત્વનો પ્રદેશોદય કહેવાય છે.

એવી જ રીતે દેવભવમાં ગયેલો જીવ દેવગતિનામકર્મ, પંચેન્દ્રિયજાતિ નામકર્મ અને વૈક્રિયશરીરનામકર્માદિનાં દલિકોને સ્વવિપાકથી ઉદયસ્વરૂપે અનુભવે છે. તે **વિપાકોદય** છે અને દેવગતિમાં રહેલો તે જ દેવનો જીવ મનુષ્યગતિ આદિ શેષ ત્રણ ગતિનામકર્મ, પંચેન્દ્રિય સિવાયની ચાર જાતિનામકર્મ એમ અનુદયવતી નામકર્મની શેષ પ્રકૃતિઓનાં કર્મદલિકોને ભવપ્રત્યયિક ઉદય ન હોવાથી દેવગતિ-નામકર્માદિ ઉદયવતી એવી નામકર્મની ૨૧,૨૫,૨૭,૨૮,૨૯ અને ૩૦ પ્રકૃતિઓમાં સંક્રમાવીને જે તે રૂપે ઉદયથી ભોગવે તેને મનુષ્યગતિ આદિ અનુદયવતી પ્રકૃતિઓનો **પ્રદેશોદય** કહેવાય છે. આવી જ રીતે ગુણપ્રત્યયિક જે પ્રકૃતિઓનો અનુદય થયો હોય તેનો પણ ઉદયવતીમાં સંક્રમાવીને જે ઉદય થાય તે અનુદયવતીનો **પ્રદેશોદય** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે જે સમયે જે કર્મ બંધાય છે, તે સમયે જ તેમાં જેમ પ્રકૃતિ, સ્થિતિ અને પ્રદેશ બંધ થાય છે. તેમ રસ પણ બંધાય જ છે. સ્થિતિ-રસ વિનાનું કર્મ માત્ર ૧૧-૧૨-૧૩મા ગુણઠાણે જ બંધાય છે. બાકીના ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં જ્યારે જ્યારે કર્મ બંધાય છે. ત્યારે ત્યારે પ્રતિસમયે અવશ્ય સ્થિતિ-રસ પણ બંધાય જ છે. તે રસબંધનું વર્ણન આ પ્રમાણે છે.

૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં વર્તતા સર્વે જીવો પ્રતિસમયે અનંતાનંત કર્મપરમાણુઓના બનેલા કાર્મણવર્ગણાના સ્કંધોને ગ્રહણ કરીને કર્મરૂપે બાંધે છે. તે સર્વે કર્મપરમાણુઓમાં પોતાના નિયત વિપાકરૂપે ફળ આપવાની તીવ્ર-મંદાત્મક ભાવે શક્તિનું જે નિયમન થવું તે શક્તિના (સામર્થ્યના) નિયમને રસબંધ કહેવાય છે. એક સમયે બંધાતા અનંતાનંત કર્મ પરમાણુઓમાં આવો રસબંધ થતો હોવા છતાં પણ તે સર્વે પરમાણુઓમાં સરખો રસબંધ થતો નથી. કોઈમાં ઓછો અને કોઈમાં અધિક રસબંધ થતો હોવાથી તે રસની વર્ગણા અને સ્પર્ધક રૂપે શાસ્ત્રોમાં વિવક્ષા કરેલી છે. તે આ પ્રમાણે-

એક જીવ વડે એક સમયમાં ગ્રહણ કરાતા અનંતાનંત કર્મપુદ્ગલોમાં ઓછામાં ઓછા રસવાળા જે કર્મ પુદ્ગલો છે. તેમાં જે રસ (શક્તિ-સામર્થ્ય) છે. તેના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ટૂકડા કરવામાં આવે કે જે એક ટુકડાના ફરીથી કેવલીની બુદ્ધિએ પણ બે ટૂકડા ન થાય તેવા ટૂકડા કરીએ તો સંસારમાં રહેલા સર્વજીવોની સંખ્યા કરતાં અનંતગુણા ટૂકડા થાય તેટલો રસ ઓછામાં ઓછા રસવાળા એક એક કર્મ પુદ્ગલોમાં હોય છે. સારાંશ કે સર્વજીવો કરતાં અનંતગુણા રસાવિભાગો વડે (એટલે કે રસાણુઓ વડે) યુક્ત એવા અનંતા પરમાણુઓ (પરસ્પર સમાન રસવાળા) હોય છે. આ રસાવિભાગને અવિભાગપલિચ્છેદ પણ કહેવાય છે. આવા પ્રકારના સર્વજીવો કરતાં અનંતગુણા રસાવિભાગવાળા અનંતા પરમાણુઓનો સમુદાય તે **વર્ગણા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. **સરખે સરખા રસાવિભાગવાળા પરમાણુઓનો સમુદાય તે વર્ગણા કહેવાય છે.** આ પ્રથમ વર્ગણા છે. તેના કરતાં એક રસાવિભાગ જેમાં અધિક હોય એવા અનંતા કર્મપરમાણુઓનો સમુદાય તે બીજી વર્ગણા. તેનાથી બે અધિક રસાવિભાગ વાળા કર્મપરમાણુઓનો સમુદાય તે ત્રીજી વર્ગણા એમ ક્રમશઃ અનંતી વર્ગણાઓ એક સમયમાં બંધાતા તે કર્માણુઓમાં હોય છે. **ક્રમશઃ એકોત્તર વૃદ્ધિ રૂપે નિરંતર પણે થતી વર્ગણાઓનો સમુદાય તેને સ્પર્ધક કહેવાય છે.** વર્ગણાઓ જાણે એક એક રસાણુની વૃદ્ધિ વડે માંહોમાંહે સ્પર્ધા કરતી હોય શું ? એવા અર્થમાં નિરંતર પણે થતી વર્ગણાઓને સ્પર્ધક કહેવાય છે. આવા પ્રકારની નિરંતર પણે અભવ્યથી અનંતગુણી અને સિદ્ધની સંખ્યા કરતાં અનંતમા ભાગની વર્ગણાઓ થાય છે. તેથી એક સ્પર્ધકમાં તેટલી (એટલે અભવ્યથી અનંતગુણી) વર્ગણાઓ હોય છે. ત્યારબાદ એકોત્તર વૃદ્ધિવાળા રસાણુઓથી યુક્ત એવા કર્મ પુદ્ગલો બંધાતા કર્મમાં હોતા નથી. તેથી અંતર પડે છે. અંતર પડવાથી અહીં એક સ્પર્ધક સમાપ્ત થાય છે. આવાં અસંખ્ય સ્પર્ધકો એક સમયના બંધમાં હોય છે.

આ વાત કલ્પિત એક ઉદાહરણથી સમજીએ. સર્વ જીવો એટલે ૧૦૦, તેનાથી અનંતગુણ એટલે ૧૦૦૦, અભવ્યો એટલે ૨, તેનાથી અનંતગુણ ૨૦, હવે સૌથી જઘન્ય રસાણુવાળા એટલે કે સર્વ જીવોથી અનંતગુણા (૧૦૦૦) રસાણુવાળા અનંતા કર્મ પરમાણુઓની જે વર્ગણા તે પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા. એક અધિક (એટલે ૧૦૦૧) રસાણુવાળા બીજા અનંતા કર્મ પરમાણુઓની જે વર્ગણા તે બીજી વર્ગણા. એમ ૧૦૦૨ રસાણુવાળા બીજા અનંતા કર્મ પરમાણુઓની જે વર્ગણા તે ત્રીજી વર્ગણા. આ પ્રમાણે ક્રમશઃ અભવ્યથી અનંતગુણી એટલે ૨૦ વર્ગણાઓ થાય, તેવા એકોત્તરવૃદ્ધિ વાળા કર્મ પુદ્ગલો તે બંધાતા કર્મમાં હોય છે. પરંતુ ત્યારબાદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧૦૨૦ રસાણુવાળા ૧૦૨૧ રસાણુવાળા ૧૦૨૨ રસાણુવાળા કર્મ પુદ્ગલો તે બંધાતા કર્મમાં એક પણ હોતા નથી.

એક સ્પર્ધકથી બીજા સ્પર્ધકની વચ્ચે સર્વજીવો કરતાં અનંતગુણનું અંતર હોય છે. તેથી જ પહેલું, બીજું, ત્રીજું એમ સ્પર્ધકો જુદાં-જુદાં થાય છે. આવા પ્રકારનાં અભવ્યથી અનંતગુણાં સ્પર્ધકો એક સમયમાં બંધાતા કર્મમાં હોય છે. તેને જ એક **રસસ્થાનક** અથવા **અનુભાગ-બંધસ્થાનક** કહેવાય છે. એક સમયમાં એક જીવ વડે બંધાતા કર્મમાં એક જ રસસ્થાનક (અનુભાગબંધસ્થાનક) હોય છે. (એટલે કે અભવ્યથી અનંતગુણા સ્પર્ધકો તેમાં હોય છે) આવા પ્રકારનાં રસસ્થાનકો અસંખ્યાત લોકાકાશ પ્રદેશ પ્રમાણ કુલ હોય છે.

એક જીવ વડે એક જ સમયમાં બંધાતા કર્મમાં અભવ્યથી અનંતગુણ વર્ગણાઓ અને તેટલાં જ સ્પર્ધકો જેટલો હીનાધિકપણે રસનો બંધ કર્મપરમાણુઓમાં જે થાય છે તેમાં કર્મ બાંધનારા જીવોનો તેવા પ્રકારનો જે ચિત્ર-વિચિત્ર અધ્યવસાય છે તે કારણ સમજવું તથા કર્મપરમાણુઓમાં તેવા રસાંશયુક્તપણે પરિણમવાનો તેનો પોતાનો સ્વભાવ પણ કારણ સમજવું. જેમ અગ્નિમાં બાળવાનો અને કાષ્ઠમાં બળવાનો સ્વતઃ સ્વભાવ છે તો જ દાહાત્મક કાર્ય થાય છે. તેમ અહીં જીવમાં ચિત્ર-વિચિત્ર બંધકસ્વભાવ અને કર્મપરમાણુઓમાં ચિત્ર-વિચિત્ર ભાવે બધ્યમાનપણે પરિણામ પામવાનો સ્વભાવ હોવાથી આવા પ્રકારનો રસબંધ થાય છે.

અભવ્યથી અનંતગુણા સ્પર્ધકોમાં થનારી પ્રત્યેક વર્ગણાઓમાં અનંતા અનંતા કર્મ પરમાણુઓ હોવા છતાં પણ પહેલા સ્પર્ધકની પહેલી વર્ગણામાં સૌથી વધારે પરમાણુઓ હોય છે. તેનાથી પહેલા સ્પર્ધકની બીજી-ત્રીજી-ચોથી આદિ વર્ગણાઓમાં ક્રમશઃ હીન-હીન કર્મપરમાણુઓ હોય છે. એમ સર્વ સ્પર્ધકોમાં જાણવું તથા પ્રથમ સ્પર્ધકની અન્તિમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્ગણા કરતાં બીજા સ્પર્ધકની પ્રથમ વર્ગણામાં પણ હીન પરમાણુઓ જાણવા. એમ સર્વત્ર સમજવું. અહીં સર્વત્ર **"રસબંધ"**માં સમજાવાતા રસનો અર્થ જ **જીવને કર્મોનું ફળ બતાવવાની તીવ્રતા અને મંદતારૂપ સામર્થ્ય-શક્તિ એવો અર્થ કરવો.** પરંતુ પુદ્‌ગલાસ્તિકાયના લક્ષણ રૂપે જે વર્ણ-ગંધ-રસ અને સ્પર્શમાં રસનાથી ગ્રાહ્ય સ્વાદસ્વરૂપ તિક્ત કટુ આમ્લ ઈત્યાદિ રસ આવે છે. તે ન સમજવો. તે રસનાગ્રાહ્ય સ્વાદ સ્વરૂપ રસ કર્મપરમાણુઓમાં (અને સર્વ પુદ્‌ગલોમાં) પુદ્‌ગલાસ્તિકાયનો ગુણ હોવાથી **સ્વાભાવિકપણે** જ હોય છે. અને કર્મના ફળને આપનાર તીવ્ર-મંદ સ્વરૂપ આ રસ **જીવ વડે બંધાયેલો** (નંખાયેલો) છે. જીવ જ્યારે બાંધે છે ત્યારે જ આવે છે.

બંધને આશ્રયી કર્મપ્રકૃતિઓ ૧૨૦ હોય છે. તેમાં ૪૨ **પુણ્યપ્રકૃતિઓ** છે. જેને **શુભપ્રકૃતિ** કહેવાય છે અને ૮૨ **પાપપ્રકૃતિઓ** છે. જેને **અશુભ** પ્રકૃતિ કહેવાય છે. વર્ણ ચતુષ્ક બન્નેમાં આવવાથી ચારની સંખ્યા વધે છે. શુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ શુભ છે. તેથી અત્યન્ત વિશુદ્ધિ વડે (એટલે કે અત્યન્ત મંદ-મંદતર સંક્લેશ વડે) બંધાય છે. અને અશુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ અશુભ છે. તેથી અત્યન્ત તીવ્ર સંક્લેશ વડે બંધાય છે. શુભપ્રકૃતિઓનો જઘન્ય રસ અત્યન્ત તીવ્ર સંક્લેશ વડે બંધાય છે. અને અશુભપ્રકૃતિઓનો જઘન્ય રસ અત્યન્ત વિશુદ્ધિ વડે (એટલે અત્યન્ત મંદ-મંદતર સંક્લેશ વડે) બંધાય છે.

(૧) ૪૨ પુણ્ય પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ વિશુદ્ધિથી થાય છે.
(૨) ૪૨ પુણ્ય પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ તીવ્ર સંક્લેશથી થાય છે.
(૧) ૮૨ પાપ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ તીવ્ર સંક્લેશથી થાય છે.
(૨) ૮૨ પાપ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી થાય છે.

સ્થિતિબંધમાં કષાયજન્ય વિષમતા માત્ર કારણ છે પરંતુ રસબંધમાં લેશ્યા સહકૃત કષાયજન્ય વિષમતા કારણ છે. તેથી એક-એક સ્થિતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બંધના અધ્યવસાયમાં અસંખ્ય-અસંખ્ય રસબંધના અધ્યવસાયો હોય છે. જ્ઞાનાવરણીય કર્મમાં અંતર્મુહૂર્તથી ૩૦ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિ બંધાય છે. તેથી અંતર્મુહૂર્તથી ૩૦ કોડાકોડી સાગરોપમના જેટલા સમયો થાય તેટલાં **સ્થિતિસ્થાનો** કહેવાય છે. તેમાંના એક એક સ્થિતિસ્થાને સ્થિતિસ્થાને અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ સ્થિતિબંધના હેતુભૂત (કષાયજન્ય) અધ્યવસાયસ્થાનો હોય છે. અને સ્થિતિબંધના હેતુભૂત એક-એક અધ્યવસાયસ્થાનોમાં (લેશ્યા સહકૃત કષાયજન્ય) રસબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ હોય છે. સ્થિતિબંધ અને રસબંધ એમ બન્નેમાં મૂલ તો કષાય જ કારણ છે. લેશ્યા કારણ નથી. પરંતુ રસબંધમાં લેશ્યા કષાયથી મિશ્ર થયેલી હોય તો લેશ્યા પણ કારણ કહેવાય છે. અન્યથા જો એમ ન સમજીએ અને લેશ્યાને રસબંધનું કારણ માનીએ તો ૧ થી ૧૦ ગુણસ્થાનકોમાં જેમ શુક્લલેશ્યા હોય છે તેમ ૧૧ થી ૧૩માં પણ શુક્લલેશ્યા છે. તેથી ત્યાં પણ રસબંધ થવો જોઈએ. પરંતુ ત્યાં રસબંધ થતો નથી. માટે એકલી લેશ્યા રસબંધનું કારણ નથી. લેશ્યા સહકૃત કાષાયિકપરિણામ જ રસબંધનું કારણ છે.

તીવ્ર-મંદતાને અનુસારે રસબંધના અસંખ્ય ભેદો થઈ શકે છે. મંદતમ-મંદતર-મંદ-તીવ્ર-તીવ્રતર અને તીવ્રતમ એમ ઘણા પ્રકારો પડે છે. પરંતુ તે સર્વે ભેદોને સમજાવવા શાસ્ત્રકારોએ ૪ ભાગ પાડ્યા છે. (૧) **એકસ્થાનિક** (૨) **દ્વિસ્થાનિક** (૩) **ત્રિસ્થાનિક** અને (૪) **ચતુઃસ્થાનિક.** આ ચાર પ્રકારોને જ એકઠાણીયો, બેઠાણીયો, ત્રણઠાણીઓ અને ચારઠાણીયો રસ કહેવાય છે. તેને સમજાવવા શુભ પ્રકૃતિઓ માટે શેરડીના રસનું અને અશુભપ્રકૃતિઓ માટે લીંબડાના રસનું દૃષ્ટાંત શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે. શેરડીનો કે લીંબડાનો જે સ્વાભાવિક રસ છે. તેના જેવી મીઠાશ અને કડવાશ જેમાં હોય તે એકસ્થાનિકરસ. તેના રસને ઉકાળી ઉકાળીને અડધો બાળી નાખી અડધો રાખીએ અર્થાત્ બુદ્ધિથી બે ભાગ કલ્પીને એક ભાગ બાળી નાખી એક ભાગ રાખીએ તે દ્વિસ્થાનિક રસ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેવી જ રીતે બુદ્ધિથી ત્રણ ભાગ કલ્પીને બે ભાગ બાળી નાખી ત્રીજો ભાગ માત્ર રાખીએ તે ત્રિસ્થાનિક રસ. અને બુદ્ધિથી ચાર ભાગ કલ્પીને ત્રણ ભાગ બાળી નાખી. ચોથો ભાગ માત્ર રાખીએ. તેના જેવી મીઠાશ અને કડવાશ જ્યાં હોય તે ચતુઃસ્થાનિક રસ કહેવાય છે.

આ ચાર પ્રકારના રસબંધમાં અનંતાનુબંધી આદિ ચાર કષાયો કારણ છે. જે મૂલગાથાના गिरिमहिरयजलरेहासरिसकसाएहिं આ પદમાં જણાવ્યું છે. પર્વતની રેખા સમાન કષાય શબ્દથી અનંતાનુબંધી સમજવો. પૃથ્વીની રેખાસમાન શબ્દથી અપ્રત્યાખ્યાનીય, રેતીની રેખા સમાન શબ્દથી પ્રત્યાખ્યાનાવરણ અને પાણીની રેખા સમાન શબ્દથી સંજ્વલન કષાય જાણવા. આ પદના અર્થનો સંબંધ આગળ આવનારી ૬૪મી ગાથા સાથે છે. એટલે તેના વિવેચનમાં જ વધારે અર્થ સ્પષ્ટ કરીશું ॥૬૩॥

**चउठाणाई असुहा, सुहन्नहा विग्घदेसघाइआवरणा ।**
**पुमसंजलणिगदुतिचउठाणरसा सेस दुगमाई ॥६४॥**

(चतु:स्थानादिरशुभानां शुभानामन्यथा विघ्नदेशघात्यावरणाः ।
पुरुषसंज्वलना एकद्वित्रिचतु:स्थानरसाः शेषा द्विस्थानादयः ॥६४॥)

**चउठाणाई**=ચતુઃસ્થાનક આદિ, **असुहा**=અશુભપ્રકૃતિઓનો, **सुह**=શુભ પ્રકૃતિઓનો, **अन्नहा**=અન્યથા-ઉલટી રીતે, **विग्घदेसघाइआवरणा**=પાંચ અંતરાય અને સાત દેશઘાતી આવરણો, **पुम**=પુરૂષવેદ, **संजलण**= ચાર સંજ્વલન, **इगदुतिचउठाणरसा**=એક, બે, ત્રણ અને ચતુઃસ્થાનકાદિ રસવાળી, **सेस**=બાકીની પ્રકૃતિઓ, **दुगमाई**=દ્વિસ્થાનિક આદિ રસવાળી છે. ॥૬૪॥

**ગાથાર્થ** - (પૂર્વગાથામાં કહેલા કષાયો વડે) અનુક્રમે અશુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનક આદિ અને શુભપ્રકૃતિઓનો તેનાથી ઉલટી રીતે રસ બંધાય છે. પાંચ અંતરાયકર્મ, સાત દેશઘાતી આવરણો પરુષવેદ અને સંજ્વલન ચાર કષાય એમ ૧૭ પ્રકૃતિઓનો રસ એક, બે, ત્રણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને ચતુઃસ્થાનિક હોય છે. બાકીની ૧૦૩ પ્રકૃતિઓનો રસ દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક હોય છે. ॥૬૪॥

**વિવેચન** : બંધને આશ્રયી ૧૨૦ પ્રકૃતિઓમાંથી માત્ર ૧૭ પ્રકૃતિઓનો જ એકસ્થાનિક રસબંધ થાય છે. બાકીની ૧૦૩ પ્રકૃતિઓનો એક સ્થાનિક રસબંધ થતો જ નથી. તેનું કારણ એ છે કે એકસ્થાનિક રસબંધ થાય તેવી અત્યન્ત વિશુદ્ધિવાળા વિશુદ્ધ અધ્યવસાયો શ્રેણીમાં નવમા ગુણસ્થાનકનો કેટલોક ભાગ ગયા પછી જ આવે છે. અને ત્યાં આ સત્તર જ અશુભ પ્રકૃતિઓ બંધાય છે. બીજી બંધાતી નથી તેથી ૧૭ નો જ એકસ્થાનિકરસબંધ સંભવે છે.

**પ્રશ્ન** : નવમા ગુણસ્થાનકે ૨૨ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. તેમાં સાતા, યશ અને ઉચ્ચગોત્ર ત્રણ જ પુણ્યપ્રકૃતિઓ છે. બાકીની ૧૯ અશુભ પ્રકૃતિઓ છે. તો ૧૭નો જ એકસ્થાનિકરસ બંધ કેમ કહો છો ? કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણનો બંધ પણ છે. અને તે અશુભ પણ છે. તેનો એકસ્થાનિક રસબંધ કેમ કહેતા નથી ?

**ઉત્તર** : આ બન્ને પ્રકૃતિઓ સર્વઘાતી છે સર્વઘાતીનો રસ જઘન્યથી પણ દ્વિસ્થાનિક જ હોય છે, તેથી નવમે, દસમે ગુણસ્થાનકે અત્યન્ત વિશુદ્ધિ હોવા છતાં પણ આ બન્ને પ્રકૃતિઓ સર્વઘાતી હોવાથી જઘન્યથી પણ તેનો દ્વિસ્થાનિક જ રસબંધ થાય છે. એકસ્થાનિક રસબંધ થતો નથી. જે એકસ્થાનિક રસ છે. તથા જઘન્ય એવો દ્વિસ્થાનિક જે રસ છે. તે બન્ને અતિશય અલ્પ રસ હોવાથી સ્વઘાત્યગુણનો સર્વથા ઘાત કરવા માટે અસમર્થ હોય છે. તેથી કેવલદ્વિકના આવરણનો રસબંધ નવમે-દસમે પણ એકસ્થાનિક થતો નથી.

**પ્રશ્ન** : જેમ અત્યન્ત વિશુદ્ધિ વડે નવમા-દસમા ગુણસ્થાનકે ૧૭ અશુભ પ્રકૃતિઓનો એકસ્થાનિક રસબંધ થાય છે. તેમ અતિશય સંક્લિષ્ટ પરિણામ વડે પહેલા ગુણઠાણે શુભપ્રકૃતિઓનો પણ એકસ્થાનિક રસબંધ થવો જોઈએ. તે કેમ કહેતા નથી ?

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર :** અતિશય સંક્લિષ્ટ પરિણામ હોય ત્યારે પ્રાયઃ શુભપ્રકૃતિઓનો બંધ જ સંભવતો નથી. અશુભ પ્રકૃતિઓ જ બંધાય છે. જેમ ચાર ગતિમાંથી તીવ્ર સંક્લેશ હોય તો નરક-તિર્યંચગતિ જ બંધાય. પાંચ જાતિમાં એકેન્દ્રિયાદિ જાતિ જ બંધાય એટલે શુભપ્રકૃતિઓનો બંધ જ ન હોવાથી એકસ્થાનિક રસબંધ થતો નથી.

**પ્રશ્ન :** અત્યન્ત તીવ્ર સંક્લિષ્ટ પરિણામવાળા તિર્યંચ મનુષ્યો જ્યારે સાતમી નરકપ્રાયોગ્ય બંધ કરે છે ત્યારે પંચેન્દ્રિયજાતિ, વૈક્રિયશરીરનામકર્મ, પરાઘાત, ઉચ્છ્‌વાસ ત્રસચતુષ્ક વગેરે કેટલીક પુણ્યપ્રકૃતિઓ પણ બાંધે જ છે. ત્યારે તે પ્રકૃતિઓનો એકસ્થાનિક રસબંધ થવો જોઈએ.

**ઉત્તર :** તે સમયે પણ બંધાતી પુણ્યપ્રકૃતિઓનો તથાસ્વભાવે જ બેઠાણીઓ આદિ જ રસ બંધાય છે. પરંતુ તેનાથી ઓછો રસબંધ થતો નથી. તેથી ત્યાં પણ દ્વિસ્થાનિક આદિ રસબંધ જાણવો.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

પર્વતની રેખા સમાન અનંતાનુબંધી કષાય વડે અશુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક રસ બંધાય છે. પૃથ્વીની રેખા સમાન અપ્રત્યાખ્યાનીય કષાય વડે ત્રિસ્થાનિક રસ બંધાય છે. રેતીની રેખા સમાન પ્રત્યાખ્યાનાવરણ કષાયો વડે દ્વિસ્થાનિક રસ બંધાય છે. અને જલની રેખા સમાન સંજ્વલન કષાયો વડે માત્ર ૧૭ અશુભપ્રકૃતિઓનો જ એકસ્થાનિક રસ બંધાય છે. શુભપ્રકૃતિઓમાં તેનાથી વિપરીત ભાવ જાણવો, એટલે કે અનંતાનુબંધી કષાય વડે દ્વિસ્થાનિક, અપ્રત્યાખ્યાનીય કષાય વડે ત્રિસ્થાનિક અને પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન કષાય વડે ચતુઃસ્થાનિક રસ બંધાય છે.

| કષાયનું નામ | અશુભ પ્રકૃતિઓનો રસબંધ | શુભ પ્રકૃતિઓનો રસબંધ |
|---|---|---|
| અનંતાનુબંધીના ઉદય વડે | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| અપ્રત્યાખ્યાનીયના ઉદય વડે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| પ્રત્યાખ્યાનાવરણના ઉદય વડે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| સંજ્વલનના ઉદય વડે | એકસ્થાનિક | ચતુઃસ્થાનિક |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન :** જો અનંતાનુબંધી કષાયના ઉદય વડે અશુભપ્રકૃતિઓનો રસબંધ ચતુઃસ્થાનિક થતો હોય અને શુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ થતો હોય તો અનાદિ મિથ્યાત્વી જીવ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામે તે અવસ્થાનું વર્ણન કરતાં કર્મપ્રકૃતિમાં (કમ્મપયડી ગ્રંથમાં) ઉપશમનાધિકારના પ્રારંભમાં શ્રી શિવશર્મસૂરીશ્વરજી મ. સાહેબે કહ્યું છે, કે સંજ્ઞિત્વ પંચેન્દ્રિયત્વ અને પર્યાપ્તત્વ એમ ત્રણ લબ્ધિથી યુક્ત એવો જીવ, અશુભનો દ્વિસ્થાનિક રસ બાંધતો અને શુભનો ચતુઃસ્થાનિક રસ બાંધતો, તથા સત્તામાં રહેલી અશુભપ્રકૃતિના રસને પણ દ્વિસ્થાનિક કરતો અને શુભપ્રકૃતિના રસને ચતુઃસ્થાનિક કરતો એવો તે જીવ ક્રમશઃ ત્રણ કરણ કરવા વડે ઉપશમસમ્યક્ત્વ પામે છે. અહીં પ્રશ્ન થાય છે કે ઉપશમ સમ્યક્ત્વ પામનારો આ જીવ મિથ્યાત્વ અવસ્થામાં છે, ત્યાં અનંતાનુબંધી કષાય પણ ધ્રુવોદયી છે. તેથી આ અનંતાનુબંધી કષાયનો ઉદય ત્યાં અવશ્ય છે જ. તે હોતે છતે અશુભ પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક અને શુભપ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક રસ કેવી રીતે બંધાય ! અને જો બંધાય તો આ ગાથામાં કહેલી વાત કેવી રીતે યુક્તિસંગત થાય ?

**ઉત્તર** : અનંતાનુબંધી કષાયના ઉદયથી અશુભનો ચતુઃસ્થાનિક અને શુભનો દ્વિસ્થાનિક રસબંધ થાય એમ જે આ ૬૪મી ગાથામાં કહ્યું છે. તે પ્રાયિકવચન સમજવું. બહુધા આવો રસ બંધાય એમ જાણવું. તેથી અનંતાનુબંધી કષાયના ઉદયવાળા મિથ્યાદૃષ્ટિ જીવો પણ તીવ્ર મધ્યમ અને મંદ ભેદવાળા હોય છે. તીવ્ર અનંતાનુબંધીના ઉદયવાળા હોય ત્યારે અશુભનો ચતુઃસ્થાનિક અને શુભનો દ્વિસ્થાનિક રસ બાંધે, મધ્યમ અનંતાનુબંધીના ઉદયવાળા હોય ત્યારે બન્નેનો ત્રિસ્થાનિક રસ બાંધે, અને મંદ અનંતાનુબંધીના ઉદયવાળા હોય ત્યારે અશુભનો દ્વિસ્થાનિક અને શુભનો ચતુઃસ્થાનિક રસ પણ બાંધે. એમ પણ સૂક્ષ્મબુદ્ધિએ સમજવું. આ કારણથી સમ્યક્ત્વ પામતી વખતે પૂર્વભૂમિકાવાળા કાળમાં મંદ અનંતાનુબંધીનો ઉદય હોવાથી અશુભનો દ્વિસ્થાનિક રસબંધ અને શુભનો ચતુઃસ્થાનિક રસબંધ થાય છે. આ રીતે કર્મપ્રકૃતિનું વચન યથાર્થ રીતે

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટે છે. અને જ્યારે તીવ્ર અનંતાનુબંધી હોય ત્યારે અશુભનો ચતુઃસ્થાનિક અને શુભનો દ્વિસ્થાનિક રસબંધ થાય છે. એવું કર્મગ્રંથનું વચન પણ યથાર્થ રીતે યુક્તિસંગત થાય છે.

પહેલા ગુણઠાણે અનંતાનુબંધીનો ઉદય તીવ્ર મધ્યમ અને મંદ ભેદે અનેક પ્રકારનો હોઇ શકે છે. જેમ કે અભવ્ય જીવો સાતમી નરક પ્રાયોગ્ય બંધ કરતા હોય ત્યારે અને નવમી ગ્રૈવેયક પ્રાયોગ્ય બંધ કરતા હોય ત્યારે પહેલું જ ગુણઠાણું હોવા છતાં અનંતાનુબંધીનો ઉદય તીવ્ર-મંદ હોઇ શકે છે. તથા ગાઢમિથ્યાત્વી, અચરમાવર્તવર્તી મિથ્યાત્વી, ચરમાવર્તના પૂર્વાર્ધભાગવર્તી મિથ્યાત્વી, ચરમાવર્તના પશ્ચાદર્ધભાગવર્તી મિથ્યાત્વી અને તેમાં પણ સમ્યક્ત્વની પૂર્વભૂમિકાવર્તી મિથ્યાત્વી ક્રમશઃ મંદ મંદ અનંતાનુબંધીના ઉદયવાળા જીવો હોય છે. તેમાં પણ ચરમયથાપ્રવૃત્તકરણ કાળવર્તી જીવો, અને અંતરકરણની પ્રક્રિયા કરવાના કાળવર્તી જીવો અતિશય વધારે મંદ-મંદ અનંતાનુબંધીના ઉદયવાળા સંભવે છે. તેથી પહેલું ગુણસ્થાનક માત્ર હોવાથી સર્વત્ર અનંતાનુબંધીનો ઉદય તીવ્ર અને સમાન ન સમજવો. તેથી અશુભનો રસબંધ ચતુઃસ્થાનિક અને શુભનો રસ દ્વિસ્થાનિક જ થાય એમ પણ ન સમજવું. જ્યારે અનંતાનુબંધી કષાયનો ઉદય અત્યન્ત મંદ થયો હોય ત્યારે અશુભનો દ્વિસ્થાનિક અને શુભનો ચતુઃસ્થાનિક રસબંધ પણ થઇ શકે છે.

**પ્રશ્ન :** જળની રેખા સમાન કષાયો વડે (સંજ્વલન કષાય વડે) એકસ્થાનિક રસબંધ થાય એમ અહીં કહેવામાં આવ્યું છે. અને ૬ થી ૧૦ ગુણસ્થાનકોમાં કેવળ એકલા સંજ્વલન કષાયનો જ ઉદય હોય છે. ત્યાં ૬-૭-૮ અને ૯મા ગુણસ્થાનકના કેટલાક કાળ સુધી અશુભનો દ્વિસ્થાનિક જ રસબંધ થાય છે. તે કેમ ઘટશે ?

**ઉત્તર :** અહીં પણ અતિશય મંદ સંજ્વલનના ઉદય વડે જ એકસ્થાનિક રસ બંધાય એમ સમજવું. સામાન્ય એવા સંજ્વલનના ઉદય વડે તો દ્વિસ્થાનિક જ રસ બંધાય છે. એમ જ જાણવું. એકસ્થાનિક રસબંધ નવમા

૧૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુણસ્થાનકનો કેટલોક કાળ ગયા પછી જ થાય છે. આવું શાસ્ત્ર વચન હોવાથી તેની આગળની ભૂમિકાવાળા (૬-૭-૮-૯મા ગુણસ્થાનકમાં સંજ્વલનનો જ ઉદય હોવા છતાં પણ એકસ્થાનિક રસ બંધાતો નથી. પરંતુ દ્વિસ્થાનિક જ રસબંધ થાય છે. એવો અર્થ સારી રીતે નીકળી શકે છે. અને તે જ અર્થ યુક્તિયુક્ત છે. આ જ પ્રમાણે ચોથા ગુણઠાણે વર્તતા અપ્રત્યાખ્યાની કષાયના ઉદયમાં પણ અને પાંચમા ગુણઠાણે વર્તતા પ્રત્યાખ્યાનાવરણના ઉદયમાં પણ તીવ્ર, મધ્યમ અને મંદના ઉદયભેદો હોય છે. તેથી અશુભનો ચતુઃસ્થાનકાદિ અને શુભનો દ્વિસ્થાનક આદિ ત્રણે પ્રકારનો રસબંધ થઈ શકે છે. આ રીતે વિચારતાં નીચે મુજબ ભાવાર્થ નીકળે છે-

| કષાયનો ઉદય | અશુભનો રસબંધ | શુભનો રસબંધ |
|---|---|---|
| તીવ્ર અનંતાનુબંધીના ઉદયે | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મધ્યમ અનંતાનુબંધીના ઉદયે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| મંદ અનંતાનુબંધીના ઉદયે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| તીવ્ર અપ્રત્યાખ્યાનીયના ઉદયે | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મધ્યમ અપ્રત્યાખ્યાનીયના ઉદયે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| મંદ અપ્રત્યાખ્યાનીયના ઉદયે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| તીવ્ર પ્રત્યાખ્યાનાવરણના ઉદયે | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મધ્યમ પ્રત્યાખ્યાનાવરણના ઉદયે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| મંદ પ્રત્યાખ્યાનાવરણના ઉદયે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| તીવ્ર સંજ્વલનના ઉદયે | ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| મધ્યમ સંજ્વલનના ઉદયે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| મંદ સંજ્વલનના ઉદયે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| અત્યન્ત મંદતમ સં. ના ઉદયે | એકસ્થાનિક | ચતુઃસ્થાનિક |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર પ્રમાણે રસબંધ થાય છે એમ જાણવું. તે પણ અપરાવર્તમાન અશુભ અને અપરાવર્તમાન શુભ માટે ઉપરોક્ત નિયમ ઘણું કરીને જાણવો. કારણ કે જે પરાવર્તમાન પ્રકૃતિઓ છે. તે તો તીવ્ર અનંતાનુબંધીના ઉદયકાળે શુભપ્રકૃતિઓ અને મંદ અનંતાનુબંધીના ઉદયકાળે અશુભપ્રકૃતિઓ પ્રાયઃ બંધમાં જ રહેતી નથી છતાં જેનો ભવપ્રત્યયિક્તા કે ગુણપ્રત્યયિક્તાના કારણે બંધ ચાલુ જ રહે છે. તેના માટે ઉપરોક્ત નિયમ લાગુ પડે છે.

આ પ્રમાણે ૧૭ પ્રકૃતિઓનો રસબંધ એકસ્થાનક આદિ ચારે પ્રકારનો થાય છે. અને શેષ ૧૦૩ પ્રકૃતિઓનો રસબંધ દ્વિસ્થાનક આદિ માત્ર ત્રણ જ પ્રકારનો થાય છે. ॥૬૪॥

**निम्बुच्छुरसो सहजो, दुतिचउभागकड्ढि इक्क भागंतो ।**
**इगठाणाइ असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥**

(निम्बेक्षुरसः सहजः, द्वित्रिचतुर्भागक्वथितैकभागान्तः ।
एकस्थानिकादिरशुभोऽशुभानां शुभो शुभानां तु ॥ ६५॥)

**निंबुच्छुरसो** = લીંબડાના રસ જેવો અને શેરડીના રસ જેવો, **सहजो**=સ્વાભાવિકરસ, **दुतिचउभागकड्ढिइक्कभागंतो**=બેભાગ ત્રણભાગ અને ચારભાગ ઉકાળે છતે એક ભાગ બાકી છે જેનો એવા રસ જેવો, **इगठाणाइ**=એક સ્થાનિક આદિ રસ **असुहो असुहाण**=અશુભ પ્રકૃતિઓનો અશુભ છે અને **सुहो सुहाणं तु**=વળી શુભ પ્રકૃતિઓનો રસ શુભ છે. ॥૬૫॥

**ગાથાર્થ**-લીંબડાનો અને શેરડીનો સ્વાભાવિક રસ, તથા બે ભાગ ત્રણ ભાગ અને ચાર ભાગ ઉકાળે છતે શેષ બાકી રહેલા એક ભાગની જેમ એક સ્થાનિક આદિ ચાર પ્રકારનો અશુભપ્રકૃતિઓનો અશુભ અને શુભ પ્રકૃતિઓનો શુભ રસ જાણવો ॥૬૫॥

**વિવેચન**-આ ગાથાનો ભાવાર્થ પૂર્વની ગાથામાં સમજાવાયો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છતાં પણ કંઈક વિસ્તારથી અહીં સમજાવાય છે. અશુભ પ્રકૃતિઓના રસને સમજાવવા માટે લીંબડાના રસનું દૃષ્ટાંત અને શુભ પ્રકૃતિઓના રસને સમજાવવા માટે શેરડીના રસનું દૃષ્ટાંત છે. લીંબડાનો રસ જેમ કડવાશથી યુક્ત હોય છે. તેમ જે પ્રકૃતિઓનો વિપાક કડવાશવાળો છે તે અશુભપ્રકૃતિઓ જાણવી તથા શેરડીનો રસ જેમ મીઠાશથી યુક્ત છે. તેમ જે પ્રકૃતિઓનો વિપાક મીઠાશવાળો છે તે શુભપ્રકૃતિઓ જાણવી.

લીંબડાનો અને શેરડીનો જે સ્વાભાવિક રસ (એટલે કે ઉકાળ્યા વિનાનો જે રસ) છે. તેના જેવી કડવાશ અને મીઠાશ જ્યારે કર્મપ્રકૃતિઓમાં હોય છે. ત્યારે તે એકસ્થાનિક રસ કહેવાય છે. અને સ્વાભાવિક એવા લીંબડાના અને શેરડીના તે રસના બુદ્ધિથી બે ભાગ કલ્પીને ઉકાળવા દ્વારા એક ભાગ બાળી નાખીએ અને એક ભાગ શેષ રાખીએ તેની કડવાશ અને મીઠાશ જેવી હોય છે. તેવી કડવાશ અને મીઠાશ જ્યારે કર્મપ્રકૃતિઓમાં હોય છે. ત્યારે તે દ્વિસ્થાનિક રસ કહેવાય છે. તેવી જ રીતે બુદ્ધિથી ત્રણ અને ચાર ભાગ કલ્પીને શેષ ભાગો બાળી નાખી એક ભાગ બાકી રાખીએ ત્યારે કડવાશ અને મીઠાશ જેવી હોય તેવી કડવાશ અને મીઠાશ કર્મોમાં જ્યારે હોય છે. ત્યારે તે રસ અનુક્રમે ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક કહેવાય છે.

જેમ કે લીંબડા કે શેરડીનો રસ ૧૨ લીટર બજારમાંથી લાવ્યો અને ઉકાળ્યો નહીં તે એકસ્થાનિક રસ. ૧૨ લીટર ઉકાળીને છ લીટર બાળીને છ લીટર રાખ્યો તે દ્વિસ્થાનિક રસ, ૧૨ લીટર ઉકાળતાં, આઠ લીટર બાળીને ૪ લીટર રાખીએ તે ત્રિસ્થાનિકરસ અને ૧૨ લીટર ઉકાળતાં નવ લીટર બાળીને ૩ લીટર બાકી રાખીએ ત્યારે ચતુઃસ્થાનિક રસ કહેવાય છે. કોઈ કોઈ અભ્યાસકો આ દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક શબ્દના જુદા-જુદા અર્થો કરે છે. જેમ કે બે ભાગ બાળી નાખીએ અને એક ભાગ રાખીએ તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્વિસ્થાનિક, તેવી જ રીતે ત્રણ ભાગ બાળી નાખીએ અને એક ભાગ રાખીએ તે ત્રિસ્થાનિક તથા ચાર ભાગ બાળી નાખીએ અને એક ભાગ રાખીએ તે ચતુઃસ્થાનિક, આવો અર્થ કરે છે, પરંતુ તેઓએ કરેલા તે અર્થો સ્વોપજ્ઞ ટીકામાં કરેલા અર્થ જોતાં બરાબર નથી. એમ લાગે છે. સ્વોપજ્ઞ ટીકામાં द्वित्रिचतुर्भागक्वथितैकभागान्तः એવું સ્પષ્ટ પદ છે. બે ભાગ, ત્રણ ભાગ અને ચાર ભાગ ઉકાળવાના લખ્યા છે. પરંતુ બાળવાના કહ્યા નથી. તથા તેનો અર્થ સ્પષ્ટ કરતાં ટીકાકારશ્રીએ જણાવ્યું છે કે-

स एव भागद्वयप्रमाणः स्थाल्यां क्वथितोऽर्द्धावर्तितः कटुकतरो द्विस्थानिकः, स एव भागत्रयप्रमाणः स्थाल्यां क्वथितस्त्रिभागान्तः कटुकतमस्त्रिस्थानिकः स एव भागचतुष्टयप्रमाणो विभिन्नस्थाने क्वथितश्चतुर्भागान्तोऽतिकटुकतम-श्चतुःस्थानिकः=બે ભાગપ્રમાણવાળો રસ ઉકાળે છતે અર્ધો બાળ્યા પછી રહેલો કટુકતર જે રસ તે દ્વિસ્થાનિક આ પદો જોતાં પ્રથમ કહેલો અર્થ યુક્તિયુક્ત છે.

અશુભપ્રકૃતિઓનો રસ કટુક, કટુકતર, કટુકતમ અને અતિકટુકતમ છે. અને શુભપ્રકૃતિઓનો રસ મધુર, મધુરતર, મધુરતમ અને અતિમધુરતમ છે. પ્રકૃતિઓની શુભાશુભતા રસને લીધે છે. જેનો રસવિપાક સુખદાયી તે પ્રકૃતિ શુભ, જેનો રસવિપાક દુઃખદાયી તે પ્રકૃતિ અશુભ જાણવી.

એક સ્થાનિકરસ કરતાં દ્વિસ્થાનિકરસ અને દ્વિસ્થાનિક રસ કરતાં ત્રિસ્થાનિક રસ તથા ત્રિસ્થાનિક રસ કરતાં ચતુઃસ્થાનિક રસ અનંતગુણઅધિક રસાંશવાળો છે. અને તેનાથી ઉલટાક્રમે એટલે કે ચતુઃસ્થાનિક કરતાં ત્રિસ્થાનિક અને ત્રિસ્થાનિક કરતાં દ્વિસ્થાનિક એમ અનંતગુણહાનિયુક્ત રસાંશવાળાં સ્પર્ધકો છે. તથા એકસ્થાનિક રસમાં પણ અસંખ્ય રસસ્પર્ધકો છે તેવી જ રીતે દ્વિસ્થાનિક ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસમાં પણ અસંખ્ય અસંખ્ય રસસ્પર્ધકો છે. તેમાંના પ્રથમ સ્પર્ધક કરતાં બીજા સ્પર્ધકમાં અને બીજા સ્પર્ધક કરતાં ત્રીજા સ્પર્ધકમાં રસ અનંતગુણ-અનંતગુણ અધિક હોય છે. એમ સર્વ સ્પર્ધકોમાં જાણવું. તેથી એકસ્થાનિક રસના કોઇપણ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્પર્ધકની અન્તિમવર્ગણાથી તેના પછીના સ્પર્ધકની પ્રથમ વર્ગણા સર્વજીવો કરતાં અનંતગુણ અધિક-રસાંશયુક્ત હોય છે. એવી જ રીતે એકસ્થાનિક રસના અન્તિમ સ્પર્ધકની અન્તિમ વર્ગણાથી દ્વિસ્થાનિક રસના પ્રથમ સ્પર્ધકની પ્રથમ વર્ગણા પણ અનંતગુણ અધિક રસાંશ વાળી હોય છે. આ પ્રમાણે દ્વિસ્થાનિક ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક રસમાં પણ સમજવું.

સર્વઘાતી પ્રકૃતિઓનો રસ દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક જ હોય છે અને તે સર્વે રસ નિયમા સર્વઘાતી જ હોય છે. દેશઘાતી ૨૫ પ્રકૃતિઓમાંથી ૧૭ પ્રકૃતિઓનો રસ એકસ્થાનિક આદિ ચારે પ્રકારનો છે અને તેમાં એકસ્થાનિક તથા મંદદ્વિસ્થાનિક રસ દેશઘાતી છે. અને તીવ્ર દ્વિસ્થાનિક, ત્રિસ્થાનિક તથા ચતુઃસ્થાનિક રસ સર્વઘાતી છે. પુરુષવેદ વિનાની નોકષાયની ૮ પ્રકૃતિઓ જો કે દેશઘાતી છે. પરંતુ તેનો રસ દ્વિસ્થાનિક ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક જ હોય છે. અને તે સર્વે રસ સર્વઘાતી જ હોય છે. અઘાતી ૭૫ પ્રકૃતિઓનો રસ દ્વિસ્થાનિકાદિ અને સર્વઘાતી બંધાય છે. જ્યારે જ્યારે રસબંધ થાય છે. ત્યારે ત્યારે ઉપર પ્રમાણે બંધાય છે. પરંતુ ઉદયકાળે તેવો જ રસ ઉદયમાં આવે એવો નિયમ નથી.

ઉપર મુજબ રસ બંધાય છે. પરંતુ ઉદયકાળે કેટલીક કેટલીક પ્રકૃતિઓના સર્વઘાતી રસસ્પર્ધકોનો રસ હણીને મંદ દ્વિસ્થાનિકાદિ બનાવીને દેશઘાતીરૂપે ઉદયમાં લાવે છે. કેટલીક પ્રકૃતિઓનો તીવ્રરસ હણીને ક્યારેક દેશઘાતી રૂપે કરીને અને ક્યારેક સર્વઘાતી રૂપે પણ ઉદયમાં લાવે છે. (તેનું બંધકાળના રસનું તથા ઉદયકાળના રસનું ચિત્ર ૨૭૬મા પાના ઉપર છે.)

જો કે ૧૭ પ્રકૃતિઓ વિના શેષ ૧૦૩ પ્રકૃતિઓનો બે ઠાણીયો આદિ સર્વઘાતી જ રસબંધ થાય છે. તથા ૧૭ પ્રકૃતિઓનો પણ નવમું ગુણસ્થાનક પામ્યા પહેલાં નિયમા દ્વિસ્થાનિકાદિ અને સર્વઘાતી જ રસબંધ થાય છે. તો પણ ઉદયકાળ આવતાં સુધીમાં આત્માના અધ્યવસાયોની પરાવૃત્તિના કારણે રસઘાત આદિ થવાથી તથા ઉદયકાળે પણ ગુણવિશેષના કારણે સ્થિતિઘાત, રસઘાત આદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવા દ્વારા રસ અત્યન્ત હીન થઈને દેશઘાતી પ્રકૃતિઓનો રસ દેશઘાતી રૂપે પણ ઉદયમાં આવે છે. તથા અઘાતી પ્રકૃતિઓનો રસ ગુણઘાત કરતો ન હોવાથી અઘાતી હોવા છતાં ઘાતીના ઉદય સાથે ભળેલી તે પ્રકૃતિઓનો રસ ઘાતીરૂપે ફળ આપનાર બને છે. ॥૬૫॥

**રસબંધ સંબંધી પ્રાસંગિક કેટલીક ચર્ચા કરીને હવે ઉત્કૃષ્ટરસના સ્વામી સમજાવે છે.**

**तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।**
**तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ॥६६॥**

(तीव्रमेकेन्द्रियस्थावरातपानां सुरा मिथ्यादृष्टयो विकलसूक्ष्मनरकत्रिकम्।
तिर्यग्मनुजायु स्तिर्यग्नरास्तिर्यग्द्विकसेवार्तं सुरनारकाः ॥६६॥

**तिव्वं** = તીવ્રઉત્કૃષ્ટરસ, **इगथावरायव** = એકેન્દ્રિય સ્થાવર અને આતપ નામકર્મનો, **सुरमिच्छा**=મિથ્યાદૃષ્ટિ દેવો કરે છે. **विगल-सुहुमनिरयतिगं**=વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, નરકત્રિક, અને **तिरिमणुआउ**= તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્યને, **तिरिनरा**=ઉત્કૃષ્ટરસે તિર્યંચો અને મનુષ્યો બાંધે છે. **तिरिदुगछेवट्ठ**=તિર્યંચદ્વિક અને છેવટ્ઠાસંઘયણને **सुरनिरया**=દેવ અને નારકી ઉત્કૃષ્ટરસે બાંધે છે. ॥૬૬॥

**ગાથાર્થ**-એકેન્દ્રિય, સ્થાવર અને આતપનામકર્મનો ઉત્કૃષ્ટરસબંધ મિથ્યાદૃષ્ટિ દેવો કરે છે. વિકલેન્દ્રિયત્રિક સૂક્ષ્મત્રિક અને નરકત્રિકનો અને તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્યનો ઉત્કૃષ્ટરસબંધ તિર્યંચ-મનુષ્યો કરે છે. તિર્યંચદ્વિક અને સેવાર્ત સંઘયણનો ઉત્કૃષ્ટરસબંધ દેવ-નારકી કરે છે. ॥૬૬॥

**વિવેચન** - હવે ઉત્કૃષ્ટરસબંધના સ્વામી સમજાવાય છે. તે સમજતાં પહેલાં એટલું ખાસ ધ્યાન રાખવું કે પુણ્યપ્રકૃતિ હોય તો જેમ બને તેમ વધારેમાં વધારે વિશુદ્ધિ હોય ત્યાં ઉત્કૃષ્ટરસબંધ થાય. અને પાપ પ્રકૃતિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## રસબંધ કાળે બંધાતા રસનું ચિત્ર

| રસબંધના પ્રકારો | સર્વઘાતી ૨૦ | દેશઘાતી ૧૭ | દેશઘાતી ૮ | અઘાતી ૭૫ | સર્વઘાતી રસ કે દેશઘાતી |
|---|---|---|---|---|---|
| એકસ્થાનિક | × | ૧ | × | × | દેશઘાતી |
| દ્વિસ્થાનિક મંદ | × | ૧ | × | × | દેશઘાતી |
| દ્વિસ્થાનિક તીવ્ર | ૧ | ૧ | ૧ | ૧ | સર્વઘાતી |
| ત્રિસ્થાનિક | ૧ | ૧ | ૧ | ૧ | સર્વઘાતી |
| ચતુઃસ્થાનિક | ૧ | ૧ | ૧ | ૧ | સર્વઘાતી |

## રસના ઉદયકાળે રસનું ચિત્ર

| પ્રકૃતિઓ | એકસ્થા૦ દેશઘાતિ | મંદદ્વિસ્થા૦ દેશઘાતિ | તીવ્રદ્વિસ્થા૦ સર્વઘાતિ | ત્રિસ્થા૦ સર્વઘાતિ | ચતુઃસ્થા૦ સર્વઘાતિ |
|---|---|---|---|---|---|
| ૨ મતિ૦શ્રુત૦જ્ઞાના૦ | ૧ | ૧ | × | × | × |
| ૧ અચક્ષુદર્શના૦ | ૧ | ૧ | × | × | × |
| ૫ પાંચ અંતરાય | ૧ | ૧ | × | × | × |
| ૨ અવધિ૦મન૦જ્ઞાના૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૨ ચક્ષુ-અવધિ૦દર્શના૦ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૧ કેવલજ્ઞાના૦ | × | × | ૧ | ૧ | ૧ |
| ૧ કેવલદર્શના૦ | × | × | ૧ | ૧ | ૧ |
| ૫ પાંચ નિદ્રા | × | × | ૧ | ૧ | ૧ |
| ૧ મિથ્યાત્વમોહ | × | × | ૧ | ૧ | ૧ |
| ૧૨ આદ્ય ૧૨ કષાય | × | × | ૧ | ૧ | ૧ |
| ૪ સંજ્વલન કષાય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૯ નવ નોકષાય | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ૭૫ અઘાતી ૭૫ | × | × | ૧ | ૧ | ૧ |
| ૧૨૦ | | | | | |

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો વધારેમાં વધારે સંક્લિષ્ટતા હોય ત્યાં ઉત્કૃષ્ટરસબંધ થાય. આ નિયમને ધ્યાનમાં રાખીને હવે ઉત્કૃષ્ટરસબંધના સ્વામી વિચારીએ.

એકેન્દ્રિયજાતિ, સ્થાવર અને આતપનામકર્મ, આ ત્રણે નામ કર્મનો ઉત્કૃષ્ટરસ મિથ્યાદૃષ્ટિ એવા ઈશાન દેવલોક સુધીના દેવો કરે છે, કારણ કે ભવનપતિ વ્યંતર જ્યોતિષ્ક અને સૌધર્મ તથા ઈશાન દેવલોકના દેવોને ગમે તેટલી અત્યન્ત સંક્લિષ્ટતા આવે તો પણ છેલ્લો એકેન્દ્રિય પ્રાયોગ્ય જ બંધ હોય છે. અને ત્યાં ઉપરોક્ત પ્રકૃતિઓ બંધાય જ છે. તેથી તે દેવો સ્વામી કહ્યા છે. સનત્કુમારાદિ ઉપરના દેવો તથા સાત નારકીના જીવો એકેન્દ્રિય પ્રાયોગ્યબંધ ભવપ્રત્યયિકપણે કરતા જ નથી તેથી તેઓને સ્વામી કહ્યા નથી. પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યો આ ત્રણ પ્રકૃતિ જો કે બાંધે છે પરંતુ ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ થાય ત્યારે જ ઉત્કૃષ્ટ રસ બંધાય છે અને જ્યારે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ થાય ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ ન કરતાં નરક પ્રાયોગ્ય જ બંધ કરે છે. ત્યાં આ ત્રણ પ્રકૃતિઓ બંધાતી નથી. અને ઉત્કૃષ્ટ સંક્લિષ્ટ ન હોય (મંદ અથવા મધ્યમ સંક્લિષ્ટ હોય) ત્યારે એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે છે. પરંતુ ત્યારે ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા ન હોવાથી ઉત્કૃષ્ટરસ થતો નથી. તેથી પં. તિર્યંચો અને મનુષ્યોને સ્વામી લીધા નથી. તથા એકેન્દ્રિય, વિકલેન્દ્રિય જીવોમાં પંચેન્દ્રિય જેટલી ચેતનાનો વિકાસ ન હોવાથી પંચેન્દ્રિય જેટલી સંક્લિષ્ટતા (કે વિશુદ્ધિ) સંભવતી જ નથી. તેથી તે જીવોને પણ સ્વામી કહ્યા નથી. આ રીતે સનત્કુમારાદિ દેવો, નારકી, પં. તિર્યંચ, મનુષ્ય, એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયોને છોડીને ઈશાન દેવલોક સુધીના દેવો જ સ્વામી કહ્યા છે.

ઈશાન દેવલોક સુધીના દેવો પણ જો સમ્યગ્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ કે સાસ્વાદની હોય તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ જ ન કરે તેથી તે ત્રણે ગુણઠાણાંવાળાને છોડીને મિથ્યાદૃષ્ટિ એવા ઈશાન દેવલોક સુધીના દેવો સ્વામી કહ્યા છે. તેમાં એટલી વિશેષતા છે કે એકેન્દ્રિયજાતિનામકર્મ અને સ્થાવર નામકર્મ આ બે પ્રકૃતિ પાપપ્રકૃતિ હોવાથી અત્યંત સંક્લિષ્ટ એવા

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ દેવો સ્વામી જાણવા. અને આતપ નામકર્મ પુણ્યપ્રકૃતિ હોવાથી અને પુણ્યપ્રકૃતિનો ઉત્કૃષ્ટરસબંધ વિશુદ્ધિ વડે થતો હોવાથી તથા અત્યન્ત વિશુદ્ધિ હોય તો એકેન્દ્રિય પ્રાયોગ્યબંધ ત્યજીને પં તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય બંધ આ દેવો કરતા હોવાથી અત્યન્ત વિશુદ્ધ ન લેતાં માત્ર તત્પ્રાયોગ્ય વિશુદ્ધ એવા ઈશાન દેવલોક સુધીના દેવો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહેવા. એકેન્દ્રિય જાતિનામકર્મ અને સ્થાવરનામકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ અને ઉત્કૃષ્ટરસ બન્ને ઉત્કૃષ્ટસંક્લિષ્ટતાએ જ બંધાય છે. કારણ કે આ બે પાપપ્રકૃતિ છે. તેથી ઉત્કૃષ્ટસ્થિતિને બાંધતા એવા અત્યન્ત સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ ઈશાનદેવલોક સુધીના દેવો ઉત્કૃષ્ટરસના પણ બંધક જાણવા. અને આતપનામકર્મ પુણ્યપ્રકૃતિ છે તેથી જઘન્યસ્થિતિને બાંધતા એવા અને તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા એવા ઈશાનાન્ત દેવો આતપનામકર્મના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી જાણવા.

વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક અને નરકત્રિક એમ નવ તથા તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ કુલ ૧૧ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસના બંધક મિથ્યાદૃષ્ટિ એવા પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્યો સ્વામી જાણવા. આ ૧૧ પ્રકૃતિઓમાંથી પ્રથમની નવ પ્રકૃતિઓ તો દેવો અને નારકી ભવસ્વભાવે બાંધતા જ નથી તેથી તેને સ્વામી કહ્યા નથી. અને તિર્યંચાયુષ્ય તથા મનુષ્યાયુષ્ય જો કે તે દેવ-નારકી બાંધે છે. પરંતુ સંખ્યાત વર્ષનું (પૂર્વકોટિ વર્ષ સુધીનું) અયુગલિકનું જ આયુષ્ય બાંધે છે. જ્યારે આ બન્ને પુણ્યપ્રકૃતિ હોવાથી ત્રણ પલ્યોપમ પ્રમાણ યુગલિકપણાની ઉત્કૃષ્ટસ્થિતિ બંધાય ત્યારે જ ઉત્કૃષ્ટરસ બંધ થાય છે. તે દેવ-નારકી કરતા નથી તેથી દેવ-નારકીને છોડીને પં. તિર્યંચ અને મનુષ્યોને સ્વામી કહ્યા છે. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવો આ ૧૧ પ્રકૃતિમાંથી નરકત્રિક વિના શેષ ૮ પ્રકૃતિ બાંધે છે. પરંતુ પંચેન્દ્રિય તિર્યંચ-મનુષ્ય જેટલી સંક્લિષ્ટતા કે વિશુદ્ધિ ન હોવાથી તે જીવોને પણ ઉત્કૃષ્ટના સ્વામી તરીકે કહ્યા નથી. અને સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય-તિર્યંચો ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકૃતિઓમાંથી ૯ પ્રકૃતિઓનો બંધ કરતા નથી અને બે આયુષ્ય પણ સમ્યગ્દૃષ્ટિ હોવાથી બાંધતા નથી. માટે મિથ્યાદૃષ્ટિસ્વામી કહ્યા છે.

હવે જે પં.તિર્યંચ-મનુષ્યોને સ્વામી કહ્યા. તેમાં પણ નરકત્રિકમાંથી નરકગતિ અને આનુપૂર્વી એમ દ્વિક માટે **અતિસંક્લિષ્ટ** તિર્યંચ-મનુષ્યો સ્વામી જાણવા. કારણ કે ગમે તેટલા અતિશય સંક્લિષ્ટ થાય તો પણ અન્તે નરક પ્રાયોગ્ય જ બંધ થાય છે. માટે અતિસંક્લિષ્ટ તિર્યંચ-મનુષ્યો સ્વામી જાણવા. અને વિકલેન્દ્રિયત્રિક તથા સૂક્ષ્મત્રિક માટે **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** એવા તિર્યંચ-મનુષ્યો સ્વામી જાણવા. કારણ કે જો અતિશય સંક્લિષ્ટ કહીએ. તો વિકલેન્દ્રિય, એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ ત્યજીને આ જીવો નરકપ્રાયોગ્ય બંધ કરવા લાગે કે જ્યાં આ પ્રકૃતિઓ બંધાતી જ નથી. તેથી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ કહેવા તથા તિર્યંચાયુ અને મનુષ્યાયુના સ્વામી **તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા** મનુષ્ય તિર્યંચો સ્વામી જાણવા. કારણ કે આયુષ્યકર્મ ઘોલમાન પરિણામે બંધાય છે. એવું શાસ્ત્રવચન હોવાથી અત્યન્ત વિશુદ્ધિમાં કે અત્યંત સંક્લિષ્ટતામાં આયુષ્યકર્મ બંધાતું જ નથી. અને તેથી જ નરકાયુષ્ય માટે પણ **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાવાળા** તિર્યંચ-મનુષ્યો સ્વામી જાણવા.

તિર્યંચદ્વિક અને સેવાર્ત સંઘયણના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી દેવો અને નારકી જાણવા. કારણ કે આ ત્રણે પાપપ્રકૃતિ છે. તેથી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા આવે છતે ઉત્કૃષ્ટરસબંધ થાય છે. દેવો અને નારકીને ગમે તેટલી સંક્લિષ્ટતા આવે તો પણ અંતે તિર્યંચપ્રાયોગ્ય જ બંધ થાય છે. તેમાં આ ત્રણ પ્રકૃતિઓ બંધાય જ છે. તેથી દેવ-નારકીના જીવો સ્વામી કહ્યા છે તિર્યંચ અને મનુષ્યો જો આવા અતિસંક્લિષ્ટ લઈએ તો તેઓને તિર્યંચપ્રાયોગ્ય બંધને બદલે નરકપ્રાયોગ્ય બંધ થાય કે જ્યાં આ ત્રણ પ્રકૃતિ ન બંધાય. તેથી તિર્યંચ-મનુષ્ય સ્વામી કહ્યા નથી.

અહીં એટલી વિશેષતા જાણવી કે તિર્યંચદ્વિકના ઉત્કૃષ્ટરસબંધના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામી અતિસંક્લિષ્ટ સર્વે નારકી અને આઠમા સહસ્રાર દેવલોક સુધીના સર્વે દેવો હોય છે. કારણ કે આઠમા દેવલોક ઉપરના દેવો મનુષ્યપ્રાયોગ્ય જ બંધ કરે છે. તિર્યંચ પ્રાયોગ્ય બંધ કરતા નથી. તથા સેવાર્ત સંઘયણના સ્વામી સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો અને નારકી જાણવા. પરંતુ ઈશાન સુધીના દેવો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી ન જાણવા. કારણ કે ઈશાન સુધીના દેવો જો અતિસંક્લિષ્ટ થાય તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે છે. અને ત્યાં સેવાર્તસંઘયણ બંધાતું નથી. આ પ્રમાણે આ ગાથામાં ૩+૧૧+૩=૧૭ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા. ॥૬૬॥

**विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं ।**
**समचउपरघातसदस, पणिंदिसासुच्च खवगा उ ॥ ६७ ॥**

(वैक्रियसुराहारकद्विकं, सुखगतिवर्णचतुष्कतैजसजिनसातम्
समचतुरस्रपराघातत्रसदशकपञ्चेन्द्रियोच्छ्वासोच्चैर्गोत्रं क्षपकास्तु ॥६७॥

**विउव्विसुराहारदुगं** = વૈક્રિયદ્વિક દેવદ્વિક અને આહારકદ્વિક, **सुखगइ** =શુભવિહાયોગતિ, **वन्नचउ** = વર્ણચતુષ્ક, **तेयजिणसायं** = તૈજસ ચતુષ્ક જિનનામકર્મ અને સાતાવેદનીય, **समचउपरघा** = સમચતુરસ્ર, પરાઘાત, **तसदस** = ત્રસ દશક, **पणिंदिसासुच्च**=પંચેન્દ્રિયજાતિ ઉચ્છ્વાસ અને ઉચ્ચગોત્ર, **खवगाउ** = ક્ષપકશ્રેણિમાં વર્તતા સૂક્ષ્મસંપરાય અને અપૂર્વકરણવાળા ॥૬૭॥

**ગાથાર્થ** - વૈક્રિયદ્વિક દેવદ્વિક આહારકદ્વિક, શુભવિહાયોગતિ, વર્ણચતુષ્ક તૈજસ ચતુષ્ક, જિનનામકર્મ સાતાવેદનીય સમચતુરસ્રસંસ્થાન, પરાઘાત, ત્રસદશક પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસ અને ઉચ્ચગોત્ર એમ કુલ ૩૨ પ્રકૃતિઓના સ્વામી ક્ષપક જાણવા ॥૬૭॥

**વિવેચન** - મૂળ ગાથામાં કહેલો दुगं = દ્વિક શબ્દ ત્રણેની સાથે જોડવાથી વૈક્રિયદ્વિક દેવદ્વિક અને આહારકદ્વિક એમ ૬ પ્રકૃતિઓ લેવી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા વન્નચઉતેય પદમાં કહેલો ચઉ શબ્દ વર્ણ ની સાથે પણ જોડવો અને ડમરૂકમણિના ન્યાયથી તેય ની સાથે પણ જોડવો. (મદારી વડે વગાડાતા ડમરૂકમાં દોરી એક જ હોય છે. પરંતુ બન્ને બાજુના ભાગને સ્પર્શે છે તેમ અહીં ચઉ શબ્દ બન્ને બાજુ જોડાય છે તેથી) શુભવિહાયોગતિ, વર્ણચતુષ્ક, તૈજસ ચતુષ્ક (તૈજસ કાર્મણ અગુરુલઘુ અને નિર્માણ) તીર્થંકરનામકર્મ સાતાવેદનીય, સમચતુરસ્ર સંસ્થાન, પરાઘાતનામકર્મ, ત્રસદશક પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસ અને ઉચ્ચગોત્ર એમ આ ૨૬ પ્રકૃતિઓ જાણવી. ૬+૨૬= એમ કુલ ૩૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ વડે જ બંધાય છે કારણ કે આ સર્વે પુણ્યપ્રકૃતિઓ છે. આ ૩૨ પ્રકૃતિઓમાં સાતા યશ અને ઉચ્ચગોત્ર આ ૩નો બંધ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક સુધી છે અને બાકીની ૨૯નો બંધ આઠમા ગુણસ્થાનકના ૬ઠ્ઠા ભાગ સુધી છે. અને વધારેમાં વધારે વિશુદ્ધિ ક્ષપકશ્રેણીમાં જ હોય છે તેથી ક્ષપકશ્રેણીમાં વર્તતા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકના ચરમસમયવર્તી જીવો સાતા યશ અને ઉચ્ચગોત્રના, અને અપૂર્વકરણ ગુણસ્થાનકના છઠ્ઠાભાગના ચરમસમયવર્તી ક્ષપકશ્રેણીગત જીવો શેષ ૨૯ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસના સ્વામી જાણવા.

પુણ્યપ્રકૃત્તિઓની જઘન્યસ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ અત્યન્ત વિશુદ્ધિ વડે બંધાય છે. તેથી ક્ષપકશ્રેણિગત અપૂર્વકરણ અને સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવર્તી સ્વબંધવ્યવચ્છેદ સમયભાવી જીવો જ ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા છે. ॥૬૭॥

**तमतमगा उज्जोयं, सम्मसुरा मणुयउरलदुगवइरं ।**
**अपमत्तो अमराउं, चउगइ मिच्छा उ सेसाणं ॥६८॥**

(तमस्तमस्का उद्योतं सम्यग्दृष्टिसुरा मनुजौदारिकद्विकवज्रम् ।
अप्रमत्तोऽमरायुश्चतुर्गतिका मिथ्यादृष्टयस्तु शेषाणाम्॥ ६८ ॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तमतमगा** = તમસ્તમ:પ્રભામાં વર્તતા નારકી, **उज्जोयं** = ઉદ્યોત નામકર્મ, **सम्मसुरा** = સમ્યગ્દષ્ટિ દેવો, **मणुयउरलदुगवइरं** = મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ સંઘયણ, **अपमत्तो** = અપ્રમત્ત ગુણસ્થાનકવાળો જીવ, **अमराउं** = દેવાયુષ્યનો, **चउगइ** = ચારેગતિના, **मिच्छा**=મિથ્યાદષ્ટિજીવો, **उ**=વળી **शेषाणां**=બાકીની પ્રકૃતિના ॥૬૮॥

**ગાથાર્થ** - ઉદ્યોત નામકર્મના તમસ્તમ:પ્રભાના જીવો, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચસંઘયણના સમ્યગ્દષ્ટિ દેવો, દેવાયુષ્યના અપ્રમત્તમુનિ, અને બાકીની સર્વે પ્રકૃતિઓના ચારે ગતિના મિથ્યાદષ્ટિજીવો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી જાણવા ॥૬૮॥

**વિવેચન** - ઉદ્યોતનામકર્મના ઉત્કૃષ્ટરસ બંધના સ્વામી તમસ્તમ:પ્રભા નામની સાતમી નારકીના (ત્રણ કરણ કરીને નવું પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ પામતા અનિવૃત્તિકરણના ચરમસમયે વર્તતા) જીવો સ્વામી જાણવા. આ ઉદ્યોતનામકર્મ પુણ્યપ્રકૃતિ છે. તેથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ વડે ઉત્કૃષ્ટરસ બંધાય છે. મનુષ્ય-તિર્યંચોને જો ઉત્કૃષ્ટવિશુદ્ધિ આવે તો તેઓ દેવપ્રાયોગ્ય બંધ કરે અને ઉદ્યોતનામકર્મ તિર્યંચપ્રાયોગ્ય બંધયોગ્ય હોવાથી ત્યાં ન બંધાય, તથા છ નારકી અને દેવો જો અતિશય વિશુદ્ધિવાળા હોય તો મનુષ્યપ્રાયોગ્ય બંધ કરે ત્યાં પણ ઉદ્યોતનામકર્મ ન બંધાય અને આ ચારે ગતિના જીવો જો મંદ અને મધ્યમ વિશુદ્ધિવાળા હોય તો તિર્યંચપ્રાયોગ્ય બંધ કરે અને ઉદ્યોતનામકર્મ પણ બાંધે પરંતુ તીવ્ર વિશુદ્ધિ ન હોવાથી ઉત્કૃષ્ટરસ ન બાંધે, તેથી તે સર્વે જીવોને છોડીને સાતમી નારકીવાળા જીવો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા છે.

સાતમી નારકીના જીવોને જ્યારે મિથ્યાદષ્ટિ હોય ત્યારે તિર્યંચપ્રાયોગ્ય જ બંધ થાય છે. જો સમ્યગ્દષ્ટિ હોય તો મનુષ્યપ્રાયોગ્ય બંધ થવાથી ઉદ્યોત નામકર્મ ન બંધાય. તેથી સાતમી નારકીના પણ મિથ્યાદષ્ટિ જીવ સ્વામી કહ્યા છે. હવે મિથ્યાત્વાવસ્થામાં પણ જેમ બને તેમ અતિશય વિશુદ્ધિવાળા સાતમી નારકીના જીવો સ્વામી લેવા છે તેથી જેણે ત્રણ કરણો કર્યાં છે. અંતરકરણ પણ કર્યું છે. મિથ્યાત્વ મોહનીયની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલી-બીજી બે સ્થિતિ કરી છે. તેવા જીવો જ્યારે મિથ્યાત્વમોહનીયની પ્રથમ સ્થિતિ વેદતાં વેદતાં ચરમસમયમાં આવે ત્યારે તે અત્યન્ત વિશુદ્ધ હોવાથી અને તિર્યંચપ્રાયોગ્ય જ બંધ હોવાથી તથા ઉદ્યોત નામકર્મના બંધનો સંભવ પણ હોવાથી તે જીવો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી સમજવા.

મણુયઉરલદુગ પદમાં કહેલો દુગ-દ્વિક શબ્દ બન્નેની સાથે જોડવાથી મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી એમ મનુષ્યદ્વિક, ઔદારિક શરીર અને ઔદારિક અંગોપાંગ એમ ઔદારિકદ્વિક તથા વજ્રઋષભનારાચ સંઘયણ એમ કુલ પાંચ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી સમ્યગ્દષ્ટિ દેવો જાણવા. આ પાંચે પુણ્ય પ્રકૃતિ છે. પુણ્યપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ વિશુદ્ધિ વડે બંધાય છે. મનુષ્ય અને તિર્યંચોને જો આવી અત્યન્ત વિશુદ્ધિ આવે તો તેઓ દેવપ્રાયોગ્ય જ બંધ કરે, મનુષ્યપ્રાયોગ્ય બંધ ન કરે. તેથી જ સમ્યગ્દષ્ટિ તિર્યંચ-મનુષ્યને બંધના સ્વામિત્વમાં ત્રીજા કર્મગ્રંથમાં આ પાંચ પ્રકૃતિઓનો બંધ વારેલો છે. આ કારણથી તિર્યંચ-મનુષ્યો ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા નથી. દેવોની જેમ નારકી પણ અત્યન્ત વિશુદ્ધ હોય તો આ પાંચ પ્રકૃતિઓ અવશ્ય બાંધે છે. તેથી દેવોની જેમ નારકીના જીવો પણ આ પાંચ પ્રકૃતિના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહેવા જોઈએ. પરંતુ દેવો દુઃખને પરવશ ન હોવાથી અને ગમનાગમન કરવામાં સ્વતંત્ર હોવાથી તીર્થંકરપરમાત્માની સમૃદ્ધિનું દર્શન, વ્યાખ્યાનશ્રવણ અને નંદીશ્વરાદિ દ્વીપમાં અઠ્ઠાઈમહોત્સવ આદિ ધર્મકાર્ય કરતાં જેટલી વિશુદ્ધિ દેવોમાં સંભવી શકે તેટલી વિશુદ્ધિ દુઃખ અને પીડાના સમૂહને ભોગવવામાં પરવશ થયેલા નારકીના જીવોમાં સંભવી શકતી નથી તેથી નારકીને સ્વામી કહ્યા નથી. માટે ઉપરોક્ત ધર્મકાર્યો કરતા એવા સમ્યગ્દષ્ટિ દેવો જ આ પાંચ પુણ્યપ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી જાણવા.

દેવાયુષ્યના ઉત્કૃષ્ટબંધના સ્વામી અપ્રમત્તમુનિ જાણવા. કારણ કે દેવાયુષ્યનો બંધ ૧ થી ૭ ગુણસ્થાનક સુધી જ છે. તેથી ઉપરના ગુણસ્થાનકોમાં આયુષ્યનો બંધ જ નથી. અને ૧ થી ૭ માં સાતમાવાળા જ વધારે વિશુદ્ધિ-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળા છે. તેથી પુણ્યપ્રકૃતિ હોવાથી વધારે વિશુદ્ધિ વડે જ ઉત્કૃષ્ટરસ બંધાય છે. માટે અપ્રમત્ત મુનિ જ દેવાયુષ્યના ઉત્કૃષ્ટરસ-બંધના સ્વામી જાણવા.

આ પ્રમાણે ૧૭+૩૨+૭=૫૬ કુલ છપ્પન્ન પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા. તેમાં ૧૪ પાપપ્રકૃતિઓ અને ૪૨ પુણ્યપ્રકૃતિઓના સ્વામી કહ્યા. બાકીની (વર્ણચતુષ્ક પુણ્ય-પાપ બન્નેમાં ગણવાથી) ૬૮ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસના સ્વામી ચારે ગતિના મિથ્યાદષ્ટિ જીવો જાણવા. કેટલીક પ્રકૃતિઓમાં અત્યન્ત સંક્લિષ્ટ અને કેટલીક પ્રકૃતિઓમાં તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ જીવો સ્વામી સમજવા. ત્યાં હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુરુષવેદ, મધ્યનાં ચાર સંસ્થાન અને મધ્યનાં ચાર સંઘયણ એમ ૧૨ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસના સ્વામી તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ સમજવા. કારણ કે જો અતિસંક્લિષ્ટ લઈએ તો હાસ્ય-રતિનો બંધ ઓળંગીને અરતિ-શોકનો બંધ કરે, સ્ત્રીવેદ, પુરુષવેદનો બંધ ઓળંગીને નપુંસકવેદનો બંધ કરે અને સંઘયણ સંસ્થાનોમાં અન્તિમ સંઘયણ-સંસ્થાનનો બંધ કરે તેથી અત્યન્તસંક્લિષ્ટ ન કહેતાં તત્પ્રાયોગ્યસંક્લિષ્ટ ચારે ગતિના જીવો સ્વામી જાણવા, અને બાકીની ૬૮-૧૨=૫૬ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસના સ્વામી અત્યન્ત સંક્લિષ્ટ ચારે ગતિના મિથ્યાદષ્ટિ જીવો સમજવા.

આ પ્રમાણે આ ત્રણ ગાથામાં ૧૭+૩૨+૭+૬૮=૧૨૪ (વર્ણચતુષ્ક શુભ-અશુભ ગણવાથી બે વાર છે. તેને એકવાર ગણતાં) કુલ ૧૨૦ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધના સ્વામી કહ્યા. હવે જઘન્યરસબંધના સ્વામી કહીશું. ॥૬૮॥

**थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्मुहो मिच्छो ।**
**बियतियकसाय अविरय देस पमत्तो अरइसोए ॥ ६९ ॥**

(स्त्यानर्द्धित्रिकमनन्तानुबन्धिमिथ्यात्वं मन्दरसं संयमोन्मुखो मिथ्यादृष्टिः ।
द्वितीयतृतीयकषाययोरविरतदेशविरतौ प्रमत्तोऽरतिशोकयोः ॥६९ ॥)

जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ઉત્કૃષ્ટરસના સ્વામીનું ચિત્ર

| | | |
|---|---|---|
| ૨ | એકેન્દ્રિયજાતિ અને સ્થાવર નામકર્મ | અત્યન્ત સંક્લિષ્ટ ઈશાન સુધીના દેવો. |
| ૧ | આતપનામકર્મ | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ એવા ઈશાન સુધીના દેવો. |
| ૬ | વિકલત્રિક, સૂક્ષ્મત્રિક | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ અયુગલિક પં. તિર્યંચ-મનુ૦ |
| ૨ | નરકદ્વિક | અતિસંક્લિષ્ટ અયુગલિક પં. તિર્યંચ-મનુષ્ય. |
| ૧ | નરકાયુષ્ય | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ અયુગલિક પં.તિર્યંચ-મનુષ્ય. |
| ૨ | તિર્યંચાયુષ્ય અને નરાયુષ્યના | તત્પ્રાયોગ્ય વિશુદ્ધ મિથ્યાત્વી પં. તિર્યંચ-મનુષ્ય. |
| ૨૯ | વૈક્રિયદ્વિકાદિ૨૯ પ્રકૃતિ | અપૂર્વકરણના છઠ્ઠા ભાગના ચરમસમયવર્તી ક્ષપક. |
| ૩ | સાતા, યશ. ઉચ્ચગોત્ર | સૂક્ષ્મસંપરાયના ચરમસમયવર્તી ક્ષપક. |
| ૧ | ઉદ્યોત નામકર્મ | સમ્યક્ત્વાભિમુખ એવો તમસ્તમઃપ્રભાનો જીવ. |
| ૫ | મનુષ્યદ્વિક,ઔદારિકદ્વિક અને વજ્રઋષભનારાચ | સમ્યગ્દષ્ટિ અત્યન્ત વિશુદ્ધ એવા દેવો. |
| ૨ | તિર્યંચદ્વિક | અત્યન્ત સંક્લિષ્ટ સહસ્રાર સુધીના દેવો અને નારકી. |
| ૧ | સેવાર્ત સંઘયણ | અત્યન્ત સંક્લિષ્ટ નારકી તથા સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો. |
| ૧ | દેવાયુષ્ય | તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા અપ્રમત્ત મુનિ. |
| ૧૨ | બાકીની શુભ હાસ્ય રતિ સ્ત્રીવેદ પુરુષવેદ મધ્યનાં ૪ સંઘયણ ૪ સંસ્થાન | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ ચારેગતિના જીવો. |
| ૫૬ | બાકીની બધી અશુભ | અતિશય સંક્લિષ્ટ ચારે ગતિના જીવો. |
| ૧૨૪ | | |



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**थीणतिगं** = સ્ત્યાનર્દ્ધિત્રિક, **अणमिच्छं** = અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ, **मंदरसं** = જઘન્યરસ, **संजमुम्मुहो** = સંયમને સન્મુખ, **मिच्छो** = મિથ્યાદૃષ્ટિ, **बियतियकसाय** = બીજા અને ત્રીજા કષાયનો, **अविरयदेस** = જઘન્યરસબંધ અવિરત અને દેશવિરત કરે છે. **पमत्तो** = પ્રમત્ત જીવ, **अरइसोए** = અરતિ અને શોકનો ॥૬૯॥

**ગાથાર્થ** - થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી અને મિથ્યાત્વમોહનીયનો જઘન્યરસબંધ સંયમ (સહિત સમ્યક્ત્વ)ને સન્મુખ થયેલ મિથ્યાદૃષ્ટિ જીવ કરે છે. બીજા અને ત્રીજા કષાયનો જઘન્યરસબંધ અનુક્રમે અવિરત અને દેશવિરત કરે છે. તથા અરતિ અને શોકનો જઘન્ય રસબંધ પ્રમત્તગુણસ્થાનકવર્તી જીવ કરે છે. ॥૬૯॥

**વિવેચન** - હવે જઘન્ય રસબંધના સ્વામી કહેવાના છે. પુણ્યપ્રકૃતિઓનો જઘન્ય રસબંધ અતિશય સંક્લિષ્ટતાથી થાય છે. અને પાપપ્રકૃતિઓનો જઘન્ય રસબંધ અત્યન્ત વિશુદ્ધિથી થાય છે. આ નિયમને ધ્યાનમાં રાખીને આપણે હવે જઘન્ય રસબંધના સ્વામી વિચારીએ.

થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વમોહનીય એમ કુલ ૮ કર્મપ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી ત્રણ કરણ અને ગ્રંથિભેદ આદિ કાર્ય કરવાપૂર્વક અનિવૃત્તિકરણના ચરમ સમયે વર્તતા સમ્યક્ત્વ અને સંયમ બન્ને ગુણોને સાથે પામવાને સન્મુખ થયેલા જીવો સમજવા. આ આઠ પ્રકૃતિઓ અશુભ હોવાથી ઉત્કૃષ્ટવિશુદ્ધિ વડે મંદરસ બંધાય છે. આ આઠનો બંધ પહેલા-બીજા એમ બે જ ગુણસ્થાનકોમાં હોય છે. બીજું ગુણસ્થાનક પતનને અભિમુખ હોવાથી છ આવલિકાનો કાળ સમાપ્ત થતાં તે જીવ નિયમા મિથ્યાદૃષ્ટિ જ થવાનો છે. તેથી તેવી વિશુદ્ધિવાળો હોતો નથી કે પહેલા ગુણસ્થાનકે વર્તતો સંયમ અને સમ્યક્ત્વ ઉભય પામવાની તૈયારીવાળો આરોહણ સ્વભાવયુક્ત જીવ જેવો વિશુદ્ધ હોય છે. તેથી બીજે ગુણઠાણે સ્વામી ન કહેતાં પહેલા ગુણઠાણાવાળો જીવ સ્વામી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તરીકે કહ્યો છે. પહેલા ગુણઠાણેથી એકલું સમ્યક્ત્વ પામનાર અને સમ્યક્ત્વ સાથે દેશવિરતિ પામનાર કરતાં સમ્યક્ત્વ સાથે સર્વવિરતિ પામનારો જીવ વધારે વિશુદ્ધિ વાળો હોય છે. માટે संजमुम्महो કહ્યું છે મિથ્યાદષ્ટિ જીવોમાં આ જ જીવ અત્યન્ત વિશુદ્ધ છે. માટે આવા જીવને સ્વામી કહ્યો છે. ઉપરની હકિકત કમ્મપયડી અને પંચસંગ્રહની ટીકાને અનુસારે કહી છે.

કર્મપ્રકૃતિમાં બંધનકરણની ગાથા ૬૭ ની મલયગિરિજીકૃત ટીકામાં જઘન્યરસબંધના સ્વામિના અધિકારમાં આવો ટીકાપાઠ છે.

स्त्यानर्धित्रिक मिथ्यात्वानंतानुबन्धिनामष्टानां कर्मणां सम्यक्त्वं संयमं च युगपत्प्रतिपित्सुर्मिथ्यादृष्टिश्चरमसमये तथा ।

વળી પંચસંગ્રહ પ્રથમભાગ પંચમદ્વાર ગાથા ૭૪ની મલયગિરિજી કૃત ટીકામાં પણ આવો જ પાઠ છે. પરંતુ કર્મગ્રંથની સ્વોપજ્ઞ ટીકામાં संजमुन्मुहो પદનો અર્થ સામાયિકને સન્મુખ (સામાયિક લેવાને તત્પર) એવો અર્થ કરીને सम्यक्त्वसंयमाभिमुखः પદ લખીને તેનો અર્થ સમ્યક્ત્વ નામનું સામાયિક મેળવવાની ઈચ્છાવાળો सम्यक्त्वसामायिकं प्रतिपित्सुः એવો અર્થ કરેલો છે. સમ્યક્ત્વ અને સંયમ એમ ઉભય પામવાની ઈચ્છાવાળો એવો અર્થ ન કરતાં સમ્યક્ત્વસામાયિકને પામવાવાળો એવો અર્થ કરેલ છે.

તથા બીજા અપ્રત્યાખ્યાનીય કષાયના જઘન્યરસબંધના સ્વામી અવિરતસમ્યગ્દષ્ટિ અને ત્રીજા પ્રત્યાખ્યાનાવરણ કષાયના જઘન્યરસબંધના સ્વામી દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા જાણવા. અહીં પણ કમ્મપયડી તથા પંચસંગ્રહની ટીકાને અનુસારે સંયમ (સર્વવિરતિ) પામવાને સન્મુખ થયેલ અવિરત સમ્યગ્દષ્ટિ પોતાના ગુણસ્થાનકના ચરમ સમયે વર્તતો જીવ બીજા કષાયના જઘન્ય રસબંધનો સ્વામી જાણવો. અને સંયમ (સર્વવિરતિ) પામવાને સન્મુખ થયેલ દેશવિરતિ ગુણસ્થાનકવર્તી જીવ પોતાના ચરમસમયે વર્તતો જીવ ત્રીજા કષાયના જઘન્ય રસબંધનો સ્વામી જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ કર્મગ્રંથની સ્વોપજ્ઞ ટીકાને અનુસારે સંયમોન્મુખ એટલે દેશવિરતિ સામાયિક લેવાને ઉત્સુક થયેલા સ્વગુણસ્થાનક ચરમસમયવર્તી અવિરત સમ્યગ્દષ્ટિ જીવ બીજા કષાયના અને સર્વવિરતિસામાયિક લેવાને ઉત્સુક થયેલા દેશવિરતિ ગુણસ્થાનકવર્તી જીવ સ્વગુણસ્થાનકના ચરમસમયવર્તી ત્રીજા કષાયના જઘન્ય રસબંધના સ્વામી છે. એમ જાણવું.

ઉપરોક્ત બન્ને ભિન્ન-ભિન્ન અર્થોમાં આઠ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી સંયમ સાથે સમ્યક્ત્વ પામનાર મિથ્યાદષ્ટિ અને બીજા કષાયના જઘન્ય રસબંધના સ્વામી સંયમ પામનાર અવિરત સમ્યગ્દષ્ટિ એવો અર્થ એકમતે કરેલ છે. અને સંયમ એટલે સમ્યક્ત્વસામાયિક પામનાર અને સંયમ એટલે દેશવિરતિસામાયિક પામનાર એવો અર્થ બીજા મતે (સ્વોપજ્ઞ ટીકાને અનુસારે) કરેલ છે.

અરતિ અને શોકના જઘન્યરસબંધના સ્વામી પ્રમત્તમુનિ સમજવા. કારણ કે છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ તેનો બંધ છે. અને તે સર્વમાં અતિવિશુદ્ધ છઠ્ઠાવાળા જ છે. તેથી છઠ્ઠા ગુણઠાણાવાળા જીવ જ સ્વામી જાણવા. તેમાં પણ છઠ્ઠાગુણસ્થાનકવર્તી જીવો બે પ્રકારના હોય છે. છઠ્ઠેથી પડીને પાંચમે, ચોથે અને પહેલે જનારા પણ હોય છે. અને છઠ્ઠેથી સાતમે જનારા પણ હોય છે. અહીં વિશુદ્ધિવાળા જીવો અશુભપ્રકૃતિના જઘન્યરસબંધના સ્વામી હોય છે. તેથી સાતમે ગુણઠાણે જવા વાળા એવા છઠ્ઠાગુણઠાણાવાળા પ્રમત્તમુનિ અરતિ-શોકના જઘન્ય રસબંધના સ્વામી સમજવા. આ પ્રમાણે આ ગાથામાં ૮+૮+૨=૧૮ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી કહ્યા. ॥૬૯॥

**अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।**
**भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ॥७०॥**

(अप्रमाद्याहारकद्विकं, द्विनिद्राऽसुवर्णहास्यरतिजुगुप्साः ।
भयमुपघातमपूर्वोऽनिवृत्तिः पुरुषसंज्वलनान् ॥७०॥)

**अपमाइ** = અપ્રમાદી એટલે કે અપ્રમત્તમુનિ, **आहारगदुगं** = આહારકદ્વિકનો, **दुनिद्दअसुवन्नहासरइकुच्छा** = બે નિદ્રા, અશુભ વર્ણાદિ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાસ્ય, રતિ, જુગુપ્સા, **भयमुवघायमपुव्वो** = ભય અને ઉપઘાતનો જઘન્ય રસબંધ અપૂર્વકરણવાળો જીવ કરે છે. **अनियट्टी** = અનિવૃત્તિવાળો જીવ **पुरिससंजलणे** = પુરુષવેદ તથા સંજ્વલન ચતુષ્કનો ॥૭૦॥

**ગાથાર્થ** - આહારકદ્વિકનો અપ્રમત્તમુનિ, બે નિદ્રા, અશુભવર્ણાદિ, હાસ્ય, રતિ, જુગુપ્સા, ભય અને ઉપઘાતનો અપૂર્વકરણ ગુણસ્થાનકવાળો જીવ, તથા પુરુષવેદ અને સંજ્વલનનો અનિવૃત્તિ બાદરવાળો જીવ જઘન્યરસબંધ કરે છે. ॥૭૦॥

**વિવેચન**-આહારકશરીરનામકર્મ અને આહારક અંગોપાંગનામકર્મ આ બન્ને પ્રકૃતિના જઘન્યરસબંધના સ્વામી પ્રમત્તાભિમુખ એવા અપ્રમત્તગુણસ્થાનકવર્તી મુનિ જાણવા, આહારકદ્વિક પુણ્યપ્રકૃતિ છે. તેથી તેનો જઘન્યરસબંધ સંક્લિષ્ટતાથી બંધાય છે. આહારકદ્વિકનો બંધ સાતમે, આઠમે એમ બે જ ગુણઠાણે થાય છે. તે બે ગુણસ્થાનકોમાં સાતમા ગુણસ્થાનકવાળા જીવો સંક્લિષ્ટ ગણાય. તેથી પ્રમત્તગુણસ્થાનકને અભિમુખ એવા અપ્રમત્તમુનિ જઘન્ય રસબંધના સ્વામી જાણવા. તે વધારે સંક્લિષ્ટ હોઈ શકે છે. માટે, કારણ કે અપૂર્વકરણ ગુણસ્થાનકને (શ્રેણીને) અભિમુખ જીવો આરોહણવૃત્તિવાળા હોવાથી તે જીવો અત્યન્ત વિશુદ્ધ છે. તેના કરતા પ્રમત્તાભિમુખ એવા અપ્રમત્ત જીવો અવરોહણ વૃત્તિવાળા હોવાથી અહીં સ્વામી સમજવા.

નિદ્રા-પ્રચલા, અશુભવર્ણાદિ ચતુષ્ક હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા અને ઉપઘાતનામકર્મ એમ ૧૧ પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી અપૂર્વકરણગુણસ્થાનવર્તી જીવો જાણવા. આ અગિયારે પ્રકૃતિઓ પાપ પ્રકૃતિઓ છે. તેઓનો જઘન્યરસબંધ વિશુદ્ધિથી થાય છે. આ ૧૧ પ્રકૃતિઓનો બંધ ૧થી૮ ગુણસ્થાનક સુધી જ છે. તેનાથી ઉપરના ગુણસ્થાનકોમાં આ ૧૧ પ્રકૃતિઓનો બંધ નથી. ૧થી૮ ગુણસ્થાનકોમાં અત્યન્ત વિશુદ્ધિ આઠમે જ સંભવે છે. તેથી અપૂર્વકરણગુણસ્થાનકવાળા જીવો સ્વામી કહ્યા છે. તેમાં પણ ક્ષપકશ્રેણિગત અને પોતપોતાના બંધવિચ્છેદના ચરમસમયે વર્તતા એવા જીવો સ્વામી લેવા. કારણ કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપશમશ્રેણી કરતાં ક્ષપકશ્રેણીના જીવો વધારે વિશુદ્ધ હોય છે. તથા અપૂર્વકરણે પ્રતિસમયે અનંતગુણવિશુદ્ધિ વધતી હોવાથી સ્વબંધવ્યવચ્છેદના ચરમસમયવર્તી જીવો સ્વામી તરીકે કહ્યા છે. તેથી નિદ્રા પ્રચલાના સ્વામી પહેલા ભાગના ચરમ સમયે, અશુભવર્ણાદિ ચતુષ્ક અને ઉપઘાતના સ્વામી છઠ્ઠાભાગના ચરમસમયે, અને હાસ્યાદિ ચતુષ્કના સ્વામી સાતમા ભાગના ચરમ સમયે જાણવા.

પુરુષવેદ અને સંજ્વલન ચતુષ્કના અનિવૃત્તિગુણસ્થાનકવર્તી જીવો સ્વામી જાણવાં. આ પાંચ પ્રકૃતિઓ પણ પાપપ્રકૃતિ છે. વિશુદ્ધિથી જઘન્ય રસ બંધાય છે. ૧ થી ૯ ગુણસ્થાનક સુધી જ બંધ છે. તેમાં વધારે વિશુદ્ધ અનિવૃત્તિવાળા જ છે. તેથી તે જીવો સ્વામી કહ્યા છે. તેમાં પણ ક્ષપકશ્રેણીગત અને સ્વબંધવ્યવચ્છેદ ચરમસમયવર્તી જીવો સ્વામી સમજવા. પુરુષવેદના સ્વામી પ્રથમભાગના ચરમસમયે, સંજ્વલન ક્રોધના બીજા ભાગના ચરમ સમયે, સં. માનના ત્રીજાભાગના ચરમસમયે, એ પ્રમાણે માયા અને લોભના અનુક્રમે ચોથા અને પાંચમા ભાગના ચરમ સમયે અતિશુદ્ધ હોવાથી તે તે જીવો સ્વામી જાણવા. ॥૭૦॥

**विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिगआऊ ।**
**वेउव्विछक्कममरा निरया उज्जोयउरलदुगं ॥ ७१ ॥**

(विघ्नावरणानि सूक्ष्मो, मनुष्यतिर्यञ्चस्सूक्ष्मविकलत्रिकायूंषि।
वैक्रियषट्कममरा निरया उद्योतौदारिकद्विकम् ॥ ७१ ॥)

**विग्घावरणे**=પાંચ અંતરાય અને નવ આવરણનો, **सुहुमो**=સ્વામી સૂક્ષ્મ સંપરાયવાળો, **मणुतिरिया**=મનુષ્ય અને તિર્યંચો, **सुहुमविगलतिग-आऊ**=સૂક્ષ્મત્રિક, વિકલત્રિક અને ચાર આયુષ્યના સ્વામી, **वेउव्विछक्कम्**= વૈક્રિયષટ્કના સ્વામી, **अमरा निरया**=દેવો અને નારકી, **उज्जोय-उरलदुगं**= ઉદ્યોત અને ઔદારિકદ્વિકના સ્વામી. ॥ ૭૧ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ**-પાંચ અંતરાય અને નવ આવરણને સૂક્ષ્મસંપરાયવાળા, સૂક્ષ્મત્રિક, વિકલત્રિક, ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્કને મનુષ્ય-તિર્યંચો તથા ઉદ્યોત અને ઔદારિકદ્વિકને દેવ અને નારકી જીવો જઘન્ય રસે બાંધે છે. ॥૭૧॥

**વિવેચન** - દાનાન્તરાયાદિ પાંચ અંતરાય તથા પાંચ જ્ઞાનાવરણીય અને ચક્ષુદર્શનાવરણીયાદિ ચાર દર્શનાવરણીય એમ નવ આવરણ મળીને કુલ ૧૪ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા જીવો જાણવા. તેમાં પણ ક્ષપકશ્રેણીવાળા અને સ્વબંધવ્યવચ્છેદના ચરમસમયવર્તી જીવો લેવા, કારણ કે આ ચૌદે પ્રકૃતિઓ પાપપ્રકૃતિ છે. તેનો જઘન્યરસ બંધ વિશુદ્ધિથી થાય છે. ૧ થી ૧૦ ગુણસ્થાનક સુધી બંધ છે. તે બંધકજીવોમાં અતિશયવિશુદ્ધ સૂક્ષ્મસંપરાયવાળા જ છે અને તેમાં પણ ક્ષપકશ્રેણીવાળા અને દસમાના ચરમસમયે વર્તતા જીવો અત્યન્તવિશુદ્ધ છે. તેથી તે જીવો સ્વામી કહ્યા છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, ચાર આયુષ્ય અને વૈક્રિયષટ્ક એમ કુલ ૧૬ પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી તિર્યંચ અને મનુષ્યો જાણવા આ ૧૬ પ્રકૃતિઓમાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય એમ બે આયુષ્યને વર્જીને શેષ ૧૪ પ્રકૃતિઓ તો દેવ-નારકીના જીવો ભવસ્વભાવે બાંધતા જ નથી. તેથી દેવ-નારકીને સ્વામી ન કહેતાં તિર્યંચ-મનુષ્યો જ સ્વામી કહ્યા છે. તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય આ બે પ્રકૃતિઓ જો કે દેવ-નારકીના જીવો બાંધે છે. તો પણ જઘન્યરસ બાંધતા નથી. કારણ કે જઘન્યરસબંધ જઘન્યસ્થિતિબંધ થાય ત્યારે જ થાય છે. અને ક્ષુલ્લક ભવ જેવી જઘન્ય સ્થિતિ દેવ-નારકીના જીવો બાંધતા નથી. કારણ કે તેવા આયુષ્યવાળા જીવોમાં દેવ-નારકીનો ઉત્પાત થતો નથી. તેથી દેવ-નારકીના જીવો સ્વામી કહ્યા નથી.

જઘન્ય રસબંધના સ્વામી જો કે તિર્યંચ-મનુષ્યો મૂળગાથામાં કહ્યા છે. તો પણ તેમાં એટલી વિશેષતા જાણવી કે સૂક્ષ્મત્રિક અને વિકલેન્દ્રિયત્રિક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નરકદ્વિક અને નરકાયુષ્ય એમ કુલ ૯ પ્રકૃતિઓ અશુભ (પાપ) પ્રકૃતિ છે. તેથી તેઓનો જઘન્યરસબંધ વિશુદ્ધિથી થાય છે. જો ઘણી વધારે વિશુદ્ધિ લઈએ તો આ ૯નો બંધ વર્જીને દેવ-મનુષ્ય પ્રાયોગ્ય બંધ આ તિર્યંચ-મનુષ્યો કરવા માંડે. અને વિશુદ્ધિ વિના જઘન્યરસબંધ થાય નહીં તેથી **તત્પ્રાયોગ્યવિશુદ્ધિવાળા** એવા તિર્યંચ-મનુષ્યો સ્વામી સમજવા.

તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય અને દેવાયુષ્ય આ ત્રણ પુણ્યપ્રકૃતિ છે. તેનો જઘન્યરસબંધ સંક્લિષ્ટતાથી બંધાય છે. અતિશય સંક્લિષ્ટતા આવે તો આયુષ્યનો બંધ જ થતો નથી. ઘોલમાન પરિણામે આયુષ્ય બંધાતું હોવાથી અતિશય સંક્લિષ્ટતાએ અને અતિશય વિશુદ્ધિએ આયુષ્યનો બંધ જ થતો નથી. તેથી **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** એવા તિર્યંચ-મનુષ્યો આ ત્રણ આયુષ્યકર્મના જઘન્યરસબંધના સ્વામી જાણવા.

વૈક્રિયદ્વિક અને દેવદ્વિક આ ચાર પુણ્યપ્રકૃતિઓ છે. તેથી તેનો જઘન્યરસ અતિશય સંક્લિષ્ટતાએ બંધાય છે. અને જ્યારે અતિશય સંક્લિષ્ટતા આવે ત્યારે તિર્યંચ-મનુષ્યો દેવપ્રાયોગ્ય બંધને ઓળંગીને નરકપ્રાયોગ્ય બંધ કરે છે ત્યાં વૈક્રિયદ્વિક બંધાય છે. પરંતુ દેવદ્વિક બંધાતું નથી. તેથી વૈક્રિયદ્વિકના જઘન્યરસબંધના સ્વામી **સર્વથા સંક્લિષ્ટ** અને દેવદ્વિકના જઘન્યરસબંધના સ્વામી **તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ** એવા તિર્યંચ-મનુષ્યો જાણવા.

ઉદ્યોતનામકર્મ તથા ઔદારિકદ્વિકનામકર્મ એમ કુલ ૩ પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી દેવો અને નારકો જાણવા. આ ત્રણે પુણ્યપ્રકૃતિઓ છે. તેથી જઘન્ય રસબંધ અત્યન્ત સંક્લિષ્ટતાથી થાય છે. તિર્યંચ અને મનુષ્યો જો આવા પ્રકારના અતિશય સંક્લિષ્ટતાવાળા થાય તો નરકપ્રાયોગ્ય બંધ કરતા હોવાથી અને નરકપ્રાયોગ્યબંધકાળે આ ત્રણ પ્રકૃતિઓ ન બંધાતી હોવાથી તિર્યંચ-મનુષ્યોને સ્વામી કહ્યા નથી. દેવ અને નારકીના જીવોને ગમે તેટલી સંક્લિષ્ટતા આવે તો પણ તેઓને છેલ્લો તિર્યંચ પ્રાયોગ્ય જ બંધ થતો હોવાથી અને તિર્યંચ પ્રાયોગ્ય બંધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય ત્યારે આ ત્રણ પ્રકૃતિઓ બંધાતી હોવાથી **અતિશય સંક્લિષ્ટ પરિણામી** એવા દેવ-નારકીના જીવો જઘન્ય રસબંધના સ્વામી કહ્યા છે.

તેમાં એટલી ખાસ વિશેષતા છે કે ઉદ્યોતનામકર્મ અને ઔદારિકશરીરનામકર્મના જઘન્ય રસબંધ માટે સર્વે નારકી અને સહસ્રાર સુધીના સર્વે દેવો સ્વામી જાણવા. પરંતુ ઔદારિક અંગોપાંગ નામકર્મના જઘન્ય રસબંધના સ્વામી સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો અને સર્વે નારકી જીવો સમજવા. કારણ કે ઈશાન સુધીના દેવો જો અતિશય સંક્લિષ્ટ થાય તો એકેન્દ્રિયમાં તેઓનો ઉત્પાત હોવાથી એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે અને એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધમાં ઔદારિકઅંગોપાંગ નામકર્મ બંધાતું નથી. કારણ કે એકેન્દ્રિયના ભવમાં અંગોપાંગ નામકર્મ (અને છેવટ્ઠા સંઘયણ)નો ઉદય હોતો નથી. માટે ઈશાનાન્ત દેવો અહીં છોડી દેવામાં આવ્યા છે.

તથા આનત આદિ દેવલોકના દેવો વધારે વિશુદ્ધિવાળા હોવાથી સહસ્રાર સુધીના દેવો જેવા સંક્લિષ્ટ હોતા નથી. તેથી સહસ્રાર સુધીના જ દેવો સ્વામી કહ્યા છે. અહીં "निरया" શબ્દનો અર્થ નારકો કરવામાં આવી વ્યુત્પત્તિ જાણવી. निर्गतम् अयम् (=इष्टफलं) दैवं कर्म येभ्यस्ते निरया नारकाः જુઓ સ્વોપજ્ઞ ટીકા ॥૭૧॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

## तिरिदुगनिअं तमतमा, जिणमविरयनिरयविणिगथावरयं ।
## आसुहुमायव सम्मो व सायथिर सुभजसा सिअरा ॥ ७२ ॥

(तिर्यग्द्विकनीचैस्तमस्तमा, जिनमविरता निरयान्विनैकेन्द्रियस्थावरकम् ।
आसौधर्मा आतपं, सम्यग्दृष्टिर्वा सातस्थिरशुभयशांसि सेतराणि ॥७२ ॥)

**तिरिदुगनीअं**=તિર્યંચદ્વિક અને નીચગોત્રને (જઘન્યરસે) **तमतमा**= તમસ્તમઃપ્રભા નારકીના જીવો, **जिणमविरय**=જિનનામકર્મને અવિરત જીવો, **निरयविणिगथावरयं**=એકેન્દ્રિયજાતિ અને સ્થાવરને નારકી વિના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ ગતિના જીવો, **आसुहुमायव**=આતપનામકર્મને સૌધર્મ સુધીના દેવો, **सम्मो व**=સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવો, **सायथिरसुभजसा सिअरा** = સાતા, સ્થિર, શુભ, અને યશ આ ચાર પ્રતિપક્ષી સહિત આઠને. ॥૭૨॥

**ગાથાર્થ** - તિર્યંચદ્વિક અને નીચગોત્રને તમસ્તમઃપ્રભા નામની નારકીના જીવો, જિનનામકર્મને અવિરતિ જીવો, એકેન્દ્રિય અને સ્થાવરનામકર્મને નારકી વિનાના ત્રણગતિના જીવો, આતપ નામકર્મને સૌધર્મ સુધીના દેવો, અને સાતા, સ્થિર, શુભ, યશ તથા તેની ચાર પ્રતિપક્ષી અસાતા, અસ્થિર, અશુભ અને અયશને સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવો જઘન્યરસે બાંધે છે ॥૭૨॥

**વિવેચન** - તિર્યંચદ્વિક અને નીચગોત્રનો જઘન્ય રસબંધ તમસ્તમઃ પ્રભા નામની સાતમી નારકીના નરકજીવો કરે છે. આ ત્રણ અશુભ (પાપ) પ્રકૃતિ છે. તે ત્રણનો જઘન્ય રસબંધ પાપ પ્રકૃતિ હોવાથી વિશુદ્ધિથી બંધાય છે. પ્રથમની ૬ નારકીના જીવોને તથા સર્વે દેવોને તેવી વિશુદ્ધિ આવે ત્યારે મનુષ્યપ્રાયોગ્ય બંધ થાય છે. ત્યાં આ ૩ પ્રકૃતિઓ બંધાતી નથી. તથા તિર્યંચ અને મનુષ્યોને અતિશય વિશુદ્ધિ આવે તો દેવપ્રાયોગ્ય જ બંધ થાય છે. ત્યાં પણ આ ૩ પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી તિર્યંચ, મનુષ્ય, પ્રથમની ૬ નારકી અને દેવોને વર્જીને સાતમી નારકીના જીવો આ ત્રણ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી કહ્યા છે. સાતમી નારકીના મિથ્યાદૃષ્ટિ જીવોને ગમે તેટલી વિશુદ્ધિ આવે તો પણ તિર્યંચપ્રાયોગ્ય જ બંધ થાય છે. અને ત્યારે આ ત્રણ પ્રકૃતિઓ બંધાય જ છે. માટે સાતમી નારકીના જીવો સ્વામી કહ્યા છે.

તેમાં પણ એટલી વિશેષતા છે કે સાતમી નારકીના મિથ્યાદૃષ્ટિ જીવો કે જેઓએ યથાપ્રવૃત્તકરણ આદિ ત્રણ કરણો કર્યાં છે. અને અનિવૃત્તિકરણ કરીને અન્તરકરણ કરવા દ્વારા મિથ્યાત્વમોહની બે સ્થિતિ કરીને પ્રથમસ્થિતિને ઉદયથી વેદતાં વેદતાં જ્યારે પ્રથમસ્થિતિનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચરમસમય આવે ત્યારે **અત્યન્તવિશુદ્ધ** થયેલો એવો તથા મિથ્યાત્વ-ગુણસ્થાનકના અને મિથ્યાત્વમોહની પ્રથમ સ્થિતિના ચરમસમયે વર્તતો એવો, અને સમ્યક્ત્વને અભિમુખ થયેલો એવો સાતમી નારકીનો જીવ આ ત્રણકર્મના જઘન્ય રસબંધનો સ્વામી જાણવો.

જિનનામકર્મનો જઘન્ય રસબંધ અવિરત જીવો કરે છે. ગાથામાં અવિરત શબ્દ સામાન્ય કહ્યો હોવા છતાં **અવિરતસમ્યગ્દષ્ટિ જીવ** સમજવા. કારણ કે શેષ અવિરત જીવોને જિનનામનો બંધ જ હોતો નથી. આ પ્રકૃતિ શુભ છે. તેથી તેનો જઘન્ય રસબંધ સંક્લિષ્ટતાથી થાય છે. જિનનામનો બંધ ૪ થી ૮/૬ (ચોથા ગુણસ્થાનકથી આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગ) સુધીમાં જ થાય છે. તેના બંધક જીવોમાં ચોથા ગુણસ્થાનકવાળા જ વધારે સંક્લિષ્ટ કહેવાય. તેથી મૂળગાથામાં अविरय પદ લખીને ચોથા ગુણઠાણાવાળા જીવોને જ જઘન્યરસબંધના સ્વામી કહ્યા છે.

ચોથા ગુણઠાણામાં પણ જિનનામકર્મના બંધક જીવોમાં જેમ બને તેમ વધુ સંક્લિષ્ટતા સંભવતી હોય ત્યાં જ જઘન્યરસબંધ થઈ શકે, તેથી જે જીવે પૂર્વકાળમાં મિથ્યાત્વ અવસ્થામાં નરકનું આયુષ્ય બાંધ્યું છે. અને ત્યારબાદ સમ્યગ્દષ્ટિ થયો છતો વિશુદ્ધિના વશથી જિનનામકર્મ બાંધે છે. તેવો જીવ મનુષ્યભવનું આયુષ્ય પૂર્ણ થવા આવે ત્યારે સમ્યક્ત્વથી વમીને મિથ્યાત્વે જવાને અને મનુષ્યભવમાંથી મરીને નરકમાં ઉત્પન્ન થવાને અભિમુખ થયેલો તે જીવ સમ્યક્ત્વ ગુણસ્થાનકના ચરમસમયે જિનનામ-કર્મના જઘન્યરસબંધનો સ્વામી જાણવો. તેના બંધક જીવોમાં આ જ જીવ વધારે સંક્લિષ્ટ છે. માટે તે જ જીવ સ્વામી જાણવો.

જેણે મિથ્યાત્વ અવસ્થામાં નરકાયુષ્ય બાંધ્યું ન હોય અને સમ્યક્ત્વ પામી જિનનામકર્મ બાંધે તે જીવો નરકમાં જતા નથી માટે बद्धनरकायु એવું વિશેષણ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારકી અને દેવો મૃત્યુ પામીને નરકમાં જતા નથી. અને (તિર્યંચો નરકમાં જાય છે. પરંતુ) તિર્યંચો જિનનામ બાંધતા નથી. તેથી દેવ-નારકી અને તિર્યંચોને વર્જીને મનુષ્યો જ સ્વામી તરીકે લીધા છે.

જો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો શ્રેણિક મહારાજાની જેમ નરકમાં જાય છે. પરંતુ મિથ્યાત્વે જતા નથી. તેથી ત્યાં વધારે સંક્લિષ્ટતા સંભવતી નથી. માટે ક્ષાયિક સમ્યક્ત્વીને છોડીને સમ્યગ્દષ્ટિ (ક્ષયોપશમવાળા) કહ્યા છે.

પ્રાથમિક ઔપશમિકવાળાને જિનનામના બંધને યોગ્ય તેવા પ્રકારની વિશુદ્ધિનો અભાવ છે. અને શ્રેણીસંબંધી ઉપશમવાળા જીવો જિનનામના બંધને યોગ્ય વિશુદ્ધિયુક્ત હોઇ શકે છે. પરંતુ બદ્ધનરકાયુષ્ક ન હોવાથી નરકગમન સંભવતું નથી તેથી ક્ષાયિક અને ઔપશમિકને વર્જીને અહીં ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા નરક અને મિથ્યાત્વને અભિમુખ થયેલા જીવો જિનનામના જઘન્ય રસબંધના સ્વામી જાણવા.

એકેન્દ્રિયજાતિ અને સ્થાવર નામકર્મના જઘન્ય રસબંધના સ્વામી નારકી વિનાની શેષ ત્રણ ગતિમાં વર્તતા જીવો સમજવા. નારકીના જીવો ભવ સ્વભાવે જ એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી તેનું વર્જન કરેલ છે. બાકીની ત્રણે ગતિના જીવો એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ કરી શકે છે. માટે શેષ ત્રણ ગતિના જીવો સ્વામી કહ્યા છે. દેવગતિમાં ઇશાન સુધીના દેવો જ સ્વામી જાણવા. મનુષ્ય અને તિર્યંચોને જો વધારે વિશુદ્ધિ આવે તો તેઓ દેવપ્રાયોગ્ય બંધ કરે, અને દેવોને જો વધારે વિશુદ્ધિ આવે તો મનુષ્ય પ્રાયોગ્ય બંધ કરે ત્યારે આ બન્ને પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી અતિશય વિશુદ્ધિવાળા ત્રણે ગતિના જીવો સ્વામી ન લેતાં મધ્યમ પરિણામવાળા ત્રણે ગતિના જીવો સ્વામી જાણવા. એટલે કે એકેન્દ્રિય જાતિ અને સ્થાવરનામકર્મ એક અન્તર્મુહૂર્ત સુધી બાંધીને બીજા અંતર્મુહૂર્તે

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામકર્મ બાંધે, ત્યારબાદ ત્રીજા અંતર્મુહૂર્તે એકેન્દ્રિય જાતિ અને સ્થાવરનામકર્મ બાંધે. એમ એક-એક અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તે પરાવર્તે એકેન્દ્રિય જાતિ અને સ્થાવર નામકર્મ બાંધતા હોય ત્યારે આવા પ્રકારના પરાવર્તમાન એવા મધ્યમપરિણામે આ બન્ને પ્રકૃતિઓનો જઘન્યરસ બંધ થાય છે. જો અવસ્થિત પરિણામ હોય તો સંક્લિષ્ટતાએ નરકપ્રાયોગ્ય બંધ થાય. અથવા કદાચ એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ થાય તો પણ ઉત્કૃષ્ટ અથવા મધ્યમરસ બંધાય. પણ જઘન્યરસ ન બંધાય. અને વિશુદ્ધિએ દેવપ્રાયોગ્ય અથવા મનુષ્ય પ્રાયોગ્ય બંધ થાય જ્યાં આ બે પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી અવસ્થિત પરિણામ ન લેતાં **પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા તત્પ્રાયોગ્ય વિશુદ્ધિયુક્ત એવા (નરક વિનાની) શેષ ત્રણગતિવાળા જીવો સ્વામી જાણવા.**

જૈન સાઈટ JAINSITE .com

આતપ નામકર્મના સૌધર્મ અને ઈશાન દેવલોક સુધીના દેવો અતિશય સંક્લિષ્ટ હોય ત્યારે જઘન્યરસબંધના સ્વામી જાણવા. મનુષ્ય તિર્યંચો જો અતિશય સંક્લિષ્ટ હોય તો એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ ઓળંગીને નરકપ્રાયોગ્ય બંધ કરે છે. અને સાત નારકી તથા ઈશાન ઉપરના દેવો ભવપ્રત્યયથી જ એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધ કરતા નથી. તેથી શેષ સર્વને છોડીને ઈશાનાન્ત દેવો કહ્યા છે. તેથી ભવનપતિથી માંડીને ઈશાન સુધીના દેવો અતિશય સંક્લિષ્ટ હોય ત્યારે સ્વામી જાણવા. આ પુણ્ય પ્રકૃતિ છે. તેથી જઘન્ય રસબંધ સંક્લિષ્ટતાથી જ થાય છે. અને ઈશાનાન્ત દેવોને ગમે તેટલી સંક્લિષ્ટતા આવે તો પણ અન્તે એકેન્દ્રિય પ્રાયોગ્ય જ બંધ થાય છે. તેથી તે જીવો સ્વામી કહ્યા છે.

**પ્રશ્ન :** મૂળગાથામાં "आसुहुम" સૌધર્મ દેવલોક સુધીના દેવો લેવાનું કહ્યું છે અને તમે ઈશાન સુધીના દેવો સમજાવો છો તે કેમ ઘટે?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર :** સૌધર્મ દેવલોકની લગભગ સમશ્રેણીમાં ઈશાન દેવલોક આવેલો છે. દક્ષિણ-ઉત્તર દિશા ગત હોવાથી સમશ્રેણી છે. તેથી સૌધર્મ લખવાથી ઈશાન પણ સમજી લેવો. આ બન્ને દેવલોકો ઉપરાઉપર નથી. જો ઉપરાઉપર હોત તો પહેલા કરતાં બીજાની વિશુદ્ધિ ત્રીજા આદિ દેવલોકોની જેમ વધારે થવાથી એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ જ ન થાત. પરંતુ એમ નથી માટે સમશ્રેણીના કારણે સૌધર્મના વિધાનથી ઈશાન પણ સમજી લેવા. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે- इह च सौधर्मग्रहणेन समश्रेणिव्यवस्थित-त्वादीशानोऽपि गृह्यते ।

सुधर्मा नाम सभा विद्यते यत्र स सौधर्मः = સુધર્મા નામની સભા છે વિદ્યમાન જ્યાં તે **સૌધર્મ** દેવલોક કહેવાય છે. અહીં ज्योत्सनादिभ्योऽण् (૭-૨-૩૪) સૂત્રથી अण् પ્રત્યય થઈ પ્રથમ સ્વરની વૃદ્ધિ થયેલી છે. આ રીતે સૌધર્મ શબ્દ બનેલ છે.

સાતા, સ્થિર, શુભ અને યશ તથા તેની પ્રતિપક્ષી અસાતા, અસ્થિર, અશુભ અને અપયશ એમ આઠે પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી સમ્યગ્દષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવો જાણવા. આ આઠમાં પ્રથમની ચાર પ્રકૃતિઓ પુણ્યપ્રકૃતિઓ છે. તેનો જઘન્ય રસ સંક્લિષ્ટતાથી બંધાય છે. પરંતુ અતિશય સંક્લિષ્ટ હોય તો આ પુણ્યપ્રકૃતિઓ ન બાંધતાં તે જીવ તેની પ્રતિપક્ષી પાપપ્રકૃતિઓ બાંધે છે. અને જો સંક્લિષ્ટ પરિણામી ન હોય તો જઘન્ય રસબંધ ન થાય. તેવી જ રીતે પ્રતિપક્ષી એવી અસાતા આદિ ચાર પાપપ્રકૃતિઓ છે. તેનો જઘન્ય રસબંધ અતિશય વિશુદ્ધિથી થાય છે. પરંતુ અતિશય વિશુદ્ધિ આવે તો આ પાપ પ્રકૃતિઓ બંધાય જ નહીં પરંતુ તેની પ્રતિપક્ષી પુણ્યપ્રકૃતિઓ જ બંધાય. અને જો વિશુદ્ધિ ન લઈએ તો પાપ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ ન થાય. આ રીતે અતિશય વિશુદ્ધિમાં કે અતિશય સંક્લિષ્ટતામાં આ ચારે પુણ્યપ્રકૃતિઓનો અને આ ચારે પાપ પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ સંભવતો નથી. તેથી પરાવર્તમાન મધ્યમ પરિણામે આઠે પ્રકૃતિઓનો જઘન્ય રસબંધ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


પ્રથમ એક અંતર્મુહૂર્ત સાતા આદિ પુણ્યપ્રકૃતિઓ બાંધીને બીજા અંતર્મુહૂર્ત અસાતા આદિ પાપપ્રકૃતિઓ બાંધે ત્યારબાદ ત્રીજા અંતર્મુહૂર્ત સાતા આદિ બાંધે એમ અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સાતાદિ અને અસાતાદિ બાંધતા પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા ચારેગતિના પંચેન્દ્રિય એવા સમ્યગ્દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવો સ્વામી જાણવા.

સાતા વેદનીય વધુમાં વધુ ૧૫ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાળી અને ઓછામાં ઓછી ૧૨ મુહૂર્તની સ્થિતિવાળી બંધાય છે. અને તેની પ્રતિપક્ષી અસાતાવેદનીય વધુમાં વધુ ૩૦ કોડા-કોડી સાગરોપમની અને ઓછામાં ઓછી અંતઃકોડાકોડી સાગરોપમની બંધાય છે. એટલે ૧૫ કોડાકોડી સાગરોપમથી વધારે સ્થિતિ બાંધવામાં કેવળ એકલી અસાતા જ બંધાય છે. પરાવર્તમાને બન્ને પ્રકૃતિઓ બંધાતી નથી. તથા અંતઃકોડાકોડી સાગરોપમથી ન્યૂન સ્થિતિ બાંધવામાં ૧૨ મુહૂર્તની સ્થિતિ સુધી કેવળ એકલી સાતા જ બંધાય છે. પરાવર્તમાને બન્ને પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી અંતઃકોડાકોડીથી પંદર કોડાકોડી સાગરોપમની સ્થિતિ બાંધવામાં બન્ને પ્રકૃતિઓ પરાવર્તે પરાવર્તે બંધાય છે. આ કાળે પ્રમત્તથી મિથ્યાદૃષ્ટિ સુધીમાં છ ગુણસ્થાનકોમાંથી કોઈપણ એક ગુણસ્થાનક વર્તતું હોય છે. તથા તે જીવો પરાવર્તે પરાવર્તે (શુભ-અશુભ) એમ બન્ને પ્રકારની પ્રકૃતિઓ બાંધતા હોવાથી, નથી તો અતિશય વિશુદ્ધ કે નથી તો અતિશય સંક્લિષ્ટ, કારણ કે અતિશય વિશુદ્ધ જ હોય તો સાતા જ બંધાય. પરાવર્તમાન ન બંધાય અને જો અતિશય સંક્લિષ્ટ જ હોય તો અસાતા જ બંધાય પણ પરાવર્તમાન ન બંધાય માટે. અહીં અતિશય વિશુદ્ધ પણ નહીં અને અતિશય સંક્લિષ્ટ પણ નહીં એવા પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા પ્રમત્તથી મિથ્યાત્વ સુધીના ગુણસ્થાનકવર્તી જીવો અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે અંતઃકોડાકોડીથી પંદર કોડાકોડી સુધીની સ્થિતિવાળી સાતા-અસાતાને બાંધતા હોય ત્યારે બન્ને પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવી જ રીતે સ્થિર, શુભ, યશની ઉત્કૃષ્ટ સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમની બંધાય છે. અને જઘન્ય સ્થિતિ યશનામકર્મની આઠ મુહૂર્તની બંધાય છે. અને સ્થિર, શુભની આઠમાના છટ્ઠાભાગને યોગ્ય એવી અંતઃકોડાકોડી સાગરોપમની બંધાય છે. તથા અસ્થિર, અશુભ અને અયશનામ કર્મની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ બંધાય છે. અને જઘન્યસ્થિતિ છટ્ઠા ગુણઠાણાને યોગ્ય અંતઃકોડાકોડી સાગરોપમની બંધાય છે. તે કાળે પ્રમત્તથી મિથ્યાત્વ સુધીનાં છ ગુણસ્થાનકોમાંથી કોઈપણ ગુણસ્થાનક હોય છે. જો અતિશય સંક્લિષ્ટ લહીએ તો ૧૦ કોડાકોડીથી અધિક સ્થિતિવાળી અસ્થિરાદિ ત્રણ અશુભ જ બંધાય છે. અને જો અતિશય વિશુદ્ધ અપ્રમત્તાદિગુણસ્થાનકવર્તી જીવો લઈએ તો સ્થિરાદિ ત્રણ શુભ જ બંધાય છે. પરાવર્તપણે બંધ થાય નહીં તેથી પ્રમત્તથી મિથ્યાત્વ સુધીના કોઈપણ ગુણસ્થાનકમાં વર્તતા, અંતઃકોડાકોડી સાગરોપમથી ૧૦ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિવાળી અસ્થિરાદિ અને સ્થિરાદિને અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્ત પરિણામે બાંધતા જીવો આ છએ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી છે. એમ જાણવું.

**ચિત્ર આ પ્રમાણે છે.**




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં મૂળગાથામાં सम्मो वा શબ્દ છે તેમાં सम्मो શબ્દથી સમ્યગ્દષ્ટિ જીવો (૪-૫-૬ ગુણસ્થાનકવાળા જીવો) સમજવા, અને वा શબ્દ હોવાથી वा એટલે મિથ્યાદષ્ટિ આદિ (અર્થાત્ ૧-૨-૩ ગુણસ્થાનકવાળા) જીવો સમજવા. તેથી ૧થી૬ ગુણસ્થાનકવાળા પરાવર્તમાન પરિણામવાળા જીવો સ્વામી સમજવા. ॥૭૨॥

**तसवन्नतेयचउमणुखगइदुगपणिंदिसासपरघुच्चं ।**
**संघयणागिइनपुथीसुभगियरति मिच्छचउगइया ॥ ७३ ॥**

(त्रसवर्णतैजसचतुष्कमनुजखगतिद्विकपञ्चेन्द्रियोच्छ्वासपराघातोच्चम् । संहननाकृतिनपुंसकस्त्रीसौभाग्येतरत्रिकं मिथ्यादृष्टयश्चतुर्गतिकाः ॥७३ ॥)

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**तसवन्नतेयचउ**=ત્રસચતુષ્ક, વર્ણચતુષ્ક અને તૈજસચતુષ્ક, **मणुखगइदुग**=મનુષ્યદ્વિક, ખગતિદ્વિક, **पणिंदिसासपरघुच्चं**=પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસ, પરાઘાત અને ઉચ્ચગોત્ર, **संघयणागिइनपुथी**=છ સંઘયણ, છ સંસ્થાન, નપુંસકવેદ, સ્ત્રીવેદ, **सुभगियरति**=સૌભાગ્ય અને દૌર્ભાગ્યત્રિકને જઘન્યરસબંધે **मिच्छचउगइया**=મિથ્યાદષ્ટિચારેગતિનાજીવોબાંધેછે.॥૭૩॥

**ગાથાર્થ**-ત્રસ ચતુષ્ક, વર્ણચતુષ્ક, તૈજસચતુષ્ક, મનુષ્યદ્વિક, ખગતિદ્વિક, પંચેન્દ્રિયજાતિ, ઉચ્છ્વાસનામકર્મ, પરાઘાતનામકર્મ, અને ઉચ્ચગોત્ર તથા છ સંઘયણ, છ સંસ્થાન, નપુંસકવેદ, સ્ત્રીવેદ, સૌભાગ્યત્રિક, દૌર્ભાગ્યત્રિક, એમ કુલ ૪૦ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી મિથ્યાદષ્ટિ ચારેગતિના જીવો જાણવા. ॥૭૩॥

**વિવેચન** - चउ શબ્દનો तस वन्न અને तेय એમ ત્રણે શબ્દોની સાથે સંબંધ હોવાથી (૧) ત્રસચતુષ્ક (ત્રસ, બાદર, પર્યાપ્ત અને પ્રત્યેક) (૨) વર્ણચતુષ્ક (વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ) (૩) તૈજસ ચતુષ્ક (તૈજસ, કાર્મણ, અગુરુલઘુ અને નિર્માણ) એમ કુલ ૧૨ પ્રકૃતિ.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા दुग શબ્દનો मणु અને खगइ શબ્દની સાથે સંબંધ હોવાથી મનુષ્યદ્વિક (મનુષ્યગતિ અને મનુષ્યાનુપૂર્વી) અને વિહાયોગતિદ્વિક શુભ અને અશુભ વિહાયોગતિ એમ ૪ પ્રકૃતિ તથા પંચેન્દ્રિયજાતિ ઉચ્છ્વાસનામકર્મ, પરાઘાતનામકર્મ, ઉચ્ચગોત્ર, વજ્રઋષભનારાચ આદિ છ સંઘયણ, સમચતુરસ્ર આદિ છ સંસ્થાન, નપુંસકવેદ, સ્ત્રીવેદ, સૌભાગ્યત્રિક (સૌભાગ્ય, સુસ્વર અને આદેય), દૌર્ભાગ્યત્રિક (દૌર્ભાગ્ય, દુઃસ્વર અને અનાદેય) એમ કુલ ૪૦ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ એવા ચારે ગતિના જીવો જાણવા.

મૂળગાથામાં "मिच्छचउगइया" એમ સામાન્ય કહ્યું હોવા છતાં व्याख्यानतो विशेषप्रतिपत्तिरिति न्यायात् વ્યાખ્યાન કરવાથી વિશેષ બોધ થાય છે. એવો ન્યાય હોવાથી **પંચેન્દ્રિયજાતિ તૈજસ કાર્મણ પ્રશસ્ત વર્ણ ગંધ રસ સ્પર્શ અગુરુલઘુ પરાઘાત ઉચ્છ્વાસ ત્રસ બાદર પર્યાપ્ત પ્રત્યેક નિર્માણ** એમ કુલ પંદર પ્રકૃતિઓના સર્વોત્કૃષ્ટ સંક્લિષ્ટ પરિણામ વાળા મિથ્યાદૃષ્ટિ ચારેગતિના જીવો જઘન્ય રસબંધના સ્વામી જાણવા. કારણ કે આ પન્નર પ્રકૃતિઓ શુભ છે. સંક્લિષ્ટતાથી જઘન્ય રસબંધ થાય છે. તિર્યંચ અને મનુષ્યો અતિશય સંક્લિષ્ટ હોય ત્યારે નરકપ્રાયોગ્ય બંધ કરે છે તેમાં, તથા દેવો અને નારકી અતિશય સંક્લિષ્ટ હોય ત્યારે પં. તિર્યંચપ્રાયોગ્ય બંધ કરે છે. તેમાં ઉપરોક્ત ૧૫ પ્રકૃતિઓ અવશ્ય બંધાય જ છે. તેમાં કેટલીક ધ્રુવબંધી હોવાથી અને કેટલીક તે ભવને યોગ્ય હોવાથી ગમે તેટલી સંક્લિષ્ટતા હોય તો પણ તે ૧૫ પ્રકૃતિઓનો બંધ થાય જ છે તેથી સર્વથા ઉત્કૃષ્ટસંક્લિષ્ટ એવા ચારે ગતિના જીવો આ ૧૫ પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામી સમજવા.

પરંતુ તેમાં એટલી વિશેષતા છે કે ઈશાન સુધીના દેવો અતિશય સંક્લિષ્ટ થાય તો પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય બંધ ઓળંગીને એકેન્દ્રિય પ્રાયોગ્ય બંધ કરે છે. તે કાળે પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામકર્મ બંધાતું નથી. બાકીની ૧૩ બંધાય છે તેથી ઈશાન સુધીના દેવો ૧૩ પ્રકૃતિના જ જઘન્ય રસબંધના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામી જાણવા. જો આ દેવો કંઈક વિશુદ્ધ હોય તો પંચેન્દ્રિય તિર્યંચપ્રાયોગ્ય બંધ કરતાં પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામકર્મ બાંધે છે. પરંતુ કંઈક વિશુદ્ધિ વાળા હોવાથી જઘન્ય રસ બંધ કરતા નથી. તેથી આ બે પ્રકૃતિના જઘન્ય રસબંધના સ્વામીમાં ઈશાનાન્ત દેવોનું વર્જન કરવું.

સ્ત્રીવેદ અને નપુંસકવેદના જઘન્ય રસબંધના સ્વામી ચારેગતિના મિથ્યાદૃષ્ટિ, પરંતુ **તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા** જીવો સ્વામી જાણવા. આ બન્ને અશુભ પ્રકૃતિ છે. અશુભ હોવાથી જઘન્ય રસબંધ વિશુદ્ધિથી બંધાય છે. જો અતિશય વિશુદ્ધિ લઈએ તો સ્ત્રીવેદ નપુંસકવેદનો બંધ ઓળંગીને પુરૂષવેદનો જ બંધ કરે. તથા જો વિશુદ્ધ ન લઈએ અને સંક્લિષ્ટ પરિણામ લઈએ તો આ બે વેદો કનિષ્ટ હોવાથી બંધાય ખરા. પરંતુ સંક્લિષ્ટતા હોવાથી ઉત્કૃષ્ટરસ બંધાય અથવા મધ્યમ રસ બંધાય પરંતુ જઘન્ય રસ ન બંધાય, તેથી સંક્લિષ્ટ ન કહેતાં વિશુદ્ધ લેવા અને તે પણ **તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા** લેવા. અતિશય વિશુદ્ધ જીવો ન લેવા.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

બાકીની ૨૩ પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્વામી પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા મિથ્યાદૃષ્ટિ ચતુર્ગતિક જીવો જાણવા. જો સમ્યગ્દૃષ્ટિ જીવો સ્વામી કહીએ અને તેમાં પણ તિર્યંચ અને મનુષ્યો લઈએ તો તે દેવદ્વિક જ બાંધે. સંસ્થાન પહેલું જ બાંધે, સંઘયણ બાંધે જ નહીં, શુભવિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર, આદેય અને ઉચ્ચગોત્ર જ બાંધે પરંતુ પ્રતિપક્ષી પ્રકૃતિઓ ન બાંધે, તેવી રીતે સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકી લઈએ તો મનુષ્યદ્વિક જ બાંધે, પહેલું સંઘયણ અને પહેલું સંસ્થાન જ બાંધે તથા વિહાયોગતિ આદિ પણ શુભ જ બાંધે, અશુભ ન બાંધે આ કારણે સમ્યગ્દૃષ્ટિ ચારે ગતિના જીવોમાં પરાવર્તમાન પરિણામનો અભાવ થવાથી કેવળ એકલી વિશુદ્ધિ હોય ત્યારે ઉત્કૃષ્ટરસ (અથવા મધ્યમ રસ) જ બંધાય છે. પરંતુ જઘન્યરસ બંધાતો નથી. તેથી સમ્યગ્દૃષ્ટિ ન કહેતાં મિથ્યાદૃષ્ટિ જીવો સ્વામી કહ્યા છે. તે સર્વેમાં પરાવર્તમાન પરિણામ આ પ્રમાણે સમજવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યદ્વિકની ઉત્કૃષ્ટ સ્થિતિ (સાતાની જેમ) ૧૫ કોડાકોડી સાગરોપમની છે. અને તેની સામે પ્રતિપક્ષી પ્રકૃતિઓની જઘન્યસ્થિતિ (સંજ્ઞી પંચેન્દ્રિયને યોગ્ય) અંતઃકોડાકોડી છે. એટલે ૧૫ કોડાકોડી સાગરોપમની સ્થિતિથી અંતઃકોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિવાળાં મનુષ્યદ્વિક, તિર્યંચદ્વિક, નરકદ્વિક અને (અંતઃકોડાકોડીથી ૧૦ કોડાકોડી સુધીની સ્થિતિવાળું) દેવદ્વિક અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે પરાવર્તમાન પરિણામે બાંધતાં મનુષ્યદ્વિકનો જઘન્ય રસબંધ કરે છે.

એવી જ રીતે પ્રશસ્તવિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, ઉચ્ચગોત્ર, વજ્રઋષભનારાચસંઘયણ, સમચતુરસ્રસંસ્થાન એમ ૭ પ્રકૃતિઓની પોતપોતાની ૧૦કોડાકોડી સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિબંધથી તેની પ્રતિપક્ષી અશુભ પ્રકૃતિઓના અંતઃકોડાકોડીપ્રમાણ જઘન્યસ્થિતિબંધ સુધીનાં સ્થિતિસ્થાનો બાંધતાં બાંધતાં પરાવર્તમાન મધ્યમ પરિણામી જીવો શુભ એવી આ સાત પ્રકૃતિઓમા જઘન્યરસબંધના સ્વામી જાણવા.

હુંડકસંસ્થાન અને સેવાર્તસંઘયણ આદિ પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણના જઘન્ય રસબંધના સ્વામી ઉપર સમજાવ્યા પ્રમાણે સમજી લેવા. તે આ પ્રમાણે-

હુંડક સંસ્થાન અને સેવાર્ત સંઘયણની ઉત્કૃષ્ટસ્થિતિ જો કે ૨૦ કોડાકોડી સાગરોપમ છે. પરંતુ અન્ય સંસ્થાન અને અન્ય સંઘયણોની સાથે પરાવર્તે પરાવર્તે બંધાય એવી સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને ૧૮ કોડાકોડી સાગરોપમ સુધીની જ છે. તેથી તેવી અન્ય સંઘયણ-સંસ્થાનોની સાથે પરાવર્તમાનપણે સંભવતી સ્થિતિને બાંધતો સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત મિથ્યાદૃષ્ટિ જીવ સ્વામી જાણવો. આ હુંડકસંસ્થાન અને સેવાર્તસંઘયણને વામનસંસ્થાન અને કીલિકાસંઘયણની સાથે ૧૮ કોડાકોડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમ સુધી પરાવર્તે બાંધે છે. કુબ્જ સંસ્થાન અને અર્ધનારાચ સંઘયણની સાથે અંતઃકોડાકોડીથી ૧૬ કોડાકોડી સાગરોપમ સુધી પરાવર્તે બાંધે છે. એવી જ રીતે આ હુંડકસંસ્થાન અને સેવાર્ત સંઘયણને સાદિસંસ્થાન અને નારાચસંઘયણની સાથે અંતઃકોડાકોડીથી ૧૪ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધી, તથા ન્યગ્રોધસંસ્થાન અને ઋષભનારાચસંઘયણની સાથે ૧૨ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધી, અને સમચતુરસ્રસંસ્થાન તથા વજ્રઋષભનારાચ સંઘયણની સાથે ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધી પરાવર્તે પરાવર્તે બાંધે છે. ત્યારે તે જીવો સર્વત્ર છઠ્ઠા સંસ્થાનના અને છઠ્ઠા સંઘયણના જઘન્ય રસબંધના સ્વામી થાય છે.

એવી જ રીતે બાકીનાં પાંચ સંસ્થાન અને પાંચ સંઘયણોની પણ પરસ્પર અન્ય અન્ય સંસ્થાન અને સંઘયણની સાથે યથાયોગ્ય સંભવતી પરાવર્તમાન સ્થિતિને બાંધતા જીવો પરાવર્તમાન સ્થિતિના સર્વ સ્થિતિસ્થાનોમાં વર્તતા જઘન્ય રસબંધ કરે છે. તેથી ત્યાં ત્યાં સ્વામી જાણવા.

અશુભ વિહાયોગતિ દુર્ભગ, દુઃસ્વર, અને અનાદેય આ ચાર પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ જો કે ૨૦ કોડાકોડી સાગરોપમ સુધી બંધાય છે. પરંતુ પોતાની પ્રતિપક્ષી શુભ પ્રકૃતિઓની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ જ છે તેથી પરાવૃત્તિ ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધી જ મળે છે. તેથી અંતઃકોડાકોડીથી પ્રતિપક્ષી એવી શુભ વિહાયોગતિ આદિની સંભવતી ૧૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિમાંથી કોઈપણ સ્થિતિસ્થાનોને પરાવર્તપણે બાંધતા સ્વામી જાણવા. આ પ્રમાણે ૨+૭+૧૦+૪ કુલ ૨૩ ના સ્વામી સમજાવ્યા. આ ગાથામાં પ્રથમ ૧૫ના, પછી ૨ ના અને ત્યારબાદ આ ૨૩ના એમ કુલ ૪૦ પ્રકૃતિઓના જઘન્ય રસબંધના સ્વામી કહ્યા. જઘન્ય રસબંધનું સ્વામિત્વ અહીં સમાપ્ત થયું ॥૭૩॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જઘન્ય રસબંધના સ્વામીનું ચિત્ર

| | | |
|---|---|---|
| ૮ | થીણદ્ધિત્રિક, અનંતાનુબંધી, ચાર કષાય અને મિથ્યાત્વ | સંયમ સહિત સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર મિથ્યાત્વના અન્ત્યસમયવર્તી જીવ |
| ૪ | અપ્રત્યાખ્યાનીય ૪ કષાય | સંયમ પામતો અવિરત સમ્યગ્દષ્ટિ જીવ |
| ૪ | પ્રત્યાખ્યાનાવરણ ૪ કષાય | સંયમ પામતો દેશવિરતધર જીવ |
| ૨ | અરતિ-શોકનો સ્વામી | અપ્રમત્તાભિમુખ પ્રમત્તમુનિ |
| ૨ | આહારકદ્વિકના સ્વામી | પ્રમત્તાભિમુખ એવા અપ્રમત્તમુનિ |
| ૧૧ | બે નિદ્રા, અશુભવર્ણચતુષ્ક, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા અને ઉપઘાત | ક્ષપકશ્રેણીગત અપૂર્વકરણગુણસ્થાનકે સ્વબંધવ્યવચ્છેદ સમયવર્તી જીવ |
| ૫ | પુરુષવેદ, સંજ્વલન ચતુષ્ક | ક્ષપક અનિવૃત્તિ, સ્વબંધવ્યવચ્છેદ સમયવર્તી જીવ. |
| ૧૪ | પાંચ અંતરાય, પાંચ જ્ઞાનાવ૦ અને ચાર દર્શનાવરણીય. | ક્ષપક, સૂક્ષ્મસંપરાય ચરમસમયવર્તી જીવ |
| ૯ | સૂક્ષ્મત્રિક વિકલેન્દ્રિયત્રિક | તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા તિર્યંચ નરકદ્વિક નરકાયુષ્ય મનુષ્યો |
| ૩ | શેષ ત્રણ આયુષ્ય | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાવાળા તિર્યંચમનુષ્યો |
| ૨ | વૈક્રિયદ્વિક | અતિસંક્લિષ્ટ એવા તિર્યંચ-મનુષ્યો |
| ૨ | દેવદ્વિક | તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટતાવાળા એવા તિર્યંચ, મનુષ્યો |
| ૨ | ઉદ્યોતનામકર્મ, ઔદા. શરીર નામકર્મ | અતિશય સંક્લિષ્ટ એવા સહસ્રાર સુધીના સર્વે દેવો અને નારકી. |

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૧ | ઔદારિક અંગોપાંગ | અતિસંક્લિષ્ટ સનત્કુમારથી સહસ્રાર સુધીના દેવો તથા સર્વે નારકી. |
| ૩ | તિર્યંચદ્વિક અને નીચગોત્ર | સમ્યક્ત્વાભિમુખ સાતમી નારકી. |
| ૧ | તીર્થંકરનામકર્મ | નરક અને મિથ્યાત્વને અભિમુખ ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા અવિરત સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય |
| ૨ | એકેન્દ્રિયજાતિ અને સ્થાવર | પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા તિર્યંચો, મનુષ્યો તથા ઈશાન સુધીના દેવો. |
| ૧ | આતપ નામકર્મ | અતિશય સંક્લિષ્ટ એવા સૌધર્મ-ઈશાન સુધીના દેવો. |
| ૮ | સાતા સ્થિર શુભ યશ અને અસાતાદિ ચાર | અન્તર્મુહૂર્તે અન્તર્મુહૂર્તે પરાવર્તપણે બાંધતા મધ્યમ પરિણામી એવા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ જીવો |
| ૧૫ | પંચેન્દ્રિયજાતિ, તૈજસ કાર્મણ પ્રશસ્ત વર્ણ ગંધ રસ સ્પર્શ અગુરુલઘુ પરાઘાત ઉચ્છ્વાસ ત્રસ બા. પર્યાપ્ત પ્રત્યેક નિર્માણ | અત્યન્ત સંક્લિષ્ટ એવા ચારે ગતિના જીવો. પરંતુ ઈશાન સુધીના દેવો પંચેન્દ્રિય જાતિ અને ત્રસનામકર્મ વિના ૧૩ ના સ્વામી. |
| ૨ | સ્ત્રીવેદ અને નપુંસકવેદ | તત્પ્રાયોગ્યવિશુદ્ધિવાળા ચારેગતિના જીવો |
| ૨૩ | મનુષ્યદ્વિક, ખગતિદ્વિક ઉચ્ચ ગોત્ર ૬ સંઘયણ, ૬ સંસ્થાન સૌભાગ્યત્રિક, દૌર્ભાગ્યત્રિક | પરાવર્તમાન, મધ્યમ પરિણામવાળા ચારે ગતિના જીવો જઘન્ય રસબંધના સ્વામી જાણવા. |
| ૧૨૪ | વર્ણ ચતુષ્ક બન્ને પ્રકારનું હોવાથી ૧૨૪ થયેલ છે. | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે રસબંધના જઘન્ય-અજઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ બંધના સાદિ-અનાદિ વગેરે ભાંગા જણાવે છે :-

**चउतेयवन्न वेयणीयनामणुक्कोसु सेसधुवबंधी।**
**घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा॥ ७४॥**

चतुष्कस्य तैजसवर्णयोर्वेदनीयनाम्नोरनुत्कृष्ट श्शेषध्रुवबन्धिनीनाम्।
घातिनामजघन्यो गोत्रे द्विविधोऽयं चतुर्धा॥७४॥)

**चउतेयवन्न**=તૈજસ ચતુષ્ક અને વર્ણચતુષ્કનો, **वेयणीयनाम**= વેદનીય અને નામકર્મનો, **अणुक्कोसु**=અનુત્કૃષ્ટબંધ, તથા **सेसधुवबंधी**= બાકીની ધ્રુવબંધી પ્રકૃતિઓનો અને **घाईणं**=ચારઘાતીકર્મોનો, **अजहन्नो**= અજઘન્યબંધ, **गोए**=ગોત્ર કર્મનો, **दुविहो इमो**=આ બન્ને બંધ, **चउहा**=ચાર પ્રકારે છે. ॥૭૪॥

**ગાથાર્થ** - તૈજસ અને વર્ણ ચતુષ્ક તથા મૂલકર્મમાં વેદનીય અને નામકર્મનો અનુત્કૃષ્ટ રસબંધ, બાકીની ધ્રુવબંધી અને મૂલકર્મમાં ચાર ઘાતીકર્મનો અજઘન્ય રસબંધ, તથા ગોત્રકર્મનો આ બન્ને બંધ ચાર પ્રકારે હોય છે. ॥૭૪॥

**વિવેચન** - હવે રસબંધના જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટના સાદિ-અનાદિ, ધ્રુવ અને અધ્રુવ આશ્રયી ભાંગા કહેવાય છે. ત્યાં મૂલ આઠ કર્મમાં વેદનીય કર્મમાં (સાતા વેદનીયને આશ્રયી) અને નામકર્મમાં (યશનામકર્મને આશ્રયી) બન્ને પુણ્ય પ્રકૃતિઓ હોવાથી ક્ષપકશ્રેણીમાં દશમા ગુણસ્થાનકના ચરમ સમયે અતિશય વિશુદ્ધિ હોવાથી ઉત્કૃષ્ટરસબંધ થાય છે. આવો ઉત્કૃષ્ટરસ અન્યત્ર ક્યાંય સંભવતો નથી. ઉપશમ શ્રેણીમાં ચડેલા જીવો અગિયારમા ગુણસ્થાનકે વેદનીય અને નામકર્મના કષાય પ્રત્યયિક બંધને આશ્રયી સર્વથા અબંધક છે. ત્યાંથી પડીને દસમા ગુણસ્થાનકે તે જીવ જ્યારે આવે છે. ત્યારે ક્ષપકશ્રેણીમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આરોહણકાળે જેટલી અને જેવી વિશુદ્ધિ હોય છે તેટલી અને તેવી વિશુદ્ધિ ન હોવાથી જે રસબંધ થાય છે. તે અનુત્કૃષ્ટ રસબંધ કહેવાય છે. તેવો અનુત્કૃષ્ટ રસબંધ અગિયારમેથી પડીને દસમે આવતાં જીવ શરૂ કરે છે. માટે તે કાળે અનુત્કૃષ્ટ રસબંધની સાદિ થાય છે. જે જીવો ક્ષપકશ્રેણીમાં દસમે અને ઉપશમશ્રેણીમાં અગિયારમે આવ્યા નથી તે જીવો ઉત્કૃષ્ટરસબંધનું સ્થાન અને રસના અબંધનું સ્થાન ન પામ્યા હોવાથી જે કોઈ પણ પ્રકારનો રસબંધ કરે છે તે અનુત્કૃષ્ટ રસબંધ છે અને તે અનાદિ છે. તથા અભવ્યને અનુત્કૃષ્ટ રસબંધ અનાદિ અનંતકાલ સુધી હોવાથી ધ્રુવ, અને ભવ્યને અનુત્કૃષ્ટ રસબંધ જ્યારે ક્ષપક શ્રેણી માંડશે ત્યારે કે ઉપશમશ્રેણી માંડશે ત્યારે અટકશે એટલે અધ્રુવ, એમ વેદનીય અને નામકર્મ આ બે મૂલકર્મોનો અનુત્કૃષ્ટ રસબંધ ચાર પ્રકારે થાય છે.

ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ છે. તેમાં વર્ણ ચતુષ્ક અને તૈજસચતુષ્ક એમ ૮ પુણ્યપ્રકૃતિઓ છે. બાકીની ૪૩ (અશુભવર્ણ ચતુષ્ક લેવાથી) પાપ પ્રકૃતિઓ છે તેથી વર્ણચતુષ્ક અને તૈજસચતુષ્ક એમ ૮ પુણ્ય-પ્રકૃતિઓનો ક્ષપકશ્રેણીમાં આઠમા ગુણસ્થાનકના છઠ્ઠા ભાગના ચરમ સમયે ઉત્કૃષ્ટરસબંધ કરે છે. તેવી વિશુદ્ધિ અન્યત્ર ન હોવાથી ઉપશમશ્રેણીમાં અબંધક થઈને નીચે ઉતરતાં આઠમાના છઠ્ઠા ભાગથી જ્યારે બંધ શરૂ કરે ત્યારે અનુત્કૃષ્ટરસબંધની સાદિ, ઉત્કૃષ્ટરસબંધનું સ્થાન અને અબંધનું સ્થાન ન પામેલા જીવોને આશ્રયી અનુત્કૃષ્ટ રસબંધ અનાદિ, અભવ્યને આશ્રયી ધ્રુવ અને ભવ્યને આશ્રયી અધ્રુવ એમ આ આઠ ઉત્તર પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટરસબંધ ચાર પ્રકારે જાણવો.

શેષ ધ્રુવબંધી ૪૩ અશુભ પ્રકૃતિઓ હોવાથી પૂર્વે જઘન્ય રસબંધના સ્વામી જણાવ્યા છે તે પ્રમાણે પોતપોતાના બંધવ્યવચ્છેદ સમયે અતિશય વિશુદ્ધિ હોવાથી જઘન્ય રસબંધ થાય છે. તેવી વિશુદ્ધિ અન્યત્ર ન હોવાથી તેવો જઘન્ય રસબંધ અન્યસ્થાને ક્યાંય સંભવતો નથી. તેથી જઘન્ય

जैन साइट JAINSITE.com ॥ જયમ્ જ્યાતશાસનમ્ ॥
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રસબંધના સ્થાનથી ઉપરના ગુણસ્થાનકે જઇ અબંધક થઇને નીચે ઉતરતાં અજઘન્ય રસબંધ શરૂ કરે છે. તે કાળે અજઘન્ય રસબંધની સાદિ, જઘન્ય રસબંધનું સ્થાન તથા અબંધનું સ્થાન ન પામેલા જીવોને આ પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સદા બંધાય જ છે માટે અજઘન્ય રસબંધ અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ એમ ચાર ભાંગા જાણવા.

મૂલકર્મમાં ચાર અઘાતીકર્મો અશુભ છે. અશુભ પ્રકૃતિઓનો વિશુદ્ધિ દ્વારા જઘન્ય રસબંધ થાય છે. તેથી નવમા ગુણસ્થાનકના ચરમસમયે ક્ષપકને મોહનીયનો અને દશમા ગુણસ્થાનકના ચરમ સમયે ક્ષપકને શેષ ત્રણ ઘાતીકર્મોનો જઘન્ય રસબંધ થાય છે. તેવો જઘન્ય રસબંધ ઉપશમ શ્રેણીમાં હોતો નથી. તેથી ઉપશમશ્રેણીમાં અગિયારમે આ ચાર મૂલ ઘાતીકર્મોનો સર્વથા અબંધક થઇને પડતાં દશમે તથા નવમે આવીને નવો બંધ શરૂ કરે ત્યારે અજઘન્ય રસબંધની સાદિ, આવા પ્રકારનું જઘન્ય રસબંધનું સ્થાનક કે અબંધનું સ્થાનક ન પામેલા જીવોને આશ્રયી અજઘન્ય રસબંધ અનાદિ, અભવ્યને આશ્રયી ધ્રુવ અને ભવ્યોને આશ્રયી અધ્રુવ એમ મૂલ ચાર કર્મોનો અજઘન્ય રસબંધ ચાર પ્રકારે છે.

ગોત્રકર્મમાં (મૂલકર્મમાં) અનુત્કૃષ્ટ અને અજઘન્ય એમ બન્ને પ્રકારના રસબંધો સાદિ અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ભેદવાળા હોય છે. ક્ષપકશ્રેણીમાં દશમા ગુણસ્થાનકના અન્ત્યસમયે (ઉચ્ચગોત્રને આશ્રયી) મૂલ એવા ગોત્રકર્મનો પુણ્ય પ્રકૃતિ હોવાથી ઉત્કૃષ્ટરસ બંધ થાય છે. તેવી વિશુદ્ધિ અન્યત્ર ન હોવાથી આવો ઉત્કૃષ્ટરસ બંધ ઉપશમશ્રેણી આદિ અન્યસ્થાનોમાં થતો નથી. તેથી અગિયારમા ગુણસ્થાનકે ગોત્રકર્મનો સર્વથા અબંધક થઇને પડતાં દસમા ગુણસ્થાનકે આવતાં અનુત્કૃષ્ટ રસબંધ શરૂ કરે છે. ત્યારે અનુત્કૃષ્ટ રસબંધની સાદિ, ક્ષપકશ્રેણી અને અબંધસ્થાન ન પામનારાને આશ્રયી અનુત્કૃષ્ટ રસબંધ અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ એમ મૂળ એવા ગોત્રકર્મના અનુત્કૃષ્ટ રસબંધના ચાર ભાંગા જાણવા. તથા સાતમી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નારકીમાં વર્તતો અનંતર સમયે ઉપશમસમ્યક્ત્વ પામશે એવો પ્રથમ ગુણ-સ્થાનકના અન્ત્યસમયવર્તી જીવ મૂળ ગોત્રકર્મનો (નીચ ગોત્રને આશ્રયી) અત્યન્ત વિશુદ્ધ હોવાથી જઘન્ય રસબંધ કરે છે. તે જ જીવ ઉપશમસમ્યક્ત્વ પામે ત્યારે ઉચ્ચગોત્ર કર્મ બાંધે છે. તે કાળે સમ્યક્ત્વ હોવાથી વિશુદ્ધિ છે તેથી ઉચ્ચગોત્રનો (પુણ્યપ્રકૃતિ હોવાથી) અધિક રસ બંધાય તે જઘન્ય (અલ્પ) રસ નથી તેથી તે સમ્યક્ત્વ પામે અને ઉચ્ચગોત્ર બાંધે ત્યારે મૂલ ગોત્રકર્મના અજઘન્યરસબંધની સાદિ, જે જીવો ઉપશમસમ્યક્ત્વવાળી અવસ્થા પામ્યા નથી. તથા જઘન્ય રસબંધ કરવાનો પણ વારો આવ્યો નથી તેવા અનાદિ મિથ્યાત્વી જીવને અનાદિકાળથી મૂળ ગોત્રકર્મ અજઘન્ય રસવાળું જ બંધાય છે. તેથી અજઘન્ય અનાદિ, અભવ્યને આશ્રયી ધ્રુવ અને ભવ્યને આશ્રયી અધ્રુવ એમ ચાર ભાંગા જાણવા.

આ ગાથામાં આઠ મૂલકર્મોમાંથી વેદનીય અને નામકર્મનો અનુત્કૃષ્ટરસબંધ, ચારઘાતી મૂલકર્મોનો અજઘન્ય રસબંધ, અને ગોત્રકર્મનો અજઘન્ય તથા અનુત્કૃષ્ટરસબંધ સાદ્યાદિ ચાર પ્રકારે હોય છે. એમ સમજાવ્યું. તથા ઉત્તરપ્રકૃતિઓમાંથી ૪૭ ધ્રુવબંધીમાં ૪૩ પાપપ્રકૃતિઓનો અજઘન્ય (વર્ણચતુષ્ક બન્નેમાં ગણવાથી) અને ૮ પુણ્ય પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ રસબંધ ચાર પ્રકારે સમજાવ્યો. બાકીના જે કોઈ રસબંધના પ્રકારો રહ્યા. તે હવે પછીની ગાથામાં "सेसंमि दुहा" કહે છે તેનાથી બે પ્રકારના જ છે એમ હવે પછીની ગાથામાં ગ્રંથકારશ્રી ગાથાનો છંદભંગ ન થાય તે માટે ત્યાં સમજાવશે. પરંતુ રસબંધના ભાંગાનો પ્રસંગ આ ગાથામાં ચાલતો હોવાથી સરળતા માટે અમે અહીં જ સમજાવીએ છીએ.

મૂળકર્મમાં વેદનીયકર્મ (સાતાને આશ્રયી), નામકર્મ (યશને આશ્રયી) અને ગોત્રકર્મ (ઉચ્ચગોત્રને આશ્રયી) તથા ઉત્તરપ્રકૃતિઓમાં ૪ શુભવર્ણ ચતુષ્ક અને તૈજસચતુષ્ક આ આઠ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય રસબંધ આદિ અને અધ્રુવ એમ બે પ્રકારે હોય છે. ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પોતપોતાના બંધવ્યવચ્છેદ સમયે ક્ષપકશ્રેણીમાં અત્યન્ત વિશુદ્ધિ હોવાથી ઉત્કૃષ્ટરસ થાય છે. તે કાળે ઉત્કૃષ્ટરસબંધની સાદિ, બંધવ્યવચ્છેદ પછીના સમયે અબંધ થવાથી ઉત્કૃષ્ટરસબંધ અધ્રુવ, એમ ઉત્કૃષ્ટના ૨ ભેદ જાણવા.

ઉપરોક્ત સર્વે મૂલકર્મ અને ઉત્તરકર્મોનો જઘન્ય રસબંધ પુણ્ય પ્રકૃતિઓ હોવાથી પર્યાપ્ત સંજ્ઞી પંચેન્દ્રિય ચારે ગતિના અત્યન્ત સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ જીવો કરે છે. પુણ્યપ્રકૃતિઓનો જઘન્ય રસબંધ સંક્લિષ્ટતાથી થાય છે. આવું અત્યન્ત સંક્લિષ્ટ અધ્યવસાય સ્થાનક ઓછામાં ઓછું ૧ સમય જીવને ટકે છે અને વધુમાં વધુ ૨ સમય ટકે છે. તે જ્યારે જઘન્ય રસબંધ શરૂ કરે ત્યારે જઘન્યની સાદિ, એક અથવા બે સમય જઘન્ય રસબંધ કર્યા પછી અત્યન્ત સંક્લિષ્ટતાવાળું અધ્યવસાય સ્થાન બદલાઈ જવાથી અજઘન્ય રસબંધ કરે છે. ત્યારે જઘન્ય રસબંધ અધ્રુવ અને અજઘન્યરસબંધની સાદિ થાય છે. આ રીતે વારાફરતી જઘન્ય-અજઘન્ય રસબંધ કરતા ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવોને બન્ને પ્રકારનો બંધ સાદિ-અધ્રુવ થાય છે.

તથા મૂળકર્મમાં ચારઘાતી કર્મો તથા (નીચગોત્રને આશ્રયી) ગોત્રકર્મ અને ઉત્તરપ્રકૃતિઓને આશ્રયી ધ્રુવબંધી અશુભ એવી ૪૩ પ્રકૃતિઓના **જઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ** રસબંધ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે હોય છે. ત્યાં પોતપોતાના બંધવ્યવચ્છેદના સમયે ક્ષપકશ્રેણીમાં અત્યન્ત વિશુદ્ધિ હોવાથી અને આ સર્વે પાપ પ્રકૃતિઓ હોવાથી જઘન્ય રસબંધ થાય છે. તે સમયે જઘન્ય રસબંધની સાદિ થાય છે. બંધવ્યવચ્છેદ થયા પછી અબંધ થવાથી જઘન્યરસબંધ અધ્રુવ થાય છે. એમ જઘન્યના ૨ ભાંગા થયા, આ જઘન્યરસબંધ બંધવ્યવચ્છેદના ચરમસમયે એક સમયમાત્ર જ ચાલે છે. વળી આ સર્વે કર્મો પાપપ્રકૃતિ હોવાથી તેઓનો ઉત્કૃષ્ટરસ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તા અત્યન્ત સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ ચારે ગતિમાં વર્તનારા જીવ કરે છે. જ્યારે કરે ત્યારે ઉત્કૃષ્ટની સાદિ, આવો અત્યન્ત સંક્લિષ્ટ પરિણામ ૧/૨ સમય માત્ર જ રહે છે. તેનાથી મંદ

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંક્લિષ્ટતા થતાં અનુત્કૃષ્ટ રસબંધ કરે છે. ત્યારે અનુત્કૃષ્ટ રસબંધની સાદિ, વળી ફરીથી કાળાન્તરે જ્યારે આવી ઉત્કૃષ્ટ સંક્લિષ્ટતા આવે ત્યારે ઉત્કૃષ્ટરસબંધ કરે તે વખતે અનુત્કૃષ્ટ અધ્રુવ અને ઉત્કૃષ્ટની સાદિ એમ આ સંસારચક્રમાં અનેકવાર તીવ્ર સંક્લિષ્ટતા અને મંદ સંક્લિષ્ટતા થતી હોવાથી ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ બન્ને પ્રકારના રસબંધ સાદિ, અધ્રુવ સમજવા.

ઉપરોક્ત ભાંગાઓના કથનથી શેષ રહેલા એવા મૂળકર્મમાં ૧ આયુષ્યકર્મ અને ઉત્તરકર્મમાં ૭૩ અધ્રુવબંધીના ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય એમ ચારે પ્રકારના રસબંધના સાદિ અને અધ્રુવ એમ બે બે ભાંગા જ હોય છે. કારણ કે આ બધી ૭૩ અધ્રુવબંધી ઉત્તર પ્રકૃતિઓ તથા આયુષ્યકર્મ અધ્રુવબંધી જ છે. ક્યારેક બંધાય અને ક્યારેક ન બંધાય. જ્યારે બંધાય ત્યારે પણ વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા પ્રમાણે જઘન્ય-અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એમ ચારે પ્રકારના રસબંધ યથાયોગ્યપણે કરે તેથી બધા જ ભાંગા સાદિ અધ્રુવ છે.

આ પ્રમાણે મૂળકર્મમાં ગોત્રકર્મના ૧૨, આયુષ્યકર્મના ૮, અને બાકીના ૬ કર્મોના ૧૦/૧૦ એટલે કુલ ૮૦ ભાંગા મૂલકર્મોના થાય છે. ઉત્તરકર્મોમાં ૪૩ અશુભ ધ્રુવબંધીનો અજઘન્ય ચાર પ્રકારે હોવાથી અને શેષ જઘન્ય ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ ૨ પ્રકારે હોવાથી ૧૦/૧૦ કુલ ૪૩૦ ભાંગા થાય છે. ૮ શુભ ધ્રુવબંધીનો અનુત્કૃષ્ટ ચાર પ્રકારે હોવાથી અને શેષ ઉત્કૃષ્ટ જઘન્ય અને અજઘન્ય ૨ પ્રકારે હોવાથી ૧૦/૧૦ કુલ ૮૦ ભાંગા થાય છે. બાકીની ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓના ચારે બંધ બે બે પ્રકારના હોવાથી ૭૩×૮=૫૮૪ ભાંગા થાય છે. એમ ૪૩૦+૮૦+૫૮૪ =૧૦૯૪ ભાંગા ઉત્તરપ્રકૃતિના ભાંગા થાય છે. તેમાં મૂલકર્મના ૮૦ ઉમેરતાં ૧૧૭૪ ભાંગા કુલ થાય છે. પરંતુ વર્ણચતુષ્ક શુભ-અશુભ બન્નેમાં ગણેલું હોવાથી એકવાર ગણીએ અને એકવાર ન ગણીએ તો ૪×૧૦=૪૦ ભાંગા ઓછા કરતાં કુલ ૧૧૩૪ ભાંગા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only . info@jainsite.com

**सेसम्मि दुहा इगदुगणुगाइ जा अभवणंतगुणियाणू।**
**खंधा उरलोचिय वग्गणा उ तह अगहणंतरिया ॥ ७५॥**

(शेषे द्विधा, एकद्व्यणुकादयो यावदभव्यानन्तगुणिताणवः ।
स्कन्धा औदारिकोचितवर्गणास्तु तथाऽग्रहणान्तरिताः ॥७५॥)

**सेसम्मि** = બાકી રહેલા સર્વે રસબંધના પ્રકારો, **दुहा**=બે પ્રકારના હોય છે, **इगदुगणुगाइ**=એક-બે પરમાણુ આદિવાળા, **जा**=યાવત્, **अभवणंतगुणियाण**=અભવ્યજીવો કરતાં અનંત ગુણા અણુઓવાળા, **खंधा** = જે સ્કંધો, **उरलोचियवग्गणा**=તે ઔદારિક યોગ્ય વર્ગણા કહેવાય છે. **तह**=તથા, **अगहणंतरिया**=અગ્રહણયોગ્ય વર્ગણાઓ છે મધ્યમાં જેને એવી. ॥૭૫॥

**ગાથાર્થ** - બાકીના બધા રસબંધના ભાંગા બે પ્રકારે છે. એક પરમાણુ, દ્વયણુક, આદિથી પ્રારંભીને જ્યારે અભવ્યથી અનંતગુણા અણુઓવાળા સ્કંધો થાય છે. ત્યારે તે ઔદારિક શરીરને ઉચિત એવી વર્ગણા થાય છે. તથા અગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓ છે અન્તરિત (મધ્યમાં) જેને એવી ( આગળ આવનારી ગાથા સાથે સંબંધ છે.) ॥૭૫॥

**વિવેચન**-"सेसम्मि दुहा" રસબંધના બાકીના બધા પ્રકારો સાદિ અને અધ્રુવ એમ બે પ્રકારે છે. મૂલકર્મમાં વેદનીયકર્મ અને નામકર્મનો અનુત્કૃષ્ટબંધ ચાર પ્રકારે છે. એમ ૭૪મી ગાથામાં કહ્યું હોવાથી તે બે મૂલકર્મનો ઉત્કૃષ્ટબંધ, જઘન્યબંધ અને અજઘન્યબંધ સાદિ અધ્રુવ રૂપે બે પ્રકારે છે. ચારઘાતીકર્મનો અજઘન્ય બંધ ત્યાં ચાર પ્રકારે કહ્યો હોવાથી તે ચારઘાતીકર્મોના બાકીના જઘન્યબંધ, ઉત્કૃષ્ટબંધ અને અનુત્કૃષ્ટબંધ સાદિ-અધ્રુવ એમ બે પ્રકારે છે. ગોત્રકર્મનો જઘન્યબંધ અને ઉત્કૃષ્ટબંધ બે પ્રકારે છે અને આયુષ્યકર્મના ચારે બંધો સાદિ અધ્રુવ એમ બે પ્રકારે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તરપ્રકૃતિઓમાં શુભવર્ણ ચતુષ્ક અને તૈજસ ચતુષ્કનો અનુત્કૃષ્ટ બંધ ચારે પ્રકારે કહ્યો હોવાથી બાકીના ઉત્કૃષ્ટબંધ, જઘન્યબંધ અને અજઘન્યબંધ બે પ્રકારે છે. બાકીના ૪૩ અધ્રુવબંધી પ્રકૃતિઓનો અજઘન્યબંધ ચાર પ્રકારે કહેલ હોવાથી શેષ જઘન્યબંધ, ઉત્કૃષ્ટબંધ અને અનુત્કૃષ્ટબંધ બે પ્રકારે છે. તથા ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓના ચારે પ્રકારના બંધો સાદિ-અધ્રુવ છે. આ સર્વેની ભાવના પૂર્વની ૭૪મી ગાથાના વિવેચનમાં સમજાવેલી છે.

**રસબંધનું વિવેચન**
**આ પ્રમાણે અહીં સમાપ્ત થાય છે.**

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## હવે પ્રદેશબંધ સમજાવાય છે.

સમસ્ત એવા આ ચૌદ રજ્જુ આત્મક લોકાકાશમાં જે એક એક છુટા પરમાણુઓ છે. તે પરમાણુઓ માંહોમાંહે પરસ્પર સમાન જાતવાળા હોવાથી (એટલે એક એક પરમાણુ પરસ્પર પરમાણુપણે સદૃશ હોવાથી) તે એક એક પરમાણુને પ્રથમવર્ગણા કહેવાય છે. વર્ગણા શબ્દનો અર્થ જો કે **સરખે સરખાનો સમૂહ** એવો થાય છે. અને એવો અર્થ લઈએ તો **પરમાણુઓનો સમુદાય તે વર્ગણા** એવો અર્થ થાય. પરંતુ તેવો અર્થ કરવા જતાં આવા એક એક છુટા છુટા પરમાણુઓ ચૌદ રજ્જુ આત્મક લોકાકાશમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા હોવાથી તે વર્ગણાની (તથા તેવી જ રીતે આગળ દ્વ્યણુક-ત્ર્યણુકાદિ સ્કંધોની વર્ગણાઓની) અવગાહના સમસ્ત લોકાકાશાત્મક થઈ જાય. જ્યારે આગળ આવનારી ૭૬મી ગાથામાં "सुहुमा कमावगाहो, ऊणूणंगुल असंखंसो" વર્ગણાની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ કહી છે. તેથી એકેક પરમાણુને જ વર્ગણા કહેવાય છે. અને તેવી જ રીતે આગળ દ્વ્યણુક, ત્ર્યણુક, ચતુરણુક આદિ એક એક સ્કંધને જ વર્ગણા કહેવાય છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન**-જો એક એક પરમાણુને, એક એક દ્વ્યણુકસ્કંધ અને ત્ર્યણુકસ્કંધ આદિને **વર્ગણા** કહેશો તો ત્યાં **સમૂહ** અર્થ શી રીતે ઘટાવશો?

**ઉત્તર**- એક એક પરમાણુઓ બીજા પરમાણુઓ સાથે મળીને ભવિષ્યમાં સ્કંધ (સમૂહ) રૂપે થવાને યોગ્ય છે એમ ભાવિની યોગ્યતા લઈને વર્ગણા કહેવાશે. અથવા એક એક પરમાણુ પણ વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ આદિ અનેક ભાવ પર્યાયોના સમૂહાત્મક છે. એમ સમજીને એક એક પરમાણુમાં વર્ગણા શબ્દનો વ્યવહાર કરાશે. આ પ્રમાણે અર્થ કમ્મપયડીની બંધનકરણની ૧૮મી ગાથાની ટીકામાં છે.

અથવા ૭૬મી ગાથામાં અંગુલના અસંખ્યાતમા ભાગની જે અવગાહના કહી છે તે સ્કંધની જ માત્ર છે. એમ સમજીએ અને સ્કંધોના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમૂહને વર્ગણા કહીએ તો એકેક પરમાણુઓ જે જે છુટા છુટા છે તેવા અનંતા પરમાણુઓનો સમુદાય તે સમાનજાતીય હોવાથી પ્રથમવર્ગણા કહેવાય છે. બે પ્રદેશોનો બનેલો એક સ્કંધ, તેવા અનંત દ્વ્યણુકસ્કંધોનો જે સમુદાય તે બીજીવર્ગણા, ત્રણ પ્રદેશોનો બનેલો એક સ્કંધ, એવા અનંત ત્ર્યણુકસ્કંધોનો જે સમુદાય તે ત્રીજીવર્ગણા, એવી રીતે અનંતા ચતુરણુક સ્કંધોનો જે સમુદાય તે ચોથી વર્ગણા. અનંતા પંચાણુક સ્કંધોનો જે સમુદાય તે પાંચમીવર્ગણા. આ પ્રમાણે શતાણુક સ્કંધોની સહસ્રાણુક-સ્કંધોની વર્ગણા જાણવી. એમ સંખ્યાતાણુઓ વાળા અનંતા અનંતા સ્કંધોની સંખ્યાતી વર્ગણા, અસંખ્યાતાણુઓ વાળા અનંતા અનંતા સ્કંધોની અસંખ્યાતી વર્ગણા અને અનંતાણુકવાળા અનંતા સ્કંધોના સમૂહની અનંતીવર્ગણા થાય છે. આ બધી વર્ગણાઓ ઔદારિક, વૈક્રિય આદિ શરીરો બનાવવામાં અથવા ભાષા, શ્વાસ અને ચિન્તનાત્મક કાર્યો કરવામાં જીવ વડે ગ્રહણ કરી શકાતી નથી કારણ કે જીવને પોતાનું શરીરરચનાનું અથવા શ્વાસાદિનું કાર્ય કરવામાં જેટલા પરમાણુવાળા સ્કંધોની વર્ગણા જોઈએ તેના કરતાં આ તમામ સ્કંધો અલ્પપરમાણુમયત્વેન = ન્યૂન પરમાણુ વાળા હોવાથી અને સ્થૂલપરિમાણતયા ચ સ્થૂલ પરિમાણ હોવાથી આવા સ્કંધોવાળી વર્ગણા જીવ વડે ગ્રહણ કરવાને માટે અયોગ્ય છે.

એમ કરતાં કરતાં અભવ્યથી અનંતગુણા (અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા) પ્રદેશોના બનેલા જે સ્કંધો, તેવા અનંત સ્કંધોના સમુદાય રૂપે જે વર્ગણા છે તે વર્ગણા જીવોને ઔદારિક શરીર બનાવવા માટે ઉપયોગી છે. અહીંથી ઔદારિક શરીરને ઉચિત વર્ગણાની શરૂઆત થતી હોવાથી આ વર્ગણા ઔદારિક શરીર રૂપે **ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાંની** પ્રથમ (જઘન્ય) વર્ગણા કહેવાય છે.

તેના કરતાં એક અધિક પ્રદેશો વાળા અનંતા સ્કંધોની ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ વર્ગણા જાણવી. આ પ્રમાણે બે પ્રદેશ અધિક, ત્રણ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રદેશ અધિક, ચાર પ્રદેશ અધિક, એમ યાવત્ અનંત પ્રદેશ અધિક વાળા અનંતા સ્કંધોની બનેલી અનંતી ઔદારિક મધ્યમ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ ત્યાં સુધી જાણવી કે જ્યાં સુધી ઔ. ગ્ર. પ્રા. ઉત્કૃષ્ટ વર્ગણા આવે.

**પ્રશ્ન** - ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા ક્યારે થાય?

**ઉત્તર** - ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય (પ્રથમ) વર્ગણાના એક સ્કંધમાં અભવ્યથી અનંતગુણા અને સિદ્ધના અનંતમાભાગ પ્રમાણ જે પ્રદેશો છે તેનો અનંતમો ભાગ તેમાં ઉમેરવાથી જે આંક થાય, તેટલા પ્રદેશોવાળા અનંતસ્કંધોની જે વર્ગણા તે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા બને છે. આ જ વાત આપણે એક કલ્પિત દૃષ્ટાન્તથી સમજીએ. ધારો કે આ સંસારમાં અભવ્યજીવો ૧૦૦ છે. તેનાથી અનંતગુણ એટલે ૧૦૦૦ કલ્પીએ. તો એકેક છુટા છુટા પરમાણુઓની પ્રથમ વર્ગણા, દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, ચતુષ્પ્રદેશી એવા અનંતા અનંતા સ્કંધોની અનુક્રમે બીજી ત્રીજી ચોથી આદિ જે વર્ગણાઓ છે તે આ જીવને ઔદારિકાદિ પાંચ શરીર રૂપે કે ભાષા, શ્વાસ અને મન આદિ કાર્ય રૂપે કામ આવે તેવી નથી. તેથી પાંચ શરીર ભાષા, શ્વાસ અને મન એમ આઠે પ્રકારનાં કાર્યો રૂપે ગ્રહણ યોગ્ય ન હોવાથી સામાન્યપણે જ અગ્રહણયોગ્ય વર્ગણાઓ કહેવાય છે. એમ ૯૯૯ પ્રદેશોના બનેલા અનંતા સ્કંધો વાળી વર્ગણા સુધી અગ્રહણ યોગ્ય વર્ગણાઓ જાણવી.

ત્યારબાદ એટલે કે અભવ્યથી અનંતગુણા અને સિદ્ધના અનંતમા ભાગ રૂપ અસત્કલ્પનાએ પુરેપુરા ૧૦૦૦ પ્રદેશોના બનેલા અનંતા સ્કંધોવાળી વર્ગણા ઔદારિકશરીરપ્રાયોગ્ય જઘન્ય (પ્રથમ) વર્ગણા કહેવાય છે. ૧૦૦૧, ૧૦૦૨, ૧૦૦૩, ઈત્યાદિ પ્રદેશોના બનેલા અનંતા અનંતા સ્કંધોની જે જે વર્ગણાઓ છે. તે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ વર્ગણાઓ અનંતી છે. એટલે કે અસત્કલ્પનાએ ૧૦૦૧ થી ૧૦૯૯ સુધીના પ્રદેશોવાળા સ્કંધોની જે વર્ગણા તે ઔ.મ.ગ્ર.પ્રા. વર્ગણા જાણવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔ.ગ્રહણ પ્રા.જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ ઉમેરતાં જે આંક થાય તેટલા પ્રદેશોવાળા સ્કંધોનો જે સમુદાય તે ઔ.ગ્ર.પ્રા. ઉત્કૃષ્ટ વર્ગણા જાણવી. જેમ કે અસત્કલ્પનાએ ઔ.ગ્ર.પ્રા.જઘન્યવર્ગણા ૧૦૦૦ પ્રદેશોના સ્કંધવાળી છે. તેનો અનંતમો ભાગ એટલે ૧૦૦ સમજીએ તો ૧૦૦૧થી ૧૦૯૯ પ્રદેશોવાળા સ્કંધોની જે વર્ગણા તે મધ્યમ અને ૧૦૦૦ + ૧૦૦ (એટલે અનંતમો ભાગ) =૧૧૦૦ પ્રદેશોવાળા સ્કંધોની જે વર્ગણા તે ઔ.ગ્ર.પ્રા.ઉત્કૃષ્ટ વર્ગણા કહેવાય છે.

ઔ.ગ્ર.પ્રા. ઉત્કૃષ્ટવર્ગણાથી (અસત્કલ્પનાએ ૧૧૦૦ થી)એક અધિક પ્રદેશવાળા સ્કંધોનો જે સમુદાય તે ઔ.અગ્રહણ પ્રા. જઘન્ય વર્ગણા કહેવાય છે. કારણકે તે સ્કંધો ઔદારિકશરીરની રચના કરવા માટે જેટલા પ્રદેશોવાળા સ્કંધો જોઈએ તેના કરતાં અધિક પ્રદેશોવાળા છે અને વધારે સૂક્ષ્મપરિણામ છે. તથા વૈક્રિયશરીરની રચના કરવા માટે જેટલા પ્રદેશોવાળા સ્કંધો જોઈએ તેના કરતાં હીન પ્રદેશોવાળા સ્કંધો અને સ્થૂલ-પરિણામ છે. આ પ્રમાણે આગળ આવનારી વર્ગણાઓમાં પણ સમજવું.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ઔ.ગ્ર.પ્રા. ઉત્કૃષ્ટવર્ગણાથી બે અધિક (૧૧૦૨) પ્રદેશોવાળા જે સ્કંધો હોય, તેઓનો સમુદાય તે ઔ.અગ્ર. પ્રા. બીજી વર્ગણા. આ પ્રમાણે ત્રણ અધિક, ચાર અધિક, અને પાંચ અધિક ઈત્યાદિ અનંત અધિક પ્રદેશોવાળા જે જે સ્કંધો હોય, તે સર્વે સ્કંધોની ઔ.અગ્રહણ પ્રા. મધ્યમ વર્ગણા જાણવી જ્યાં સુધી ઉત્કૃષ્ટ ન આવે ત્યાં સુધી.

**પ્રશ્ન** - ઔ.અગ્ર.પ્રા. ઉત્કૃષ્ટ વર્ગણા ક્યારે થાય ?

**ઉત્તર**-ઔ. અગ્રહણ પ્રા. જઘન્યવર્ગણાના સ્કંધોમાં પ્રદેશોની જે સંખ્યા છે. તેમાં અનંતા પ્રદેશોની સંખ્યા ઉમેરીએ અને જેટલા થાય. તેટલા પ્રદેશોવાળા સ્કંધોનો જે સમુદાય તે ઔ.અગ્ર.પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા જાણવી.

**પ્રશ્ન** - ઔ.અગ્ર.પ્રાયોગ્ય જઘન્યવર્ગણામાંથી ઉત્કૃષ્ટવર્ગણા કરવા માટે અનંતાનો જે આંક ઉમેરીને ઉત્કૃષ્ટવર્ગણા કરવામાં આવી. તે અનંતાનું કંઈ માપ છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** - હા, અભવ્યથી અનંતગુણાનો અને સિદ્ધથી અનંતમા ભાગનો જે આંક (અસત્કલ્પનાએ ૧૦૦૦) છે. તે આંક વડે જઘન્યવર્ગણાના પ્રદેશોની સંખ્યાને ગુણવાથી (૧૧૦૧×૧૦૦૦=) જે આંક થાય. તેટલા (અસત્કલ્પના એ ૧૧૦૧૦૦૦) પ્રદેશોવાળા સ્કંધોના સમુદાયને ઔ.અગ્ર.ઉ. વર્ગણા કહેવાય છે. આ પ્રમાણે જ્યાં જ્યાં ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ હોય ત્યાં ત્યાં જઘન્યવર્ગણાનો અનંતમો ભાગ ઉમેરો એટલે ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય. અને અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યવર્ગણાના સ્કંધોમાં જે પ્રદેશરાશિ હોય તેને અભવ્યથી અનંતગુણાના આંક વડે અથવા સિદ્ધના અનંતમા ભાગના આંક વડે **ગુણવાથી** જે આંક બને તેટલા પ્રદેશોવાળા સ્કંધોની અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા જાણવી[1]. આ પ્રમાણે આગળ આવનારી વૈક્રિય આદિ વર્ગણાઓમાં પણ ગ્રહણ પ્રાયોગ્યમાં પોતાની જઘન્ય વર્ગણાનો અનંતમો ભાગ ઉમેરવાથી અને અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં અભવ્યથી અનંતગુણાના આંક વડે ગુણિત કરવાથી ઉત્કૃષ્ટ વર્ગણા જાણવી. કર્મગ્રંથમાં તથા તેની સ્વોપજ્ઞટીકામાં આ પ્રમાણે ઔદારિક આદિ આઠ ગ્રહણ પ્રા. અને અગ્રહણ પ્રા. એમ કુલ ૧૬ વર્ગણાઓ કહી છે. પરંતુ કમ્મપયડી આદિ ગ્રંથોમાં અગ્રહણ પ્રાયોગ્ય ૮ વર્ગણાના બે બે ભાગ કલ્પેલા છે. તે આ પ્રમાણે -

ઔદા. ગ્રહણ. પ્રા. ઉત્કૃષ્ટ વર્ગણાથી એક-બે-ત્રણ અધિક પ્રદેશો

जैनम् जयति शासनम्

[1] અહીં કેટલાંક ગુજરાતી વિવેચનોમાં અભવ્યથી અનંતગુણ ઉમેરવાનું લખેલ છે. પરંતુ સ્વોપજ્ઞ ટીકામાં, ૭૫મી ગાથાની અન્તિમ પંક્તિમાં जघन्यायाश्चय वर्गणाया: सकाशादुत्कृष्टा वर्गणा अनन्तगुणाः । गुणकारश्चाभव्यानन्तगुणसिद्धानन्तभागकल्पराशिप्रमाणो द्रष्टव्यः । આ પ્રમાણે કહેલ છે. પંચસંગ્રહ-કર્મપ્રકૃતિની ટીકાઓમાં પણ આવોજ પાઠ છે. તથા પૂ. અભયશેખરસૂરિજીકૃત ''શતક''ના વિવેચનમાં પૃષ્ઠ નં. ૫૭, પંક્તિ નં.૧૩ થી ૨૭માં પણ આવો જ અર્થ કરેલ છે. તેથી અમે પણ ઉપરોક્ત અર્થ લખેલ છે. છતાં गुणकार શબ્દનો અર્થ ''गुणक'' રાશિ જો ન કરીએ અને ફલિતાર્થ રૂપે આવેલો ગુણાકાર (ઉત્તર), આવો અર્થ જો કરીએ તો ગુજરાતી વિવેચનો કરનારાઓનો અર્થ પણ સંગત થાય છે. માટે આ બાબતમાં તત્ત્વ કેવલી પરમાત્મા જાણે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાળી જે નિકટતમવર્તી વર્ગણાઓ છે. તે ઔ.અગ્ર..પ્રા.વર્ગણાઓ કહેવાય છે. અને વૈક્રિય ગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણાની નિકટતમ જે જે ઔ.અગ્ર.પ્રા.વર્ગણાઓ છે. તે વૈક્રિય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ છે. એમ કમ્મપયડીમાં કહેલ છે. અસત્કલ્પનાએ ૧૧૦૦ના આંકવાળી ઔ.ગ્ર.પ્રા.ઉ. વર્ગણા છે. તેની નિકટતમવર્તી ૧૧૦૧, ૧૧૦૨, ૧૧૦૩ એમ યાવત્ ૫૫૧૦૦૦ સુધીની આશરે અર્ધી વર્ગણાઓ ઔદારિક વર્ગણાઓની સમીપવર્તી હોવાથી ઔ. અગ્રહણ પ્રા. વર્ગણાઓ કહેવાય છે. અને ૫૫૧૦૦૧,૫૫૧૦૦૨,૫૫૧૦૦૩ થી ૧૧૦૧૦૦૦ સુધીની જે ઔદારિક અગ્રહણ પ્રાયોગ્ય પાછળની અર્ધી વર્ગણાઓ છે. તે વૈક્રિય વર્ગણાને નિકટતમ હોવાથી વૈક્રિય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા કહેવાય છે. જેમ અમદાવાદ અને વડોદરા વચ્ચેનો ૧૦૦-૧૨૫ કીલોમીટરનો જે ક્ષેત્રવિભાગ છે. તે અમદાવાદ પણ નથી. અને વડોદરા પણ નથી. પરંતુ અમદાવાદ પાસેનો મણીનગર-વટવા વગેરે જે ક્ષેત્રો છે. તે અમદાવાદનાં ઉપનગરો અથવા અમદાવાદનો વિભાગ કહેવાય છે. અને વડોદરા પાસેનો આણંદ-વાસદ આદિ જે ક્ષેત્રો છે તે વડોદરાનો વિભાગ કહેવાય છે. તેમ અહીં વચ્ચેની એક વર્ગણાના જ બે વિભાગ કરવામાં આવ્યા છે.

ઔદારિક વર્ગણાનું નિકટપણું માનીને ઔદારિક અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા અને વૈક્રિયવર્ગણાનું નિકટપણું માનીને વૈક્રિય અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાનું આ વિધાન છે. તાત્ત્વિક કોઇ ભેદ નથી. આ પ્રમાણે પાછળ આવનારી વર્ગણાઓમાં પણ સમજવું. ॥૭૫॥

**આ પ્રમાણે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય અને અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ સમજાવીને હવે શેષ વૈક્રિય આદિ સાત વર્ગણાઓ ગ્રહણ-અગ્રહણ પ્રાયોગ્ય ગ્રંથકાર સમજાવે છે.**

**एमेव विउव्वाहारतेयभासाणुपाणमणकम्मे ।**
**सुहुमा कम्मावगाहो, ऊणूणंगुल असंखंसो ॥ ७६ ॥**

(एवमेव वैक्रियाहारकतैजसभाषानपानमनःकार्मणाः ।
सूक्ष्माः क्रमेणावगाह ऊनोनांगुलासंख्यांशः ॥७६ ॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एमेव**=આ જ પ્રમાણે, **विउव्वाहारतेयभासाणुपाणमणकम्मे**= વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણવર્ગણા પણ જાણવી. सुहुमा कम्मा=અનુક્રમે સૂક્ષ્મ સૂક્ષ્મ છે. अवगाहो=તેની અવગાહના, ऊणूणंगुल **असंखंसो**=ન્યૂન ન્યૂન અંગુલના અસંખ્યાતમા ભાગની છે. ॥૭૬॥

**ગાથાર્થ** - આ જ પ્રમાણે વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, શ્વાસોચ્છ્વાસ, મન અને કાર્મણ વર્ગણા જાણવી. તે વર્ગણાઓ અનુક્રમે સૂક્ષ્મ-સૂક્ષ્મ છે. અને ન્યૂન ન્યૂન એવા અંગુલના અસંખ્યાતમા ભાગની તેઓની અવગાહના છે. ॥૭૬॥

**વિવેચન** - જે પ્રમાણે ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય અને ઔદારિક અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા પૂર્વની ૭૫મી ગાથામાં સમજાવી, एवमेव = એ જ પ્રમાણે **"અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ છે વચમાં વચમાં જેને"** એવી ગ્રહણ પ્રાયોગ્ય (૨) વૈક્રિય (૩) આહારક (૪) તૈજસ (૫) ભાષા (૬) શ્વાસોચ્છ્વાસ (૭) મન અને (૮) કાર્મણ એમ કુલ આઠ વર્ગણાઓ કહેવી. આઠ ગ્રહણ યોગ્ય વર્ગણાઓ અને તે આઠની વચ્ચે વચ્ચે (આંતરામાં) પોત પોતાની અગ્રહણ પ્રાયોગ્ય પણ આઠ એમ કુલ ૧૬ વર્ગણા પૂર્વે કહેલી ઔદારિક વર્ગણાની જેમ જાણવી.

આઠે ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા પોતાના અનંતમા ભાગે અધિક જાણવી. કહ્યું છે કે सव्वत्थ जहन्नुचिया नियणंतं साहिया जिट्ठा ગાથા ૭૭. એટલે કે ગ્રહણ પ્રાયોગ્ય જઘન્યવર્ગણાના કોઈપણ એક સ્કંધમાં જેટલા પ્રદેશો હોય તેમાં તેનો પોતાનો અનંતમો ભાગ ઉમેરતાં જે આંક થાય તેટલા પ્રદેશોના બનેલા સ્કંધોવાળી ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય છે. તથા આઠે અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગનો જે આંક છે. તે આંક વડે ગુણાયેલા પ્રદેશોવાળી છે. એટલે અગ્રહણ પ્રાયોગ્ય જઘન્યવર્ગણાના કોઈ પણ એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્કંધમાં જેટલા પ્રદેશો છે. તે આંકને અભવ્યથી અનંતગુણના આંક વડે, અથવા સિદ્ધના અનંતમા ભાગના આંક વડે ગુણતાં જે આંક થાય. તેટલા પ્રદેશોવાળી અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા જાણવી. આ જ કર્મગ્રંથની ૭૭મી ગાથાની સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે एतदुक्तं भवति निजनिज-जघन्याग्रहणवर्गणैकस्कन्धे ये परमाणवस्तेऽभव्यराशिप्रमाणेनानन्तकेन गुणिता यावन्तो भवन्ति तावत्योऽग्रहणवर्गणा एकैकपरमाणुवृद्धा अन्तरेषु मन्तव्याः । તથા इक्किक्कहिया सिद्धाणंतंसा अंतरेसु अग्गहणा ગાથા ૭૭મીમાં પણ આજ વાત કહી છે તેથી સર્વે વર્ગણાઓમાં ગ્રહણપ્રાયોગ્યમાં **પોતાનો અનન્તમો ભાગ** અને અગ્રહણ પ્રાયોગ્યમાં **અભવ્યથી અનંતગુણના આંક વડે ગુણાકાર કરવાથી** ઉત્કૃષ્ટવર્ગણા થાય છે. હવે ઉપરોક્ત વૈક્રિયાદિ વર્ગણા સમજાવે છે.

ઔદારિક અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક પ્રદેશની અધિકતાવાળા સ્કંધોનો સમુદાય તે વૈક્રિય ગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા થાય છે. તથા બે ત્રણ ચાર પાંચ ઈત્યાદિ અધિક પ્રદેશોવાળા સ્કંધોના સમૂહાત્મક વૈક્રિયગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ વર્ગણા જાણવી. યાવત્ વૈ.ગ્ર.પ્રા.ઉત્કૃષ્ટ વર્ગણા આવે. વૈ.ગ્ર.પ્રા. જઘન્ય વર્ગણાના એક સ્કંધમાં જે પ્રદેશરાશિ છે. તેમાં તેનો અનંતનો ભાગ ઉમેરવાથી જે આંક થાય તેટલા પ્રદેશોવાળા સ્કંધોની વૈક્રિય ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય છે.

વૈક્રિય ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક અધિક પ્રદેશના બનેલા અનંતા સ્કંધોની જે વર્ગણા તે વૈક્રિય શરીરની રચનામાં જોઈતા પ્રદેશો કરતાં અધિક પ્રદેશો હોવાથી અને સૂક્ષ્મ પરિણામ હોવાથી વૈક્રિયને અગ્રહણ પ્રાયોગ્ય પ્રથમ વર્ગણા કહેવાય છે. તેનાથી એક-બે-ત્રણ આદિ અધિક પ્રદેશોવાળા સ્કંધોની વૈક્રિય અગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ વર્ગણા અનંતી જાણવી એમ કરતાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ તુલ્ય પ્રદેશોના આંક વડે ગુણતાં વૈક્રિય અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈ. અગ્ર. પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણાથી એક પ્રદેશ અધિક એવા અનંત સ્કંધોની બનેલી જે વર્ગણા તે આહારક શરીર પ્રાયોગ્ય જઘન્ય વર્ગણા કહેવાય છે. તેનાથી એક-બે-ત્રણ ઇત્યાદિ અધિક પ્રદેશોવાળા સ્કંધોની આહારક ગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ વર્ગણા જાણવી. એમ કરતાં આહારક ગ્રહણ પ્રાયોગ્ય જઘન્ય વર્ગણાના કોઇપણ એકસ્કંધવર્તી પ્રદેશરાશિનો અનંતમો ભાગ તેમાં ઉમેરતાં જે આંક થાય તેટલા પ્રદેશોવાળા સ્કંધોની આહારક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય છે.

આહારક ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાના એક સ્કંધમાં જે પ્રદેશો છે તેનાથી ૧ પ્રદેશ અધિક એવા અનંતા સ્કંધોની આહારક અગ્રહણ પ્રાયોગ્ય પ્રથમ (જઘન્ય) વર્ગણા જાણવી. ત્યારબાદ એક-બે-ત્રણ આદિ પ્રદેશો અધિક હોય તેવા સ્કંધોના સમૂહવાળી આહા. અગ્ર. પ્રાયોગ્ય એવી અનંતી મધ્યમવર્ગણા જાણવી. એમ કરતાં આહા. અગ્ર. પ્રાયોગ્ય જઘન્યવર્ગણાના કોઇપણ એક સ્કંધમાં જે પ્રદેશો છે. તેમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગ જેટલા આંક વડે ગુણતાં જે આંક થાય તેટલા પ્રદેશોવાળા સ્કંધોની આહારક અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા જાણવી.

આ પ્રમાણે ક્રમશઃ તૈજસગ્રહણ પ્રાયોગ્ય, તૈજસ અગ્રહણ પ્રાયોગ્ય, ભાષા ગ્રહણ પ્રાયોગ્ય, ભાષા અગ્રહણ પ્રાયોગ્ય, શ્વાસોચ્છ્વાસ ગ્રહણ પ્રાયોગ્ય, શ્વાસોચ્છ્વાસ અગ્રહણ પ્રાયોગ્ય, મન ગ્રહણ પ્રાયોગ્ય, મન અગ્રહણ પ્રાયોગ્ય, કાર્મણ ગ્રહણ પ્રાયોગ્ય અને કાર્મણ અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા સ્વયં જાણી લેવી. આ આઠ ગ્રહણ પ્રાયોગ્ય અને આઠ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓની ઉપર ધ્રુવાચિત્ત અને અધ્રુવાચિત્ત વગેરે બીજી પણ ૧૦ વર્ગણાઓ કમ્મપયડી આદિ ગ્રંથોમાં છે. પરંતુ તે વર્ગણાઓનું અહીં પ્રયોજન ન હોવાથી કર્મગ્રંથમાં તેનું વિધાન કરેલ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઔદારિક શરીર જીવને જ્યારે બનાવવું હોય ત્યારે તેને યોગ્ય ઔદારિક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા તે જીવ ગ્રહણ કરે છે. તેવી જ રીતે જ્યારે વૈક્રિય શરીર બનાવવું હોય ત્યારે વૈક્રિય ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા તે જીવ ગ્રહણ કરે છે. તીર્થંકર કેવલી ભગવન્તોનાં દર્શન કરવા અથવા શાસ્ત્રસંબંધી સંદેહો પૂછવા માટે ચૌદ પૂર્વધર એવા મુનિ મહાત્માઓને જ્યારે આહારકશરીર બનાવવું હોય ત્યારે આહારક ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા તે મહાત્મા ગ્રહણ કરે છે એવી રીતે તેજોલેશ્યા અથવા શીતલેશ્યાની વિકુર્વણા કરવી હોય અથવા ખાધેલા આહારને પકાવવા તૈજસશરીરની રચના કરવી હોય ત્યારે તૈજસ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા સર્વ જીવો ગ્રહણ કરે છે. ભાષા પર્યાપ્તિએ પર્યાપ્તા જીવો ભાષાનું ઉચ્ચારણ કરવા ભાષા રૂપે રચના કરવાના પ્રયોજનથી, ભાષા-વર્ગણાનું ગ્રહણ કરી તેનું ભાષા રૂપે પરિણમન કરી અવલંબન લઈ ભાષા રૂપે ઉચ્ચારણ કરવા દ્વારા તે તે પુદ્ગલોને છોડવાનું કામ કરે છે. શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવા માટે. શ્વાસોચ્છ્વાસ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા અને ચિંતન-મનનના કાર્ય માટે મનની ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા જીવ ગ્રહણ કરે છે. તથા સર્વ સંસારી જીવો પ્રતિસમયે **કર્મ બાંધવા માટે કાર્મણ ગ્રહણ પ્રાયોગ્ય એવી આઠમી વર્ગણા ગ્રહણ કરે છે.** અહીં હવે જે પ્રદેશ બંધ સમજાવવાનો છે. તે આ કાર્મણ ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાને ગ્રહણ કરીને કર્મરૂપે જીવ બાંધે છે તેને જ પ્રદેશબંધ કહેવાય છે. અને તે પ્રદેશબંધ જ હવે સમજાવાશે.

કાર્મણ ગ્રહણ પ્રાયોગ્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ વર્ગણા પછી આ જ ક્રમે કાર્મણ અગ્રહણ પ્રાયોગ્ય અનંતી વર્ગણાઓ થાય છે. એમ આઠ ગ્રહણ પ્રાયોગ્ય અને આઠ અગ્રહણ પ્રાયોગ્ય કુલ ૧૬ વર્ગણાઓ જાણવી.

**પ્રશ્ન** - જે જે અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ છે તે શું સદા અગ્રહણ પ્રાયોગ્ય જ રહે છે ? કે તે ક્યારેક ગ્રહણ પ્રાયોગ્ય થાય છે ? અને જો ગ્ર.પ્રા. થાય તો કયા કારણથી તે ગ્ર.પ્રા. બને છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર**- જે આંક ગ્રાહ્ય વર્ગણાઓનો છે તે આંકમાં આવેલા સ્કંધોની વર્ગણા સદા ગ્રાહ્ય વર્ગણા રૂપે જ રહે છે. અને જે આંક અગ્રાહ્ય વર્ગણાઓનો છે. તે આંકમાં આવેલા સ્કંધોની વર્ગણા સદા અગ્રાહ્યવર્ગણા જ રહે છે. પરંતુ **"પૂરણ-ગલન"** થવું, **"જોડાવું અને વિખેરાવું"** એ પુદ્ગલાસ્તિકાયદ્રવ્યનો સ્વભાવ છે. તેથી સ્કંધોમાં પ્રદેશોનું પૂરણ-ગલન થવાના કારણે અગ્રાહ્યવર્ગણા રૂપે રહેલા સ્કંધો ગ્રાહ્યવર્ગણા રૂપે પણ થાય છે. અને ગ્રાહ્યવર્ગણા રૂપે રહેલા સ્કંધો અગ્રાહ્યવર્ગણા રૂપે પણ થાય છે.

ઔ.ગ્ર.પ્રા.વર્ગણાના સ્કંધોમાં અનેક પ્રદેશોનું પૂરણ થતાં તે જ સ્કંધો (વધુ પ્રદેશોવાળા બનવાથી) વૈ.ગ્ર.પ્રા., વૈ.અગ્ર.પ્રા., આહા.ગ્રહ.પ્રા., આહા.અગ્ર.પ્રા. એમ આઠે ગ્રાહ્યવર્ગણા યોગ્ય અને આઠે અગ્રહણ પ્રાયોગ્ય પણ બને છે. તથા આઠે અગ્રાહ્ય વર્ગણાઓમાં રહેલા સ્કંધો સંસારી સર્વ જીવોએ ભૂતકાળમાં (પૂરણ-ગલન થવાથી ગ્રાહ્ય બનવાથી) ગ્રહણ કરેલા છે. તથા ઔ.ગ્રહણ-અગ્રહણ પ્રાયોગ્ય પુદ્ગલસ્કંધોમાં પૂરણ થવાથી સંસારી જીવોએ વૈક્રિયરૂપે તૈજસરૂપે, ભાષારૂપે, શ્વાસરૂપે, મન સ્વરૂપે, અને કર્મસ્વરૂપે પણ ગ્રહણ કરેલા છે. એવી જ રીતે વૈક્રિય આદિ ગ્રહણ યોગ્ય અને અગ્રહણયોગ્ય સ્કંધોને ગલન થવાથી ઔદારિક શરીરરૂપે અને પૂરણ થવાથી તૈજસ ભાષા ઈત્યાદિ રૂપે પણ સંસારી જીવોએ ગ્રહણ કરેલા છે. એમ એક એક ગ્રાહ્ય-અગ્રાહ્ય **વર્ગણાના સ્કંધોને** ઔદારિક, વૈક્રિય આદિ સાત કાર્ય રૂપે ગ્રહણ કરીને અનંતીવાર મુકેલા છે. એટલે જ ચાર પ્રકારના પુદ્ગલપરાવર્તોમાં (સૂક્ષ્મ) **"દ્રવ્ય પુદ્ગલપરાવર્ત"** આ જીવે સંસારમાં અનંતાં કર્યા છે. તે અર્થ યુક્તિથી સંગત થાય છે.

ઔદારિકશરીર રૂપે સર્વવર્ગણાઓના સ્કંધોને ગ્રહણ કરીને મુકવામાં જેટલો કાળ લાગે તેના કરતાં વૈક્રિયશરીર રૂપે સર્વસ્કંધોને ગ્રહણ કરવામાં વધારે કાળ લાગે અને તૈજસ કે કાર્મણ રૂપે સર્વ વર્ગણાઓના સ્કંધોને ગ્રહણ કરવામાં અલ્પકાળ લાગે, જેની પ્રાપ્તિ જલ્દી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જલ્દી થાય અને અનેકવાર થાય તેમાં કાળ અલ્પ થાય. અને જેની પ્રાપ્તિ વિલંબે વિલંબે થાય અને ઓછીવાર હોય તેમાં કાળ વધારે થાય. તથા સર્વસ્કંધોને આહારક રૂપે તો ગ્રહણ કરી શકાતા જ નથી. કારણ કે આહારકશરીરની પ્રાપ્તિ જ એક જીવને ભવચક્રમાં ઉત્કૃષ્ટથી ચાર વાર જ થાય છે. માટે આહારક રૂપે સર્વ સ્કંધોનું ગ્રહણ અસંભવિત છે. તેથી ઔદારિકશરીર રૂપે, વૈક્રિયશરીર રૂપે, તૈજસશરીર રૂપે, ભાષારૂપે, શ્વાસરૂપે, મન સ્વરૂપે અને કર્મ સ્વરૂપે એમ સાત પ્રકારના કાર્ય સ્વરૂપે પુદ્ગલાસ્તિકાયની આ આઠે ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાના સર્વ સ્કંધોને સંસારી જીવોએ ભૂતકાળમાં અનંતીવાર ગ્રહણ કર્યા છે.

આ પ્રમાણે સર્વે ગ્રાહ્યવર્ગણાઓ પણ પોતાના આંકમાં હોય ત્યારે જ ગ્રાહ્યરૂપે રહે છે અને અગ્રાહ્યવર્ગણાઓ પણ તે પોતાના નિયત આંકમાં હોય ત્યારે જ અગ્રાહ્યરૂપે રહે છે. પરંતુ તે વર્ગણાઓમાંના સ્કંધો પૂરણ-ગલનના કારણે અન્ય અન્ય વર્ગણાઓને યોગ્ય બની જવાથી ગ્રાહ્ય સ્કંધો અગ્રાહ્યપણે પણ બને છે અને અગ્રાહ્યસ્કંધો ગ્રાહ્યપણે પણ બને છે. તેથી જ સોળે વર્ગણાના સ્કંધો આ જીવ વડે આહારકશરીર વિના શેષ સાતરૂપે અનંતીવાર ગ્રહણ થઈ ચુકેલા છે.

**પ્રશ્ન** - આ જીવ વડે ભૂતકાળમાં કોઈપણ પુદ્ગલસ્કંધો ગ્રહણ ન જ કરાયા હોય તેવા સ્કંધો શુ આ સંસારમાં હોય ?

**ઉત્તર**-ના, એવા કોઈ સ્કંધો આ સંસારમાં નથી કે જે ભૂતકાળમાં જીવ વડે ગ્રહણ ન કરાયા હોય, એટલું જ નહીં પરંતુ એક એક સ્કંધ આહારક વિના જુદા જુદા શેષ સાત કાર્ય રૂપે અનંતી વાર ગ્રહણ કરાયા છે. આ વાત આગળ ઉપર ૮૭/૮૮ ગાથામાં આવતા પુદ્ગલપરાવર્તનના સ્વરૂપથી વધારે સ્પષ્ટ સમજાશે.

છુટા છુટા એક એક પરમાણુ સ્વરૂપ પરમાણુવર્ગણા આ લોકમાં અનંતી છે. દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, ચતુષ્પ્રદેશી આદિ સ્કંધસ્વરૂપ દરેક વર્ગણાઓ અનંતી અનંતી છે. તથા દરેક વર્ગણાઓ સમસ્ત લોકાકાશમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરેલી છે. પરમાણુવર્ગણા પણ સમસ્ત લોકવ્યાપી છે. એવી જ રીતે દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી, ચતુષ્પ્રદેશી આદિ પ્રત્યેક વર્ગણાઓ પણ ચૌદ રાજલોક પ્રમાણ લોકાકાશમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. તેથી ઔદારિકાદિ આઠે ગ્રાહ્ય અને અગ્રાહ્યમાંની સર્વે વર્ગણાઓ લોકાકાશવ્યાપી છે. કર્મ સ્વરૂપે બાંધવાલાયક એવી કાર્મણવર્ગણા પણ લોકાકાશવ્યાપી છે. પરંતુ આ સર્વે વર્ગણાના એક એક સ્કંધો અંગુલના અસંખ્યાતમા ભાગમાં વ્યાપ્ત છે. તેથી સ્કંધને જ વર્ગણા કહીએ ત્યારે વર્ગણાની અવગાહના અંગુ.ના અસં. ભાગે ઘટે છે.

આ આઠ વર્ગણાઓમાં ઔદારિક વૈક્રિય આહારક અને તૈજસ આ ચાર વર્ગણાઓ બાદર પરિણામી છે. બાદરપરિણામી હોવાથી દૃષ્ટિગોચર થવાને યોગ્ય છે. તથા ભાષા શ્વાસ મન અને કાર્મણ આ ચાર વર્ગણાઓ સૂક્ષ્મ પરિણામી છે. અને તેથી જ દૃષ્ટિગોચરને અયોગ્ય છે.

ઔદારિક આદિ આઠે વર્ગણાઓ ક્રમશઃ પુદ્ગલપ્રદેશો વડે અધિક અધિક છે. અને અવગાહના વડે હીન હીન છે. ઔદારિક વર્ગણાના સ્કંધોમાં જેટલા પ્રદેશો છે તેના કરતાં વૈક્રિય વર્ગણાના સ્કંધોમાં અને તેના કરતાં આહારક વર્ગણાના સ્કંધોમાં અધિક અધિક પ્રદેશો છે. પરંતુ અધિક અધિક પ્રદેશોના બનેલા તે સ્કંધોની અવગાહના (તે સ્કંધને રહેવાનું આધારક્ષેત્ર) ક્રમશઃ હીન હીન હોય છે. પુદ્ગલાસ્તિકાયનો એવો સ્વભાવ છે કે પિંડમાં જેમ જેમ પુદ્ગલપ્રદેશો અધિક અધિક હોય તેમ તેમ તેની ઘનીભૂતતા થતી જતી હોવાથી અવગાહના હીન હીન ક્ષેત્રપ્રમાણ હોય છે. જેમ ઉભરો આવેલું દૂધ આખી તપેલી ભરી દે છે. તેમાં જગ્યા નથી. છતાં પાણી નાખવાથી પુદ્ગલો વધ્યા છતાં ઉભરો શમી જવાથી અડધી તપેલી પ્રમાણ અવગાહના થવાથી અવગાહનાનું ક્ષેત્ર ઘટે છે. તેમ અહીં જાણવું. અથવા દેવદારનું લાકડું, સાગનું લાકડું, સીસમનું લાકડું તથા લોખંડ ઇત્યાદિ પદાર્થો ક્રમશઃ અધિક અધિક ઘનીભૂત છે. તેમ અહીં જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વતંત્ર પણે રહેલા કોઈપણ એક પરમાણુમાં ૧ વર્ણ, ૧ ગંધ, ૧ રસ અને પરસ્પર અવિરોધી ૨ સ્પર્શ (સ્નિગ્ધ-શીત, સ્નિગ્ધ-ઉષ્ણ, રૂક્ષ-શીત, રૂક્ષ-ઉષ્ણ આ ચાર યુગલમાંથી કોઈપણ એક યુગલવાળા ૨ સ્પર્શ) હોય છે.

સ્કંધોની બાબતમાં બે જાતના સ્કંધો હોય છે. (૧) બાદર પરિણામી=ચક્ષુર્ગોચર, અને (૨) સૂક્ષ્મપરિણામી=ચક્ષુથી અગોચર, તેમાં વર્ણ-ગંધ-રસ અને સ્પર્શની બાબતમાં આ પ્રમાણે સમજવું, બાદર પરિણામી સ્કંધો આઠ સ્પર્શવાળા છે. અને સૂક્ષ્મ પરિણામી સ્કંધો ચાર સ્પર્શવાળા છે. વર્ણ-ગંધ-રસના સર્વે ભેદો બન્ને જાતના સ્કંધોમાં હોય છે. સ્વોપજ્ઞ ટીકામાં સાક્ષીભૂત આવી ગાથા છે કે -

पंचरस पंचवन्नेहिं, परिणया अट्ठफास दोगन्धा ।
जीवाहारगजोगा, चउफासविसेसिया उवरिं ॥ १ ॥
આ પ્રમાણે વર્ણાદિ જાણવા. ॥૭૬॥

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**इक्किक्कहिया सिद्धाणंतंसा अंतरेसु अग्गहणा ।**
**सव्वत्थ जहन्नुचिया, नियणंतं साहिया जिट्ठा ॥ ७७ ॥**

(एकैकाधिकास्सिद्धानन्तांशा अन्तरेष्वग्रहणाः ।
सर्वत्र जघन्योचिता निजानन्तांशाधिका ज्येष्ठा ॥७७॥)

**इक्किक्कहिया**=એક એક પ્રદેશ અધિક, **सिद्धाणंतंसा**=સર્વસિદ્ધો કરતાં અનંતમા ભાગે અધિક, **अंतरेसु अग्गहणा**=વચમાં વચમાં અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણા, **सव्वत्थ**=સર્વઠેકાણે, **जहन्नुचिया**=જઘન્ય ગ્રહણ યોગ્ય વર્ગણાથી, **नियणंतंसाहिया**=પોતાના અનંતમા ભાગે અધિક કરીએ તો, **जिट्ठा**=ઉત્કૃષ્ટ વર્ગણા થાય છે. ॥૭૭॥

**ગાથાર્થ**-એક એક પ્રદેશ અધિક એવી અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓ (ગ્રહણ પ્રાયોગ્યની) વચમાં વચમાં સિદ્ધના અનંતમા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગના ગુણાકાર તુલ્ય થાય છે તથા સર્વ ગ્ર. પ્રા. વર્ગણાઓમાં જઘન્ય ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાનો પોતાનો અનંતમો ભાગ ઉમેરીએ તો ગ્રહણ પ્રાયોગ્ય જ્યેષ્ઠવર્ગણા થાય છે. ॥૭૭॥

**વિવેચન** - આ ગાથાનો ભાવાર્થ લગભગ પૂર્વની ગાથામાં આવી ગયેલ છે. આ ગાથામાં મુખ્યત્વે બે વાત સમજાવી છે.

(૧) આઠે પ્રકારની અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્ય વર્ગણાના એક એક સ્કંધમાં કેટલું ઉમેરીએ તો અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ વર્ગણા થાય. અને (૨) આ જ આઠે પ્રકારની ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યવર્ગણાના એક એક સ્કંધમાં કેટલું ઉમેરીએ તો ગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા થાય. આ બે વાત ક્રમશઃ આ ગાથામાં છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પ્રથમ બાબતનો ખુલાસો કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે અગ્રહણ પ્રાયોગ્ય જે આ આઠ વર્ગણાઓ છે કે જે ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓની આંતરામાં વચ્ચે વચ્ચે થાય છે. તે સર્વે અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યથી ઉત્કૃષ્ટ જો જાણવું હોય તો જઘન્યવર્ગણાના એક એક સ્કંધમાં જે પ્રદેશરાશિ છે તેને સિદ્ધના અનંતમા ભાગની સંખ્યાતુલ્ય એવી અનંતની રાશિ વડે ગુણતાં જે આંક આવે તેટલા પ્રદેશોવાળા સ્કંધોની અગ્રહણ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા જાણવી. આઠે પ્રકારની અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્યથી ઉત્કૃષ્ટનું માપ (અભવ્યથી અનંતગુણ અથવા) સિદ્ધના અનંતમા ભાગના રાશિ વડે ગુણાકારવાળું અધિક જાણવું.

**પ્રશ્ન** - અભવ્યથી અનંતગુણ અને સિદ્ધનો અનંતમો ભાગ એમ બે પ્રકારે આંક જણાવવાની શી જરૂર ? આ બન્નેમાંથી કોઈપણ એક પ્રકાર લખો તો પણ ચાલે ? બે લખવાનું પ્રયોજન શું ?

**ઉત્તર** - અભવ્યથી અનંતગુણ એમ જો એક જ પ્રકાર કહે તો અનંતનો જે આંક છે તે અનંતપ્રકારનો હોવાથી ગ્રંથકારને જે આંક ઇષ્ટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે તેનાથી નાનો-મોટો એમ અનેક પ્રકારનો આંક આવવાનો સંભવ છે. તેથી બીજી બાજુથી સીમા બતાવે છે કે અભવ્યથી અનંતગુણ પણ એવું લેવું અને એટલા માપવાળું લેવું કે જે સિદ્ધભગવંતોની સંખ્યાથી અનંતમા ભાગનું હોય. એવી જ રીતે જો સિદ્ધથી અનંતમા ભાગનું એમ એક જ લખીએ તો ત્યાં પણ અનંતાના અનંતા ભેદો હોવાથી નાનો-મોટો આંક આવી જાય તેમ છે. તે ન આવે એટલે બીજી બાજુથી સીમા બતાવી છે.

બીજી બાબતનો ખુલાસો કરતાં જણાવે છે કે ગ્રહણ પ્રાયોગ્ય જે આઠ વર્ગણાઓ છે. કે જે અગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓના આંતરામાં વચ્ચે વચ્ચે થાય છે. તે સર્વે ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં જઘન્ય વર્ગણાથી ઉત્કૃષ્ટ વર્ગણા જો જાણવી હોય તો પોતાની જઘન્યવર્ગણાના એક એક સ્કંધમાં જે પ્રદેશરાશિ છે. તેનો અનંતમો ભાગ (તો પણ આંક તો અનંતનો જ) તેમાં ઉમેરીએ એટલે કે અધિક કરીએ તેટલા પ્રદેશોના બનેલા સ્કંધો વાળી ઉત્કૃષ્ટવર્ગણા જાણવી. આ પ્રમાણે અગ્રહણ પ્રાયોગ્યમાં અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધના અનંતમા ભાગ જેટલા આંક વડે ગુણવાથી જે આવે તે તથા ગ્રહણ પ્રાયોગ્ય વર્ગણાઓમાં પોતાની જઘન્ય વર્ગણામાં તેનો જ અનંતમો ભાગ ઉમેરીએ તો તે તે ઉત્કૃષ્ટવર્ગણા થાય છે.

આ પ્રમાણે આઠે ગ્રાહ્ય અને અગ્રાહ્ય વર્ગણાઓનું સ્વરૂપ સવિસ્તરપણે કહીને પણ અહીં **પ્રદેશબંધ** સમજાવવો છે. તેથી જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ સ્વરૂપે બંધાતા કાર્મણવર્ગણાના પ્રદેશો કેવા હોય છે? તથા કેટલા પ્રદેશોવાળા સ્કંધો આ જીવ ગ્રહણ કરે છે ? ઇત્યાદિ વિષય વધારે વિસ્તારથી સમજાવે છે. ॥૭૭॥

**अंतिमचउफासदुगंधपंचवन्नरसकम्मखंधदलं ।**
**सव्वजियणंतगुणरसमणुजुत्तमणंतयपएसं ॥ ७८ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(अन्तिमचतुःस्पर्शद्विगन्धपञ्चवर्णरसकर्मस्कन्धदलम् ।
सर्वजीवानन्तगुणरसमणुयुक्तमनन्तकप्रदेशम् ॥७८॥)

**अंतिम**=છેલ્લા, **चउफास**=ચાર સ્પર્શ, **दुगंध**=બે ગંધ, **पंचवन्न-रस**=પાંચ વર્ણોવાળું અને પાંચ રસવાળું, **कम्मखंधदलं**=કર્મસ્કંધનું દલ, **सव्वजियणंतगुणरसं**=સર્વજીવો કરતાં અનંતગુણા રસાવિભાગવાળું, **अणुजुत्तं**=પરમાણુઓથી યુક્ત, **अणंतयपएसं**=અનંતપ્રદેશોવાળું. ॥૭૮॥

**ગાથાર્થ**-અંતિમ ચાર સ્પર્શ, બે ગંધ, પાંચવર્ણ અને પાંચ રસવાળું સર્વજીવો કરતાં અનંતગુણા રસથી સહિત એવા અણુઓથી યુક્ત, અને અનંતાપ્રદેશોવાળા કર્મસ્કંધના દલિકને (આ જીવ ગ્રહણ કરે છે.) ॥૭૮॥

**વિવેચન**-પ્રતિસમયે સંસારીજીવો જ્ઞાનાવરણીયાદિ સાત અથવા આઠ કર્મરૂપે જે કર્મ બાંધે છે તે કાર્મણવર્ગણાના ગ્રહણ પ્રાયોગ્યસ્કંધો છે. તે સ્કંધો કેવા છે? કે જેને ગ્રહણ કરીને આ જીવ તેનું કર્મરૂપે રૂપાન્તર કરે છે. આ વાત ગ્રંથકારશ્રી જુદા જુદા વિશેષણોથી સમજાવે છે.

(૧) **अंतिमचउफास** = કર્મવિપાક નામના પ્રથમ કર્મગ્રંથની ગાથા ૪૧માં **फासा गुरुलहु मिउ खर सीउण्ह सिणिद्ध रुक्खट्ठा** ઈત્યાદિ પદની અંદર જે આઠ સ્પર્શો ગણાવ્યા છે. તેમાં **અંતિમ** એટલે છેલ્લા જે ચાર સ્પર્શ (૧) શીત, (૨) ઉષ્ણ, (૩) સ્નિગ્ધ અને (૪) રુક્ષ એવા આ ચાર સ્પર્શથી યુક્ત કાર્મણવર્ગણાના સ્કંધો આ જીવ કર્મરૂપે બાંધે છે. કર્મ સ્વરૂપે બંધાતા કાર્મણવર્ગણાના સ્કંધોમાં જોડાયેલા કોઈ પરમાણુઓ સ્નિગ્ધ-ઉષ્ણ સ્પર્શથી યુક્ત હોય, કોઈ પરમાણુઓ રુક્ષ-શીત સ્પર્શથી યુક્ત હોય, કોઈ પરમાણુઓ સ્નિગ્ધ-શીત સ્પર્શથી યુક્ત હોય અને કોઈ પરમાણુઓ રુક્ષ-ઉષ્ણ સ્પર્શથી યુક્ત હોય એમ અનંતા પરમાણુના બનેલા આ સ્કંધોમાં અવિરુદ્ધ એવા બે બે સ્પર્શોથી યુક્ત ભિન્ન-ભિન્ન પરમાણુઓ હોવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આખા સ્કંધમાં ચારે સ્પર્શો હોઇ શકે છે. તેથી **અંતિમ ચાર સ્પર્શવાળા** એમ મૂલગાથામાં કહ્યું છે. પ્રજ્ઞપ્તિસૂત્ર અને કર્મપ્રકૃતિ આદિના અભિપ્રાયે આ કથન છે.

પરંતુ બૃહચ્છતકની ટીકામાં આ કાર્મણવર્ગણાના સ્કંધોમાં **મૃદુ લઘુ** એમ બે સ્પર્શો અવશ્ય નિયત હોય છે અને બાકીના બે સ્નિગ્ધ-ઉષ્ણ, સ્નિગ્ધ-શીત, રુક્ષ-ઉષ્ણ, અને રુક્ષ-શીત એમ ગમે તે આ બે મળીને કુલ ૪ સ્પર્શ હોય છે. એમ કહ્યું છે. (જુઓ આ કર્મગ્રંથની સ્વોપજ્ઞ ટીકા).

**(૨) दुगंध** = આ કાર્મણવર્ગણાના સ્કંધોમાં સુરભિ-દુરભિ બન્ને ગંધ હોય છે. કારણ કે કોઇ પ્રદેશ સુરભિગંધવાળો, તો કોઇ પ્રદેશ દુરભિગંધવાળો હોવાથી સ્કંધમાં બન્ને ગંધ હોઇ શકે છે.

**(૩) पंचवन्न** = આ કાર્મણવર્ગણાના સ્કંધો પાંચે વર્ણવાળા હોય છે. દરેક પ્રદેશોમાં જુદા જુદા વર્ણો હોવાથી સ્કંધોમાં પાંચે વર્ણો હોઇ શકે છે.

**(૪) पंचरस** = ગાથામાં એક વખત કહેલો પંચ શબ્દ બન્નેની સાથે જોડવાથી કાર્મણ વર્ગણાના સ્કંધો પાંચ રસવાળા પણ હોય છે. કોઇ પ્રદેશ તિક્તરસવાળો, કોઇ પ્રદેશ કટુરસવાળો, કોઇ પ્રદેશ કષાયરસવાળો એમ પાંચે રસ સંભવી શકે છે.

**(૫) सव्वजियणंतगुणरसमणुजुत्तम्** = સર્વજીવો કરતાં અનંતગુણા રસાવિભાગથી યુક્ત એવા પ્રદેશોવાળા આ સ્કંધો છે. જ્યારે જીવ વડે આ કાર્મણવર્ગણા ગ્રહણ કરાય છે ત્યારે તે જ સમયે ભાવિમાં જીવને ફળ આપવાની તીવ્ર મંદતાની પ્રધાનતાવાળી જે શક્તિ આ જીવ ઉત્પન્ન કરે છે તેને જ અહીં **રસ** કહેવાય છે. તે ફળપ્રદાનાભિમુખ્યતા વાળી શક્તિ અમાપ હોય છે. તો પણ તેનું માપ સમજાવવા જ્ઞાનીઓ આવી કલ્પના કરે છે કે ઓછામાં ઓછી શક્તિવાળા જે પ્રદેશો છે. તેમાંના કોઇપણ એક પ્રદેશમાં જે ફળપ્રદાનની આ શક્તિ છે. તેના બુદ્ધિમાત્રથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટુકડા કરીએ અને એવા ટુકડા કરીએ કે જેના કેવલીની બુદ્ધિથી પણ બે ટુકડા ન થાય તેવા બુદ્ધિકલ્પિત સૂક્ષ્મ ટુકડાઓને રસાવિભાગ કહેવાય છે. ઓછામાં ઓછી શક્તિવાળા એક એક પ્રદેશમાં આવા ટુકડા (રસાવિભાગો) સર્વ જીવરાશિથી પણ અનંતગુણા હોય છે. અર્થાત્ આટલો રસ (આટલી શક્તિ) ઓછામાં ઓછા રસવાળા અણુઓમાં પણ હોય છે. તેથી સર્વ જીવરાશિથી અનંતગુણા રસાવિભાગોથી યુક્ત એવા પ્રદેશોવાળું કર્મ જીવ બાંધે છે.

(૬) **अणंतपएसं** = અનંતા પ્રદેશોવાળા કર્મસ્કંધો આ જીવ ગ્રહણ કરે છે. પાછળ સમજાવેલી વર્ગણાઓથી સમજાશે કે કાર્મણવર્ગણા એ આઠ ગ્રાહ્ય અને આઠ અગ્રાહ્ય વર્ગણાઓમાં અન્તિમ છે. તેમાં પહેલેથી જ (ઔદારિક વર્ગણાથી જ) અનંતા પ્રદેશોવાળા સ્કંધો તો છે જ. અને ત્યારબાદ ઘણીવાર પોતાનો અનંતમો ભાગ તથા અભવ્યથી અનંતગુણાનો ગુણાકાર કરાવેલો છે. તેથી સહેજે સહેજે સમજાય તેમ છે કે આ કર્મસ્કંધો અનંતપ્રદેશવાળા છે.

આ પ્રમાણે સંસારીજીવો પ્રતિસમયે જે કાર્મણવર્ગણાના સ્કંધો ગ્રહણ કરે છે. અને કર્મરૂપે પરિણમાવે છે તે ઉપરોક્ત ૬ વિશેષણો વાળા છે. તથા હવે પછીની ગાથામાં હજુ બે વિશેષણો કહેવાના છે. વળી गहेइ जिओ એવું **કર્તાવાચી** પદ અને **ક્રિયાપદવાચી** પદ પણ હવે પછીની ગાથામાં છે. તેથી તે પદોની સાથે આ વિશેષણોનો સંબંધ છે. તે હવે સમજાવીશું. ॥૭૮॥

## एगपएसोगाढं नियसव्वपएसओ गहेइ जिओ।
## थोवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥

(एकप्रदेशावगाढं निजसर्वप्रदेशतो गृह्णाति जीवः।
स्तोक आयुषि तदंशो नाम्नि गोत्रे च समोऽधिकः ॥७९॥)

जैन साइट JAINSITE.com जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**एगपएसोगाढं**=એક (સરખા સમાન) પ્રદેશોમાં રહેલું, **नियसव्व पएसओ**=પોતાના સર્વ આત્મપ્રદેશોથી, **गहेइ**=ગ્રહણ કરે છે. **जिओ**= જીવ, **थोवो**=થોડો, **आउ**=આયુષ્યરૂપે, **तदंसो**=તેનો અંશ, **नामे गोए**= નામકર્મ અને ગોત્રકર્મમાં, **समो अहिओ**=પરસ્પર સમાન, તથા આયુષ્યથી અધિક. ॥૭૯॥

**ગાથાર્થ** - જીવની સાથે સમાન આકાશપ્રદેશોમાં રહેલું એવું કર્મ આ જીવ પોતાના સર્વ આત્મપ્રદેશોથી ગ્રહણ કરે છે. તેનો થોડો ભાગ આયુષ્યમાં, તેનાથી અધિક અને પરસ્પર સમાન ભાગ નામકર્મ અને ગોત્રકર્મમાં આપે છે. ॥૭૯॥

**વિવેચન** - પ્રતિસમયે જીવ કર્મબંધ રૂપે જે કાર્મણા વર્ગણા ગ્રહણ કરે છે. તે ક્યાં રહેલી વર્ગણાને આ જીવ ગ્રહણ કરે છે ? તે સમજાવે છે.

(૭) **एगपएसोगाढं**=સમાન આકાશપ્રદેશોમાં રહેલી અર્થાત્ અભિન્ન પણે રહેલી એવી કાર્મણવર્ગણાને આ જીવ ગ્રહણ કરે છે. એટલે કે જે આકાશપ્રદેશોમાં આત્મા છે. (જ્યાં આત્માના પ્રદેશો વર્તે છે.) તે જ આકાશપ્રદેશોમાં રહેલી એવી કાર્મણવર્ગણા આ જીવ ગ્રહણ કરે છે. પરંતુ સંયોગસંબંધથી સ્પર્શેલી એવી અને ભિન્ન પ્રદેશોમાં રહેલી કે દૂર દૂર પ્રદેશોમાં રહેલી કાર્મણવર્ગણા આ જીવ ગ્રહણ કરતો નથી. જેમ અગ્નિદ્રવ્ય પોતાના ક્ષેત્રમાં રહેલા એવા તૃણાદિને જ અગ્નિરૂપે પરિણમાવે છે. પરંતુ દૂર રહેલાને નહીં તેમ અહીં જાણવું. તથા एगपएस શબ્દનો **એક જ આકાશપ્રદેશમાં** રહેલી એવી કાર્મણવર્ગણાને આ જીવ ગ્રહણ કરે છે એવો અર્થ ન કરવો. કારણ કે કોઈપણ ગ્રાહ્ય વર્ગણા તથા જીવ પણ અંગુલના અસંખ્યાતમા ભાગમાં એટલે કે અસંખ્યાતા આકાશપ્રદેશોમાં જ અવગાહીને રહે છે. આવો પાઠ ૭૬મી ગાથામાં આવી ગયો છે. તેથી કાર્મણવર્ગણાની અવગાહના એક આકાશપ્રદેશ પ્રમાણ હોતી નથી. માટે एगपएस પદોનો અર્થ येष्वाकाशप्रदेशेषु

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

जीवोऽवगाढस्तेष्वेव यत्कर्मपुद्गलद्रव्यं तद् रागादिस्नेहगुणादात्मनि लगति (જુઓ સ્વોપજ્ઞ ટીકા) જે આકાશપ્રદેશોમાં જીવ અવગાહીને રહ્યો છે. ત્યાં જ રહેલું કાર્મણવર્ગણાનું જે પુદ્ગલદ્રવ્ય છે. તે જ પુદ્ગલદ્રવ્ય રાગાદિસ્નેહગુણથી આત્મામાં ચોટે છે. (લાગે છે).

(૮) **नियसव्वपएसओ** = કોઈપણ એક આત્મા પોતાની જ અવગાહનામાં રહેલા પુદ્ગલદ્રવ્યને કર્મરૂપે બાંધવા માટે જે ગ્રહણ કરે છે. **તે પોતાના સર્વ આત્મપ્રદેશોથી** ગ્રહણ કરે છે. પરંતુ કોઈ એક ભાગથી જ ગ્રહણ કરે છે. અને શેષભાગોથી ગ્રહણ નથી કરતો એમ નથી. એક આત્માના પ્રત્યેક પ્રદેશો પ્રતિસમયે બંધાતા કર્મપરમાણુઓને ગ્રહણ કરવામાં વપરાતા વીર્યવાળાં છે. પાપ અથવા પુણ્યની થતી ક્રિયા કોઈ એક ભાગથી થતી દેખાય છે. જેમ કે પગથી દબાવીને કીડીને મારી નાખી. પરંતુ તે પાપ કરવા દ્વારા જે કર્મ બંધાય છે. તે આત્માના સર્વ આત્મપ્રદેશો વડે બંધાય છે. કારણ કે તે કીડીને મારવા માટેનો આવેશ સર્વાત્મપ્રદેશોમાં વર્તે છે.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ઉપર સમજાવ્યા પ્રમાણે આત્મા પોતાના સર્વ આત્મપ્રદેશોથી કાર્મણવર્ગણા ગ્રહણ કરીને તેને કર્મરૂપે પરિણમાવે છે. વીર્યાન્તરાય કર્મના ક્ષયથી અથવા ક્ષયોપશમથી પ્રગટ થયેલું લબ્ધિવીર્ય કર્મબંધનું કારણ બનતું નથી. કારણ કે તેવું લબ્ધિવીર્ય આત્માનો ગુણ છે. ગુણો કર્મબંધનું કારણ બનતા નથી. પરંતુ મન-વચન અને કાયા દ્વારા પ્રવર્તતું કરણવીર્ય કર્મબંધનું કારણ બને છે. જ્યારે કરણવીર્ય વધારે હોય છે, ત્યારે કાર્મણવર્ગણાના પ્રદેશોનું ગ્રહણ વધારે થાય છે. તેને ઉત્કૃષ્ટપ્રદેશબંધ કહેવાય છે. આ બંધ પ્રાયઃ સંજ્ઞી પંચેન્દ્રિયપર્યાપ્તામાં હોય છે. અને જ્યારે કરણવીર્ય અલ્પ હોય છે. ત્યારે કાર્મણવર્ગણાના પ્રદેશોનું ગ્રહણ પણ અલ્પ થાય છે. તેને જઘન્ય પ્રદેશબંધ કહેવાય છે. આ બંધ પ્રાયઃ સૂક્ષ્મ નિગોદાવસ્થામાં ઉત્પત્તિના પ્રથમ સમયે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** - એક સમયમાં ગ્રહણ કરાયેલી કાર્મણવર્ગણાના અનંતપ્રદેશોમાંથી એક જીવ તે સમયે બંધાતી મૂલ પ્રકૃતિઓ અને યથાયોગ્ય ઉત્તરપ્રકૃતિઓમાં કયા કર્મને વધારે પ્રદેશો આપે અને કયા કર્મોને હીન પ્રદેશો આપે ?

**ઉત્તર** - જ્યારે જીવ આયુષ્ય કર્મ બાંધતો હોય છે. ત્યારે ગ્રહણ કરેલી તે કાર્મણવર્ગણાના આઠ ભાગ કરે છે. કારણ કે આયુષ્યના બંધકાલે મૂલકર્મો આઠે બંધાય છે. આયુષ્ય ન બંધાય ત્યારે સાતભાગ કરે છે. તથા આયુષ્ય અને મોહનીય ન બંધાય ત્યારે દસમા ગુણસ્થાનકે છ ભાગ કરે છે. અને ૧૧-૧૨-૧૩મા ગુણસ્થાનકે એક જ મૂલકર્મ બંધાય છે. માટે સર્વ પ્રદેશો તે વેદનીયકર્મને આપવા રૂપે એક ભાગ જ કરે છે. હવે આયુષ્યકર્મ બાંધતો હોય ત્યારે મૂલકર્મો આઠે બંધાતાં હોવાથી આઠ ભાગ પાડે છે. તેમાં કયા કર્મને વધારે હિસ્સો આપે અને કયા કર્મને ઓછો હિસ્સો આપે તે, તથા કયા કારણે આ પ્રમાણે હીનાધિક આપે તે વાત ગ્રંથકારશ્રી આ જ ગાથાના ઉત્તરાર્ધમાં સમજાવે છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

थोवो आउ तदंसो = તે ગ્રહણ કરાયેલી કાર્મણવર્ગણાનો અલ્પ ભાગ આયુષ્યકર્મને આપે છે. અને नामे गोए समो अहिओ = તેના કરતાં નામકર્મ અને ગોત્રકર્મમાં અધિક ભાગ આપે છે અને આ બન્ને કર્મોમાં પરસ્પર સમાન ભાગ આપે છે. ભાગ વહેંચણી માટે સામાન્યપણે એવો શાસ્ત્રીય નિયમ છે કે **“જે કર્મોની સ્થિતિ અલ્પ છે તેને અલ્પ ભાગદાન કરે છે અને જે કર્મોની સ્થિતિ અધિક છે તેને અધિક ભાગદાન કરે છે.”** આ વાત હવે કહેવાતી ૮૦મી ગાથાના ચોથા પદમાં કહેલી છે. આ નિયમને અનુસારે આઠે કર્મોમાં આયુષ્યકર્મની સ્થિતિ સર્વથી અલ્પ (૩૩ સાગરોપમ માત્ર) હોવાથી આયુષ્યકર્મને સૌથી અલ્પ ભાગદાન કરે છે. અને નામ-ગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ હોવાથી આયુષ્યકર્મથી અધિક સ્થિતિ છે. માટે નામ-ગોત્રને અધિક ભાગદાન કરે છે. તથા આ બન્ને કર્મોની સ્થિતિ સમાન હોવાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

માંહોમાંહે સમાન ભાગદાન કરે છે. (અહીં કેટલાક પ્રશ્નો વિચારવા જેવા છે. તે સર્વે પ્રશ્નો આ અલ્પબહુત્વ સમાપ્ત થયા પછી હવે પછીની ૮૦મી ગાથામાં વિચારીશું) ॥૭૯॥

**विग्घावरणे मोहे, सव्वोवरि वेयणीय जेणप्पे।**
**तस्स फुडत्तं न हवइ, ठिइविसेसेण सेसाणं ॥ ८० ॥**

(विग्घावरणयोर्मोहे सर्वोपरि वेदनीये येनाल्पे।
तस्य स्फुटत्वं न भवति स्थितिविशेषेण शेषाणाम्॥ ८० ॥)

**विग्घावरणे**=અંતરાય અને બે આવરણીયકર્મોમાં, **मोहे**= મોહનીયકર્મમાં, **सव्वोवरि**=સર્વથી અધિક, **वेयणीय**=વેદનીયકર્મમાં, **जेण**=જે કારણથી, **अप्पे**=અલ્પદલિક હોય તો, **तस्स**=તે વેદનીયકર્મનો, **फुडत्तं**=સ્પષ્ટ અનુભવ, **न हवइ**=થતો નથી, **ठिइविसेसेण**=સ્થિતિ- વિશેષ પ્રમાણે, **सेसाणाम्**=બાકીના સર્વેકર્મોનું. ॥૮૦॥

**ગાથાર્થ** - અંતરાયકર્મ અને જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય એમ કુલ ત્રણ કર્મમાં વિશેષાધિક અને પરસ્પર સમાન, તેનાથી મોહનીયમાં અધિક તથા સર્વથી અધિક ભાગદાન વેદનીયમાં કરે છે. કારણ કે અલ્પ દલિક હોતે છતે તે વેદનીય કર્મનો સ્પષ્ટ અનુભવ થતો નથી. બાકીના કર્મોમાં દલિકોની (ભાગની) વહેંચણી સ્થિતિને અનુસારે કરે છે. ॥૮૦॥

**વિવેચન** - નામ-ગોત્રકર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે અને અંતરાયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ તથા દર્શનાવરણીયકર્મ આ ત્રણ કર્મોની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમની છે. તેથી આ ત્રણ કર્મોની સ્થિતિ પૂર્વેના બે કર્મો કરતાં અધિક હોવાથી અધિક ભાગદાન કરે છે. તથા ત્રણે કર્મોની સ્થિતિ પરસ્પર સમાન છે. તેથી ત્રણે કર્મોને સમાનપણે દલિકોનું ભાગદાન કરે છે.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

અંતરાય આદિ ત્રણ કર્મો કરતાં મોહનીયકર્મમાં દલિકોનો વધારે ભાગ આપે છે. કારણ કે મોહનીયકર્મની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ હોવાથી પૂર્વના ત્રણ કર્મો કરતાં અધિક છે તથા મોહનીયકર્મ કરતાં પણ વેદનીય કર્મને સૌથી વધારે કર્મદલિકો આપે છે. જો કે વેદનીય કર્મની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે. તેથી મોહનીયકર્મથી ન્યૂન છે તો પણ દલિકોનું ભાગદાન મોહનીયથી વેદનીયકર્મને વધારે જ કરે છે. કારણ કે તે વેદનીયકર્મનો એવો સ્વભાવ જ છે કે ઓછાં દલિકો હોતે છતે પોતાનો વિપાક સ્પષ્ટપણે જણાવી શકે નહીં. જેમ અફીણ અથવા વિષ અલ્પમાત્રાવાળું હોય તો પણ મૃત્યુ આપવા રૂપે સ્વકાર્ય કરી શકે છે પરંતુ માટીનાં ઢેફાં આરોગીને મૃત્યુ રૂપ કાર્ય કરવું હોય તો તે ઘણા પ્રમાણમાં જોઈએ તથા અશન, પાન અને ખાદિમનું ભોજન બહુ પ્રમાણમાં હોય તો સંતોષ આપવા રૂપ સ્વકાર્ય કરી શકે છે. પરંતુ સ્વાદિમનું ભોજન અલ્પ પ્રમાણમાં હોય તો પણ સંતોષ આપવા રૂપ સ્વકાર્ય કરી શકે છે. તેમ અહીં સમજવું.

જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન**-આયુષ્યકર્મની સ્થિતિ ૩૩ સાગરોપમ જ છે. પરંતુ કોડાકોડી નથી. અને નામ-ગોત્રની સ્થિતિ ૨૦કોડાકોડી સાગરોપમ છે. એટલે આયુષ્યકર્મ કરતાં સંખ્યાતગુણી સ્થિતિ છે. અને સ્થિતિને અનુસારે ભાગદાન થાય છે એમ કહો છો. તો આયુષ્યકર્મ કરતાં નામ-ગોત્રકર્મને સંખ્યાતગુણ અધિક ભાગદાન થવું જોઈએ. માત્ર વિશેષાધિક જ (કંઈક જ અધિક) શા માટે?

**ઉત્તર**-પ્રશ્ન બરાબર છે પરંતુ નામકર્મની અને ગોત્રકર્મની સર્વે પણ પ્રકૃતિઓનો ઉદય આયુષ્યકર્મના ઉદયને આધીન છે. નામકર્મ અને ગોત્રકર્મની બધી જ પ્રકૃતિઓ સત્તામાં હોવા છતાં પણ જેવું આયુષ્યકર્મ ઉદયમાં આવે છે. તેને અનુસારે જ નામ-ગોત્રની પ્રકૃતિઓ ઉદયમાં આવે છે. આ પ્રમાણે આયુષ્યકર્મ પ્રધાન (ઘરના સ્તંભ સમાન) હોવાથી તેને એટલું બધું ઘણું દલીક આપે છે કે જેથી નામ-ગોત્રનું દલિક તેના કરતાં સંખ્યાતગુણ થતું નથી. પરંતુ વિશેષાધિક જ થાય છે. જેમ બંધાતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘરમાં ઉપર ગોઠવાતી લાકડાની વળીઓ, ખાપટાં અને નળીયાં વગેરે સંખ્યામાં બહુ હોવા છતાં પણ અલ્પ અણુવાળાં અઘનીભૂત હોય તો પણ ચાલે, પરંતુ તે સર્વે વળીઓના આધારભૂત જે સ્તંભ છે તે અધિક દલિકથી નિષ્પન્ન અને ઘનીભૂત જ હોવો જોઇએ. તેમ અહીં જાણવું.

સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે तदुदये एव तस्योदयात्, अतः आयुष्कं प्रधानत्वाद् बहुपुद्गलद्रव्यं लभते । આયુષ્યકર્મની સ્થિતિ થોડી છે. અને દલિકનો ભાગ બહુ આવે છે. તેથી પ્રતિસમયે અસંખ્યાતગુણાકારે નિષેકરચના કરે છે. શેષકર્મોમાં પ્રતિસમયે વિશેષાધિકપણે રચના કરે છે.

**પ્રશ્ન**-જો નામ-ગોત્ર કરતાં આયુષ્યકર્મ પ્રધાન છે. તો નામ-ગોત્રકર્મના દલિકો કરતાં આયુષ્યકર્મનું દલિક અધિક હોવું જોઇએ અને નામગોત્રકર્મનું કર્મદલિક હીન હોવું જોઇએ.

**ઉત્તર**-ઉદયને આશ્રયી આયુષ્ય કર્મ પ્રધાન હોવાથી તેને ઘણું દલિક આપે છે. પરંતુ નામ-ગોત્રકર્મની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમની છે. એટલે એટલું બધું વધુ દલિક આયુષ્યકર્મને જીવ આપતો નથી કે તે આયુષ્ય કર્મનું દલિક નામ-ગોત્રથી અધિક થઇ જાય. તેથી આયુષ્યને અવશ્ય ઘણું વધારે આપે છે. તો પણ નામ-ગોત્રની સ્થિતિ ઘણી વધારે હોવાથી નામ-ગોત્ર કર્મોથી હીન જ રહે છે. એટલે આયુષ્યને હીન અને નામ-ગોત્રને અધિક એમ ભાગ પાડે છે. વળી નામ-ગોત્ર કર્મ તો સતત (નિરંતર) બંધાય છે. જ્યારે આયુષ્યકર્મ તો ભવમાં એક વાર જ બંધાય છે. માટે પણ આયુષ્યના દલિકથી નામ-ગોત્રમાં કર્મદલિકોની અધિકતા હોય છે.

**પ્રશ્ન** - અંતરાયાદિ ત્રણ કર્મોની સ્થિતિ ૩૦ કોડાકોડી છે અને મોહનીયની સ્થિતિ ૭૦કોડાકોડી છે. એટલે કે દ્વિગુણથી વધારે છે. તેથી દલિકોના ભાગોનું દાન પણ ત્રણ કર્મો કરતાં મોહનીયમાં સંખ્યાતગુણ કહેવું જોઇએ. વિશેષાધિક શા માટે કહો છો ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** - મોહનીયકર્મમાં માત્ર ૧ મિથ્યાત્વમોહનીયકર્મની જ ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ હોય છે. બાકીની મોહનીયકર્મની સર્વે પ્રકૃતિઓની ૧૦/૧૫/૨૦/૪૦ કોડાકોડી જ છે. એટલે કે દ્વિગુણ કરતાં ઓછી જ છે. તેથી મોહનીયમાં ભાગદાન આ જીવ સંખ્યાતગુણ કરતો નથી. પરંતુ વિશેષાધિક જ કરે છે. અને મિથ્યાત્વમોહનીયની સ્થિતિ ૭૦ કોડાકોડી હોવા છતાં પણ સર્વઘાતી હોવાથી અને સર્વઘાતીને માત્ર અનંતમા ભાગ પ્રમાણ જ ભાગદાન કરતો હોવાથી તેના કારણે મિથ્યાત્વના ભાગમાં સંખ્યાતગુણપણું થતું નથી. તથા વેદનીયકર્મને સૌથી વધારે દલિક આપે છે.

વેદનીયકર્મ એવા સ્વભાવવાળું છે કે અલ્પદલિક હોતે છતે સુખ-દુ:ખનો સ્પષ્ટ અનુભવ કરાવી શકતું નથી. માટે સૌથી અધિક દલિકોનો ભાગે આ જીવ વેદનીયકર્મને આપે છે. ઉપર જણાવેલા અલ્પ-બહુત્વમાં સમન્વય કરવા પુરતી યુક્તિમાત્ર જણાવી છે. પરમાર્થથી તો સર્વજ્ઞ પરમાત્માના વચનોની પ્રમાણતાથી જ આવા પ્રકારના અતીન્દ્રિય પદાર્થોની શ્રદ્ધા કરવી જોઇએ. સ્વોપજ્ઞ ટીકામાં ગ્રંથકારશ્રીએ જ કહ્યું છે કે युक्तिमात्रं चैतत्, निश्चयतस्तु श्रीसर्वज्ञवचनप्रामाण्यादेवातीन्द्रियार्थप्रतिपत्तिः ।

**પ્રશ્ન** - કોઇપણ જીવનો વિવક્ષિત એવા એકસમયમાં એક જ અધ્યવસાય હોય છે. છતાં તે સમયે બંધાતા કર્મોના ૮ અને બહુ ઉત્તરભેદો રૂપ ઘણા ભેદો કેમ થાય છે. અધ્યવસાયાત્મક કારણ જો એક છે તો બંધાતું કર્માત્મક કાર્ય પણ એક જ હોવું જોઇએ. અષ્ટવિધ આદિ ભેદોવાળું (કાર્ય) કેમ થાય છે ?

**ઉત્તર** - કાર્મણવર્ગણાને ગ્રહણ કરનારા એવા **જીવની શક્તિ અચિન્ત્ય હોવાથી** અને ગ્રહણ કરાતાં કાર્મણવર્ગણાનાં પુદ્ગલોનો ચિત્ર-વિચિત્ર પરિણામ પામવાનો સ્વભાવ હોવાથી અષ્ટવિધ આદિ ભેદો ઘટે છે. જેમ ગાય આદિ પશુએ ખાધેલું બધું ઘાસ એક પ્રકારનું હોવા છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાયના જીવની અચિન્ત્ય શક્તિ હોવાથી અને ઘાસના પરમાણુઓમાં વિવિધભાવે પરિણામ પામવાનો ચિત્ર-વિચિત્ર સ્વભાવ હોવાથી રૂધિર, માંસ, મળ, મૂત્ર, દૂધ અને ચરબી આદિ અનેક પ્રકારના કાર્ય રૂપે પરિણામ પામે છે. તેમ અહીં પણ સમજવું.

ઇન્દ્રધનુષ્ય, વીજળી અને વાદળ આદિના પરમાણુઓનો જીવના ગ્રહણ વિના પણ વિચિત્રભાવે પરિણામ પામવાનો સ્વભાવ દેખાય છે. તો પછી જીવ વડે ગ્રહણ કરાયેલા પુદ્‌ગલોમાં તો જીવની પણ અચિન્ત્ય શક્તિ કામ કરતી હોવાથી ચિત્ર-વિચિત્રપણે પુદ્‌ગલ પરિણમન સંભવી શકે છે.

તથા એક સમયમાં એક જીવનો અધ્યવસાય **એક જ હોય છે.** એમ કહ્યું, તે પણ સ્થૂલવ્યવહારનયથી જાણવું, પરમાર્થથી તો એક જીવના એક સમયના એક અધ્યવસાયમાં પણ **અનેકવિધકારણતા** રહેલી હોય છે. જેમ દવાનો ડોઝ ૧ હોવા છતાં તેમાં ઘણી જુદી જુદી દવાઓની માત્રા હોય છે. અનેક દવાઓની માત્રાઓથી એક ડોઝ બને છે. તેમ અહીં પણ જીવ અને સમય એક હોવાથી અધ્યવસાય એક છે એમ લાગે છે. પરંતુ તે એક અધ્વસાયમાં ક્રોધાદિ ચારે કષાયોમાંના કોઇ એક કષાયની, કૃષ્ણાદિ છ લેશ્યામાંની કોઇ એક લેશ્યાની, મન વચન કાયાના યોગોમાંથી કોઇ યોગની, મિથ્યાત્વની, પ્રમાદની એમ અનેક પ્રકારની અનેક માત્રાઓ ભરેલી હોય છે. આવા પ્રકારના અનેક બંધ હેતુઓની માત્રાથી મળીને એક અધ્યવસાયસ્થાન થાય છે. તેથી આ અધ્યવસાય સ્થાનનો સ્વામી જીવદ્રવ્ય એક હોવાથી એક કહેવાય છે. પરંતુ અનેક બંધહેતુઓની અનેક માત્રાઓનું બનેલું હોવાથી તેમાં અનેકાત્મકપણું પણ છે જ. આ રીતે અધ્યવસાયસ્થાન તેની અંદર ભળેલી માત્રાઓના કારણે અનેકાત્મક પણ છે તેથી તજ્જન્ય કર્મબંધ રૂપ કાર્ય પણ અનેકવિધ ઘટે છે. ॥૮૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૂલકર્મોમાં ભાગની પ્રરૂપણા કરીને હવે ઉત્તરપ્રકૃતિઓમાં ભાગપ્રરૂપણા સમજાવે છે.

**नियजाइलद्धदलियाणंतंसो होइ सव्वघाईणं ।**
**बज्झंतीणं विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥ ८१ ॥**

(निजजातिलब्धदलिकानन्तांशो भवति सर्वघातिनीनाम् ।
बध्यमानानां विभज्यते शेषं शेषाणां प्रतिसमयम् ॥ ८१ ॥)

**नियजाइलद्ध** = પોતાની મૂલજાતિ દ્વારા પ્રાપ્ત થયેલો, **दलियाणं-तंसो**= દલિકોનો અનંતમો ભાગ, **होइ सव्वघाईणं** = સર્વઘાતીનો હોય છે, **बज्झंतीणं** = બંધાતી એવી, **विभज्जइ** = આપે છે, **सेसं** = બાકીનું દલિક, **सेसाण** = બાકીની પ્રકૃતિઓને, **पइसमयं** = દરેક સમયોમાં ॥૮૧॥

**ગાથાર્થ** - પોતાની મૂલજાતિથી (મૂલકર્મથી) પ્રાપ્ત થયેલો દલિકોનો અનંતમો ભાગ સર્વઘાતી કર્મોનો હોય છે. બાકીનું દલિક બંધાતી એવી બાકીની પ્રકૃતિઓને પ્રતિસમયે અપાય છે. ॥૮૧॥

**વિવેચન** - જીવ જ્યારે આઠ કર્મ બાંધે છે ત્યારે ગ્રહણ કરાતી કાર્મણવર્ગણાના આઠ ભાગ પાડે છે. એવી જ રીતે સાત કર્મ બાંધે ત્યારે સાત, છ કર્મ બાંધે ત્યારે છ અને એક કર્મ બાંધે ત્યારે એક ભાગ પાડે છે. તેની અંદર ચાર ઘાતીકર્મોના ભાગમાં જે જે હિસ્સો આવે છે. તે ચારે કર્મોમાં આવેલા પોત પોતાના ભાગમાં સર્વઘાતી પ્રકૃતિઓને યોગ્ય સર્વઘાતી રસસ્પર્ધકોવાળો અનંતમો ભાગ હોય છે. અત્યન્ત સ્નિગ્ધ પરમાણુઓ જ સર્વઘાતી રૂપે વેદાય તેવા રસસ્પર્ધકોને માટે ઉપયોગી હોય છે અને તેવા અત્યન્ત સ્નિગ્ધ પરમાણુઓ અનન્તમા ભાગ જેટલા જ હોય છે. તેથી અનન્તમા ભાગ પ્રમાણ અત્યન્ત સ્નિગ્ધ પરમાણુઓ સર્વઘાતી રસસ્પર્ધકયુક્ત હોવાથી તે કાળે બંધાતી એવી સર્વઘાતી પ્રકૃતિઓને અપાય છે અને ચારઘાતી કર્મોનું શેષ જે દલિક રહ્યું તે દલિક તે કાળે બંધાતી એવી દેશઘાતી પ્રકૃતિઓને અપાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારઘાતી કર્મોમાં ૨૦ સર્વઘાતી પ્રકૃતિઓ છે. અને ૨૫ દેશઘાતી પ્રકૃતિઓ છે. કુલ ૪૫ પ્રકૃતિઓ છે. તેમાં જ્ઞાનાવરણીય કર્મના ભાગમાં જે દલિકો આવે છે. તેમાં સર્વઘાતી પ્રકૃતિઓને યોગ્ય સર્વઘાતી રસસ્પર્ધકોનો જે અનંતમો ભાગ છે તે ભાગ કેવલજ્ઞાનાવરણીય કર્મને અપાય છે. અને બાકી જે કર્મ દલિકો જ્ઞાનાવરણીયકર્મમાં રહ્યાં. તેના ચાર ભાગ પાડીને ક્રમશઃ અધિક અધિક રૂપે મનઃપર્યવજ્ઞાનાવરણીયાદિ ચારને અપાય છે.

દર્શનાવરણીય કર્મના ભાગમાં આવેલા કર્મદલિકોમાં જે અનંતમો ભાગ સર્વઘાતીનો છે. તેના છ ભાગ કરાય છે અને પાંચ નિદ્રા તથા કેવલદર્શનાવરણીયને અપાય છે. શેષ દલિકના ત્રણ ભાગ કરી અવધિદર્શનાવરણીય આદિને ક્રમશઃ અધિક અધિકપણે અપાય છે.

મોહનીય કર્મના ભાગમાં આવનારા કર્મદલિકોમાં જે અનંતમો ભાગ સર્વઘાતીરસોપેત છે. તેના પ્રથમ બે ભાગ કરે છે. એકભાગ એકલા દર્શનમોહનીયને (એટલે કે મિથ્યાત્વ મોહનીયને) જ અપાય છે અને બીજો જે ભાગ છે તેના ૧૨ ભેદ કરીને અનંતાનુબંધી આદિ ત્રણ કષાયોની ચોકડીને અર્થાત્ સર્વઘાતી એવા ૧૨ કષાયોને અપાય છે અને સર્વઘાતી વિનાનું જે દેશઘાતી રસોપેત કર્મદલિક છે તેના પ્રથમ બે ભાગ કરે છે. તેમાંના એક ભાગના ચાર ભાગ કરીને ચાર સંજ્વલન કષાયને આપે છે અને બીજા ભાગના પાંચ ભાગ કરીને પાંચ નોકષાયને અપાય છે. નોકષાયોમાં હાસ્ય-રતિ તથા અરતિ-શોક એમ બે યુગલોમાંથી એક જ યુગલ બંધાતું હોવાથી બાકીની બે તથા ત્રણ વેદમાંથી એક જ વેદ બંધાતો હોવાથી બાકીના બે વેદ એમ કુલ ચાર પ્રકૃતિઓ ન બંધાતી હોવાથી બાકીની પાંચ પ્રકૃતિના પાંચ ભાગ કરે છે.

અંતરાયકર્મના ભાગમાં આવેલા સર્વ દલિકના પાંચ ભાગ કરીને દાનાન્તરાય આદિ પાંચ પ્રકૃતિઓને અપાય છે.

અઘાતી એવાં ચાર કર્મોમાં વેદનીયકર્મ, ગોત્રકર્મ અને આયુષ્યકર્મ આ ત્રણ કર્મોની માત્ર એક એક પ્રકૃતિ જ બંધાતી હોવાથી તે મૂલકર્મમાં જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગલભ્ય દલિક આવે છે. તે બંધાતી એવી એક પ્રકૃતિને જ અપાય છે. પરંતુ તેના ભાગ પડતા નથી. તથા નામકર્મના ભાગમાં જે કર્મદલિક આવે છે તેના તે કાલે નામકર્મની જેટલી પ્રકૃતિઓ બંધાતી હોય તેટલા ભાગ પડે છે. શરીરનામ કર્માદિ કેટલીક પિંડ પ્રકૃતિમાં મૂલભેદમાં આવેલા ભાગના ઉત્તરભેદો પડે છે. એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩, ૨૫ ૨૬, વિકલેન્દ્રિય પ્રાયોગ્ય, પંચેન્દ્રિય તિર્યંચ પ્રાયોગ્ય અને મનુષ્ય પ્રાયોગ્ય ૨૫, ૨૯ ૩૦, નરકપ્રાયોગ્ય ૨૮, દેવ પ્રાયોગ્ય ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ગતિને આશ્રયી અપ્રાયોગ્ય ૧ એમ જે બંધસ્થાનક ચાલતું હોય તેટલા ભાગ પડે છે. તેમાંથી ગતિ, જાતિ, સંઘયણ, સંસ્થાન, આનુપૂર્વી અને વિહાયોગતિ આ ૬ પિંડ પ્રકૃતિઓમાં કોઈપણ કાલે એક એક જ બંધાય છે. એટલે તે પ્રકૃતિના ભાગમાં આવેલું દલિક બંધાતી તે તે પ્રકૃતિને આપી દેવાય છે. એવી જ રીતે ૮ પ્રત્યેક, ૧૦ ત્રસદશક અને ૧૦ સ્થાવરદશકમાં પણ જે બંધાતી હોય તેને ભાગ અપાય છે. પરંતુ શરીરનામકર્મ, બંધન, સંઘાતન, ઉપાંગ અને વર્ણાદિ નામકર્મોમાં એમ આઠ પિંડ પ્રકૃતિઓમાં વધારે પ્રકૃતિઓ પણ એક સાથે બંધાય છે. તેથી વધારે ભાગ પડે છે શરીરનામકર્મમાં ત્રણ અથવા ચાર, બંધન, સંઘાતન શરીરની અંદર ગણાતાં હોવાથી શરીર પ્રમાણે, તથા અંગોપાંગ નામકર્મમાં એક અથવા બે ભાગ પડે છે. તથા વર્ણ નામકર્મમાં પાંચ, ગંધનામકર્મમાં બે, રસનામકર્મમાં પાંચ અને સ્પર્શનામ કર્મમાં આઠ ભાગ પડે છે.

**આઠ કર્મોના આઠ ભાગ પાડ્યા પછી તેના પ્રતિભેદો કેટલા પાડે ? અને** કોને કેટલું દલિક આપે તે સમજાવ્યું. સાતકર્મ બાંધે ત્યારે સાત ભાગ પાડે છે. છ કર્મ બાંધે ત્યારે છ ભાગ પાડે છે અને ૧ કર્મ બાંધે ત્યારે ૧ ભાગ પાડે છે.

કોઈપણ પ્રકૃતિનો બંધવિચ્છેદ થયો હોય તો તેના ભાગનું દલિક પોતાના મૂલકર્મમાં પોતાના સમાન એવી સજાતીય પ્રકૃતિને અપાય છે. જેમ દર્શનાવરણીય કર્મમાં થિણદ્ધિત્રિકનો બંધ ત્રીજા ગુણસ્થાનકથી થતો નથી. તેથી તેનું દલિક નિદ્રાદ્વિકને અપાય છે. નિદ્રાદ્વિકનો બંધ આઠમા ગુણસ્થાનકના બીજા ભાગથી થતો નથી, તેથી નિદ્રાપંચકનું દલિક કેવલદર્શનાવરણીયને અપાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્યારે મૂલકર્મમાં સજાતીય કોઇ પ્રકૃતિ જ ન બંધાતી હોય તો તેનું દલિક પોતાના મૂલકર્મમાં રહેલી પોતાનાથી વિજાતીય પ્રકૃતિને અપાય છે. જેમ કે છઠ્ઠા ગુણસ્થાનક પછી મોહનીયના આદ્ય બાર કષાય અને મિથ્યાત્વ મોહનીય એમ તેરે સર્વઘાતી પ્રકૃતિઓ બંધાતી નથી. તેથી તેનું કર્મદલિક ચાર સંજ્વલન અને નવનોકષાયમાં બંધાતીને સર્વઘાતીથી વિજાતીય હોવા છતાં પણ અપાય છે. અને જ્યારે સજાતીય, વિજાતીય એમ બન્નેનો બંધવિચ્છેદ થયો હોય તો પોતાનો મૂલકર્મનો ભાગ જ પડતો નથી.

કમ્મપયડી તથા આ કર્મગ્રંથની સ્વોપજ્ઞ ટીકામાં પ્રકૃતિઓને અપાતા દલિકોની ભાગ વહેંચણીનું અલ્પબહુત્વ જે કહ્યું છે. તે આ પ્રમાણે છે.

## ઉત્કૃષ્ટ પ્રદેશ ગ્રહણકાળે અલ્પબહુત્વ

જ્યારે ઉત્કૃષ્ટ પ્રદેશગ્રહણ થયાં હોય ત્યારે જ્ઞાનાવરણીય કર્મમાં કેવલજ્ઞાનાવરણીયનું પ્રદેશાગ્ર સૌથી અલ્પ, તેનાથી મનઃપર્યવ-જ્ઞાનાવરણીયનું અનંતગુણ, તેનાથી અવધિજ્ઞાનાવરણીયનું વિશેષાધિક, તેનાથી શ્રુતજ્ઞાનાવરણીયનું વિશેષાધિક અને તેનાથી મતિજ્ઞાનાવરણીયનું વિશેષાધિક દલિક હોય છે.

દર્શનાવરણીયકર્મમાં પ્રચલાનું પ્રદેશાગ્ર સૌથી અલ્પ, તેનાથી નિદ્રાનું વિશેષાધિક, તેનાથી પ્રચલાપ્રચલાનું વિશેષાધિક, તેનાથી નિદ્રા-નિદ્રાનું વિશેષાધિક, તેનાથી થીણદ્ધિનું વિશેષાધિક, તેનાથી કેવલ-દર્શનાવરણીયનું વિશેષાધિક તેનાથી અવધિદર્શનાવરણીયનું અનંતગુણ, તેનાથી અચક્ષુદર્શનાવરણીયનું વિશેષાધિક અને તેનાથી ચક્ષુદર્શના-વરણીયનું વિશેષાધિક દલિક હોય છે.

વેદનીયકર્મમાં સાતા-અસાતા સાથે બંધાતી નથી. બેમાંથી એક બંધાય છે. તેથી ભાગથી લભ્ય દલિક બંધાતી પ્રકૃતિને આપે છે. ત્યાં અસાતાને અલ્પ અને સાતાને વિશેષાધિક આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીય કર્મમાં અપ્રત્યાખ્યાનાવરણ માન, અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, અપ્રત્યાખ્યાનાવરણ માયા, અપ્રત્યાખ્યાનાવરણ લોભ, પ્રત્યાખ્યાનાવરણના માન, ક્રોધ, માયા, લોભ, અનંતાનુબંધીના માન, ક્રોધ, માયા, લોભ અને મિથ્યાત્વ મોહનીયમાં અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક ભાગદાન કરે છે. મિથ્યાત્વ મોહનીયથી જુગુપ્સામાં અનંતગુણ, તેનાથી ભયનું, હાસ્ય-શોકનું, રતિ-અરતિનું, સ્ત્રીવેદ, નપુંસકવેદનું, સંજ્વલન ક્રોધનું, સંજ્વલન માનનું, પુરુષવેદનું અને સંજ્વલન માયાનું અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક દલિક જાણવું. સંજ્વલન માયા કરતાં સંજ્વલન લોભનું દલિક અસંખ્યાતગુણ જાણવું.

આયુષ્યકર્મમાં જે કર્મદલિક પોતાના ભાગમાં આવે છે. તે સર્વદલિક બંધાતા એવા એક આયુષ્યને અપાય છે. કારણ કે એક કાલે આયુષ્યકર્મની એક જ પ્રકૃતિ બંધાય છે. જે ભાગલબ્ધ દલિક હોય તે બંધાતીને અપાય છે. પરસ્પર ચારે આયુષ્યને તુલ્ય અપાય છે.

નામકર્મમાં ગતિનામકર્મની અંદર દેવગતિ-નરકગતિને સૌથી અલ્પ, પરસ્પર તુલ્ય, તેનાથી મનુષ્યગતિને વિશેષાધિક અને તેનાથી તિર્યંચગતિને વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે. જાતિનામકર્મમાં બેઇન્દ્રિયજાતિ આદિ ચાર જાતિનામકર્મને અલ્પ અને પરસ્પર સમાન, તથા તેનાથી એકેન્દ્રિયજાતિને વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે. શરીરનામકર્મમાં આહારક, વૈક્રિય, ઔદારિક, તૈજસ અને કાર્મણશરીરનામકર્મને અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે એ જ પ્રમાણે સંઘાતનનામકર્મમાં તથા પાંચ બંધન માનીએ ત્યારે બંધનનામકર્મમાં પણ ઉપર પ્રમાણે જ જાણવું પરંતુ જ્યારે પંદર બંધન માનીએ ત્યારે ૧. આ. આ. બં., ૨. આ. તૈ. બં., ૩. આ. કા. બં., ૪. આ. તૈ. કા. બં., ૫. વૈ. વૈ. બં., ૬. વૈ. તૈ. બં., ૭. વૈ. કા. બં., ૮. વૈ. તૈ. કા. બં., ૯. ઔ. ઔ. બં., ૧૦. ઔ. તૈ. બં, ૧૧. ઔ. કા. બં., ૧૨. ઔ. તૈ. કા. બં., ૧૩. તૈ. તૈ. બં., ૧૪. તૈ. કા. બં., અને ૧૫. કા. કા. બંધનનામકર્મને અનુક્રમે વિશેષાધિક વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંગોપાંગ નામકર્મમાં સૌથી અલ્પ પ્રદેશાગ્ર આહારક અંગોપાંગને, તેનાથી વૈક્રિયઅંગોપાંગને વિશેષાધિક અને તેનાથી ઔદારિક અંગોપાંગને વિશેષાધિક. સંસ્થાનનામકર્મમાં મધ્યમનાં ચાર સંસ્થાનોમાં સર્વથી અલ્પ પ્રદેશાગ્ર અને પરસ્પર તુલ્ય, તેનાથી પ્રથમ સંસ્થાનમાં વિશેષાધિક અને તેનાથી હુંડક સંસ્થાનમાં વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે. સંઘયણ નામકર્મમાં પ્રથમનાં પાંચ સંઘયણોમાં અલ્પ, પરસ્પર તુલ્ય, અને તેનાથી સેવાર્ત સંઘયણને વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે. વર્ણનામકર્મમાં કૃષ્ણવર્ણ, નીલવર્ણ, લોહિતવર્ણ, હારિદ્રવર્ણ અને શુક્લવર્ણને ક્રમશઃ વિશેષાધિક પ્રદેશાગ્ર આપે છે. એવી જ રીતે ગંધનામકર્મમાં સુરભિને અલ્પ, દુરભિને વિશેષાધિક, રસનામકર્મમાં કટુકરસ, તિક્તરસ, કષાયરસ, આમ્લરસ અને મધુરરસ નામકર્મોને ક્રમશઃ વિશેષાધિક વિશેષાધિક દલિક આપે છે. સ્પર્શનામકર્મમાં ગુરુ-કર્કશને અલ્પ, પરસ્પર તુલ્ય, મૃદુ-લઘુને વિશેષાધિક પરસ્પર તુલ્ય, તેનાથી શીત અને રુક્ષને વિશેષાધિક, પરસ્પર તુલ્ય, તેનાથી સ્નિગ્ધ-ઉષ્ણને વિશેષાધિક, પરસ્પર તુલ્ય.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આનુપૂર્વી નામકર્મમાં દેવાનુપૂર્વી-નરકાપૂર્વીમાં સર્વથી અલ્પ, પરસ્પર તુલ્ય, તેનાથી મનુષ્યાનુપૂર્વીનું વિશેષાધિક, તેનાથી તિર્યંચાનુપૂર્વીનું વિશેષાધિક તથા વિહાયોગતિમાં પ્રશસ્તવિહાયોગતિમાં અલ્પ, અને અપ્રશસ્તવિહાયોગતિમાં તેનાથી વિશેષાધિક પ્રદેશદાન જીવ કરે છે. ત્રસદશક અને સ્થાવરદશકમાં ત્રસદશકની પ્રકૃતિઓ બંધાય ત્યારે તેને અલ્પ, અને સ્થાવરદશકની પ્રકૃતિઓ બંધાય ત્યારે તેને વિશેષાધિક પ્રદેશદાન કરે છે.

ગોત્રકર્મમાં પણ એક જ ગોત્ર બંધાય છે. તેથી પોતાના ભાગમાં આવેલું દલિક બંધાતી પ્રકૃતિને અપાય છે. ત્યાં નીચગોત્રને અલ્પ અને ઉચ્ચગોત્રને અધિક અપાય છે.

અંતરાય કર્મમાં દાનાન્તરાયને સૌથી અલ્પ, તેનાથી લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાયકર્મને અનુક્રમે વિશેષાધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષાધિક પ્રદેશદાન જીવ કરે છે. આ અલ્પબહુત્વનો અધિકાર સ્વોપજ્ઞ એવી કર્મગ્રંથની ટીકાને અનુસારે લખેલ છે. વિશેષાર્થીએ સ્વોપજ્ઞ ટીકામાંથી અથવા કમ્મપયડીમાંથી વિશેષ અલ્પબહુત્વ જાણી લેવું.

આ જ પ્રમાણે જ્યારે જઘન્યપ્રદેશો બંધાતા હોય ત્યારે પણ ત્યાં અલ્પબહુત્વ સ્વોપજ્ઞટીકા તથા કમ્મપયડી આદિ ગ્રન્થોના આધારે આ પ્રમાણે છે.

## જઘન્યપ્રદેશગ્રહણકાળે અલ્પબહુત્વ

જ્ઞાનાવરણીય અને અંતરાયકર્મમાં ઉત્કૃષ્ટની જેમ જઘન્યમાં પણ ક્રમ જાણવો. દર્શનાવરણીયમાં સૌથી અલ્પ નિદ્રાને, તેનાથી અનુક્રમે પ્રચલાને, નિદ્રાનિદ્રાને, પ્રચલા-પ્રચલાને, થિણદ્ધિને અને કેવલ દર્શનાવરણીયકર્મને વિશેષાધિક આપે છે. તેનાથી અવધિદર્શનાવરણીયને અનંતગુણ, તેનાથી અનુક્રમે અચક્ષુને અને ચક્ષુને વિશેષાધિક આપે છે.

મોહનીયકર્મમાં જઘન્યમાં ભાગદાનનો ક્રમ ઉત્કૃષ્ટની જેમ છે. પરંતુ પુરુષવેદના ભાગદાનનો ક્રમ જઘન્યમાં સ્ત્રીવેદ-નપુંસકવેદની સાથે કહેવો. અર્થાત્ ત્રણે વેદનો ભાગ રતિ-અરતિથી વિશેષાધિક અને પરસ્પર તુલ્ય કહેવો. આયુષ્યકર્મમાં એક જ બંધાય છે. જે ભાગ આવે તે એકને જ આપે છે. છતાં તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્ય જ્યારે બંધાય ત્યારે સર્વથી અલ્પ અને પરસ્પર સમાન તથા દેવ-નરકાયુષ્યને તેનાથી અસંખ્યાતગુણ અને પરસ્પર તુલ્ય આપે છે.

નામકર્મમાં તિર્યંચગતિને સૌથી અલ્પ, તેનાથી મનુષ્યગતિને અધિક, તેનાથી દેવગતિને અસંખ્યાતગુણ અને તેનાથી નરકગતિને અસંખ્યાતગુણ ભાગદાન કરે છે. જાતિમાં દ્વીન્દ્રિયાદિ ચાર જાતિને અલ્પ અને પંચેન્દ્રિયજાતિને તેનાથી વિશેષાધિક, શરીરનામકર્મમાં ઔદારિકને સૌથી અલ્પ, તેનાથી અનુક્રમે તૈજસને અને કાર્મણને વિશેષાધિક, તેનાથી



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વૈક્રિય અને આહારકને અનુક્રમે અસંખ્યાતગુણ ભાગદાન કરે છે. એ પ્રમાણે સંઘાતનનામકર્મમાં પણ જાણવું. અંગોપાંગ નામકર્મમાં ઔદારિક અંગોપાંગને અલ્પ, તેનાથી અનુક્રમે વૈક્રિય અને આહારક અંગોપાંગને અસંખ્યાતગુણ, આનુપૂર્વીકર્મમાં દેવાનુપૂર્વી અને નરકાનુપૂર્વીને સૌથી અલ્પ અને પરસ્પરતુલ્ય તેનાથી અનુક્રમે મનુષ્યાનુપૂર્વી અને તિર્યંચાનુપૂર્વીને વિશેષાધિક, ભાગદાન કરે છે. તથા ત્રસનામકર્મને અલ્પ અને તેનાથી સ્થાવરનામકર્મને વિશેષાધિક આપે છે. એ જ પ્રમાણે બાદર-સૂક્ષ્મ, પર્યાપ્ત-અપર્યાપ્ત અને પ્રત્યેક-સાધારણની વચ્ચે પણ અલ્પબહુત્વ સમજવું. શેષ નામકર્મની પ્રકૃતિઓનું અલ્પબહુત્વ જઘન્યપદમાં હોતું નથી.

વેદનીયકર્મમાં અને ગોત્રકર્મમાં પણ એક જ પ્રકૃતિ બંધાતી હોવાથી અલ્પબહુત્વ નથી.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

અલ્પબહુત્વનો વિશેષ અધિકાર સ્વોપજ્ઞટીકાથી જાણી લેવો. મૂલકર્મ અને ઉત્તરકર્મોમાં પ્રતિસમયે આ પ્રદેશો બંધાયા જ કરે છે. તેથી કર્મ ખપાવવા માટેનો જો કોઈ બીજો વિશિષ્ટ ઉપાય ન હોય તો ઉદયથી ભોગવી ભોગવીને ખપાવતાં ખપાવતાં કદાપિ કર્મોનો પાર આવે નહીં. કારણ કે એક સમયનું ઉદયપ્રાપ્ત કર્મ ખપાવે તેટલામાં કોડાકોડી સાગરોપમ ચાલે તેટલું બંધાયા જ કરે. એટલે કદાપિ પાર આવે નહીં. તેથી સત્તાગત કર્મોને તુરત ખપાવવા માટે પણ બીજા કોઈ ઉપાયો હોવા જોઈએ, જે ઉપાયો છે તે ઉપાયો રૂપે ૧૧ ગુણશ્રેણીઓ શાસ્ત્રોમાં આવે છે. તેનું વર્ણન ગ્રન્થકારશ્રી સમજાવે છે.

**सम्मदरसव्वविरई अणविसंजोयदंसखवगे य।**
**मोहसमसंतखवगे खीणसजोगियर गुणसेढी ॥ ८२॥**
**गुणसेढी दलरयणाणुसमयमुदयादसंखगुणणाए ।**
**एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥ ८३॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(सम्यक्त्वदेशसर्वविरतयोऽनन्तविसंयोजनदर्शनक्षपकौ च।
मोहोपशमशान्तक्षपकाः क्षीणसयोगीतरा गुणश्रेणयः ॥ ८२॥

(गुणश्रेणिर्दलरचनानुसमयमुदयादसंखगुणनया ।
एतद्गुणाः पुनः क्रमशोऽसङ्ख्येयगुणनिर्जराः जीवाः ॥ ८३॥)

**શબ્દાર્થ** - **सम्म**=સમ્યક્ત્વ, **दर**=દેશવિરતિ, **सव्वविरई**=સર્વવિરતિ, **अण**=અનંતાનુબંધિની, **विसंजोय**=વિસંયોજના, **दंसखवगे य**=દર્શન-મોહનીયની ક્ષપણા, **मोहसमसंतखवगे**=મોહનીયની ઉપશમના, ઉપશાન્ત-મોહ અને ચારિત્રમોહની ક્ષપણા, **खीणसजोगियर**=ક્ષીણમોહ, સયોગી અને અયોગી એમ, **गुणसेढी य**=૧૧ ગુણશ્રેણીઓ છે.

**गुणसेढी**=ગુણશ્રેણી એટલે, **दलरयणा**=દલિકોની રચના, **अणुसमयं**= પ્રત્યેક સમયોમાં, **उदयादसंखगुणणाए**=ઉદય સમયથી પ્રારંભીને અસંખ્યાત ગુણાકારે, **एयगुणा**=આ ગુણોવાળા જીવો, **पुण**=વળી, **कमसो**=અનુક્રમે, **असंखगुणनिज्जरा**=અસંખ્યાતગુણી નિર્જરાવાળા, **जीवा**= જીવો છે. ॥૮૨/૮૩॥

**ગાથાર્થ** - સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ, અનંતાનુબંધીની વિસંયોજના દર્શનમોહની ક્ષપણા, ચારિત્રમોહની ઉપશમના, ઉપશાન્તમોહ, ચારિત્રમોહની ક્ષપણા, ક્ષીણમોહ, સયોગી અને અયોગી એમ ૧૧ ગુણશ્રેણી છે.

ઉદયસમયથી અસંખ્યાત ગુણાકારે દલિકોની જે રચના કરાય છે તે ગુણશ્રેણી કહેવાય છે. આ ગુણોવાળા જીવો અનુક્રમે અસંખ્યાતગુણી નિર્જરાવાળા છે. ॥૮૨/૮૩॥

**વિવેચન** - સત્તામાં રહેલાં કર્મોને ઉદય દ્વારા **ફળવિપાક રૂપે અનુભવ્યા વિના રસઘાત કરીને જલ્દી જલ્દી ખપાવવા માટે "ગુણોના નિમિત્તે ઉદય સમયથી કરાતી દલરચના અથવા અસંખ્યાત ગુણાકારે કરાતી પંક્તિબદ્ધ દલરચના તે ગુણશ્રેણી કહેવાય છે.** આ ગાથામાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગણાવેલા અને ઉત્તરોત્તર ચઢીયાતા સમ્યક્ત્વાદિ ૧૧ ગુણો છે, તે ગુણોને પ્રાપ્ત કરવા માટે તેની અપ્રાપ્તિવાળા નિકટના પૂર્વકાળમાં તથા ઉત્તરકાળમાં રહેલા જીવો આ ગુણશ્રેણી કરે છે.

આ અગિયારે ગુણશ્રેણી કરનારા જીવોમાં પછી પછીની ગુણશ્રેણીવાળા જીવો વધારે વધારે નિર્મળ અધ્યવસાયવાળા હોવાથી અને ઉપરિવર્તી ગુણસ્થાનકવાળા હોવાથી અલ્પ અલ્પ કાળમાં અધિક અધિક કર્મદલિકોની નિર્જરા (અર્થાત્ ગુણશ્રેણી) કરે છે. જેમ કે સમ્યક્ત્વ પામનારો જીવ મિથ્યાત્વાવસ્થાવાળો હોય છે. અને દેશવિરતિ ગુણ પામનારો જીવ સમ્યક્ત્વાવસ્થાવાળો હોય છે. તથા સર્વવિરતિ પામનારો જીવ પ્રાયઃ દેશવિરતિધર હોય છે. આ રીતે મિથ્યાત્વી કરતાં સમ્યક્ત્વીમાં અને સમ્યક્ત્વી કરતાં દેશવિરતિધરમાં વધારે વિશુદ્ધિ અને નિર્મળતા હોવાથી પહેલી ગુણશ્રેણીવાળો જીવ મિથ્યાત્વ અવસ્થા વાળો હોવાથી ધારો કે ૧૦૦૦ એક હજાર સમયવાળા અંતર્મુહૂર્તમાં ૧૦૦૦૦૦ એક લાખ કર્મદલિકોની ગુણશ્રેણી કરીને તેને ખપાવે, તેના કરતાં દેશવિરતિ પામવાની બીજી ગુણશ્રેણી કરનારો જીવ સમ્યક્ત્વી હોવાથી વધારે વિશુદ્ધ પરિણામવાળો હોય છે. માટે સંખ્યાતગુણ હીન એવા અંતર્મુહૂર્ત કાળમાં અસંખ્યાત ગુણાં કર્મદલિકો એટલે ૨૦૦ બસો સમયના કાળમાં ૧ લાખને બદલે ૧૦,૦૦,૦૦૦ દસ લાખ કર્મદલિકોને ખપાવે છે. એવી રીતે સર્વવિરતિની ગુણશ્રેણિ કરનારો જીવ દેશવિરતિધર હોવાથી તે જીવ પૂર્વ ગુણશ્રેણી કરનારા જીવ કરતાં વધારે નિર્મળ છે. તેથી તેના કરતાં પણ સંખ્યાતગુણ હીન કાળમાં એટલે અસત્કલ્પનાએ ૪૦ સમયવાળા અંતર્મુહૂર્તમાં અસંખ્યાતગુણ અધિક એટલે કે ૧,૦૦,૦૦,૦૦૦ એક કરોડ કર્મદલિકો ખપાવે છે. આ પ્રમાણે અગિયારે ગુણશ્રેણીઓમાં કાળને આશ્રયી સંખ્યાતગુણહીન સંખ્યાતગુણહીન પ્રમાણવાળા અંતર્મુહૂર્તમાં જ અસંખ્યાતગુણ અધિક અસંખ્યાતગુણ અધિક એવા કર્મદલિકોને ખપાવનારી એવી આ ૧૧ ગુણશ્રેણીઓ જીવ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૧. સમ્યક્ત્વની ગુણશ્રેણી

સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત કરવા માટે તેના પૂર્વકાળમાં (મિથ્યાત્વાવસ્થામાં) યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો અને અંતઃકરણાદિ થાય છે. તેમાં અપૂર્વકરણના પ્રથમ સમયથી આયુષ્યકર્મ રહિત શેષ ૭ મૂલકર્મોની તથા તેની ઉત્તરપ્રકૃતિઓની ગુણશ્રેણી પ્રારંભાય છે. એટલે કે આ કર્મોની સત્તામાં રહેલી સ્થિતિના અગ્રિમભાગથી સ્થિતિઘાત થયેલાં એવાં અનંત-અનંતકર્મદલિકોને ત્યાંથી લાવીને (રસઘાત દ્વારા હીન રસવાળાં કરીને) ઉદયસમયથી અસંખ્યાતગુણાકારે અંતર્મુહૂર્તકાળમાત્રમાં ગોઠવીને ઉદયવતી પ્રકૃતિના દલિકોને ઉદયથી અને અનુદયવતી પ્રકૃતિઓના દલિકોને સ્તિબૂક સંક્રમથી ઉદયવતીમાં સંક્રમાવીને ઉદયવતી પ્રકૃતિ સ્વરૂપે ભોગવીને નાશ કરે છે. આ ગુણશ્રેણીનું અંતર્મુહૂર્ત અપૂર્વકરણથી પ્રારંભીને સમ્યક્ત્વ પામ્યા પછી પણ થોડો કાળ રહે છે. આ ગુણશ્રેણીમાં અપૂર્વકરણના બીજા-ત્રીજા સમયે પણ આ જ રીતે કર્મદલિકોને સ્થિતિના અગ્રિમ ભાગથી લાવવાનું અને ઉદયવતીને ઉદિતની સાથે અસંખ્યાત ગુણાકારે ગોઠવીને ભોગવવાનું અને અનુદયવતીને સ્તિબૂકથી સંક્રમાવવાનું આમ આ રીતે નાશ કરવાનું કામ ચાલુ જ રહે છે.

## ૨. દેશવિરતિની ગુણશ્રેણી

દેશવિરતિ ગુણને પ્રાપ્ત કરવા ઉદ્યમશીલ થયેલો પ્રાયઃ અવિરત સમ્યગ્દષ્ટિ જીવ યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ એમ બે કરણ કરે છે ત્યારે અપૂર્વકરણકાલથી આ વર્ધમાન પરિણામવાળો જીવ ગુણશ્રેણી કરે છે. અહીં અનિવૃત્તિકરણ કે અંતઃકરણ થતું નથી. તથા દેશવિરતિ ગુણના પ્રતાપે કર્મોની સત્તામાં રહેલી સ્થિતિમાંથી સ્થિતિઘાત, રસઘાત કરી અગ્રિમભાગથી દલિકોને તોડીને નીચેની ભોગવાતી સ્થિતિમાં અસંખ્યાતગુણાકારે દલિકરચના કરીને કર્મોનો નાશ કરે છે. આ શ્રેણી દેશવિરતિગુણના પ્રતાપે થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૩. સર્વવિરતિની ગુણશ્રેણી

આ ગુણશ્રેણી રચનાર પ્રાયઃ[1] દેશવિરતિધર શ્રાવક-શ્રાવિકા હોય છે. તેથી પૂર્વની બન્ને ગુણશ્રેણી કરતાં વધારે વિશુદ્ધિ હોય છે તે કારણથી અલ્પ કાળપ્રમાણના અંતર્મુહૂર્તમાં વધુ કર્મદલિકો ખપાવવા રૂપ અસંખ્યાત દલિકોને ગુણાકારે ગોઠવીને ગુણશ્રેણી કરે છે.

## ૪. અનંતાનુબંધિવિસંયોજનાની ગુણશ્રેણી

ચોથા ગુણસ્થાનકથી સાતમા ગુણસ્થાનક સુધીમાં યથાયોગ્ય રીતે કોઈપણ ગુણસ્થાનકમાં ચારેગતિમાં વર્તતા જીવો આ ચાર અનંતાનુબંધીનો વિનાશ કરવા સારુ આ ગુણશ્રેણી પ્રારંભે છે. આ અનંતાનુબંધીનો ક્ષય કરે છે. પરંતુ તેના બીજ ભૂત મિથ્યાત્વનો ક્ષય કરવા આ જીવ સમર્થ થતો નથી. તેથી કાલાન્તરે ફરીથી અનંતાનુબંધી બંધાવાનો અને સત્તામાં આવવાનો સંભવ છે. તેથી ફરીથી ન બંધાય અને ફરીથી સત્તામાં ન આવે તેવા ક્ષયથી આ ક્ષયને ભિન્ન સમજવા **"વિસંયોજના"** શબ્દ વાપર્યો છે.

## ૫. દર્શનમોહક્ષપકની ગુણશ્રેણી

ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે ઉદ્યમશીલ થયેલો ૪-૫-૬-૭ ગુણસ્થાનકોમાં વર્તતો, ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો, મનુષ્યગતિમાં વર્તતો જીવ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. તેમાં અપૂર્વકરણના પ્રથમ સમયથી આયુષ્ય વિનાનાં સાતકર્મોની ગુણશ્રેણી રચે છે. તથા સ્થિતિના અગ્રિમભાગથી સ્થિતિઘાત અને રસઘાતથી સ્થિતિ તોડીને તથા હીનરસવાળાં દલિકો કરીને ત્રણે દર્શનમોહનીય કર્મોની સવિશેષ ગુણશ્રેણી કરે છે. અંતે કૃતકરણાદ્ધાવાળો થઈને શેષ રહેલી સમ્યક્ત્વમોહનીયને વિપાકોદયથી ભોગવી દર્શનત્રિકનો સર્વથા ક્ષય કરીને આ જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. આ દર્શનમોહનીયની ક્ષપણાની ગુણશ્રેણી કહેવાય છે.

૧. સમ્યક્ત્વ સાથે દેશવિરતિ અથવા સર્વવિરતિ પામનાર ક્યારેક મિથ્યાત્વી પણ હોય છે. એટલે પ્રાયઃ લખ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૬. ચારિત્રમોહનીયના ઉપશમની ગુણશ્રેણી

ચારિત્રમોહનીયની (૧૨ કષાય અને ૯ નોકષાય એમ) ૨૧ કર્મપ્રકૃતિઓનો સર્વોપશમ કરવા માટે સાતમા ગુણસ્થાનકે રહેલો જીવ જ્યારે ૭-૮-૯ માં યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. ત્યારે અપૂર્વકરણ આઠમા ગુણસ્થાનકે શરૂ થાય છે. તેના પ્રથમ સમયથી જ મૂલ ૭ કર્મોની ગુણશ્રેણી પ્રારંભાય છે. તેમાં મોહનીયની ૨૧ પ્રકૃતિઓની ગુણશ્રેણી પ્રારંભાય છે. તેમાંથી નવમા ગુણસ્થાનકમાં ક્રમશઃ ભિન્ન ભિન્નકાળે મોહનીયકર્મની એક એક પ્રકૃતિ સર્વથા ઉપશાન્ત થતી જાય છે. જેથી તેની તેની ગુણશ્રેણી ત્યાં ત્યાં વિરામ પામતી જાય છે. અને આયુષ્ય તથા મોહનીય વિના શેષ ૬ મૂલકર્મોની ગુણશ્રેણી (જોકે મૂલ ૬ કર્મોની ગુણશ્રેણી અગિયારમે ગુણસ્થાનકે પણ) ચાલુ જ રહે છે. કારણ કે શેષ ૬ કર્મો સર્વથા ઉપશાન્ત કે નષ્ટ થયાં નથી. તેથી ગુણશ્રેણી ચાલુ જ રહે છે. પરંતુ તે ગુણશ્રેણી ઉપશમકને બદલે ઉપશાન્તની કહેવાય છે. છઠ્ઠા નંબરને બદલે સાતમા નંબરની ગુણશ્રેણી ગણાય છે. અગિયારમા ગુણસ્થાનકે અતિશય વધારે વિશુદ્ધિ થવાથી અલ્પકાળમાં અધિકદલિકોના ક્ષયવાળી તે ગુણશ્રેણી બને છે.

## ૭. ઉપશાન્તમોહની ગુણશ્રેણી

આ ગુણશ્રેણી અગિયારમા ગુણસ્થાનકે જ હોય છે. અને આયુષ્ય તથા મોહનીય વિના શેષ ૬ કર્મોની જ હોય છે. સ્થિતિના અગ્રિમ ભાગથી ઉતારેલાં દલિકોની ઉદયસમયથી અંતર્મુહૂર્તમાં રચના ક્રમશઃ અસંખ્ય ગુણાકારે કરે છે. પરંતુ સ્થિતિના અગ્રિમભાગથી દલિકોને ઉતારવાની પ્રક્રિયા દરેક સમયોમાં સરખી હોય છે. કારણ કે અહીં વર્ધમાન પરિણામ નથી. પરંતુ અવસ્થિતપરિણામ છે. એટલે પ્રતિસમયે ઉપરથી દલિકો લાવવાની સંખ્યા સમાન છે. અગિયારમાના અંતે અવશ્ય હીનમાન પરિણામ થાય જ છે. કારણ કે અગિયારમા ગુણસ્થાનકેથી નિયમા પતન થાય છે. જો આ ભવનું આયુષ્ય ક્ષય ન થાય તો ક્રમશઃ પડે છે. અને આયુષ્યક્ષય થાય તો મૃત્યુ પામતાંની સાથે જ આ જીવ ચોથા ગુણસ્થાનકે આવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ૮. ચારિત્રમોહ ક્ષપકની ગુણશ્રેણી

સાતમા અપ્રમત્તગુણસ્થાનકે વર્તનારા જીવો જ્યારે ક્ષપકશ્રેણી પ્રારંભવા માટે ૭-૮-૯ માં યથાપ્રવૃત્તાદિ ૩ કરણો કરે છે. ત્યારે આઠમા ગુણસ્થાનકે અપૂર્વકરણ કરે છે. ત્યારે પ્રથમ સમયથી આયુષ્ય વિનાનાં સાતકર્મોની અને મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓની ગુણશ્રેણી રચાય છે. કે જે નવમા ગુણસ્થાનકમાં પોત પોતાની સત્તાના વિચ્છેદને અનુસરીને ભિન્ન ભિન્ન કાળે અટકે છે. સંજ્વલન લોભની ગુણશ્રેણી દસમે ગુણસ્થાનકે પણ ચાલુ રહે છે. દસમાનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સર્વ અપવર્તના વડે લોભને અપવર્તાવી દસમા ગુણસ્થાનકના કાળપ્રમાણ જ્યારે કરે છે. ત્યારે ગુણશ્રેણી વિરામ પામે છે. બાકીના છ કર્મોની ગુણશ્રેણી દસમાના ચરમસમય સુધી તથા બારમે પણ ચાલુ જ રહે છે. પરંતુ આ શેષ છ કર્મોની ઉત્તરપ્રકૃતિઓમાં જેની જેની સત્તા વચ્ચે વચ્ચે ક્ષય પામતી જાય છે. તેની તેની ગુણશ્રેણી ત્યાં ત્યાં વિરામ પામતી જાય છે.

જૈન સાઈટ JAINSITE.com જિનશાસનમ્

## ૯. ક્ષીણમોહની ગુણશ્રેણી

આયુષ્યકર્મ અને મોહનીયકર્મ વિના શેષ ૬ કર્મોની ક્ષીણમોહના વિશિષ્ટ નિમિત્તજન્ય ગુણશ્રેણી બારમાના પ્રથમસમયથી શરૂ થાય છે. ત્યાં પ્રતિસમયે વર્ધમાન પરિણામ હોવાથી અસંખ્યગુણ અધિક અધિક કર્મદલિકોનું ઉતારવાનું કાર્ય હોય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય આ ત્રણ કર્મોની ગુણશ્રેણી બારમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે સર્વાપવર્તના વડે આ ૩ કર્મોને અપવર્તાવીને બારમા ગુણસ્થાનકના કાળપ્રમાણ કરે છે. ત્યાં સુધી ગુણશ્રેણી પ્રવર્તે છે. ત્યારબાદ વિરામ પામે છે અને નામ-ગોત્ર તથા વેદનીયકર્મની ગુણશ્રેણી બારમાના ચરમસમય સુધી ચાલે છે. (જો કે આ ત્રણ કર્મની ગુણશ્રેણી તો તેરમે પણ ચાલુ જ રહે છે. પરંતુ તે સયોગીકેવલીજન્ય ગુણશ્રેણી કહેવાય છે. નવમીને બદલે દસમી ગુણશ્રેણી કહેવાય છે.)

## ૧૦. સયોગીકેવલી ગુણશ્રેણી

આ ગુણશ્રેણી વેદનીય, નામ અને ગોત્રકર્મ સંબંધી હોય છે. અહીં ૧ થી ૧૦ ગુણશ્રેણીઓમાં બે પ્રક્રિયાઓ હોય છે. (૧) સ્થિતિઘાતાદિ દ્વારા સત્તાગતસ્થિતિના અગ્રિમભાગથી દલિકોને ઉતારીને ઉદયસમયથી ક્રમશઃ અસંખ્યાતગુણાકારે **દલિકપ્રક્ષેપ કરવો** અર્થાત્ દલરચના કરવી તે. અને (૨) ઉદયસમયથી અસંખ્યાતગુણાકારે ગોઠવેલાં તે કર્મદલિકોની નિર્જરા કરવી તે. આ ૧ થી ૧૦ ગુણશ્રેણીઓ સયોગી જીવોમાં હોય છે. તેથી તેમાં ઉપરોક્ત બન્ને પ્રક્રિયાઓ હોય છે. ૮૩મી ગાથામાં ગુણશ્રેણીની આ જ વ્યાખ્યા સમજાવી છે કે સ્થિતિના અગ્રિમભાગથી લાવેલા કર્મદલિકોની ઉદયસમયથી ક્રમશઃ અસંખ્યાતગુણાકારે જે દલરચના કરવી અને તેનો ક્ષય કરવા રૂપ નિર્જરા કરવી તે ગુણશ્રેણી કહેવાય છે.

પરંતુ હવે કહેવાતી અન્તિમ અગિયારમી ગુણશ્રેણી યોગરહિત એવા કેવલી ભગવંતોને હોય છે. તેથી ઉપરથી દલિકોને ઉતારવા. સ્થિતિઘાતાદિ કરવા અને ક્રમશઃ અસંખ્યાતગુણાકારે દલપ્રક્ષેપ કરવો તે પ્રથમપ્રક્રિયા હોતી નથી. માત્ર ગોઠવાયેલા કર્મદલિકોની નિર્જરા કરવા રૂપ બીજી પ્રક્રિયા વાળી જ અગિયારમી ગુણશ્રેણી હોય છે.

## ૧૧ અયોગી કેવલીની ગુણશ્રેણી

અહીં સ્થિતિના અગ્રિમભાગથી દલિકોને ઉતારીને પ્રદેશોની રચના કરવા રૂપ ગુણશ્રેણી હોતી નથી. પરંતુ ક્રમશઃ અસંખ્યાતગુણ અધિક અધિકપણે જે કર્મદલિકો પૂર્વની ગુણશ્રેણીઓથી ઉતારીને ગોઠવાયાં છે તે કર્મદલિકોની નિર્જરા કરવા રૂપ આ છેલ્લી ગુણશ્રેણી હોય છે.

આ પ્રમાણે ૧૧ ગુણશ્રેણીઓનું વર્ણન સમજાવ્યું. ॥૮૨-૮૩॥

## ૧૧ ગુણશ્રેણીઓનો સાર

(૧) સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ ગુણો પ્રાપ્ત કરતી વેળાએ ગુણો પ્રાપ્ત કર્યા પૂર્વે અને પ્રાપ્ત કર્યા પછી ગુણશ્રેણી થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) ગુણશ્રેણીનો કાળ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એમ બે કરણોના બે અન્તર્મુહૂર્તથી કંઈક અધિક હોય છે.

(૩) સ્થિતિના અગ્રિમભાગથી ઉતારેલું દલિક ઉદયવતી પ્રકૃતિઓનું ઉદયસમયથી અને અનુદયવતી પ્રકૃતિઓનું દલિક ઉદયાવલિકા પ્રમાણ સ્થિતિને ત્યજીને ક્રમસર અસંખ્યાતગુણાકારે ગોઠવાય છે.

(૪) દરેક ગુણશ્રેણીઓ અપૂર્વકરણથી જ શરૂ થાય છે. યથાપ્રવૃત્તકરણમાં ગુણશ્રેણીઓનો પ્રારંભ થતો નથી.

(૫) પ્રથમ સમયે ઉતારેલાં દલિકોનો બે અંતર્મુહૂર્તથી કંઈક અધિક સ્થાનોમાં દલિક નિક્ષેપ અસંખ્યાત ગુણાકારે કરે છે. ત્યારબાદ બીજા-ત્રીજા અને ચોથા સમયથી એ જ શેષ રહેલાં સ્થાનોમાં દલિક નિક્ષેપ કરે છે. સાતમી ગુણશ્રેણીમાં અવસ્થિત પરિણામ હોવાથી કંઈક વિશેષતા છે.

(૬) ગુણશ્રેણીથી ગોઠવેલાં કર્મોનો જે નાશ કરે છે તેને નિર્જરા કહેવાય છે.

(૭) અયોગી ગુણઠાણે યોગ ન હોવાથી સ્થિતિઘાતાદિ કાર્ય થતાં નથી. કારણ કે પૂર્વકાળમાં સર્વ અપવર્તના વડે સ્થિતિને અપવર્તાવીને ચૌદમા ગુણસ્થાનકના કાલપ્રમાણ જ સ્થિતિ કરેલ છે.

પૂર્વની ૮૩મી ગાથામાં ૧૧ ગુણશ્રેણીઓમાં વર્તતા જીવો ક્રમશઃ અસંખ્યગુણ નિર્જરાવાળા છે. એમ કહ્યું છે. આવા પ્રકારના ગુણોની પ્રાપ્તિ તે ગુણસ્થાનક કહેવાય છે. તેવાં ગુણસ્થાનકો શાસ્ત્રોમાં ૧૪ કહ્યાં છે. આવા પ્રકારનાં આ ૧૪ ગુણસ્થાનકો એકવાર જીવને પ્રાપ્ત થયા પછી ફરીથી કાળાન્તરે કેટલો કાળ ગયે છતે પ્રાપ્ત થાય ? તે જણાવવા માટે પ્રસંગવશ ૧૪ ગુણસ્થાનકોનું જઘન્ય ઉત્કૃષ્ટ અંતર હવે જણાવે છે. ।।૮૨-૮૩।।

**पलियासंखंसमुहू सासणइयरगुण अंतरं हस्सं ।**
**गुरु मिच्छि बे छसट्ठी, इयरगुणे पुग्गलद्धंतो ।। ८४ ।।**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(पल्यासंख्यांशान्तर्मुहूर्ते सास्वादनेतरगुणयोरन्तरं ह्रस्वम् ।
गुरु मिथ्यात्वे द्वे षट्षष्टी, इतरगुणेषु पुद्गलार्धान्तः ॥ ८४॥)

**શબ્દાર્થ- पलियासंखंसमुहू**=પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્ત, **सासणइयरगुण**=સાસ્વાદન અને ઈતરગુણ સ્થાનકોનો, **अंतरं**= વિરહકાળ, **हस्सं**=જઘન્ય, **गुरु**=ઉત્કૃષ્ટ, **मिच्छि**=મિથ્યાત્વગુણસ્થાનકમાં, **बे छसट्ठी**=બેવાર છાસઠ સાગરોપમ, **इयरगुणे**=બાકીના ગુણસ્થાનકોમાં, **पुग्गलद्धंतो**=અર્ધપુદ્ગલ પરાવર્તની અંદર કંઈક ન્યૂન કાળ ॥૮૪॥

**ગાથાર્થ** - સાસ્વાદન અને બાકીનાં ગુણસ્થાનકોનો જઘન્ય વિરહ કાળ અનુક્રમે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને અંતર્મુહૂર્તનો સમજવો. તથા ઉત્કૃષ્ટ વિરહકાળ મિથ્યાત્વમાં બે છાસઠ (૧૩૨) સાગરોપમ અને બાકીના ગુણસ્થાનકોનો અર્ધ પુદ્ગલ પરાવર્તનની અંદરનો કાળ જાણવો. ॥૮૪॥

**વિવેચન** - મૂળગાથામાં પલ્ય (પલિય) શબ્દ હોવા છતાં પણ અહીં તેનો અર્થ પલ્યોપમ કરવો. જેમ કે ૨૪મા પ્રભુનું નામ મહાવીર હોવા છતાં વીર પણ કહેવાય છે. સાસ્વાદન નામના બીજા ગુણસ્થાનકનો વિરહકાળ (એક વાર સાસ્વાદન આવ્યા પછી ફરીથી બીજી વાર સાસ્વાદન આવતાં વચ્ચેનો કાળ) જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે.

જે જીવ અનાદિકાળથી મિથ્યાદૃષ્ટિ છે તે જીવ, તથા જે જીવ એકવાર ઉપશમસમ્યક્ત્વ પામીને પડીને મિથ્યાત્વે આવ્યો છે અને સત્તામાં રહેલી સમ્યક્ત્વ મોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના (નિઃસત્તાક્તા) કરી લીધી છે. તે જીવ, આ પ્રમાણે મોહનીયકર્મની ૨૬ની સત્તાવાળા ઉપરોક્ત બન્ને જીવો (માંથી કોઈપણ જીવ) યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરીને અંતઃકરણ કર્યે છતે ઉપશમસમ્યક્ત્વ પામે છે. અંતર્મુહૂર્તકાળ ઉપશમસમ્યક્ત્વમાં વર્તીને જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા શેષ હોય ત્યારે અનંતાનુબંધીનો ઉદય થવાથી સાસ્વાદને જાય છે. ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એક સમયથી ઉત્કૃષ્ટપણે છ આવલિકા કાળ રહીને મિથ્યાત્વે જાય છે. મિથ્યાત્વે ગયા પછી ફરીથી યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ અને અંતરકરણ કરે તથા ઉપશમ સમ્યક્ત્વ પામે તો જ બીજી વાર સાસ્વાદનભાવ પામી શકે છે. પરંતુ બીજી વાર તે ત્રણ કરણ-અંતરકરણ અને ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ જઘન્યથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ ગયે છતે જ થાય છે. તેનાથી અલ્પકાળમાં થતી નથી. તેથી સાસ્વાદનનો જઘન્ય પણ વિરહકાળ આટલો કહ્યો છે.

**પ્રશ્ન** – એક વાર સાસ્વાદનભાવ પામીને પડીને જ્યારે મિથ્યાત્વે જાય ત્યારે પુનઃ બીજીવાર ત્રણકરણ-અંતરકરણ અને ઉપશમની પ્રાપ્તિમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ શા માટે મિથ્યાત્વે રહેવું પડતું હશે ? અંતર્મુહૂર્તકાળમાં જ ઉપરોક્ત વિધિ કરીને પુનઃ ઉપશમ તથા સાસ્વાદન શું ન પામી શકે ?

**ઉત્તર**- ના, અંતર્મુહૂર્ત કાળમાં ઉપશમ સમ્યક્ત્વ તે જીવ પામી શકતો નથી. તેનું કારણ એ છે કે જ્યારે પ્રથમવાર ઉપશમસમ્યક્ત્વ અને સાસ્વાદન ભાવ પામીને પડીને જીવ મિથ્યાત્વે આવે છે. ત્યાર પછી સત્તામાં રહેલી સમ્યક્ત્વમોહનીય અને મિશ્ર-મોહનીયની આ જીવ ઉદ્વલના શરૂ કરે છે. કમ્મપયડી આદિ ગ્રંથોમાં કહ્યા પ્રમાણે સમ્યક્ત્વમોહનીય અને મિશ્રમોહનીયકર્મના દલિકોને વધારે રસવાળાં કરીને મિથ્યાત્વ મોહનીયરૂપે બનાવે છે. તેને જ ઉદ્વલના સંક્રમ કહેવાય છે. ત્યાં સમ્યક્ત્વમોહનીયની ઉદ્વલના કરતાં પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. અને મિશ્ર મોહનીયની ઉદ્વલના કરતાં સમકિત મોહનીયની ઉદ્વલના થઈ રહ્યા બાદ પણ પલ્યોપમનો બીજો એક અસંખ્યાતમો ભાગ લાગે છે. એટલે કે કુલ બે અસંખ્યાતમા ભાગ જેટલો કાળ થાય છે. તો પણ અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ હોવાથી બન્નેનો મળીને પણ પલ્યોપમનો એક અસંખ્યાતમો ભાગ કહેવાય છે. તેટલો કાળ ગયે છતે સમકિતમોહનીય અને મિશ્રમોહનીય એમ બન્નેની ઉદ્વલના પૂર્ણ થયે છતે (નિઃસત્તાકીભૂત થયે છતે) મોહનીયકર્મની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨૬ની સત્તાવાળો થયેલો જીવ ત્રણ કરણ તથા અંતઃકરણ કરીને પુનઃ ઉપશમસમ્યક્ત્વ પામીને સાસ્વાદને આવે છે. આ પ્રમાણે એકવાર સાસ્વાદન પામ્યા પછી બીજીવાર સાસ્વાદન આવતાં આટલો વિરહકાળ ઓછામાં ઓછો (જઘન્યથી) પણ લાગે છે.[1]

**પ્રશ્ન** - એકવાર સાસ્વાદન પામીને મિથ્યાત્વે જઈને સમકિત-મિશ્રમોહનીયની ઉદ્વલના કરતાં કરતાં જ ઉદ્વલના પૂર્ણ કર્યા વિના જ અંતર્મુહૂર્ત માત્ર રહીને ત્રણ કરણાદિ કરીને ઉપશમ પામીને સાસ્વાદને આવે તો પલ્યોપમના અસંખ્યાતમા ભાગને બદલે જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ ઘટી શકે છે. તો તે પ્રમાણે કેમ ન કહ્યું ?

**ઉત્તર** - સમકિતમોહનીય અને મિશ્રમોહનીયની ઉદ્વલના પૂર્ણ થયા વિના, તે બન્નેમાંની એકની પણ સત્તા હોતે છતે પુનઃ ઉપશમ પામી શકાતું નથી. માટે અંતઃર્મુહૂર્તનો કાળ કહેલ નથી. આ જ કર્મગ્રંથની સ્વોપજ્ઞટીકામાં કહ્યું છે કે- न च तयोः सत्तायां वर्तमानयोः पुनरौपशमिकसम्यक्त्वं लभते, तदभावात् सास्वादनं दूरापास्तमेव ॥ તે બન્ને પ્રકૃતિઓની સત્તા હોતે છતે જીવ ઔપશમિકસમ્યક્ત્વ પામતો નથી, અને ઔપશમિકના અભાવથી સાસ્વાદનની પ્રાપ્તિની વાત તો દૂર જ રહી જાય છે. અર્થાત્ દૂર જ રહે છે.

---

૧ મિથ્યાદૃષ્ટિ જીવ જે પ્રકૃતિઓની ઉદ્વલના કરે તેમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે. સમ્યક્ત્વમોહનીય, મિશ્રમોહનીય, દેવદ્વિક, નરકદ્વિક, વૈક્રિયસપ્તક, આહારકસપ્તક, મનુષ્યદ્વિક અને નીચગોત્ર આટલી પ્રકૃતિઓની ઉદ્વલનામાં પલ્યો.નો અસં. ભાગ કાળ થાય તથા સમ્યગ્દષ્ટિ જીવને આહારક સપ્તકની ઉદ્વલનામાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. શ્રેણીમાં ઉદ્વલનાયોગ્ય જે પ્રકૃતિઓ છે. તેમાં અંતર્મુહૂર્ત કાળ થાય છે. તથા ઉપશમસમ્યક્ત્વ પામીને પડીને પહેલે ગુણઠાણે આવ્યા બાદ ચાતુર્ગતિકલભ્ય એવું શ્રેણી વિનાનું ઉપશમ-સમ્યક્ત્વ બીજીવાર પામવું હોય તો જ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કાળ લાગે છે. પરંતુ ઉપશમસમ્યક્ત્વને બદલે ક્ષયોપશમ સમ્યક્ત્વ પામવું હોય તો પહેલા ગુણસ્થાનકે અંતર્મુહૂર્તમાત્ર રહીને પણ પામી શકાય છે. પરંતુ ક્ષયોપશમસમ્યક્ત્વ પામનારો જીવ સાસ્વાદનભાવ પામતો નથી. તેથી તેને આશ્રયીને સાસ્વાદનનો વિરહકાળ ઘટતો નથી. અને ઉપશમને આશ્રયીને જ ઘટે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન**- બીજા કર્મગ્રંથમાં ચૌદગુણસ્થાનકોના વર્ણન પ્રસંગે મિથ્યાત્વગુણસ્થાનકનો જઘન્યકાળ અંતર્મુહૂર્ત કહેલો છે, તેથી મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર રહીને પણ પુનઃ સમ્યક્ત્વ પામી શકે છે. તો પહેલે ગુણસ્થાનકે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ જ રહે એમ કેમ કહો છો ? તથા આ જ ગાથાના इयरगुण अंतरं हस्सं એ પદમાં બાકીનાં ગુણસ્થાન-કોનો જઘન્યવિરહકાળ અંતર્મુહૂર્ત છે. આ વાત સમજાવતાં સ્વોપજ્ઞ ટીકામાં જ કહ્યું છે કે, કોઇ જીવ ઉપશમશ્રેણીમાં આરૂઢ થયો છતો ઉપશાન્તાવસ્થા પામીને પડ્યો છતો યાવત્ મિથ્યાત્વે જાય છે. ત્યાં અંતર્મુહૂર્ત માત્ર રહીને **ફરીથી તે જ ઉપશાન્તમોહ** સુધીનાં ગુણસ્થાનકો ઉપર ચઢે છે. ત્યારે જઘન્ય વિરહકાળ શેષગુણસ્થાનકોનો અંતર્મુહૂર્ત ઘટે છે. તો આવા પ્રકારનો જીવ બીજીવાર ઉપશમ સમ્યક્ત્વ અંતર્મુહૂર્તે પણ પામી શકતો હોવો જોઇએ અને તે જીવ જો સાસ્વાદને જાય તો જઘન્યવિરહકાળ અંતર્મુહૂર્ત પણ ઘટી શકે છે. સ્વોપજ્ઞટીકાનો તે પાઠ આ પ્રમાણે છે- तथाहि-कश्चिज्जीव उपशमश्रेण्यारुढः सन्नुपशान्तत्वमपि संप्राप्य प्रतिपतितो मिथ्यादृष्टित्वं यावदाप्नोति, ततो भूयोऽप्यन्तर्मुहूर्तेन तान्येवो-पशान्तगुणस्थानान्तानि यदारोहति तदा शेषाणां सास्वादनमिश्रगुणस्थानक-वर्जितानां गुणस्थानकानां प्रत्येकं जघन्यत आन्तर्मौहुर्तिकमन्तरं भवति । एकस्मिंश्च भवे वारद्वयमुपशमश्रेणिकरणं समनुज्ञातमेव ॥

આ પાઠ ઉપરથી અને યુક્તિથી પણ મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર રહીને પુનઃ ઉપશમની પ્રાપ્તિ કહેલી જણાય છે. તો સાસ્વાદનનો વિરહકાળ પણ અંતર્મુહૂર્ત કેમ ન હોઇ શકે ?

**ઉત્તર** - ઉપશમશ્રેણીથી પડીને મિથ્યાત્વે આવેલા જીવો ફરીથી ઉપશમશ્રેણી માંડવા માટે જે પુનઃ ઉપશમસમ્યક્ત્વ પામે છે. તે મિથ્યાત્વે અંતર્મુહૂર્ત માત્ર રહીને પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ પામે છે. અને ત્યારબાદ શ્રેણિમાં ચઢવા માટે જ ઉપશમ સમ્યક્ત્વ પામી શકે છે. અને તેઓ ઉપશમશ્રેણી માંડીને પડતાં સાસ્વાદને પણ આવે છે. અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી આ પ્રમાણે સાસ્વાદનનો વિરહકાળ અંતર્મુહૂર્ત પણ હોઈ શકે છે. પરંતુ આ ઉપશમસમ્યક્ત્વ માત્ર મનુષ્યભવમાં પ્રાપ્ત થતું હોવાથી અતિશય અલ્પવિષયવાળું હોવાથી અહીં તેની વિવક્ષા કરી નથી. પરંતુ અનાદિ મિથ્યાત્વી જીવો જે ચારે ગતિમાં વર્તનારા છે. અને ત્રણ કરણો તથા અંતરકરણ કરવાપૂર્વક અનેકવાર શ્રેણી વિનાનું ઉપશમ પામે છે. અને પડીને વારંવાર સાસ્વાદને આવે છે. તેવા ચતુર્ગતિવર્તી જીવોની અપેક્ષાએ જ આ વિરહકાળની વિચારણા કરેલી છે. સ્વોપજ્ઞ ટીકમાં કહ્યું છે કે -

નન્વેકદોપશમશ્રેણેઃ પ્રતિપતિતઃ સાસ્વાદનભાવમનુભૂય યદા પુનરપ્યન્તર્મુહૂર્તેનૈતામેવોશમશ્રેણિં પ્રતિપદ્ય તતઃ પ્રતિપતિતઃ સાસ્વાદનભાવં લભતે, તદા જઘન્યતોऽલ્પમેવાન્તરં લભ્યતે, તત્કિમિતિ પલ્યોપમાસંખ્યેયભાગો જઘન્યમન્તરમિત્યુક્તમ્ ? સત્યમ્, ઉપશમશ્રેણેઃ પ્રતિપતિતો યઃ સાસ્વાદનત્વં ગચ્છતિ સ કેવલં મનુજગતિભાવિત્વેનાલ્પત્વાન્નેહ વિવક્ષિત ઇતીતરસ્યૈવ પ્રભૂતસ્ય ચતુર્ગતિવર્તિત્વાદન્તરાલચિન્તેતિ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉપરોક્ત શાસ્ત્રપાઠોથી જણાય છે કે મનુષ્યગતિ માત્રમાં જ લભ્ય એવા ઉપશમશ્રેણી સંબંધી ઉપશમસમ્યક્ત્વને આશ્રયી જઘન્યથી અંતર્મુહૂર્તનો પણ વિરહકાળ હોઈ શકે છે તથા શ્રેણી વિનાનું અને ચારે ગતિમાં લભ્ય એવું ઉપશમસમ્યક્ત્વ અનાદિમિથ્યાત્વી અથવા ઉદ્વલિત સમ્યક્ત્વ-મિશ્ર-પૂંજવાળો જીવ અનેકવાર ઉપશમ પામી શકે છે અને અનેકવાર સાસ્વાદને આવી શકે છે તેથી શાસ્ત્રોમાં પાંચવાર જ ઉપશમસમ્યક્ત્વ આવે એવી જે ઘોષણા છે. તે શ્રેણી વિનાના ઉપશમને જાતિ આશ્રયી એક વાર લેવાથી સમજવી. આ પ્રમાણે સાસ્વાદનનો વિરહકાળ જઘન્યથી પણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હોય છે. તે સમજાવ્યું.

इयरगुण अंतरं हस्सं = અહીં **ઈતર** શબ્દથી બાકીનાં ગુણસ્થાનકો એટલે કે મિથ્યાત્વ ગુણસ્થાનક તથા મિશ્રાદિ ગુણસ્થાનકો લેવાં. તેમાં પણ ક્ષીણમોહ, સયોગીકેવલી અને અયોગીકેવલી ગુણસ્થાનકો ફક્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકવાર જ આવે છે. અને તે પણ અન્તિમભવમાં જ આવે છે. બે વાર કદાપિ આવતાં જ નથી. તેથી તેનો વિરહકાળ સંભવતો નથી. માટે બાકીનાં ૧૦ ગુણસ્થાનકોનો જઘન્યથી વિરહકાળ અંતર્મુહૂર્ત સમજવો. તે આ પ્રમાણે છે. મિથ્યાત્વી જીવ મિથ્યાત્વ છોડીને સમ્યક્ત્વ પામીને સમ્યક્ત્વકાળમાં અંતર્મુહૂર્ત માત્ર રહીને પાછો મિથ્યાત્વે આવે ત્યારે મિથ્યાત્વગુણસ્થાનકનો વિરહકાળ અંતર્મુહૂર્ત ઘટી શકે છે. તેવી જ રીતે મિથ્યાત્વથી અથવા સમ્યક્ત્વથી મિશ્ર ગુણસ્થાનકે આવી પુનઃ મિથ્યાત્વાવસ્થા અથવા સમ્યક્ત્વાવસ્થા પામી ત્યાં અંતર્મુહૂર્ત માત્ર રહીને અધ્યવસાયોની પરાવૃત્તિને લીધે ફરીથી મિશ્રે આવતાં મિશ્રગુણસ્થાનકનો પણ જઘન્યથી વિરહકાળ અંતર્મુહૂર્ત ઘટી શકે છે તથા અવિરતિથી ઉપશાન્તમોહ ગુણસ્થાનક સુધી ચઢતાં-પડતાં સર્વે ગુણસ્થાનકોનો સ્પર્શ થતાં અને શ્રેણીનો કાળ અંતર્મુહૂર્ત માત્ર જ હોવાથી આ સર્વે ગુણસ્થાનકોનો જઘન્ય વિરહકાળ અંતર્મુહૂર્ત ઘટી શકે છે. બારમા-તેરમા અને ચૌદમા ગુણસ્થાનકોની પ્રાપ્તિ ફક્ત એક જ વાર હોવાથી તેઓનો વિરહકાળ નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

### હવે ઉત્કૃષ્ટવિરહકાળ આ પ્રમાણે છે.

**गुरु मिच्छि बे छसट्ठि** જે જીવ મિથ્યાત્વાવસ્થા અનુભવી ઉપશમ-સમ્યક્ત્વ પામીને ક્ષયોપશમસમ્યક્ત્વવાળો થાય. અને તે સમ્યક્ત્વમાં જ વર્તે તો ગાથા ૫૭-૫૮માં કહ્યા પ્રમાણે ૧૩૨ સાગરોપમ તથા પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા કેટલાક મનુષ્યભવ અધિક કાળ રહે છે. તે આ પ્રમાણે-પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળો મનુષ્ય સમ્યક્ત્વ પામી સર્વવિરતિ ગ્રહણ કરી તેત્રીસ તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા અનુત્તરવાસી દેવના બે ભવો કરી વચ્ચે અંતર્મુહૂર્ત મિશ્રભાવ અનુભવી બાવીસ બાવીસ સાગરોપમના અચ્યુત દેવલોકના ત્રણ ભવો કરી મનુષ્યભવમાં આવી મિથ્યાત્વે જાય અથવા મોક્ષે જાય. આ પ્રમાણે મિથ્યાત્વ વિના ૬૬+૬૬=૧૩૨ સાગરોપમ તથા વચ્ચે

વચ્ચેના પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા મનુષ્યના ભવ અધિક. એટલો કાળ પસાર કરે છે. તેથી તેટલો વિરહકાળ ઉત્કૃષ્ટથી મિથ્યાત્વ ગુણસ્થાનકનો જાણવો. અહીં ઉત્કૃષ્ટ વિરહકાળ લેવો છે. એટલે વચ્ચે થનારા મનુષ્યના ભવો પૂર્વક્રોડ વર્ષવાળા ઉત્કૃષ્ટાયુષ્યના લીધા છે.

इयरगुणे पुग्गलद्धंतो=બાકીનાં સાસ્વાદનથી ઉપશાન્તમોહ સુધીનાં ૧૦ ગુણસ્થાનકોનો ઉત્કૃષ્ટવિરહકાળ અર્ધપુદ્ગલ પરાવર્તની અંદર (કંઇક ન્યૂન) જાણવો.

બીજું, ત્રીજું અને ચોથું ગુણસ્થાનક સમ્યક્ત્વને આધીન છે. પાંચમું, છઠ્ઠું અને સાતમું ગુણસ્થાનક સમ્યક્ત્વસહિત દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રને આધીન છે. અને આઠમાથી અગિયારમા સુધીનાં ગુણસ્થાનકો શ્રેણીને આધીન છે. એકવાર ઉપશમશ્રેણી માંડીને ચઢતાં-પડતાં સર્વગુણસ્થાનકો પ્રાપ્ત કરીને જે જીવ મિથ્યાત્વે જાય છે. અને ત્યાં જઇ ઘોર આશાતનાઓ તથા મહા ભયંકર પાપો કરે છે. તે જીવ વધુ કાળ મિથ્યાત્વમાં જ રહે છે. ઉપરનાં ગુણસ્થાનકો જલ્દી પામતો નથી. એવો કાળ વધુમાં વધુ અર્ધ પુદ્ગલ પરાવર્તની અંદર કંઇક ન્યૂન અર્થાત્ દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તનકાળ મિથ્યાત્વે જ રહે છે. એમ શાસ્ત્રોમાં કહ્યું છે તેથી તેટલા કાળે તો આ જીવ ફરીથી સમ્યક્ત્વ નિયમા પામે જ છે. અને શ્રેણી માંડવા દ્વારા ફરીથી સર્વ ગુણસ્થાનકો આ જીવ પામે છે. તેથી સર્વે ગુણસ્થાનકોનો વિરહકાળ ઉત્કૃષ્ટથી દેશોન અર્ધપુદ્ગલપરાવર્તન જાણવો. મૂળગાથામાં पुग्गलद्धंतो જે શબ્દ છે તેમાં पुद्गल=अर्ध-अन्तः શબ્દ છે. છેલ્લા अन्तः શબ્દનો અર્થ **અંદર** કરવો. એટલે કે અર્ધપુદ્ગલ પરાવર્તનની અંદર અર્થાત્ કંઇક ન્યૂન અર્ધપુદ્ગલપરાવર્તન એવો અર્થ કરવો. ॥૮૪॥

અહીં સાસ્વાદનગુણસ્થાનકનો વિરહકાળ જઘન્યથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યો છે. તેથી પલ્યોપમ એટલે શું? તથા પ્રસંગવશાત્ સાગરોપમ એટલે શું? તેના ભેદો કેટલા? તે વિષય ગ્રંથકારશ્રી સમજાવે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**उद्धारअद्धखित्तं, पलिय तिहा समयवाससयसमए।**
**केसवहारो दीवोदहि आउतसाइपरिमाणं ॥ ८५॥**

(उद्धाराद्धाक्षेत्राणि पल्यानि त्रिधा समयवर्षशतसमयेषु ।
केशापहारो द्वीपोदध्यायुस्त्रसादिपरिमाणानि ॥ ८५ ॥)

**શબ્દાર્થ** - **उद्धारअद्धखित्तं**=ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્રના ભેદથી, **पलिय**=પલ્યોપમ, **तिहा**=ત્રણ પ્રકારે હોય છે, **समयवाससयसमये**= એક એક સમયમાં, સો સો વર્ષોમાં અને એક એક સમયમાં, **केसवहारो**= વાલાગ્રનો અપહાર કરીએ તો, **दीवोदहि**=દ્વીપસમુદ્રનું પરિમાણ, **आउ**= આયુષ્યનું માપ અને, **तसाइपरिमाणं**=ત્રસાદિ જીવોનું પરિમાણ મપાય છે. ાા૮૫ાા

जैन साईट JAINSITE .com

**ગાથાર્થ**- સમયે સમયે, સો સો વર્ષે અને સમયે સમયે કૂવામાંના વાલાગ્રનો અપહાર કરવાથી અનુક્રમે **ઉદ્ધાર, અદ્ધા** અને **ક્ષેત્ર** એમ ત્રણ પ્રકારનું પલ્યોપમ થાય છે. તે ત્રણ વડે અનુક્રમે દ્વીપસમુદ્રનું માપ, આયુષ્યનું માપ, તથા ત્રસાદિ જીવોનું માપ મપાય છે. ાા૮૫ાા

**વિવેચન** - ધાન્યભરવાની पल्य=પાલીની અથવા पल्य=કૂવાની ઉપમાવાળો જે કાળ તે पल्योपम. उद्धार=ખેંચવું. જેમાં સમયે સમયે વાલાગ્રોને **ખેંચવાની** ઉપમા છે. તે ઉદ્ધારપલ્યોપમ. अद्धा=કાળ, જેમાં વાલાગ્રોને ખેંચવામાં **સો સો વર્ષના કાળની** પ્રધાનતા છે. તે અદ્ધાપલ્યોપમ અને क्षेत्र=આકાશ અથવા આકાશપ્રદેશો. જેમાં સમયે સમયે આકાશપ્રદેશોને ખેંચવાની વિવક્ષા છે તે ક્ષેત્રપલ્યોપમ. પલ્યોપમ અને સાગરોપમનું માપ અપરિમિત છે એટલે આંક દ્વારા વાસ્તવિક માપ સમજાવી શકાતું નથી. પરંતુ શાસ્ત્રકારોએ તે માપ સમજાવવા જુદી જુદી ત્રણ ઉપમાઓ આપીને આ માપ સમજાવ્યું છે તે સ્વરૂપ આ પ્રમાણે છે. આ ત્રણે પલ્યોપમ અને સાગરોપમ સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે બે પ્રકારે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) **બાદર ઉદ્ધાર પલ્યોપમ** ઉત્સેધાંગુલના માપથી એક યોજન લાંબો-પહોળો અને ઊંડો ગોળ કૂવો કરવો (બુદ્ધિથી કલ્પવો.) તેમાં મનુષ્યોના માથાના વાળ (નીચે મુજબ વિધિપૂર્વકના) ભરવા. અર્થાત્ ઉત્સેધાંગુલના માપથી એક યોજન લાંબો, એક યોજન પહોળો અને બરાબર એક યોજન ઊંડો એવો વૃત્ત (તપેલી જેવો ગોળ) એક કૂવો કરવો કે જેની પરિધિ (ઘેરાવો-ગોળાકાર) ત્રણ યોજન તથા કંઈક ન્યૂન એવો એક યોજનનો છઠ્ઠો ભાગ અધિક થાય. તે કૂવામાં મનુષ્યના માથાના કેશ (વાળ) ભરવા. મસ્તક ઉપરના કેશનું સંપૂર્ણ મુંડન કરાયા બાદ ૧ થી૭ દિવસમાં ઉગેલા જે કેશ હોય તેવા કેશ વડે આ કૂવો ભરવો. ૧થી૭ દિવસમાં ઉગેલા કેશ કેવડા હોય ? તેનું માપ બતાવતાં કહ્યું છે કે ધારો કે એક અંગુલ પ્રમાણનો એક કેશ લઈએ. અને તેના સાતવાર આઠ આઠ ટુકડા કરીએ તો એક કેશના ૨૦,૯૭,૧૫૨ ટુકડા થાય. આ ટુકડાના માપવાળો ૧થી૭ દિવસમાં ઉગેલો કેશ જાણવો. તેવા કેશોથી આ એક યોજનના માપવાળો કૂવો ભરવો. તે કૂવામાં આવા વાલાગ્ર (કેશના ટુકડા) એવા ખીચોખીચ ભરવા કે જેમાં પાણી પ્રવેશી શકે નહીં, અગ્નિથી બળાય નહિ અર્થાત્ અગ્નિ પણ અંદર જાય નહિ. વાયુ પણ અંદર પ્રવેશી શકે નહીં એવા ખીચોખીચ વાલાગ્રથી ભરેલો કૂવો કરવો. (તો પણ તેમાં ભરેલા વાલાગ્રો સંખ્યાતા જ હોય. પરિમિત સંખ્યાવાળા હોવાથી તેની સંખ્યા નીકળી શકે છે. તે આ પ્રમાણે ૨૦,૯૭,૧૫૨ વાલાગ્રો એક અંગુલક્ષેત્રમાં વર્તે, તેને ૨૪ વડે ગુણવાથી એક હાથપ્રમાણ ક્ષેત્રમાં કેટલા વાલાગ્રો સમાય ? તે માપ આવે. તેનો ઘન કરવાથી લંબાઇ-પહોળાઇ અને ઊંડાઈમાં કેટલા વાલાગ્રો માય ? તે સંખ્યા આવે. તેને ચારે ગુણવાથી ધનુષ્યપ્રમાણક્ષેત્રમાં, તેને ૨૦૦૦ વડે ગુણવાથી ગાઉ પ્રમાણ ક્ષેત્રમાં અને તેને ચારે ગુણવાથી યોજન પ્રમાણક્ષેત્રમાં કેટલા વાલાગ્રો માય ? તે સંખ્યા આવે. તેને ૧૯ વડે ગુણી બાવીસ વડે ભાગવાથી વૃત્તકુવામાં કેટલા વાલાગ્રો માય ? તે નિયતસંખ્યા

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આવે. તે વાલાગ્રો આટલી સંખ્યામાં હોય છે. ૩૩૦૭,૬૨,૧૦૪,૨૪,૬૫,-૬૨૫,૪૨,૧૯,૯૬૦,૯૭,૫૩,૬૦૦ આટલા ક્રોડ વાલાગ્ર થાય છે.) કૂવામાં ભરેલા ઉપરોક્ત સંખ્યાવાળા વાલાગ્રોમાંથી એક એક સમયે એક એક વાલાગ્રને બહાર કાઢીએ અને જેટલા કાળે તે કૂવાના સમગ્ર વાલાગ્ર બહાર નીકળી જાય તેટલા કાળના માપને એક બાદર ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. શાસ્ત્રકાર ભગવંતોએ આંખના એક પલકારામાં અસંખ્યાત સમયો થાય છે, એમ કહ્યું છે. જ્યારે આ બાદર ઉદ્ધાર પલ્યોપમમાં આપણાથી ભલે ગણી શકાતા નથી. તો પણ પૂર્વે લખેલા ૩૦ આંકડા પ્રમાણ ક્રોડ એટલે કે સંખ્યાતા જ વાલાગ્રો થાય છે. તેથી તેમાં કાળ પણ સંખ્યાતા સમય પ્રમાણ જ થાય છે. આ બાદર ઉદ્ધાર પલ્યોપમનો કાળ આંખના પલકારા કરતાં પણ ઘણો ઓછો છે તથા આ ત્રણે પ્રકારનાં બાદર પલ્યોપમો માપ કરવાના કોઇ કામમાં આવતાં નથી અર્થાત્ બાદર ઉદ્ધાર, બાદર અદ્ધા અને બાદરક્ષેત્ર પલ્યોપમથી કોઇપણ વસ્તુ મપાતી નથી. ફક્ત ત્રણે પ્રકારનાં સૂક્ષ્મ પલ્યોપમ સમજવા માટે તેના ઉપાયરૂપે બાદર પલ્યોપમ સમજાવાય છે.

જે પ્રકારનું પલ્યોપમ હોય તે પ્રકારનાં ૧૦ કોડાકોડી પલ્યોપમ કરવાથી તે પ્રકારનું સાગરોપમ થાય છે. સાગરની ઉપમાવાળો જે કાળ તે સાગરોપમ કહેવાય છે. ઉપર સમજાવ્યા પ્રમાણેનાં ૧૦ કોડાકોડી બાદર ઉદ્ધાર પલ્યોપમો કરવાથી એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય છે.

(૨) **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ** - પૂર્વે કહેલો ઉત્સેધાંગુલના માપથી એક યોજન લાંબો-પહોળો અને ઊંડો જે કૂવો છે તેમાં એક એક વાળના ૭ વાર આઠ આઠ ટુકડા એટલે કે ૨૦૯૭૧૫૨ ટુકડા કરવાને બદલે એક એક વાળના અસંખ્ય અસંખ્ય ટુકડા કરીને તેવા પ્રકારના સૂક્ષ્મ વાલાગ્રોથી આ કૂવો ભરવો. વાલાગ્રનો આ એક એક ટુકડો કેવડો હોય ? તે જાણવા શાસ્ત્રકારોએ આવું માપ આપ્યું છે (૧)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અતિશય જે સૂક્ષ્મવસ્તુ છે કે જેને અત્યન્ત શુદ્ધ લોચનવાળો છદ્મસ્થ પુરુષ જોઈ શક્તો નથી. તેવી અતિશય સૂક્ષ્મવસ્તુના અસંખ્યાતમા ભાગ જેવડા આ વાલાગ્રો છે. (૨) સૂક્ષ્મસાધારણ વનસ્પતિકાયનું એક શરીર જેટલા ક્ષેત્રમાં અવગાહીને રહે છે. તેના કરતાં અસંખ્યાતગુણી મોટી અવગાહનાવાળો આ એકેક વાલાગ્ર છે. (૩) બાદર પર્યાપ્તા પૃથ્વીકાય જીવના શરીરતુલ્ય આ એક એક વાલાગ્ર છે. આવા પ્રકારના ત્રણ માપથી મપાયેલા એવા અસંખ્ય અસંખ્ય ખંડોથી કૂવો ભરીને તે કૂવામાંથી એક એક સમયે એક એક વાલાગ્રખંડ કાઢતાં જેટલો કાળ થાય તેટલા કાળને સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ કહેવાય છે. આ પલ્યોપમનો કાળ સંખ્યાતા ક્રોડ વર્ષો થાય છે. આવાં ૧૦ કોડાકોડી સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમો કરવાથી એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય છે.

બાદર ઉદ્ધાર પલ્યોપમ કે બાદર ઉદ્ધાર સાગરોપમથી કોઈપણ વસ્તુ મપાતી નથી. પરંતુ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ અને સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમથી તિર્ચ્છાલોકમાં રહેલા દ્વીપ-સમુદ્રો મપાય છે. જો કે આ દ્વીપ-સમુદ્રો છે અસંખ્યાતા, તો પણ અસંખ્યાતાના અસંખ્યભેદો હોવાથી તેનું નિયતમાપ જાણવા માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે (૨॥) અઢી સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમના અર્થાત્ (૨૫) પચ્ચીસ કોડાકોડી સૂક્ષ્મઉદ્ધાર પલ્યોપમના જેટલા સમયો થાય તેટલા દ્વીપ-સમુદ્રો તિર્ચ્છાલોકમાં છે. બાદર અને સૂક્ષ્મ એમ બન્ને ઉદ્ધાર પલ્યોપમ અને સાગરોપમ સમજાવ્યું.

(૩) **બાદર અદ્ધા પલ્યોપમ**-એક એક રોમના સાતવાર આઠ આઠ ટુકડા (૨૦૯૭૧૫૨ ખંડ) કરીને તેવા રોમખંડોથી ભરેલા કૂવામાંથી સો સો વર્ષે એક એક ખંડ (વાલાગ્ર) બહાર કાઢતાં જેટલો કાળ થાય તેટલા કાળને એક બાદર અદ્ધા પલ્યોપમ કહેવાય છે.

આ પલ્યોપમમાં પણ વાલાગ્રો પૂર્વે કહેલા ૩૦ આંકડાની સંખ્યા જેટલા ક્રોડ વાલાગ્રો થાય છે અને સો સો વર્ષે એક એક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વાલાગ્ર કાઢવાનો હોવાથી તે આંકથી સો ગુણાં વર્ષો થાય છે. અર્થાત્ સંખ્યાતાં ક્રોડ વર્ષો થાય છે. આ પલ્યોપમ કોઈ માપમાં કામ આવતું નથી. આવાં ૧૦ કોડાકોડી બાદર ઉદ્ધાર પલ્યોપમોનું એક બાદર ઉદ્ધાર સાગરોપમ થાય છે.

(૪) **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** - એક એક રોમખંડના અસંખ્ય અસંખ્ય ટુકડા કરીને ભરેલા કૂવામાંથી સો સો વર્ષે એક એક રોમખંડ બહાર કાઢવાથી જેટલો કાળ થાય તેટલા કાળને એક સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ કહેવાય છે. આ પલ્યોપમમાં અસંખ્યાત ક્રોડ વર્ષો થાય છે. આવાં ૧૦ કોડાકોડી પલ્યોપમો કરવાથી એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય છે. આવાં સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સૂક્ષ્મ અદ્ધા સાગરોપમોથી આઠે કર્મોની સ્થિતિ, સ્વકાયસ્થિતિ તથા એક એક ભવના આયુષ્યની સ્થિતિ મપાય છે. જેમ કે જ્ઞાનાવરણીય કર્મની ૩૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ જે શાસ્ત્રોમાં કહી છે. તે આ સૂક્ષ્મ અદ્ધા સાગરોપમથી જાણવી. એવી જ રીતે સર્વે જીવોની સ્વકાયસ્થિતિ તથા ભવસ્થિતિ પણ આ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ અને સૂ. અ. સાગરોપમથી જાણવી.

આવા પ્રકારનાં ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમની ૧ ઉત્સર્પિણી થાય છે અને ૧૦ કોડાકોડી સૂક્ષ્મ અદ્ધા સાગરોપમની ૧ અવસર્પિણી થાય છે. કુલ ૨૦ કોડાકોડી સૂ. અ. સાગરોપમનું એક કાલચક્ર થાય છે. અનંત કાળચક્રોનું ૧ પુદ્ગલ પરાવર્તન થાય છે.

(૫) **બાદર ક્ષેત્ર પલ્યોપમ** - વાલાગ્રો વડે ગાઢ રીતે ભરેલા એવા તે કૂવામાં તે વાલાગ્રોને સ્પર્શેલા જે જે આકાશપ્રદેશો છે. તે તે આકાશપ્રદેશોમાંથી સમયે સમયે એક એક આકાશપ્રદેશ કાઢતાં જેટલો કાળ થાય અર્થાત્ વાલાગ્રને સ્પર્શેલા જ માત્ર આકાશપ્રદેશોને પ્રતિસમયે કાઢતાં જેટલો કાળ લાગે તેને એક બાદર ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે. આ બાદર પલ્યોપમથી કોઈ વસ્તુ મપાતી નથી. ફક્ત સૂક્ષ્મ ક્ષેત્ર

જૈન સાઈટ JAINSITE.com
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પલ્યોપમ જાણવાના ઉપાયરૂપે આ પલ્યોપમનું પ્રતિપાદન કરેલ છે. આ પલ્યોપમમાં અસંખ્યાતી ઉત્સર્પિણી અને અસંખ્યાતી અવસર્પિણી કાળ લાગે છે. આવા ૧૦ કોડાકોડી પલ્યોપમનું એક બાદર ક્ષેત્ર સાગરોપમ થાય છે.

**(૬) સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ** - વાલાગ્રોના અસંખ્યાત ખંડ કરીને ખીચોખીચ ભરેલા એવા આ જ કૂવામાંથી તે રોમખંડોને સ્પર્શેલા અને નહીં સ્પર્શેલા એમ સર્વે આકાશપ્રદેશોને પ્રતિસમયે બહાર કાઢતાં જેટલો કાળ થાય. તેટલા કાળને એક સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ કહેવાય છે. આ પલ્યોપમમાં બાદર કરતાં અસંખ્યાતગુણો કાળ થાય છે. આવાં ૧૦ કોડાકોડી પલ્યોપમનું એક સૂક્ષ્મ ક્ષેત્ર સાગરોપમ થાય છે. આ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ અને સાગરોપમ વડે દૃષ્ટિવાદ નામના બારમા અંગમાં દ્રવ્યો મપાય છે. એમ કહેલું છે. સંસારમાં કુલ પૃથ્વીકાય જીવો કેટલા ? અપ્કાય જીવો કેટલા ? સ્થાવર જીવો કેટલા ? ત્રસજીવો કેટલા ? પુદ્‌ગલદ્રવ્યો કેટલાં ? ઈત્યાદિ દ્રવ્યોનું માપ આ પલ્યોપમ અને સાગરોપમથી કરેલું છે.

**પ્રશ્ન** - જેમાં પાણી - અગ્નિ કે વાયુ પ્રવેશ પામે નહીં એવા ગાઢ ગાઢતર રીતે ભરેલા વાલાગ્રોમાં સ્પૃષ્ટ આકાશ પ્રદેશો તો હોઈ શકે પરંતુ અસ્પૃષ્ટ આકાશપ્રદેશો કેવી રીતે હોય ? અને હોય તો કેટલા હોય ? બહુ અલ્પ જ હોવાનો સંભવ છે.

**ઉત્તર** - એક વાલાગ્રથી બીજા વાલાગ્રની વચ્ચેના ક્ષેત્રમાં અસ્પૃષ્ટ એવા અસંખ્યાતા આકાશપ્રદેશો હોય છે. તથા પ્રત્યેક વાલાગ્રોમાં પણ પોલાણભાગોમાં અસંખ્યાતા અસ્પૃષ્ટ આકાશપ્રદેશો હોય છે. સ્પૃષ્ટ આકાશપ્રદેશો કરતાં અસ્પૃષ્ટ આકાશ પ્રદેશો અસંખ્યાતગુણા હોય છે. જેમ મોટી એક કોઠીમાં કોળાં ભરીએ તો ધારો કે ૨૫ સમાય. હવે કોળું એ મોટું ફળ હોવાથી એક પણ ન માય પરંતુ બોર ભરીએ તો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેંકડો માય. કારણ કે બોર એ કોળાથી ઘણું નાનું ફળ છે એટલે કોળાઓના વચ્ચેના આકાશમાં ઘણાં (સેંકડો) બોર સમાય છે. ત્યારબાદ બોર ન સમાય તેમ હોય તો પણ સરસવના દાણા ભરીએ તો હજારો-લાખો સમાય. કારણ કે તે ઘણા વધારે સૂક્ષ્મ છે. તેમ અહીં વાલાગ્રના ટુકડા આકાશપ્રદેશો કરતાં ઘણા સ્થૂલ છે. અને આકાશપ્રદેશો એ વાલાગ્રો કરતાં અતિશય ઘણા સૂક્ષ્મ છે. માટે સ્પૃષ્ટ કરતાં અસ્પૃષ્ટ પ્રદેશો અસંખ્યાતગુણા છે. તથા વળી વાલાગ્રો એ ઔદારિકવર્ગણાના સ્કંધો છે. તે અતિશય નિબિડ હોઈ શકતા જ નથી. તેથી દરેક વાલાગ્રોની વચ્ચે પણ પોલાણ હોય જ છે. અને એક એક વાલાગ્રની અંદર પણ અનેક છિદ્રો (પોલાણ) હોય છે. તે છિદ્રોમાં રહેલા આકાશપ્રદેશો પણ અસ્પૃષ્ટાકાશપ્રદેશો જ કહેવાય છે. આ રીતે સ્પૃષ્ટ કરતાં અસ્પૃષ્ટ આકાશપ્રદેશોની સંખ્યા અસંખ્યાતગુણી છે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન** - સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમમાં સ્પૃષ્ટ અને અસ્પૃષ્ટ એમ બન્ને જાતના આકાશપ્રદેશોનો જ અપહાર જો કરવાનો છે. તો વાલાગ્રો ભરવાની શી જરૂર ? કૂવામાં રહેલા સર્વે આકાશપ્રદેશોનો પ્રતિસમયે અપહાર કરાય તો સૂ.ક્ષે.પ. થાય એમ જ કહેવું જોઈએ. વાલાગ્રો ભરવાનું અને સ્પૃષ્ટ-અસ્પૃષ્ટનું પ્રતિપાદન કરવાનું શું પ્રયોજન ?

**ઉત્તર** - સૂક્ષ્મક્ષેત્ર પલ્યોપમ વડે દ્રવ્યો મપાય છે. એમ જે દૃષ્ટિવાદમાં કહ્યું છે. તેમાં કોઈ કોઈ દ્રવ્યો યથોક્તવાલાગ્રને સ્પૃષ્ટમાત્ર આકાશપ્રદેશો વડે મપાય છે અને કોઈ કોઈ દ્રવ્યો યથોક્તવાલાગ્રને અસ્પૃષ્ટ આકાશપ્રદેશો વડે મપાય છે. આ કારણથી દૃષ્ટિવાદમાં કહેલા દ્રવ્યોના માપમાં ઉપયોગી થાય. એ પ્રયોજનથી વાલાગ્ર ભરવાની પ્રરૂપણા કરેલી છે. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે-

यदि स्पृष्टा अस्पृष्टाश्चेह सुक्ष्मक्षेत्रपल्योपमे नभःप्रदेशा गृह्यन्ते, तर्हि वालाग्रैः किं प्रयोजनम् ? यथोक्तपल्यान्तर्गतनभःप्रदेशापहारमात्रतः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

सामान्येनैव वक्तुमुचितं स्यात् ? सत्यं, किन्तु सूक्ष्मक्षेत्रपल्योपमेन दृष्टिवादे द्रव्याणि मीयन्ते, तानि च कानिचिद्यथोक्तवालाग्रस्पृष्टैरेव नभः प्रदेशै र्मीयन्ते, कानिचिदस्पृष्टैरित्यतो दृष्टिवादोक्तद्रव्यमानोपयोगित्वाद् वालाग्र-प्ररूपणाऽत्र प्रयोजनवतीति

તથા સૂક્ષ્મક્ષેત્રપલ્યોપમમાં સ્પૃષ્ટ-અસ્પૃષ્ટ બન્ને પ્રદેશોનું અપહરણ કરવાનું હોવાથી વાલાગ્રોનું ભરવું નિરર્થક છે. પરંતુ બાદર ક્ષેત્રપલ્યોપમમાં તો સ્પૃષ્ટ જ પ્રદેશોનું અપહરણ કરવાનું છે એટલે બાદરના નિરૂપણ પ્રસંગે વાલાગ્રનું ભરવું સપ્રયોજન છે. તેના અનુસંધાનથી સૂક્ષ્મના નિરૂપણ પ્રસંગે પણ સ્પૃષ્ટ અસ્પૃષ્ટ બન્નેનું વિધાન સપ્રયોજન છે. ઈત્યાદિ યુક્તિ જાણવી.

આ પ્રમાણે ત્રણ પ્રકારનાં બાદર અને ત્રણ પ્રકારનાં સૂક્ષ્મ એમ છ પ્રકારનાં પલ્યોપમ તથા છ પ્રકારનાં સાગરોપમનું સ્વરૂપ સમજાવ્યું. ॥૮૫॥

जैन साईट JAINSITE .com

બાદર અને સૂક્ષ્મના ભેદથી પલ્યોપમ તથા સાગરોપમનું સ્વરૂપ સમજાવ્યું. ગાથા ૮૪ના અન્તિમ પદમાં મિથ્યાત્વ વિનાનાં શેષ ૧૦ ગુણસ્થાનકોનો ઉત્કૃષ્ટ વિરહકાળ અર્ધપુદ્ગલપરાવર્તનની અંદર કંઈક ન્યૂન કહ્યો છે. તેથી હવે ત્રણ ગાથાઓ દ્વારા વિસ્તારથી **પુદ્ગલપરાવર્તનનું** સ્વરૂપ સમજાવે છે.

**दव्वे खित्ते काले भावे चउह दुह बायरो सुहुमो ।**
**होइ अणंतुस्सप्पिणि परिमाणो पुग्गलपरट्टो ॥ ८६ ॥**

(द्रव्ये क्षेत्रे काले भावे चतुर्धा द्विधा बादरस्सूक्ष्मः ।
भवत्यनन्तोत्सर्पिणीपरिमाणः पुद्गलपरावर्तः ॥ ८६ ॥)

**दव्वे खित्ते काले भावे**=દ્રવ્યથી ક્ષેત્રથી કાળથી અને ભાવથી એમ, **चउह**=ચાર પ્રકારે, **दुह बायरो सुहुमो**=સૂક્ષ્મ અને બાદર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ બે પ્રકારે, **होइ**=હોય છે. **अणंतुस्सप्पिणीपरिमाणो** = **અનંતીઉત્સર્પિણી** અવસર્પિણીના પ્રમાણવાળું, **पुग्गलपरट्टो**=એક પુદ્‌ગલપરાવર્ત છે. ॥૮૬॥

**ગાથાર્થ** - દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે, અને તે ચારે ભેદો સૂક્ષ્મ તથા બાદરપણે બે બે પ્રકારે (એમ કુલ ૮ પ્રકારે) પુદ્‌ગલ પરાવર્ત છે. કોઇપણ એક પુદ્‌ગલપરાવર્ત અનંતી ઉત્સર્પિણી અને અનંતી અવસર્પિણી પ્રમાણ છે. ॥૮૬॥

**વિવેચન** - પુદ્‌ગલ પરાવર્ત દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર પ્રકારે છે. તે દરેકના બાદર અને સૂક્ષ્મ એમ બે બે ભેદો છે. તેથી કુલ આઠ ભેદો છે. આ આઠે પ્રકારના પુદ્‌ગલપરાવર્તોમાં અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી પ્રમાણ કાળ થાય છે. તે આઠે ભેદોનું વર્ણન ગાથા ૮૭-૮૮માં આવે જ છે.

**પુદ્‌ગલ પરાવર્ત** શબ્દનો અર્થ આ પ્રમાણે છે કે ચૌદ રજ્જુ આત્મક એવા આ લોકાકાશમાં ઔદારિક, વૈક્રિય, આહારક આદિ આઠ ગ્રાહ્ય અને આઠ અગ્રાહ્ય તથા ધ્રુવાચિત્તાદિ જે કોઇ વર્ગણાઓનાં **પુદ્‌ગલો** છે. તે સર્વે પુદ્‌ગલોને એક જીવ, જેટલા કાળમાં **પરાવર્ત**= શરીરાદિરૂપે ગ્રહણ કરી કરીને તે રૂપે પરિણમાવીને મુકે તેટલા કાળમાનનું નામ પુદ્‌ગલપરાવર્ત છે. આ અર્થ હવે આવતા આઠ પુદ્‌ગલ પરાવર્ત્તોમાંથી જો કે ફક્ત પહેલા-બીજા બાદર અને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તમાં જ લાગુ પડે છે. કારણ કે તેમાં જ પુદ્‌ગલોનું ગ્રહણ-મોચન છે. તો પણ તે પુદ્‌ગલોના ગ્રહણ-મોચન દ્વારા જણાવાતો **"અનંતઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી"** રૂપ જે કાળ છે તે કાળના માપની સમાનતા હોવાથી આ શબ્દ બાકીના પુદ્‌ગલપરાવર્તોમાં પણ રૂઢ થયેલો છે જેમ "नरक" આ શબ્દનો અર્થ એવો થાય છે કે पापान् नरान् पापफलोपभोगार्थं कायन्तीति नरकाः=પાપી એવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મનુષ્યોને પાપનું ફળ ભોગવવા માટે જે બોલાવે તે નરક, જો કે આ શબ્દના અર્થ પ્રમાણે પાપી એવા જે **મનુષ્યો** નરકમાં જાય તેને જ નરક કહેવાવી જોઈએ. પરંતુ તિર્યંચો પણ જે પાપી હોય છે તેઓ પણ પાપફળના ઉપભોગ માટે નરકમાં જાય જ છે અને તેને પણ નરક કહેવાય જ છે. તેથી પાપફળના ઉપભોગની સમાનતા હોવાથી તિર્યંચ તથા મનુષ્યો જેમ લેવાય છે. તેમ અહીં પુદ્‌ગલપરાવર્ત શબ્દનો અર્થ એકમાં લાગુ પડતો હોવા છતાં કાળની સમાનતા ચારે પ્રકારના પરાવર્તોમાં હોવાથી આ શબ્દ રૂઢ થયેલો છે. ॥

મૂળ ગાથામાં "अणंतुस्सप्पिणि" શબ્દમાં માત્ર અનંત ઉત્સર્પિણીનું જ વિધાન છે. પરંતુ વચ્ચે વચ્ચે અવસર્પિણી આવ્યા વિના નિરંતર ઉત્સર્પિણીઓ સંભવતી નથી. માટે અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણીના કાળપ્રમાણ એક એક પુદ્‌ગલ પરાવર્ત છે. એમ સમજવું. ॥૮૬॥

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

દ્રવ્યપુદ્‌ગલ પરાવર્તના બાદર અને સૂક્ષ્મ એમ બે ભેદો છે. તે હવે સમજાવે છે.

**उरलाइसत्तगेणं, एगजिओ मुयइ फुसिय सव्वअणू।**
**जत्तियकालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा॥ ८७॥**

(औदारिकादिसप्तकेनैकजीवो मुञ्चति स्पृष्ट्वा सर्वाणून् ।
यावता कालेन स स्थूलो द्रव्ये सूक्ष्मस्सप्तकान्यतरात् ॥ ८७॥)

**શબ્દાર્થ** - **उरलाइसत्तगेणं**=ઔદારિકાદિ સાતપણે, **एगजिओ**=એક જીવ, **मुयइ**=મૂકે છે, **फासिय**=સ્પર્શીને, **सव्वअणू**=સર્વપુદ્‌ગલોને, **जत्तिय-कालि**=જેટલા કાળે, **स थूलो दव्वे**=તે દ્રવ્યમાં બાદરપુદ્‌ગલ પરાવર્ત, **सुहुमो**=સૂક્ષ્મો વળી, **सगन्नयरा**=સાતમાંથી કોઈપણ એકરૂપે ॥૮૭॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** - ઔદારિકાદિ સાતપણે સર્વ પરમાણુઓને એક જીવ જેટલા કાળમાં સ્પર્શી સ્પર્શીને મુકે તેટલા કાળને બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. અને સાતમાંથી કોઈપણ એકરૂપે સર્વ પરમાણુઓને એક જીવ સ્પર્શીને મુકે તે સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. ॥૮૭॥

**વિવેચન** - ચૌદ રજ્જુપ્રમાણ લોકાકાશમાં આઠ ગ્રાહ્ય, આઠ અગ્રાહ્ય તથા ધ્રુવાચિત્ત, અધ્રુવાચિત્ત ઇત્યાદિ પ્રકારોવાળી અનંતી અનંતી વર્ગણાઓ છે. તે વર્ગણાઓમાં અનંતાનંત પુદ્ગલદ્રવ્યો (પરમાણુઓ અને સ્કંધો) છે. સંસારમાં રહેલો કોઈપણ એક જીવ ઉપરોક્ત સર્વ વર્ગણાઓમાં રહેલા સમસ્ત પુદ્ગલદ્રવ્યોને પૂરણ-ગલન થવાથી ગ્રહણ પ્રાયોગ્ય સ્કંધો બને ત્યારે અનંતભવભ્રમણ દ્વારા ભિન્ન ભિન્ન સાતકાર્યો રૂપે ગ્રહણ કરી કરીને મૂકે તેમાં જેટલો કાળ થાય તે બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય છે.

જુદા-જુદા અનંતભવોમાં જન્મ મરણ કરતાં કરતાં કેટલાંક પુદ્ગલદ્રવ્યો ઔદારિકશરીર રૂપે ગ્રહણ કરીને ભોગવીને મુકે, કેટલાંક પુદ્ગલ દ્રવ્યો વચ્ચે વચ્ચે પ્રાપ્ત થતા દેવ-નારકીના ભવો દ્વારા વૈક્રિય શરીર રૂપે ગ્રહણ કરીને ભોગવીને મૂકે, કેટલાંક પુદ્ગલદ્રવ્યોને ચારે ગતિના થતા ભવોમાં તૈજસ શરીરરૂપે ગ્રહણ કરીને મૂકે, આ પ્રમાણે કેટલાંક પુદ્ગલ દવ્યોને ભાષા રૂપે, કેટલાંક પુદ્ગલદ્રવ્યોને પ્રાણાપાન રૂપે, કેટલાંક પુદ્ગલ દ્રવ્યોને મન રૂપે અને કેટલાંક પુદ્ગલ દ્રવ્યોને કાર્મણશરીર રૂપે એમ આહારક વિના ઔદારિક આદિ સાત રૂપે ગ્રહણ કરવા દ્વારા સમસ્ત પુદ્ગલાસ્તિકાયને તે તે સ્વરૂપે અનુભવીને તે તે પુદ્ગલોનો ત્યાગ કરે, તેમાં સમસ્ત પુદ્ગલાસ્તિકાય આવી જતાં જેટલો કાળ લાગે તેને બાદરદ્રવ્ય પુદ્ગલપરાવર્ત કહેવાય છે. આહારકશરીરની પ્રાપ્તિ કોઈક જીવને જ થાય છે. અને તે પણ એક ભવમાં ફક્ત બે વાર જ અને આખા સંસારચક્રમાં ચાર વાર જ થાય છે. તેથી અલ્પ હોવાથી તે રૂપે ગ્રહણ કરવાનો ઉલ્લેખ કર્યો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રહણ કરવા યોગ્ય સમસ્ત પુદ્ગલાસ્તિકાય અનંતાનંત છે. પરંતુ ઔદારિક આદિ સાતમાંથી કોઈપણ પ્રકારે આ જીવ પુદ્ગલો ગ્રહણ કરે તે ગણનામાં લેવાનું હોવાથી હવે કહેવાતા સૂક્ષ્મ પુદ્ગ. પરા. કરતાં આ બાદર પુ.પ.માં ઓછો કાળ થાય છે. તો પણ અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળ તો થાય જ છે.

## સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત

ઉપરોક્ત સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્યને કોઈપણ એક જીવ ઔદારિકાદિ સાત પ્રકારોમાંથી કોઈપણ એક જ પ્રકાર વડે ગ્રહણ કરીને મૂકે તેમાં જેટલો કાળ લાગે તેને સૂક્ષ્મ દ્રવ્ય પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. બાદર દ્રવ્ય પુદ્ગલ પરાવર્તમાં ઔદારિક રૂપે, વૈક્રિય રૂપે, તૈજસ રૂપે એમ સાતે પ્રકારે જે જે પુદ્ગલો ગ્રહણ કરાતાં હતાં તે ગણત્રીમાં (આટલાં તો સ્પર્શાયાં એમ ગણનામાં) લેવાતાં હતાં. જ્યારે આ સૂક્ષ્મ પુદ્ગલ પરાવર્તમાં સાતમાંથી કોઈપણ એક રૂપે જ જે પુદ્ગલો ગ્રહણ થાય તે જ ગણત્રીમાં ગણાય. વચ્ચે વચ્ચે અનેકવાર વિવક્ષિત એક પ્રકાર વિના બીજા બીજા પ્રકાર રૂપે જે પુદ્ગલો ગ્રહણ કરાયાં હોય તે પુદ્ગલો વિવક્ષિત રૂપે ગ્રહણ કરાયાં નથી માટે અગૃહીત જ સમજવાનાં, જેમ કે સમસ્ત પુદ્ગલાસ્તિકાય ઔદારિક રૂપે જ ગ્રહણ કરીને પૂર્ણ કરવાની વિવક્ષા કરી મનુષ્યભવમાં જન્મ્યા, માનવના દેહ રૂપે જે પુદ્ગલો ગ્રહણ કર્યાં તેટલાં જ ગૃહીત માનવાનાં, આખા માનવના ભવ દરમ્યાન શ્વાસોચ્છ્વાસરૂપે, ભાષારૂપે, મનરૂપે અને કર્મબાંધવારૂપે અનેક પુદ્ગલો આ જીવ ગ્રહણ કરે છે અને મૂકે છે. પરંતુ તે સર્વે પુદ્ગલો અગૃહીત જ સમજવાનાં. કારણ કે તે પુદ્ગલો ઔદારિકશરીરરૂપે ગૃહીત થયાં નથી. આ રીતે સમસ્ત વર્ગણાઓનાં સમસ્ત પુદ્ગલો પૂરણ-ગલન થતાં થતાં જ્યારે ઔદારિક વર્ગણારૂપે બને અને આ જીવ તે પુદ્ગલોને ઔદારિકશરીરરૂપે ગ્રહણ કરે ત્યારે જ ગણત્રીમાં ગણવાનાં, એ રીતે સમસ્ત પુદ્ગલાસ્તિકાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેટલા કાળમાં ગૃહીત થઇ જાય. તેટલા કાળનું નામ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત કહેવાય છે.

ઉપરોક્ત અર્થ પ્રમાણે આ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત સાત પ્રકારનું બને છે (૧) સમસ્ત પુદ્‌ગલાસ્તિકાય માત્ર ઔદારિક શરીર રૂપે જ જેટલા કાળમાં ગૃહીત થઇ જાય. તેટલા કાળનું નામ સૂક્ષ્મ औदारिक द्रव्य पुद्‌गल परावर्त. (૨) સમસ્ત પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય ફક્ત વૈક્રિયશરીરરૂપે જ જેટલા કાળમાં ગૃહીત થઇ જાય તેટલા કાળનું નામ सूक्ष्मवैक्रियद्रव्य पुद्‌गलपरावर्त. (૩) સમસ્ત પુદ્‌ગલા-સ્તિકાય દ્રવ્ય ફક્ત તૈજસશરીરરૂપે જ જેટલા કાળમાં ગૃહીત થઇ જાય તેટલા કાળનું નામ सूक्ष्मतैजसद्रव्य पुद्‌गलपरावर्त. આ જ નિયમ પ્રમાણે (૪) सूक्ष्मभाषाद्रव्य पुद्‌गलपरावर्त. (૫) सूक्ष्मउच्छ्‌वासद्रव्य पुद्‌गलपरावर्त, (૬) सूक्ष्ममनःद्रव्य पुद्‌गलपरावर्त, અને (૭) સૂક્ષ્મ-कार्मणद्रव्य पुद्‌गल परावर्त એમ સૂક્ષ્મ દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત સાત જાતનાં થાય છે.

જૈનમ્ જયતિ શાસનમ્

ઔદારિક વૈક્રિય તૈજસ ભાષા ઉચ્છ્‌વાસ મન અને કાર્મણમાંથી જેની ભવોભવમાં વધારે પ્રાપ્તિ થાય. તેમાં કાળ ઓછો લાગે, અને જેની પ્રાપ્તિ વિલંબે વિલંબે થાય તેમાં કાળ અધિક લાગે. જેમ કે કાર્મણશરીરરૂપે પુદ્‌ગલોનું ગ્રહણ ભવોભવમાં હોય અને પ્રત્યેક ભવોમાં પણ પ્રતિસમયે હોય તેથી સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયને કાર્મણ શરીરરૂપે ગ્રહણ કરીને પૂર્ણ કરતાં ઓછો કાળ લાગે (તો પણ અનંત ઉત્સર્પિણી-અવસર્પિણી તો ખરો જ.) અને વૈક્રિયશરીરરૂપે પુદ્‌ગલોનું ગ્રહણ માત્ર દેવ-નરકના ભવમાં જ થાય. એક-બે વાર વૈક્રિય રૂપે કેટલાંક પુદ્‌ગલો ગ્રહણ કરીને જો આ જીવ નિગોદાદિના ભવોમાં ચાલ્યો જાય તો વૈક્રિયશરીરરૂપે પુદ્‌ગલોના ગ્રહણનો મોટો વિરહ પણ પડી જાય. તેથી તે વૈક્રિયરૂપે સમસ્ત પુદ્‌ગલ ગ્રહણ કરવામાં અતિશય વધુ કાળ લાગે તેથી કાળ આશ્રયી અલ્પબહુત્વ આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) કાર્મણ પુદ્‌ગલ પરાવર્તમાં સૌથી અલ્પકાળ થાય.

(૨) તેનાથી તૈજસ પુદ્‌ગલ પરાવર્તમાં અનંતગુણ અધિકકાળ થાય.

(૩) તેનાથી ઔદારિક પુદ્‌ગલ પરા. માં અનંતગુણ અધિકકાળ થાય.

(૪) તેનાથી ઉચ્છ્‌વાસ પુદ્‌ગલ પરા. માં અનંતગુણ અધિક કાળ થાય.

(૫) તેનાથી મન પુદ્‌ગલ પરાવર્તમાં અનંતગુણ અધિકકાળ થાય.

(૬) તેનાથી ભાષા પુદ્‌ગલ પરાવર્તમાં અનંતગુણ અધિક કાળ થાય.

(૭) તેનાથી વૈક્રિય પુદ્‌ગલ પરાવર્તમાં અનંતગુણ અધિક કાળ થાય.

જેમાં કાળ ઓછો થાય છે. તે પુદ્‌ગલ પરાવર્તો આ જીવે ભૂતકાળમાં ઘણાં કર્યાં છે. અને જેમાં કાળ વધારે વધારે થાય છે. તે તે પુદ્‌ગલ પરાવર્તો આ જીવે ભૂતકાળમાં ઓછાં કર્યાં છે. તેથી તેનું અલ્પબહુત્વ ઉપરના કરતાં ઉલટા ક્રમે જાણવું. જેમ કે ભૂતકાળમાં કોઈપણ જીવે (૧) વૈક્રિય પુ.પ. ઘણાં ઓછાં કર્યાં છે. (૨) તેનાથી ભાષા, (૩) મન, (૪) ઉચ્છ્‌વાસ (૫) ઔદારિક, (૬) તૈજસ અને (૭) કાર્મણ પુદ્‌ગલ પરાવર્તો અનંતગુણાં કર્યાં છે.

मतान्तर - સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયને ઔદારિકાદિ સાતમાંથી કોઈપણ એક રૂપે ગ્રહણ કરીને પૂર્ણ કરવામાં આવે તેને સૂક્ષ્મદ્રવ્ય પુદ્‌ગલપરાવર્ત કહેવાય અને તે સાત પ્રકારે છે એમ સમજાવવામાં આવ્યું. પરંતુ કેટલાક આચાર્યો સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયને ઔદારિક-વૈક્રિય-તૈજસ અને કાર્મણ એમ ચાર પ્રકારના દેહમાંથી કોઈપણ એક દેહરૂપે જ ગ્રહણ કરીને પૂર્ણ કરવામાં આવે તેને જ સૂક્ષ્મદ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત માને છે. અને તેથી તે સૂ.દ્ર.પુ.પ. માત્ર ચાર જ પ્રકારનું છે એમ કહે છે. આ જ પ્રમાણે બાદરદ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તમાં પણ સમસ્ત પુદ્‌ગલાસ્તિકાય માત્ર ચાર રૂપે જ ગ્રહણ કરાયેલાં હોય તે જ ગણવાનાં છે. પરંતુ સાત રૂપે ગ્રહણ કરાયેલાં નહીં. એમ તેઓ કહે છે આ એક મતાન્તર છે. (જુઓ સ્વોપજ્ઞ ટીકા). ॥૮૭॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બાદર અને સૂક્ષ્મ બન્ને પ્રકારનું દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્ત સમજાવીને હવે બાદર-સૂક્ષ્મ એવાં ક્ષેત્ર, કાળ અને ભાવ પુદ્‌ગલ પરાવર્ત સમજાવે છે.

**लोगपएसोसप्पिणि समया अणुभाग बंधठाणा य।**
**जह तह कममरणेणं, पुट्ठा खित्ताइ थूलियरा ॥८८॥**

(लोकप्रदेशोत्सर्पिणीसमया अनुभागबन्धस्थानानि च ।
यथातथा क्रममरणेन स्पृष्टाः क्षेत्रादयस्स्थूलेतराः ॥ ८८ ॥)

**શબ્દાર્થ** - **लोगपएस**=લોકાકાશના પ્રદેશો, **उसप्पिणि समया**= ઉત્સર્પિણી-અવસર્પિણીના સમયો, **अणुभागबंधठाणा य**=અને રસબંધના અધ્યવસાય સ્થાનો, **जहतह**=જેમ તેમ અને, **कममरणेणं**=અનુક્રમે મરણવડે, **पुट्ठा**=સ્પર્શાયાં છતાં, **खित्ताइ**=ક્ષેત્રાદિ પુ. પ., **थूल**=સ્થૂલ (બાદર) અને **इयरा**=સૂક્ષ્મ થાય છે. ॥૮૮॥

**ગાથાર્થ** - લોકાકાશના પ્રદેશો, ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયો તથા રસબંધના અધ્યવસાયસ્થાનો, આ ત્રણે પદાર્થો કોઈપણ એક જીવ દ્વારા મરણ વડે જેમ તેમ સ્પર્શાયા છતા ક્ષેત્રાદિ બાદર, અને મરણ વડે ક્રમસર સ્પર્શાયા છતા ક્ષેત્રાદિ સૂક્ષ્મ પુ.પ. થાય છે. ॥૮૮॥

**વિવેચન** - ક્ષેત્ર પુદ્‌ગલપરાવર્તનું પ્રમાણ જાણવા માટે ચૌદ રજ્જુ આત્મક સંપૂર્ણ લોકાકાશના અસંખ્ય આકાશપ્રદેશો લેવા. એવી જ રીતે કાળ પુદ્‌ગલ પરાવર્તનું પ્રમાણ જાણવા માટે એક ઉત્સર્પિણી અને એક અવસર્પિણીના સમયો લેવા. ભાવ પુદ્‌ગલ પરાવર્તનું માપ જાણવા માટે અસંખ્યલોકાકાશ પ્રદેશ પ્રમાણ એવાં રસબંધમાં નિમિત્તભૂત અધ્યવસાય સ્થાનો લેવાં.

ઉપરોક્ત ત્રણે વસ્તુને કોઈપણ જીવ **મરણ વડે જેમ તેમ** સ્પર્શી સ્પર્શીને પૂર્ણ કરે તો તે ક્ષેત્રાદિ ત્રણે બાદર પુદ્‌ગલ પરાવર્તો થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તે જ ત્રણે વસ્તુને કોઈપણ જીવ **ક્રમસર મરણ** વડે સ્પર્શી સ્પર્શીને પૂર્ણ કરે તો તે ક્ષેત્રાદિ ત્રણે સૂક્ષ્મ પૂ. પ. થાય છે.

## બાદર ક્ષેત્ર પુદ્‌ગલ પરાવર્ત

અહીં ક્ષેત્ર શબ્દથી ચૌદ રજ્જુ આત્મક લોકાકાશના આકાશપ્રદેશો સમજવા. આ આકાશપ્રદેશો અસંખ્યાતા છે. અને પંક્તિબદ્ધ છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે જીવ મૃત્યુ પામ્યા પછી પરભવમાં આકાશપ્રદેશની પંક્તિ પ્રમાણે જ જાય છે. "अनुश्रेणि गतिः" તેથી પ્રદેશોની પંક્તિઓ છે, આકાશપ્રદેશો એટલા બધા સૂક્ષ્મ છે કે ગાથા ૮૫માં કહેલું કે આવા ખીચોખીચ ભરેલા વાલાગ્રોની વચ્ચે વચ્ચે પણ અસ્પૃષ્ટ આકાશપ્રદેશો અસંખ્યાતા હોય છે. તથા વાલાગ્રના સ્કંધમાં રહેલા છિદ્રોમાં પણ અસંખ્ય અસંખ્ય અસ્પૃષ્ટ આકાશપ્રદેશો હોય છે. તથા શાસ્ત્રોમાં આવું માપ આવે છે કે એક અંગુલ પ્રમાણ ક્ષેત્રમાં રહેલા આકાશપ્રદેશોમાંથી એક એક સમયે જો એક એક આકાશપ્રદેશ બહાર કાઢવામાં આવે તો અંગુલપ્રમાણ ક્ષેત્રના આકાશપ્રદેશોને બહાર કાઢતાં અસંખ્યાતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ લાગે. હવે ખ્યાલ આવશે કે જો અંગુલપ્રમાણ ક્ષેત્રમાં આટલા બધા આકાશપ્રદેશો છે. તો સમસ્ત લોકાકાશમાં કેટલા આકાશપ્રદેશો હશે ? આવા અસંખ્ય અને પંક્તિબંધ રીતે ગોઠવાયેલા આકાશપ્રદેશોથી આ લોકાકાશ ભરેલો છે.

કોઈપણ એક જીવ અનંત ભવ ભ્રમણ કરવા વડે સમસ્ત એવા આ લોકાકાશના પંક્તિબદ્ધ રીતે રહેલા સર્વ આકાશ પ્રદેશોને જ્યાં ત્યાં મૃત્યુ પામવા વડે સ્પર્શ કરી લે, એક પણ આકાશપ્રદેશ એવો ન હોય કે જ્યાં વિવક્ષિત જીવ મૃત્યુ ન પામ્યો હોય. તેમાં જેટલો કાળ થાય તેને બાદર ક્ષેત્ર પુદ્‌ગ. પરા. કહેવાય છે. કોઈપણ એક જીવની નાનામાં નાની અવગાહના (સૂક્ષ્મનિગોદાદિ જેવો ભવ લઈએ ત્યારે) અંગુલના અસંખ્યાતમા ભાગની એટલે અસંખ્યાત આકાશપ્રદેશ પ્રમાણની તો હોય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ છે. તેટલા પ્રદેશો એક મૃત્યુ દ્વારા સ્પર્શાય છે. બીજા મૃત્યુ વડે બીજા તેટલા પ્રદેશો સ્પર્શાય છે. એમ અનેક મૃત્યુ દ્વારા સર્વ પ્રદેશો (લોકાકાશના) સ્પર્શાઇ જાય. અહીં એક વાર સ્પર્શાયેલામાં ફરીથી મૃત્યુ થાય તો તે ગણનામાં ન લેતાં સર્વપ્રદેશોને મૃત્યુ દ્વારા સ્પર્શ કરતાં જેટલો કાળ લાગે તે બા. ક્ષે. પુ. પરા. કહેવાય છે. આ પ્રમાણેનો આ કર્મગ્રંથનો મત છે. (સ્વોપજ્ઞ ટીકામાં આ પ્રમાણે ઉલ્લેખ છે.)

પરંતુ પંચસંગ્રહકારનો અભિપ્રાય અહીં કંઇક જુદો છે. પંચસંગ્રહ ભાગ પહેલો દ્વાર બીજું ગાથા ૩૯મીમાં એવું વિધાન છે કે ચૌદ રજ્જુ આત્મક આ એક લોકાકાશમાં વિવક્ષિત એક જીવ જ્યાં ત્યાં મૃત્યુ પામવા દ્વારા સર્વ આકાશપ્રદેશોને સ્પર્શે. પરંતુ એક જીવની જઘન્ય અવગાહના જે અંગુલના અસંખ્યાતમા ભાગની છે. તેથી મૃત્યુકાલે જઘન્યથી પણ અસંખ્યાત આકાશપ્રદેશોનો સ્પર્શ હોય છે. તો પણ એક આકાશપ્રદેશ જ મૃત્યુ વડે સ્પૃષ્ટ સમજવો. શેષ પ્રદેશો મૃત્યુ દ્વારા ફરી **સ્પર્શવાના** બાકી રહે છે. આ વિવક્ષાથી બાદરક્ષેત્ર પુદ્ગ. પરા. માં કર્મગ્રંથના મત કરતાં વધારે કાળ થાય છે. કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે જીવની અવગાહનાવાળા બધા જ પ્રદેશો સ્પૃષ્ટ ગણાય છે. અને પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે અસંખ્યાત પ્રદેશો સ્પર્શાયેલા હોવા છતાં એક જ પ્રદેશ સ્પર્શાયેલો વિવક્ષામાં લેવાનો છે. શેષ આકાશપ્રદેશોની સ્પર્શના માટે ત્યાં ત્યાં તેટલાં મૃત્યુ થવાનાં બાકી રહે છે.

## સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત

બાદર ક્ષેત્ર પુદ્ગ. પરા. માં જ્યાં ત્યાં જીવ મૃત્યુ પામે તે સર્વે આકાશપ્રદેશો સ્પૃષ્ટ થયેલા ગણાય છે. પરંતુ સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તમાં એમ નથી. અહીં સૂક્ષ્મ. ક્ષે. પુદ્ગ. પરા. માં સમભૂતલાથી ક્રમબદ્ધ શ્રેણી રૂપે રહેલા આકાશપ્રદેશોમાં ક્રમસર મૃત્યુ વડે સ્પર્શીને સમસ્ત લોક પૂરો કરતાં-જેટલો કાળ થાય તેટલા કાળને આ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમભૂતલાથી શરૂ થતી આકાશપ્રદેશોની પંક્તિમાં પ્રથમના પ્રદેશમાં (કર્મગ્રંથના મત પ્રમાણે સ્વાવગાહના પ્રમાણ અને પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે પ્રથમના એક આકાશપ્રદેશમાં) મૃત્યુ થયા બાદ પુનઃ કેટલોય કાળ ગયે છતે તે જ આકાશપ્રદેશની પંક્તિમાં આવેલા તેની જ અનન્તરપણે બાજુમાં રહેલા એવા બીજા નંબરના જ સ્વાવગાહના પ્રમાણ પ્રદેશોમાં અથવા અનંતર એવા એક આકાશપ્રદેશમાં આ જીવ જ્યારે મૃત્યુ પામે ત્યારે પૂર્વેનો પ્રથમ સ્વાવગાહના પ્રમાણ ભાગ અથવા પ્રથમ પ્રદેશ અને આ બીજો ભાગ અથવા બીજો પ્રદેશ એમ માત્ર બે જ ભાગો અથવા બે જ આકાશપ્રદેશો મૃત્યુ વડે સ્પર્શાયા, એમ ગણત્રી કરવાની. વચ્ચેના કાળમાં જીવ અનેક સ્થાનોમાં અનેકવાર મૃત્યુ પામ્યો હોય છે. તો પણ તે સર્વે આકાશપ્રદેશો ક્રમસરમાં આવતા ન હોવાથી મૃત્યુ વડે અસ્પૃષ્ટ જ ગણવાના. ત્યારબાદ ચૌદરાજમાં જ્યાં ત્યાં અનેકવાર મૃત્યુ પામતાં પામતાં વિવક્ષિત પંક્તિના સ્વાવગાહના પ્રમાણ ત્રીજા ભાગમાં અથવા ત્રીજા આકાશપ્રદેશે જ્યારે મૃત્યુ પામે ત્યારે જ માત્ર તે ત્રીજો ભાગ અથવા ત્રીજો આકાશપ્રદેશ મૃત્યુ વડે સ્પૃષ્ટ ગણવાનો. આ પ્રમાણે આકાશપ્રદેશોની એક પંક્તિ મૃત્યુ વડે ક્રમસર સ્પર્શવાથી જ્યારે પૂર્ણ થાય ત્યારે તેની જ પાસેની બીજી પંક્તિના આકાશપ્રદેશોને આ રીતે જ ક્રમસર મૃત્યુ વડે સ્પર્શવાનું કાર્ય કરવાનું. એમ કરતાં કરતાં સમસ્ત લોકાકાશના સર્વે આકાશપ્રદેશો આવા મૃત્યુ દ્વારા ક્રમસર સ્પર્શવા વડે સમાપ્ત કરાય અને તેમાં જેટલો કાળ થાય તે કાળને સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જે દેશોન અર્ધ પુદ્ગલ પરાવર્તકાળ સંસાર ઉત્કૃષ્ટથી બાકી હોય છે. એવું જે પ્રસિદ્ધ છે. તે આ પુદ્ગલ પરાવર્ત સમજવું.

## બાદર કાળ પુદ્ગલ પરાવર્ત

દસ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી અને દસ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી એમ એક કાલચક્રના જે અસંખ્યાતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયો થાય છે. તેમાંના સર્વ સમયોમાં કોઇ એક જીવ આડા અવળા મરણ વડે સ્પર્શ કરતાં સર્વ સમયોને મૃત્યુ વડે સ્પર્શી રહે તેમાં જેટલો કાળ જાય તેટલા કાળને બાદર કાળ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. જેમ ધારો કે અસત્કલ્પનાએ કોઇ એક જીવ ઉત્સર્પિણીના પહેલા સમયમાં મૃત્યુ પામ્યો ત્યારબાદ ૧૦૧મા સમયમાં મૃત્યુ પામ્યો, ત્યારબાદ ૫૦૧મા સમયમાં મૃત્યુ પામ્યો, ત્યારબાદ ૨૦૦૦મા સમયમાં મૃત્યુ પામ્યો એમ કેટલાક સમયો આ ઉત્સર્પિણીમાં અને કેટલાક સમયો આ અવસર્પિણીમાં મૃત્યુ વડે સ્પર્શાયા. તે બધા સ્પૃષ્ટ તરીકે ગણવા ત્યારબાદ બીજી ઉત્સર્પિણી આવી, ત્યારે ૩૫મા સમયે, ૮૮મા સમયે, ૧૫૨મા સમયે એમ આડા અવળા સમયોમાં આયુષ્યની સમાપ્તિ પ્રમાણે તે જીવ મૃત્યુ પામ્યો તો તે પણ સ્પૃષ્ટ તરીકે ગણવાના. ફક્ત એકવાર જે સમય મૃત્યુવડે સ્પૃષ્ટ થયો હોય તે જ સમયમાં જો ફરીથી મૃત્યુ થાય તો તેને બીજીવાર ગણવાનો નહીં. પરંતુ આ રીતે આડા અવળા જે જે સમયોમાં જે જે ભવોમાં મૃત્યુ થાય તે સર્વ સમયોની સ્પૃષ્ટ તરીકે ગણના કરતાં કરતાં એક કાલચક્રના સર્વ સમયો જ્યારે જીવવડે મૃત્યુ દ્વારા સ્પર્શાઇ જાય. કોઇપણ સમય મૃત્યુ દ્વારા સ્પર્શવાનો બાકી ન રહે ત્યારે તેટલા કાળને બાદર કાળ પુદ્ગલપરાવર્ત કહેવાય છે.

## સૂક્ષ્મકાળ પુદ્ગલપરાવર્ત

કોઇ જીવ ઉત્સર્પિણીના પહેલા-આરાના પ્રથમસમયે મૃત્યુ પામ્યો અર્થાત્ મૃત્યુ વડે તે સમય સ્પૃષ્ટ કર્યો. ત્યાર બાદ બીજા જ સમયે જો મૃત્યુ પામે તો જ સ્પૃષ્ટ તરીકે ગણત્રીમાં લેવાય. પરંતુ તે શક્ય નથી. કારણ કે જીવનું જઘન્યથી પણ ૨૫૬ આવલિકાનું (એટલે કે અસંખ્યાતા સમયનું) આયુષ્ય હોય જ છે. એટલે પ્રથમ સમયના મૃત્યુ બાદ ઉત્સર્પિણીના ૬ અને અવસર્પિણીના ૬ એમ બારે આરામાં અનેકવાર અનેકસ્થાને અનેક સમયોમાં મૃત્યુ થવા છતાં તે સમયોમાં થયેલું મૃત્યુ ગણનામાં લેવાનું નહીં. બારે આરાનો ૨૦ કોડાકોડી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાગરોપમ કાળ ગયે છતે બીજીવાર આવેલી ઉત્સર્પિણીના પહેલા આરાના માત્ર **બીજા સમયમાં જ** જો મૃત્યુ થાય તો જ તે બીજો સમય માત્ર જ મૃત્યુ વડે સ્પૃષ્ટ તરીકે ગણવાનો. જો બીજા સમયને બદલે ૩-૪-૫-૬ઠ્ઠા ઈત્યાદિ કોઈપણ સમયોમાં મૃત્યુ થાય તો તે બધા જ સમયો મૃત્યુ વડે અસ્પૃષ્ટ જ જાણવા. આમ ફરીથી ત્રીજી વારે ચોથી વારે આવેલી ઉત્સર્પિણીના પ્રથમ આરાના બીજા જ સમયમાત્રમાં જો મૃત્યુ થાય તો જ મૃત્યુ વડે બે સમયો સ્પર્શાયા એમ ગણના કરવાની. ફરીવાર પણ જો બીજા સમયમાં મૃત્યુ ન થાય તો બારે આરા પસાર કરવાના. આમ ક્રમશઃ ત્રીજા ચોથા આદિ સમયોમાં મૃત્યુ પ્રાપ્ત કરતાં કરતાં ઉત્સર્પિણીના છએ આરાના સર્વ સમયોમાં જ્યારે મૃત્યુ થાય ત્યારે જ તેની ગણના કરવાની.

આ પ્રમાણેના ક્રમવડે એક એક સમયોમાં મૃત્યુ દ્વારા સ્પર્શ કરતાં કરતાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના બારે આરાના સર્વ સમયોમાં ક્રમસરપણે તે વિવક્ષિત જીવનું મૃત્યુ નોંધાઈ જાય તેમાં જેટલો કાળ થાય તેટલા કાળને એક સૂક્ષ્મકાળ પુદ્‌ગલપરાવર્ત કહેવાય છે. અહીં વ્યવહિત (આંતરાવાળા) સમયોમાં જે મૃત્યુ થાય તે અને મૃત્યુ વડે પૂર્વકાળમાં સ્પૃષ્ટ થઈ ગયેલા સમયોમાં કદાચ ફરીથી મૃત્યુ થાય તો તે ગણનામાં ગણાતું નથી.

## બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત

અહીં ભાવ એટલે અનુભાગબંધના હેતુભૂત આત્માનો જે અધ્યવસાય તે લેવાનો છે. જઘન્ય રસબંધથી ઉત્કૃષ્ટ રસબંધ સુધીના અનેકવિધ રસબંધમાં હેતુભૂત **લેશ્યા સહકૃત કષાય જન્ય** તરતમપણા વડે જે જે અધ્યવસાય સ્થાનો છે. તે સર્વ અધ્યવસાયોની સંખ્યા ચૌદ રાજલોક પ્રમાણ એક લોકાકાશ જેવડા અસંખ્ય લોકાકાશ કરીએ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેના જેટલા આકાશપ્રદેશો થાય. તેટલા થાય છે. અર્થાત્ અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ છે.

કોઇ એક જીવ ઉપરોક્ત રસબંધમાં હેતુભૂત અધ્યવસાયસ્થાનો-માંથી કોઇ એક ભવમાં એક અધ્યવસાય સ્થાને વર્તતો છતો મૃત્યુ પામ્યો. બીજા ભવમાં ગમે તે બીજા અધ્યવસાય સ્થાનમાં વર્તતો મૃત્યુ પામ્યો. ત્રીજા ભવમાં પણ કોઇ એક અધ્યવસાયસ્થાનમાં વર્તતો મૃત્યુ પામ્યો. એમ જુદા જુદા ભવોમાં આડા અવળા જુદા જુદા અધ્યવસાય સ્થાનોમાં વર્તતા છતો મૃત્યુ પામતાં પામતાં અનંતભવ ભ્રમણો વડે જ્યારે રસબંધમાં હેતુભૂત સર્વે અધ્યવસાય સ્થાનો મૃત્યુ વડે સ્પૃષ્ટ થઇ જાય. કોઇપણ અધ્યવસાય સ્થાન વારાફરતીના મૃત્યુકાળમાં ન આવ્યું હોય એમ બને નહીં. ત્યારે આવી રીતે સર્વ અધ્યવસાયોને આડા અવળા કરીને મૃત્યુ વડે સ્પર્શ કરતાં જેટલો કાળ થાય તેને બાદર ભાવ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત

ઉપર સમજાવ્યા મુજબ જઘન્ય રસબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનથી પ્રારંભીને ઉત્કૃષ્ટરસબંધમાં હેતુભૂત અધ્યવસાયસ્થાન સુધી કુલ અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ જે અધ્યવસાય સ્થાનો છે. તે સર્વે ક્રમશઃ મૃત્યુ વડે સ્પર્શ કરે એટલે કે કોઇ એક જીવ સર્વથી જઘન્ય અનુભાગબંધના હેતુભૂત પ્રથમ અધ્યવસાયસ્થાનમાં વર્તતો મૃત્યુ પામ્યો. ત્યારબાદ અનેકભવોમાં અનેક અધ્યવસાય સ્થાનોમાં મૃત્યુ પામવા છતાં તે ગણનામાં ન ગણતાં સંખ્યાત-અસંખ્યાત કે અનંત કાળે પણ જ્યારે જઘન્યરસબંધના હેતુભૂત પ્રથમાધ્યવસાય સ્થાન પાસેના બીજા જ અધ્યવસાયસ્થાનમાં મૃત્યુ પામે ત્યારે જ તે મૃત્યુવડે સ્પૃષ્ટ થયું એવી ગણના કરવાની. ત્યારબાદ એક-અનેક કે અનંત ભવોમાં અનેકવાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તીવ્ર-મંદ એવા અનેક અધ્યવસાય સ્થાનોમાં મૃત્યુ થવા છતાં તે ગણનામાં ન લેતાં જઘન્યરસબંધના હેતુભૂત પ્રથમ અને દ્વિતીય અધ્યવસાયસ્થાન પછીના ત્રીજા જ અધ્યવસાય સ્થાન માત્રમાં જો મૃત્યુ થાય તો જ તે ત્રીજું સ્થાન મૃત્યુ વડે સ્પર્શાયું. એમ ગણના કરવી.

આ પ્રમાણે ગણના કરતાં કરતાં **ક્રમ દ્વારા** મૃત્યુ વડે સ્પર્શ કરાતા અધ્યવસાય સ્થાનની જ ગણના કરતાં જ્યારે અસંખ્યાતલોકાકાશ પ્રદેશ પ્રમાણ એવા સર્વે અધ્યવસાય સ્થાનો મૃત્યુ વડે સ્પર્શાઇ જાય છે. તેમાં જેટલો કાળ લાગે છે તેટલા કાળને ભાવથી સૂક્ષ્મ પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે.

આ પ્રમાણે આ ૬ પુદ્‌ગલપરાવર્તોમાં જે ૩ બાદરપુદ્‌ગલ પરાવર્તો છે તેમાં ક્રમરહિત જેમ તેમ રીતે મૃત્યુ વડે સ્પર્શીને મુકવાનો વ્યવહાર છે. અને જે ૩ સૂક્ષ્મપુદ્‌ગલપરાવર્તો છે. તેમાં ક્રમ પૂર્વક મૃત્યુ વડે સ્પર્શીને મૂકવાનો વ્યવહાર છે. ક્ષેત્રમાં લોકાકાશના પ્રદેશોને સ્પર્શવાનું, કાળમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના સમયોને સ્પર્શવાનું અને ભાવમાં રસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોને સ્પર્શવાનું છે. અને તે સર્વને મૃત્યુ વડે સ્પર્શવાનું છે.

ભાવપુદ્‌ગલ પરાવર્તમાં પ્રકારાન્તરે પણ ગણના જોવા મળે છે. પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ, ગુરુલઘુ અને અગુરુલઘુ એમ બાવીશ ભેદો રૂપે થઇને સમસ્ત પુદ્‌ગલાસ્તિકાયના પરમાણુઓને એક જીવ સ્પર્શીને મૂકે, એટલે કે કેટલાક પરમાણુઓને કૃષ્ણવર્ણ રૂપે, કેટલાક પરમાણુઓને શ્વેતવર્ણ રૂપે, કેટલાક પરમાણુઓને રક્તવર્ણ રૂપે એમ બાવીશે ભેદોએ થઇને સર્વ પુદ્‌ગલ પરમાણુઓનું ગ્રહણ કરી લે, તેમાં જેટલો કાળ લાગે તેને બાદર ભાવ પુદ્‌ગલ પરાવર્ત કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને તે જ સમસ્ત પુદ્ગલાસ્તિકાયના પરમાણુઓને ઉપરોક્ત બાવીશ પ્રકારોમાંથી કોઈપણ એક પ્રકાર રૂપે જ માત્ર ગ્રહણ કરીને મૂકે (તેમાં શેષ ૨૧ ભેદ રૂપે ગૃહીત પુદ્ગલો પણ અગૃહીત જ ગણાય) તેમાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ભાવ પુદ્ગલ પરાવર્ત કહેવાય છે. આ સૂ. ભાવ. પુ. પ. બાવીશ જાતનું થાય છે. આ મતાન્તરનો ઉલ્લેખ સ્વોપજ્ઞ ટીકામાં તથા પંચસંગ્રહ પ્રથમ ભાગ બીજું દ્વાર ગાથા ૪૧માં તથા તેની ટીકામાં દેખાતો નથી. પરંતુ મહેસાણા પાઠશાળા અને પૂ. ધર્મસૂરિજી મ. સાહેબ તરફથી પ્રકાશિત ગુજરાતી વિવેચનમાં છે.

આ પ્રમાણે આઠ પ્રકારના પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ સમજાવ્યું. ॥૮૮॥

પ્રદેશબંધનો અધિકાર ચાલે છે. હવે આગળ આવતી ગાથાઓમાં જઘન્ય તથા ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી કહેવાના છે. તેથી જે જીવ જેવો થયો છતો જઘન્યપ્રદેશબંધ કરે છે. અને જે જીવ જેવો થયો છતો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે તે યુક્તિપૂર્વક સમજાવે છે કે જેથી સ્વામી જાણવા સુકર બને.

**अप्पयरपयडिबंधी, उक्कडजोगी य सन्निपज्जत्तो।**
**कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥ ८९॥**

(अल्पतरप्रकृतिबन्धी, उत्कृष्टयोगी च संज्ञी पर्याप्तः।
करोति प्रदेशोत्कृष्टं, जघन्यकं तस्य व्यत्यासे ॥ ८९ ॥)

**શબ્દાર્થ - अप्पयरपयडिबंधी**=અલ્પતર પ્રકૃતિઓ બાંધનારો, **उक्कडजोगी**=ઉત્કૃષ્ટ યોગવાળો, **य**=અને, **सन्नी**=સંજ્ઞીપંચેન્દ્રિય, **पज्जत्तो**=પર્યાપ્તો જીવ, **कुणइ**=કરે છે, **पएसुक्कोसं**=ઉત્કૃષ્ટ પ્રદેશબંધ, **जहन्नयं**=જઘન્યપ્રદેશબંધ, **तस्स**=તેનાથી, **वच्चासे**=વિપરીતપણામાં જાણવો. ॥ ૮૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** - અલ્પતર પ્રકૃતિઓને બાંધનારો ઉત્કૃષ્ટ યોગી અને સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અને જઘન્ય પ્રદેશબંધ તેનાથી વિપરીતપણામાં કરે છે. ॥ ૮૯ ॥

**વિવેચન** - એકસમયમાં ગ્રહણ થયેલું કાર્મણવર્ગણાનું દલિક તે સમયે મૂલ અને ઉત્તરભેદો જેટલા બંધાતા હોય તેટલા ભાગોમાં વહેંચાય છે. આ કારણથી જ્યારે જ્યારે મૂલ અને ઉત્તરપ્રકૃતિઓ અલ્પ અલ્પ બંધાતી હોય ત્યારે ત્યારે ભાગ અલ્પ થવાથી બંધાતી પ્રકૃતિઓના ભાગમાં દલિક વધારે વધારે આવે છે. તેથી જ્યારે અલ્પતર પ્રકૃતિઓ બંધાતી હોય ત્યારે જ ઉત્કૃષ્ટપ્રદેશબંધ સંભવી શકે છે. આ કારણથી અલ્પતરપ્રકૃતિબંધી આવું પહેલું વિશેષણ કહ્યું છે.

जोगा पयडिपएसं = યોગના આધારે પ્રદેશગ્રહણ હોય છે. જઘન્ય યોગવાળો જીવ જઘન્ય પ્રદેશ ગ્રહણ કરે છે. મધ્યમ યોગવાળો જીવ મધ્યમ પ્રદેશ ગ્રહણ કરે છે. અને ઉત્કૃષ્ટ યોગવાળો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશો ગ્રહણ કરે છે. તેથી ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) પ્રદેશોનો બંધ ઉત્કૃષ્ટયોગ કાલે સંભવતો હોવાથી उत्कृष्टयोगी એવું બીજું વિશેષણ કહ્યું છે.

આવો ઉત્કૃષ્ટયોગ સંજ્ઞી પંચેન્દ્રિય જીવમાં જ હોય છે. અન્યત્ર તેટલો ઉત્કૃષ્ટયોગ હોતો નથી. માટે संज्ञी એવું ત્રીજું વિશેષણ કહ્યું છે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં પણ પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ બે જાતના જીવો હોય છે. તેમાં અપર્યાપ્તા કરતાં પર્યાપ્તામાં યોગ વધારે હોય છે. તેથી ઉત્કૃષ્ટ યોગનો સંભવ પર્યાપ્તામાં જ હોય છે. માટે મૂલગાથામાં पर्याप्त એવું ચોથું વિશેષણ કહ્યું છે. પર્યાપ્તા પણ બે પ્રકારના હોય છે. લબ્ધિ અને કરણ, તેમાં જે લબ્ધિથી પર્યાપ્તા હોય પરંતુ જો કરણથી અપર્યાપ્તા હોય તો અપર્યાપ્તાવસ્થા હોવાથી "पइखणमसंखगुणविरिय" ગાથા ૫૫માં કહ્યા મુજબ પ્રતિસમયે અસંખ્યાતગુણા યોગે જીવ વૃદ્ધિ પામતો હોય છે તેથી સર્વ પર્યાપ્તિઓ પૂર્ણ કરીને જે કરણપર્યાપ્તો બને છે તેમાં સૌથી વધુ યોગ સંભવી શકે છે માટે करणपर्याप्तो લેવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે (૧) **અલ્પતરપ્રકૃતિનો બંધક** (૨) **ઉત્કૃષ્ટયોગી** (૩) **સંજ્ઞી પંચેન્દ્રિય** અને (૪) **કરણપર્યાપ્ત** આવો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અને તેનાથી સમજાય તેમ છે કે સામાન્યથી વિપરીત વિશેષણો વાળો જીવ જઘન્ય પ્રદેશબંધ કરે છે. (૧) બહુતરપ્રકૃતિઓનો બંધક, (૨) જઘન્યયોગી, (૩) અસંજ્ઞી જીવ (સૂક્ષ્મ નિગોદ) (૪) લબ્ધિથી તથા કરણથી અપર્યાપ્તો ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતો જીવ જઘન્ય પ્રદેશબંધનો સ્વામી છે. ॥૮૯॥

સંજ્ઞીના વિપરીતપણે અસંજ્ઞી લખ્યો. પરંતુ અસંજ્ઞી પંચેન્દ્રિય ન સમજવો. એકેન્દ્રિયથી અસંજ્ઞી. પંચે. સુધીના બધા જ અસંજ્ઞી કહેવાય છે. માટે સૂક્ષ્મ નિગોદનો જીવ લેવો.

**मिच्छ अजयचउ आऊ, बितिगुण विणु मोहि सत्तमिच्छाइ।**
**छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥ ९० ॥**

(मिथ्यादृष्टिरयतचत्वार आयुषोद्वितीयतृतीयगुणौविना मोहे सप्त मिथ्यादृष्ट्यादयः। षण्णां सप्तदशानां सूक्ष्मोऽयता देशविरता द्वितीयतृतीयकषायान् ॥ ९० ॥)

JAINSITE जैनम् जयति शासनम्

**શબ્દાર્થ** - **मिच्छ**=મિથ્યાદૃષ્ટિજીવો, **अजयचउ**=અવિરતિ આદિ ચાર ગુણસ્થાનકવાળા જીવો, **आऊ**=આયુષ્યકર્મનો, **बितिगुण**=બીજા ત્રીજા ગુણસ્થાનક, **विणु**=વિના, **मोहि**=મોહનીયકર્મના, **सत्तमिच्छाइ**= મિથ્યાત્વાદિ સાતગુણસ્થાનકવાળા જીવો, **छण्हं**=છ મૂળકર્મોનો, **सतरस** = સત્તર ઉત્તર પ્રકૃતિઓનો, **सुहुमो**=સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા જીવો, **अजया**=અવિરતિ સમ્યગ્દૃષ્ટિજીવો તથા, **देसा**=દેશવિરતિધર જીવો, **बितिकसाए**=બીજા ત્રીજા કષાયનો ઉ. પ્રદેશબંધ કરે છે. ॥૯૦॥

**ગાથાર્થ** - મિથ્યાદૃષ્ટિ અને અવિરતિસમ્યગ્દૃષ્ટિ આદિ ચાર ગુણસ્થાનકવાળા જીવો આયુષ્યકર્મનો, બીજા, ત્રીજા ગુણસ્થાનક વિના મિથ્યાત્વાદિ સાતગુણસ્થાનકવાળા જીવો મોહનીયનો, સૂક્ષ્મસંપરાયવાળો જીવ છ મૂળકર્મોનો અને સત્તર ઉત્તરપ્રકૃતિઓનો તથા અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરત જીવો બીજા, ત્રીજા કષાયનો ઉ.પ્રદેશબંધ કરે છે. ॥૯૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**વિવેચન** - પૂર્વે ૮૯મી ગાથામાં કહેલાં અલ્પતરપ્રકૃતિબન્ધક, ઉત્કૃષ્ટયોગી, સંજ્ઞીપઞ્ચેન્દ્રિય અને કરણપર્યાપ્ત ઇત્યાદિ વિશેષણોવાળો જીવ જ તે તે કર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. કારણ કે તેવા જીવમાં જ અલ્પભાગદાન, પ્રચૂરતરકર્મદલિકોનું ગ્રહણ અને ઉત્કૃષ્ટયોગનો સંભવ ઇત્યાદિ કારણો સંભવે છે. આ વાતને ધ્યાનમાં રાખીને ગ્રંથકારશ્રી ઉત્કૃષ્ટપ્રદેશ બંધના સ્વામી સમજાવે છે.

**(૧) આયુષ્ય કર્મના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી** - મૂલ આયુષ્ય કર્મ પહેલા ગુણસ્થાનકથી (ત્રીજા ગુણસ્થાનક વિના) સાતમા ગુણસ્થાનક સુધી બંધાય છે. તે ૧-૨-૪-૫-૬-૭ આ છ ગુણસ્થાનકોમાંથી બીજા સાસ્વાદન વિના બાકીના પાંચે ગુણસ્થાનકોવાળા જીવો ઉત્કૃષ્ટયોગી હોય ત્યારે ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. આયુષ્યકર્મ જ્યારે બંધાય ત્યારે મૂલકર્મ નિયમા આઠ બંધાય જ છે. તેથી અલ્પતરપ્રકૃતિબંધક એવું વિશેષણ અહીં ઘટતું નથી. બીજા ગુણસ્થાનક વિના ઉત્કૃષ્ટ યોગ પાંચે ગુણસ્થાનકોમાં હોય છે. સંજ્ઞીપંચેન્દ્રિય કરણપર્યાપ્ત જીવો પણ પાંચે ગુણસ્થાનકોમાં છે માટે તે જીવો સ્વામી કહ્યા છે. મિશ્ર તથા અપૂર્વકરણાદિએ આયુષ્યનો બંધ ન હોવાથી અને સાસ્વાદને ઉત્કૃષ્ટયોગ ન હોવાથી તે ગુણસ્થાનકોમાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કહ્યો નથી.

**પ્રશ્ન** - બીજા ગુણસ્થાનકે ઉત્કૃષ્ટ યોગ કેમ નથી હોતો ? તથા ત્યાં ઉત્કૃષ્ટયોગના અભાવને સમજવા માટે યુક્તિ શું ?

**ઉત્તર** - બીજા ગુણસ્થાનકે જીવ અલ્પકાળ જ (વધુમાં વધુ છ આવલિકા માત્ર જ) રહેવાનો હોવાથી તેવા પ્રકારના વધુ પ્રયત્નવાળો હોતો નથી. જેને જ્યાં અલ્પકાળ જ રહેવાનું હોય છે. તે ત્યાં ઘણી પ્રવૃત્તિ કરતો નથી. આ વાત અનુભવસિદ્ધ પણ છે. સ્વોપજ્ઞ ટીકામાં કહ્યું છે કે તસ્માજ્જ્ઞાયતેऽल्पकालभावित्वेन तथाविधप्रयत्नाभावादन्यतो वा कुतश्चित्कारणात्सास्वादनस्योत्कृष्टयोगो नास्ति । વળી યુક્તિ પણ આ પ્રમાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટે છે કે ૯૨મી ગાથાના છેલ્લા उक्कोसपएसगा मिच्छो ઈત્યાદિ પદમાં બાકીની ૬૬ પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ કહ્યા છે. તેમાં ૪ અનંતાનુબંધી કષાય છે. તેના પણ ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી આ પદથી મિથ્યાદૃષ્ટિ જ કહ્યા છે. હવે જો સાસ્વાદને ઉત્કૃષ્ટયોગ સંભવતો હોત તો જેમ મિથ્યાત્વે ઉત્કૃષ્ટયોગ હોવાથી અનંતાનુબંધીના સ્વામી કહ્યા, તેમ સાસ્વાદને પણ ઉત્કૃષ્ટ યોગ મળવાથી સાસ્વાદને પણ સ્વામી કહેવા જોઈએ. તથા વળી મિથ્યાત્વગુણઠાણે મોહનીયકર્મની ૨૨ પ્રકૃતિઓ બંધાય છે. અને સાસ્વાદને તો મિથ્યાત્વ મોહનીય ન બંધાતી હોવાથી ૨૧ પ્રકૃતિઓ જ બંધાય છે. તેથી એક ભાગ ઓછો પડવાથી બંધાતી ૨૧માં દલિક વધારે આવે. તેથી સાસ્વાદને જ ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી સંભવે. પરંતુ એમ કહ્યું નથી. માટે સમજાય છે કે સાસ્વાદને ઉત્કૃષ્ટ યોગ નહીં હોય.

जैन साईट JAINSITE जैनम् जयति शासनम्

તથા ૯૪મી ગાથામાં "दुहा सेसि सव्वत्थ" આ પદમાં અનંતાનુબંધી કષાયના ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ પ્રદેશબંધ સાદિ અધ્રુવ એમ બે જ પ્રકારે કહ્યા છે. હવે જો સાસ્વાદને ઉત્કૃષ્ટ યોગ સંભવતો હોત તો મિથ્યાત્વનો ભાગ ન પડવાથી અનંતાનુબંધીનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સાસ્વાદને જ થાત. અને સાસ્વાદનથી પડીને પહેલા ગુણઠાણે આવનારને અનુત્કૃષ્ટબંધની સાદિ થાત. જે સાસ્વાદન પામ્યા નથી અને ઉત્કૃષ્ટપ્રદેશબંધ કર્યો નથી. તેવા અનાદિમિથ્યાત્વી જીવને અનુત્કૃષ્ટપ્રદેશબંધ **અનાદિ** થાત. અભવ્યને **ધ્રુવ** અને ભવ્યને અધ્રુવ થાત. એમ અનંતાનુબંધીના અનુત્કૃષ્ટબંધના ચારભાંગા કહ્યા હોત. પરંતુ ચાર ભાંગા કહ્યા નથી. તેથી પણ સમજાય છે કે સાસ્વાદને ઉત્કૃષ્ટ યોગ ન હોય.

(૨) **મોહનીયના ઉ.પ્ર. બંધના સ્વામી**-બીજા-ત્રીજા ગુણસ્થાનક વિના ૧-૪-૫-૬-૭-૮-૯ એમ મિથ્યાત્વથી અનિવૃત્તિ સુધી સાતે ગુણસ્થાનકોમાં જ્યારે જીવ આયુષ્ય ન બાંધતો હોય અને ઉત્કૃષ્ટયોગ-વાળો હોય ત્યારે મોહનીયના ઉ.પ્ર.બંધનો સ્વામી જાણવો. કારણકે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયકર્મ ૧થી૯ ગુણસ્થાનક સુધી જ બંધાય છે. તેનાથી આગળ બંધાતું નથી. માટે આગળના ગુણસ્થાનકોમાં સ્વામિત્વ નથી. ૧થી૯ ગુણસ્થાનકોમાં સર્વત્ર સંજ્ઞી પંચેન્દ્રિયપણું, પર્યાપ્તાપણું અને શુભ અથવા અશુભ એવા ઉત્કૃષ્ટ યોગવાળા પણું બીજા-ત્રીજા ગુણસ્થાનક વિના બધે મળે છે. માટે બીજા-ત્રીજા વિના બધે સ્વામી કહ્યા છે. અલ્પતર પ્રકૃતિના બંધક હોય તો ભાગ ઓછા પડે, તેથી બંધાતીમાં વધુ દલિક આવે તેથી આયુષ્યકર્મ ન બંધાતું હોય ત્યારે અને ઉત્કૃષ્ટયોગમાં જીવો વર્તતા હોય ત્યારે સ્વામી જાણવા.

**પ્રશ્ન** - મોહનીયના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામિમાં બીજા-ત્રીજા ગુણસ્થાનકનું વર્જન શા માટે કરો છો ?

**ઉત્તર** - બીજા ગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગ નથી આ કારણ પૂર્વે સમજાવ્યું જ છે. ત્રીજા ગુણસ્થાનકે પણ અલ્પકાળ માત્ર હોવાથી અને સ્થિરતાવાળા પરિણામ ન હોવાથી ઉત્કૃષ્ટયોગ હોતો નથી. જો ત્રીજે ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગ સંભવતો હોત તો અપ્રત્યાખ્યાનીય ચાર કષાયના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી ત્રીજા-ચોથા ગુણઠાણા વાળા એમ કહેત. પરંતુ આ જ મૂલગાથાના છેલ્લા પદમાં **अजया देसा बितिकसाऐ** કહીને માત્ર ચોથા ગુણઠાણાવાળાને જ સ્વામી કહ્યા છે. ત્રીજું ગુણસ્થાનક ન લેવામાં અને માત્ર ચોથે જ સ્વામી કહેવામાં અલ્પતર પ્રકૃતિબંધકતા આદિ બીજી કોઇ કારણતા સંભવતી નથી. કારણ કે જેમ ચોથે ગુણઠાણે મૂલ કર્મ સાત અને ઉત્તર પ્રકૃતિ મોહનીયની ૧૭ બંધાય છે. તેમ ત્રીજે ગુણઠાણે પણ મૂલ કર્મ સાત અને ઉત્તર પ્રકૃતિ સત્તર જ બંધાય છે. તેથી ત્રીજું ગુણસ્થાનક સ્વામી તરીકે ન લેવામાં ઉત્કૃષ્ટ યોગના અભાવને છોડીને બીજુ કોઇ કારણ સંભવતું નથી. આ પ્રમાણે બીજે-ત્રીજે ઉત્કૃષ્ટયોગ ન હોવાથી ત્યાં મોહનીયના સ્વામી કહ્યા નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૩) શેષ છ મૂલકર્મના ઉ.પ્ર. બંધના સ્વામી** - જ્ઞાનાવરણીયાદિ શેષ છ મૂલકર્મોનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનકવર્તી જીવ કરે છે. કારણ કે ત્યાં ઉત્કૃષ્ટયોગ પણ સંભવે છે અને મોહનીય તથા આયુષ્યનો અબંધ હોવાથી તેના ભાગનું દાન પણ સંભવે છે. આ પ્રમાણે મૂલકર્મના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી કહીને હવે ઉત્તરપ્રકૃતિઓના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી જણાવે છે.

**(૪) સત્તર ઉત્તરપ્રકૃતિના ઉ.પ્ર.ના સ્વામી** - જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫, સાતા, યશ અને ઉચ્ચગોત્ર આ સત્તર ઉત્તરપ્રકૃતિઓના ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા જીવો જાણવા. કારણ કે ત્યાં મૂલકર્મ આશ્રયી છ અને ઉત્તરકર્મ આશ્રયી સત્તર જ બંધાતી હોવાથી બાકીની ન બંધાતી તમામ પ્રકૃતિઓના ભાગનું દલિક આ સત્તરના ભાગોમાં જ યથાયોગ્ય વહેંચાઈ જાય છે તેથી આ સત્તર પ્રકૃતિઓના બંધક એવા જીવોમાં વધારેમાં વધારે અલ્પતર પ્રકૃતિબંધકતા અહીં જ સંભવતી હોવાથી આ જીવ સ્વામી કહ્યા છે.

**(૫) બીજા-ત્રીજા કષાયના ઉ. પ્ર. બંધના સ્વામી** = અપ્રત્યાખ્યાનીય ચાર કષાયના ચોથે ગુણઠાણે અને પ્રત્યાખ્યાનાવરણ ચાર કષાયના પાંચમે ગુણઠાણે ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી જાણવા. તેમાં પણ જ્યારે આયુષ્યકર્મ ન બંધાતું હોય ત્યારે અને ઉત્કૃષ્ટ યોગ હોય ત્યારે જ સ્વામી જાણવા. બીજા કષાયના સ્વામી ચોથે ગુણઠાણે લેવાનું કારણ એ છે કે મિથ્યાત્વ અને અનંતાનુબંધી આ પાંચ પ્રકૃતિ બંધાતી નથી. તેથી તેનો ભાગ અપ્રત્યાખ્યાનીયમાં અધિક આવે. ત્રીજે ગુણઠાણે ઉત્કૃષ્ટયોગ નથી અને પાંચમા આદિ ગુણસ્થાનકોમાં આ કષાય બંધાતો નથી. તેથી ચોથે સ્વામી કહ્યા. તે જ પ્રમાણે ત્રીજા કષાયના સ્વામી પાંચમે ગુણઠાણે કહેવાનું કારણ એ છે કે ત્યાં બીજા કષાયની ચોકડી પણ ન બંધાતી હોવાથી તેટલા ભાગ ઓછા પડે જેથી ચોથા કરતાં પાંચમે વધારે પ્રદેશો ભાગમાં આવે માટે પાંચમે સ્વામી કહ્યા. ॥૯૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**पण अनियट्टी सुखगइ, नराउसुरसुभगतिगविउव्विदुगं ।**
**समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥ ९१ ॥**

(पञ्चानिवृत्तिस्सुखगतिनरायुस्सुरसौभाग्यत्रिकवैक्रियद्विकम् ।
समचतुरस्रमसातं वज्रं मिथ्यादृष्टिर्वा सम्यग्दृष्टिर्वा ॥ ९१ ॥)

**શબ્દાર્થ** - **पण**= પાંચ પ્રકૃતિઓને, **अनियट्टी** = અનિવૃત્તિવાળો, **सुखगइ**=શુભવિહાયોગતિ, **नराउ**=મનુષ્યાયુષ્ય, **सुरसुभगतिग**=દેવત્રિક અને સૌભાગ્યત્રિક, **विउव्विदुगं**=વૈક્રિયદ્વિક, **समचउरंसं**=સમચતુરસ્ર-સંસ્થાન, **असायं**=અસાતા વેદનીય, **वइरं**=વજ્રઋષભનારાચને, **मिच्छो व सम्मो वा**=મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ. ॥૯૧॥

**ગાથાર્થ** - પુરુષવેદાદિ પાંચ પ્રકૃતિનો અનિવૃત્તિબાદર ગુણઠાણાવાળો જીવ, શુભવિહાયોગતિ, મનુષ્યાયુષ્ય, દેવત્રિક, સૌભાગ્યત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુરસ્રસંસ્થાન, અસાતાવેદનીય, અને વજ્રઋષભનારાચ-સંઘયણ, એમ ૧૩ પ્રકૃતિઓનો મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશ બંધ કરે છે. ॥ ૯૧ ॥

જૈન સાઇટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**વિવેચન** - પુરુષવેદાદિ પાંચ=પુરુષવેદ તથા સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભ આ પાંચ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ નવમા ગુણઠાણાવાળા જીવો કરે છે. કારણ કે ત્યાં ઉત્કૃષ્ટયોગ પણ હોય છે. આયુષ્યકર્મ ન બંધાતું હોવાથી તેનો, તથા મોહનીયની આ પાંચ વિનાની બાકીની ૨૧ પ્રકૃતિઓ ન બંધાતી હોવાથી તેનો ભાગ પણ આ પાંચને જ મળે છે. તેથી આ પાંચનો ઉ.પ્ર. બંધ અહીં થાય છે.

પરંતુ એટલી વિશેષતા છે કે પુરુષવેદનો નવમા ગુણઠાણાના પહેલા ભાગે મોહનીયની પાંચ પ્રકૃતિનો બંધ કરતો હોય ત્યારે, સંજ્વલન ક્રોધનો નવમાના બીજા ભાગે મોહનીયની ચાર બાંધતો હોય ત્યારે, સંજ્વલન માનનો નવમાના ત્રીજા ભાગે મોહનીયની ત્રણ બાંધતો હોય ત્યારે, સંજ્વલન માયાનો નવમાના ચોથા ભાગે મોહનીયની બે બાંધતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય ત્યારે અને સંજ્વલ લોભનો નવમાના પાંચમા ભાગે મોહનીયમાં માત્ર એકલો લોભ જ બંધાતો હોય ત્યારે તે તે ભાગે એક-બે સમય સ્વામી જાણવો. કારણ કે જે જે પ્રકૃતિનો બંધવિચ્છેદ થતો જાય તેનો ભાગ ન પડવાથી બંધાતીના ભાગમાં દલિક વધારે આવે.

તથા આ પાંચે પ્રકૃતિઓનો તે તે ભાગે વર્તતો જીવ જ્યારે ઉત્કૃષ્ટયોગમાં વર્તતો હોય ત્યારે જ સ્વામી જાણવો અને તે પણ એક અથવા બે સમય માત્ર જ સ્વામી જાણવો. કારણ કે ઉત્કૃષ્ટ યોગ હોય તો જ ઉત્કૃષ્ટદલિકગ્રહણ થાય છે. અને ઉત્કૃષ્ટ યોગસ્થાનક ૧-૨ સમય જ ટકે છે. વધારે સમય ટકતું નથી.

શુભ વિહાયોગતિ, મનુષ્યાયુષ્ય, દેવત્રિક, સૌભાગ્યત્રિક, વૈક્રિયદ્ધિક, સમચતુરસ્ર, અસાતાવેદનીય અને વજ્રઋષભનારાચ એમ ૧૩ પ્રકૃતિઓનો મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ ઉત્કૃષ્ટયોગી ઉ.પ્ર. બંધ કરે છે ઉત્કૃષ્ટયોગ હોતે છતે ઉત્કૃષ્ટદલિકગ્રહણ થાય છે અને ઉત્કૃષ્ટયોગ-સ્થાનક ૧-૨ સમય જ ટકે છે. વધારે સમય ટકતું નથી.

૧. असातावेदनीय = આ પ્રકૃતિ ૧થી૬ ગુણસ્થાનક સુધી બંધાય છે. બીજે-ત્રીજે ગુણઠાણે ઉત્કૃષ્ટ યોગ ન હોવાથી તે બે ગુણસ્થાનક વિના-બાકીનાં ૧-૪-૫-૬ આ ગુણસ્થાનકવાળા મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ બન્ને જીવો સપ્તવિધબંધક હોય ત્યારે અસાતાનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. સપ્તવિધ બંધકપણું અને ઉત્કૃષ્ટયોગીપણું ૧-૪-૫-૬માં બધે સંભવે છે.

**પ્રશ્ન**-અસાતાવેદનીય પાપપ્રકૃતિ છે. સમ્યગ્દૃષ્ટિજીવ વિશુદ્ધિવાળો છે. અને મિથ્યાદૃષ્ટિ જીવ સંક્લિષ્ટતાવાળો છે. તેથી માત્ર મિથ્યાદૃષ્ટિ જીવ જ સંક્લિષ્ટ પરિણામવાળો હોવાથી સમ્યગ્દૃષ્ટિને છોડીને એકલો મિથ્યાદૃષ્ટિ જ ઉ.પ્ર. બંધનો સ્વામી હોય એવું શું ન બને ? બન્નેને સ્વામી કેમ કહો છો ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** - સ્થિતિબંધ અને રસબંધ કષાયથી થાય છે. તેથી તે બે બંધમાં વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા કારણ છે. પરંતુ આ પ્રદેશબંધ ચાલે છે. તેમાં વિશુદ્ધિ અને સંક્લિષ્ટતા કારણ નથી પરંતુ **યોગ** જ કારણ છે. અને ઉત્કૃષ્ટ **યોગ** તો મિથ્યાદૃષ્ટિને પણ હોઈ શકે છે. અને સમ્યગ્દૃષ્ટિને પણ હોઈ શકે છે. માટે બન્ને સ્વામી કહ્યા છે.

૨. મનુષ્યાયુષ્ય=આ પ્રકૃતિના ઉ.પ્ર. બંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ ચારેગતિના જીવો અને અવિરત સમ્યગ્દૃષ્ટિ દેવ-નારકીના જીવો માત્ર જ સ્વામી જાણવા. તે પણ જ્યારે ઉત્કૃષ્ટ યોગમાં વર્તતા હોય ત્યારે એક બે સમય માત્ર સ્વામી જાણવા. બીજે ગુણસ્થાનકે ઉત્કૃષ્ટયોગ નથી. ત્રીજે ઉત્કૃષ્ટયોગ પણ નથી અને આયુષ્યકર્મનો બંધ પણ નથી. ચોથા ગુણઠાણામાં જો મનુષ્ય-તિર્યંચો હોય તો નિયમા દેવાયુષ્ય જ બાંધે. મનુષ્યાયુષ્ય ન બાંધે, પાંચમા આદિ ગુણઠાણાઓમાં મનુષ્યાયુષ્ય બંધાતું જ નથી. તેથી તે બધાને છોડીને ઉપરોક્ત સ્વામી કહ્યા છે.

जैन साईट JAINSITE.com

૩ દેવાયુષ્ય = આ પ્રકૃતિના ઉ.પ્ર.બંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ, અવિરતસમ્યગ્દૃષ્ટિ અને દેશવિરતિધર એવા તિર્યંચો અને મનુષ્યો તથા છઠ્ઠા-સાતમા ગુણઠાણાવાળા મુનિઓ ઉત્કૃષ્ટ યોગે વર્તતા હોય ત્યારે ૧/૨ સમય સ્વામી જાણવા. બીજે-ત્રીજે સ્વામી ન કહેવાનું કારણ પૂર્વની જેમ જાણવું. દેવો અને નારકી દેવાયુષ્ય બાંધતા જ નથી. તેથી તેને છોડીને તિર્યંચ-મનુષ્યો જ સ્વામી કહ્યા છે.

૪. વજ્રઋષભનારાચ = આ પ્રકૃતિના સ્વામી પં. તિર્યંચ પ્રાયોગ્ય અથવા મનુષ્યપ્રાયોગ્ય નામકર્મની ૨૯ પ્રકૃતિઓ બાંધતા ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો, તથા સમ્યગ્દૃષ્ટિમાં માત્ર દેવ-નારકીના જ જીવો સ્વામી જાણવા. જો સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો હોય તો દેવ પ્રાયોગ્ય જ બંધ કરે અને તેમાં સંઘયણ બંધાય નહીં માટે સમ્યગ્દૃષ્ટિમાં મનુષ્ય-તિર્યંચનું સ્વામી તરીકે વર્જન કરેલું છે તથા ૨૯ ના બંધથી નીચેના નામકર્મનાં (૨૩-૨૫-૨૬-૨૮) બંધસ્થાનકોમાં આ સંઘયણ બંધાતું



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. અને ૩૦/૩૧ ના બંધમાં બંધાય છે. પરંતુ ભાગ વધારે પડે છે જેથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થતો નથી. એમ વિચારીને ૨૯ના બંધવાળા કહ્યા છે. તેમાં પણ સપ્તવિધ બંધક જીવો જ સ્વામી જાણવા.

૫ शेष नवप्रकृति = બાકીની શુભવિહાયોગતિ, દેવદ્વિક, સૌભાગ્યત્રિક, વૈક્રિયદ્વિક અને સમચતુરસ્ર એમ નવ પ્રકૃતિઓના ઉ.પ્ર. બંધના સ્વામી દેવપ્રાયોગ્ય નામકર્મની ૨૮ પ્રકૃતિઓ બાંધતા મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ-મનુષ્યો જ સ્વામી જાણવા. ૨૮ના બંધથી નીચેના (૨૩-૨૫-૨૬નાં) બંધસ્થાનકોમાં આ પ્રકૃતિઓ બંધાતી નથી. અને ૨૮ થી ઉપરિવર્તી ૨૯-૩૦-૩૧માં આ પ્રકૃતિઓ બંધાય છે. પરંતુ ભાગ અધિક પડે છે. નરકપ્રાયોગ્ય પણ ૨૮ પ્રકૃતિઓ બંધાય છે. પરંતુ ત્યાં વૈક્રિયદ્વિક સિવાયની ૭ પ્રકૃતિઓ તો બંધાતી જ નથી. માટે યથોક્ત જીવો જ સ્વામી જાણવા. માત્ર એટલું વિશેષ છે કે જે જીવો દેવપ્રાયોગ્ય ૨૮ બાંધતા હોય, અને સપ્તવિધબંધક હોય તથા ઉત્કૃષ્ટયોગે વર્તતા હોય ત્યારે ૧/૨ સમય સ્વામી જાણવા અને વૈક્રિયદ્વિક માટે દેવપ્રાયોગ્ય કે નરકપ્રાયોગ્ય એમ બન્ને પ્રકારની ૨૮ પ્રકૃતિ બાંધતા સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટ યોગી જીવો સ્વામી હોઇ શકે છે. ॥૯૧॥

**निद्दापयलादुजुयलभयकुच्छातित्थसम्मगो सुजई।**
**आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥ ९२॥**

(निद्राप्रचलाद्वियुगलभयजुगुप्सा तीर्थानां सम्यग्गः सुयतिः ।
आहारकद्विकं शेषा उत्कृष्टप्रदेशका मिथ्यादृष्टिः ॥ ९२ ॥)

**શબ્દાર્થ** - **निद्दापयला**=નિદ્રા પ્રચલા, **दुजुयल**=બે યુગલ હાસ્ય, રતિ, અરતિ, શોક, **भयकुच्छा**=ભય અને જુગુપ્સા, **तित्थ**= અને તીર્થંકર નામકર્મનો ઉ.પ્ર.બંધ, **सम्मगो**=સમ્યગ્દૃષ્ટિજીવ કરે છે, **सुजई**= સુયતિ અપ્રમત્તમુનિ, **आहारदुगं**=આહારકદ્વિકનો, **सेसा**=બાકીની પ્રકૃતિઓનો, **उक्कोसपएसगा**=ઉત્કૃષ્ટપ્રદેશબંધ, **मिच्छो**=મિથ્યાદૃષ્ટિ જીવ કરે છે. ॥૯૨॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગાથાર્થ** - નિદ્રા, પ્રચલા, બે યુગલ, ભય, જુગુપ્સા અને તીર્થંકર નામકર્મ એમ કુલ ૯ પ્રકૃતિઓને સમ્યગ્દૃષ્ટિ જીવ, આહારકદ્વિકને અપ્રમત્તમુનિ અને બાકીની ૬૬ પ્રકૃતિઓને મિથ્યાદૃષ્ટિ જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધવાળી કરે છે. ॥ ૯૨ ॥

**વિવેચન** - निद्राप्रचला નિદ્રા અને પ્રચલાના ઉત્કૃષ્ટ પ્રદેશબંધના ૪ થી ૮મા ગુણસ્થાનકના પહેલા ભાગ સુધીના **સમ્યગ્દૃષ્ટિ જીવો** સ્વામી જાણવા. તે પણ સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગમાં વર્તતા ૧/૨ સમય માત્ર સ્વામી જાણવા. મિથ્યાત્વે પણ સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગ એમ બન્ને સંભવે છે. પરંતુ ત્યાં થીણદ્ધિત્રિક બંધાય છે. જેથી ભાગ અધિક પડે છે એટલે ત્યાં ઉ.પ્ર.બંધ થતો નથી. સાસ્વાદને ઉત્કૃષ્ટયોગ પણ નથી અને થીણદ્ધિત્રિકનો અબંધ પણ નથી. તથા મિશ્રે ઉત્કૃષ્ટયોગ નથી. આ સર્વે કારણોથી ૧-૨-૩ ગુણસ્થાનકોમાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કહ્યો નથી. આઠમાના પહેલા ભાગથી ઉપર નિદ્રા પ્રચલાનો બંધ થતો જ નથી. તેથી ૪ થી ૮/૧ ભાગ સુધીના સમ્યગ્દૃષ્ટિ સપ્તવિધબંધક જીવો સ્વામી કહ્યા છે.

<u>हास्यादिषट्क</u> = હાસ્ય રતિ અરતિ શોક ભય અને જુગુપ્સા આ છ પ્રકૃતિઓના (હાસ્યષટ્કના) ઉ.પ્ર.બંધના સ્વામી સપ્તવિધબંધક ઉત્કૃષ્ટયોગી સમ્યગ્દૃષ્ટિ જીવ ૧/૨ સમયમાત્ર સ્વામી જાણવા. અહીં ૧-૨-૩ ગુણસ્થાનકોમાં સ્વામી ન લેવાનું કારણ એ છે કે પહેલે મિથ્યાત્વ મોહનીયકર્મ બંધાય છે. તેથી ત્યાં તેનો ભાગ પડવાથી હાસ્યાદિમાં દલિક અલ્પ આવે. બીજે-ત્રીજે ઉત્કૃષ્ટ યોગ નથી. આ કારણથી આ ૬ પ્રકૃતિના સ્વામી ૪ થી ૮માં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વામી કહ્યા છે.

**પ્રશ્ન** - હાસ્યાદિષટ્કના સ્વામી ૪થી૮માં વર્તતા સમ્યગ્દૃષ્ટિ જીવો કહ્યા. પરંતુ ૬થી૮ સુધીના જીવો સ્વામી કહેવા જોઈએ. કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે જેમ મિથ્યાત્વ ન બંધાવાથી તેનો ભાગ અધિક મળે એટલે મિથ્યાત્વી જીવ છોડી દઇએ છીએ અને સમ્યગ્દષ્ટિ જ લઇએ છીએ તેમ અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાય પણ ન બંધાવાથી તેનો ભાગ પણ ૬થી૮માં વધારે મળી શકે છે. તેથી ૬થી૮માં સ્વામી કહેવા જોઇએ? તથા હાસ્ય રતિ ભય અને જુગુપ્સા આ ચારના સ્વામી તો સાતમે આઠમે જ કહેવા જોઇએ, કારણ કે અરતિ શોકનો બંધ પણ છટ્ઠે ટળી જાય છે એટલે તેનો ભાગ પણ આ ચારને વધારે મળે ?

**ઉત્તર** - મિથ્યાત્વમોહનીયનો બંધ અટકે ત્યારે દર્શનમોહનીયની બીજી કોઇ પ્રકૃતિ બંધાતી જ નથી. તેથી તેનો ભાગ પડતો જ નથી. ફક્ત ચારિત્ર મોહનીય જ બંધાય છે. બધું દલિક ચારિત્રમોહનીયમાં જ વહેંચાય છે. તેથી ચારિત્ર મોહનીયકર્મની બંધાતી પ્રકૃતિઓમાં વધારે દલિક આવે છે. માટે મિથ્યાત્વી ન લીધા અને સમ્યક્ત્વી જીવ લીધા તે બરાબર છે. પરંતુ ચોથે પાંચમે ગુણઠાણે જે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાય બંધાય છે. અને ૬ થી ૮માં તે બંધાતા નથી તેથી તેનો ભાગ હાસ્યાદિષટ્કમાં ૬ થી ૮ ગુણસ્થાનક લેવાથી વધારે આવશે. આ વાત બરાબર નથી. કારણ કે ત્યાં સંજ્વલન કષાય બંધાય છે. એટલે ન બંધાતા આઠ કષાયનું દલિક બંધાતા સંજ્વલનમાં જ સમાનજાતીય હોવાથી જાય છે. હાસ્યાદિમાં આવતું નથી. એટલે અપ્રત્યાખ્યાનીયાદિ ૮ કષાય બંધાય કે ન બંધાય તેથી હાસ્યાદિકમાં કંઇ લાભ થતો નથી માટે ૬થી૮ ન કહેતાં ૪થી૮ કહેલ છે. સ્વોપજ્ઞટીકામાં ૯૪મી ગાથામાં ભય જુગુપ્સામાં સાદ્યાદિભાંગા સમજાવતાં ગ્રંથકારશ્રીએ જ લખ્યું છે કે "कषायभागः पुनः सजातित्वात्कषायाणामेव भवति, नैतयोः" તેથી હાસ્યાદિષટ્કમાં ઉ.પ્ર.બંધના સ્વામી ૪ થી ૮ કહ્યા છે તે બરાબર છે.

વળી છટ્ઠે અરતિ શોક બંધમાંથી નીકળી જાય છે. તેથી તેનો ભાગ અધિક મળવાના આશયથી હાસ્યાદિ ચારના સ્વામી સાતમે આઠમે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાની જે વાત કરી તે પણ ઉચિત નથી કારણ કે બે યુગલો સાથે જો બંધાતાં હોત અને હાસ્યાદિષટ્કના છ ભાગ પડતા હોત તો બેનો અબંધ થવાથી ૪ ભાગ પડે એટલે એક એકના ભાગમાં અધિક દલિક આવે પરંતુ એમ બનતું જ નથી. ચોથે પાંચમે અને છઠ્ઠે જ્યાં અરતિ શોક બંધાય છે ત્યાં પણ હાસ્યરતિ અથવા અરતિશોક એમ બે જ પ્રકૃતિઓ બંધાવાની છે. તેથી આ બેમાંથી ગમે તે એક યુગલની બે પ્રકૃતિ તથા ભય જુગુપ્સા મળી ચાર જ ભાગ પડવાના છે. અને સાતમું આઠમું લઈએ તો પણ હાસ્ય રતિ ભય જુગુપ્સા એમ ચાર નિયત બંધાવાની છે. પણ ભાગ ચાર જ પડવાના છે. ભાગ ઓછા વધારે થવાના નથી. માટે ૭થી૮ ન કહેતાં ૪થી૮ કહ્યા છે. માટે શાસ્ત્રકારોએ જે કહ્યું છે તે બધુ યુક્તિયુક્ત જ છે. સ્વોપજ્ઞટીકામાં ૯૨મી ગાથામાં સ્પષ્ટ જ લખ્યું છે કે ये ये सम्यग्दृष्टयोऽविरताद्यपूर्वकरणान्तानां मध्ये तद्बन्धकास्ते ते उत्कृष्टयोगे वर्तमाना उत्कृष्टप्रदेशबन्धमभिनिवर्तयन्ति मिथ्यात्वभागो लभ्यत इति सम्यग्दृष्टिग्रहणम् । અહીં અવિરતથી અપૂર્વકરણાન્ત એમ સ્પષ્ટ કહ્યું છે. તથા મિથ્યાત્વનો ભાગ અધિક મળે છે. તેથી સમ્યગ્દષ્ટિ લીધાનો ઉલ્લેખ છે. પરંતુ આઠ કષાયોના ભાગનો ઉલ્લેખ નથી. અને ૯૪મી ગાથાની ટીકામાં કષાયોનો ભાગ કષાયોને જ અપાય છે. સમાન જાતિ હોવાથી, આવો સ્પષ્ટ પાઠ છે તેથી આઠ કષાય બંધાય કે ન બંધાય, તેનાથી હાસ્યાદિને કંઈ લાભ થતો નથી.

તથા અરતિ શોક બંધમાં હોય તો પણ પ્રતિપક્ષી હોવાથી ચાર જ ભાગ પડે છે અને ન બંધાય તો પણ હાસ્ય રતિ ભય જુગુપ્સા એમ ચાર નિયત બંધાતી હોવાથી પણ ચાર જ ભાગ પડે છે. તેથી અરતિશોક સાતમે આઠમે ન બંધાવાથી તેનો લાભ હાસ્યાદિને મળશે એ વાત પણ મિથ્યા છે.

तीर्थंकरनामकर्म = દેવગતિ પ્રાયોગ્ય તીર્થંકરનામકર્મ સહિત નામકર્મની ૨૯ પ્રકૃતિઓ બાંધતા એવા અવિરત સમ્યગ્દષ્ટિથી અપૂર્વકરણના છઠ્ઠાભાગ સુધીના ગુણસ્થાનકોમાં વર્તતા મનુષ્યો જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉ.પ્ર.બંધના સ્વામી જાણવા. તે પણ સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગમાં વર્તતા મનુષ્યો સ્વામી લેવા. ચોથાથી નીચેનાં (૧-૨-૩) ગુણસ્થાનકોમાં અને ૨૯મા બંધથી નીચેના (૨૩-૨૫-૨૬-૨૮)ના બંધસ્થાનકોમાં જિનનામનો બંધ જ નથી. તેથી તે જીવો સ્વામી તરીકે લીધા નથી. તથા દેવપ્રાયોગ્ય ૩૧ અને મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ના બંધમાં જોકે જિનનામકર્મ બંધાય છે. પરંતુ ભાગ અધિક પડતા હોવાથી તે જીવો પણ સ્વામી તરીકે લીધા નથી.

**आहारकद्विक** = દેવપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતા સાતમા આઠમા ગુણસ્થાનકવાળા સુયતિ (અપ્રમત્તમુનિ) આહારકદ્વિકના ઉ.પ્ર.બંધના સ્વામી જાણવા. દેવ પ્રાયોગ્ય ૩૧ના બંધમાં પણ આહારકદ્વિક બંધાય છે. પરંતુ ભાગનું બાહુલ્ય છે. અને બાકીનાં નામકર્મનાં બંધસ્થાનકોમાં આહારકનો બંધ જ નથી. એમ વિચારીને અન્યત્ર સ્વામિત્વ જણાવ્યું નથી.

**शेषा षट्षष्टि** = બાકીની ૬૬ પ્રકૃતિઓના ઉ.પ્ર. બંધના સ્વામી મિથ્યાદૃષ્ટિ જીવો જાણવા. સપ્તવિધબંધક અને ઉત્કૃષ્ટયોગી સમજી લેવા. તથા શક્ય હોય તેટલા અલ્પતર પ્રકૃતિના બંધક સમજવા. અત્યાર સુધી કુલ ૫૪ના સ્વામી પૂર્વે કહ્યા છે. બાકી રહેલી ૬૬માં પહેલે અને બીજે બંધવિચ્છેદ પામતી અનુક્રમે ૧૬+૨૫=૪૧ પ્રકૃતિઓ તો સમ્યગ્દષ્ટિ જીવોને બંધમાં જ આવતી નથી. તેથી મિથ્યાદૃષ્ટિ જીવો સ્વામી કહ્યા છે. બાકી રહેલી (૬૬માંથી બાદ ૪૧=૨૫) પચીસ પ્રકૃતિઓ જો કે સમ્યગ્દષ્ટિ જીવોને અને મિથ્યાદૃષ્ટિ જીવોને એમ બન્નેને બંધાય છે. પરંતુ તે સમ્યગ્દષ્ટિ મનુષ્ય-તિર્યંચોના જીવો દેવપ્રાયોગ્ય ૨૮ થી અને દેવ-નારકીના જીવો મનુષ્યપ્રાયોગ્ય ૨૯ થી ઓછી પ્રકૃતિઓ (૨૩-૨૫-૨૬) બાંધતા જ નથી. અને મિથ્યાદૃષ્ટિ જીવો તો એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩-૨૫-૨૬ પણ બાંધે છે. તેમાં આ બાકી રહેલી ૨૫ પ્રકૃતિઓ બંધાય છે. ત્યાં ભાગ અલ્પ થતા હોવાથી ઉ.પ્ર. બંધ સંભવે છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવો સ્વામી કહ્યા છે.[૧]

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ૬૬ પ્રકૃતિઓમાં બે આયુષ્યમાં અષ્ટવિધબંધક અને શેષ ૬૪માં સપ્તવિધબંધક, ઉત્કૃષ્ટયોગી, અને મિથ્યાદૃષ્ટિ આ ત્રણ વિશેષણો જાણવાં. તથા અલ્પતર પ્રકૃતિની બંધકતા આ પ્રમાણે સમજવી.

૧ તિર્યંચદ્વિક, એકે. જાતિ, ઔ. શરીર, તૈ. શરીર, કા. શરીર, હુંડક, વર્ણાદિ ચાર, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ, સ્થાવર, બાદર-સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, પ્રત્યેક, અસ્થિર, અશુભ, દુર્ભગ, અનાદેય અને અયશ આ ૨૫ પ્રકૃતિઓના ઉ. પ્રદેશબંધના સ્વામી અપર્યાપ્ત એકેન્દ્રિય પ્રાયોગ્ય ૨૩ પ્રકૃતિઓ બાંધતા તિર્યંચ-મનુષ્યો.

૨ મનુષ્યદ્વિકના અપ. મનુ. પ્રા. ૨૫ બાંધતા, પંચેન્દ્રિયજાતિના અપર્યાપ્ત તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય ૨૫ બાંધતા, વિકલેન્દ્રિયત્રિકના અપર્યાપ્ત વિકલેન્દ્રિયપ્રાયોગ્યા ૨૫ બાંધતા, ઔદારિકાંગોપાંગ, છેવટ્ઠું સંઘયણ અને ત્રસનામકર્મ આ ૩ પ્રકૃતિના અપર્યાપ્તા તિર્યંચ-મનુષ્ય-વિકલેન્દ્રિય પ્રાયોગ્ય ૨૫ બાંધતા તિર્યંચ-મનુષ્યના જીવો સ્વામી જાણવા.

૩ પર્યાપ્ત, પરાઘાત, ઉચ્છ્વાસ, સ્થિર અને શુભ આ પાંચ પ્રકૃતિના પર્યાપ્તા એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૫ બાંધતા તિર્યંચ-મનુષ્ય અને ઈશાનાન્ત દેવના જીવો સ્વામી જાણવા.

૪ આતપ-ઉદ્યોતના પ. એકે. પ્રા. ૨૬ બાંધતા તિર્યંચ-મનુષ્ય અને ઈશાનાન્તદેવના જીવો સ્વામી જાણવા.

૫ નરકદ્વિક, અશુભવિહાયોગતિ અને દુસ્વર આ ચાર પ્રકૃતિના નરક પ્રાયોગ્ય ૨૮ બાંધતા તિર્યંચ મનુષ્યના જીવો સ્વામી જાણવા.

૬ મધ્યમ ૪ સંઘયણ-સંસ્થાનના પર્યાપ્ત તિર્યંચ-મનુષ્ય પ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા ચારે ગતિના જીવો સ્વામી જાણવા.

૭ થિણદ્ધિત્રિક, મિથ્યાત્વ, અનંતાનુબંધી ચાર, સ્ત્રીવેદ, નપુંસકવેદ, અને નીચગોત્ર આમ ૧૧ પ્રકૃતિના મિથ્યાત્વી જીવો સ્વામી જાણવા.

૮ નરકાયુષ્યના તિર્યંચમનુષ્યો અને તિર્યંચાયુષ્યના ચારેગતિના જીવો જ્યારે અષ્ટવિધબંધક હોય ત્યારે સ્વામી જાણવા આ પ્રમાણે ૨૫+૯+૫+૨+૪+૮+૧૧+૨=૬૬ના સ્વામી જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્કૃષ્ટ પ્રદેશબંધસ્વામિત્વ કહ્યું. હવે જ.પ્ર. બંધસ્વામિત્વ કહે છે.

**सुमुणी दुन्नि असन्नी, निरयतिगसुराउसुरविउव्विदुगं ।**
**सम्मो जिणं जहन्नं, सुहुमनिगोयाइखणि सेसा ॥ ९३ ॥**

(सुमुनिः द्वे असंज्ञी नरकत्रिकसुरायुस्सुरवैक्रियद्विकम् ।
सम्यग्दृष्टिर्जिनं जघन्यं, सूक्ष्मनिगोदाद्यक्षणे शेषाः ॥ ९३ ॥

**શબ્દાર્થ-सुमुणी**=અપ્રમત્તમુનિ, **दुन्नि**=આહારકદ્વિકને, **असन्नी**= અસંજ્ઞી પંચેન્દ્રિયજીવ, **निरयतिगसुराउ**=નરકત્રિક અને દેવાયુષ્યને, **सुरविउव्विदुगं**=દેવદ્વિક વૈક્રિયદ્વિક, **जिणं**=અને જિનનામ એમ પાંચને, **सम्मो**=સમ્યગ્દૃષ્ટિ જીવ, **जहन्नं**=જઘન્ય પ્રદેશબંધ, **सुहुमनिगोयाइखणि**= સૂક્ષ્મનિગોદીયો જીવ ઉત્પત્તિના પ્રથમસમયમાં વર્તતો, **सेसा**=બાકીની પ્રકૃતિઓને (જ.પ્રદેશે બાંધે છે.) ॥૯૩॥

**ગાથાર્થ** - આહારકદ્વિકનો અપ્રમત્તમુનિ, નરકત્રિક અને દેવાયુષ્યનો અસંજ્ઞી પંચેન્દ્રિય, દેવત્રિક વૈક્રિયદ્વિક અને જિનનામકર્મનો સમ્યગ્દૃષ્ટિ જીવ, અને બાકીની સર્વે પ્રકૃતિઓનો સૂક્ષ્મનિગોદીયો જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે વર્તતો જઘન્ય પ્રદેશબંધ કરે છે. ॥૯૩॥

**વિવેચન** - ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સમજાવીને હવે જઘન્યપ્રદેશબંધ સમજાવે છે. તે ઉત્કૃષ્ટ પ્રદેશબંધના ઉપાયો કરતાં જઘન્ય પ્રદેશબંધના ઉપાયો जहन्नयं तस्स वच्चासे ગાથા ૮૯ના આ પદના આધારે વિપરીત જાણવા. અલ્પતરપ્રકૃતિબંધકને બદલે **બહુતર પ્રકૃતિબંધક** લેવા, જેથી ભાગ બહુ થવાથી બંધાતી પ્રકૃતિઓના ભાગમાં અલ્પ દલિક આવે, ઉત્કૃષ્ટ યોગીને બદલે **જઘન્યયોગી** લેવા. જેથી દલિકગ્રહણ જઘન્ય જ થાય, સંજ્ઞીપંચેન્દ્રિય પર્યાપ્તાને બદલે **સૂક્ષ્મ નિગોદ ઉત્પત્તિના પ્રથમસમયવર્તી અપર્યાપ્તા** જીવ લેવા. જેથી યોગ અતિશય અલ્પ હોય. આ ઉપાયો ધ્યાનમાં રાખીને સ્વામિત્વ કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

आहारकद्विक = આહારકદ્વિકનો જ.પ્ર.બંધ અપ્રમત્તમુનિ કરે છે. તે પણ અષ્ટવિધબંધક, પરાવર્તમાનયોગવાળા અને દેવપ્રાયોગ્ય નામકર્મની (જિનનામ તથા આહારકદ્વિક સહિત) ૩૧ પ્રકૃતિઓ બાંધતા મુનિ જ જ.પ્ર. બંધ કરે છે. **અષ્ટવિધબંધક** લેવાથી ભાગ અધિક પડે જેથી નામકર્મના ભાગમાં દલિકો અલ્પ આવવાથી જ. પ્ર.બંધ ઘટી શકે. અપર્યાપ્ત અવસ્થામાં પ્રતિસમયે યોગ અસંખ્યાતગણો વધે છે. એટલે જઘન્યયોગ ઉત્પત્તિના પ્રથમ સમયે જ મળે છે. પરંતુ આહારકદ્વિક મુનિ અવસ્થામાં જ બંધાતું હોવાથી પર્યાપ્ત અવસ્થા જ લેવી પડે છે. અને પર્યાપ્ત અવસ્થામાં જઘન્યયોગનો સંભવ ત્યારે છે કે જ્યારે પર્યાપ્ત અવસ્થાને યોગ્ય યોગસ્થાનોમાં જીવ ચડ-ઉતર કરવા રૂપે પરાવૃત્તિ કરતો હોય પરંતુ કોઇપણ એક યોગસ્થાનકમાં અતિશય સ્થિર ન હોય ત્યારે જ એટલે કે એક યોગસ્થાનકથી ઉતરી બીજે, અને બીજાથી ઉતરી ત્રીજે યોગસ્થાનકે જલ્દી જલ્દી બદલાતો હોય ત્યારે જઘન્યયોગવાળો હોય છે એટલે **પરાવર્તમાન યોગવાળો** જીવ સ્વામી કહ્યો છે. તથા નામકર્મના દેવપ્રાયોગ્ય ૩૦ અને ૩૧ આ બન્ને બંધસ્થાનકોમાં આહારકદ્વિક બંધાય છે. પરંતુ ૩૦માં ભાગ ઓછા હોવાથી જ.પ્ર. બંધનો સંભવ નથી તેથી ૩૧ બાંધતો જીવ સ્વામી કહ્યો છે.

તથા આહારકદ્વિક સાતમે-આઠમે એમ બન્ને ગુણઠાણે બંધાતું હોવા છતાં અષ્ટવિધબંધક હોય તો ભાગ અધિક પડે જેથી જ.પ્ર. બંધ આવી શકે અને અષ્ટવિધબંધક સાતમા-આઠમામાંથી સાતમે જ હોય છે. તેથી સ્વામી તરીકે અપ્રમત્તમુનિ (સાતમાવાળા) જ સ્વામી જાણવા.

नरकत्रिकसुरायुष्य = આ ચાર પ્રકૃતિઓનો જ. પ્ર. બંધ અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ કરે છે અને તે પણ અષ્ટવિધબંધક પરાર્વતમાન યોગવાળો જીવ સમજવો. એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયના જીવો આ ચાર પ્રકૃતિ બાંધતા જ નથી. માત્ર અસંજ્ઞી પં. પર્યાપ્તા અને સંજ્ઞી પં. પર્યાપ્તા જ બાંધે છે. તેથી એકેન્દ્રિયાદિને સ્વામી કહ્યા નથી. અસંજ્ઞી અને સંજ્ઞી આ બન્નેમાં અસંજ્ઞી પં. કરતાં સંજ્ઞી પં.નો યોગ અસંખ્યાત ગણો વધારે હોય છે. તેથી સંજ્ઞી પં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વામી તરીકે કહ્યા નથી. માત્ર અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જ સ્વામી તરીકે કહ્યા છે. તે પણ જ્યારે અષ્ટવિધબંધક હોય ત્યારે વધારે ભાગો પડવાથી જઘન્ય પ્રદેશબંધ થઇ શકે છે. માટે અષ્ટવિધ બંધક જીવો સ્વામી લેવા. પરાવર્તમાનયોગવાળો જીવ હોય તો જઘન્યયોગવાળો થઇ શકે કારણ કે કોઇ પણ એક યોગમાં સ્થિર હોય તો તીવ્ર ચેષ્ટા વાળો હોવાથી જઘન્યયોગી ન બને. પરંતુ યોગમાં જલ્દી જલ્દી ફેરબદલી કરતો હોય તો જઘન્યયોગી થાય તેથી તેવા પરાવર્તમાન યોગવાળા જઘન્યયોગી જીવ સ્વામી લેવા. પર્યાપ્તા જીવો સ્વપ્રાયોગ્ય જઘન્યયોગસ્થાનકોમાં વધુમાં વધુ ચાર સમય માત્ર વર્તે છે. તેથી ૧ થી ૪ સમયસુધી **પરાવર્તમાન** યોગે જઘન્યયોગવાળો અસંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તો જીવ નરકત્રિક અને દેવાયુષ્યના સ્વામી જાણવો.

सुरद्विकवैक्रियद्विकजिननाम = આ પાંચ પ્રકૃતિઓના જ.પ્ર. બંધના સ્વામી સંજ્ઞી પંચેન્દ્રિય, લબ્ધિપર્યાપ્ત અને કરણઅપર્યાપ્ત ભવના આદ્ય સમયવર્તી સમ્યગ્દષ્ટિ જીવ સ્વામી જાણવા. તે પાંચ પ્રકૃતિઓમાં દેવદ્વિક અને વૈક્રિયદ્વિકના સ્વામી ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતા અને દેવપ્રાયોગ્ય જિનનામ સહિત ૨૯ પ્રકૃતિ બાંધતા મનુષ્ય જ માત્ર સ્વામી જાણવા અને જિનનામકર્મના મનુષ્યપ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિ બાંધતા દેવભવના આદ્યસમયવર્તી સમ્યગ્દષ્ટિદેવો જ માત્ર સ્વામી જાણવા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

દેવદ્વિક અને વૈક્રિયદ્વિકને સંજ્ઞી કરણપર્યાપ્તા, સંજ્ઞી કરણ અપર્યાપ્તા અને અસંજ્ઞી કરણ પર્યાપ્તા એમ ત્રણ પ્રકારના જીવો બાંધે છે. શેષ જીવો બાંધતા નથી. ત્યાં સંજ્ઞીપર્યાપ્તા અને અસંજ્ઞીપર્યાપ્તા જીવો કરતાં સંજ્ઞી અપર્યાપ્તામાં ભવના આદ્યસમયે અત્યન્ત અલ્પયોગ હોય છે. તેથી સંજ્ઞીઅપર્યાપ્તા જીવ જ સ્વામી જાણવા. અપર્યાપ્તાવસ્થામાં સમ્યક્ત્વ હોય તો જ દેવ પ્રાયોગ્ય બંધ થાય છે. અને ત્યારે જ ઉપરોક્ત ચાર પ્રકૃતિ બંધાય છે. માટે સમ્યગ્દષ્ટિજીવ જ સ્વામી કહ્યો છે. તેમાં પણ જિનનામ સહિત દેવપ્રાયોગ્ય ૨૯ પ્રકૃતિ બાંધતા સમ્યગ્દષ્ટિ સંજ્ઞીઅપર્યાપ્તા ભવાદ્યસમયવર્તી મનુષ્ય જ સ્વામી લેવા. કારણ કે ૨૯ બાંધવાથી ભાગ વધારે થાય. સમ્યગ્દષ્ટિ તિર્યંચો દેવપ્રાયોગ્ય બંધ કરે પરંતુ જિનનામ ન

બાંધતા હોવાથી ૨૮ જ ભાગ પડે તેથી ત્યાં જ પ્ર. બંધ ન મળે. માટે જિનનામ સહિત ૨૯ બાંધતા મનુષ્યો આ ચાર પ્રકૃતિના સ્વામી જાણવા.

ભવના આદ્યસમયે આયુષ્યબંધ હોતો જ નથી, કારણ કે ભવના બે ભાગ ગયા પછી જ આયુષ્ય બંધાય છે. એટલે ભવાદ્યસમયે આયુષ્યનો અબંધ જ હોવાથી સપ્તવિધબંધક જ હોય છે. તેથી તેનો ઉલ્લેખ કર્યો નથી. બે પ્રકારના બંધક હોય તો એકનો ઉલ્લેખ કરવો પડે.

**પ્રશ્ન** - ભવના બે ભાગ ગયા પછી આયુષ્ય બાંધે એવો જીવ સ્વામી લેવો જોઈએને ? કારણ કે આયુષ્યનો ભાગ પડવાથી નામ-કર્મના ભાગમાં દલિક અલ્પ આવે તેથી ત્યાં જ. પ્રદેશ બંધ થઈ શકે?

**ઉત્તર** - આ જીવ સમ્યગ્દષ્ટિ છે. એટલે લબ્ધિપર્યાપ્તો છે. બે ભાગ ગયા પછી સ્વામી લેવા જઈએ તો આયુષ્યનો ભાગ વધારે પડે એ વાત સાચી પરંતુ યોગ અસંખ્ય ગણો પ્રતિસમયે વધે છે. જેથી કર્મદલિકોનું ગ્રહણ જ અસંખ્યાતગુણ અધિક થઈ જાય છે. તેથી જ. પ્ર.બંધ ન મળે એમ વિચારી **ભવાદ્યસમય** કહ્યો છે.

જિનનામકર્મના : જ. પ્રદેશબંધના પણ સમ્યગ્દષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય (લબ્ધિપર્યાપ્તા પણ) કરણ અપર્યાપ્તા ભવના આદ્યસમયમાં વર્તતા અનુત્તરવાસી દેવો મનુષ્યપ્રાયોગ્ય જિનનામ સહિત ૩૦ બાંધતા હોય ત્યારે સ્વામી જાણવા. જો કે ભવાદ્ય સમયે વર્તતા મનુષ્યો પણ જિનનામ કર્મ બાંધે છે અને અલ્પયોગવાળા છે. પરંતુ તે મનુષ્યો દેવ પ્રાયોગ્ય નામકર્મની ૨૯ બાંધે અને દેવો ભવાદ્ય સમયે મનુષ્યપ્રાયોગ્ય જિનનામકર્મ સહિત (સંઘયણનો બંધ વધવાથી) ૩૦ બાંધે, તેથી દેવોમાં એક ભાગ વધારે પડવાથી જ.પ્ર.બંધ દેવોમાં મળી શકે છે. માટે મનુષ્યો ન કહેતાં દેવો સ્વામી કહ્યા છે. તિર્યંચો સમ્યગ્દષ્ટિ હોય છે. પરંતુ જિનનામ બાંધતા જ નથી. તેથી તેઓને સ્વામી ન કહ્યા. નારકી અને શેષવૈમાનિક દેવો જિનનામ સહિત મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધે છે. પરંતુ વધુ ચેષ્ટાવાળા હોવાથી અનુત્તરવાસી દેવો જેટલા જઘન્ય યોગવાળા નથી. ઇત્યાદિ વિચારી ઉપરોક્ત અનુત્તરવાસી દેવો જ સ્વામી કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શેષ નવાધિકશત = બાકીની ૧૦૯ પ્રકૃતિઓના જ.પ્ર. બંધના સ્વામી સૂક્ષ્મનિગોદાવસ્થાવર્તી લબ્ધિ અને કરણથી અપર્યાપ્ત જીવ સ્વામી જાણવા. તેમાં ૧૦૭ પ્રકૃતિઓના સ્વામી ભવના આદ્યસમયમાં વર્તતા સ્વયોગ્ય સંભવતી અધિક પ્રકૃતિ બાંધતા જીવ સ્વામી જાણવા અને તિર્યંચાયુષ્ય અને મનુષ્યાયુષ્યના સ્વામી સૂક્ષ્મ નિગોદાવસ્થાવાળા પોતાના ભવના બે ભાગ ગયા પછીના ત્રીજા ભાગના આદ્યસમયમાં વર્તતા અપર્યાપ્તા જીવ સ્વામી જાણવા. બે ભાગ ગયા પહેલાં આયુષ્ય બંધાતુ જ નથી માટે બે ભાગ ગયા પછી સ્વામી કહ્યા છે. અન્ય જીવો કરતાં સૂક્ષ્મનિગોદમાં અલ્પયોગ હોય છે. તેમાં પણ અપર્યાપ્તામાં અને ભવના આદ્યસમયમાં અતિશય અલ્પયોગ હોય છે. તેથી ઉપરોક્ત જીવ સ્વામી કહ્યા છે.

મૂલકર્મોનું જઘન્યપ્રદેશબંધ સ્વામિત્વ ગ્રંથકારશ્રીએ મૂલગાથામાં કહ્યું નથી. પરંતુ સરળ હોવાથી અને ઉત્તરપ્રકૃતિઓના કથનના આધારે સમજાતું હોવાથી સ્વયં સમજી લેવું. ત્યાં મૂલ સાતકર્મોનો જ.પ્ર. બંધ સૂક્ષ્મનિગોદીયો જીવ ભવના આદ્ય સમયવર્તી હોય ત્યારે કરે છે. અને આયુષ્યકર્મનો જ.પ્ર. બંધ તે જ જીવ ભવના ત્રીજાભાગના આદ્ય સમયે કરે છે. ॥ ૯૩ ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ઉત્કૃષ્ટ અને જઘન્ય પ્રદેશબંધનું સ્વામિત્વ કહીને હવે પ્રદેશ બંધને આશ્રયી ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટાદિના સાદ્યાદિ ભાંગા જણાવે છે.

**दंसणछगभयकुच्छाबितितुरीयकसायविग्घनाणाणं ।**

**मूलछगे णुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥ ९४ ॥**

(दर्शनषट्कभयजुगुप्साद्वितीयतृतीयतुरीय कषायविघ्नज्ञानानाम् ।
मूलषट्केऽनुत्कृष्टश्चतुर्धा, द्विधा शेषे सर्वत्र ॥ ९४ ॥)

**શબ્દાર્થ** - **दंसणछगभयकुच्छा**=દર્શનાવરણીય છ, ભય અને જુગુપ્સા, **बितितुरीयकसाय**=બીજો, ત્રીજો અને ચોથો કષાય, **विग्घनाणाणं**= પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણીય, **मूलछगे**=મૂલ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છ કર્મોનો, **अणुक्कोसो**=અનુત્કૃષ્ટ પ્રદેશબંધ, **चउह**=ચાર પ્રકારનો છે. **दुहा**= બે પ્રકારે, **शेष**=બાકીમાં, **सव्वत्थ**=સર્વ ઠેકાણે ॥ ૯૪ ॥

**ગાથાર્થ** - દર્શનાવરણીય છ, ભય, જુગુપ્સા, બીજો, ત્રીજો, ચોથો કષાય, પાંચ અંતરાય અને પાંચ જ્ઞાનાવરણીય એમ ૩૦ ઉત્તરપ્રકૃતિનો અને મૂલ છ કર્મોનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે છે. અને બાકીની બધી પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટબંધ, અને સર્વે પ્રકૃતિઓના બાકીના બંધો એમ બધું બે પ્રકારે હોય છે. ॥ ૯૪ ॥

**વિવેચન** - સર્વથી વધારેમાં વધારે અર્થાત્ અતિશય ઘણા કર્મસ્કંધોને ગ્રહણ કરવા તે **ઉત્કૃષ્ટ પ્રદેશબંધ,** તેનાથી ન્યૂન, ન્યૂનતર, ન્યૂનતમ યાવત્ સર્વથી જઘન્ય કર્મસ્કંધોને ગ્રહણ કરવા તે અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કહેવાય છે એમ બે પ્રકારમાં બધી જાતના પ્રદેશબંધ આવી જાય છે. એવી જ રીતે સર્વથી અલ્પમાં અલ્પ પ્રદેશગ્રહણ થાય તે જઘન્ય, તેનાથી અધિક અધિક યાવત્ ઉત્કૃષ્ટ સુધીના પ્રદેશોનું ગ્રહણ થાય તે અજઘન્ય, આ બે પ્રકારમાં પણ બધી જાતના પ્રદેશબંધ આવી જાય છે. એમ ઉત્કૃષ્ટાદિ ચાર ભેદો થાય છે. તેના કાળને આશ્રયી સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એવા ચાર ભેદોમાંથી યથાયોગ્ય ભેદો થાય છે. તેની વિચારણા આ પ્રમાણે છે.

૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓ ધ્રુવબંધી હોવાથી સર્વે જીવોને અનાદિ કાળથી સદા બંધાય છે. અને અભવ્ય જીવોને ભવિષ્યમાં પણ અનંતકાળ બંધાશે, પરંતુ ભવ્ય જીવોને ભવિષ્યમાં તે ૪૭ પ્રકૃતિના બંધનો ઉપરના ગુણસ્થાનકોમાં ચઢતાં અંત આવશે. આ વાતને ધ્યાનમાં રાખીને જણાવે છે કે ૪૭ ધ્રુવબંધી પ્રકૃતિઓમાં મિથ્યાત્વમોહનીય, ચાર અનંતાનુબંધી કષાય, થીણદ્ધિત્રિક અને નામકર્મની ૯ ધ્રુવબંધી એમ કુલ ૧૭ પ્રકૃતિઓ એવી છે કે જેનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ મિથ્યાદષ્ટિ જીવ કરે છે. કારણ કે મિથ્યાત્વ મોહનીય તો પહેલે ગુણઠાણે જ બંધાય છે આગળના ગુણસ્થાનકોમાં બંધાતી જ નથી. અનંતાનુબંધી ચાર અને થીણદ્ધિત્રિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પહેલે-બીજે એમ બે જ ગુણસ્થાનકોમાં બંધાય છે. પરંતુ બીજે ઉત્કૃષ્ટ યોગ હોતો નથી તેથી ઉત્કૃષ્ટપ્રદેશબંધ પહેલે જ થાય છે.

તથા નામકર્મની ધ્રુવબંધી ૯ પ્રકૃતિઓ જો કે પહેલા ગુણઠાણાથી ૮/૬ ભાગ સુધી બંધાય છે. પરંતુ અલ્પ ભાગ પડે એવું નામકર્મનું એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૩નું બંધસ્થાનક પહેલે જ હોય છે. તેથી આ ૧૭નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પહેલા ગુણઠાણે જ થાય છે. સર્વે સંસારી જીવો પહેલા ગુણઠાણે તો હતા અને છે. તેથી ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરવાનો વારો ભૂતકાળમાં આવ્યો જ છે. અને જ્યારે ઉત્કૃષ્ટપ્રદેશબંધ આદર્યો હશે ત્યારે ઉત્કૃષ્ટ પ્રદેશબંધની સાદિ થયેલી છે અને અનુત્કૃષ્ટ બંધ અટકેલો છે એટલે અધ્રુવ થયેલો છે. ઉત્કૃષ્ટ યોગસ્થાનક એક બે સમય માત્ર જ ટકે છે. તેથી ઉત્કૃષ્ટપ્રદેશબંધ એક બે સમય માત્ર જ થાય છે. ત્યારબાદ ફરીથી અનુત્કૃષ્ટબંધ થાય છે. ત્યારે ઉત્કૃષ્ટ અધ્રુવ અને અનુત્કૃષ્ટની સાદિ થાય છે. આ પ્રમાણે પહેલા ગુણઠાણે ઉત્કૃષ્ટ -અનુત્કૃષ્ટ પ્રદેશબંધ વારાફરતી બંધાતા હોવાથી બન્નેના સાદિ અને અધ્રુવ એમ બે જ ભાંગા ૧૭ પ્રકૃતિના થાય છે. પરંતુ આ ૧૭ના અનાદિ અને ધ્રુવના ભાંગા ઘટતા નથી.

બાકીની જે ૩૦ ધ્રુવબંધી પ્રકૃતિઓ છે. તે ૩૦નો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૪ થી ૧૦માં સમ્યગ્દૃષ્ટિ જીવને જ થાય છે પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવને ઉત્કૃષ્ટપ્રદેશબંધ થતો નથી. તેથી સમ્યક્ત્વ ન પામેલા જીવોને અનાદિ કાળથી મિથ્યાત્વ માત્ર જ હોવાથી અને ત્યાં ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ન થવાથી સદાકાળ અનુત્કૃષ્ટ પ્રદેશબંધ જ થાય છે. તેથી તે ૩૦ ધ્રુવબંધીમાં અનુત્કૃષ્ટના સાદિ-અનાદિ-ધ્રુવ અને અધ્રુવ એમ ચાર ચાર ભાંગા થઇ શકે છે.

દર્શનાવરણીય ચાર નો ઉપશમક અને ક્ષપક એમ બન્ને શ્રેણીમાં ૧૦મા ગુણઠાણે માત્ર ૧/૨ સમય ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. કારણ કે આયુષ્ય અને મોહનીય ન બંધાતું હોવાથી મૂલકર્મના છ જ ભાગ પડે છે તથા નિદ્રાપંચક બંધાતું ન હોવાથી ઉત્તરપ્રકૃતિના ભાગ પણ ચાર જ થાય છે. આ રીતે ૧૦મા ગુણઠાણે ૧/૨ સમય ઉત્કૃષ્ટ યોગ આવે ત્યારે

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧/૨ સમય માત્ર ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરીને ત્યારબાદ અનુત્કૃષ્ટબંધ શરૂ કરતાં અથવા અગિયારમે જઇ ચાર દર્શનાવરણીય કર્મના સર્વથા અબંધક થઇ ત્યાંથી ઉતરતાં દશમે આવી અનુત્કૃષ્ટબંધ શરૂ કરતાં અનુત્કૃષ્ટબંધની સાદિ થાય છે. જે જીવો આ દસમુ-અગિયારમું ગુણસ્થાનક નથી પામ્યા, તેઓને ઉત્કૃષ્ટ પ્રદેશબંધ બાંધવાનો કે સર્વથા અબંધક થવાનો વારો ન આવ્યો હોવાથી અનાદિકાળથી અનુત્કૃષ્ટ જ બંધાય છે. તેથી અનુત્કૃષ્ટબંધ અનાદિ કહેવાય છે. અભવ્યને આ અનુત્કૃષ્ટ બંધ અનંતકાળ ચાલવાનો જ છે. તેથી ધ્રુવ અને ભવ્યને ક્ષપક શ્રેણી અથવા ઉપશમશ્રેણી શરૂ કરતાં ૧૦-૧૧મે ગુણસ્થાનકે આવશે ત્યારે વિરામ પામશે માટે અધ્રુવ. એમ દર્શનાવરણીય ૪ કર્મના અનુત્કૃષ્ટબંધના સાદ્યાદિ ચાર ભાંગા થાય છે.

निद्राप्रचला આ બે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ સપ્તવિધ બંધક ઉત્કૃષ્ટયોગી ૪ થી ૮/૧ ભાગ સુધીમાં વર્તતા જીવો કરે છે. તેથી સમ્યક્ત્વ ન પામેલાને આશ્રયી અનુત્કૃષ્ટ પ્રદેશબંધના પૂર્વોક્તરીતિ મુજબ સાદ્યાદિ ચાર ભાંગા થાય છે.

भयजुगुप्सा આ બે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પણ નિદ્રાની જેમ સમ્યગ્દષ્ટિને જ થાય છે. તફાવત માત્ર એટલો જ છે કે ચોથાથી ૮/૧ ભાગ સુધીને બદલે ચોથાથી ૮/૭ ભાગ સુધીમાં જ્યારે ઉત્કૃષ્ટ યોગ આવે ત્યારે ૧/૨ સમય ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે તેથી નિદ્રા-પ્રચલાની જેમ આ ભય અને જુગુપ્સાના અનુત્કૃષ્ટ પ્રદેશબંધના ચાર ભાંગા થાય છે.

अप्रत्याख्यानादि १२ कषाय = અપ્રત્યાખ્યાનીયનો ચોથે, પ્રત્યાખ્યાનીયનો પાંચમે, અને સંજ્વલનનો નવમે ઉત્કૃષ્ટપ્રદેશબંધ થાય છે. તેથી અહીં પણ નિદ્રા-પ્રચલાની જેમ જ અનુત્કૃષ્ટ પ્રદેશબંધના સાદ્યાદિ ચાર ભાંગા થાય છે.

૫ ज्ञानावरणीय અને ૫ अन्तराय આ ૧૦ પ્રકૃતિઓનો ઉ.પ્ર.બંધ ૧૦મા ગુણઠાણે થાય છે તેથી ચાર દર્શનાવરણીયની જેમ પાંચ જ્ઞાનાવરણીય અને પાંચ અંતરાયના પણ અનુત્કૃષ્ટ પ્રદેશબંધના સાદ્યાદિ ચાર ભાંગા થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે આ ૩૦ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટબંધ ૧/૨ સમયમાત્ર હોવાથી સાદિ-અધ્રુવ, પરંતુ અનુત્કૃષ્ટ બંધ ઉપર સમજાવ્યા પ્રમાણે ધ્રુવબંધી પ્રકૃતિ હોવાથી સાદિ-અનાદિ ધ્રુવ અને અધ્રુવ એમ ચાર પ્રકારે થાય છે. તથા આ ૧૭+૩૦= એમ ૪૭ સુડતાલીસે ધ્રુવબંધી પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ સૂક્ષ્મનિગોદીયા અલ્પતરયોગવાળા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે થાય છે. તે સમયે જઘન્યની સાદિ થાય છે. તે જ જીવને બીજા સમયે અસંખ્યગણો યોગ વધવાથી અજઘન્ય પ્રદેશબંધ થાય છે. ત્યારે અજઘન્યની સાદિ થાય છે. સૂક્ષ્મનિગોદનો ભવ દરેક જીવો ભૂતકાળમાં અનેકવાર પામી ચૂક્યા છે. તેથી અનેકવાર જઘન્ય અને અજઘન્ય પ્રદેશબંધ વારાફરતી કર્યા જ છે. માટે તે બન્ને બંધના સાદિ-અધ્રુવ એમ બે બે જ ભાંગા થાય છે. આ રીતે ૪૭ ધ્રુવબંધીમાં ૧૭ પ્રકૃતિના ઉત્કૃષ્ટાદિ ચારેના સાદિ અધ્રુવ બે બે ભાંગા હોવાથી ૧૭×૮=૧૩૬ અને ૩૦ ધ્રુવબંધીના અનુત્કૃષ્ટ બંધના સાદ્યાદિ ચાર, તથા ઉત્કૃષ્ટ જઘન્ય અને અજઘન્ય આ ત્રણ પ્રદેશબંધના સાદિ અધ્રુવ બે બે એમ દસ દસ ભાંગા થવાથી ૩૦×૧૦=૩૦૦ મળીને ધ્રુવબંધી ૪૭ના ૧૩૬+૩૦૦=૪૩૬ ભાંગા થાય છે.

તથા ૭૩ અધ્રુવબંધી પ્રકૃતિઓ તો અધ્રુવબંધી જ હોવાથી ક્યારેક બંધાય અને ક્યારેક ન બંધાય, અનાદિકાળથી સતત બંધાતી જ નથી. તેથી અનાદિ અને ધ્રુવ ભાંગા થતા જ નથી. ગાથા ૯૦-૯૧-૯૨માં જણાવ્યા પ્રમાણે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટબંધ તથા સૂક્ષ્મનિગોદના ભવમાં ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય અને શેષકાળે અજઘન્યબંધ એમ ચારે પ્રકારના બંધના સાદિ-અધ્રુવ બે બે જ ભાંગા થાય છે. માટે ૭૩×૮=૫૮૪ ભાંગા થાય છે. ધ્રુવબંધી અને અધ્રુવબંધીના મળીને કુલ ભાંગા ૪૩૬+૫૮૪=૧૦૨૦ થાય છે.

ઉપર સમજાવ્યા પ્રમાણે મૂલ આઠ કર્મોમાં આયુષ્ય અને મોહનીયકર્મને છોડીને શેષ છ કર્મોનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ દશમે ગુણઠાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ ૧/૨ સમય માત્ર જ ઉત્કૃષ્ટયોગકાળે થાય છે તે કાળે ઉત્કૃષ્ટની સાદિ, ૧/૨ સમય પછી અનુત્કૃષ્ટ બાંધે ત્યારે અથવા અગિયારમે જઈ અબંધક થઈ પડીને દસમે આવી ફરીથી નવો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ કરે ત્યારે અનુત્કૃષ્ટ બંધની સાદિ, દશમું અગિયારમું ગુણસ્થાનક જેઓ નથી પામ્યા તેને અનાદિ, અભવ્યને ધ્રુવ, અને ભવ્યને અધ્રુવ. એમ મૂલ છ કર્મનો અનુત્કૃષ્ટ પ્રદેશબંધ ચાર પ્રકારે હોય છે અને ઉત્કૃષ્ટબંધ ૧/૨ સમય માત્ર જ દશમે ગુણઠાણે હોય તેથી તે ઉત્કૃષ્ટબંધ સાદિ અધ્રુવ છે. આ જ છ કર્મના જઘન્ય અજઘન્ય પ્રદેશબંધ સુક્ષ્મનિગોદાવસ્થામાં પ્રથમ-દ્વિતીય સમય આશ્રયી થતા હોવાથી સાદિ-અધ્રુવ બે બે ભાંગા જ થાય છે એમ છ કર્મો ના ૬×૧૦=૬૦ ભાંગા થાય છે.

મોહનીય અને આયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ પહેલે ગુણઠાણે ઉત્કૃષ્ટયોગકાળે થાય છે. અને ૧/૨ સમય પછી અનુત્કૃષ્ટ પ્રદેશબંધ થાય છે. કારણ કે ઉત્કૃષ્ટ યોગસ્થાનક ૧/૨ સમય જ ટકે છે. અનાદિકાળથી જીવ પહેલા ગુણઠાણે તો છે જ, તેથી વારંવાર આ ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ પ્રદેશબંધ અનેકવાર કર્યા છે. માટે બન્નેના સાદિ-અધ્રુવ બે બે ભાંગા થાય છે. વળી આયુષ્યકર્મ તો ભવમાં એક વાર જ બંધાતું હોવાથી પણ સાદિ-અધ્રુવ છે તથા જઘન્ય અજઘન્ય બંધ પણ સૂક્ષ્મનિગોદની અવસ્થાને આશ્રયી થતા હોવાથી અને સૂક્ષ્મનિગોદપણું અનેકવાર પ્રાપ્ત થયેલ હોવાથી તેના પણ સાદિ-અધ્રુવ બે બે ભાંગા થાય છે. કુલ આયુષ્યના પણ આઠ અને મોહનીયના પણ આઠ એમ સોળ ભાંગા થાય છે. તેથી છ કર્મના ૬૦ અને બે કર્મના ૧૬ મળીને ૬૦+૧૬=૭૬ ભાંગા થાય છે. મૂળકર્મ અને ઉત્તરકર્મોના ભાંગા સાથે મળીને કુલ ૭૬+૧૦૨૦=૧૦૯૬ ભાંગા પ્રદેશબંધના જાણવા ॥ ૯૪ ॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામિત્વનું ચિત્ર

| પ્રકૃતિની સંખ્યા | પ્રકૃતિનાં નામ | સ્વામી | કેવો યોગ | કેટલાના બંધક | વિશેષતા |
|---|---|---|---|---|---|
| ૧૭ | ૫ જ્ઞાના. ૪ દર્શના. ૫ અંત. સાતા, યશ અને ઉચ્ચગોત્ર | સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકવાળા | ઉત્કૃષ્ટ યોગી | મૂલકર્મના ષડ્વિધ બંધક | ૧/૨ સમય માત્ર |
| ૪ | અપ્રત્યાખ્યાનીય | અવિરત સમ્ય. | ,, | સપ્તવિધબંધક | ,, |
| ૪ | પ્રત્યાખ્યાનાવરણ | દેશવિરત | ,, | ,, | ,, |
| ૫ | પુરુષવેદ, સંજ્વલન ૪ | અનિવૃત્તિ બાદર | ,, | ,, | અનુક્રમે ૧,૨,૩,૪,૫મા ભાગમાં ૧/૨ સમય. |
| ૧૩ | શુભવિહાયો. નરાયુ. દેવત્રિક, શુભગત્રિક, વૈક્રિયદ્વિક, સમચતુ. અસાતા. વજ્રઋષભ | મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ | ,, | અલ્પતર ઉત્તરપ્રકૃતિ બંધક સપ્તવિધ બંધક | ૧-૪-૫,૬ અને ૭ગુણ-સ્થાનકમાંથી યથાયોગ્ય |
| ૯ | નિદ્રાદ્વિક, હાસ્યાદિ ષટ્ક અને જિનનામ | ૪ થી ૮ ગુણ. | ,, | ,, | ૧/૨ સમય |
| ૨ | આહારકદ્વિક | ૭/૮ ગુણ. | ,, | ,, | ,, |
| ૬૬ | શેષ પ્રકૃતિ | મિથ્યાદૃષ્ટિ | ,, | ,, આયુમાંઅષ્ટ | ,, |
| ૧૨૦ | | | | | |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## જઘન્ય પ્રદેશબંધના સ્વામિત્વનું ચિત્ર

| પ્રકૃતિની સંખ્યા | પ્રકૃતિઓના નામ | સ્વામી | યોગ કેવો | કેટલાના બંધક | વિશેષતા | વિશેષતા |
|---|---|---|---|---|---|---|
| ૨ | આહારકદ્વિક | અપ્રમત્તમુનિ | પરાવર્તમાન જઘન્ય યોગી | અષ્ટવિધ બંધક | ૧ થી ૪ સમય | |
| ૪ | નરકત્રિક.સુરાયુ | અસંજ્ઞી પં.મિથ્યા, | " | " | " | |
| ૪ | દેવદ્વિક, વૈક્રિય દ્વિક | સમ્યગ્દૃષ્ટિમનુષ્ય | જઘન્ય યોગી | સપ્તવિધ બંધક | ભવના આદ્ય સમયે | દેવ પ્રાયોગ્ય ૨૯ બાંધતાં |
| ૧ | જિનનામકર્મ | અનુત્તરવાસીદેવ | " | " | " | મનુષ્ય પ્રાયોગ્ય ૩૦બાંધતા દેવો |
| ૨ | તિર્યંચાયુ મનુષ્યાયુ | સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્ત | " | અષ્ટવિધ બંધક | ૧ સમય માત્ર | ભવના બે ભાગ ગયા પછી ત્રીજા ભાગના આદ્યસમયે |
| ૧૦૭ | શેષ પ્રકૃતિઓ | સૂક્ષ્મનિગોદ લબ્ધિ અપર્યાપ્ત | " | સપ્તવિધ બંધક | પ્રથમ સમયે | ભવના આદ્યસમયે |

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પ્રદેશબંધમાં સાદ્યાદિ ભાંગાનું ચિત્ર

| પ્રકૃતિની સંખ્યા | પ્રકૃતિઓના નામ | ઉત્કૃષ્ટબંધ | અનુત્કૃષ્ટ બંધ | જઘન્ય બંધ | અજઘન્ય બંધ | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|---|
| ૩૦ | ૪ દર્શના. નિદ્રાદ્વિક.ભય, જુગુપ્સા,બીજો, ત્રીજો, કષાય, સંજ્વલન કષાય, જ્ઞાના. ૫, અંતરાય ૫, કુલ-૩૦ | સાદિ-અધ્રુવ ૨ | સાદિ-અનાદિ ધ્રુવ-અધ્રુવ૪ | સાદિ-અધ્રુવ ૨ | સાદિ-અધ્રુવ ૨ | ૩૦૦ |
| ૧૭ | મિથ્યાત્વ, અનંતા. થિણદ્ધિ-ત્રિક, નામધ્રુવબંધી ૯ કુલ-૧૭ ધ્રુવબંધી | " ૨ | સાદિ-અધ્રુવ ૨ | " ૨ | " ૨ | ૧૩૬ |
| ૭૩ | અધ્રુવબંધી | " ૨ | " ૨ | " ૨ | " ૨ | ૫૮૪ |
| ૧૨૦ | | | | | | ૧૦૨૦ |

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ એમ ચાર પ્રકારના બંધ તથા તેના સ્વામી અને તેનાથી થતા સાદ્યાદિ ભાંગાઓનું વર્ણન કર્યું હવે યોગસ્થાનાદિ બોલનું અલ્પબહુત્વ સમજાવે છે.

**सेढिअसंखिज्जंसे जोगठाणाणि पयडिठिइभेया ।**
**ठिइबंधज्झवसायाणुभागठाणा असंखगुणा ॥ ९५ ॥**
**तत्तो कम्मपएसा अणंतगुणिया तओ रसच्छेया ।**
**जोगा पयडिपएसं, ठिइअणुभागं कसायाओ ॥ ९६ ॥**

(श्रेण्यसंख्येयांशे योगस्थानानि प्रकृतिस्थितिभेदाः ।
स्थितिबन्धाध्यावसायानुभागस्थानान्यसडख्येयगुणानि ॥ ९५ ॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ततः कर्मप्रदेशा अनंतगुणितास्ततो रसाविभागाः ।
योगात्प्रकृतिप्रदेशौ, स्थित्यनुभागौ कषायात् ॥ ९६ ॥)

શબ્દાર્થ-**सेढिअसंखिज्जंसे** =શ્રેણીના અસંખ્યાતમા ભાગમાં, **जोगठाणाणि** = યોગસ્થાનકો, **पयडिठिइभेया**=પ્રકૃતિભેદો અને સ્થિતિભેદો, **ठिइबंधज्झवसायाणुभागठाणा** = સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો અને અનુભાગબંધમાં હેતુભૂત અધ્યવસાયસ્થાનો, **असंखगुणा**= અસંખ્યાત-ગુણાં છે, **तत्तो कम्मपएसा**=તેનાથી કર્મપ્રદેશો, **अणंतगुणिया**=અનંતગુણા છે, **तओ**=તેનાથી **रसच्छेया**=રસના અવિભાગપલિચ્છેદો અનંતગુણા છે, **जोगा**=યોગથી, **पयडिपएसं**= પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે, **ठिइअणुभागं**=સ્થિતિબંધ અને રસબંધ, **कसायाओ**=કષાયથી થાય છે. ॥ ૯૫-૯૬ ॥

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**ગાથાર્થ** - શ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ યોગસ્થાનકો છે. તેનાથી પ્રકૃતિભેદો, સ્થિતિભેદો, સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો, રસબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો અનુક્રમે અસંખ્યાત ગુણાં છે. તેનાથી કર્મ પ્રદેશો અનંતગુણા છે અને તેનાથી રસના અવિભાગ પલિચ્છેદો અનંતગુણા છે. પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ યોગથી અને સ્થિતિબંધ તથા રસબંધ કષાયથી થાય છે. ॥૯૫-૯૬॥

**વિવેચન** - મન-વચન-કાયાના નિમિત્તથી આત્મપ્રદેશોમાં જે હલન-ચલન-પ્રવૃત્તિ-અસ્થિરતા-ચંચળતા થાય છે. તે અસ્થિરતાને જ યોગ કહેવાય છે **"આત્માને કર્મની સાથે જે જોડે તે યોગ કહેવાય છે."** જે યોગનું વર્ણન આ જ કર્મગ્રંથની ૫૩-૫૪ ગાથામાં પૂર્વે કર્યું છે. તેવા પ્રકારના યોગની તરતમતાથી (હીનાધિકતાથી) પડેલા જે પ્રકારો-સ્થાનો તે યોગસ્થાનક કહેવાય છે. સૌથી અલ્પમાં અલ્પ (જઘન્ય) યોગ સૂક્ષ્મનિગોદીયા જીવને ઉત્પત્તિના પ્રથમ સમયે હોય છે. અને વધુમાં વધુ (ઉત્કૃષ્ટ) યોગ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્તામાં હોય છે. તે યોગનું સામાન્યવર્ણન ૫૩-૫૪ ગાથામાં કર્યું છે. છતાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિશેષવર્ણન જાણવું હોય તો કર્મપ્રકૃતિના બંધનકરણના પ્રારંભની ગાથાઓમાં છે. ત્યાંથી જાણી લેવું.

સ્થાવર જીવો પોતાના પ્રાયોગ્ય એક એક યોગસ્થાનકમાં અનંતા અનંતા, અને ત્રસ જીવો પોતાના પ્રાયોગ્ય એક એક યોગસ્થાનકમાં અસંખ્યાત અસંખ્યાત હોય છે તેથી જીવો અનંતા હોવા છતાં પણ યોગસ્થાનકો અસંખ્યાતાં જ છે તેમાં પણ અપર્યાપ્તા જીવો કોઇપણ એક યોગસ્થાનકમાં એક સમયમાત્ર જ વર્તે છે. કારણ કે પ્રતિસમયે અસંખ્યાતગુણા યોગે વધે છે તેથી દ્વિતીયાદિ સમયોમાં યોગસ્થાનક બદલાઇ જાય છે. પરંતુ પર્યાપ્તા જીવો સ્વ પ્રાયોગ્ય યોગસ્થાનોમાં જઘન્ય યોગસ્થાને ૧ થી ૪ સમય સુધી અને ઉત્કૃષ્ટયોગસ્થાને ૧/૨ સમય સુધી અને મધ્યમયોગસ્થાને કોઇ સ્થાનોમાં વધુમાં વધુ ૩ સમય, કોઇ સ્થાનોમાં વધુમાં વધુ ૪ સમય એમ યાવત્ કોઇ સ્થાનોમાં વધુમાં વધુ ૮ સમય સુધી જીવો રહી શકે છે.

આ યોગસ્થાનો સંસારી સર્વ જીવોનાં મળીને આકાશપ્રદેશોની સૂચિ શ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અર્થાત્ અસંખ્યાતાં હોય છે. હવે પાછળ સમજાવાતા બીજા છ બોલો કરતાં આ સંખ્યા ઘણી જ અલ્પ છે તેથી યોગસ્થાનો સૌથી અલ્પ છે. તેનાથી **પ્રકૃતિભેદો** અસંખ્યાતગુણા છે.

## પ્રકૃતિભેદોનું વર્ણન

કર્મગ્રંથોમાં આવતી મતિજ્ઞાનાવરણીય આદિ પ્રકૃતિઓ જો કે ૧૫૮ છે. તો પણ તેમાંની એક એક પ્રકૃતિના વિષય અને ક્ષેત્રાદિના ભેદને લીધે અસંખ્ય અસંખ્ય ભેદો થાય છે. જેમ કે શ્રુતજ્ઞાનાવરણીયકર્મ શ્રુતજ્ઞાનને આચ્છાદિત કરવા રૂપે એક પ્રકારનું છે, છતાં ગુજરાતી, હિન્દી, ઇંગ્લીશ, મરાઠી આદિ ભાષાઓને જાણવા રૂપે, ઇતિહાસ, ભૂગોળ, ગણિત વિજ્ઞાન આદિ વિષયોને જાણવા રૂપે, ધાર્મિક-વ્યવહારિક કોઇ કલા સંબંધી જ્ઞાન મેળવવા રૂપે અનેક પ્રકારનું છે. તેથી શ્રુત જ્ઞાનાવરણીય કર્મ પણ અનેક પ્રકારનું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા આનુપૂર્વી નામકર્મ સામાન્યથી ચાર ગતિ પ્રમાણે ચાર પ્રકારનું છે. પરંતુ લોકાકાશના અસંખ્યાતા આકાશપ્રદેશો પ્રમાણે જુદા જુદા ક્ષેત્રે વક્રતાવાળી ગતિ કરાવવા રૂપે અનેક પ્રકારનું છે. મનુષ્યાયુષ્ય એકભેદ રૂપ છે છતાં ભરતમાં, ઐરાવતમાં, મહાવિદેહમાં એમ ક્ષેત્રાદિ ભેદે ભિન્ન ભિન્ન ભવ અપાવવા રૂપે અનેક પ્રકારનું છે. અસાતાવેદનીય કર્મ એક જ પ્રકારનું છે. પરંતુ તાવ, કેન્સર, ટીબી, બ્લડપ્રેસર, ઇત્યાદિ ભિન્ન ભિન્ન રોગો આપવા વડે અનેક પ્રકારનું છે આ પ્રમાણે એક એક પ્રકૃતિના અસંખ્ય-અસંખ્ય ભેદો પડવાથી યોગસ્થાનો કરતાં પ્રકૃતિભેદો અસંખ્યાતગુણા છે.

## સ્થિતિભેદોનું વર્ણન

ઉપર જે અસંખ્ય પ્રકૃતિભેદો સમજાવ્યા, તેમાંનો કોઈપણ એક એક પ્રકૃતિભેદ અસંખ્ય અસંખ્ય સ્થિતિભેદે બંધાય છે. કોઈપણ વિવક્ષિત એક પ્રકૃતિભેદ કોઈ જીવ અન્તર્મુહૂર્તની સ્થિતિવાળો બાંધે, કોઈ જીવ સમયાધિક અન્તર્મુહૂર્ત સ્થિતિવાળો બાંધે. બીજો કોઈ જીવ બે સમયાધિક અન્તર્મુહૂર્તની સ્થિતિવાળો બાંધે એમ યાવત્ ૨૦-૩૦-૪૦-૭૦ કોડાકોડી સાગરોપમ સુધીની પણ સ્થિતિવાળો તે પ્રકૃતિભેદ બાંધે, તેથી કોઈપણ એક પ્રકૃતિ ભેદના અન્તર્મુહૂર્તથી માંડીને પોતાની ઉત્કૃષ્ટસ્થિતિ સુધીમાં જેટલા ભેદો થાય તેટલાં સ્થિતિસ્થાનો થાય. એકે એક પ્રકૃતિ ભેદ આટલાં આટલાં સ્થિતિસ્થાનો વાળા જુદા જુદા જીવો વડે બંધાય છે. તેથી પ્રકૃતિભેદો કરતાં **સ્થિતિભેદો** અસંખ્યાતગુણા છે. તેના કરતાં પણ **સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો** અસંખ્યાતગુણા છે.

## સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાય સ્થાનો

કોઈપણ કર્મપ્રકૃતિનું કોઈપણ એક સ્થિતિસ્થાન સર્વ જીવોને આશ્રયી ત્રણે કાળમાં જુદા જુદા અનેક અધ્યવસાયસ્થાનોથી બંધાય છે.

JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્તર્મૂહૂર્તપ્રમાણ પહેલું સ્થિતિસ્થાન જે જે જીવોએ બાંધ્યું છે. બાંધે છે. અને બાંધશે તે સર્વે જીવોનાં અધ્યવસાય સ્થાનો જો ગણીએ તો અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ થાય છે. સમયાધિક અંતર્મુહૂર્ત, બે સમયાધિક અન્તર્મુહૂર્ત, ત્રણ સમયાધિક અંતર્મુહૂર્ત, એમ એક એક સ્થિતિસ્થાન બાંધનારા જીવોનાં કષાયજન્ય આ અધ્યવસાયસ્થાનો અસંખ્ય અસંખ્ય લોકાકાશપ્રદેશપ્રમાણ હોય છે તથા પ્રત્યેકસ્થિતિસ્થાનોમાં તે અધ્યવસાયસ્થાનો અપૂર્વ અપૂર્વ હોય છે.

**પ્રશ્ન** - જો સ્થિતિસ્થાન સમાન હોય તો તેના કારણભૂત અધ્યવસાયસ્થાન ભિન્ન ભિન્ન કેમ હોઇ શકે ? અને જો કારણભૂત અધ્યવસાયસ્થાન ભિન્ન ભિન્ન છે તો કાર્યભૂત સ્થિતિસ્થાન સમાન કેમ હોય ? કાર્ય કારણમાં આવો તફાવત કેમ ? ન્યાયની રીત એવી હોય છે કે कारणभेदे कार्यस्यापि भेदः અને कार्याभेदे कारणस्याप्यभेदः ?

**ઉત્તર** - અહીં કારણભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્ય (ભિન્ન ભિન્ન) છે જ. તેથી તજ્જન્ય સ્થિતિસ્થાનો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયી નિશ્ચયનયથી તો ભિન્ન ભિન્ન છે જ. પરંતુ દ્રવ્ય-ક્ષેત્રાદિથી થતી સ્થિતિસ્થાનોની ભિન્નતાની અવિવક્ષા કરીને માત્ર કાળની સમાનતાને ધ્યાનમાં લઇને સમાનસ્થિતિ કહેલી છે. અર્થાત્ સ્થિતિ-સ્થાનમાં હેતુભૂત અધ્યવસાય સ્થાન ભિન્ન ભિન્ન હોવાથી તજ્જન્ય સ્થિતિસ્થાન ભિન્ન-ભિન્ન હોવા છતાં કાલની સમાનતા હોવાથી તેની જ પ્રધાન વિવક્ષા કરીને અને ક્ષેત્રાદિ ભેદની અવિવક્ષા કરીને આ વિધાન કરેલ છે. તેથી અધ્યવસાયસ્થાનોની વિચિત્રતા સ્થિતિસ્થાનોની વિચિત્રતાનું અનિયામક (અકારણ) છે. માત્ર સ્થિતિસ્થાનોમાં દેશ-કાલ-રસવિભાગાદિની વિચિત્રતાનાં જ તે અધ્યવસાયસ્થાનો કારણ બને છે. પરંતુ સ્થિતિસ્થાનની ભિન્નતાનું કારણ બનતાં નથી અથવા કાળને આશ્રયી સમાન સ્થિતિસ્થાન બાંધવા છતાં અધ્યવસાયસ્થાનોની વિચિત્રતાના કારણે દેશ-કાલાદિની વિચિત્રતાથી એક જ સ્થિતિસ્થાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્ર-વિચિત્ર પણ કહેવાય છે. એક જ સ્થિતિસ્થાનને ક્ષેત્રાદિને આશ્રયી કથંચિત્ ચિત્ર અને સમાન સ્થિતિને આશ્રયી કથંચિદ્ અચિત્ર માનવામાં કંઇ દોષ નથી. સ્યાદ્વાદ દૃષ્ટિએ આ તત્ત્વ વિચારવું. જુઓ કમ્મપયડિ બંધનકરણ ગાથા ૮૭ની પૂજ્ય ઉપાધ્યાયજી કૃત ટીકા.

આ પ્રમાણે સ્થિતિસ્થાનો કરતાં તેના હેતુભૂત કાષાયિક અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણાં છે. હવે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો કરતાં પણ અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો અસંખ્યગુણ છે.

## અનુભાગબંધમાં હેતુભૂત અધ્યવસાયસ્થાનો

સ્થિતિબંધમાં હેતુભૂત જે જે અધ્યવસાયસ્થાનો છે. તે કષાયોદયની કારણતાવાળાં છે અને અનુભાગબંધમાં હેતુભૂત જે જે અધ્યવસાય સ્થાનો છે તે લેશ્યાનુગત કષાયોદયજન્ય છે. આ પ્રમાણે સ્થિતિબંધમાં હેતુભૂત કષાયોદય જન્ય સમાન એવો એક અધ્યવસાય પણ લેશ્યાની તરતમતાના કારણે અનુભાગબંધમાં ભિન્ન-ભિન્નતા લાવનાર બને છે. તેથી લેશ્યાથી યુક્ત એવા કષાયોદયની વિવિક્ષાએ તે અધ્યવસાયો અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ થાય છે. જેમ કે ૨૫ માણસો ધન કમાવાના આશયથી નગરમાં આવ્યા. દરેકે મનમાં સંકલ્પ કર્યો કે આપણે દસ લાખ રૂપીયા ભેગા કરવા છે. પરંતુ એકે મનમાં એવો સંકલ્પ કર્યો કે ધંધો કરીને મેળવવા, બીજાએ એવો સંકલ્પ કર્યો કે સટ્ટો કરીને મેળવવા, ત્રીજાએ એવો સંકલ્પ કર્યો કે જુગાર રમીને મેળવવા, ચોથાએ એવો સંકલ્પ કર્યો કે ચોરી કરીને મેળવવા. આ પ્રમાણે દસ લાખ રૂપીયા મેળવવાનો **લોભ કષાય** બધામાં સમાન છે. એટલે કાષાયિક અધ્યવસાયસ્થાન સમાન છે. પરંતુ તેની સફળતામાં ઉપાયભૂત લેશ્યાજન્ય અધ્યવસાયસ્થાનો ભિન્ન ભિન્ન છે. જેમ જાંબુ ખાવાના દૃષ્ટાન્તમાં ક્ષુધા મટાડવાની ઇચ્છા રૂપ લોભ સમાન છે. પરંતુ તેના ઉપાયભૂત મૂલથી વૃક્ષ છેદવું, શાખાથી છેદવું, પ્રશાખાથી છેદવું ઇત્યાદિ લેશ્યાજન્ય ભિન્ન-ભિન્નતા છે તેમ અહીં પણ સમજવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે કષાયજન્ય સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો જે છે તેમાંના એકેક અધ્યવસાયસ્થાનમાં લેશ્યાનુગત અનુભાગના અધ્યવસાય સ્થાનો અસંખ્ય અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ હોઇ શકે છે. કાષાયિક અધ્યવસાયસ્થાન નગરતુલ્ય છે. અને લેશ્યાનુગત અધ્યવસાય સ્થાન ઉચ્ચ-નીચ પરિસ્થિતિવાળાં ઘરોની તુલ્ય છે. તેથી જેમ કોઈ નગરમાં નગર એક છે પરંતુ ઘરો ઘણાં હોય છે. તેની જેમ એક અધ્યવસાય સ્થાનમાં અસંખ્ય અસંખ્યરસબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો હોય છે. તેથી સ્થિતિબંધના અધ્યવસાય સ્થાનો કરતાં અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યાતગુણા છે.

**પ્રશ્ન** - આ અલ્પબહુત્વમાં સ્થિતિસ્થાનો અને સ્થિતિસ્થાનના હેતુભૂત કષાયાદિક અધ્યવસાય સ્થાનો એમ બે જુદાં કહ્યાં, જ્યારે અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનો એક જ કહ્યા પરંતુ અનુભાગ બંધનાં સ્થાનો ન કહ્યાં, આમ કરવાનું કારણ શું ? અનુભાગબંધમાં કેવળ એકલા અધ્યવસાયસ્થાનો જ કેમ કહ્યા ?

**ઉત્તર** - અનુભાગબંધનાં સ્થાનો અને તેના હેતુભૂત અધ્યવસાય સ્થાનો સમાન જ છે. કારણ કે ચારઠાણીયો ત્રણઠાણીયો બે ઠાણીયો અને એકઠાણીયો એમ એક એક અનુભાગબંધ અસંખ્ય અસંખ્ય પ્રકારો વાળો છે. જેમ જેમ અધ્યવસાય સ્થાન બદલાય છે તેમ તેમ અનુભાગબંધ પણ બદલાય જ છે. તેથી અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો અને અનુભાગબંધનાં સ્થાનો સમાન છે. હીનાધિક નથી. માટે તે બન્નેનું અલ્પબહુત્વ જુદું જુદું કહ્યું નથી અને સ્થિતિસ્થાનોમાં ભિન્ન ભિન્ન અધ્યવસાયો હોવા છતાં પણ કાળની મર્યાદાને આશ્રયીને સમાનસ્થિતિ બંધાય છે. તેથી ત્યાં સ્થિતિસ્થાનો કરતાં તેના હેતુભૂત અધ્યવસાય સ્થાનો અસંખ્યગુણાં કહ્યાં છે. આ પ્રમાણે સ્થિતિબંધના હેતુભૂત અધ્યવસાયો કરતાં અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાયસ્થાનો અસંખ્યગુણ છે. એમ નક્કી થયું. તેનાથી કર્મપ્રદેશો અનંતગુણા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## કર્મપ્રદેશોનું અનંતગુણાપણું

આ જીવ પ્રત્યેક સમયે અનંતાનંત કર્મપ્રદેશના બનેલા સ્કંધોને બાંધે છે. પૂર્વે કહેલા પાંચે બોલો સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગથી માંડીને વધુમાં વધુ અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ સુધીના માપવાળા કહ્યા છે. તે સર્વે અસંખ્યાતા છે. જ્યારે કર્મપ્રદેશો જઘન્યથી પણ અનંતાનંત હોય છે. તેથી અનુભાગબંધના હેતુભૂત અધ્યવસાય સ્થાનોથી **કર્મપ્રદેશો સારી રીતે અનંતગુણા** ઘટી શકે છે. અનુભાગબંધના અવિભાગ પલિચ્છેદો તેનાથી પણ અનંતગુણા છે.

## અનુભાગબંધના અવિભાગપલિચ્છેદોનું અનંતગુણાપણું

પ્રતિસમયે આ જીવ અનંતાનંત કર્મપ્રદેશો બાંધે છે અને બંધાતા એવા કાર્મણવર્ગણાના પ્રત્યેક એવા તે પ્રદેશોમાં આ જીવ જે રસ બાંધે છે તે રસના જો ટુકડા કરીએ અને તે કેવલી ભગવાનની પ્રજ્ઞાથી જેના બે વિભાગ ન થાય એવા અતિશય સૂક્ષ્મ વિભાગો કરીએ કે જેને જૈનશાસ્ત્રોમાં અનુભાગબંધના અવિભાગપલિચ્છેદ કહેવાય છે તે અવિભાગપલિચ્છેદો એક એક કર્મપ્રદેશોમાં સર્વજીવો કરતાં અનંતગુણા બંધાય છે. આ કારણથી કર્મપ્રદેશો કરતાં પ્રતિપ્રદેશે અનંતા અનંતા અવિભાગપલિચ્છેદો બંધાતા હોવાથી તે અવિભાગપલિચ્છેદો કર્મપ્રદેશો કરતાં અનંતગુણા છે.

આ પ્રમાણે પ્રથમના પાંચ બોલ અસંખ્યાતગુણા અને છેલ્લા બે બોલ અનંતગુણા છે એમ સાતબોલનું અલ્પબહુત્વ જાણવું.

વિસ્તાર પૂર્વક પ્રદેશબંધ પૂર્ણ કર્યો. અહીં એક પ્રશ્ન થાય છે કે મિથ્યાત્વાદિ ચાર મૂલ બંધહેતુઓમાંથી કયા બંધહેતુ વડે આ પ્રદેશબંધ થાય છે ? તે સમજાવવા માટે તેની સાથે સાથે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ અને રસબંધ પણ શેનાથી થાય છે ? તે પણ જણાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રદેશબંધ અને પ્રકૃતિબંધ યોગથી થાય છે :** મિથ્યાત્વાદિ ચારે બંધહેતુઓ હોવા છતાં પણ આ બે બંધમાં પ્રધાનતાએ કારણ **યોગ** છે. તેથી જ દસમા ગુણઠાણા પછી (૧૧-૧૨-૧૩માં) યોગમાત્ર હોવાથી (સાતાવેદનીયનો) પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે. અને ચૌદમા ગુણઠાણે યોગનો અભાવ થતાં સાતાવેદનીયનો પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ પણ અટકી જાય છે. આ પ્રમાણે આ બે બંધોનો અન્વય-વ્યતિરેક સંબંધ યોગ સાથે હોવાથી **યોગથી બંધાય છે.** એમ જાણવું. તથા **સ્થિતિબંધ અને રસબંધ કષાયથી થાય છે.** ગાથા ૨૬ થી ૬૨માં સ્થિતિબંધના વર્ણનપ્રસંગે અને ગાથા ૬૩ થી ૭૪માં રસબંધના પ્રસંગે જેમ જેમ વધારે તીવ્ર તીવ્ર કષાયો હોય તેમ તેમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટ રસબંધ સમજાવ્યો જ છે. તથા જેમ જેમ અતિશય મંદતમ કષાય હોય અને વધારે વધારે વિશુદ્ધિ હોય તેમ તેમ જઘન્યસ્થિતિબંધ અને જઘન્યરસબંધ તથા તેનું સ્વામિત્વ સમજાવ્યું છે.

૪૨ પુણ્યપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસબંધમાં વિશુદ્ધિ એ કારણ છે અને ૮૨ પાપ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધમાં સંકલિષ્ટતા એ કારણ છે. અને તે જ અર્થને ધ્યાનમાં રાખીને પૂર્વે રસબંધનું તથા તેના સ્વામિત્વનું વર્ણન કરેલું છે. તેથી પ્રશસ્ત હોય કે ભલે અપ્રશસ્ત હોય પરંતુ કષાય જ રસબંધમાં મુખ્ય કારણ છે. આ પ્રમાણે પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ યોગથી અને સ્થિતિબંધ તથા રસબંધ કષાયથી થાય છે. આ વાત સિદ્ધ થઇ. ॥ ૯૫-૯૬ ॥

યોગસ્થાનકો સૂચિશ્રેણીના અસંખ્યાતમા ભાગ પ્રમાણ ૯૫મી ગાથામાં કહ્યાં છે. તેથી **સૂચિશ્રેણી** કોને કહેવાય ? તે સમજાવવા માટે **સૂચિશ્રેણી, પ્રતર** અને **ઘનલોકનું** સ્વરૂપ સમજાવે છે.

**चउदसरज्जू लोगो, बुद्धिकओ होइ सत्तरज्जुघणो।**
**तद्दीहेगपएसा, सेढी पयरो य तव्वग्गो ॥ ९७॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(चर्तुदशरज्जुर्लोको बुद्धिकृतो भवति सप्तरज्जुघनः ।
तद्दीर्घैकप्रदेशा श्रेणिः प्रतरश्च तद्वर्ग : ॥ ९७ ॥)

**શબ્દાર્થ** - **चउद्दसरज्जू**=ચૌદરાજનો જે, **लोओ** = આ લોક છે. **बुद्धिकओ**=તે બુદ્ધિથી કરાયેલો, **होइ**=થાય છે, **सत्तरज्जुघणो**= સાત રાજ ઘનવાળો, **तद्दीहेगपएसा**=તેમાં એકપ્રદેશની લાંબી હોય તે, **सेढी**= શ્રેણી કહેવાય છે, **पयरो य तव्वग्गो**=તેનો વર્ગ કરીએ તો પ્રતર કહેવાય છે. ॥ ૯૭ ॥


**ગાથાર્થ** - ચૌદરાજનો જે આ લોક છે તેને બુદ્ધિથી (અમુક અમુક ભાગ કાપીને અન્ય અન્ય સ્થાને) જોડવામાં જો આવે તો સાતરાજ પ્રમાણ ઘન થાય છે. તેમાં એક આકાશપ્રદેશની પંક્તિવાળી સૂચિશ્રેણી છે. અને તેનો વર્ગ તે પ્રતર કહેવાય છે. ॥ ૯૭ ॥

**વિવેચન** - અનિયમિત આકારવાળી કોઈપણ વસ્તુની જાડાઈ પહોળાઈ અને ઉંચાઈમાં સમાન માપવાળો આકાર કરવો તે, તે પદાર્થનો ઘન કર્યો કહેવાય. અહીં ચૌદરજ્જુ રૂપ લોકાકાશ જૈનશાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે. જેનો આકાર ઉંચાઈમાં ૧૪ રજ્જુ છે. સ્વયંભૂરમણસમુદ્રની પૂર્વદિશાની વેદિકાના છેડાથી પશ્ચિમદિશાની વેદિકાના છેડા સુધીનો ભાગ તે (અસંખ્યાત યોજન પ્રમાણનો) એક રાજ કહેવાય છે. લોકાકાશની ઉંચાઈ ૧૪ રાજ છે. પહોળાઈ તથા લંબાઈ સાતમી નારકી પાસે સાત રાજ, ત્યારબાદ ઘટતી ઘટતી મધ્યલોકે એક રાજ, ત્યારબાદ વધતી વધતી પાંચમા દેવલોક પાસે પાંચ રાજ, અને ત્યારબાદ ઘટતી ઘટતી અન્તે એક રાજ પ્રમાણ છે. આ પ્રમાણે અનિયત પ્રમાણવાળો આ લોકાકાશ છે. જેનો આકાર બે પગ પહોળા કરીને ઉભેલા અને કેડ ઉપર સ્થાપન કરેલા બે હાથવાળા પુરુષના આકારતુલ્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com


તેવા આકારવાળો આ લોક શાશ્વત છે. અનાદિ-અનંત છે. ધર્માસ્તિકાયાદિથી વ્યાપ્ત છે. સ્વતઃ રહેલો છે. તેના ટુકડા કોઈ ઈંદ્ર પણ કરી શકતા નથી. પરંતુ જૈનશાસ્ત્રોમાં અસંખ્યાતાના માપવાળી ઘણી ઘણી વસ્તુઓને માપવા માટે **સૂચિશ્રેણી, પ્રતર** અને **ઘનલોક** શબ્દો વપરાયેલા જોવા મળે છે. તેથી તે સમજાવવા સારૂં ચૌદરજ્જુ પ્રમાણ એવા આ લોકાકાશના **બુદ્ધિ માત્રથી ખંડ કલ્પીને ઘન** બનાવવામાં આવે છે.

**ચિત્ર નં. - ૧**





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ચિત્ર નં. - ૨**





**ચિત્ર નં. - ૩**




જૈન સાઈટ
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

**ચિત્ર નં. - ૪**




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘનીકૃત લોક સમજાવવા માટે ઉપર કુલ ચાર ચિત્રો દોરવામાં આવ્યાં છે. તેમાં સૌથી પ્રથમ ચિત્રમાં ચૌદરાજ ઉંચો લોક દોર્યો છે. તે લોક સાતમી નારકી પાસે ૭ રાજ પહોળો છે જેની બરાબર મધ્યમાં ૧ રાજ પહોળી ત્રસનાડી છે. અધોલોકવાળો જે ૭ રાજ છે. તેમાં ૧ રાજની ત્રસનાડી વચ્ચે આવવાથી બન્ને બાજુ ત્રણ ત્રણ રાજની પહોળાઈ વાળો અને ઉપર ઉપર સાંકડો થતો નીચેનો જે ભાગ છે તેમાં ડાબી બાજુનો अ વાળો ભાગ કાપીને ઉલટાવીને જમણી બાજુ જોડીએ તો ચિત્ર નં ૨માં જણાવેલી આકૃતિ થશે.

હવે સાત રાજ ઉંચો જે ઊર્ધ્વલોકનો ભાગ છે જ્યાં કોણીના સ્થાને બરાબર મધ્યભાગે આ લોક ૫ રાજ પહોળો છે. વચ્ચે ૧ રાજની ત્રસનાડી આવવાથી બન્ને બાજુ ૨-૨ રાજની પહોળાઇ રહે છે. તેમાં પણ ડાબી બાજુના ભાગના બરાબર વચ્ચેથી બે ટુકડા કરવા કે જે ब ને क થી બતાવ્યા છે તે બન્ને ટુકડાને ત્યાંથી કાપીને જમણી બાજુના ભાગ તરફ ઉલટાવીને જોડીએ તો ચિત્ર નં. ૩માં જણાવેલી આકૃતિ થશે.

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्


ચિત્ર નં. ૨ અને ચિત્ર નં. ૩ની બન્ને આકૃતિઓ ભેગી કરીશું તો ચિત્ર નં. ૪ની આકૃતિ થશે. જે બરાબર સાતરાજ ઉંચાઇ અને સાતરાજ પહોળાઇ તથા સાત રાજ લંબાઇ ધરાવે છે. ચિત્રમાં ફક્ત બે જ બાજુ બતાવી શકાય છે. ત્રીજી બાજુ દર્શાવી શકાતી નથી. પરંતુ મનથી સમજી લેવાની છે. શાન્તિસ્નાત્રની પીઠિકાની જેવી લંબાઇ પહોળાઇ અને ઉંચાઇ ત્રણે જેની સાત સાત રાજ હોય છે તે **ઘનલોક** કહેવાય છે.

સાત રાજ લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ આ ત્રણે સમાન સાત રાજ હોય ત્યારે **ઘનલોક** કહેવાય છે. તેમાંથી ગમે તે બે અંશ જેના સાતરાજ હોય અને એક અંશ માત્ર એક આકાશપ્રદેશની પંક્તિપ્રમાણ જ હોય તો સમચોરસ પતરા જેવા આકારવાળો જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભાગ થાય છે. તેને **પ્રતર** કહેવાય છે. આ પ્રતરમાં લંબાઇ, પહોળાઇ સાત-સાત રાજ હોય છે. પરંતુ ઉંચાઇ એક જ આકાશપ્રદેશની હોય છે. અથવા લંબાઇ અને ઉંચાઇ સાત સાત રાજ હોય છે. પરંતુ પહોળાઇ એક જ આકાશપ્રદેશની હોય છે. અથવા પહોળાઇ અને ઉંચાઇ સાત સાત રાજની હોય છે. પરંતુ લંબાઇ એક જ આકાશપ્રદેશની હોય છે. આ પ્રમાણે લંબાઇ, પહોળાઇ અને ઉંચાઇ આ ત્રણમાંથી બે બાજુ જેની સાતરાજ છે અને એક બાજુમાં એક પ્રદેશ પ્રમાણ છે. તે પ્રતર કહેવાય છે.

લંબાઇ અને પહોળાઇમાં ફક્ત એક જ આકાશપ્રદેશ હોય અને ઉંચાઇમાં જે સાત રાજ હોય તે સોય જેવા આકારવાળી આકાશપ્રદેશોની પંક્તિને **સૂચિશ્રેણી** કહેવાય છે. એવી જ રીતે લંબાઇ જ માત્ર સાતરાજ હોય તો અથવા પહોળાઇ જ માત્ર સાત રાજ હોય તો તે પણ સૂચિશ્રેણી કહેવાય છે. અર્થાત્ એક બાજુ માત્ર સાત રાજ હોય બાકીની બે બાજુ એક જ આકાશપ્રદેશની પંક્તિ હોય તે સૂચિશ્રેણી કહેવાય છે. સાત રાજના બુદ્ધિથી સાતબિંદુ કલ્પીએ અને જે બાજુ સાત બિન્દુ ન લખ્યા હોય તે બાજુ એક આકાશપ્રદેશ જ છે એમ સમજીએ તો સૂચિશ્રેણી અને પ્રતરનું કલ્પિત ચિત્ર આ પ્રમાણે-




જૈન સાઇટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

૨૯

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) ઉપરા ઉપર સાતબિન્દુઓ તે સોય જેવી **ઉભી સૂચિશ્રેણી** છે.

(૨) લાઈનસર ગોઠવાયેલાં સાત બિન્દુઓ એ **તિર્ચ્છી સૂચિ શ્રેણી** છે.

(૩) લંબાઇ અને પહોળાઇમાં સરખાં (સાત-સાત) પરંતુ ઉંચાઇમાં માત્ર એક જ પ્રદેશ તે **પ્રતર** છે.

(૪) જે ૪૯ બિન્દુઓનું પ્રતર ત્રીજા ચિત્રમાં દોરેલું છે. તેના ઉપર ૪૯ બિન્દુઓનું બીજુ પ્રતર મૂકીએ, પછી ૪૯ બિન્દુઓનું ત્રીજું પ્રતર મૂકીએ એમ ઉપરાઉપર ૪૯+૪૯ બિન્દુઓનાં ૭ પ્રતર ગોઠવીએ અને કુલ ૩૪૩ બિન્દુઓ થાય તે **ઘનીકૃતલોક** કહેવાય છે. આ પ્રમાણે કલ્પના માત્ર કરીને ઘનીકૃતલોક, પ્રતર અને સૂચિશ્રેણી સમજાવી છે. વિશેષ સ્વરૂપ ગુરુગમ પાસેથી મૌખિક રીતે જાણી લેવું.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

સાતરાજનો જે ઘન બનાવ્યો, તે કલ્પિત રીતિએ ૭×૭×૭= ૩૪૩ રાજ (૩૪૩ બિન્દુઓ) પ્રમાણ બન્યો. પરંતુ આ ચારે ખૂણેથી સરખો હોવાથી શાન્તિસ્નાત્રની પીઠિકા સમાન છે. માટે તેના એક એક રાજના જે ૩૪૩ ખંડુક થાય છે તે **"સમચતુરસ્ર ખંડુક"** કહેવાય છે. અને આ રીતે કરેલા લોકને **સમચતુરસ્ર ઘનીકૃત લોક** કહેવાય છે. હવે તેનો જો વૃત્ત (ગોળ) ઘનીકૃત લોક કરવો હોય તો એવી રીત છે કે સમચતુરસ્ર ઘનીકૃત વસ્તુના જેટલા ખંડૂક થતા હોય તેને ૧૯ વડે ગુણીને ૨૨ વડે ભાંગવાથી જે આંક આવે તેટલા ખંડૂકની **વૃત્ત ઘનીકૃત વસ્તુ** બને છે. આ રીત પ્રમાણે અહીં સમચતુરસ્ર ઘનીકૃત લોકના જે ૩૪૩ ખંડૂક છે. તેને ૧૯ વડે ગુણવાથી ૬૫૧૭ ખંડુક થાય. તેને ૨૨ વડે ભાગવાથી ૨૯૬ ખંડુકથી કંઇક અધિક અને ૨૯૭ ખંડુકમાં કંઇક ન્યૂન થાય છે. તેથી વ્યાવહારિક રીતિએ ૨૯૭ ખંડુક પ્રમાણ વૃત્ત ઘનીકૃત લોક કહેવાય છે. ॥૯૭॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે પ્રથમ ગાથામાં કહેલાં ૨૪ દ્વારોનું વર્ણન સમાપ્ત કરીને ચ શબ્દથી સૂચવેલી ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણીનું સ્વરૂપ હવે સમજાવે છે.

**अणदंसनपुसित्थी, वेयछक्कं च पुरिसवेयं च।**
**दो दो एगन्तरिए, सरिसे सरिसं उवसमेइ ॥ ९८॥**

(अनदर्शननपुंसकस्त्री-वेदषट्कं च पुरुषवेदं च ।
द्वौ द्वौ एकान्तरितौ सदृशौ सदृशमुपशमयति ॥ ९८॥)

**શબ્દાર્થ** - **अणदंस**=અનંતાનુબંધી, દર્શનમોહનીય, **नपुंसित्थीवेय**= નપુંસકવેદ અને સ્ત્રીવેદ, **छक्कं च पुरिसवेयं च**=હાસ્યાદિષટ્ક અને પુરુષવેદ, **दो दो एगन्तरिए सरिसे सरिसं**= એક એક કષાયના આંતરામાં, સરખે સરખા બે બે કષાયોને, **उवसमइ**=જીવ ઉપશમાવે છે. ॥૯૮॥

**ગાથાર્થ** - અનંતાનુબંધી ચાર, દર્શનમોહનીયત્રિક, નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યાદિ ષટ્ક, પરુષવેદ તથા એક એક કષાયના આંતરામાં સરખે સરખા બે બે કષાયોને ઉપશમાવે છે. ॥ ૯૮ ॥

**વિવેચન** - અનાદિ મિથ્યાત્વી જીવ જે ત્રણ કરણો કરીને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તે ઉપશમશ્રેણીને યોગ્ય વિશુદ્ધિવાળું ન હોવાથી તે ઉપશમસમ્યક્ત્વથી ઉપશમશ્રેણી પ્રારંભાતી નથી. ત્રણ કરણો કરવાવાળો અને તે દ્વારા ઉપશમ સમ્યક્ત્વ પામનારો તે જીવ પ્રાથમિક ઉપશમ સમ્યક્ત્વ પામવાની પ્રક્રિયા કરતી વખતે મિથ્યાત્વાવસ્થાવાળો હોય છે. તે ઉપશમ સમ્યક્ત્વને અશ્રેણીગત ઉપશમ અથવા પ્રથમ ઉપશમ કહેવાય છે. તેનું સ્વરૂપ બીજા કર્મગ્રંથની બીજી ગાથાના વિવેચનમાં આપેલું છે. ત્યાંથી જાણી લેવું.

ઉપશમ શ્રેણીનો પ્રારંભક જીવ નિયમા ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો જ હોય છે. કેટલાક આચાર્યોના મતે (કર્મપ્રકૃતિકાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજ્ય આ. શ્રી શિવશર્મસૂરિજી આદિના મતે) અનંતાનુબંધી ચાર કષાયોની **વિસંયોજના** કરી, દર્શકત્રિકની ઉપશમના કરી ઔપશમિક સમ્યક્ત્વ પામીને શ્રેણી પ્રારંભે છે. વિસંયોજના ૪ થી ૭ ગુણસ્થાનકવર્તી જીવો કરે છે. પરંતુ દર્શકત્રિકની ઉપશમના છઠ્ઠા-સાતમા ગુણસ્થાનક વાળા જ કરે છે. જ્યારે કર્મગ્રંથકારો એમ માને છે કે અનંતાનુબંધી કષાયની **ઉપશમના** કરીને ત્યારબાદ દર્શનત્રિકની ઉપશમના કરવા દ્વારા પણ ઉપશમશ્રેણી પ્રારંભાય છે. ત્યાં અનંતાનુબંધી કષાયની ઉપશમના ૪ થી ૭ ગુણસ્થાનકવર્તી જીવો કરે છે અને દર્શનત્રિકની ઉપશમના છઠ્ઠા-સાતમાવાળા જ કરે છે. (આ વિષય ઉપર જુઓ સ્વોપજ્ઞટીકા). આ રીતે બન્ને મતે બન્ને પ્રક્રિયાથી ઉપશમસમ્યક્ત્વ પામ્યા બાદ જીવો આઠમા ગુણસ્થાનકથી શ્રેણી ઉપર આરોહણ કરે છે. ત્યાં ઉપશમ શ્રેણી પ્રારંભવા માટે ઉપશમસમ્યક્ત્વ પામવાની પ્રાથમિક વિધિ આ પ્રમાણે છે.

ઉપશમ શ્રેણી પ્રારંભવા માટેનું ઔપશમિક સમ્યક્ત્વ પામનારો જીવ ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં વર્તતો નિયમા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ જ હોય છે ૪ થી ૭માં વર્તતો આ ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળો જીવ સૌથી પ્રથમ અનંતાનુબંધી ચાર કષાયો ઉપશમાવવા માટે યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. પરંતુ તે ત્રણ કરણો કરતાં પહેલાં એક અંતર્મુહૂર્ત કાળ સુધી નીચે પ્રમાણેની શુદ્ધિમાં આગળ વધે છે:

(૧) તેજો, પદ્મ અને શુક્લ આ ત્રણ શુભલેશ્યાઓમાંથી કોઈપણ એક શુભલેશ્યામાં વર્તે છે.

(૨) નિયમા સાકારોપયોગમાં જ વર્તે છે. નિરાકારોપયોગમાં (દર્શનોપયોગમાં) નહીં, કારણ કે દર્શનોપયોગમાં લબ્ધિ પ્રાપ્ત થતી નથી.

(૩) આયુષ્ય વિનાનાં સાતે કર્મોની સ્થિતિ નિયમા અન્તઃકોડાકોડી સાગરોપમ જ સત્તામાં થઈ ગઈ છે જેને એવો આ જીવ બને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) પરાવર્તમાન જે શુભ અને અશુભ બન્ને પ્રકૃતિઓ વારાફરતી બાંધી શકાય તેમ હોય, તેમાંથી નિયમા શુભ જ બાંધે છે.

(૫) તથા અશુભ પ્રકૃતિઓનો સત્તામાં રહેલો અનુભાગ જે ચાર ઠાણીયો હોય, તેને બે ઠાણીયો કરે છે અને શુભપ્રકૃતિઓનો જે બે ઠાણીયો અનુભાગ છે તેને ચાર ઠાણીયો કરે છે.

(૬) કોઇપણ શરૂ કરેલો સ્થિતિબંધ સમાપ્ત થયે છતે નવો નવો શરૂ થતો સ્થિતિબંધ અવશ્ય પલ્યોપમના અસંખ્યાતમા ભાગે હીન હીન જ કરે છે.

આ પ્રમાણે કરણકાલની પૂર્વે એક અંતર્મુહૂર્ત સુધી ઉપરોક્ત અવસ્થાવાળી શુદ્ધદશામાં વર્તીને યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરે છે. તેમાં યથાપ્રવૃત્તકરણમાં પ્રવેશ પામતો આ જીવ પ્રતિસમયે અનંતગુણવિશુદ્ધિ વડે આગળ વધે છે. તથા તેવા પ્રકારની વિશુદ્ધિ હજુ આવી ન હોવાથી સ્થિતિઘાતાદિ કાર્યો અહીં કરતો નથી. પરંતુ અપૂર્વકરણથી કરશે.

આ યથાપ્રવૃત્તકરણમાં ભૂતકાળમાં જે જે જીવો આવ્યા, ભવિષ્યમાં આવશે. અને વર્તમાનમાં છે. તે સર્વે જીવોને આશ્રયીને જીવો અનંત હોવા છતાં પણ બહુ જીવોના સમાન અધ્યવસાય પણ હોવાથી અસંખ્ય લોકાકાશ પ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો હોય છે. અને તે પણ પ્રતિસમયે વિશેષાધિક વિશેષાધિક છે. તથા તે અસંખ્ય અધ્યવસાય સ્થાનો માંહોમાંહે છ જાતની વિશુદ્ધિની હાનિ-વૃદ્ધિવાળાં અર્થાત્ ષટ્સ્થાનપતિત છે. યથાપ્રવૃતકરણના અંતર્મુહૂર્ત કાળમાં પ્રત્યેક સમયોમાં અસંખ્ય લોકાકાશપ્રદેશ પ્રમાણ અને ષટ્સ્થાનથી યુક્ત એવાં જે અધ્યવસાય સ્થાનો છે. તેમાં જઘન્ય વિશુદ્ધિ અને ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કેવી હોય છે ? તે સમજાવે છે.

ધારો કે યથાપ્રવૃત્તકરણ અંતર્મુહૂર્તના કાળનું એટલે અસત્કલ્પનાએ ૧૦૦ સમયનું છે. દરેક સમયોમાં અસંખ્યલોકાકાશપ્રદેશ પ્રમાણ અને પૂર્વ પૂર્વ સમય કરતાં વિશેષાધિક વિશેષાધિક અધ્યવસાય સ્થાનો છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે અસત્કલ્પનાએ પ્રથમ સમયમાં ૧૦૦૦, બીજા સમયમાં ૧૦૦૫, ત્રીજા સમયમાં ૧૦૧૦ ઇત્યાદિ રૂપે છે. તેમાં બે જીવો આ કરણમાં પ્રવેશ્યા. એક જીવ પ્રતિસમયે જઘન્યવિશુદ્ધિએ આગળ જાય છે અને બીજો જીવ પ્રતિસમયે ઉત્કૃષ્ટવિશુદ્ધિએ આગળ જાય છે. આવા પ્રકારનું ચિત્ર છે. ત્યાં પ્રથમ સમયમાં જઘન્ય અધ્યવસાયમાં વર્તતા જીવની વિશુદ્ધિ સૌથી અલ્પ છે. તેનાથી બીજા સમયમાં વર્તતા તે જ જીવની જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ અધિક, તેનાથી તે જ જીવની ત્રીજા સમયમાં વર્તતાં જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ અધિક, એમ ચોથા-પાંચમા આદિ સમયોમાં જઘન્યવિશુદ્ધિ અનંતગુણ અધિક ત્યાં સુધી કહેવી કે યથાપ્રવૃત્તકરણનો સંખ્યાતમો ભાગ (અસત્કલ્પનાએ ૧ થી ૨૦ સમય સુધીનો) જાય, ત્યારબાદ (૨૦મા સમયની જઘન્ય વિશુદ્ધિ કરતાં) પ્રથમ સમયમાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિએ ચડેલા બીજા જીવની ઉ. વિશુદ્ધિ અનંતગુણ અધિક, તેના કરતાં સંખ્યાતમા ભાગ પછીના પ્રથમ સમયની (૨૧મા સમયની) જઘન્યવિશુદ્ધિ અનંતગુણ અધિક, તેના કરતાં બીજા સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ અધિક, તેના કરતાં સંખ્યાતમા ભાગ પછીના બીજા સમયની (૨૨ મા સમયની) જઘન્ય વિશુદ્ધિ અનંતગુણ-અધિક, એમ એક જઘન્યસ્થાનની અને એક ઉત્કૃષ્ટ સ્થાનની વિશુદ્ધિ અનંતગુણ અધિક-અનંતગુણ અધિક ત્યાં સુધી કહેવી કે યાવત્ ચરમસમયની (૧૦૦ માં સમયની) જઘન્ય વિશુદ્ધિ આવે, ત્યારબાદ એક સંખ્યાતમાભાગ જેટલા સ્થાનોમાં (૮૧ થી ૧૦૦માં) ઉત્કૃષ્ટવિશુદ્ધિ ક્રમસર અનંતગુણ અધિક કહેવી. તથા ત્રણ કરણો શરૂ કરતાં પહેલાં તેજોલેશ્યાદિ શુભ લેશ્યામાં વર્તવું ઇત્યાદિ જે છ પ્રકારની વિશેષતા પ્રથમ કહી હતી તે વિશેષતા અહીં પણ ચાલુ જ રહે છે. આ પ્રમાણે જીવ યથાપ્રવૃત્તકરણ કરીને અપૂર્વકરણ કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અપૂર્વકરણ પણ અંતર્મુહૂર્તકાળનું (અસત્કલ્પનાએ ૧૦૦ સમયનું) હોય છે. પ્રત્યેક સમયોમાં વિશેષાધિક વિશેષાધિક અસંખ્યલોકાકાશ પ્રદેશપ્રમાણ અધ્યવસાય સ્થાનો તથા તે ષટ્સ્થાનપતિત હોય છે તથા અપૂર્વકરણના પ્રથમસમયની જઘન્યવિશુદ્ધિ યથાપ્રવૃત્તકરણના ચરમ સમય કરતાં અનંતગુણ અધિક હોવા છતાં પણ અપૂર્વકરણના શેષ સમયો કરતાં અતિશય અલ્પ હોય છે. તેના કરતાં પ્રથમ સમયની જ ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનંતગુણ અધિક છે. તેના કરતાં પણ બીજા સમયની જઘન્યવિશુદ્ધિ, તેનાથી બીજા જ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ, તેનાથી ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ એમ ક્રમસર પ્રત્યેક સમયોની જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણ અધિક અધિક જાણવી.

આ અપૂર્વકરણમાં **સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણી, ગુણસંક્રમ** અને **અપૂર્વસ્થિતિબંધ** પ્રવર્તે છે. તેનું સ્વરૂપ બીજા કર્મગ્રંથમાં ચૌદગુણસ્થાનકના વર્ણન પ્રસંગે પૃષ્ઠ ૪૦ થી જણાવેલું છે. ત્યાંથી જાણી લેવું. ફક્ત અહીં **ગુણસંક્રમ કરે છે.** એટલું અધિક જાણવું. અનંતાનુબંધી કષાયના સત્તાગત કર્મદલિકમાંથી બંધાતી એવી સંજ્વલનાદિ ૫૨ પ્રકૃતિઓમાં પ્રતિસમયે જે અસંખ્યાતગુણાકારે દલિક સંક્રમાવે તે ગુણસંક્રમ કહેવાય છે. આ પ્રમાણે અપૂર્વકરણ કરીને હવે તે જ ગુણસ્થાનકોમાં વર્તતો ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ જીવ ત્રીજું અનિવૃત્તિકરણ કરે છે.

અનિવૃત્તિકરણમાં વર્તતા ત્રણે કાળના જીવોનું અધ્યવસાયસ્થાન એક સમયમાં સામાન્યથી સમાન હોય છે. પરંતુ અપૂર્વકરણની જેમ અસંખ્યાત લોકાકાશપ્રદેશ પ્રમાણ અધ્યવસાયસ્થાનો કે ષટ્સ્થાન પતિતતા હોતી નથી. તેથી એક સમયમાં એક અધ્યવસાય સ્થાન હોય છે. માટે જઘન્ય-ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કહેવાતી નથી. અને ષડ્સ્થાન પણ હોતાં નથી. પહેલા સમયથી બીજા સમયે અનંતગુણ વિશુદ્ધિ, બીજાથી ત્રીજા સમયે અનંતગુણવિશુદ્ધિ એમ પ્રતિસમયે અનંતગુણ વિશુદ્ધિ હોય છે. અનિવૃત્તિકરણના જેટલા સમયો તેટલાં અધ્યવસાયસ્થાનો આ કરણમાં હોય છે અહીં પણ પ્રથમસમયથી જ સ્થિતિઘાતાદિ પાંચે કાર્યો પ્રવર્તે છે.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગ ગયે છતે એક સંખ્યાતમો ભાગ બાકી રહેતે છતે **અનંતાનુબંધી** ચાર કષાયનું આ જીવ **અન્તરકરણ** કરે છે. સત્તાગત નિરન્તર પણે રહેલી સ્થિતિમાં વચ્ચે આંતરૂ કરવું તે **અંતરકરણ** કહેવાય છે. અન્તરકરણ કરવાથી સત્તાગત નિરન્તર સ્થિતિના બે ભાગ થઇ જાય છે. એક **પ્રથમાસ્થિતિ**=હેઠલી સ્થિતિ કહેવાય છે તે એક આવલિકાપ્રમાણ કરે છે. અને અન્તરકરણ અંતર્મુહૂર્ત પ્રમાણ હોય છે. તથા બીજી સ્થિતિ = ઉપરની સ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમની હોય છે. કલ્પિત આકૃતિ આ પ્રમાણે છે.

——————|——————————|——————————

પ્રથમા. સ્થિ. અંતરકરણ દ્વિતીયા સ્થિતિ

પ્રથમસ્થિતિ જે એક આવલિકાપ્રમાણ છે તે ઉદયમાં આવેલી સંજ્વલનાદિ યથાયોગ્ય કષાયોની પ્રકૃતિઓમાં સ્તિબૂકસંક્રમથી સંક્રમાવીને સમાપ્ત કરે છે. અંતર્મુહૂર્તના કાળવાળા અંતરકરણમાં જે કર્મદલિક છે તેને ત્યાંથી ઉકેરીને (ઉપાડીને) બંધાતી એવી મોહનીયની ૧૭-૧૩-૯માં નાખે છે. તથા બીજી સ્થિતિમાં રહેલું અંતઃકોડાકોડી સાગરોપમવાળું કર્મદલિક પ્રતિસમયે અસંખ્યાતગુણ ઉપશમાવે છે. **"ઉપશમાવવું"** એટલે કે જેમ પાણીના બિન્દુઓ વડે સિંચી સિંચીને અને ઘણ આદિ વડે કુટી કુટીને રેતીનો સમૂહ નિઃસ્યન્દ (જેમાંથી એક કણ પણ ઉડે નહીં તેવો) કરાય છે. તેવી રીતે વિશુદ્ધિરૂપી પાણી વડે સિંચી સિંચીને અને અનિવૃત્તિકરણરૂપી ઘણ વડે કુટી કુટીને **કર્મરૂપી-રજ** એવી દબાવી દેવામાં આવે છે કે જેમાં સંક્રમ ઉદય ઉદીરણા આદિ કરણો ન લાગે. આ પ્રમાણે અનંતાનુબંધી કષાયની પ્રથમસ્થિતિ સ્તિબૂકસંક્રમ વડે, અને અન્તરકરણવાળી સ્થિતિ ઉકેરવા વડે ખાલી કરે છે અને બીજી સ્થિતિ સર્વથા ઉપશાન્ત કરે છે. એમ અંતર્મુહૂર્તકાળમાં અનંતાનુબંધી કષાય સર્વથા ઉપશાન્ત થાય છે. ત્યારબાદ છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે વર્તતો જીવ દર્શનમોહનીય ત્રણની ઉપશમના કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(અહીં કેટલાક આચાર્યો અનંતાનુબંધીની ઉપશમનાને બદલે **વિસંયોજના** માને છે. અનંતાનુબંધી કષાયની વિસંયોજના ચારે ગતિના જીવો ૪ થી ૭ ગુણસ્થાનકો પૈકી યથાયોગ્ય ગુણસ્થાનકોમાં વર્તતા જીવો કરે છે. વિસંયોજના એટલે અનંતાનુબંધી કષાયનો સર્વથા નાશ કરવો. પરંતુ તેના બીજભૂત મિથ્યાત્વનો નાશ ન કરવો તે વિસંયોજના કહેવાય છે. આ વિસંયોજના કરનારો જીવ પણ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ તો કરે જ છે. પરંતુ અંતરકરણ અને ઉપશમના કરતો નથી. સ્થિતિઘાતાદિ પાંચ કાર્યો તો કરે જ છે. માત્ર એક આવલિકા રાખીને નિરવશેષ અનંતાનુબંધીનો નાશ કરે છે. અને આ રાખેલી આવલિકા સ્તિબૂક સંક્રમથી વેદ્યમાન સંજ્વલનાદિમાં સંક્રમાવે છે. આ રીતે કમ્મપયડિકાર આચાર્ય શ્રી શિવશર્મસૂરિજી મ.સા. આદિ મહાત્માઓ અનંતાનુબંધી કષાયની વિસંયોજના માને છે.)

અનંતાનુબંધી ચાર કષાયની વિસંયોજના અથવા ઉપશમના ચાર થી સાત ગુણસ્થાનકોમાં વર્તતા જીવો કરે છે પરંતુ દર્શનત્રિકની ઉપશમના તો છઠ્ઠે-સાતમે જ થાય છે. દર્શનત્રિકમાં જે મિથ્યાત્વમોહનીય-કર્મ છે તેની ઉપશમના તો અનાદિમિથ્યાદૃષ્ટિ જીવને અશ્રેણિગત ઉપશમ પામતાં પણ થાય છે. (જેનું વર્ણન બીજા કર્મગ્રંથમાં છે) તથા ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવને પણ છઠ્ઠે-સાતમે શ્રેણી પ્રારંભતાં થાય છે. પરંતુ મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયની ઉપશમના તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વીને જ થાય છે. મિથ્યાત્વીને થતી નથી. કારણ કે તે કાળે તે મિથ્યાત્વી જીવને આ બે દર્શન મોહનીય સત્તામાં જ નથી. અને આ બે મોહનીયની ઉપશમના પણ ઉપશમ શ્રેણી માંડતી વખતે જ થાય છે. અને તે પણ છઠ્ઠે-સાતમે જ થાય છે.

છઠ્ઠે-સાતમે ગુણસ્થાનકે વર્તતો ક્ષાયોપશમિક સમ્યગ્દૃષ્ટિ જીવ દર્શન મોહનીયત્રિકની ઉપશમના કરવા માટે સૌથી પ્રથમ ત્રણ કરણ કરે છે. તેનું વર્ણન પૂર્વે કહ્યા પ્રમાણે તથા કમ્મપયડિ આદિ ગ્રંથોમાં કહ્યા પ્રમાણે જાણવું. યથાપ્રવૃત્તકરણ કરીને અપૂર્વકરણ કરતો જીવ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણે દર્શનમોહનીયના સ્થિતિઘાતાદિ કાર્યો કરે છે. ત્યારબાદ અનિવૃત્તિકરણમાં પ્રવેશ્યો છતો સ્થિતિઘાતાદિ કાર્યો વડે સત્તાને ઓછી કરતો કરતો અનિવૃત્તિકરણના સંખ્યાતાભાગ જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી જાય છે. સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ત્રણે દર્શનમોહનીયનું અંતરકરણ કરે છે. જેથી ત્રણે દર્શનમોહનીયની સ્થિતિના બે બે ભાગ થાય છે. મિથ્યાત્વ અને મિશ્ર અનુદયવતી છે તેથી તેઓની પ્રથમસ્થિતિ ફક્ત એક આવલિકા રાખે છે અને સમ્યક્ત્વમોહનીય ઉદયવતી છે તેથી તેની પ્રથમસ્થિતિ અંતર્મુહૂર્તની રાખે છે. ત્રણેનું અંતરકરણ અંતર્મુહૂર્તનું છે. અને ત્રણેની બીજીસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે. તેઓનું ચિત્ર સામાન્યથી આ પ્રમાણે-

| | પ્રથમા સ્થિતિ | અંતરકરણ | દ્વિતીયા સ્થિતિ |
|---|---|---|---|
| મિથ્યાત્વ મોહ૦ | આવલિકાપ્રમાણ | અંતર્મુહૂર્ત | અંતઃ કોડાકોડી |
| મિશ્ર મોહ. | ,, | ,, | ,, |
| સમ્યક્ત્વ મોહ. | અંતર્મુહૂર્ત પ્રમાણ | ,, | ,, |

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

મિથ્યાત્વ અને મિશ્રમોહનીયની આવલિકા પ્રમાણની પ્રથમસ્થિતિ સ્તિબૂક સંક્રમવડે સમ્યક્ત્વમોહનીયની પ્રથમસ્થિતિમાં નાખીને અને સમ્યક્ત્વમોહનીયની અંતર્મુહૂર્ત પ્રમાણ પ્રથમ સ્થિતિ વિપાકોદય દ્વારા અનુભવીને આ જીવ સમાપ્ત કરે છે. આ ત્રણે પ્રકૃતિના અંતરકરણનું દલિક સમ્યક્ત્વ મોહનીયની પ્રથમસ્થિતિમાં નાખીને તે જગ્યા પણ ખાલી કરે છે અને ત્રણેની બીજી સ્થિતિ જે અંતઃકોડાકોડી સાગરોપમ છે. તેને ઉપશમાવે છે. એટલે કે સંક્રમાદિ કરણો માટે અયોગ્ય કરે છે. એમ એક અંતર્મુહૂર્ત કાળે ત્રણે દર્શનમોહનીય ઉપશાન્ત થાય છે. આ પ્રમાણે શ્રેણી માટેનું ઔપશમિક સમ્યક્ત્વ જીવ પ્રાપ્ત કરે છે. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામેલો જીવ ત્યારબાદ ચારિત્રમોહનો ઉપશમ કરવા માટે ઉપશમ શ્રેણી પ્રારંભે છે. જેનું વર્ણન હમણાં જ કરાશે. આ રીતે ઉપશમસમ્યક્ત્વ પામીને ઉપશમશ્રેણી પ્રારંભે છે.

અથવા ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પૂર્વે પરભવનું આયુષ્ય જેણે બાંધી લીધું હોય છે અને પછી ક્ષાયિકસમ્યક્ત્વ પામે છે. તેવા જીવો પણ બદ્ધાયુ હોવાથી ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કરવાના નથી. તેથી આવા પ્રકારના ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જીવો પણ ઉપશમશ્રેણી પ્રારંભી શકે છે. આ કારણથી ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ અહીં સમજાવાય છે.

## દર્શનમોહનીયની ક્ષપણા

તીર્થંકરપ્રભુના વિહારવાળો કાળ હોય, અર્થાત્ મોક્ષમાર્ગ ચાલુ હોય, જે જીવ પ્રથમ સંઘયણી હોય, તથા ૮ વર્ષથી અધિક વયવાળો, ૪ થી ૭ ગુણસ્થાનકોમાંના કોઇપણ ગુણસ્થાનકમાં વર્તતો મનુષ્યમાત્ર જ આ ક્ષાયિકસમ્યક્ત્વ પામી શકે છે. ચાર અનંતાનુબંધી કષાય અને દર્શનત્રિકનો ક્ષય કરવા માટે પ્રથમ ત્રણ કરણ કરે છે. આ ત્રણ કરણનું સ્વરૂપ તથા અનંતાનુબંધીના ક્ષયનું સ્વરૂપ પૂર્વની જેમ જ જાણવું. ફક્ત દર્શનમોહનીયની ક્ષપણામાં એટલી વિશેષતા છે કે -

અપૂર્વકરણના પ્રથમ સમયથી મિથ્યાત્વમોહનીય અને મિશ્ર-મોહનીયનો સ્થિતિઘાતાદિની સાથે ગુણસંક્રમ પણ થાય છે. તેથી મિથ્યાત્વમોહનીયનાં સત્તાગત કર્મદલિકો મિશ્રમોહનીયમાં અને સમ્યક્ત્વમોહનીયમાં, તથા મિશ્ર મોહનીયનાં સત્તાગત કર્મદલિકો સમ્યક્ત્વમોહનીયમાં અસંખ્યાતગુણાકારે સંક્રમાવે છે.

અનિવૃત્તિકરણમાં ઉદ્‌વલના સંક્રમ પણ આ બે દર્શનમોહનીયનો થાય છે. મિથ્યાત્વમોહનીયનો સ્વમાં અસંખ્યાતગુણાકારે અને પરમાં (મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીયમાં) વિશેષહીન વિશેષહીન પણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંક્રમાવે છે. તેને ઉદ્વલના સંક્રમ કહેવાય છે. એવી જ રીતે મિશ્ર-મોહનીયનું કર્મદલિક સ્વમાં અસંખ્યાતગુણાકારે અને પરમાં (સમ્યક્ત્વ મોહનીયમાં) વિશેષ હીનના ક્રમે સંક્રમાવે છે. (જુઓ કર્મ પ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૬૩ તથા ૬૬)

એમ કરતાં કરતા અનિવૃત્તિકરણમાં ત્રણ દર્શન મોહનીય કર્મની સત્તા જે અંતઃકોડાકોડી સાગરોપમ છે તે હજારો હજારો સ્થિતિઘાત ગયે છતે ક્રમશઃ અસંજ્ઞી પંચેન્દ્રિય, ચઉરિન્દ્રિય, તેઇન્દ્રિય, બેઇન્દ્રિય અને એકેન્દ્રિય જીવો જેટલી થાય છે. ત્યારબાદ ત્રણે દર્શમોહનીયની સત્તામાં રહેલી સ્થિતિના સંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી શેષ સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. એવા હજારો સ્થિતિઘાત જાય. ત્યારબાદ મિથ્યાત્વની સ્થિતિના અસંખ્યાત અને શેષ બે પ્રકૃતિના સંખ્યાતાભાગ કરી એક ભાગ રાખી શેષભાગોનો નાશ કરે, આવી રીતે કરતાં હજારો સ્થિતિઘાત ગયે છતે મિથ્યાત્વમોહનીયની સત્તા ફક્ત એક આવલિકા માત્ર જ રહે છે તે વખતે મિશ્ર-સમ્યક્ત્વમોહનીય પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સત્તામાં હોય છે.

મિથ્યાત્વમોહનીયની ૧ આવલિકા જે સત્તા રહી છે. તેને સ્તિબૂકસંક્રમથી ઉદયવતી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવે છે. ત્યારે મિથ્યાત્વમોહનીયનો સર્વથા ક્ષય થવાથી મોહનીયની ૨૩ની સત્તા થાય છે. ત્યારબાદ મિશ્ર અને સમ્યક્ત્વમોહનીયની સત્તાગતસ્થિતિના અસંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી બાકીના ભાગોનો નાશ કરે. એમ કરતાં હજારો સ્થિતિઘાત ગયે છતે મિશ્રમોહનીય પણ ૧ આવલિકાપ્રમાણ થાય ત્યારે સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષપ્રમાણ સત્તા રહે છે. મિશ્રની રહેલી એક આવલિકા સ્તિબૂકસંક્રમથી સમ્યક્ત્વમોહનીયમાં સંક્રમાવીને મોહનીયની ૨૨ની સત્તાવાળો આ જીવ થાય છે. સમ્યક્ત્વમોહનીયની ૮ વર્ષની સ્થિતિ સત્તા રહે ત્યારે સકલ વિઘ્નોનો ભય ચાલ્યો ગયો હોવાથી નિશ્ચયનયથી તે જીવ **ક્ષપક** કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવેથી સમ્યક્ત્વ-મોહનીયના અંતર્મુહૂર્ત-અંતર્મુહૂર્ત સ્થિતિ પ્રમાણના સ્થિતિખંડો કરે છે. યાવત્ દ્વિચરમસ્થિતિખંડ સુધી આ પ્રમાણે કરે છે. દ્વિચરમ સ્થિતિખંડ કરતાં ચરમસ્થિતિ ખંડ અસંખ્યાતગુણ મોટો હોય છે. હવે છેલ્લો સ્થિતિખંડ ઉકેરે ત્યારે આ જીવ **કૃતકરણ** કહેવાય છે. આ કૃતકરણાવસ્થામાં કોઇ જીવ મૃત્યુ પણ પામે છે અને બાંધેલા આયુષ્ય પ્રમાણે ચારે ગતિમાંથી કોઇપણ ગતિમાં જાય છે. તેથી ક્ષાયિક સમ્યક્ત્વનો પ્રારંભક મનુષ્ય જ અને નિષ્ઠાપક (સમાપ્ત કરનાર) ચારે ગતિમાંની કોઇપણ ગતિમાં હોય છે.

સમ્યક્ત્વમોહનીયનો છેલ્લા ગ્રાસ વિપાકોદયથી (અને ઉદીરણાથી) ભોગવવા દ્વારા ક્ષય કરીને ૨૧ની સત્તાવાળો થયો છતો આ જીવ **ક્ષાયિક સમ્યક્ત્વ** પ્રાપ્ત કરે છે. જો બદ્ધાયુષ્ક જીવે આ ક્ષાયિક પામવાનો પ્રારંભ કર્યો હોય તો ચાર અનંતાનુબંધીનો ક્ષય કર્યા પછી કોઇક જીવ મૃત્યુ પણ પામે, મિથ્યાત્વમોહનીયના ઉદયનો સંભવ હોવાથી ફરીથી અનંતાનુબંધી પણ બાંધે અને જે જીવ દર્શનમોહનીયત્રિકનો પણ ક્ષય કરી ક્ષાયિકસમ્યક્ત્વ પામી ૨૧ની સત્તાવાળો થયો હોય તે જો બદ્ધાયુ હોય તો કોઇ જીવ મૃત્યુ પણ પામે. તે સમયે જો અપતિતપરિણામી હોય તો દેવલોકમાં જ જાય અને જો પતિતપરિણામી હોય તો પરિણામોની તરતમતા સંભવતી હોવાથી તેને અનુસારે ચારે ગતિમાંથી કોઇપણ એક ગતિમાં જાય.

જે જીવ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી બદ્ધાયુષ્ક હોવા છતાં આયુષ્ય અધિક હોવાથી મૃત્યુ પામતો નથી. તે જીવ ઉપશમશ્રેણી માંડી શકે છે.

આ પ્રમાણે કેટલાક આચાર્યોના મતે ચાર અનંતાનુબંધી અને ત્રણદર્શનમોહનીય એમ સાતનો સર્વથા ઉપશમ કરી ૨૮ની સત્તાવાળો ઔપશમિકસમ્યક્ત્વી જીવ પણ ઉપશમ શ્રેણી માંડી શકે છે. કેટલાક આચાર્યોના મતે ચાર અનંતાનુબંધીની વિસંયોજના કરી દર્શન મોહનીય ત્રણ ઉપશમાવી ૨૪ની સત્તાવાળો ઔપશમિક સમ્યક્ત્વી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવ પણ ઉપશમશ્રેણી માંડી શકે છે. અને દર્શનસપ્તકનો ક્ષય કરી ક્ષાયિક સમ્યક્ત્વ પામી (જો બદ્ધાયુ હોય તો જ) ૨૧ની સત્તાવાળો તે જીવ પણ ઉપશમશ્રેણી માંડી શકે છે. આ પ્રમાણે ઉપશમશ્રેણીના પ્રારંભકને ૨૮-૨૪ અથવા ૨૧ની સત્તા હોય છે.

હવે **ઉપશમશ્રેણી**નો પ્રારંભ કરવા માટે (એટલે કે બાકી રહેલી મોહનીયની ૨૧ પ્રકૃતિઓને ઉપશમાવવા માટે) સૌથી પ્રથમ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણો કરે છે. તેમાં પણ ઉપશમશ્રેણીનો પ્રારંભક એવો આ જીવ યથાપ્રવૃત્તકરણ નિયમા અપ્રમત્તગુણઠાણે, અપૂર્વકરણ આઠમા ગુણઠાણે અને અનિવૃત્તિકરણ નવમા ગુણઠાણે જ કરે છે. ત્રણ કરણોનું સ્વરૂપ પહેલાં કહ્યા પ્રમાણે જાણવું. સ્થિતિઘાતાદિ કાર્યો અપૂર્વકરણથી શરૂ થાય છે તથા અબધ્યમાન એવી સર્વે અશુભ પ્રકૃતિઓનો બધ્યમાન શુભમાં ગુણસંક્રમ પ્રવર્તે છે. એટલું અધિક જાણવું કારણ કે ગુણસંક્રમ અપૂર્વકરણ ગુણસ્થાનકથી જ શરૂ થાય છે.

જૈન સાહિત્ય JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

અપૂર્વકરણનો એક સંખ્યાતમો ભાગ ગયે છતે નિદ્રાદ્વિકનો, બીજા સંખ્યાતા પાંચ ભાગ ગયે છતે દેવદ્વિકાદિ ૩૦નો અને બાકી રહેલો સંખ્યાતમો એક ભાગ ગયે છતે ચરમ સમયે હાસ્યાદિ ચતુષ્કનો બંધ વિચ્છેદ થાય છે. અને હાસ્યાદિ ષટ્કનો ઉદય વિચ્છેદ પણ થાય છે. તથા સર્વે કર્મોની દેશોપશમના, નિધત્તિ અને નિકાચના સમાપ્ત થાય છે અને તે જ સમયે આઠમું ગુણસ્થાનક પણ પૂર્ણ થાય છે.

અપૂર્વકરણ સમાપ્ત કરીને આ જીવ અનિવૃત્તિકરણમાં પ્રવેશ કરે છે. ત્યાં સ્થિતિઘાતાદિ પાંચે કાર્યો પહેલાંની જેમ જ પ્રવર્તે છે તથા અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો ગયે છતે એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ૧૨ કષાય અને ૯ નોકષાય એમ ૨૧ પ્રકૃતિઓને ઉપશમાવવા માટે એકવીસે પ્રકૃતિઓનું તે જીવ અંતરકરણ કરે છે એટલે એકવીસે પ્રકૃતિઓની સત્તામાં જે સ્થિતિ છે, તે સર્વ સ્થિતિના બે બે ભાગ પાડીને વચ્ચે અંતરકરણ (આંતરું) કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતરકરણ કરવાથી નીચેની સ્થિતિને પ્રથમસ્થિતિ-નાનીસ્થિતિ અને ઉપરની સ્થિતિને દ્વિતીયસ્થિતિ તથા મોટી સ્થિતિ કહેવાય છે.

ઉદયમાં વર્તતા ૧ સંજ્વલનકષાય અને ઉદયમાં વર્તતા એક વેદની પ્રથમસ્થિતિ સ્વઉદયકાળ પર્યન્ત (અંતર્મુહૂર્ત) અને બાકીની અનુદયવતી ૧૧ કષાય અને ૮ નોકષાય એમ ૧૯ની પહેલી સ્થિતિ એક આવલિકા માત્ર રાખે છે. અનુદયવતી ૧૯ ની પ્રથમસ્થિતિ જે ૧ આવલિકા પ્રમાણ છે. તે સ્તિબૂકસંક્રમથી ઉદયવાળા એવા સં. કષાયની અંદર અને વેદની અંદર સંક્રમાવે છે. તથા ઉદયવતી એવી સંજ્વલન કષાયની અને વેદની પ્રથમસ્થિતિ વિપાકોદયથી અનુભવીને સમાપ્ત કરે છે. અહીં અનિવૃત્તિકરણમાં વર્તતો જીવ બંધાતી પ્રકૃતિઓનો બંધ અંતઃકોડાકોડીમાંથી પ્રથમ અંતઃકોડી જેટલો કરે છે. પછી તેમાંથી અસંજ્ઞી પં. જેટલો, ચઉરિન્દ્રિય જેટલો, તેઈન્દ્રિય જેટલો, બેઈન્દ્રિય જેટલો અને એકેન્દ્રિય જેટલો કરે છે. એ જ પ્રમાણે સત્તાગતસ્થિતિ પણ સ્થિતિઘાતાદિ વડે તોડી તોડીને હીન-હીન કરે છે. તથા કેટલીક પ્રકૃતિઓનો રસબંધ એકઠાણીઓ અને દેશઘાતી કરે છે. ઈત્યાદિ ઘણું વક્તવ્ય કહેવા જેવું છે. પરંતુ તે ગ્રન્થગૌરવના ભયથી અહીં લખતા નથી. કમ્મપયડીના ઉપશમના કરણથી સમજી લેવું.

## અંતરકરણના દલિકપ્રક્ષેપની વિધિ

૨૧ પ્રકૃતિઓના કરેલા અંતરકરણનું ઉકેરાતું દલિક ક્યાં નાંખે? તે સમજવા જેવું છે. આ નવમા ગુણઠાણે આ ૨૧ પ્રકૃતિઓમાંથી જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય એમ બન્ને હોય તેનું અંતરકરણનું દલિક પોતાની પહેલી અને બીજી એમ બન્ને સ્થિતિમાં નાખે છે જેમ કે સં.ક્રોધ અને પુરુષવેદના ઉદયે શ્રેણી માંડી હોય તેવા જીવને સં.ક્રોધનું અને પુરુષવેદનું અંતરકરણનું દલિક પોતપોતાની બન્ને સ્થિતિમાં નખાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે પ્રકૃતિઓનો ફક્ત બંધ જ હોય, પરંતુ ઉદય ન હોય તો તે પ્રકૃતિઓના અંતરકરણનું દલિક માત્ર બીજી સ્થિતિમાં જ નાખે છે. જેમ કે સં. ક્રોધના ઉદયે શ્રેણી માંડનાર આ જીવ સં.માન, માયા, લોભના અંતરકરણનું દલિક બીજીસ્થિતિમાં નાખે છે.

તે કાલે જે પ્રકૃતિઓનો ફક્ત ઉદય જ હોય, પરંતુ બંધ ન હોય તો તે પ્રકૃતિઓના અંતરકરણનું દલિક માત્ર પ્રથમસ્થિતિમાં જ નાંખે છે. જેમ કે સ્ત્રીવેદ અથવા નપુંસકવેદના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો સ્ત્રીવેદનું અથવા નપુંસકવેદનું અંતરકરણનું દલિક પ્રથમસ્થિતિમાં જ નાખે છે. તથા તે કાળે જે પ્રકૃતિઓનો બંધ અને ઉદય બન્ને નથી, તેઓનું અંતરકરણતું ઉકેરાતું દલિક પરપ્રકૃતિમાં નાખે છે. જેમ કે પુરુષવેદના ઉદયે શ્રેણી માંડનારા જીવને સ્ત્રીવેદ તથા નપુંસકવેદના અંતરકરણનું દલિક પરપ્રકૃતિ એવા પુરુષવેદમાં નાખે છે. તથા દરેક પ્રકૃતિનું ઉપરની બીજી સ્થિતિનું દલિક બધ્યમાન એવી અન્ય પ્રકૃતિમાં તો નાખે જ છે.

આ પ્રમાણે એકવીસે પ્રકૃતિઓની પ્રથમસ્થિતિ અને અંતરકરણના દલિકોની વિધિ સમજાવી. હવે એકવીસે પ્રકૃતિઓની બીજી સ્થિતિમાં રહેલા કર્મદલિકોને ઉપશમાવે છે. પાણીથી સિંચીને અને ઘણથી કુટીને શાન્ત કરે તેમ દબાવે છે. તે સમજાવે છે.

અંતરકરણ કર્યા પછી અંતર્મુહૂર્ત કાળમાત્ર વડે પ્રથમ નપુંસકવેદને ઉપશમાવે છે. ત્યારબાદ બીજા એક અંતર્મુહૂર્તકાળે સ્ત્રીવેદ ઉપશમાવે છે ત્યારબાદ હાસ્યષટ્ક અને પુરુષવેદ બન્ને સાથે ઉપશમાવવાનો પ્રારંભ કરે છે. પરંતુ હાસ્યષટ્ક પ્રથમ ઉપશાન્ત થાય છે અને તે જ સમયે પુરુષવેદના બંધ, ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે છે. ત્યારબાદ એક સમયન્યૂન બે આવલિકાકાળે પુરુષવેદ પણ ઉપશાન્ત થાય છે. કારણ કે પુરૂષવેદનો બંધ પણ ચાલુ હતો તેથી છેલ્લી બે આવલિકાઓમાં બંધાયેલા દલિકોને ઉપશમાવવામાં તેટલો કાળ અધિક જાય છે. આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રમાણે કુલ નવ નોકષાય સર્વથા ઉપશાન્ત થાય છે. પુરુષવેદ ઉપશાન્ત થયે છતે કુલ ૧૬ પ્રકૃતિઓ (૭+૯=૧૬) ઉપશાન્ત થયેલી થાય છે.

## ૧૨ કષાયોની ઉપશમનાની વિધિ

જ્યારે હાસ્યાદિષટ્ક ઉપશાન્ત થાય છે અને પુરુષવેદની પ્રથમસ્થિતિ ક્ષીણ થાય છે. ત્યારથી માંડીને અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન એમ ત્રણે પ્રકારના ક્રોધની દ્વિતીયસ્થિતિનો ઉપશમ ચાલુ કરે છે. અંતર્મુહૂર્ત કાલે પ્રથમના બે ક્રોધ ઉપશાન્ત થઇ જાય છે. પરંતુ સંજ્વલન ક્રોધનો બંધ ચાલુ હોવાથી તે કાળે તે ઉપશાન્ત થઇ જતો નથી. છતાં જ્યારે બે ક્રોધનો ઉપશમ થાય છે. ત્યારે સં.ક્રોધનાં બંધ, ઉદય અને ઉદીરણા અવશ્ય વિચ્છેદ પામે છે. અને અન્તિમકાળની છેલ્લી બે આવલિકાઓમાં બંધાયેલાં સં.ક્રોધના દલિકો બાકી રહે છે. તેને એક સમયન્યૂન બે આવલિકાકાળમાં સર્વથા ઉપશાન્ત કરે છે.

આ જ ક્રમ પ્રમાણે ત્યારબાદ એક અંતર્મુહૂર્તકાળે બે માનનો ઉપશમ થાય છે. તે જ વખતે સં. માનના બંધ, ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે છે અને ત્યારબાદ એક સમયન્યૂન બે આવલિકા કાળે સં.માન પણ ઉપશાન્ત થાય છે. બે માનનો ઉપશમ થાય ત્યારથી જ ત્રણ માયાનો ઉપશમ ચાલુ કરે છે. પરંતુ અંતર્મુહૂર્ત કાળ ગયે છતે બે માયા ઉપશાન્ત થાય છે. તે જ સમયે સં. માયાના બંધ ઉદય અને ઉદીરણાનો અંત થાય છે અને એક સમયન્યૂન બે આવલિકા કાળે ત્રીજી સં. માયા પણ ઉપશાન્ત થાય છે. અહીં આગાલ, ઉદીરણા અને ઉદય ક્યારે વિરામ પામે ? ઇત્યાદિ ઘણો અધિકાર છે. પરંતુ ગ્રન્થ ગૌરવના ભયથી લખેલ નથી.

બે માયા જ્યારે સર્વથા ઉપશાન્ત થઇ જાય છે. ત્યારથી જ ત્રણ લોભનો ઉપશમ કરવાની શરૂઆત કરે છે. પરંતુ અંતર્મુહૂર્તકાળે બે લોભનો ઉપશમ થાય છે. સં. લોભનો બંધ ચાલુ હોવાથી તે બે લોભની સાથે સં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભનો સર્વથા ઉપશમ થઇ જતો નથી. આ કારણથી બે લોભનો ઉપશમ કરાતો હોય ત્યારે જ સંજ્વલન લોભની ઉપરની બીજીસ્થિતિમાં ઉપશમ કરતાં કરતાં તે બીજીસ્થિતિમાંથી જે કર્મદલિકો પ્રથમસ્થિતિ રૂપે જીવ કરે છે અને ઉદયથી ભોગવે છે. તે લોભના ઉદયકાળના આ જીવ ત્રણ ભાગ કરે છે. (૧) અશ્વકર્ણકરણાદ્ધા, (૨) કિટ્ટિકરણાદ્ધા અને (૩) કિટ્ટિવેદનાદ્ધા. તે ત્રણેના અર્થો આ પ્રમાણે -

સંજ્વલન લોભનાં જે રસસ્પર્ધકો પૂર્વે અધિક અધિક રસવાળાં બાંધેલાં સત્તામાં છે કે જેને **પૂર્વસ્પર્ધક** કહેવાય છે. તેનો ઘણો ઘણો ભાગ હણી હણીને અત્યન્ત હીન રસવાળાં કરીને સ્પર્ધકોનો તે જ ક્રમ જાળવી રાખીને નવાં હીનરસવાળાં સ્પર્ધકો કરે છે કે જેને **અપૂર્વસ્પર્ધક** કહેવાય. જેમ કે ૧૦૦૦ રસાંશ જેમાં હોય તેનો ૧૦૦ રસાંશ કરે, ૧૦૦૧ રસાંશ જેમાં હોય તેનો ૧૦૧ રસાંશ કરે, ૧૦૦૨ રસાંશ જેમાં હોય તેનો ૧૦૨ રસાંશ કરે. એમ રસ હીન કરે પરંતુ સ્પર્ધકનો ક્રમ તેનો તે જ રાખે આવી પ્રક્રિયાવાળા કાળને **અશ્વકર્ણકરણાદ્ધા** કહેવાય છે. જેમ ઘોડાના કાન મૂળમાં પહોળા છે અને પછી ઉપર ઉપર હીન હીન વિસ્તારવાળા છે. તેમ આ રસસ્પર્ધકોની સંકલના કરતાં કરતાં એવો આકાર થાય છે. અથવા અશ્વના કાનની જેમ જાગૃતિ જ્યાં ઘણી છે. આમ એકાદધર્મની સમાનતાથી આ ઉપમા આપેલી છે.

અત્યન્ત હીન રસવાળાં થયેલાં અપૂર્વસ્પર્ધકોમાંથી અને હજુ અધિક રસવાળાં રહેલાં પૂર્વસ્પર્ધકોમાંથી દલિકો લઇ લઇને તેનાથી પણ અત્યન્ત હીન રસવાળાં કરે અને એકોત્તરપણે રસાંશોની વૃદ્ધિ રૂપે સ્પર્ધકપણાની જે રચના હતી તે તોડી નાખે. બધાં જ કર્મદલિકોને છુટાં-છવાયાં કરી નાખે તેને **કિટ્ટિકરણાદ્ધા** કહેવાય છે. જેમ કે ૧૦૦ રસાંશવાળાને ૧૦ રસાંશવાળાં ૧૦૧ રસાંશવાળાને ૧૫ રસાંશવાળાં એમ ક્રમ વિનાનાં કરે છે. અશ્વકર્ણકરણાદ્ધા પૂર્ણ કરીને કિટ્ટિકરણાદ્ધામાં વર્તતો જીવ સંજ્વલન લોભની કિટ્ટિઓ કરતો છતો તેના અન્ત્યસમયે શેષ બન્ને લોભોને સર્વથા ઉપશાન્ત કરે છે. તે જ કાળે સંજ્વલન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લોભનો બંધ તથા બાદર લોભનો ઉદય, ઉદીરણા અટકી જાય છે. નવમું ગુણસ્થાનક સમાપ્ત થાય છે. સં.લોભનું પણ એક સમયન્યૂન બે આવલિકામાં બાંધેલું કર્મદલિક તથા કિટ્ટિકૃત કર્મદલિક માત્ર જ શેષ રહે છે તે વિનાનું સર્વે કર્મદલિક ઉપશાન્ત થાય છે.

હવે સૂક્ષ્મકિટ્ટિરૂપે કરાયેલા કર્મદલિકોને (એટલે કે જે કર્મદલિકોનો રસ અત્યન્ત હીન કરવામાં આવ્યો છે તથા સ્પર્ધકપણાનો ક્રમ જેમાં તોડી નાખવામાં આવ્યો છે. તેવો કર્મદલિકોને) બીજી સ્થિતિમાંથી ઉતારી પ્રથમસ્થિતિ રૂપે કરીને વેદે છે. તેથી તેને **કિટ્ટિવેદનાદ્ધા** કહેવાય છે. આનું જ નામ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક છે. આ પ્રમાણે પ્રથમસ્થિતિ રૂપે કરાયેલી કિટ્ટિઓ રૂપ સૂક્ષ્મલોભને વેદતો અને બીજીસ્થિતિમાં રહેલી કિટ્ટીઓને તથા અન્તિમ બે આવલિકા કાળમાં લોભના બાંધેલા કર્મદલિકોને અસંખ્યાત ગુણાકારે ઉપશમાવતો ઉપશમાવતો સં. લોભનો પણ સર્વથા ઉપશમ કરવાનું કાર્ય કરે છે. બાદર લોભની પ્રથમસ્થિતિમાં બાકી રહેલી ૧ આવલિકા સ્તિબૂક સંક્રમથી સૂક્ષ્મ લોભમાં સંક્રમાવે છે. આમ કરતાં કરતાં જ્યારે સં. લોભ સર્વથા ઉપશાન્ત થાય તે જ સમયે ૧૦મું ગુણસ્થાનક પણ સમાપ્ત થાય છે. મોહને ઉપશમાવીને આ જીવ ૧૧મા ગુણસ્થાનકે જાય છે.

**પ્રશ્ન - સંજ્વલન કષાયાદિનો ઉદય ચાલુ હોવાથી આ શ્રેણીકાળે સંજ્વલનાદિનો ઉપશમ કરે તે તો ઉચિત છે. પરંતુ શ્રેણીના પ્રારંભમાં અનંતાનુબંધી કષાયનો ઉપશમ કરે છે એમ જે કહ્યું તે ઉચિત લાગતું નથી કારણ કે તેનો ઉદય વિરામ પામે ત્યારે જ સમ્યક્ત્વ આવે છે અને અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય કષાયનો ઉપશમ નવમે સમજાવ્યો. તે પણ ઉચિત લાગતું નથી. કારણ કે તેઓનો ઉદયવિરામ પામે ત્યારે જ સંયમ આવે છે. અને આ શ્રેણીનો પ્રારંભક જીવ સમ્યક્ત્વ અને સંયમ પામેલો છે. તેથી આ બાર કષાયોનો ઉદય છે જ નહીં (એટલે ઉપશમ થયેલો જ હશે એમ મનાય છે) તો અહીં ઉપશમ કહેવાની જરૂર શું ?**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉત્તર** - આ કષાયોનો ઉદય અવશ્ય અટકેલો છે. તેથી ઉદય નથી પરંતુ ઉપશમ પણ થયેલો નથી. ક્ષયોપશમ થયેલો છે. જેથી ઉપશમ હવે શ્રેણીકાલે કરાય છે.

**પ્રશ્ન** - ક્ષયોપશમમાં અને ઉપશમમાં તફાવત શું ?

**ઉત્તર** - ક્ષયોપશમમાં રસોદય હોતો નથી. પરંતુ પ્રદેશોદય હોય છે. એટલે કે અનંતાનુબંધી કષાયનાં દલિકો અનંતાનુબંધી રૂપે ઉદયમાં આવતાં નથી. પરંતુ શેષ ઉદિત કષાયોમાં સંક્રમાવીને તે તે કષાયરૂપે અવશ્ય ઉદયમાં આવે છે. એવી જ રીતે સંયમ આવે ત્યારે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાય પોતાના રૂપે ઉદયમાં આવતા નથી પરંતુ સંજ્વલનમાં ભળીને ઉદયમાં આવે છે આવા પ્રકારનો પ્રદેશોદય ક્ષયોપશમકાળે હોય છે. તે પ્રદેશોદય પણ અટકાવવા માટે ઉપશમ કરવાનો છે. આ કારણે ઉપશમ કરવાથી તે પ્રદેશોદય પણ અટકી જાય છે. આ પ્રકૃતિઓના ક્ષયોપશમમાં વિપાકોદય ન હોય પરંતુ પ્રદેશોદય હોય છે. જ્યારે ઉપશમમાં વિપાકોદય અને પ્રદેશોદય એમ બન્ને ઉદય હોતા નથી.

**પ્રશ્ન** - અનંતાનુબંધી કષાયનો વિપાકોદય જેમ સમ્યક્ત્વનો ઘાતક છે. અને શેષ બે કષાયોનો વિપાકોદય જેમ દેશ-સર્વ સંયમનો ઘાતક છે. તેવી જ રીતે આ ત્રણે કષાયોનો પ્રદેશોદય પણ પોતપોતાના ગુણોનો ઘાતક બનવો જોઈએ. તેથી પ્રદેશોદય હોતે છતે પણ ગુણો કેમ આવે? સમ્યક્ત્વ અને સંયમ આવે ત્યારે પ્રદેશોદય પણ (ગુણઘાતક હોવાથી) કેમ હોઈ શકે ? કે જેને અટકાવવા ઉપશમ કરવો પડે ?

**ઉત્તર** - प्रदेशकर्मणो मन्दानुभावत्वात् = આ પ્રદેશોદય અત્યન્ત ઘણા મંદ પ્રભાવવાળો છે. જ્ઞાનાવરણીયાદિના પ્રસંગમાં સંપૂર્ણ ચારજ્ઞાન વાળા મહાત્માને જ્ઞાનાવરણીયકર્મનો વિપાકોદય પણ સર્વથા ગુણોનો ઘાત કરનારો બનતો નથી. તો આ તો પ્રદેશોદય માત્ર છે કે જે અત્યન્ત મંદોદય છે તેથી ગુણઘાતક થતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે અંતિમકિટ્ટીઓની ઉપશાન્તતાની સાથે જ દશમું ગુણસ્થાનક, સૂક્ષ્મલોભનો ઉદય, જ્ઞાનાવરણીયાદિ ૧૬ પ્રકૃતિઓનો બંધ વિચ્છેદ કરીને આ જીવ **ઉપશાન્તમોહ** થાય છે. ત્યાં જઘન્યથી ૧ સમય માત્ર રહીને આયુષ્ય સમાપ્ત થઇ જવાથી મૃત્યુ પણ કોઇક જીવ પામી શકે છે અને પતન પામે છે. તેને भवक्षयप्रतिपात કહેવાય છે.[1] આ જીવ વિજયાદિ પાંચ અનુત્તરમાં જાય છે. અને કેટલાક આચાર્યોના મતે વૈમાનિક દેવ થાય છે. જે જીવનું આયુષ્ય અગિયારમે સમાપ્ત થતું નથી. તે જીવ ત્યાં અંતર્મુહૂર્ત માત્ર રહીને જેમ ચઢ્યો હતો તેમ નિયમા પડે છે. આ પતનને अद्धाक्षयप्रतिपात કહેવાય છે. પતન પામતો આ જીવ પ્રમત્તસંયમ સુધી તો પડે જ છે. કોઇક જીવ ત્યાં અટકી પણ જાય છે. અને કોઇ જીવ નીચેનાં બે ગુણસ્થાનકોમાં (પમે તથા ૪થે) આવીને સાસ્વાદને પણ જાય છે. ત્યાંથી મિથ્યાત્વે જાય છે. ઉપશમશ્રેણીથી ઉપર મુજબ બે પ્રકારનું પતન થાય છે. ભવક્ષયે પડનારને અગિયારમેથી સીધેસીધુ ચોથું ગુણસ્થાનકે આવે છે પરંતુ ચોથે ગુણસ્થાનકે આવવા છતાં ઉપશમ સમ્યક્ત્વ જ રહે છે અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વવાળો આ જીવ થઇ જાય છે. આ બાબતમાં બે મતો છે. ક્ષાયિકસમ્યગ્દષ્ટિ જો ઉપશમશ્રેણીમાંથી મૃત્યુ પામી અનુત્તરમાં જાય તો તે નિયમા ક્ષાયિક જ રહે છે.

૧. આ ઉપશમશ્રેણી પ્રથમના ત્રણ સંઘયણવાળા જીવો પ્રારંભે છે. જો મૃત્યુ પામે તો અનુત્તરમાં જ જાય અથવા વૈમાનિકમાં જાય એવા બે મતો પ્રવર્તે છે. જે આચાર્યો એમ માને છે કે ઉપશમ શ્રેણીમાં મૃત્યુ પામે તે અનુત્તરમાં જ જાય તેઓની દૃષ્ટિએ પ્રથમસંઘયણ વાળાએ જો ઉપશમશ્રેણી માંડી હોય તો મૃત્યુનો સંભવ છે. અન્ય બે સંઘયણવાળા શ્રેણી માંડે છે પરંતુ શ્રેણીમાં મૃત્યુ પામતા નથી. અને જેઓનો એવો મત છે કે ઉપશમશ્રેણીમાં મૃત્યુ પામે તે વૈમાનિકમાં જાય, તેઓના મતે ત્રણે સંઘયણવાળા શ્રેણી માંડીને મૃત્યુ પામી શકે અને વૈમાનિકમાં જઇ શકે. તત્ત્વ શ્રી કેવલીપ્રભુ જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઉપશમશ્રેણી એકભવમાં વધુમાં વધુ બે વાર પ્રાપ્ત થાય છે. અને સંસારચક્રમાં એક જીવને ઉત્કૃષ્ટથી ચાર વાર પ્રાપ્ત થાય છે. જે જીવ એકભવમાં બે વાર ઉપશમશ્રેણી કરે છે. તે જીવ તે જ ભવમાં ક્ષપકશ્રેણી કરી શકતો નથી. પરંતુ જે જીવ એક વાર માત્ર ઉપશમ શ્રેણી કરે છે તે જીવ તે ભવમાં ક્ષપક શ્રેણી પણ કરી શકે છે. એમ કર્મગ્રંથકારનો મત છે. જ્યારે સિદ્ધાન્તકારના મતે જે ભવમાં એકવાર પણ ઉપશમશ્રેણી કરી હોય તે જીવ તે ભવમાં ક્ષપકશ્રેણી કરી શકતો નથી.

કલ્પાધ્યયનમાં કહ્યું છે કે -

एवं अप्परिवडिए सम्मत्ते, देव मणुय जम्मेसु ।
अन्नयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं॥ १ ॥

અન્ય ગ્રંથમાં પણ કહ્યું છે કે -

मोहोपशम एकस्मिन् भवे द्विः स्यादसंततः ॥
यस्मिन् भवे तूपशमः, क्षयो मोहस्य तत्र न ॥ १ ॥

આ પ્રમાણે સંક્ષેપમાં ઉપશમશ્રેણીનું સ્વરૂપ કહ્યું છે વિસ્તારાર્થીએ કમ્મપયડી, પંચસંગ્રહ અને છઠ્ઠો કર્મગ્રંથ આદિ ગ્રંથોમાંથી જાણી લેવું. ॥૯૮॥

હવે ક્ષપકશ્રેણીનું સ્વરૂપ કહે છે.

**अणमिच्छामीससम्मं, तिआउइगविगलथीणतिगुज्जोयं।**
**तिरिनरयथावरदुगं, साहारायवअडनपुत्थी ॥ ९९॥**
**छगपुंसंजलणा दो निद्दाविग्घावरणक्खए नाणी ।**
**देविंदसूरिलिहियं सयगमिणं आयसरणट्ठा ॥ १००॥**

(अनमिथ्यामिश्रसम्यक्त्वं त्र्यायुः एकविकलस्त्यानर्द्धित्रिकोद्योतं ।
तिर्यग्नरकस्थावरद्विकं, साधारणातपाष्टनपुंसकस्त्रीवेदान्॥ ९९ ॥

(षट्कपुरुषसंज्वलनान्, द्वे निद्रे विघ्नावरणानि (क्षपयित्वा तेषां )
क्षये ज्ञानी, देवेन्द्रसूरिलिखितं शतकमिदमात्मस्मरणार्थम्॥ १०० ॥)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**શબ્દાર્થ** - **अणमिच्छामीससम्मं** =અનંતાનુબંધી, મિથ્યાત્વ, મિશ્ર. અને સમ્યક્ત્વ મોહનીય, ति आउ = ત્રણ આયુષ્ય, **इगविगल** = એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિયત્રિક, **थीणतिगुज्जोयं** = થિણદ્ધિત્રિક, ઉદ્યોતનામકર્મ, **तिरिनिरयथावरदुगं** = તિર્યંચદ્વિક, નરકદ્વિક અને સ્થાવરદ્વિક, **साहारायवअडनपुत्थी** = સાધારણ નામકર્મ, આતપનામકર્મ, આઠ કષાય તથા નપુંસકવેદ, સ્ત્રીવેદ, **छगपुंसंजलणा** = હાસ્યાદિષટ્ક પુરુષવેદ, સંજ્વલનચતુષ્ક, **दो निद्दा**, = બે નિદ્રા, **विग्घावरणक्खए** = પાંચ અંતરાય અને નવ આવરણોનો ક્ષય થયે છતે, **नाणी** = આ જીવ જ્ઞાની થાય છે. **देविंदसूरिलिहियं** = દેવેન્દ્રસૂરીશ્વરજી વડે લખાયો, **सयगमिणं** = આ પાંચમો શતક કર્મગ્રંથ, **आयसरणट्ठा**=આત્માના સ્મરણાર્થે. ॥ ૯૯-૧૦૦॥

**ગાથાર્થ** - અનંતાનુબંધી કષાય, મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય કરીને (ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા બાદ) ત્રણ આયુષ્યની સંભવ સત્તાને ટાળીને એકેન્દ્રિય, વિકલેન્દ્રિયત્રિક, થિણદ્ધિત્રિક, ઉદ્યોતનામકર્મ, તિર્યંચદ્વિક, નરકદ્વિક, સ્થાવરદ્વિક, સાધારણ, આતપ એમ ૧૬ પ્રકૃતિઓ તથા આઠ કષાય, નપુંસકવેદ સ્ત્રીવેદ, હાસ્યષટ્ક પુરુષવેદ, સંજ્વલનચતુષ્ક, બે નિદ્રા, પાંચ અંતરાય અને નવ આવરણનો ક્ષય કરીને આ જીવ કેવલજ્ઞાની બને છે. આ પ્રમાણે આ શતક નામનો પાંચમો કર્મગ્રંથ શ્રી દેવેન્દ્રસૂરિજીએ પોતાના આત્માના સ્મરણાર્થે (પોતાના સ્વાધ્યાય માટે) બનાવ્યો ॥ ૯૯ - ૧૦૦॥

**વિવેચન** - ક્ષપકશ્રેણી મનુષ્યભવમાં જ પ્રારંભાય છે. કારણ કે કેવલજ્ઞાન, અયોગીદશા અને મુક્તાવસ્થા માનવભવમાં જ પ્રાપ્ય છે. તથા આ ક્ષપકશ્રેણી ક્ષાયિક સમ્યક્ત્વ પામેલો જીવ જ આરંભી શકે. અને ક્ષાયિક સમ્યક્ત્વની પ્રાપ્તિ (૧) કેવલી ભગવંતોનો વિહરણકાળ, (૨) પ્રથમ સંઘયણ (૩) અષ્ટવર્ષાધિક વય, (૪) માનવભવ આદિ પરિસ્થિતિ હોતે છતે, ચારથી સાત ગુણસ્થાનકવર્તી ક્ષયોપશમ સમ્યક્ત્વવાળા મનુષ્યને જ થાય છે. કર્મોના બંધ, ઉદય અને ઉદીરણા જ માત્ર અટકાવે એટલું જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહીં. પરંતુ સત્તામાંથી પણ ૧૪૮ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય જે શ્રેણીમાં થાય તે ક્ષપકશ્રેણી કહેવાય છે. આ ક્ષપકશ્રેણી દ્વારા જીવ સર્વથા કર્મરહિત શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિરાકાર પરમાત્મા બને છે.

ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પૂર્વે જો પરભવનું આયુષ્ય બાંધેલું હોય તો ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા પછી ક્ષપકશ્રેણી પ્રારંભતો નથી. અને જો પ્રાપ્ત કરાતા ક્ષાયિકના પૂર્વકાલમાં આયુષ્ય બાંધેલું ન હોય અને મોક્ષમાર્ગ જો ચાલુ હોય તો ક્ષાયિક પામ્યા પછી અવશ્ય ચારિત્રમોહનીયના ક્ષય માટે (ક્ષપકશ્રેણી માંડવા સારૂં) ઉદ્યમ કરે છે. જે જીવો બદ્ધાયુ હોવાથી માત્ર ક્ષાયિક સમ્યક્ત્વ જ પામવાના છે. પરંતુ ક્ષપકશ્રેણી માંડવાના નથી. તેવા ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ ઉપશમશ્રેણીના પ્રકરણમાં જ પૂર્વે સમજાવ્યો છે. એટલે જે જીવો ક્ષાયિક પામીને નિયમા (અબદ્ધાયુ હોવાથી) ક્ષપકશ્રેણી જ માંડવાના છે. અને નિયમા માંડવાના જ છે. તેવા જીવોને આશ્રયી ક્ષપકશ્રેણીની વિધિ લખાય છે.

ક્ષપકશ્રેણી જે જીવો નિયમા કરવાના જ છે. એવા જીવો ક્ષપકશ્રેણીના આધારભૂત ક્ષાયિકસમ્યક્ત્વ પામતાં પૂર્વે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળા જ હોય છે. આઠ વર્ષથી અધિક વયવાળા, અવિરત સમ્યગ્દષ્ટિથી અપ્રમત્ત ગુણસ્થાનક સુધીના ગુણસ્થાનકોમાંથી કોઈપણ એક ગુણસ્થાનકમાં વર્તતા, પ્રથમસંઘયણવાળા, વિશુદ્ધ પરિણામવાળા, જો પૂર્વધર અને અપ્રમત્તમુનિ હોય તો શુક્લધ્યાનયુક્ત અને શેષ જીવો હોય તો ધર્મધ્યાનયુક્ત એવા આ જીવો પ્રથમ ચાર અનંતાનુબંધીનો ક્ષય કરે છે. અનંતાનુબંધીનો એક અનંતમો ભાગ બાકી રહે ત્યારે, તેને મિથ્યાત્વમોહનીયમાં નાંખીને મિથ્યાત્વની સાથે જ ખપાવે છે. એવી જ રીતે મિથ્યાત્વના અંશને મિશ્રમાં નાખવા વડે મિશ્રના ક્ષયની સાથે મિથ્યાત્વને ખપાવે છે. અને મિશ્રના અંશને સમ્યક્ત્વમોહનીયમાં નાખવા વડે સમ્યક્ત્વ મોહનીયના ક્ષયની સાથે ખપાવે છે. સમ્યક્ત્વ

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોહનીયના ચરમસ્થિતિખંડનો ક્ષય કરતી વખતે આ ક્ષપક **કૃતકરણ** કહેવાય છે. સમ્યક્ત્વ મોહનીયનો સંપૂર્ણ ક્ષય થયા પછી આ જીવ ક્ષાયિકસમ્યક્ત્વી કહેવાય છે. અને અપતિતપરિણામવાળો આ જીવ નિયમા તુરત જ ક્ષપકશ્રેણી પ્રારંભે છે.

**પ્રશ્ન** - ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં જો સમ્યક્ત્વ મોહનીયનો ક્ષય થતો હોય તો હવે આ જીવને **સમ્યગ્દૃષ્ટિપણું** કેવી રીતે કહેવાય ? જેમ મિથ્યાત્વ મોહનીયના ક્ષયથી તે જીવને મિથ્યાત્વી ન કહેવાય, તેમ સમ્યક્ત્વ મોહનીયના ક્ષયવાળા જીવને સમ્યક્ત્વી કેમ કહેવાય ?

**ઉત્તર** - નિર્મદનીરૂપે (વિકાર વિનાનાં) કરાયેલાં અને જેમાંથી મિથ્યાત્વભાવ દૂર કરાયો છે એવાં સમ્યક્ત્વ મોહનીયનાં પુદ્ગલો જ માત્ર ક્ષય કરાયાં છે. તેનો ક્ષય થવા છતાં વીતરાગકથિત તત્ત્વો ઉપરની શ્રદ્ધારૂપ શુદ્ધાત્મપરિણામ સ્વરૂપ સમ્યક્ત્વ ગુણ હણાતો નથી. તે ગુણ તો વધારે નિર્મળ થાય છે. જેમ અભ્રપટલ (વાદળોનો સમૂહ) દૂર થયે છતે ચક્ષુથી જોવાની શક્તિ નાશ પામતી નથી. પરંતુ વધારે વિશુદ્ધતર થાય છે. તેમ અહીં સમજવું.

ચારિત્ર મોહનીય કર્મની બાકીની ૨૧ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે ક્ષાયિક પામ્યા પછી સાતમે ગુણઠાણે આવેલો જીવ ત્રણ કરણ કરે છે. યથાપ્રવૃત્તકરણ સાતમે, અપૂર્વકરણ આઠમે અને અનિવૃત્તિકરણ નવમે ગુણઠાણે કરે છે. આ ત્રણ કરણોનું સ્વરૂપ પૂર્વની જેમ સમજવું. અપૂર્વકરણમાં અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો ગુણસંક્રમ થાય છે. તથા અનિવૃત્તિકરણમાં થિણદ્ધિત્રિક, નામકર્મની ૧૩, અપ્રત્યાખ્યાનીય-પ્રત્યાખ્યાનાવરણ કષાય ૮, નવ નોકષાય અને સંજ્વલનત્રિક એમ ૩૬ પ્રકૃતિઓનો ઉદ્વલના સંક્રમ પણ થાય છે. (જુઓ કર્મપ્રકૃતિ સંક્રમણકરણ ગાથા ૬૭). આ ત્રણે કરણો કરતાં પહેલાં દેવ-નરક અને તિર્યંચનું એમ ત્રણ આયુષ્યનો ક્ષય કરે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પ્રશ્ન** - આ જીવ ક્ષપકશ્રેણી માંડનાર છે. નિયમા મોક્ષે જનાર છે. અબધ્ધાયુષ્ક છે. તેની પાસે પોતાના ચાલુ ભવનું એક મનુષ્યાયુષ્ય જ માત્ર છે. શેષ ત્રણ આયુષ્ય સત્તામાં જ નથી. તો અહીં સત્તામાંથી ક્ષય કરવાનું વિધાન કેમ કરો છો ?

**ઉત્તર** - તમારી વાત સાચી છે. પારમાર્થિકપણે તો આ ત્રણમાંથી એક પણ આયુષ્યની સત્તા નથી. તીર્થંકર પરમાત્મા થનારા જીવો દેવ-નરકમાંથી અને સામાન્ય કેવલી થનારા જીવો દેવ-નરક અને મનુષ્ય તિર્યંચભવમાંથી નીકળીને જ્યારે અન્તિમ એવા મનુષ્યભવમાં આવે છે. ત્યારે તે તે ભવના અંતે જ તે તે આયુષ્યની સત્તા નાશ પામી ચૂકી હોય છે. મનુષ્યભવમાં આવ્યા પછી આ ત્રણ આયુષ્યમાંથી કોઈપણ આયુષ્ય બાંધ્યું પણ નથી અને બાંધવાના પણ નથી. એટલે સત્તા થવાની પણ નથી. તેથી તે ત્રણ આયુષ્યની સત્તાનો નાશ કરવાની વાત જ રહેતી નથી પરંતુ પરભવના આયુષ્યને બાંધવાની જે સંભાવના હતી. તે સંભાવનાનો પણ નાશ કરે છે. એમ સંભાવનાથી વિવક્ષા કરાતી જે સત્તા કે જેને શાસ્ત્રોમાં **સંભવસત્તા** કહેવાય છે. તેમાંથી (સંભવસત્તાથી) આ ત્રણ આયુષ્યની સત્તાનો નાશ કરે છે. એવો અર્થ અહીં કરવો.

યથાપ્રવૃત્તકરણ કરીને અપૂર્વકરણ ગુણસ્થાનકે ગયો છતો તે જીવ અપૂર્વકરણ કરે છે. ત્યાં સ્થિતિઘાતાદિ કાર્યો પૂર્વની જેમ પ્રવર્તે છે. તે ગુણસ્થાનકનો સાતીયો એક ભાગ ગયે છતે નિદ્રા-પ્રચલાનો, બીજા પાંચ ભાગ ગયે છતે દેવગતિના બંધ પ્રાયોગ્ય ૩૦ પ્રકૃતિનો, અને છેલ્લો સાતીયો ભાગ ગયે છતે હાસ્ય રતિ ભય જુગુપ્સાનો બંધવિચ્છેદ થાય છે તથા તે ચરમસમયે હાસ્યાદિષટ્કનો ઉદયવિચ્છેદ થાય છે. સર્વકર્મોની દેશોપશમના નિદ્ધતિ અને નિકાચના વિરામ પામે છે. પ્રારંભમાં અંતઃકોડાકોડી સાગરોપમની જે સ્થિતિસત્તા હતી તે સ્થિતિઘાતાદિ વડે હણાતી હણાતી અંત્યસમયે સંખ્યાતગુણ હીન

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થિતિસત્તા થાય છે. તથા અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનાવરણ આ આઠ કષાયોને સ્થિતિઘાતાદિ વડે તેવા ખપાવે છે કે અનિવૃત્તિકરણના પ્રથમ સમયે પ્રવેશકાલે તે કષાયો પલ્યોપમના અસંખ્યાતમા ભાગની સ્થિતિસત્તાવાળા થાય છે.

અનિવૃત્તિકરણે ગયા પછી પણ આ આઠ કષાયોનો ક્ષય કરવાનો પ્રયત્ન ચાલુ જ રહે છે. અનિવૃત્તિકરણના સંખ્યાતા ભાગો ગયે છતે અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે આઠ કષાયોનો ક્ષય હજુ ચાલુ જ છે, સમાપ્ત થયો નથી ત્યાં વચ્ચે જ ચાર જાતિ, સ્ત્યાનર્દ્ધિત્રિક, ઉદ્યોત, તિર્યંચદ્વિક, મનુષ્યદ્વિક, સ્થાવર, સૂક્ષ્મ, આતપ અને સાધારણનામકર્મ એમ કુલ ૧૬ પ્રકૃતિઓનો પ્રથમ ઉદ્‌વલના સંક્રમવડે ક્ષય કરવા માંડે, જ્યારે તે ૧૬ પ્રકૃતિઓની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગમાત્રની રહે ત્યારે બધ્યમાન અન્ય પ્રકૃતિઓમાં ગુણસંક્રમ દ્વારા સંક્રમાવીને સત્તાનો સર્વથા નાશ કરે છે ત્યારબાદ એક અંતર્મુહૂર્ત કાળમાં પૂર્વોક્ત આઠ કષાયોનું બાકી રહેલ સર્વ કર્મદલિક ખપાવે છે. એમ વચ્ચે ૧૬ પ્રકૃતિના ક્ષય પછી ૮ નો સર્વથા ક્ષય કરે છે.

**મતાન્તર** - કેટલાક આચાર્યોનો આ બાબતમાં એવો મત છે કે આઠ કષાયોને બદલે આ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય પ્રથમ કરવા માંડે. તે ક્ષય હજુ થયો નથી. તેટલામાં વચ્ચે આઠ કષાયોનો ક્ષય કરી લે અને ત્યારબાદ ૧૬ પ્રકૃતિઓનું શેષ બચેલ દલિક ખપાવે.

આ પ્રમાણે ૧૬ પ્રકૃતિઓ તથા ૮ કષાયોનો ક્ષય કર્યા પછી સંજ્વલન ૪ કષાય અને ૯ નોકષાય એમ મોહનીયકર્મની ૧૩ પ્રકૃતિઓનો ક્ષય કરવા માટે તે તેરે પ્રકૃતિઓની સત્તાગતસ્થિતિમાં અંતરકરણ કરે છે. અંતરકરણ કરવાથી તેરે પ્રકૃતિઓની સ્થિતિના બે બે ભાગ થાય છે. એક અંતરકરણની **નીચેની સ્થિતિ = હેઠલી સ્થિતિ = પ્રથમા સ્થિતિ** અને બીજી અંતરકરણની **ઉપરની સ્થિતિ=**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દ્વિતીયાસ્થિતિ** બને છે. એમ સ્થિતિના બે ભાગ થઇ જાય છે. તેમાં ૧ સંજ્વલન કષાય અને ૧ વેદ એમ જે બે પ્રકૃતિઓનો ઉદય છે. તે બે પ્રકૃતિઓની પ્રથમા સ્થિતિ અંતર્મુહૂર્તની અને શેષ ૧૧ પ્રકૃતિઓ અનુદયવતી હોવાથી તેમની પ્રથમા સ્થિતિ એક આવલિકાની હોય છે. ઉદયવતી ૨ પ્રકૃતિઓની પ્રથમાસ્થિતિ વિપાકોદય દ્વારા, અને અનુદયવતી ૧૧ પ્રકૃતિઓની પ્રથમાસ્થિતિ સ્તિબુકસંક્રમ (પ્રદેશોદય) દ્વારા ભોગવીને ક્ષય કરે છે.

તેરે પ્રકૃતિઓના અંતરકરણમાંથી ઉકેરાતું કર્મદલિક તે કાલે જેનો બંધમાત્ર હોય તેનું બીજી સ્થિતિમાં, જેનો ઉદયમાત્ર હોય તેનું પ્રથમ સ્થિતિમાં, જેનો બંધ અને ઉદય બન્ને હોય તેનું બન્ને સ્થિતિમાં અને જેનો બંધ-ઉદય ન હોય તેનું કર્મદલિક પર પ્રકૃતિમાં સંક્રમાવીને ક્ષય કરે છે. હવે તે તેર પ્રકૃતિઓનું બીજી સ્થિતિગત જે કર્મદલિક છે. તેનો ક્ષય કેવી રીતે કરે ? તે (છઠ્ઠા કર્મગ્રંથની ટીકાના આધારે) જણાવીએ છીએ.

જૈનમ્ જયતિ શાસનમ્

સૌથી પ્રથમ નપુંસકવેદનું દ્વિતીય સ્થિતિમાં રહેલું જે દલિક છે. તેને એક અંતર્મુહૂર્ત સુધી ઉદ્વલના સંક્રમ વડે ઘટાડી-ઘટાડીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સ્થિતિવાળું કરે છે. ત્યારબાદ બધ્યમાન પરપ્રકૃતિમાં ગુણસંક્રમ દ્વારા સંક્રમાવીને બીજા એક અંતર્મુહૂર્ત કાળે તે નપુંસકવેદની બીજી સ્થિતિનો સર્વથા ક્ષય કરે છે. ત્યાં જો નપુંસકવેદનો ઉદય હોય તો પ્રથમ સ્થિતિ ઉદય દ્વારા અને ઉદય ન હોય તો ઉદયવતી એવી પરપ્રકૃતિમાં સંક્રમાવવા દ્વારા ક્ષય કરે છે અને અંતરકરણગત દલિક તથા દ્વિતીય સ્થિતિગત દલિક હમણાં જ સમજાવ્યા પ્રમાણે ક્ષય કરીને નપુંસકવેદનો સર્વથા ક્ષય કરે છે. એટલે કે અંતરકરણનું દલિક જો ઉદય હોય તો પ્રથમ સ્થિતિમાં અને જો ઉદય ન હોય તો પરપ્રકૃતિમાં સંક્રમાવવા વડે ક્ષય કરે છે અને દ્વિતીય સ્થિતિગત દલિક પ્રથમ ઉદ્વલના સંક્રમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વડે અને પછી ગુણસંક્રમ વડે સંક્રમાવીને ક્ષય કરે છે. પ્રથમ સ્થિતિનું દલિક જો ઉદય હોય તો ઉદયથી અને જો ઉદય ન હોય તો સ્તિબૂકસંક્રમથી સંક્રમાવીને ક્ષય કરે છે.

નપુંસકવેદનો ક્ષય થયા પછી બીજા એક અંતર્મુહૂર્ત કાળે નપુંસકવેદમાં કહેલા ક્રમે જ સ્ત્રીવેદનો પણ ક્ષય કરે છે. સ્ત્રીવેદનો ક્ષય થયા પછી બીજા એક અંતર્મુહૂર્ત કાળે હાસ્યષટ્કનો પણ નપુંસકવેદની જેમ જ ક્ષય કરે છે. હાસ્યાદિષટ્કની સાથે પુરુષવેદનો પણ ક્ષય કરવાનો પ્રારંભ કરે છે. પરંતુ હાસ્યાદિષટ્કનો બંધ તે કાળે થતો નથી. અને પુરુષવેદનો બંધ થાય છે. એટલે નવું કર્મગ્રહણ પુરુષવેદમાં ચાલુ છે. તેથી જે સમયે હાસ્યષટ્કનો ક્ષય થાય છે. તે સમય સુધી પુરુષવેદના બંધ-ઉદય અને ઉદીરણા ચાલુ હોય છે. હાસ્યષટ્કના ક્ષયની સાથે જ પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. પરંતુ અંતિમ કાળમાં બાંધેલું પુરુષવેદનું દલિક સત્તામાં બાકી રહે છે. શેષ સર્વ દલિક ક્ષીણ થયેલું હોય છે. અને અન્તિમકાળમાં બાંધેલું પુરુષવેદનું બાકી રહેલું તે દલિક પણ સંજ્વલન ક્રોધાદિને ક્ષય કરવાની સાથે ૧ સમયન્યૂન બે આવલિકા પ્રમાણ કાળમાં ઉદ્વલના સહિત ગુણસંક્રમ વડે અને ચરમસમયે સર્વ સંક્રમ વડે ક્ષય કરે છે. આ પ્રમાણે નપુંસકવેદ, સ્ત્રીવેદ, હાસ્યષટ્ક અને પુરુષવેદનો સંપૂર્ણ ક્ષય થાય છે.

ઉપરોક્ત નવ નોકષાયને ખપાવવાનો જે ક્રમ બતાવ્યો તે પુરુષવેદના ઉદયે શ્રેણી પ્રારંભ કરનારા જીવને આશ્રયી જાણવો. જો નપુંસકવેદના ઉદયે શ્રેણી પ્રારંભી હોય તો નપુંસકવેદ અને સ્ત્રીવેદનો સાથે જ ક્ષય કરે છે. અને તે જ વખતે પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણા અટકી જાય છે. અને ત્યારબાદ અવેદક થયો છતો તે જીવ હાસ્યષટ્ક અને પુરુષવેદનો સમકાળે જ ક્ષય કરે છે. આ રીતે નપુંસકવેદે શ્રેણી પ્રારંભકને મોહનીયકર્મના પાંચના બંધે મોહનીયની ૨૧-૧૩ની સત્તા અને ચારના બંધે ૧૧-૪ની સત્તા આવે છે.

જૈન સાઈટ JAINSITE.com જયતુ જૈનં શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા સ્ત્રીવેદે જો શ્રેણી પ્રારંભી હોય તો પ્રથમ નપુંસકવેદનો ક્ષય કરી ત્યારબાદ અન્તર્મુહૂર્ત સ્ત્રીવેદનો ક્ષય કરે છે. અને તે જ સમયે પુરુષવેદના બંધ-ઉદય-ઉદીરણા વિચ્છેદ પામે છે. અને ત્યારબાદ અવેદક થયેલો એવો તે જીવ હાસ્યષટ્ક અને પુરુષવેદનો એક સાથે સત્તામાંથી ક્ષય કરે છે. આ રીતે સ્ત્રીવેદે શ્રેણી પ્રારંભકને પાંચના બંધે ૨૧-૧૩-૧૨ અને ચારના બંધે ૧૧-૪ની સત્તા આવે છે. (જુઓ છઠ્ઠા કર્મગ્રંથની ટીકા)

**સંક્ષેપમાં ચિત્ર આ પ્રમાણે છે.**

| પ્રારંભક | પાંચના બંધકાળે | ચારના બંધકાળે |
|---|---|---|
| ૧. નપુંસકવેદી | ૨૧-૧૩ | ૧૧-૪ |
| ૨. સ્ત્રીવેદી | ૨૧-૧૩-૧૨ | ૧૧-૪ |
| ૩. પુરુષવેદી | ૨૧-૧૩-૧૨-૧૧ | ૫-૪ |

જુદા જુદા વેદોદયે શ્રેણીનો પ્રારંભ કરનારા જીવોને આશ્રયી નવ નોકષાયનો જુદી જુદી રીતે ક્ષય કરવાની પ્રક્રિયા સમજાવીને હવે શેષ રહેલા ચાર સંજ્વલન કષાયના ક્ષયની પ્રક્રિયા સમજાવે છે.

સંજ્વલન ચાર કષાયોની પ્રથમ સ્થિતિ તથા અંતરકરણ ગત દલિકના ક્ષયની વિધિ પૂર્વોક્ત નીતિ-રીતિ મુજબ સમજવી. ઉદયવાળા એક કષાયની પ્રથમ સ્થિતિ વિપાકોદય દ્વારા અને બાકીના ત્રણ કષાયોની પ્રથમ સ્થિતિ જે આવલિકા પ્રમાણ હોય છે તે સ્તિબૂકસંક્રમ દ્વારા ઉદયવતીમાં પ્રક્ષેપવા દ્વારા ક્ષય કરે છે. અંતરકરણની સ્થિતિમાં રહેલું દલિક જેનો બંધ ઉદય બન્ને છે તેનું બન્ને સ્થિતિમાં, અને જેનો કેવળ બંધ જ છે. પરંતુ ઉદય નથી તેનું બીજી સ્થિતિમાં, જેનો કેવળ ઉદય જ છે તેનું પ્રથમ સ્થિતિમાં નાખીને અને જેનો બંધોદય નથી તેનું અન્યમાં સંક્રમાવીને ક્ષય કરે છે ઈત્યાદિ વિધિ જાણવી. હવે ચારે કષાયોની બીજી સ્થિતિના ક્ષયની પ્રક્રિયા ખાસ સમજવા જેવી છે. તે સમજાવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પુરુષવેદના ઉદયે શ્રેણી માંડનારને આશ્રયી હવે સમજાવાય છે. ક્રોધને વેદતો તે જીવ ક્રોધને વેદવાના કાળના ત્રણ ભાગ કરે છે. (૧) અશ્વકર્ણકરણાદ્ધા (૨) કિટ્ટીકરણાદ્ધા અને (૩) કિટ્ટીવેદનાદ્ધા. એમ ક્રોધ વેદવાના કાળના ત્રણ પ્રકાર કરે છે. ત્યાં ચારે સંજ્વલન કષાયોના કર્મદલિકોમાં જે જે રસ બાંધેલો છે. તે દલિકોના રસસ્પર્ધકોને હણી હણીને અત્યન્ત હીનરસવાળાં પરંતુ સ્પર્ધકોનો ક્રમ જાળવી રાખીને અપૂર્વ સ્પર્ધકો અશ્વકર્ણકરણાદ્ધાવાળા પ્રથમ કાળમાં કરે છે. અંતર્મુહૂર્ત સુધી આ પ્રક્રિયા ચાલે છે. ત્યારબાદ તે જીવ બીજા એક અંતર્મુહૂર્ત કાળમાં પૂર્વસ્પર્ધકોમાં તથા હમણાં જ કરેલાં અપૂર્વ સ્પર્ધકોમાં રહેલા કર્મદલિકોમાં તેનાથી પણ અત્યન્ત હીનરસ કરવા વડે તથા સ્પર્ધકમાં વ્યવસ્થિતપણે ક્રમસર ગોઠવાયેલી વર્ગણાના ક્રમને તોડવા દ્વારા સ્પર્ધકપણું ભાંગીને કિટ્ટી સ્વરૂપે કરે છે. અર્થાત્ કિટ્ટીઓ કરે છે. આ પ્રક્રિયાના કાળને કિટ્ટીકરણાદ્ધા કહેવાય છે.

આ કિટ્ટીકરણાદ્ધાકાળમાં વર્તતો જીવ સંજ્વલન ચાર કષાયોની ઉપરની બીજી સ્થિતિમાં આવેલા દલિકોની પરમાર્થથી આવી અનંતી કિટ્ટીઓ કરે છે. આ કિટ્ટીઓ પરમાર્થથી અનંતી હોવા છતાં સમજાવવા માટે જ સ્થૂલ જાતિભેદથી ત્રણ ત્રણ કિટ્ટીઓની મહાગ્રંથોમાં વિવક્ષા કરેલી છે. તથા આ બારે કિટ્ટીઓ દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે થનારી સૂક્ષ્મ કિટ્ટીઓ કરતાં સ્થૂલ હોવાથી બારે બાર કિટ્ટીઓ **બાદરકિટ્ટીઓ** કહેવાય છે. પહેલી કિટ્ટી **બાદર**, બીજી કિટ્ટી **અલ્પબાદર** અને ત્રીજી કિટ્ટી **અલ્પતરબાદર**, આ પ્રમાણે ચારે કષાયોની મળીને કુલ બાર બાદર કિટ્ટીઓ કરે છે. આ બધી વિધિ સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણી પ્રારંભકને આશ્રયીને જાણવી. તેને જ ચાર કષાયની બાર કિટ્ટીઓ થાય છે.

સંજ્વલન માનના ઉદયે શ્રેણી પ્રારંભકને સંજ્વલન ક્રોધનો ઉદય ન હોવાથી નપુંસકવેદમાં કહ્યા પ્રમાણે સંજ્વલન ક્રોધનો ઉદ્વલના સંક્રમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા ગુણસંક્રમ દ્વારા ક્ષય કર્યા પછી સંજ્વલન માનાદિ ત્રણ કષાયોની ૯ કિટ્ટીઓ જ થાય છે. એવી રીતે સંજ્વલન માયાના ઉદયે શ્રેણી પ્રારંભકને નપુંસકવેદમાં કહેલી નીતિ-રીતિ મુજબ સં. ક્રોધ-માનનો ક્ષય કરીને માયા, લોભની ૩+૩=૬ કિટ્ટીઓ જ થાય છે. તથા સં. લોભના ઉદયે શ્રેણી પ્રારંભકને ક્રોધ માન અને માયાનો નપુંસકવેદમાં કહ્યા પ્રમાણે ક્ષય કર્યા પછી માત્ર સં. લોભની ૩ કિટ્ટી જ થાય છે. હવે સં. ક્રોધના ઉદયે શ્રેણી પ્રારંભકને આશ્રયી ચારે કષાયોની જે બારે કિટ્ટીઓ કરી છે. તે સર્વે કિટ્ટીઓના ક્ષયની પ્રક્રિયા સમજાવાય છે. અહીં કિટ્ટીકરણાદ્ધા સમાપ્ત થાય છે. હવે કિટ્ટીવેદનાદ્ધા શરૂ થાય છે.

અહીં એક વાત ખાસ યાદ રાખવી કે આ સંજ્વલન ક્રોધાદિ ચારેકષાયોના અપૂર્વસ્પર્ધકો અને કિટ્ટીઓ કરવાના કાળમાં જ પુરુષવેદનું અન્ત્યકાળે બાંધેલું અને નષ્ટ નહીં થયેલું જે દલિક છે તે દલિક ૧ સમયન્યૂન બે આવલિકા કાળ પ્રમાણ કાળમાં સંજ્વલન ક્રોધાદિમાં સંક્રમાવીને ક્ષય કરે છે. અને તેથી છેલ્લે પુરુષવેદની સત્તાનો ક્ષય થવાથી અન્તે ચાર કષાયની જ સત્તા રહે છે. હવે ચાર કષાયોની કરાયેલી બાર કિટ્ટીઓની વિપાકોદય દ્વારા ક્ષયની નીતિ-રીતિ આ પ્રમાણે છે.

સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણી પ્રારંભક જીવને ચારે કષાયોની ત્રણ ત્રણ કિટ્ટી કરતાં બીજી સ્થિતિમાં કુલ બાર કિટ્ટીઓ હોય છે. તેમાંથી સંજ્વલન ક્રોધની બીજી સ્થિતિમાં રહેલી પહેલી બાદરકિટ્ટીને ત્યાંથી આકર્ષીને (ઉપરની સ્થિતિમાંથી નીચે ઉતારીને) પ્રતિસમયે પહેલી સ્થિતિ રૂપે કરે અને વેદે તેને કિટ્ટિ વેદનાદ્ધા કહેવાય છે. એમ એક અંતર્મુહૂર્ત સુધી પહેલી કિટ્ટિનો ઉદયથી ભોગવીને ક્ષય કરતાં કરતાં પહેલી કિટ્ટિ સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ક્ષય કરે. ત્યારબાદ તે જ સં. ક્રોધની બીજી સ્થિતિમાં રહેલી બીજી કિટ્ટીને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને તે રૂપે વેદીને ક્ષય કરે. એમ યાવત્ બીજી અલ્પબાદર કિટ્ટી પણ અંતર્મુહૂર્તકાળે ક્ષય કરતાં કરતાં એક સમયાધિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવલિકા બાકી રહે ત્યાં સુધી ક્ષય કરે. ત્યારબાદ તે જ સં. ક્રોધની બીજી સ્થિતિમાં રહેલી ત્રીજી કિટ્ટીને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદીને ક્ષય કરે યાવત્ આ ત્રીજી અલ્પતરબાદર કિટ્ટી પણ એક સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી ક્ષય કરે. તે જ સમયે સંજ્વલન ક્રોધના બંધ, ઉદય અને ઉદીરણા ત્રણે એકી સાથે વિચ્છેદ પામે અને સંજ્વલન ક્રોધની સત્તા બીજી સ્થિતિમાં અન્ત્યકાળે પ્રતિસમયે નવાં બંધાયેલાં એક સમયન્યૂન બે આવલિકા કાળ પ્રમાણ દલિકો બાકી હોય અને પ્રથમ સ્થિતિમાં ત્રીજી કિટ્ટિનું વધેલું એક આવલિકા માત્ર દલિક બાકી હોય. શેષ ક્રોધનું સર્વે દલિક ક્ષીણ થયેલું હોય છે.

પ્રથમ કિટ્ટિનો ક્ષય કરતાં કરતાં જે સમયાધિક એક આવલિકા પ્રમાણ દલિક વધેલું, તે દલિક બીજી કિટ્ટિને પ્રથમ સ્થિતિ રૂપે કરીને વેદીને ક્ષય કરતો હોય ત્યારે તેમાં સ્તિબૂક સંક્રમથી સંક્રમાવીને સમાપ્ત કરે છે. એવી જ રીતે બીજી કિટ્ટિનું એક આવલિકા પ્રમાણ કર્મદલિક ક્ષય કરતાં કરતાં વધેલું. તે દલિક ત્રીજી કિટ્ટિને પ્રથમ સ્થિતિ રૂપે કરીને વેદીને ક્ષય કરતો હોય ત્યારે તેમાં સંક્રમાવીને સમાપ્ત કરે છે. તથા ત્રીજી કિટ્ટિનું ક્ષય કરતાં કરતાં પ્રથમ સ્થિતિમાં એક આવલિકા પ્રમાણ કર્મદલિક જે વધેલું તે સંજ્વલન માનની પ્રથમ સ્થિતિ રૂપે કરાયેલી પ્રથમ કિટ્ટિના દલિકમાં સંક્રમાવીને તે રૂપે વેદીને નિર્જરે છે. આ જ પ્રમાણે માનાદિ શેષ કષાયોમાં જાણવું એટલે કે પહેલી કિટ્ટિનું વધેલું બીજી કિટ્ટિમાં, બીજી કિટ્ટિનું વધેલું ત્રીજી કિટ્ટિમાં, અને ત્રીજી કિટ્ટિનું વધેલું પાછળલા કષાયની પ્રથમ કિટ્ટિમાં સંક્રમાવીને તે રૂપે વેદીને નિર્જરે છે.

સંજ્વલન ક્રોધના બંધાદિ જ્યારે વિચ્છેદ પામ્યાં ત્યારે બીજી સ્થિતિમાં સમયન્યૂન બે આવલિકા પ્રમાણ જે નવું બંધાયેલું દલિક બાકી છે કે જેની કિટ્ટિઓ કરી નથી તે માનની કિટ્ટિઓનો ક્ષય કરવાની સાથે જ ગુણસંક્રમ વડે માનમાં સંક્રમાવવા દ્વારા અને અન્તિમ સમયે સર્વસંક્રમણ વડે સંક્રમાવીને સંજ્વલન ક્રોધનો તેટલા જ કાળમાં સર્વથા ક્ષય કરે છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે સમયે સં.ક્રોધનાં બંધ ઉદય ઉદીરણા વિચ્છેદ થયાં તેના પછીના તુરતના સમયે જ સંજ્વલન માનની બીજી સ્થિતિમાં રહેલી પ્રથમ કિટ્ટિને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદીને ક્ષય કરે. યાવત્ સમયાધિક આવલિકા બાકી રહે, ત્યાં સુધી. ત્યારબાદ માનની બીજી સ્થિતિમાં રહેલી બીજી કિટ્ટીને આકર્ષીને પ્રથમસ્થિતિ રૂપે કરે અને વેદીને ક્ષય કરે યાવત્ સમયાધિક આવલિકા બાકી રહે ત્યાં સુધી. ત્યારબાદ માનની ત્રીજી કિટ્ટિને પ્રથમ સ્થિતિમાં લાવીને વેદવા દ્વારા ક્ષય કરે યાવત્ સમયાધિક એક આવલિકા બાકી રહે, તે જ સમયે સં. માનનાં બંધ ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે. સંજ્વલન માનનું પ્રથમસ્થિતિમાં ત્રીજી કિટ્ટિનું એક આવલિકા પ્રમાણ અને બીજી સ્થિતિમાં અન્તિમકાળે બંધાયેલું એક સમયન્યૂન બે આવલિકા પ્રમાણ દલિક જ માત્ર સત્તામાં હોય છે. સં.માનનું શેષ સમસ્ત દલિક ક્ષીણ થયેલું હોય. સં.માનની પણ શેષ વધેલી પહેલી કિટ્ટિની આવલિકા બીજી કિટ્ટિમાં. બીજી કિટ્ટિની આવલિકા ત્રીજી કિટ્ટિમાં અને ત્રીજીકિટ્ટિની આવલિકા સં. માયાની પ્રથમકિટ્ટિમાં સંક્રમાવે છે. અને સં.માનનું બીજી સ્થિતિમાં વધેલું અન્તિમકાલે બાંધેલું સમયન્યૂન બે આવલિકાનું કર્મદલિક સં.માયામાં ગુણસંક્રમ દ્વારા અને અન્તિમસમયે સર્વસંક્રમ દ્વારા સંક્રમાવે છે. આ રીતે માનનો પણ સર્વથા ક્ષય કરે છે.

આ જ ક્રમે સંજ્વલન માયાની પ્રથમકિટ્ટિને, પછી બીજીકિટ્ટિને અને ત્યારબાદ ત્રીજી કિટ્ટિને બીજી સ્થિતિમાંથી ઉતારીને પ્રથમ સ્થિતિ રૂપે કરે અને વેદીને નિર્જરે. ત્રીજી કિટ્ટિની એક આવલિકા જ્યારે બાકી રહે ત્યારે સંજ્વલન માયાનાં બંધ ઉદય અને ઉદીરણા વિચ્છેદ પામે અને તે જ વખતે લોભની પ્રથમકિટ્ટીને આકર્ષીને પ્રથમસ્થિતિ રૂપે કરીને ક્ષય કરવાનો પ્રારંભ કરે અને તે કાળે સંજ્વલન માયાની ત્રીજી કિટ્ટિનું પ્રથમ સ્થિતિમાં બચેલું સમયાધિક આવલિકા પ્રમાણ દલિક તેટલા જ કાળે સ્તિબૂક સંક્રમથી સં. લોભની પ્રથમ કિટ્ટીમાં નાખીને નિર્જરે. અને માયાનું બીજી સ્થિતિમાં રહેલું સમયન્યૂન બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવલિકા પ્રમાણ કર્મદલિક ગુણસંક્રમવડે અને અન્તિમસમયે સર્વસંક્રમ વડે લોભમાં સંક્રમાવીને તેટલા જ કાળે માયાને નિઃસત્તાક કરે.

સંજ્વલન માયાના બંધ, ઉદય, ઉદીરણાનો વિચ્છેદ થયા બાદ સં.લોભની પ્રથમકિટ્ટિને આકર્ષીને પ્રથમ સ્થિતિ રૂપે કરીને વેદીને નિર્જરે યાવત્ સમયાધિક એક આવલિકા બાકી રહે ત્યાં સુધી ક્ષય કરે. ત્યારબાદ સં. લોભની બીજી સ્થિતિમાં રહેલી બીજી કિટ્ટિને આકર્ષીને પ્રથમસ્થિતિ રૂપે કરીને વેદીને ક્ષય કરતો હોય ત્યારે તે કાળમાં રહેલો તે જ જીવ સં. લોભની બીજીસ્થિતિમાં રહેલી જે ત્રીજી કિટ્ટી અલ્પ-બાદરતર છે તેમાંથી કેટલીક કિટ્ટીઓને સૂક્ષ્મ સૂક્ષ્મ કિટ્ટી રૂપે કરે. આ રીતે લોભની બીજી કિટ્ટીના વેદનકાળે જ ત્રીજી કિટ્ટીને સૂક્ષ્મકિટ્ટી રૂપે કરે છે. એમ કરતાં કરતાં અંતર્મુહૂર્તકાળે જ્યારે બીજીકિટ્ટી સમયાધિક આવલિકા માત્ર બાકી રહે છે. ત્યાં સુધી કરે છે. તથા તે જ સમયે સંજ્વલન લોભનો બંધ, બાદર લોભનો ઉદય અને ઉદીરણા વિરામ પામે છે. તે જ સમયે નવમા ગુણસ્થાનકની પણ સમાપ્તિ થાય છે.

હવે તે જીવ સંજ્વલન લોભની બીજીસ્થિતિમાં રહેલી ત્રીજી કિટ્ટિગત કર્મદલિક કે જે સૂક્ષ્મકિટ્ટી રૂપે કરાયેલું છે તેને આકર્ષીને પ્રથમસ્થિતિ રૂપી કરે અને ઉદયથી વેદીને નિર્જરે. આ કાળે સૂક્ષ્મકિટ્ટીઓનો ઉદય હોવાથી આ જીવ **સૂક્ષ્મસંપરાય** (દશમા ગુણસ્થાનક) વાળો કહેવાય છે. સૂક્ષ્મકિટ્ટિઓને વેદતો આ જીવ સં.લોભનું બીજી કિટ્ટિનું વધેલું એક આવલિકાનું કર્મદલિક ઉદિત એવી સૂક્ષ્મકિટ્ટિઓમાં સંક્રમાવે છે. જો કે આ બાદર કિટ્ટિ અને સૂક્ષ્મકિટ્ટિ એમ બન્ને સં.લોભ જ હોવાથી સંક્રમ કર્યો એમ ન પણ કહેવાય. પરંતુ બાદર અને સૂક્ષ્મ રૂપે ભિન્ન હોવાથી **"સંક્રમ થયો"** એમ વિવક્ષા માત્ર કરી છે. હકીકતથી જે બાદર કિટ્ટિઓ છે. તેને સૂક્ષ્મકિટ્ટિઓમાં અંતર્ગત કરીને વેદીને તેટલા જ કાળે નિર્જરે છે. તથા નવમા ગુણસ્થાનકના એક સમયન્યૂન બે આવલિકાપ્રમાણ અન્તિમકાળમાં બાંધેલું સં. બાદર લોભનું બીજીસ્થિતિમાં રહેલું કર્મદલિક

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ તેટલા જ કાળમાં ત્યાં જ બીજી સ્થિતિમાં રહેલી સૂક્ષ્મકિટ્ટિઓમાં સંક્રમાવે છે. આ રીતે એક સમયન્યૂન બે આવલિકા કાળે બાદરલોભની સત્તા વિચ્છેદ પામે છે.

બીજી સ્થિતિમાંથી પહેલી સ્થિતિમાં લાવેલી ત્રીજી કિટ્ટીનું સૂક્ષ્મકિટ્ટિ રૂપે કરાયેલું કર્મદલિક વેદતો વેદતો અને તે દ્વારા સં.લોભનો ક્ષય કરતો કરતો આ જીવ સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો જાય અને એક સંખ્યાતમો ભાગ રહે ત્યાં સુધી જાય છે. હજુ સંજ્વલન લોભ (સૂક્ષ્મકિટ્ટિરૂપે કરાયેલો) ઘણો બાકી છે અને દશમું ગુણસ્થાનક અલ્પકાળ બાકી છે. ત્યારે જેમ ચક્રવર્તી રાજા સામેનો શત્રુ રાજા કોઇ રીતે ન જીતાય તેમ હોય ત્યારે ચક્રરત્નનો ઉપયોગ કરે છે કે જે રત્ન શત્રુરાજાને હણીને જ આવે. તેવી રીતે આ આત્મા **"સર્વાપવર્તના"** નામના અપવર્તનાકરણ વડે સંજ્વલન લોભને અપવર્તાવીને (ઘટાડીને) બરાબર સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકના કાળપ્રમાણ જ કરે છે અને ક્રમશઃ ઉદય અને ઉદીરણા વડે વેદી વેદીને નિર્જરા કરે છે. ત્યારથી સં. લોભના સ્થિતિઘાતાદિ કાર્યો વિરામ પામે છે. પરંતુ જ્ઞાનાવરણીયાદિ શેષ ૬ કર્મોના સ્થિતિઘાતાદિ ચાલુ જ રહે છે. હજુ દશમું ગુણસ્થાનક અંતર્મુહૂર્ત કાળપ્રમાણ બાકી છે. સત્તામાં રહેલા કર્મની જેટલી સ્થિતિ બાકી હોય તે તમામ સ્થિતિને એકીસાથે સામટી ઘટાડી દેવી તેને **સર્વાપવર્તના કરણ** કહેવાય છે.

આ રીતે સર્વાપવર્તનાકરણ વડે અપવર્તના કર્યા પછી સંજ્વલન લોભને ફક્ત ઉદય અને ઉદીરણા વડે વેદતો વેદતો આ જીવ સૂક્ષ્મસંપરાયનો સમયાધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યાં સુધી જાય છે. ત્યારબાદ ઉદીરણા વિચ્છેદ પામે છે. અને તે અન્તિમ એક આવલિકામાં ઉદીરણા વિનાના કેવળ ઉદયમાત્ર વડે સંજ્વલન લોભને વેદીને સમાપ્ત કરે છે. તે જ અન્તિમ સમયે સંજ્વલન લોભનો ઉદય અને સત્તા એમ બન્ને સમાપ્ત થાય છે. તથા તે જ ચરમસમયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અંતરાય ૫, સાતા, યશ અને ઉચ્ચગોત્ર એમ કુલ ૧૭ પ્રકૃતિઓનો બંધ, મોહનીયકર્મનો ઉદય અને સત્તા, તથા સૂક્ષ્મસંપરાય નામક દસમું ગુણસ્થાનક આ બધી જ વસ્તુઓ એકી સાથે સમાપ્ત થાય છે. ક્ષાયિકસમ્યક્ત્વની પ્રાપ્તિથી પ્રારંભેલી મોહનીયકર્મના નાશની આ ધર્મયાત્રા અહીં સમાપ્ત થાય છે.

ત્યારબાદ સર્વથા ક્ષીણ થયો છે મોહ જેનો એવો આ જીવ મોહનીયકર્મને ખપાવવાની તમામ વિધિઓ પૂર્ણ કરીને હવે બારમે ગુણસ્થાનકે જાય છે. કવિઓ એવી કલ્પના કરે છે કે મોહસાગર તરીને જાણે થાક્યો હોય તેમ અંતર્મુહૂર્તકાળ કેવળજ્ઞાન પામતાં પહેલાં અહીં બારમા ગુણસ્થાનકે વિરામ લે છે. (આરામ લે છે) પરમાર્થથી આરામ કે વિરામ હોતા નથી. પરંતુ શેષ ત્રણ ઘાતીકર્મોના ક્ષયને કરવાનું કાર્ય અહીં બાકી છે. તેથી કવિઓની આ કલ્પના છે. બારમા ગુણસ્થાનકે આવેલો આ આત્મા ક્ષીણમોહી હોવાથી વીતરાગ અવસ્થાવાળો થયો છતો **“સમાધિ”** નામના યોગાંગને પામ્યો છતો તેના બળથી જ્ઞાનાવરણીય દર્શનાવરણીય અને અંતરાય એમ ત્રણ ઘાતીકર્મોનો સવિશેષે ક્ષય કરવાનો પ્રયત્ન આદરે છે. જો કે છએ કર્મોમાં પહેલેથી જ સ્થિતિઘાતાદિ ચાલુ છે. તેથી અલ્પ સ્થિતિક તો છે જ. તો પણ હવે જ્ઞાનાવરણીયાદિ ત્રણ ઘાતીકર્મોમાં સવિશેષે આ કાર્ય થાય છે.

આ પ્રમાણે સ્થિતિઘાતાદિથી ત્રણ ઘાતીકર્મોને સવિશેષે ક્ષય કરતાં કરતાં આ જીવ બારમા ગુણસ્થાનકના સંખ્યાતા ભાગો જાય અને એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યાં સુધી જાય છે. હજુ ઘાતીકર્મો ક્ષીણમોહના કાળ કરતાં સત્તામાં વધારે હોવાથી અને બારમા ગુણસ્થાનકનો કાળ અલ્પ શેષ હોવાથી ચક્રરત્નસમાન **“સર્વાપવર્તના”** નામના કરણ વડે ત્રણે ઘાતીકર્મોને અપવર્તાવીને બારમા ગુણસ્થાનકના કાળપ્રમાણ સત્તાવાળાં કરે છે. ત્યાં જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૪, અને અંતરાય ૫ એમ ૧૪ પ્રકૃતિઓને બારમા ગુણસ્થાનકના શેષ રહેલા કાળ પ્રમાણ કરે છે અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નિદ્રાદ્વિકને સ્વરૂપસત્તાને આશ્રયી એક સમય ન્યૂન કરે છે. અને કર્મત્વને આશ્રયી બારમાના કાલપ્રમાણ કરે છે. આ રીતે સ્થિતિ કરે છે ત્યારથી ઉપરોક્ત ૧૬ પ્રકૃતિઓના સ્થિતિઘાતાદિ હવે પ્રવર્તતા **નથી.** ફક્ત ઉદય અને ઉદીરણા માત્ર જ પ્રવર્તે છે તેના વડે વેદી વેદીને નિર્જરા કરતો કરતો આ જીવ બારમા ગુણસ્થાનકમાં આગળ વધે છે. તે યાવત્ બારમા ગુણસ્થાનકનો એક સમય અધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યાં સુધી જાય છે. તે જ સમયે નિદ્રાદ્વિકની ઉદીરણા અટકે છે. ત્યાર પછીના સમયે શેષ ૧૪ પ્રકૃતિઓની ઉદીરણા અટકે છે. છેલ્લી એક આવલિકામાં આ ૧૬ પ્રકૃતિઓનો માત્ર ઉદય જ પ્રવર્તે છે. એમ કરતાં કરતાં બારમા ગુણસ્થાનકનો **ઉપાન્ત્ય** સમય આવે ત્યારે નિદ્રાદ્વિકનો ઉદય તથા સ્વરૂપે (પોતાના રૂપે) સત્તા વિચ્છેદ પામે છે અને ચરમ સમયે શેષ ૧૪ ઘાતી કર્મોનો ઉદય તથા સત્તા સર્વથા વિચ્છેદ પામે છે અને તે જ સમયે બારમું ગુણસ્થાનક, ધર્મધ્યાન અથવા પ્રથમના બે પાયાવાળું શુક્લધ્યાન, ઘાતીકર્મોનો ઉદય અને સત્તા આ સર્વે વસ્તુઓની સમાપ્તિ થાય છે.

આ રીતે ચારે ઘાતીકર્મોનો ક્ષય થવાથી જીવ સર્વજ્ઞ, સર્વદર્શી બને છે. તે જ સમયે કેવળજ્ઞાન, કેવળદર્શન, દાનાદિ પાંચલબ્ધિ વગેરે ક્ષાયિક ભાવના ગુણો જીવને પ્રાપ્ત થાય છે. તથા તે જ સમયે તેરમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે. **"સયોગી કેવલી"** એવું તેરમા ગુણસ્થાનકનું નામ છે. કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત થયેલું હોવાથી કેવલી કહેવાય છે અને મન વચન કાયાના યોગો હોવાથી સયોગી કહેવાય છે. આ મહાત્માને ગ્રામાનુગ્રામ વિહાર આહાર અને નિહારાદિ કરવામાં કાયયોગ, દેશના આપવામાં વચનયોગ અને અનુત્તરવાસી દેવો વગેરે વડે પૂછાએલા પ્રશ્નોના ઉત્તરો આપવામાં (દ્રવ્ય મનના વ્યાપારરૂપ) મનયોગ હોય છે. તત્ત્વના ચિંતન-મનન કરવા રૂપ ભાવમન તેઓને હોતું નથી. સંપૂર્ણ જ્ઞાન, દર્શન હોવાથી ઉહાપોહ કરવાનો નથી. માટે ભાવમન નથી. ફક્ત મનોવર્ગણાને ગ્રહણ કરી મનપણે પરિણમાવી પ્રશ્નના ઉત્તર રૂપે ગોઠવવા સ્વરૂપ દ્રવ્યમન માત્ર જ હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે કેવલજ્ઞાની થયેલા આ મહાત્મા ધર્મોપદેશ અને વિહારાદિ દ્વારા મહાન્ પરોપકાર કરતા છતા પોતાનું મનુષ્યભવનું શેષ રહેલ આયુષ્ય અનુભવતા છતા પૃથ્વીતલ ઉપર વિચરે છે. યોગનિમિત્તક ઈર્યાપથિક સાતાવેદનીય કર્મનો બંધ ચાલુ હોય છે. ચાર અઘાતીકર્મોનો ઉદય અને બે કર્મોની ઉદીરણા ચાલુ હોય છે. આ ગુણસ્થાનકની પ્રાપ્તિ મનુષ્યને જ થાય છે અને મનુષ્યનું આયુષ્ય ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડવર્ષનું હોય છે. તેમાં સંસારી અવસ્થા અને દીક્ષિતાવસ્થામાં છદ્મસ્થાવસ્થાનો જેટલો કાળ હોય તેટલો કાળ તથા ચૌદમા ગુણ૦નો કાળ બાદ કરીએ તેટલો કાળ તેરમા ગુણસ્થાનકનો જાણવો. સામાન્યપણે ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડવર્ષ અને જઘન્યથી અંતર્મુહૂર્ત કાળ જાણવો.

તથા સર્વે લબ્ધિઓ સાકારોપયોગે જ પ્રગટ થાય છે, આવો નિયમ હોવાથી તેરમા ગુણસ્થાનકના પ્રથમ સમયે કેવળજ્ઞાનોપયોગ પછી બીજા સમયે કેવળદર્શનોપયોગ એમ પ્રતિસમયે જ્ઞાનોપયોગ તથા દર્શનોપયોગ પરાવૃત્તિ પરાવૃત્તિ રૂપે એવી રીતે પ્રવર્તે છે કે મુક્તિ પ્રાપ્તિ સમયે પણ જ્ઞાનોપયોગ જ હોય. ત્યારબાદ મુક્તાવસ્થામાં પણ પ્રતિસમયે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ ક્રમશઃ પ્રવર્તે છે. આ પ્રમાણે થવામાં જીવસ્વભાવ જ કારણ છે. છદ્મસ્થપણામાં અંતર્મુહૂર્તે ઉપયોગ બદલાતો હતો તે અહીં તેરમા ગુણસ્થાનકથી સમયે સમયે બદલાય છે. (જો કે આ બાબતમાં બીજા આચાર્યોના જુદા જુદા મત છે. મલ્લવાદીસૂરિજી આદિ આચાર્યો તેરમા ગુણસ્થાનકના પ્રથમસમયથી અનંતકાળ સુધી પ્રતિસમયે જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગ એક સાથે જ માને છે. બન્ને ઘાતીકર્મોનો ક્ષય થયો હોવાથી બન્ને લબ્ધિઓ સાથે જ પ્રગટ થાય છે. અને સાથે જ વપરાય છે. પ્રતિબંધક કોઇ તત્ત્વ ન હોવાથી સમયાન્તરે ઉપયોગ ન પ્રવર્તે એમ કહે છે. ''समयं नत्थि दो उवओगा'' આવો જે પાઠ છે તે છદ્મસ્થમાત્રને જ આશ્રયી છે કે જ્યાં પ્રતિબંધક તત્ત્વ છે. આવી દલીલ તેઓ કરે છે.)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા સિદ્ધસેનદિવાકરસૂરિજી આદિ કેટલાક આચાર્યોનું કહેવું એમ છે કે કેવલજ્ઞાન પામેલા પરમાત્માઓમાં સામાન્યોપયોગ અને વિશેષોપયોગ એવો ભેદ જ હોતો નથી. તેથી સમયાન્તરે કે એક જ સમયમાં બન્ને ઉપયોગોનું સહવર્તિત્વ આ એકે હોતું જ નથી. જ્ઞેય એવા સર્વે પદાર્થો સામાન્ય અને વિશેષ એમ ઉભયાત્મક ધર્મવાળા હોવાથી અને આત્માની એક જ ચૈતન્યશક્તિ જ્ઞેયપદાર્થના બન્ને પ્રકારના ધર્મોને જાણવાનું કામ કરતી હોવાથી એક જ ચૈતન્યશક્તિનાં બે નામો છે. આ પ્રમાણે કર્મગ્રંથકાર, કમ્મપયડીકાર અને વિશેષાવશ્યક ભાષ્યકારાદિ આચાર્યો ક્રમોપયોગવાદને સ્વીકારે છે. મલ્લવાદીસૂરિજી આદિ તર્કવાદી આચાર્યો એક જ સમયમાં ભેદોપયોગવાદ સ્વીકારે છે અને સિદ્ધસેન દિવાકરસૂરિજી આદિ તર્કવાદી આચાર્યો એક સમયે અભેદોપયોગવાદ સ્વીકારે છે. આ વિષય **સમ્મતિપ્રકરણ** નામના ગ્રંથમાં બીજા કાંડમાં ઘણા વિસ્તારથી ચર્ચેલો છે. પ્રસંગોપાત આ વાત સમજાવી છે.

તેરમા ગુણસ્થાનકે આરૂઢ થયેલા કેવલી પરમાત્મા સ્વ પર ઉપકાર કરતા છતા જઘન્યથી અંતર્મુહૂર્તકાળ અને ઉત્કૃષ્ટથી દેશોન પૂર્વક્રોડ વર્ષ પ્રમાણકાળ ગ્રામાનુગ્રામ વિચરે છે. એમ કરતાં કરતાં જ્યારે મનુષ્યભવનું આયુષ્ય પૂર્ણ થવા આવે અને અન્તિમ એક અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે સર્વે કેવલી ભગવંતો **"આયોજિકાકરણ"** કરે છે. આ કેવલી ભગવંતોને કોઈપણ પ્રકારની ધ્યાનદશા હોતી નથી. **ધ્યાનાન્તરિકાદશા** = ધ્યાન વિનાની સ્વોપયોગપરિણત દશા હોય છે. કારણ કે ધર્મધ્યાનના ચાર પાયા સાધક આત્માને હોય છે. આ આત્મા સાધકદશાથી ઉત્તીર્ણ થયેલા છે. શુક્લધ્યાનના પ્રથમના બે પાયા પૂર્વધરને હોય છે. જે છદ્મસ્થનો વિષય છે. આ કેવલી ભગવાન હોવાથી છદ્મસ્થ નથી અને છેલ્લા બે પાયા યોગનિરોધકાળે અને અયોગી દશામાં હોય છે. જે હવે પછી સમજાવાશે. એટલે આ કાળે ધ્યાનના વિરહવાળી અવસ્થા અર્થાત્ ધ્યાનાન્તરિકાદશા વર્તે છે. અર્થાત્ શુક્લધ્યાનના પ્રથમના બે પાયા અને પછીના બે પાયાની વચ્ચેની દશા હોય છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**આયોજિકાકરણ** એટલે પ્રશસ્તયોગોનું સેવન. કેવલીભગવંતોની આ એક વિશિષ્ટ ક્રિયા હોય છે. સર્વે કેવલી ભગવંતો આ આયોજિકાકરણ કરે જ છે. તેથી શાસ્ત્રોમાં તેને આવશ્યકકરણ અને આવર્જિતકરણ પણ કહેવાય છે. આ કરણ કર્યા પછી જો આયુષ્યકર્મ અલ્પ અને શેષ નામ-ગોત્ર અને વેદનીય કર્મો અધિક હોય તો જ તે કેવલી ભગવાન્ શેષ ત્રણ કર્મોને આયુષ્યની સાથે સમાન કરવા માટે કેવલીસમુદ્ઘાત કરે છે. અન્ય કેવલીભગવંતો કે જેને શેષ ત્રણ કર્મો આયુષ્યની સાથે સમાન હોય છે. તે કેવલીભગવંતો સમુદ્ઘાત કરતા નથી. પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે -

सव्वो वि णं भंते केवली समुग्घायं गच्छति ? गोयमा ? ।
नो इणट्ठे समट्ठे, जस्साउएण तुल्लाइं बंधणेहिं ठिइए ।
य भवोवग्गहकम्माइं, स न समुग्घायं गच्छइ।
'अगंतूणं समुग्घायमणंता केवली जिणा ।
जरमरणविप्पमुक्का सिद्धिं वरगइं गया ॥१॥

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**અર્થ**—સર્વે પણ કેવલીભગવંતો હે ભગવાન્! શું સમુદ્ઘાત કરે? હે ગૌતમ! આ અર્થ બરાબર નથી. જેનાં ભવોપગ્રાહી કર્મો આયુષ્યની સાથે તુલ્ય છે. તે સમુદ્ઘાત કરતા નથી. સમુદ્ઘાત નહી કરીને પણ અનંતાકેવલી ભગવંતો જરામરણથી રહિત એવી ઉત્તમગતિ રૂપ સિદ્ધિને પામ્યા છે.

**પ્રશ્ન** - શેષ ત્રણકર્મો આયુષ્યકર્મથી અધિક હોય અથવા સમાન જ હોય એવું જેમ બની શકે છે તેમ આયુષ્યકર્મ અધિક હોય અને શેષ ત્રણકર્મો હીન હોય એવું શું બને કે ન બને ?

**ઉત્તર** - એવું ન જ બને, કારણ કે આયુષ્યકર્મ પૂર્વભવમાં જે બાંધેલું છે તે જ હોય છે. અને તે પણ એક જ વાર બાંધેલું છે. જ્યારે આ ત્રણ કર્મો તો ગયા ભવોમાં અને વર્તમાન ભવમાં પણ ક્ષપક-શ્રેણી જ્યાં સુધી ન માંડે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્યાં સુધી સતત બંધાયેલાં અને બંધાતાં જ છે તથા ઓછામાં ઓછાં પણ અંતઃકોડાકોડી સાગરોપમપ્રમાણ સ્થિતિવાળાં તે કર્મો બંધાયેલાં છે. માટે બહુધા અધિક જ હોય છે. સ્થિતિઘાતાદિથી ઘણાં તુટી ગયાં હોય તો ક્વચિત્ સમાન હોય છે. પરંતુ આયુષ્યથી હીન તો કદાપિ હોતાં નથી.

કેવલી સમુદ્ઘાતની પ્રક્રિયા આ પ્રમાણે છે કે એક લોકાકાશના જેટલા આકાશપ્રદેશો છે. તેટલા આત્મપ્રદેશોવાળો આ આત્મા છે. અર્થાત્ એક આત્માના અસંખ્ય આત્મપ્રદેશો છે. જે દીપકના પ્રકાશની જેમ સંકોચ અને વિસ્તાર પામવાના સ્વભાવવાળા છે. કેવલી ભગવાન્ શરીરમાં રહેલા આત્માનો શરીરની જાડાઇ અને પહોળાઇ પ્રમાણે જ આત્મપ્રદેશોનો તેવા પ્રકારના આકારવાળો ચૌદ રાજલોક ઉંચો જાણે લાકડીનો દાંડો હોય તેવો દંડ બનાવે છે. પ્રથમ સમયે માત્ર આત્મપ્રદેશોની જ આ दण्डाकारे આકૃતિ રચે છે. બીજા સમયે દંડાકૃતિમાંથી પૂર્વ-પશ્ચિમ અથવા ઉત્તર-દક્ષિણ તે જ આત્મપ્રદેશોની લોકાન્ત સુધી બે કપાટ (કમાડ) જેવી આકૃતિ બનાવે છે. તેને कपाटाकृति કહેવાય છે. ત્રીજા સમયે બાકીની બે દિશાનું તેવું જ કપાટ બનાવીને ચારે દિશાનાં ચાર પાંખડાં બનાવવા રૂપે રવૈયાના જેવા આકારવાળી मन्थानाकृति બનાવે છે. ચોથા સમયે ચારે પ્રકારના પાંખડાની વચ્ચેના ખુણાઓમાં આત્મપ્રદેશો લંબાવવાથી आंतरानी पूर्ति કરીને આ આત્મા ચોથા સમયે સમસ્તલોકવ્યાપી બને છે. ચોથા સમયે લોકાકાશના એક એક આકાશપ્રદેશમાં આત્માનો એક એક આત્મપ્રદેશ વ્યાપેલો હોય છે. ત્યારબાદ પાંચમા સમયે આંતરામાંથી આત્મપ્રદેશો પાછા ખેંચી લે છે આ રીતે आंतरानुं संहरण કરે છે. છઠ્ઠા સમયે મન્થાન રૂપે બનેલી ચારે દિશાઓમાંથી કોઇપણ બે દિશાઓમાંથી આત્મપ્રદેશો ખેંચી લે છે. એટલે मंथान संहरण કરે છે એ જ રીતે સાતમા સમયે कपाटसंहरण અને આઠમા સમયે दंडसंहरण કરે છે અને મૂલ અવસ્થા રૂપે તે આત્મા શરીરસ્થ બને છે. આ પ્રમાણે કેવલી સમુદ્ઘાત આઠ સમયના કાલપ્રમાણ જાણવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવલી સમુદ્ઘાતની ઉપરોક્ત પ્રક્રિયાના પ્રભાવથી જ નામ ગોત્ર અને વેદનીય કર્મોનો સ્થિતિઘાત અને રસઘાત કરવા દ્વારા ઘણો ઘણો નાશ થાય છે. સમુદ્ઘાતના પ્રવેશ સમયે આ ત્રણ કર્મોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ પ્રમાણ સત્તામાં હોય છે. રસ અનંતો હોય છે. સ્થિતિના અસંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખી અસંખ્યાતા ભાગોનો નાશ કરે છે. રસના અનંતા ભાગ કરી એક ભાગ રાખી અનંતા ભાગોનો નાશ કરે છે. આ પ્રક્રિયા માત્ર પ્રથમના એકસમયમાં જ કરે છે એ જ રીતે બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા સમયે એક એક સમયમાં સ્થિતિના અસંખ્યાતભાગો કરી એક ભાગ રાખી અસંખ્યાતાનો નાશ કરે છે. અને રસના અનંતા ભાગો કરી એક ભાગ રાખી અનંતા ભાગોનો નાશ કરે છે.

એમ કરતાં આ ત્રણ કર્મોની સ્થિતિ આયુષ્યકર્મ કરતાં જે અસંખ્યાતગુણ હતી. તે પાંચમા સમયે સંખ્યાતગુણ થાય છે. તેથી પાંચમા સમયે સ્થિતિના અસંખ્યાતા ભાગ ન કરે પરંતુ સંખ્યાતા ભાગ કરી એક ભાગ રાખીને સંખ્યાતા ભાગોનો નાશ કરે છે. પાંચ સમય સુધી એક એક સમયના સ્થિતિઘાત, રસઘાત થાય છે. તે **એક સામયિક કંડક** કહેવાય છે. અને છઠ્ઠા સમયથી અંતર્મુહૂર્તે અંતર્મુહૂર્તે સ્થિતિઘાત રસઘાત થાય છે. તે બધાં **આન્તર્મૌહૂર્તિક કંડક** કહેવાય છે. ત્યાં સ્થિતિના સંખ્યાત ભાગો અને રસના અનંતા ભાગો કરીને એક એક ભાગ રાખી બાકીના ભાગોને ખપાવે છે. એમ યાવત્ તેરમાના ચરમસમય સુધી કરે છે. આ સર્વે પ્રક્રિયામાં કેવલી સમુદ્ઘાતનો અપૂર્વ પ્રભાવ જ કારણ છે. કર્મપ્રકૃતિમાં સત્તા પ્રકરણમાં આ અધિકાર છે. ત્યાં કહ્યું છે કે समुद्घातमाहात्म्यमेतत् તેથી આમ જ સમજવું. અહીં અન્ય કોઇ તર્ક લગાડવો નહીં.

જેઓને કેવલી સમુદ્ઘાત કરવાનો હોય છે તેઓને કેવલી સમુદ્ઘાત પૂર્ણ થયા પછી અને જે આત્માઓને આ સમુદ્ઘાત કરવાનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોતો નથી તેઓને સમુદ્ઘાત વિના હવે પછી **યોગનિરોધ** કરવાનો હોય છે. યોગ હોતે છતે સાતાવેદનીયનો બંધ (આશ્રવ) ચાલુ છે. તે રોકવા માટે અને સર્વસંવરભાવ, શૈલેશીઅવસ્થા મેળવવા માટે યોગનિરોધ કરે છે.

બાદર કાયયોગના આલંબનથી બાદર વચનયોગને અટકાવે છે. ત્યારબાદ બાદર કાયયોગના આલંબનથી બાદર મનયોગને અટકાવે છે. ત્યારબાદ બાદર કાયયોગના આલંબનથી શ્વાસોચ્છ્વાસને અટકાવે છે. ત્યારબાદ સૂક્ષ્મકાયયોગના આલંબનથી (અહીં કેટલાક આચાર્યોના મતે બાદર કાયયોગના આલંબનથી) બાદર કાયયોગને અટકાવે છે. આ પ્રક્રિયા ચાલતી હોય છે. ત્યારે જ બાદર યોગમાં રહેલા વીર્યનાં સ્પર્ધકોમાંથી કરણવીર્ય હીન હીન કરીને હીનવીર્યવાળાં અપૂર્વ સ્પર્ધકો બનાવે છે. ત્યારબાદ તે જ અપૂર્વસ્પર્ધકોમાંથી ઘણા ઘણા કરણવીર્ય (પ્રવર્તમાન વીર્ય)ને હણી હણીને વર્ગણાના ક્રમને તોડીને યોગની કિટ્ટિઓ બનાવે છે. જેને સૂક્ષ્મયોગ કહેવાય છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારપછી સૂક્ષ્મકાયયોગના આલંબનથી સૂક્ષ્મવચનયોગનો, પછી સૂક્ષ્મમનયોગનો અને અન્તિમકાળે સૂક્ષ્મકાયયોગનો પણ નિરોધ કરે છે. જ્યારે સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરાતો હોય ત્યારે શરીરની જે લંબાઇ-પહોળાઇ અને ઊંચાઇ છે તેને અનુસારે જ તે કાળે આત્માની પણ લંબાઇ, પહોળાઇ અને ઊંચાઇ હોય છે. તેમાંથી શરીરને યથાવત્ રાખીને માત્ર આત્માના જ પોલાણભાગો પૂરીને માત્ર આત્માને ઘનીભૂત કરે છે. જેથી આત્માની લંબાઇ-પહોળાઇ અને ઊંચાઇ જે છે. તેમાંથી ૧/૩ એક તૃતીયાંશ ભાગ ન્યૂન થાય છે અને ૨/૩ બે તૃતીયાંશ માત્ર રહે છે. તથા અહીં શુક્લધ્યાનનો **"સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી"** નામનો ત્રીજો પાયો આવે છે. અહીં ધ્યાનનો અર્થ **આત્મપ્રદેશોની સ્થિરતા** એવો અર્થ કરવો. છદ્મસ્થમાં જેમ ચિત્તની સ્થિરતાને ધ્યાન કહેવાય છે. તેમ કેવલી પરમાત્મામાં "યોગનિરોધને" એટલે કે યોગ દ્વારા થતી આત્મપ્રદેશોની અસ્થિરતાને અટકાવવી તેને ધ્યાન કહેવાય છે. તેથી જ કેવલી **પરમાત્માને યોગનિરોધ એ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જ ધ્યાન હોય છે.** જુઓ તત્ત્વાર્થસૂત્ર. (૯-૨૭)આ પ્રમાણે તેરમા ગુણસ્થાનકના અન્તિમ સમયે યોગનો સર્વથા નિરોધ કરે છે. તેના કારણે કર્મબંધ સર્વથા વિરામ પામે છે. લેશ્યા રહિત બને છે. અને આત્મા અત્યન્ત સ્થિર-નિષ્પ્રકંપ યોગરહિત અયોગી બને છે. ક્ષપકશ્રેણીનો આ બધો અધિકાર છઠ્ઠા કર્મગ્રંથના આધારે તથા કર્મપ્રકૃતિના અંતે આવતા સપ્તતિકામાં છેલ્લે ક્ષપકશ્રેણીનો જે અધિકાર પૂ. ઉપાધ્યાયજી મહારાજ સાહેબ કૃત ટીકામાં છે. તેના આધારે લખેલ છે. તેથી આ લખાણના સાક્ષીપાઠો તે ટીકાઓમાં જોઇ લેવા.

અયોગી ગુણઠાણે ઉદયમાં ચાર અઘાતીની ૧૧ અથવા તીર્થંકર પરમાત્માને ૧૨ હોય છે. પરંતુ સત્તામાં ૮૦,૮૧,૮૪ અને ૮૫ પ્રકૃતિઓ હોય છે.

આત્માની આવા પ્રકારની યોગરહિત, કર્મબંધરહિત, લેશ્યારહિત, આશ્રવરહિત મેરૂપર્વત જેવી જે નિષ્પ્રકંપ સ્થિર અવસ્થા તે જ ચૌદમું ગુણસ્થાનક છે. તે ગુણસ્થાનકને **અયોગી ગુણસ્થાનક** કહેવાય છે. તથા સર્વથા બંધ વિરામ પામ્યો હોવાથી અબંધક અથવા સર્વથા અનાશ્રવભાવ પણ કહેવાય છે. તથા મેરૂપર્વત જેવો આત્મા સ્થિર થયેલ હોવાથી **શૈલેશી અવસ્થા** પણ કહેવાય છે. કર્મો આવવાનું બંધ થયેલ હોવાથી **સર્વસંવરભાવ** પણ કહેવાય છે.

અહીં "व्युच्छिन्नक्रिया अप्रतिपाती" નામનો શુક્લધ્યાનનો ચોથો પાયો હોય છે. પાંચ હ્રસ્વ સ્વરોનું ઉચ્ચારણ કરીએ તેટલો કાળ આ ગુણસ્થાનકનો હોય છે. બાકી રહેલાં ચારે અઘાતી કર્મોને તથા તેની ઉત્તરપ્રકૃતિઓને (સાતા-અસાતામાંથી ૧, ઉચ્ચગોત્ર, મનુષ્યાયુષ્ય અને નામકર્મની સ્વર-ઉચ્છ્વાસનો નિરોધ થયો હોવાથી ૮ અથવા જિનનામ સહિત ૯ એમ કુલ ૧૧ અથવા ૧૨ પ્રકૃતિઓને) ઉદયમાત્રથી ભોગવતો ભોગવતો જીવ ચૌદમા ગુણસ્થાનકના ઉપાન્ત્યસમય સુધી જાય છે. અહીં યોગ ન હોવાથી ઉદીરણા હોતી જ નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાન્ત્ય સમયે અનુદયવતી ૭૨ પ્રકૃતિઓનો સત્તામાંથી સ્વરૂપે (પોતાના રૂપે) ક્ષય કરે છે. અને અન્ત્યસમયે ૧ વેદનીય, મનુષ્યત્રિક, પંચેન્દ્રિય જાતિ, ત્રસ, સુભગ, આદેય, યશઃકીર્તિ-પર્યાપ્ત-બાદર-જિનનામ અને ઉચ્ચગોત્ર એમ ૧૩ પ્રકૃતિઓની સત્તાનો ક્ષય કરીને જીવ સર્વથા કર્મરહિત થાય છે. આ બીજા કર્મગ્રંથકારના આશય પ્રમાણે ઉપાન્ત્ય સમયે ૭૨ અને ચરમ સમયે ૧૩ની સત્તાનો વ્યવચ્છેદ લખ્યો છે. પરંતુ વિચારણા કરતાં મનુષ્યાનુપૂર્વીની સત્તા (અનુદયવતી હોવાથી) ઉપાન્ત્યસમયે જવી જોઈએ. તે આશય પ્રમાણે ઉપાન્ત્ય સમયે ૭૩ અને ચરમસમયે ૧૨ની સત્તાનો વ્યવચ્છેદ સંભવે છે. અથવા ઉપાન્ત્ય સમયે અનુદયવતી ૭૩ની સત્તાનો ક્ષય થાય છે. અને ચરમ સમયે કોઈને સાતા અને કોઈને અસાતા હોવાથી ભિન્ન-ભિન્ન જીવ આશ્રયી સત્તામાં બન્ને જો ગણીએ તો ૧૩ ની સત્તાનો આંક સંગત થાય છે પરંતુ આ સમાધાનથી સંતોષ થાય તેમ નથી. માટે તત્ત્વ શ્રીકેવલિગમ્ય જાણવું.

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**પ્રશ્ન** - સર્વથા કર્મરહિત બનેલો શુદ્ધ બુદ્ધ નિરંજન નિરાકાર એવો આ આત્મા અશરીરી થયો છતો ક્યાં જાય છે? કેવી રીતે જાય છે? શું કરે છે? અને તેનું સ્વરૂપ કેવું હોય છે ?

**ઉત્તર**-સર્વથા કર્મરહિત અને યોગરહિત થયેલા તે કેવલી પરમાત્મા મનુષ્યલોકથી સાત રાજ ઊંચા એવા ઊર્ધ્વલોકના અન્તે જઈને સિદ્ધશિલાથી ઉપર ૧ યોજનના અન્તિમભાગમાં લોકના છેડે અને અલોકને અડીને રહે છે. જેમ અજીવનો નીચે જવાનો સહજસ્વભાવ છે. તેમ (કર્મરહિત) એવા જીવનો ઉપર જવાનો પણ સહજ સ્વભાવ છે. તેથી ઉપર જાય છે. અલોકમાં ધર્માસ્તિકાયાદિ ન હોવાથી લોકાગ્રે જઈને સ્થિર રહે છે. પરંતુ અલોકાકાશમાં જતા નથી. તથા અશરીરી થયેલા તે ભગવંતોની ઊર્ધ્વલોકમાં સાતરાજ સુધી ગતિ થવામાં જૈનશાસ્ત્રોની અંદર ૪ કારણો બતાવ્યાં છે. (જુઓ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અધ્યાય ૧૦-૫)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) पूर्वप्रयोग = હિંચોળો વગેરે પદાર્થો પગ દ્વારા ચલાવ્યા પછી પગ લઇ લેવા છતાં પૂર્વપ્રયોગથી જેમ ચાલે છે તેમ આ જીવ અનાદિ કાળથી ભવભ્રમણમાં ચાલતો જ હતો. તે પૂર્વસંસ્કારથી સાતરાજ ગમન કરે છે.

(૨) असंगत्व = માટીના લેપવાળો ઘડો પાણીમાં ડૂબી જાય છે. પરંતુ માટીનો તે સંગ ચાલ્યો જવાથી ઘડો જેમ આપોઆપ ઉપર આવે છે તેમ કર્મના લેપવાળો આ જીવ સંસારમાં ડૂબે છે અને કર્મનો લેપ દૂર થતાં આ જ જીવ અસંગ પણાના કારણે ઉપર આવે છે. સાતરાજ ઊર્ધ્વગતિ કરે છે.

(૪) बंधविच्छेद = જેમ પાંજરાના બંધનમાંથી છુટેલો વાઘ બંધનના વિચ્છેદથી ઉછળીને બહાર આવે છે. તેમ શરીરના બંધનમાંથી છુટેલો આ જીવ બંધનના વિયોગથી સ્વાભાવિકપણે સાત રાજ ઉપર જાય છે. પણ પોતાના પ્રયત્નવિશેષથી જાય છે. એમ ન જાણવું

જૈનમ્ જયતિ શાસનમ્

(૫) तथागतिस्वभाव = અજીવનો જેમ નીચે જવાનો સહજ સ્વભાવ છે. તેમ જીવનો ઊર્ધ્વગતિ કરવાનો તેવા પ્રકારનો સહજ સ્વભાવ જ છે. પરંતુ બુદ્ધિપૂર્વક કે વિચારણાપૂર્વકના પ્રયત્ન રૂપ ઊર્ધ્વગતિ નથી. ઉપરોક્ત ચાર કારણોથી જીવ સાતરાજ ઉર્ધ્વગતિ કરે છે. આ ગતિ કરતાં માત્ર ૧ સમય જ કાળ થાય છે અને તે પણ આકાશપ્રદેશોની સમશ્રેણીએ જાય છે. જેટલા આકાશપ્રદેશોની અહીં અવગાહના હોય છે તેટલા જ પ્રદેશોને અવગાહતો અવગાહતો ઉપર જાય છે. ત્યાં જઇને પોતાના જ્ઞાનાદિ ગુણોની રમણતામાં જ વર્તે છે. આ આત્માનું સ્વરૂપ કર્મરહિત હોવાથી શુદ્ધ બુદ્ધ નિરંજનનિરાકાર પૂર્વભવના શરીરની અપેક્ષાએ ૨/૩ આત્માની અવગાહનાવાળો લોકાગ્રભાગસ્પર્શી અશરીરી, અરૂપી એવો આ જીવ છે. સ્વગુણરમણતા કરવી એ જ આ પરમાત્માનું સ્વરૂપ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૭ =દર્શનસપ્તકનો ક્ષય ક્ષાયિકસમ્યક્ત્વ પામતાં ૪ થી ૭માં

૩ =આયુષ્યનો ક્ષય સંભવસત્તાને આશ્રયી ૭મા ગુણસ્થાનકે

૩૬ =પ્રકૃતિઓ ૧૬+૮+૯+૩ સંજ્વલનનો ક્ષય ૯ મા ગુણસ્થાનકે

૧ =સંજ્વલન લોભનો ક્ષય (સર્વથા ક્ષય) ૧૦મા ગુણસ્થાનકે.

૧૬ =જ્ઞાના. ૫, દર્શના. ૬ અને અંત. ૫, એમ ૧૨મા ગુણસ્થાનકે સોળનો ક્ષય.

૭૨ (૭૩) અનુદયવતી પ્રકૃતિઓની સત્તાનો ક્ષય ૧૪માના ઉપાન્ત્યસમયે

૧૩ (૧૨) ઉદયવતી પ્રકૃતિઓની સત્તાનો ક્ષય ૧૪માના ચરમ સમયે

૧૪૮

આ પ્રમાણે શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ.સા. શ્રીએ બનાવેલો આ શતક નામનો પંચમ કર્મગ્રંથ અહીં સમાપ્ત થાય છે. તેઓશ્રીએ આ કર્મગ્રંથ પોતાના આત્મસ્મરણાર્થે બનાવ્યો છે. કારણ કે કોઇપણ એક ગ્રંથ બનાવવામાં અનેકગ્રંથોનું અને મુખ્યત્વે આમાં આલેખાયેલા વિષયોનું વારંવાર અવલોકન અને સ્મરણ કરવું અનિવાર્ય બને છે.

સ્વોપજ્ઞ ટીકા કર્મપ્રકૃતિની ટીકા તથા બીજા અનેક મહાત્મા પુરુષોનાં લખાયેલાં વિવેચનો તથા કમ્મપયડી અને પંચસંગ્રહને સામે રાખીને અમે આ વિવેચન લખ્યું છે. છતાં મતિદોષથી જે કંઇ ભૂલચૂક થઇ હોય તે બદલ ક્ષમા યાચીએ છીએ અને સુજ્ઞપુરુષો એવી ભૂલો અમને જલ્દી જણાવશો કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો કરી શકાય એવી નમ્રતાપૂર્વક વિનંતિ કરીએ છીએ. ॥૯૯-૧૦૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ભરત ગ્રાફિક્સ**

ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રીલીફ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૩૪૧૭૬, ૨૧૨૪૭૨૩

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com